BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

BA અર્થશાસ્ત્ર

પેપર ૪ (મુખ્ય તથા ગૌણ)

ECOM 204/ ECOS 204

ECONMJ/MN-302

# ગુજરાતનું અર્થતંત્ર





# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકાર શ્રી એ ઇ.સ. 1994 માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વ વિદ્યાલય ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ર્ડા. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે.બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું પ્રદાન આપેએ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટી એ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વ અધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવો પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામા આવે છે. એ પછી જ માળખુ રચી, અભ્યાસ સામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણપહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

અસ્તુ !


પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય

કુલપતિ

ડૉ.બાબાસાહેબઆંબેડકરઓપનયુનિવર્સિટી,

જ્યોતિર્મયપરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે

છારોડી, અમદાવાદ.

સંપાદકઃ

પ્રો. ડો. અમી ઉપાધ્યાય, નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ, કુલપતિ, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ

જીવરાજ ઝાંપડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

---

વિષય સમિતિઃ

ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. ગીતા પંડ્યા, પ્રિન્સિપાલ (નિવૃત્ત), સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ.

ડો. ગૌરાંગ રામી, પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ, સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત

---

વિષય પરામર્શનઃ

ડો.રોહિત દેસાઇ ડી.ડી.ઠાકર આર્ટસ એન્ડ કે.જે.પટેલ કોમર્સ કોલેજ,ખેડબ્રહ્મા

ડૉ. ગીતા પંડયા પ્રિન્સિપાલ (નિવૃત્ત), સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ

---

લેખનઃ

ડૉ. સુરેશ પરડવા આસિસ્ટન્ટ પ્રોફેસરઅર્થશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

જીવરાજ ઝાંપડીયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડો. કલ્પેશ કણઝારીયા, આસિસ્ટન્ટ પ્રોફેસર,એસ.એસ પી જૈન આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,ધાંગધ્રા

ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

---

ભાષા પરામર્શનઃ

ડો.ધ્વનિલ પારેખ,મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા

પ્રો. ડો. યોગેન્દ્ર પારેખ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

---

પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કુલસચિવ (કાર્યકારી), ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

---

**ISBN: 978-93-91468-08-8**

**: સર્વાધિકાર સુરક્ષિત :**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વ-અધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસક્રમ-સામગ્રીનો કોઇ પણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

This publication is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0) https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

# ECONMJ/MN-302

## વિભાગ

# 1

## ગુજરાત પ્રદેશનો પરિચય


| | |
|---|---|
| એકમ-1 પ્રાદેશિક અર્થશાસ્ત્રનો અર્થ, અભ્યાસનું મહત્વ | 7 |
| એકમ-2 પ્રાદેશિક અર્થશાસ્ત્ર - II | 17 |
| એકમ-3 ગુજરાત પ્રદેશનો પરિચય - I | 31 |
| એકમ-4 ગુજરાત- રાજકીય અને વહીવટી | 39 |

## દ્વિતીય વર્ષ બીએ(મુખ્ય અને ગૌણ)

## પેપર 4 - ગુજરાતનું અર્થતંત્ર

| એકમ સંખ્યા | એકમનું નામ | સમાવિષ્ટ મુદ્દાઓ |
|---|---|---|
| 1 | પ્રાદેશિક અર્થશાસ્ત્ર-I | પ્રદેશ એટલે શું?, પ્રાદેશિક અર્થતંત્રના અભ્યાસનું મહત્વ |
| 2 | પ્રાદેશિક અર્થશાસ્ત્ર-II | પ્રદેશોના જુદાજુદા પ્રકારો, પ્રાદેશિક આવક, પ્રાદેશિક વિકાસના નિર્દેશકો,રાજ્યનું ઘરગથ્થુ ઉત્પાદન |
| 3 | ગુજરાત પ્રદેશનો પરિચય- I | ગુજરાતનું ભૌગોલિક સ્થાન, ગુજરાતનાં કુદરતી પર્યાવરણીય પાસાંઓ, પ્રદૂષણની સ્થિતિ |
| 4 | ગુજરાત પ્રદેશનો પરિચય-II | ગુજરાત રાજકીય અને વહીવટી (રાજકીય ઈતિહાસ, જીલ્લાઓ, વહીવટી વિભાગોનો પરિચય ટૂંકમાં, સમવાયતંત્ર – પરિચય) |
| 5 | ગુજરાતનું કૃષિ ક્ષેત્ર – જમીન | ગુજરાતની જમીનના પ્રકાર, ખેડવાલાયક જમીનનું પ્રમાણ, લેવાતા પાકો, કૃષિ પદ્ધતિ, |
| 6 | પાક | ગુજરાતના મુખ્ય પાક, ઉત્પાદનનું પ્રમાણ અને તેમાં ફેરફારો (વલણ/trend), |
| 7 | ખેતી વિકાસ અને યોજનાઓ | ગુજરાતની ખેતીની સમસ્યાઓ, વિકાસ અને સહાય યોજનાઓ ( રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર) |
| 8 | ગુજરાતનું ઉદ્યોગ ક્ષેત્ર | ગુજરાતના ઉદ્યોગો, સ્થાનીયકરણ, ઔદ્યોગિક ઉત્પાદન, |
| 9 | ઔદ્યોગિક વિકાસ અને યોજનાઓ | ઔદ્યોગિક વિકાસની તકો, ઔદ્યોગિક વિકાસના અવરોધો, વિકાસ અને સહાય નીતિ |
| 10 | ગુજરાતમાં શિક્ષણ | સ્થિતિ, સમસ્યાઓ, ખાનગીકરણ, જાહેર નીતિ |
| 11 | ગુજરાતમાં સ્વાસ્થ્ય સુવિધાઓ | સ્થિતિ, સમસ્યાઓ, ખાનગીકરણ, જાહેર નીતિ |
| 12 | પરિવહન સુવિધાઓ | રેલમાર્ગ, રસ્તા, હવાઈ ઉડ્ડયન, જળમાર્ગ- વગેરેની સ્થિતિ, સમસ્યાઓ, ભાવિ વિકાસની તકો |
| 13 | સંદેશા વ્યવહાર અને બેંકિંગ | સંદેશાવ્યવહાર, બેંકિંગ વગેરેની સ્થિતિ, સમસ્યાઓ, ભાવિ વિકાસની તકો |
| 14 | ગુજરાતનો વેપાર | અન્ય રાજ્યો સાથે (આંતરરાજ્ય) અને અન્ય દેશો સાથેના (આંતરરાષ્ટ્રીય) વેપારમાં ગુજરાતનો ફાળો |
| 15 | ગુજરાતની વસ્તી વિષયક રૂપરેખા | ગુજરાતની વસ્તી, વસ્તીનાં લક્ષણો, જન્મદર, મૃત્યુદર, વસ્તીવૃદ્ધિ દર |
| 16 | શહેરીકરણ અને ગુજરાતનાં શહેરો | શહેરની વ્યાખ્યા, શહેરીકરણની વ્યાખ્યા, શહેરીકરણના કારણો, અસરો, ગુજરાતનાં શહેરો |
| 17 | ગુજરાતનાં મહત્વનાં શહેરો | ગુજરાતનાં મહત્વનાં શહેરો, શહેરીકરણની તરાહ અને તેની આર્થિક વિશેષતાઓ |

## Second Year BA (Main and Subsidiary)

## Paper 4- Economy of Gujarat

| Srl No. | Title of Unit | Included Points |
|---|---|---|
| 1 | Regional Economy - I | What is Region? Importance of Study of Regional Economy |
| 2 | Regional Economy - II | Types of Region, Regional Income, Indicators of Regional Development, State Domestic Production |
| 3 | Introduction of Gujarat State as Region- I | Geographical Position of Gujarat, Natural Environmental Aspects of Gujarat, Status of Pollution |
| 4 | Introduction of Gujarat State as Region- II | Gujarat – Political and Administrative (Political History, Districts, Introduction to Administrative departments, federal System) |
| 5 | Agriculture Sector of Gujarat- Land | Types of Land, Arable Land, Agriculture crops and cropping pattern |
| 6 | Agriculture Crops | Main Crops, Production, trends in Production |
| 7 | Agriculture development and Schemes | Problems in agriculture development, Government schemes and planning (State and Central) |
| 8 | Industry sector of Gujarat | Industries in Gujart, Location, Industrial Production |
| 9 | Industrial Development and Schemes | Scope for Industrial development, Problems in industrial development, Government aid and policies. |
| 10 | Education in Gujarat | Status, Problems, Privatisation and Public Sector policy |
| 11 | Health facilities in Gujarat | Status, Problems, Privatisation and Public Sector policy |
| 12 | Transportation Facilities | Railway, Roads, Aviation and Waterways- Status, Problems, Scope for Future Development, Public Sector policy |
| 13 | Communication and Banking | Communication and Banking – (Status, Problems, Scope for Future Development) |
| 14 | Trade of Gujarat | Trade with Other States of India and International Trade. Contribution of the State. |
| 15 | Demographic Profile of Gujarat | Population of Gujarat, Characteristics of Population, Birt rate, Death rate, Population growth rate. |
| 16 | Urbanisation and Cities of Gujarat | Definition of an Urban area, Definition of Urbanisation, Causes and effects of Urbanisation, Cities of Gujarat |
| 17 | Important Cities of Gujarat | Important Cities of Gujarat, Pattern of Urbanisation and their Economic Characterisitcs |

એકમ 1

# પ્રાદેશિક અર્થશાસ્ત્રનો અર્થ, અભ્યાસનું મહત્વ

## રૂપરેખા

1.1 અભ્યાસના ઉદેશો

1.2 પ્રસ્તાવના

1.3 પ્રાદેશિક અર્થશાસ્ત્રની પરિભાષા

1.4 પ્રાદેશિક અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર

1.5 પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહત્વ

1.6 ઉપસંહાર/ સારાંશ

1.7 ચાવીરૂપ શબ્દો

1.8 તમારી પ્રગતિ ચકાસો

1.9 ઉપયોગી પુસ્તકોની યાદી

1.10 બહુવિકલ્પીય પ્રશ્નો

## 1.1 અભ્યાસના ઉદેશો

I. આ એકમનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થી મિત્રો તથા સંશોધકો અર્થશાસ્ત્રને સરળતાથી સમજી શકશો.

II. પ્રાદેશિક અર્થશાસ્ત્રનો અર્થ, વિવિધ વ્યાખ્યાઓ અભ્યાસનું વર્તમાન મહત્વ, અભ્યાસના વિવિધ સિદ્ધાંતો વગેરે સરળતાથી સમજી શકાશે.

III. પ્રદેશના અર્થતંત્રનો દેશના અર્થતંત્રમાં શું ફાળો છે ? તેનું મહત્વ સમજી શકાશે.

IV. દેશના સંદર્ભમાં પ્રાદેશિક અસમાનતાઓ જાણી શકાશે તેમજ કેન્દ્ર સરકાર તથા રાજય સરકારની ભૂમિકા સમજી શકાશે.

V. પ્રાદેશિક અર્થશાસ્ત્રના વિવિધ સિદ્ધાંતો તથા તેના અમલીકરણનું મહત્વ સમજી શકાશે.

## 1.2 પ્રસ્તાવના

સામાજિક વિજ્ઞાનોમાં અર્થશાસ્ત્રએ જીવંત સામાજિક વિજ્ઞાન છે. કારણકે વર્તમાન અર્થતંત્રમાં સાથે રહીને તે માનવીના વર્તનનો અભ્યાસ કરે છે. મુખ્ય અર્થશાસ્ત્રમાં માનવીના વર્તનનો અભ્યાસ નિર્ણયીકરણની પ્રક્રિયા, આર્થિક અને બિન-આર્થિક ઘટનાઓ વગેરે વૈજ્ઞાનિક ધોરણે અભ્યાસ કરવામાં આવે છે. મુખ્ય અર્થશાસ્ત્રની એક શાખારૂપે હવે પ્રાદેશિક અર્થશાસ્ત્ર વધુ પ્રચલિત બનતો જાય છે. કારણકે મુખ્ય અર્થશાસ્ત્રની જેમ પ્રાદેશિક અર્થશાસ્ત્ર પણ વાસ્તવલક્ષી વિજ્ઞાન તથા આદર્શલક્ષી વિજ્ઞાન તરીકેની મહત્વની ભૂમિકા ભજવે છે. મિત્રો, આપણે સૌ જાણીએ છીએ કે ભારત એ પ્રદેશો અને ગામડાઓનો બનેલો દેશ છે. આપણા દેશમાં પ્રદેશો

પ્રમાણેની ભાષા, રીતરિવાજો, રહેણીકરણી, ધર્મ, પહેરવેશ, વ્યવસાય વગેરેમાં ભિન્નતા હોવા છતા દેશના દરેક રાજયો પોતાનું આર્થિક પ્રદાન દેશના વિકાસને અર્પિત કરે છે. ટૂંકમાં કહી શકાય કે દેશનો આર્થિક વિકાસ એ પ્રદેશોના આર્થિક વિકાસ પર આધારીત છે.

પ્રશિષ્ટ વિચારધારા ધરાવતા અર્થશાસ્ત્રીઓ આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ સમગ્રલક્ષી દ્રષ્ટીકોણથી કરતા હતા તેથી તેને ભારત જેવા વિકાસમાન દેશોમાં પ્રદેશોના વિશિષ્ટ લક્ષણો તથા સ્થાનિક આર્થિક પરિસ્થિતિઓને તથા તેના અભ્યાસને કોઇ જ મહત્વ આપ્યું ન હતું. પ્રાદેશિક અર્થશાસ્ત્રમાં પ્રાદેશિક તથા ગ્રામ્ય વિસ્તારોની આર્થિક બાબતોનો અભ્યાસ કરવા માટે કેટલીક પધ્ધતિઓ પ્રચલિત હતી. સાથે સાથે ગ્રામ્ય ઉદ્યોગોનું વિશલેષણ તેનું આયોજન તેના આયોજનની વિવિધ પધ્ધતિઓ વગેરેનાં પ્રાદેશિક અર્થશાસ્ત્રીઓના ખ્યાલોનું ઘણુ જ મહત્વ રહેલું છે. આ ઉપરાંત પ્રવર્તમાન પ્રાદેશિક અર્થશાસ્ત્રની ઉપયોગિતાને નીતિવિષયક બાબતોના સંદર્ભમાં રજૂ કરવી ખુબજ મહત્વની છે. પ્રવર્તમાન સમયમાં પ્રાદેશિક અર્થશાસ્ત્રને મુખ્ય અર્થશાસ્ત્રની એક વિદ્યાશાખા તરીકે મહત્વનો વિકાસ થયો છે. વર્તમાન સમયમાં પ્રાદેશિક અર્થશાસ્ત્રની વ્યવહારિક ઉપયોગિતા તથા તેના વાસ્તવિક અમલીકરણ અંગેની નીતિનો પણ વૈજ્ઞાનિક વિકાસ થયો છે. તેથી દેશના પછાત પ્રદેશોને મુખ્ય ધારામાં લાવી શકાશે.

એક વિકાસમાન અર્થતંત્ર તરીકે જયારે ભારતના ભૌગોલિક નકશાનો અભ્યાસ કરીએ ત્યારે એવુ જણાય કે ભારતના નકશાને પેરાલિસિસનો એટેક આવ્યો છે. જેમાં નકશારૂપી શરીરનો કોઇ એક ઊભો ભાગ સાથ આપતો નથી. વિકાસમાન અર્થતંત્ર તરીકે વિકસી રહેલા દેશમાં મોટાભાગના પશ્ચિમી રાજયો વધુ વિકસીત છે, જેમે દિલ્હી, પંજાબ, હરિયાણા, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરાલા વગેરે રાજયો પ્રમાણમાં વિકસીત છે. જયારે પૂર્વદિશાના રાજયોમાં માત્ર પશ્ચીમ બંગાળ અને તમીલનાડુ જેવા રાજયોનો ફાળો મહતવનો ગણી શકાય જયારે અન્ય રાજયો જેવા કે આસામ, બિહાર, ઓરિસ્સા, મેઘાલય, સિક્કિમ, મણીપુર વગેરે નાના રાજયો આર્થિક તથા સામાજિક પરિસ્થિતિની તુલનાએ ઘણા જ પછાત છે. કેન્દ્ર સરકારની ભૂમિકા આદર્શ રીતે હંમેશા પ્રાદેશિક અને રાષ્ટ્રીય સમતુલા મેળવવાની રહી છે જો કે તેમાં પણ કેટલીક રાજકીય બાબતો અડચણો પેદા કરે છે. કેન્દ્ર અને રાજયોમાં આવેલી જુદી-જુદી રાજકીય પાર્ટીઓની સત્તા પ્રાદેશિક અસમાનતાને વધુ વેગવાન બનાવે છે. તેમજ કેન્દ્ર અને રાજયો વચ્ચેનો આર્થિક સંબંધો વધુ બગાડે છે.

પ્રાદેશિક અર્થશાસ્ત્રમાં દેશના કોઇ એક પ્રદેશની આર્થિક પરિસ્થિતિ બાબતો, ઘટનાઓ, વિશ્લેષણો તથા આર્થિક સિદ્ધાંતોનો અભ્યાસ કરવામાં આવે છે. ગુજરાત પણ વિકાસમાન ભારતનું વિકસીત રાજય છે.

વિદ્યાર્થી મિત્રો, આપણે સૌ જાણીએ છીએ કે ૧ લી મે ૧૯૬૦ ના રોજ ગુજરાતની સ્થાપના થઇ છે. સ્થાપનાકાળથસ શરૂ કરીને આજદિન સુધી ગુજરાતનું અર્થતંત્ર વિકાસકૂચ કરી રહ્યું છે. જેનો લાભ સરવાળે દેશના અર્થતંત્રને વિકાસના સ્વરૂપમાં મળે છે.

## 1.3 પ્રાદેશિક અર્થશાસ્ત્રની પરિભાષા

"જયારે આર્થિક દ્રષ્ટિકોણ અપનાવીને જેને પ્રદેશનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવામાં આવે ત્યારે પ્રાદેશિક વિજ્ઞાનમાંથી પ્રાદેશિક અર્થશાસ્ત્ર છૂટું પડે છે."

પ્રો. હાર્વે પરલોક

" સાધનોની અગતિશીલતા કે આંશિક ગતિશીલતા પ્રાદેશિક ભેદભાવની રચના કરે છે તેમજ પ્રાદેશિક આર્થિક સમસ્યાઓ સર્જે છે. જે છેવટે પ્રાદેશિક અર્થશાસ્ત્રને જન્મ આપે છે. "

પ્રો . જયોર્જ બોમ્સ અને સ્ટાર્ઘન

" સ્થળવિષયક સામાન્ય સમતુલાનો સિધ્ધાંત એ સ્થળ પસંદગી, સ્થળ કેન્દ્રીકરણ, શ્રમનું સ્થળાંતર અને માનવવસવાટની તરાહ આર્થિક બાબતોના સંદર્ભમાં પ્રાદેશિક અર્થશાસ્ત્રને જન્મ આપે છે. "

પ્રો લોઇસ લેહેબર

પ્રો. વાલ્ટર ઇશોર્ડ વર્ષ 1960માં "Method of Regional analysis" માં પ્રાદેશિક આર્થિક સમસ્યાઓ જેવી કે માથાદીઠ આવક, આવકની અસમાનતા, આવકની ગણતરીની સમસ્યા, પ્રાદેશિક ઔદ્યોગીક વિકાસની સમસ્યા તથા કુદરતી સાધનોના મહત્તમ ઉપયોગની સમસ્યાને ધ્યાનમાં રાખીને પ્રાદેશિક અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપતા જણાવે છે કે "જયારે એક સંશોધક એક પ્રદેશ સામે દ્રષ્ટિપાત કરે છે ત્યારે તે ઘણી આર્થિક સમસ્યાને જુએ છે તેમની એક સમસ્યા કોઇ વિશિષ્ટ ઉદ્યોગોને શોધીને વ્યકિતગત રીતે કે સમુહમાં કાર્યક્ષમ આર્થિક નફા સાથે કામ આપે છે."

" પ્રાદેશિક અર્થશાસ્ત્રએ સ્થળલક્ષી ભિન્નતા, ભૌગોલિક સાધનોનું મહત્વ અને અમર્યાદીત જરૂરીયાતો સંતોષવા માટેના વૈકલ્પિક સાધનો પસંદગીની આર્થિક સમસ્યા સર્જે છે. તેને અભ્યાસ કરે છે."

વિનોદ દુબે

ઉપરોકત વ્યાખ્યા પરથી જાણી શકાય છે કે આ વ્યાખ્યા મુખ્ય અર્થશાસ્ત્રની પ્રો. લાયોનલ રોબિન્સની વ્યાખ્યાને મળતી આવે છે તેની આ વ્યાખ્યામાંથી પણ ચાર મુખ્ય બાબતો તારવી શકાય જેમ કે, પ્રાદેશિક ભિન્નતા કે સ્થળલક્ષી ભિન્નતા, સાધનોની ભૌગોલિક અસમાનતા, સાધનોની ગતિશીલતાનો અભાવ, અને સાધનોનો કરકસરપૂર્વક ઉપયોગ એ પ્રાદેશિક અર્થશાસ્ત્રને જન્મ આપે છે. કુદરતે દરેક પ્રદેશોને કુદરતી સંપત્તિના સંદર્ભમાં દરેક પ્રદેશને જુદા જુદા સાધનોની ભેટ આપી છે. તેથી દરેક પ્રદેશોમાં સાધનો ભૌગોલિક રીતે અસમાન છે. આ ભૌગોલિક અસમાનતા સાધનોની ગતિશીલતાને અટકાવે કે અવરોધ ઊભો કરે ત્યારે ઓછી સંપત્તિ ધરાવતા પ્રદેશો સાધનોનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા પ્રેરાય છે ત્યારે પ્રાદેશિક અર્થશાસ્ત્ર જન્મે છે. ટૂંકમાં એમ કહી શકાય કે દરેક પ્રદેશ કે રાજયમાં રહેતા માનવીની અમર્યાદીત સંપત્તિની જરૂરીયાત અને મર્યાદીત પ્રાકૃતિક સંસાધનોનો કઇ રીતે વૈકલ્પિક ઉપયોગ કરવો તે પરિસ્થિતિમાં માનવ વર્તનના અભ્યાસ કરવાનું કાર્ય પ્રાદેશિક અર્થશાસ્ત્ર કરે છે. કારણકે કેટલાક સાધનો ભૌગોલિક રીતે સ્થળાંતર કરી શકાતા નથી. તેની પ્રાપ્ત સાધનો કે ઉપલબ્ધ સાધનોનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો તે માનવવર્તનનો અભિન્ન ભાગ બની જાય છે. તેનિ પ્રાદેશિક અર્થશાસ્ત્ર તેઓ વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરે છે.

## 1.4 પ્રાદેશિક અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર

પ્રાદેશિક અર્થશાસ્ત્રનો અભ્યાસ વિસ્તાર કે વિશ્વવ્યાપ જે તે પ્રદેશ પૂરતો જ મર્યાદિત હોવાથી તેનું કાર્યક્ષેત્ર પણ મર્યાદિત જણાય છે તેથી નીચેની બાબતોના સંદર્ભમાં વહેંચી શકાય.

### 1.4.1 પ્રદેશનો અર્થ કે ખ્યાલ

કુદરતના નિયમો કે પર્યાવરણીયનીતિઓના સંદર્ભમાં પ્રદેશની સીમાઓ અંકિત કરવી ખુબજ મુશ્કેલ છે. તેમ છતાં પ્રાદેશિક અર્થશાસ્ત્રના સંદર્ભમાં કોઇ ચોકકસ પ્રાદેશિક વિસ્તાર નકકી કરવામાં આવે છે. અથવા તો તેના ખ્યાલનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવામાં આવે છે. તદઉપરાંત તેના વિવિધ માપદંડો તૈયાર કરવામાં આવે છે તેનો હેતુપૂર્વકની આંતરરાજય હક અથવા તો પ્રાદેશિક વર્ગીકરણ એ આંતરિક કે આંતરરાષ્ટ્રીય વેપારને જન્મ આપે છે. રાજયો-રાજયો વચ્ચેનો વ્યાપાર, પ્રદેશ-પ્રદેશ વચ્ચેનો વ્યાપાર કે પ્રદેશ-રાષ્ટ્ર વચ્ચેનો વ્યાપાર આર્થિક લેવડ-દેવડ કે વિનિમય કરાવે છે. તેમજ જે તે પ્રદેશની આર્થિક સમૃધ્ધ વધારે છે, શ્રમિકોના આવામનને વેગ આપે છે. તેમજ રાજયની કાચી ગુહપેદાશને વધારે છે. વર્તમાન સમયમાં જોઇએ તો ભારતમાં પશ્ચિમી રાજયોનો આર્થિક ફાળો પૂર્વનાં રાજયો કરતા આંતરરાષ્ટ્રીય વેપારમાં વધારે રહયો છે. જે પ્રાદેશિક આર્થિક બાબતોને વેગવંતી બનાવે છે.

### 1.4.2 પ્રાદેશિક નીતિ

ઉત્પાદનના સાધનોની ઉપલબ્ધિ એ પ્રાદેશિક વિકાસની કુદરતી લાક્ષણિકતા છે. તેથી જ આંતરરાજય આર્થિક વ્યવહારોને ઉત્તેજન મળે છે. પરંતુ, બીજી બાજુ પ્રદેશમાં સાધનોનું શું ઉત્પાદન થશે. ? સાધનોનું ઉત્પાદન કોણ કરશે તે અંગેનો વિચાર પ્રાદેશિક આર્થિકનીતિ અંતર્ગત કરવામાં આવે છે. પ્રાદેશિક નીતિની વિચારણા અંતર્ગત વિવિધ સાધનોની અસરોનો અભ્યાસ કરવામાં આવે છે. તે માટેના ગાણીતિક ખ્યાલો જેવા કે ગુણકનો ખ્યાલ, સાધન ઉત્પાદન વિધેય, સાધન ઉત્પાદન વિશ્લેષણ, સાધન સુરેખ આયોજન વગેરે ખ્યાલો પ્રાદેશિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

### 1.4.3 પ્રાદેશિક સ્થળ પસંદગી

સામાન્ય રીતે કુદરતી પ્રાદેશિક સ્થળ ની પસંદગી કુદરતી સંસાધનોની પ્રાપ્યતા કે ઉપલબ્ધતાના આધારે નકકી થતી હોય છે. પરંતુ માનવસર્જીત પ્રાદેશિક સ્થળ પસંદગીઓ કેટલાક પાયાના પ્રશ્નો ઉભા કરે છે જેમ કે કયા કારણોસર ચોકકસ સ્થળ ચોકકસ આર્થિક પ્રવૃતિ સાથે સંબંધ ધરાવે છે. કોઇ એક પ્રકારની આર્થિક પ્રવૃતિ અન્ય આર્થિક પ્રવૃતિને પોતાના તરફ લાવવા કે ખેંચાણ સર્જવામાં ભાગ ભજવે છે ? શા માટે રાષ્ટ્રના અમુક પ્રદેશો બીજા પ્રદેશો કરતા કૃષિક્ષેત્રે, ઔદ્યોગિકક્ષેત્રે તથા સેવાકિયક્ષેત્રે જુદા પડે છે? પ્રો આલ્ફ્રેડ વેબર અને પ્રો. સાર્જનટ ફલોરેન્સનો સિધ્ધાંત સ્થળ પસંદગીની બાબતો કે નિયમોને દર્શાવે છે કે કુદરતી સંસાધનોની ઉપલબ્ધતા ઔદ્યોગિકરણની પ્રવૃતિને વેગવાન બનાવે છે તેમજ આર્થિક વિશિષ્ટીકરણને ઉત્તેજન આપે છે. જેનો અભ્યાસ પ્રાદેશિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે.

### 1.4.4 પ્રાદેશિક આર્થિક આંતરસંબધો

પ્રાદેશિક અર્થશાસ્ત્રમાં પ્રાદેશિક આંતરસંબંધો મહતવનો ભાગ છે. કારણકે પ્રાદેશિક આંતરસંબધો પ્રાદેશિક વિકાસને વેગ આપે છે. દરેક પ્રદેશો કુદરતી રીતે ભિન્નતા ધરાવતા હોવાથી ચિજવસ્તુઓ કે સેવાઓના ઉત્પાદનમાં પણ ભિન્નતા જોવા મળે છે. તેથી પ્રદેશ-પ્રદેશ વચ્ચેના આંતરરાજય વ્યાપારને વેગ મળે છે. જેનાથી પ્રાદેશિક નિકાસો, પ્રાદેશિક આયાતો, પ્રાદેશિક વસ્તીનુ સ્થળાંતર, પ્રાદેશિક મુડીનું સ્થળાંતર તેની અસરો, ખાસ આર્થિક વિસ્તારને વેગ ( SEZ) વગેરેનો અભ્યાસ કરવામાં આવે

છે. આ ઉપરાંત ભારત વિવિધતાસભર દેશમાં સંસ્કૃતિ, પહેરવેશ, અન્નઉપભોગ, રિવાજો વગેરેનું પણ આદાનપ્રદાન થાય છે.

1.4.5 પ્રાદેશિક સમતુલા વિશ્લેષણ

આપણે અગાઉ કરી તે પ્રમાણે કુદરતી રીતે સર્જાયેલી પ્રાદેશિક સમતુલા સંસાધનોને કારણે સર્જાય છે. તેથી જ તેને કુદરતી પ્રાદેશિક સમતુલા કહેવાય છે. પરંતુ અસમતુલાને દૂર કરવા સાધનોની ઇષ્ટતમ વહેંચણી, વહેંચણીની સમાનતા વગેરે બાબતો પ્રાદેશિક સમતુલાને સમજાવે છે. જેમ કે વિવિધ આર્થિક પ્રવૃતિની મહત્તમ કક્ષા શું હોય છે ? કઇ પ્રવૃતિઓનું શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ કરવું જોઇએ ? કયા પ્રદેશમાંથી વસ્તુની આયાતો કે નિકાસો કરવી ? વગેરે બાબતોનો પ્રાદેશિક અર્થશાસ્ત્રમાં અભ્યાસ કરવામાં આવે છે.

જોયું ને મિત્રો, મુખ્ય અર્થશાસ્ત્રનો નાનો ભાગ હોવા છતા પ્રાદેશિક અર્થશાસ્ત્રનો વ્યાપ કેટલો વિશાળ લાગે છે હવે આપણે પ્રાદેશિક અર્થશાસ્ત્રના મહત્વ વિશે વિગતવાર સમજૂતી મેળવશુ.

## 1.5 પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહત્વ

લગભગ ૨૦મી સદીના મધ્યાંતરે પ્રાદેશિક અર્થશાસ્ત્રનો જન્મ થયો અને ત્યારબાદ તેમનુ મહત્વ ધીમેધીમે વધતુ ગયુ. આપણા દેશમાં આયોજનકાળ દરમિયાન પ્રદેશોના આર્થિક વિકાસ માટે હંમેશા સમગ્રલક્ષી અભિગમ અપનાવવામાં આવ્યો છે તેથી દરેક પ્રાદેશિક બાબતોને, ઘટનાઓને કે આર્થિકસ્થિતિને આર્થિક સમસ્યાઓમાં સમાવવામાં આવે છે. પરિણામે દરેક આર્થિક સ્થિતિ અને સમસ્યાઓ વિભિન્ન સ્વરૂપ ધરાવે છે. જેના કેટલાક વ્યાજબી કારણો છે. જે આ પ્રમાણે જણાવી શકાય.

1.5.1 વિકાસમાન રાષ્ટ્રોમાં તથા વિકસીત રાષ્ટ્રોમાં આર્થિક સ્થિતિ અને સમસ્યાઓનું સ્વરૂપ આગવુ મહત્વ અને લાક્ષણિકતા ધરાવે છે. આ સમયે આયોજનકાળમાં વિભિન્ન પ્રદેશોની સ્થાનીક લાક્ષણિકતાને ધ્યાનમાં લેવામાં આવતી નથી. સામાન્ય રીતે સમગ્રલક્ષી આયોજન દેશના આર્થિક વિકાસનો કાર્યક્રમ હોવાથી તેનું આયોજન પ્રાદેશિક કક્ષાએ કરાતુ નથી. કારણકે પ્રાદેશિક કક્ષાને એકમલક્ષી અર્થશાસ્ત્રના દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો જ તેમની સ્થાનિક સમસ્યાઓ સમજી શકાય, સમસ્યાના સમાધાનને શોધી શકાય. તેથી પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહતવ ખુબ જ વધવા પામ્યુ છે. આપણે આગળ ચર્ચા કરીને મુજબ ભારત વિવિધ સંસ્કૃતિ, ખાન-પાન પહેરવેશ, રીતિરિવાજો વગેરે લાક્ષણિકતાને લઇને વિવિધતા ધરાવે છે. તેથી જ દરેક રાજયો કે પ્રદેશો એકબીજાથી જુદા પડે છે. તેમજ આ રાજયોની સમસ્યાઓ પણ એકબીજાથી જુદી પડે છે. પરિણામે, પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહત્વ વધી જાય છે.

1.5.2 ભારતમાં આયોજનકાળ દરમિયાન તથા આયોજનકાળ પૂર્ણ થયો એટલે કે વર્ષ 2014 પછીથી આજદદિન સુધી દેશના જુદા જુદા પ્રદેશોની વિશિષ્ટ લાક્ષણિકતાઓ અને સમસ્યાઓ માટે યોજનાના ઘડતરનું કાર્ય અશકય તો નથી પણ વિભિન્ન પ્રાદેશિકતાને લીધે મુશ્કેલરૂપ બની ગયું છે. પરિણામે ઘણીવાર પ્રત્યક્ષરૂપે કે પરોક્ષરૂપે પ્રાદેશિક સમસ્યાઓની અવગણના થાય છે. આ અવગણનાને દૂર કરવા માટે, પ્રાદેશિક અર્થશાસ્ત્રને મહત્વ આપવું પડે. મિત્રો, વધુ સમજુતી મેળવવા એમ કહી શકાય કે કેન્દ્ર

સરકારની ભૂમિકા દરેક રાજયો પ્રત્યે મલાય જેવી હોય છે. એટલે કે તેમના માટે દરેક રાજયો સરખા હોય છે. પરંતુ વર્તમાન સમયમાં બદલાતા રાજકીય પ્રવાહો, રાજકીય દુશ્મનાવટો તથા અન્ય બાબતોને લીધે પ્રદેશોને સરખુ મહત્વ મળે તેવુ જણાયુ નથી. ઉલ્ટાનું પ્રાદેશિક અર્થશાસ્ત્રનો અભ્યાસ એવું સુચવે છે કે જે રાજયો આર્થિક દ્રષ્ટિકોણથી પછાત છે. તેવા રાજયોને વધુ આર્થિક મદદ કરીને વિકસીત રાજયોની હરોળમાં મુકી દેવા. પરંતુ વાસ્તવિકતામાં રાજકીય વિરોધાભાસ હોવાથી જે તે રાજયમાં અન્ય રાજકીય પાર્ટીની સરકારો હોય તો તેવા રાજયોને અન્યાય થયાના ઉદાહરણો જોવા મળે છે. તેથી જે તે રાજયની આર્થિક સમસ્યા ઘટવાને બદલે વધવા માંડે છે. તેથી અહીં પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહત્વ વધી જાય છે.

1.5.3 પ્રાદેશિક અર્થશાસ્ત્રના અભ્યાસથી જે તે પ્રદેશોના ખનીજો, ખાણ તત્ત્વો, જંગલોની સંપતિ, જમીનની લાક્ષણિકતાઓ કે ઉત્પાદકતા માનવીય સંસાધનો વગેરેની પરિસ્થિતિ જાણી શકાય છે. તેથી આવા રાજયોમાં કુદરતી સંસાધનો અને માનવીય સંસાધનોને જોડીને તેનો મહત્તમ ઉપયોગ કરી શકાય છે. જેમકે ભારતના આસામ, બિહાર, ઓરિસ્સા વગેરેમાં કોલસાની ખાણો આવેલી છે તથા લોખંડ-પોલાદ પ્રાપ્ય બને છે. તેથી આ ખનીજસંપતિના ઉપયોગને ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, વગેરે પૂર્વ રાજયો સાથે સંકલન કરીને લોખંડ-પોલાદ આધારીત ઉદ્યોગોનો વિકાસ કરી શકાય છે. અથવા તો કોલસા આધારીત વિજમથકોની સ્થાપના કરીને વીજળીનું ઉત્પાદન કરી શકાય છે. આવી જ રીતે જંગલોની સંપત્તિની હેરફેર કરીને પ્રાદેશિક વેપાર કે આંતરરાષ્ટ્રીય વેપારને વધુ વેગવાન બનાવી શકાય છે. પરિણામે પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહત્વ વધી જાય છે.

1.5.4 ભારત જેવા વિકાસમાન રાષ્ટ્ર માટે પ્રત્યેક પ્રદેશની પોતાની વિશિષ્ટ પરિસ્થિતિ અન્ય પ્રદેશોથી પોતાને જુદી પાડે છે. તેમજ તેમાં વિવિધતા સર્જાય છે. આ ઉપરાંત દરેક રાજય કે પ્રદેશ આર્થિક રીતે, સામાજિક દ્રષ્ટિકોણથી, સાંસ્કૃતિક ધરોહર તુલનાએ, રાજકીય ઘટનાઓના આધારે તથા ઐતિહાસીક પ્રણાલિકાઓના આધારે તફાવત સર્જે છે. તેથી આ તફાવતને સમજવા માટે તથા આર્થિક વિકાસના સંદર્ભમાં તેનો ઉપયોગ કરવા માટે વિવધ પ્રકારની પ્રાદેશિક આર્થિક નીતિઓ ઘડવાની, ઘડેલી નીતિઓમાં સુધારા કરવાની, બિનઅસરકારક નીતિઓને નાબુદ કરવાની તથા તેની તુલના કરવાની વગેરે બાબતોનું આર્થિક મહત્વ વધી જાય છે. ભારત જેવા વિકાસમાન દેશમાં એવુ બને કે જે નીતિ એક રાજય માટે અનુકૂળ હોય તે નીતિ અન્ય રાજયો માટે પ્રતિકુળ હોઇ શકે. એટલે કે વિભિન્ન રાજયો માટે વિભિન્નનીતિવાળુ ઘડતર કરવુ પડે. તેથી આ ઘડતરની પ્રક્રિયામાં પ્રાદેશિક અર્થશાસ્ત્ર મહત્વની ભૂમિકા ભજવે છે તેથી તેનુ ઘણુ જ મહત્ત્વ રહેલું છે.

1.5.5 દેશના પ્રત્યેક રાજયની આર્થિક સ્થિતિ, આર્થિક સમસ્યાઓ વગેરે અનેકવિધ પરિબળોથી પ્રભાવિત હોય છે. જેનો અભ્યાસ કેન્દ્રીય આયોજનના ઘડતરમાં કરવામાં આવતો નથી. પરંતુ, પ્રાદેશિક રાજયના વિકાસ માટે તેનું ઘડતર કરવું અત્યંત જરૂરી છે. પ્રાદેશિક આયોજનના ઘડતરમાં પ્રદેશની આર્થિક સ્થિરતા અને સમસ્યાઓ જે પરિબળોથી પ્રભાવિત થતા હોય છે. તેનો ઉકેલ લાવવો જરૂરી હોય છે. જેમ કે ગુજરાતના કૃષિક્ષેત્રની સ્થિતિ અન્ય રાજયો કરતા જુદી હોય છે, તેના ઉકેલો જુદા હોય છે. તેથી પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહત્વ વધી જાય છે.

1.5.6 પ્રાદેશિક અર્થશાસ્ત્ર દરેક પ્રદેશના વિશિષ્ટ પ્રશ્નો અને પરિસ્થિતિનો એકમલક્ષી અભ્યાસ કરીને વિવિધ સમસ્યાઓનું નીરાકરણ સરળતાથી લાવે છે. તેથી પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહતવ વધી જાય છે.

1.5.7 પ્રાદેશિક અર્થશાસ્ત્રમાં કુદરતી સંપત્તિની પ્રાપ્યતા, ઉપયોગિતા, કાર્યદક્ષતા કે કાર્યક્ષમતાને આધારે તેનો ભાવી વિકાસ તથા તેના ઉપાયોનો અભ્યાસ કરીને નષ્ટ થતા સંસાધનોનો કરકસરપૂર્વક ઉપયોગ કરવાનું સમજાવે છે. જેથી પ્રત્યેક પ્રદેશ અને તેના જુદા જુદા વિભાગોનો વિકાસ સ્થાનિક પરિસ્થિતિને અનુલક્ષીને કરી શકાય છે. નીતિઓમાં ફેરફાર હોય તો તેમાં બદલાવ લાવી શકાય છે. સુધારાઓ કરી શકાય છે.તેથી પ્રાદશીક અર્થશાસ્ત્રનું મહતવ ઘણું વધવા પામ્યુ છે.

1.5.8 પ્રાદેશિક અર્થશાસ્ત્ર જે તે પ્રદેશના લોકોના જીવનને સ્પર્શતા પ્રશ્નો સરળતાથી ઉકેલી શકતા હોવાથી આમજનતાના માનસ પર પ્રાદેશિક આયોજનની સારી અસર ઉપજે છે. આમ જનતા વિકાસની વિવિધ પ્રક્રિયાથી અવગત હોય છે. તેમજ રાજય કે પ્રદેશના આયોજનમાં પૂર્ણ વિશ્વાસ હોય છે. ઘણા કિસ્સામાં સરકાર કરતા પણ વધુ સારુ ચિત્ર લોકસમુહો કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ કે બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓએ કરેલુ જોવા મળે છે. ઘણા કિસ્સાઓમાં સરકાર તથા આમજનતા ભાગીદારીરૂપે આર્થિક વિકાસના લક્ષ્યાંકને પૂર્ણ કરે છે. વર્તમાન સમયમાં લોકભાગીદારી દ્વારા થતા આર્થિક-સામાજિક કાર્યો વધવા પામ્યા છે. ખાસ કરીને ગુજરાતમાં લોકભાગીદારી ( PPP) દ્વારા થયેલા અનેક ઉદાહરણો જોવા મળે છે જે પ્રાદેશિક અર્થશાસ્ત્રને નવી ઉંચાઇએ લઇ જાય છે. તેથી તેનું ઘણું જ મહત્વ છે.

1.5.9 પ્રાદેશિક અર્થશાસ્ત્રનો અભ્યાસ જે તે પ્રદેશના વિકાસ માટે જરૂરી અને મહત્વનો છે. બીજીબાજુ અલ્પવિકસીત રાજય કે પ્રદેશ તથા તેના પછાતપણાને ભાવી વિકાસ માટે માર્ગદર્શન પુરૂ પાડે છે. ભુતકાળની આર્થિક નીતિ વિષયક ખામીઓ તથા મર્યાદાઓને સુધારવામાં ઘણી જ મદદરૂપ થાય છે.

## 1.6 ઉપસંહાર/સારાંશ

સામાન્ય રીતે વર્ષ 1930 પછીના સમયથી પ્રાદેશિક અર્થશાસ્ત્રના અભ્યાસનું મહત્વ વધવા પામ્યુ છે. જેનાથી દેશના જુદા જુદા રાજયો, પ્રદેશો, કસબાઓ, વિભાગો, જુદી જુદી સામાજિક જ્ઞાતિનો વગેરેનો આર્થિક-સામાજિક વિકાસ શકય બન્યો છે. વિવિધ રાજયોમાં કુદરતી સંસાધનો તથા માનવીય સંસાધનોનો ઇષ્ટતમ ઉપયોગ કરીને કરીને આર્થિક વિકાસ શકય બનતા રોજગારીની તકો તથા ઉત્પાદનમાં વધારો કરી શકાય છે. આ ઉપરાંત વિવિધ પ્રદેશોનો પ્રાદેશિક વિકાસ થતા પ્રાદેશિક આર્થિક સમતુલા જાળવી શકાય છે. જે આયોજનકાળ દરમિયાનનો એક મહત્વનો હેતુ રહેલો છે. જેને પૂર્ણ સ્વરૂપ આપવામાં પ્રાદેશિક અર્થશાસ્ત્ર મહત્વ ભાગ ભજવે છે.

## 1.7 ચાવીરૂપ શબ્દો ( Key Words)

1. પ્રાદેશિક અર્થશાસ્ત્ર જેમા જે તે પ્રદેશનો આર્થિક દ્રષ્ટિકોણથી અભ્યાસ કરવામાં આવે છે. તેમજ સાધનોની ગતિશીલતા-અગતિશીલતાને કારણે સર્જાતી સમસ્યાને સમજવામાં આવે છે.

2. પ્રદેશનો ખ્યાલ જેમાં, કુદરતના નિયમો તથા પર્યાવરણને અવગણીને માનવનિર્મિત ભૌગલીક પરિસ્થિતિનો ભાગ એટલે પ્રદેશ અથવા વિસ્તાર
3. પ્રાદેશિકનીતિનો ખ્યાલ જેમાં, ઉત્પાદનના સાધનોની ઉપલબ્ધતા અને પ્રાદેશિક વિકાસની લાક્ષણિકતાનો સમન્વય કરીને સરકાર દ્વારા ઘડાતી નિયમાવલી એટલે પ્રાદેશિકનીતિ.
4. પ્રાદેશિક સ્થળ પસંદગીનો ખ્યાલ જેમાં કુદરતી સંસાધનોની પ્રાપ્યતાને આધારે ચોકકસ સ્થળ આધારીત ઉદ્યોગોનો વિકાસ થવો એટલે પ્રાદેશિક સ્થળ પસંદગી.
5. પ્રાદેશિક આંતરસંબંધોનો ખ્યાલ જેમાં, કુદરતી રીતે ભિન્નતા ધરાવતા પ્રદેશો વચ્ચે સંસાધનોને લક્ષ્યમાં રાખીને વ્યાપોરિક પ્રવૃતિને વેગ મળે છે. તેને કુદરતી આંતરસંબંધો કહી શકાય.
6. પ્રાદેશિક સમતુલાનો ખ્યાલ જેમાં, દેશમાં દરેક રાજયોમાં વિભિન્ન આર્થિક અસમતુલાને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા કરવામાં આવતા પ્રાદેશિક સમતુલાના પ્રયાસો એટલે પ્રાદેશિક સમતુલા
7. આયોજનકાળ જેમાં, વર્ષ 1950-51 થી વર્ષ 2017 સુધીની પંચવર્ષીય યોજનાઓનો સમુહ તથા વર્ષ 2017 થી આજ દિન સુધી નીતિ આયોગ દ્વારા ઘડાતી નીતિઓનો સમૂહ એટલે આયોજન કાળ.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો

★ વિભાગ 1.1 ઉદેશોનો અભ્યાસ કરો.
★ વિભાગ 1.3 પ્રાદેશિક અર્થશાસ્ત્રની પરિભાષા તપાસો
★ વિભાગ 1.4 પ્રાદેશિક અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર તપાસો
★ વિભાગ 1.4.1 પ્રદેશનો અર્થ તપાસો
★ વિભાગ 1.4.3 પ્રાદેશિક સ્થળ પસંદગી તપાસો
★ વિભાગ 1.4.4 પ્રાદેશિક આંતરસંબંધો તપાસો
★ વિભાગ 1.4.5 પ્રાદેશિક સમતુલા તપાસો

## 1.9 ઉપયોગી પુસ્તકોની યાદી

1. જોષી એમ.વી ( 1996 ) એકમલક્ષી અર્થશાસ્ત્ર દર્પણ પ્રકાશન, રાજકોટ
2. Ahuja H.Z (2017) "An Advanced Economic theory" S. Chand Publication India.
3. Ram N. (1975) "An Introduction of Micro Economics " McMillian publishing House, New Delhi.
4. પરડવા એસ.જી. (2012) ''પર્યાવરણનું અર્થશાસ્ત્ર

## 1.10 બહુવૈકલ્પીય પ્રશ્નો

1. પ્રાદેશિક અર્થશાસ્ત્ર એ કયા અર્થશાસ્ત્રનો ભાગ છે.

   ( અ) એકમલક્ષી અર્થશાસ્ત્ર (બી) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

   (સી ) મુખ્ય અર્થશાસ્ત્ર (ડી) ઉપરોકત તમામ

2. ભારતમાં કયા રાજયો પ્રાદેશિક અસમાનતા ધરાવે છે.
   (અ) ઉત્તરભારતના રાજયો (બ) ઉત્તર-પૂર્વ ભારતના રાજયો
   (સી) દક્ષિણ-પૂર્વ ભારતના રાજયો (ડી) દક્ષિણ-પશ્ચિમ ભારતના રાજયો
3. અર્થશાસ્ત્ર કઇ કઇ બાબતનો અભ્યાસ કરે છે.
   (અ) માનવીના સાાજિક જ્ઞાનનો (બ) માનવીના આર્થિક જ્ઞાનનો
   (સી) માનવીની આર્થિક વર્તણૂકનો (ડી) માનવીની જીવનશૈલીનો
4. પ્રાદેશિક સમાનતા લાવવા કોની ભૂમિકા મહત્વની છે.
   (અ) રાજય સરકાર (બ) આયોજન પંચ કે નીતિ આયોગ
   (સી) કેન્દ્ર સરકાર (ડી) ભારતનું નાણાપંચ
5. ગુજરાત રાજયની સ્થાપના કયારે થઇ ?
   (અ) 1 લી એપ્રિલ -1960 (બ) 1 લી જુન-1960
   (સી) 1 લી મે-1960 (ડી) 1 લી મે 1961
6. ''અર્થશાસ્ત્રએ પ્રદેશનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરે છે. ? એ વાકય કયા અર્થશાસ્ત્રીએ કહયું છે. ?
   (અ) પ્રો. એડમ સ્મિથ (બી) પ્રો. હાર્વે પરલોક
   (સી) પ્રો. જયોર્જ બોટસ (ડી) પ્રો સ્ટાઇન
7. પ્રો. વોલ્ટર ઇશાર્ડએ વર્ષ 1960 માં કયુ પુસ્તક લખ્યુ હતુ ?
   (A) Methods of Religion Economics
   (B) Methods of Recreation Analysis
   (C) Methods of Regional Analysis
   (D) Regional Econometrics
8. પ્રાદેશિક અર્થશાસ્ત્ર વૈકલ્પિક સાધનોની પંસદગીની આર્થિક સમસ્યા સર્જે છે એવુ કોણે કહયું છે. ?
   (અ) પ્રો. જયોર્જ બોર્ટસ (બ) પ્રો. હાર્વે પરલોક
   (સી) પ્રો. લોઇલ લેફેલર (ડી) પ્રો. વિનોદ દુબે
9. મુખ્ય અર્થશાસ્રની મુખ્ય વ્યાખ્યા કોણે આપી છે.
   (અ) પ્રો. એડમ સ્મિથ (બ) પ્રો. ઓલ્ડ્રેડ માર્શલ
   (સી) પ્રો. જોન રોબિન્સન (ડી) પ્રો. લાયોનલ રોબિન્સ
10. સ્થળ પસંદગીનો સિદ્ધાંત સૌ પ્રથમ કોણે આપ્યો
   (અ) પ્રો. આલ્ડ્રેડ વેબર (બી) પ્રો. આલ્ડ્રેડ માર્શલ
   (સી) પ્રો. સાર્જન્ટ કલોરેન્સ (ડી) પ્રો. એકડમ સ્મિથ
11. ખાસ આર્થિક વિસ્તારને શું કહેવાય છે.
   (A) Special Economics Area
   (B) Special Economic Zone
   (C) Separate Economic Zone
   (D) એકેય નહી.

12. રાષ્ટ્રની પ્રાદેશિક અસમતુલાને દૂર કરવા માટે.....
    (અ) સાધનોની ઇષ્ટતમ વહેંચણી (બ) વહેંચણીની સમાનતા
    (સી) શ્રમવિભાજન અને વિશિષ્ટિકરણ (ડી) ઉપરોકત તમામ
13. નીચેનામાંથી કઇ બાબત પ્રાદેશિક વિકાસને વેગ આપે છે.
    (અ) પ્રાદેશિક ભિન્નતા (બી) પ્રાદેશિક સમતુલા
    (સી) પ્રાદેશિક અસમતુલા (ડી) પ્રાદેશિક આંરતસંબંધો
14. ભારતમાં નીતિઆયોગની શરૂઆત કયારે થઇ ?
    (અ) વર્ષ 2014 (બ) વર્ષ 2016
    (સી) વર્ષ 2015 (ડી) વર્ષ 2017

★ તમારી પ્રગતિ ચકાસો ના જવાબઃ

"પ્રાદેશિક અર્થશાસ્ત્રનો અર્થ, અભ્યાસનું મહત્વ"

પ્રશ્ન નંબર :

1 નો જવાબ (ડી) ઉપરોકત તમામ

2 નો જવાબ (બ) ઉત્તર-પૂર્વ ભારતના રાજયો

3 નો જવાબ (સી) માનવીની આર્થિક વર્તણૂકનો

4 નો જવાબ (બ) આયોજન પંચ કે નીતિ આયોગ

5 નો જવાબ (સી) 1 લી મે-1960

6 નો જવાબ (બી) પ્રો. હાર્વે પરલોક

7 નો જવાબ (C) Methods of Regional Analysis

8 નો જવાબ (ડી) પ્રો. વિનોદ ડુબે

9 નો જવાબ (સી) પ્રો. જોન રોબિન્સન

10 નો જવાબ (અ) પ્રો. આલ્ફ્રેડ વેબર

11 નો જવાબ (B) Special Economic Zone

12 નો જવાબ (ડી) ઉપરોકત તમામ

13 નો જવાબ (બી) પ્રાદેશિક સમતુલા

14 નો જવાબ (સી) વર્ષ 2015

★★★

એકમ 2

# પ્રાદેશિક અર્થશાસ્ત્ર – II

## રૂપરેખા

2.0 ઉદ્દેશો
2.1 પ્રસ્તાવના
2.2 રાજ્યનું ઘરગથ્થું ઉત્પાદન
2.3 રાજ્યની ચોખ્ખી ઘરગથ્થું પેદાશ
2.4 રાજ્યની માથાદીઠ આવક
2.5 રાજ્યનો ચોખ્ખા ઘરગથ્થું પેદાશમાં ક્ષેત્રવાર ફાળો
2.6 આર્થિક વિકાસના માપદંડો
    2.6.1 જીવનનીભૌતિક ગુણવત્તાનો આંક
    2.6.2 સ્ત્રી-પુરુષ અસમતા આંક
    2.6.3 માનવ-વિકાસ આંક
    2.6.4 ટકાઉ-વિકાસ
2.7 સારાંશ
2.8 ચાવીરૂપશબ્દો
2.9 સ્વાધ્યાય
    - ઉપયોગી પુસ્તકોની યાદી

## 2.0 ઉદ્દેશો

(1) પ્રાદેશિક આવકનો ખ્યાલ સમજવો
(2) કુલ પેદાશ અને માથાદીઠ આવકના ખ્યાલો સમજવા
(3) આર્થિક વિકાસના વિવિધ માપદંડોનો અભ્યાસ

## 2.1 પ્રસ્તાવના

પ્રદેશનો ખ્યાલ પ્રત્યક્ષ રીતે જ સ્થળ સાથે સંકળાયેલો છે. પરંતુ પૃથ્વીની સપાટી પરના ચોક્કસ ભાગને પ્રદેશ તરીકે ઓળખતી વખતે કોઈ ચોક્કસ ઉદ્દેશ કે આર્થિક માપદંડનો આધાર લેવો પડે છે. જેમ ભૌગોલિક દૃષ્ટિ, રાજકીય દૃષ્ટિએ કે આર્થિક દૃષ્ટિએ પ્રદેશ નક્કી કરવામાં આવે છે. પરંતુ પ્રાદેશિક અર્થશાસ્ત્રામાં પ્રદેશનો અર્થ જાણવા કે કદ અથવા સીમા નક્કી કરવા માત્ર આર્થિક બાબતોનો જ અભ્યાસ કરવામાં આવે છે. જેમ જમીનની ફળદ્રુપતા ને આધારે, ખનિજસંપત્તિને આધારે, ઉદ્યોગોના વિકાસને આધારે પ્રદેશનું વિવિધ વિભાગોમાં વિભાજન કરવામાં આવે છે. પ્રસ્તુત એકમમાં આપણે ગુજરાતની આવક અને વિકાસના વિવિધ માપદંડોનો અભ્યાસ કરવાનો છે.

પ્રાદેશિક આવક એટલે કોઈ એક વર્ષમાં વસ્તુઓ અને સેવાઓના પ્રવાહ અને તેનું નાણાકીય મૂલ્ય. આમ, પ્રાદેશિક આવક કોઈએક સમયગાળા દરમિયાન તે પ્રદેશની ઉત્પાદન તાકાત કેટલી છે તે માપે છે. તે પ્રદેશના લોકોની જરૂરિયાતોને સંતોષવાની તાકાત કેટલી છે તે માપે છે. તે પ્રદેશના લોકોની જરૂરિયાતોને સંતોષવાની તાકાત કેટલી છે તે એ માટે છે.

ગુજરાત રાજ્યની અલગ રાજ્ય તરીકે 1લી મે 1960ના રોજ સ્થાપના થઇ હતી. આ પહેલા ગુજરાત રાજ્ય દ્વિભાષી મુંબઈ રાજ્યનો એક ભાગ હતું. ગુજરાત રાજ્યની સ્થાપના થઇ ત્યારથી રાજ્યના અર્થતંત્રના માળખામાં નોંધ પાત્ર ફેરફારો થયેલા છે. રાજ્યની ઘરગથ્થું પેદાશમાં તથા માથાદીઠ આવકમાં થયેલા ફેરફારોનો પ્રસ્તુત એકમમાં અભ્યાસ કરવાનો છે.

## 2.2 રાજ્યનું ઘરગથ્થુ ઉત્પાદન (State Domestic Product)

રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનને સામાન્ય રીતે રાજ્યની આવક તરીકે ઓળખવામાં આવે છે. તે રાજ્યની ભૌગોલિક હદમાં ચોક્કસ સમયગાળા માટે ઉત્પાદિત ચીજવસ્તુઓના અને સેવાઓના નાણાકીય સ્વરૂપે માપ દર્શાવે છે. તેનો સમયગાળો એક વર્ષનો હોય છે. રાજ્ય કે અર્થતંત્રની વૃદ્ધિ માપવા માટે તેમાં થતાં માળખાકીય પરિવર્તનનો અભ્યાસ કરવા વપરાતો આ મહત્ત્વનો નિર્દેશક છે.

ટેબલ નં. 1

રાજ્યનું ઘરગથ્થું ઉત્પાદન (રૂ. કરોડમાં)

| વર્ષ | ચાલુભાવોએ | વર્ષ 2011-12 સરખામણીએ વૃદ્ધિ દર | સ્થિર ભાવોએ (2011-12) | વર્ષ 2011-12 સરખામણીએ વૃદ્ધિ દર |
|---|---|---|---|---|
| 2011-12 | 615606 | - | 615606 | - |
| 2012-13 | 724495 | 17.7 | 682650 | 10.9 |
| 2013-14 | 807623 | 31.2 | 734284 | 19.3 |
| 2014-15 | 921773 | 49.7 | 811428 | 31.8 |
| 2015-16 | 1029010 | 67.2 | 894465 | 45.3 |
| 2016-17 | 1153327 | 87.3 | 980736 | 59.3 |
| 2017-18 | 1314680 | 113.6 | 1090260 | 77.1 |

સ્રોત :- Statistical Abstract of Gujrat-2019

$$\text{વૃદ્ધિદર} = \frac{\text{નવુંવર્ષ} - \text{જૂનુંવર્ષ}}{\text{જૂનુવર્ષ}} \times 100$$

તારણો :-

(1) ટેબલ નં 1 માં રાજ્યનું ઘરગથ્થું ઉત્પાદન વર્ષ 2011-12 વર્ષ 2017-18 સુધી ચાલુ ભાવોએ અને સ્થિર ભાવોએ દર્શાવેલ છે.

(2) વર્ષ 2011-12માં ચાલુ ભાવોએ કુલ ઉત્પાદન 615606 કરોડ હતું. તે વધીને વર્ષ 2017-18માં 1314680 કરોડ થયુ છે એટલે કે વર્ષ 2011-12 ની તુલનાએ વર્ષ 2017-18માં 113.6 ટકા ઉત્પાદનમાં વધારો થયેલો છે.

(3) વર્ષ 2011-12માં સ્થિર ભાવોએ ઉત્પાદન 615606 કરોડ હતું. તે વધીને વર્ષ 2017-18માં 1090260 કરોડ થયું છે. એટલે કે વર્ષ 2011-12ની તુલનાએ વર્ષ 2017-18માં 77.1 ટકા કુલ ઉત્પાદનમાં વધારો નોંધાયેલો છે.

(4) સ્થિર ભાવોની સરખામણીએ ચાલુ ભાવોએ ઉત્પાદન વૃદ્ધિદર 43 ટકાની આસપાસ વધારે જોવા મળે છે, જે ભાવ-વધારો દર્શાવે છે.

## 2.3 રાજ્યની ચોખ્ખી ઘરગથ્થુ પેદાશ (Net State domestic product)

રાજ્યની કુલ ઘરગથ્થું પેદાશમાંથી ઘસારા ખર્ચને બાદ કરતા રાજ્યની ચોખ્ખી ઘરગથ્થું પેદાશ પ્રાપ્ત થાય છે. દા.ત. કોઈ એક યંત્રનું ઉત્પાદન થયું અને તેની કિમત રૂ. 10 લાખ છે. આ યંત્રનું આયુષ્ય આશરે 10 વર્ષ હોય તો પ્રતિ વર્ષ યંત્રમાં 10,000 રૂ. ઈસારો થાય તેમ કહેવાય. 10 વર્ષ બાદ આ યંત્ર નકામું થઈ જાય તો 10 વર્ષના સમયગાળા દરમ્યાન તેને પહોંચેલો ઘસારો ઉત્પાદનમાંથી બાદ કરવો પડે છે, જેથી રાજ્યની ચોખ્ખી ઘરગથ્થું પેદાશ પ્રાપ્ત થાયછે. જે નીચેના ટેબલમાં દર્શાવેલ છે.

ટેબલ નં. 2

રાજ્યની ચોખ્ખી ઘરગથ્થું પેદાશ (રૂ.કરોડમાં)

| વર્ષ | ચાલુભાવોએ ચોખ્ખી ઘરગથ્થું પેદાશ | વર્ષ 2011-12 સરખામણીએ વૃદ્ધિદર | સ્થિર ભાવોએ ચોખ્ખી ઘરગથ્થું પેદાશ (2011-12) | વર્ષ 2011-12 સરખામણીએ વૃદ્ધિદર |
|---|---|---|---|---|
| 2011-12 | 532809 | - | 532809 | - |
| 2012-13 | 634572 | 19.1 | 596659 | 12.0 |
| 2013-14 | 707456 | 32.8 | 641489 | 20.4 |
| 2014-15 | 804764 | 51.0 | 705629 | 32.4 |
| 2015-16 | 893997 | 67.8 | 774775 | 45.4 |
| 2016-17 | 1009230 | 89.4 | 853973 | 60.3 |
| 2017-18 | 1151150 | 116.1 | 949715 | 78.2 |

સ્રોત :- Statistical Abstract of Gujarat-2019

તારણો :-

(1) ટેબલ નં.2 માં રાજ્યની ચોખ્ખી ઘરગથ્થું પેદાશ દર્શાવેલ છે. જે રાજ્યની કુલ પેદાશમાંથી ઘસારા ખર્ચને બાદ કરવાથી ચોખ્ખી પેદાશ પ્રાપ્ત થાય છે.

(2) વર્ષ 2011-12માં ચાલુ ભાવોએ ચોખ્ખી પેદાશ 532809 કરોડ હતી તે વધી ને વર્ષ 2017-18 માં 1151150 કરોડ થયેલી છે. એટલે કે વર્ષ 2011-12ની તુલનાએ વર્ષ 2017-18 માં કુલ ચોખ્ખી પેદાશમાં 116.1 ટકા વધારો થયેલો જોવા મળે છે.

(3) વર્ષ 2011-12 માં સ્થિર ભાવોએ ચોખ્ખી પેદાશનું મૂલ્ય રૂ.532809 કરોડ હતું તે વધીને વર્ષ 2017-18માં રૂ. 949715 છે. જેમાં વર્ષ 2017-18 માં 78.2 વધારો થયેલો જોવા મળે છે.

(4) રાજ્યની કુલ ચોખ્ખી પેદાશમાં સતત વધારો થતો હોય પરંતુ તે વસતિ વધારા કરતાં ઓછો હોય તો આર્થિક કલ્યાણમાં ઘટાડો થાય છે. તેથી ચોખ્ખી માથાદીઠ

આવક વધે તો જ કલ્યાણ વધ્યું કહેવાય.

## 2.4 માથાદીઠ ચોખ્ખી ઘરગથ્થું પેદાશ (Per Capital Net State Domestic Product)

રાજ્યમાં માથાદીઠ આવક પણ વિકાસનો એક માપદંડ છે. કોઈ એક વર્ષની કુલ આવકને એ વર્ષની વસતિ વડે ભાગતા માથાદીઠ આવક પ્રાપ્ત થાય છે. જો માથાદીઠ આવકમાં વધારો થાય તો વસ્તુ અને સેવાની વપરાશ વધે અને તે કલ્યાણ વધ્યું કહેવાય. આ દૃષ્ટિએ માથાદીઠ આવક વિકાસનો એક મહત્ત્વનોમાપદંડ ગણાય છે.

રાજ્યમાં માથાદીઠ આવકનો વૃદ્ધિદર કેટલો રહ્યો છે તે પણ ખૂબ જ મહત્ત્વનું છે. જો રાજ્યની આવક વધે પરંતુ વસતિ તેનાથી પણ વધારે વધે તો માથાદીઠ આવક ઘટે.તેથી રાજ્યની કુલ આવક વસતિવૃદ્ધિદર કરતા વધારે વધે તો જ માથાદીઠ આવક વધે એ સ્પષ્ટ છે. ગુજરાતની માથાદીઠ આવકનાં વલણો નીચે મુજબ છે.

ટેબલ નં.3

માથાદીઠ ચોખ્ખી ઘરગથ્થું પેદાશ

| વર્ષ | ચાલુભાવોએ ચોખ્ખી ઘરગથ્થું પેદાશ | વર્ષ 2011-12 સરખામણીએ વૃદ્ધિદર | સ્થિર ભાવોએ ચોખ્ખી ઘરગથ્થું પેદાશ (2011-12) | વર્ષ 2011-12 સરખામણીએ વૃદ્ધિદર |
|---|---|---|---|---|
| 2011-12 | 87481 | - | 87481 | - |
| 2012-13 | 102826 | 17.5 | 96683 | 10.5 |
| 2013-14 | 113139 | 29.3 | 102589 | 17.5 |
| 2014-15 | 127017 | 45.2 | 111370 | 27.3 |
| 2015-16 | 139254 | 59.2 | 120683 | 38.0 |
| 2016-17 | 155149 | 77.4 | 131281 | 50.1 |
| 2017-18 | 174652 | 99.6 | 144090 | 64.7 |

સ્રોત :- Statistical Abstract of Gujarat-2019

$$\text{માથાદીઠ આવક} = \frac{\text{રાજ્યની કુલ આવક}}{\text{રાજ્યની કુલ વસ્તી}}$$

તારણો :-

(1) જેટલા દરે વસતિ વધે તેના કરતા વધારે દરે રાજ્યની આવકમાં વધારો થાય તો જ માથાદીઠ આવકમાં વધારો થાય છે.

(2) ટેબલ નં.3 માં રાજ્યની માથાદીઠ આવક ચાલુ ભાવોએ અને સ્થિર ભાવોએ દર્શાવવામાં આવી છે.

(3) વર્ષ 2011-12માં ચાલુ ભાવોએ માથાદીઠ આવક 87481 તે વધીને વર્ષ 2017-18માં 1,74,652 થઇ છે. એટલે કે વર્ષ 2011-12ની સરખામણીએ વર્ષ 2017-18ની માથાદીઠ આવકમાં 99.6 ટકાનો વધારો થયેલો જોવા મળે છે.

(4) વર્ષ 2011-12 માં સ્થિર ભાવોએ માથાદીઠ આવક 87481 હતી. તે વર્ષ 2017-18 માં વધીને 1,44,090 થઈ છે. એટલે સ્થિર ભાવોએ પણ વર્ષ 2011-12 ની સરખામણીએ 2017-18 માં માથાદીઠ આવકમાં 64.7 ટકાનો વધારો થયેલો જોવા મળે છે.

(5) વર્ષ 2011-12 સરખામણીએ વર્ષ 2017-18 માં ચાલુ ભાવોની સરખામણીએ સ્થિર ભાવોએ માથાદીઠ આવકમાં થયેલો વધારો ઓછો છે. જે ભાવવૃદ્ધિ દર્શાવે છે.

(6) માથાદીઠ આવકમાં વધારો થતાં લોકોની વપરાશ વધે છેઅને કલ્યાણમાં વધારો થાય છે પરંતુ આવકની વહેંચણીમાં મોટી અસામનતા હોય તો કલ્યાણ વધવાનાં બદલે ઘટે પણ ખરું જેથી માથાદીઠ આવક લોકોના કલ્યાણનું સાચું ચિત્ર દર્શાવી શકતું નથી.

## 2.5 રાજ્યનું ચોખ્ખું ઘરગથ્થું ઉત્પાદન (ક્ષેત્રવાર ફાળો)

ગુજરાત રાજ્યના ચોખ્ખા ઘરગથ્થું પેદાશમાં વિવિધક્ષેત્રોનો કેટલો ફાળો રહ્યો છે તેની વિગતો નીચેનાં ટેબલમાં આપવામાં આવી છે. રાજ્યનો વિકાસ તેના વિવિધ ક્ષેત્રના વિકાસ પર આધાર રાખે છે. ખેતી ઉદ્યોગ અને સેવાના ક્ષેત્રે વિકાસની નીતિ કેવી રહી છે તે જોઈએ તો ખબર પડે છે કે કયું ક્ષેત્ર રાજ્યના વિકાસમાં કેટલો ફાળો આપે છે.

ટેબલ નં. 4

ક્ષેત્રદીઠ ઉત્પાદનમાં ફાળો

| વિભાગ | ચાલુ ભાવોએ | | | | સ્થિર ભાવોએ (2011-12) | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 2011-12 | | 2017-19 | | 2011-12 | | 2017-18 | |
| પ્રાથમિકક્ષેત્ર | 118950 | 25.37 | 220767 | 22.0 | 118950 | 25.37 | 170903 | 20.90 |
| દ્વિતીયક્ષેત્ર | 168931 | 36.00 | 410731 | 40.93 | 168931 | 36.00 | 341698 | 41.78 |
| તૃતીયક્ષેત્ર | 181244 | 38.63 | 372085 | 37.07 | 181244 | 38.63 | 305211 | 37.32 |
| કુલ | 469124 | 100 (ટકા) | 1003583 | 100 (ટકા) | 469124 | 100 (ટકા) | 817813 | 100 (ટકા) |

સ્રોત :- Statistical Abstract of Gujarat-2019

તારણો :-

(1) રાજ્યના પ્રાથમિકક્ષેત્રમાં ખેતી અને સંબંધિત ક્ષેત્ર વન્યપેદાશ, માછીમારી અને પશુપાલન વગેરેનો સામાવેશ થાય છે. વર્ષ 2011-12તુલનાએ વર્ષ 2017-18 માં પ્રાથમિકક્ષેત્રનીકુલ આવકમાં વધારો થયેલો જોવા મળે છે.

(2) રાજ્યના કુલ ઉત્પાદનમાં પ્રાથમિકક્ષેત્રનો ફાળો વર્ષ 2011-12માં ચાલુ ભાવોએ25.37 ટકા હતો તે ઘટીને વર્ષ 2017-18 માં 22 ટકા થયેલો જોવા મળે છે જયારે સ્થિર ભાવો તે ઘટીને 20.90 ટકા થયેલો જોવા મળે છે.

(3) રાજ્યનું પ્રાથમિકક્ષેત્ર સૌથી વધારે રોજગારી પૂરી પાડે છે. પણ આવકમાં સૌથી ઓછો હિસ્સો છે.

(4) દ્વિતિય ક્ષેત્રમાં ઉદ્યોગ, ખાણકામ અને ઉત્ખનન, ઉત્પાદન, વીજળી, ગેસને પાણી પુરવઠો અને બાંધકામ વગેરેનો સમાવેશ થાય છે.

(5) રાજ્યનાં કુલ ઉત્પાદનમાં સૌથી વધારે હિસ્સો દ્વિતિયક્ષેત્રનો છે. જે કુલ ઉત્પાદનમાં 40 ટકા જેટલો હિસ્સો છે.

(6) તૃતીયક્ષેત્રમાં વિવિધ સેવાઓ જેવી કે વ્યાપાર પરિવહન અને સંચાર, નાણાં, વીમો, સ્થાવર મિલકત, સામુદાયિક, સામાજિક અને વ્યક્તિગત સેવાનો સમાવેશ થાય છે.

(7) રાજ્યના કુલ ઉત્પાદનમાં તૃતીયક્ષેત્રને ફાળો ૩૮ ટકાની આસપાસ જોવા મળે છે.

## 2.6 આર્થિક વિકાસના માપદંડોઃ-

વિકાસને આર્થિક વૃદ્ધિ અથવા આર્થિક પ્રગતિ કરતાં જુદી રીતે વિચારવામાં આવે છે. વિકાસમાં આર્થિક વૃદ્ધિ અથવા આર્થિક પ્રગતિનો સમાવેશ થઇ જાય છે. પરંતુ આર્થિક વિકાસ એ એના કરતાં પણ કંઈ વિશેષ છે. એટલે માત્ર ઉત્પાદનનો વધારોકે આવકનો વધારોએ વિકાસ નથી. દા.ત. કોઈ એક વ્યક્તિ પાસે રૂ. 200 કરોડ હોય અને તેની પાસે રૂ.20 કરોડ આવક વધે તો એ વિકાસ છે એવું કોઈ ભાગ્ય જ કહેશે. સાચો અર્થ એ છે કે વિકાસને માત્ર આવક ઉત્પાદન, વપરાશ, જીવનધોરણ વગેરે સાથે સંબંધ નથી. કોઈ એક પ્રદેશનું અર્થતંત્ર વિસ્તરે તો તેને વૃદ્ધિ કહેવાય છે. કારણ કે વિસ્તરણ એટલે ઉત્પાદનમાં વધારો પણ તેથી કઈ અર્થતંત્રનું માળખું બદલાતું નથી. વિકાસનો અર્થ અર્થતંત્રનું માળખાગત પરિવર્તન છે. અને તેમાં સામાજિક વ્યવસ્થાઓ અને રાજકીય વ્યવસ્થાઓ પણ બદલાય છે. એટલે કે વિકાસને સમગ્ર સામાજિક જીવનની ગુણવત્તા સાથે સાંકળવામાં આવે છે. એટલે કે-આર્થિક વૃદ્ધિ પરિવર્તન = વિકાસ એમ પણ કહેવાય.

આ મુજબ આર્થિક વિકાસ એટલે જરૂરિયાતો, વસ્તુઓ, ઉત્પાદન, જ્ઞાન, સંસ્થાઓ, ઉત્પાદકતા વગેરેમાં ગુણાત્મક ફેરફારો વિકાસમાં માત્ર આવકના જથ્થાને ધ્યાનમાં લેવાતી નથી. પરંતુ વ્યક્તિ કે સમાજનો જીવનની ગુણવત્તામાં કેવા ફેરફાર થાય તે મહત્ત્વનું બને છે. આ દષ્ટિએ વૃદ્ધિ કેટલી થઇ તેની સાથે સાથે વૃદ્ધિ કેવી રીતે થઇ, કોણે કરી, કોને તેનો લાભ થયો વગેરે બાબતોને વિકાસમાં તપાસવામાં આવે છે.

### 2.6.1 જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક (Physical Quality of Life Index):-

અમેરિકાના પ્રાધ્યાપક મોરિસ ડેવિસ દ્વારા આ ખ્યાલ વિકસાવવામાં આવ્યો. આર્થિક વિકાસમાં મુખ્યત્વે આર્થિક વૃદ્ધિએટલે કે ઉત્પાદન અને આવકનો વધારો ધ્યાનમાં લેવામાં આવે છે. તેમ કોઈ પણ એક દેશના અર્થતંત્રમાં કોઈ એક વર્ષના ગાળા દરમ્યાન કુલ ઘરેલું ઉત્પાદન એટલે GDP માં કેટલો વધારો થયો. તેને ધ્યાનમાં લેવામાં આવે છે. પરંતુ મનુષ્ય જીવનની ગુણવત્તાને તેમાં ધ્યાનમાં લેવામાં આવતી નથી. મોરિસે1979માં મનુષ્યની અથવા કોઇપણ એક દેશની સુખાકારી અથવા જીવનની ગુણવત્તાને માપવાનો પ્રયત્ન કર્યો અને તેમાં ત્રણ બાબતોને ધ્યાનમાં લેવામાં આવી. (1)સાક્ષરતાનો દર (2)બાળ મૃત્યુદર (3)આયુષ્ય જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક એ આ રીતે માનવવિકાસ આંકનાં જેપાયામાં રહેલો ખ્યાલ ઊભો થયો તેના પાયામાં રહેલો ખ્યાલ છે. આ ત્રણ બાબતોને આધારે કોઈપણ દેશનો આંક 0 થી 100ના માપમાં માપવામાં આવે છે. આ આંક કોઈ એક દેશમાં આવક કેટલી વધી તેને બદલે તે દેશમાં લોકોના જીવનની ગુણવત્તા કેટલી સુધરી તે દર્શાવે છે. જો આંક વધારે તો જીવનની ગુણવત્તા સારી તેમ કહેવાય

PQLIમાં થતો સુધારો એમ દર્શાવે છે કે ઉત્પાદન અને આવકમાં થતા વધારા

કરતા જીવનની ગુણવત્તામાં થતા સુધારા વધારે ઝડપી છે. ગરીબ દેશોમાં વૃદ્ધિ દર બહુ ઊંચો ન રહ્યો હોત તો પણ PQLIમાં સુધારો થતોજોવા મળે છે. તેનો અર્થ એવો છે કે ગરીબ દેશોએ વિકાસને વહેચવા ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે તેથી એમ કહેવામાં આવે છે કે, વિશ્વ બેંક અથવા IMF અથવા Asian Development Bank જેવી સંસ્થાઓના ધિરાણથી કે ટેકાથી પરિસ્થિતિ સુધરી નથી પણ ગરીબ દેશોએ પોતે પોતાની રાજકીય વ્યવસ્થા સુધારીને તથા સરેરાશ આયુષ્ય વધ્યું, સાક્ષરતાનો દર વધ્યો અને બાળ મૃત્યુદર ઘટ્યો છે. દુનિયાના ગરીબો તેમના જીવન દરમિયાન તેમના જીવનની ગુણવત્તા સુધારવા માટે પ્રયત્ન કરે તેવી તક તેમને આપવામાં ગરીબ દેશો સફળ થાય છે. તેમ કહેવાય આ દૃષ્ટિએ PQLI એક એવું માપ રજૂ કરે છે કે જે જીવનની ગુણવત્તા કેટલી સુધરી તે દર્શાવે છે.

### 2.6.2 સ્ત્રી – પુરુષ અસમાનતા આંક :-

સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે અસમાનતા માનવ વિકાસ આડેનો એક મહત્ત્વનો અવરોધ બની રહ્યો છે. 1990 પછી છોકરીઓ અને મહિલાઓએ ખાસ્સી પ્રગતિ કરી છે. પરંતું હજુ પણ તેઓ વિકાસની બાબતમાં પુરુષોની સમાન થઇ નથી. 1995થી માનવ વિકાસ અહેવાલોએ મહિલાઓની સ્થિતિનું માપ કાઢવા માટે મહિલા વિકાસ આંક અને મહિલા સશક્તિકરણ માપ એમ બે આંક વિકસાવ્યા હતા. 2010ના માનવ વિકાસ અહેવાલથી સ્ત્રી-પુરુષ અસમાનતા આંક ગણવાની શરૂઆત થઇ છે. આ ત્રણેયમાં જે આઠ નિર્દેશકો ધ્યાનમાં લેવાયા છે,તેમાં મુખ્યત્વે નીચેના પાસાંનો સમાવેશ થાય છે.

(1) પ્રજનનલક્ષી આરોગ્ય

(2) સશક્તિકરણ

(3) શ્રમ બજાર

અહિ રાજકીય અને આર્થિક બને બાબતોમાં મહિલાઓનું સશક્તિકરણ કેટલું થયું છે તે ધ્યાનમાં લેવામાં આવે છે.આ આંક એકંદરે એમ દર્શાવે છેકે સમાજમાં મહિલાઓની સ્થિતિ કેવી છે. આર્થિક વિકાસ જો થાય તો તમને તેનો લાભ મળે છે કે નહિ. જો કે 2010ના માનવ વિકાસના અહેવાલોમાં નોંધવામાં આવ્યું છે કે, આ ઉપ રાંત પણ નીચેના પાસાં મહિલાઓની સુખાકારી માટે પ્રસ્તુત છે પણ વિશ્વસનીય માહિતી સમયસર નહી મળવાથી એ પાસાંનો સમાવેશ G I I (Gender Inequality Index) ગણતરીમાં કરવામાં આવ્યો નથી.

(1) મહિલાઓ સમયનો ઉપયોગ કેવી રીતે કરે છે.

(2) ઘરેલુ હિંસા

(3) સ્થાનિક સ્તરે સશક્તિકરણ

### 2.6.3 માનવ-વિકાસ આંક (Human Development Index):-

1990થી માનવ વિકાસઆંકની ગણતરી સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા કરવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ દર વર્ષે માનવ વિકાસ અહેવાલ બહાર પડે છે. સૌ પ્રથમ 1991માં માનવ વિકાસ અહેવાલમાં વિકાસને ધ્યાનમાં લેવામાં આવ્યો હતો.

(1) જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય

(2) શિક્ષણ

(3) જીવન ધોરણ-માપદીઠ આવક :

2010 પહેલા માનવ વિકાસ આંકની ગણતરી માટે અલગ પદ્ધતિઓ ઉપયોગ કરવામાં આવ્યો હતી. 2010 પછી અલગ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. માનવ વિકાસ સૂચકઆંકની ગણતરી.

$$\text{સૂત્ર :- માનવ વિકાસ સૂચકઆંક} = \frac{\text{ખરેખરનું મૂલ્ય } (\times) - \text{ લઘુતમ મૂલ્ય } (L)}{\text{ગુરુત્તમ મૂલ્ય } (M) - \text{ લઘુતમ મૂલ્ય } (L)}$$

સૌથી પહેલું પગથિયું પ્રત્યેક માપદંડ માટે સૂચકઆંક નક્કી કરવાનું છે. નિર્દેશકોનો 'શૂન્ય' થી 'એક' ની વચ્ચે સૂચક – આંકના રૂપમાં વ્યક્ત કરવા માટે સૌ પ્રથમ ન્યૂનતમ તથા મહત્તમ મૂલ્ય નક્કી કરવામાં આવે છે. માનવ વિકાસ અહેવાલ 2013 માં 1980 થી 2012ની સમય શ્રેણીમાં ઉચ્ચ મેળવેલ સ્તરને મહત્તમ મૂલ્ય નક્કી કરવામાં આવ્યું છે. ન્યૂનતમ મૂલ્યને ઉપરના ન્યૂનતમ સ્તર દ્વારા નક્કી કરવામાં આવ્યાં છે. ન્યૂનતમ અપેક્ષિત આયુષ્ય 20 વર્ષ લેવામાં આવ્યું છે. શિક્ષણ સાથે સાથે સંબધિત બંને માપદંડ માટે ન્યૂનતમ મૂલ્ય શૂન્ય લેવામાં આવ્યું છે. કેમ કે સમાજમાં કોઈ પણ વ્યક્તિ શિક્ષણ વિના જીવન ગુજારી શકે છે. ન્યૂનતમ પ્રતિ વ્યક્તિદીઠ આવક 100 ડોલરમાં લેવામાં આવી છે. આ રીતે માનવ વિકાસ અંકનું 2013માં જુદા જુદા નિર્દેશકો માટે ન્યૂનતમ અને મહત્તમ મૂલ્ય 40,000 ડોલર લેવામાં આવ્યું છે.

માનવ વિકાસ આંકની ગણતરી કરવાની જૂની પદ્ધતિ

| ક્રમ | પરિમાણ | | ન્યૂનતમ | મહત્તમ મૂલ્ય |
|---|---|---|---|---|
| 1 | જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય સૂચકઆંક | = | 25 | 85 |
| 2 | પ્રૌઢ સાક્ષરતા સૂચકઆંક | = | 00 | 100 |
| 3 | જીવન-ધોરણ-માથાદીઠ સૂચકઆંક | = | 100 ડોલર | 40,000 ડોલર |
| | માનવ વિકાસ આંકની ગણતરી કરવાની નવી પદ્ધતિ– 2010 | | | |
| 1 | જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય સૂચકઆંક | = | 20 | 85 |
| 2 | સરેરાશ શાળાવર્ષો સૂચકઆંક | = | 00 | 100 |
| 3 | અપેક્ષિત શાળાવર્ષો સૂચકઆંક | = | 00 | 100 |
| 4 | સંયુક્ત શૈક્ષણિક સૂચક આંક | = | 00 | 100 |
| 5 | આવક સૂચકઆંક | = | 100 ડોલર | 40,000 ડોલર |

સ્ત્રોત :- માનવ – વિકાસ અહેવાલ -2013

માનવ વિકાસ આંકનું મૂલ્ય શૂન્ય (0) અને 'એક' (1)તેના આધારે વિશ્વના રાષ્ટ્રોના માનવ વિકાસ કેટલો થાય છે. તે જાણી શક્ય છે. જેમ કે..

* અતિ ઊંચો માનવ વિકાસ (માનવ વિકાસ આંક મૂલ્ય 0.900 કે તેથી વધુ)
* ઊંચો માનવ વિકાસ (માનવ વિકાસ આંક મૂલ્ય 0.800-0.899)
* મધ્યમ માનવ વિકાસ (માનવ વિકાસ આંક મૂલ્ય 0.500-0.799)
* નીચો માનવ વિકાસ (માનવ વિકાસ આંક મૂલ્ય 0.500 થી નીચો)

સંયુક્ત રાષ્ટ્રસંઘે નવી 2010ની પદ્ધતિમાં જન્મ સમયે અપેક્ષિત આયુષ્યને પહેલ માનવ વિકાસ અહેવાલની જેમ જ પરિભાષિત કરવામાં આવ્યો છે. જયારે જ્ઞાન સંબંધી તથા સારા જીવન સ્તર સંબધી માપદંડોમાં પરિવર્તન કરવામાં આવ્યું છે.

આગળના અહેવાલમાં સારા જીવનધોરણના માપદંડોના માપન માટે પ્રતિ કુલ ઘરેલું ઉત્પાદનને લેવામાં આવતું હતું જયારે માનવવિકાસ અહેવાલ 2010માં રાષ્ટ્રીય ઉત્પાદનને લેવામાં આવ્યું છે. કુલ ઘરેલું ઉત્પાદનના સ્થાને રાષ્ટ્રીય ઉત્પાદનને એ માટે જરૂરી સમજવામાં આવ્યું છે કે વૈશ્વિકીકરણનાં જમાનામાં દેશના નાગરિકોની આવક તથા ઘરેલું ઉત્પાદન વચ્ચે મહત્ત્વ પૂર્ણ અંતર હોઈ શકે છે. જ્યાં સુધી જ્ઞાન સંબંધી માપદંડની વાત છે ત્યારે તેમાં સાક્ષરતાની જગ્યાએ હવે શાળાનાં વર્ષો તથા કુલ નોંધણી દરના સ્થાને અપેક્ષિત શાળાનાં વર્ષોને ધ્યાનમાં લેવામાં આવે છે.

- ગુજરાત શિક્ષણ અને માનવ શિક્ષણ

ગુજરાત રાજયની ગણના દેશના એક અગ્રણી આર્થિક રીતે વિકસિત રાજ્ય તરીકે થાય છે. જેમ જેમ આર્થિક વિકાસ થવા પામ્યો તેની સાથે શિક્ષણનું પ્રમાણ પણ ઉત્તરોત્તર વધતું જોવા મળે છે. શિક્ષણ એ માનવીની પાયાની જરૂરિયાત છે. શિક્ષણ વિનો કોઈ પોતાનો વિકાસ કરી શકે નહિ અને તેની પોતાની તાકાત અને કૌશલ્યનો મુક્ત અને યોગ્ય ઉપયોગ કરી શકે નહિ. સામાન્ય રીતે શિક્ષણનું વિસ્તરણ થતા તેની ગુણવત્તાને ઘણાં બધાં માપદંડો દ્વારા માપી શકાય તેમ છતાં સાક્ષરતા અંગેના આંકડા શૈક્ષણિક સ્તરને માપવા માટેનું એક ખૂબ જરૂરી માપદંડ છે. શિક્ષણથી સમાજના અન્ય ક્ષેત્રો જેવાં કે આરોગ્ય, મહિલા વિકાસ, રોજગાર, બાળ વિકાસ શ્રમ વિગેરે પર ગુણાત્મ અસર થાય છે. શિક્ષણ ફક્ત લોકના જીવનની ગુણવત્તા જ સુધરતું નથી તે પ્રગતિની તકો પણ પૂરી પડે છે. દેશમાં સાક્ષરતા દરનું પ્રમાણ શિક્ષણની પરિસ્થિતિ સૂચવે છે. દેશની કુલ વસ્તીમાંથી શિક્ષણ મેળવેલી વસ્તીની ટકાવારી વધે, દેશમાં શિક્ષણનું પ્રમાણ જાણી શકાય છે. ગુજરાતમાં સાક્ષરતાનો દર પુરુષોમાં 85.8 ટકા અને સ્ત્રી સાક્ષરતા દર 69.7 ટકા છે. જયારે કુલ સાક્ષરતા દર 78.0 ટકા છે. ગુજરાતમાં પ્રાથમિક શાળામાં શાળા છોડી જવાનો દર વર્ષ 1990-00 માં 22.30 ટકાથી ઘટીને વર્ષ 2013-14માં 2.0 ટકા થવા પામેલ છે. એજ રીતે ધોરણ 1 થી 7 માં શાળા છોડી જવાનો દર વર્ષ 1999 માં 41.48 ટકા થી ઘટીને વર્ષ 2013-14માં 6.91 ટકા થવા પામેલ છે.

- સ્વાસ્થ્ય અને શિક્ષણ :

ગુજરાત રાજયના અગત્યના આરોગ્યના નિર્દેશકોનો અભ્યાસ કરીએ તો ગુજરાતમાં જન્મ સમયે આયુષ્યની ધારણા 1951-60માં પુરુષમાં 60.8 વર્ષ હતી જયારે સ્ત્રીઓની 39.2 વર્ષ જેટલી હતી. જે 1991-95માં વધીને પુરુષોમાં 60.9 વર્ષ અને સ્ત્રીઓમાં 62.9 વર્ષ જેટલી થઈ. આમ, ત્યારબાદ જન્મ સમયનાઆયુષ્યમાં વધારો થતો ગયો છે. તેમાંય ખાસ ઠરીને સ્ત્રીઓની આયુષ્યની ધારણામાં વધારો થતો ગયો છે. 2006-10માં સ્ત્રીઓમાં 69.0 વર્ષ અને પુરુષોમાં 64.9 વર્ષ જેટલું પ્રમાણ હતું. ઉપરના આંકડાઓ એ સ્પષ્ટ કરે છે કે જન્મ સમયની આયુષ્યની ધારણા વધી છે. પ્રતિ હજાર જીવન જન્મદીઠ એક વર્ષની વય સુધી પહોંચતા પૂર્વે થતાં બાળકોનાં મૃત્યુને બાળ મૃત્યુદર તરીકે ઓળખવામાં આવે છે.ગુજરાતમાં બાળમૃત્યુનું પ્રમાણ 2009માં કુલ 48 હતું જેમાં પુરુષોમાં 47 અને સ્ત્રીઓમાં આ પ્રમાણ 48 જેટલું હતું. જયારે ગ્રામીણ વિસ્તારમાં આ પ્રમાણ 55 અને શહેરમાં 33 હતું. 2013માં આ પ્રમાણ ઘટીને કુલ 36 જેમાં પુરુષમાં 43 અને સ્ત્રીઓમાં 22 જોવા મળે છે.

### 2.6.4 ટકાઉ- વિકાસનો ખ્યાલ

નિરંતર વિકાસ શબ્દ પ્રયોગ 1987માં વિશ્વ પર્યાવરણ અને વિકાસ પંચે સુપરત કરાયેલા અહેવાલથી પ્રચલિત થયો. આ પંચની સ્થાપના 1983માં સંયુક્ત રાષ્ટ્રો (યુનાઈટેડ નેશન્સ – યુએન)ની સામાન્ય સભા દ્વારા કરવામાં આવી હતી. આ પંચના

વડા યુરોપના એક દેશ નોર્વેના વડાપ્રધાન પદે રહી ચૂકેલા શ્રીમતી ગ્રો ફાલેંસ બ્રુન્ટલેન્ડ હતાં. તેથી આ અહેવાલને બ્રુન્ટલેન્ડ પંચના અહેવાલ તરીકે પણ ઓળખવામાં આવે છે.

જો કે, 'નિરંતર ચિકાસ'શબ્દપ્રયોગ સૌ પ્રથમ 'ઇન્ટરનેશનલ' ઇન્સ્ટીટયુટ ફોર 'એન્વાયરમેન્ટ એન્ડ ડેવલોપમેન્ટ'ના અર્થશાસ્ત્રી સુશ્રી બાર્બરા વોર્ડ દ્વારા 1970ના દાયકાના પૂર્વાર્ધમાં કરાયો હતો. ચિરંતન વિકાસને ગુજરાતીમાં ટકાઉ વિકાસ કે સંપોષક વિકાસ તરીકે પણ ઓળખવામાં આવે છે. ટકાઉ વિકાસ કે ચિરંતન વિકાસમાં પૃથ્વીને ટકાવવાનો, પર્યાવરણને બચાવવાનો અને એ રીતે સમગ્ર સજીવસૃષ્ટિને ટકાવવાનો વિચાર સમાયેલો છે. જો વસ્તુઓ અને સેવાઓની અને એ રીતે પર્યાવરણીય સંસાધનોનો બેફામ વપરાશ થાય અને હવા, પાણી અને જમીનમાં પ્રદૂષણ થાય તો ખુદ પૃથ્વીના જ અસ્તિત્વ સામે ખતરોઊભો થાય છે, આમ એમાંસમજાવવામાં આવ્યું છે. જો પૃથ્વી જ ન ટકે તો માણસજાત કેવી રીતે ટકે ? આ રીતે પૃથ્વીને ટકાવવાનો વિચાર પર્યાવરણના વધુ સારા જતન માટેની જરૂરિયાત વિશે લોકોની સભાનતા વધારવામાં અને તેના ઉપર ધ્યાન કેન્દ્રીત કરવામાં ખૂબ જ મજબૂત વિચાર સાબિત થયો છે.

બ્રન્ટલેન્ડ પંચે ચિરંતન વિકાસની વ્યાખ્યા આ મુજબ આપી, "ભવિષ્યની પેઢીઓની તેમની જરૂરિયાતોને પહોચી વાળવાની ક્ષમતા સાથે બાંધછોડ કર્યા વિના વર્તમાન પેઢીની જરૂરિયાતોને પહોંચી વળે તેવી પ્રગતિ." આ વ્યાખ્યાને સ્વીકારતા વિશ્વબેંકે ૧૯૯૨માં તેના શીર્ષક હેઠળના વિશ્વ વિકાસ અહેવાલમાં એમ કહ્યું હતું કે "આ પેઢીમાં ગરીબોની જરૂરિયાતોને પહોંચી વળવું એ ભાવિ પેઢીઓની જરૂરિયાતોને ચિરંતન રીતે પહોંચી વળવાનું અનિવાર્ય છે." એટલે કે વિકાસની નીતિનાં લક્ષ્યાંકો અને પર્યાવરણનાં યોગ્ય રક્ષણ વચ્ચે કોઈ ભેદ નથી એમ આ અહેવાલ કહે છે. એકંદરે કલ્યાણ વધારવા માટે બંને થવા જોઈએ એમ પણ વિશ્વબેંકના અહેવાલમાં કહેવામાં આવ્યું હતું. આમ, ચિરંતન વિકાસને ગરીબોની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા સાથે વિશ્વ બેંકે સાંકળ્યો હતો.

આર્થિક વિકાસ જેમ જેમ થતો ગયો તેમ તેમ પર્યાવરણને વધુને વધુ હાનિ પહોચી. તેથી ઘણીવાર એમ મનાયું કે જો વિકાસ કરવો હશે તો પર્યાવરણને હાનિ પહોચશે એટલે કે આર્થિક વિકાસ અને પર્યાવરણનું જતન બંને સાથે ના થઇ શકે. એમ સમજવામાં આવ્યું. આથી જ ચિરંતન વિકાસનો ખ્યાલ ઉદ્દભવ્યો. આર્થિક વિકાસ એવો હોય કે જેમાં પર્યાવરણને હાનિ ના પહોંચે એ ખ્યાલ ચિરંતન વિકાસની વિભાવનામાં મૂળભૂત બાબત છે.

વિકાસ માટે અપનાવવામાં આવતી કોઈ પણ ટેકનોલોજી પ્રાથમિકતાનું માળખું અને સંસાધનના ઉપયોગનો એવો કોઈક દર ધરાવે છે,કે જે લાંબા સમય માટે ટકી શકતો નથી. ચિરંતન વિકાસ સિદ્ધ કરવા માટે ઉપયોગના આવા બિન-ટકાઉ દર ઉપર ધ્યાન કેન્દ્રીત કરવાનું અગત્યનું છે. ખાસ કરીને નીતિ નિર્ધારકો માટે તે અગત્યનું છે કે જેથી તેઓ ચિરંતનતા તરીકે આગળ વધે. ઘણી વાર તેને માટે પ્રાથમિકતાઓ બદલવી પડે અને ટેકનોલોજી દ્વારા થતાં સંસાધનોનો વપરાશ પણ બદલવો પડે. આ માટે સરકારે સમજીને અને પરિવારો તથા વ્યક્તિઓએ યોગ્ય નિર્ણયો લેવા પડે અને નિશ્ચિત સમયગાળામાં કરે છે. તેથી ચિરંતનતા કોને કહેવાય એ મુશ્કેલ બને છે. આમ આ વ્યાખ્યામાં બે બાબતોનો સમાવેશ થાય છે.

(1) જરૂરિયાતનો ખ્યાલ :- ખાસ દુનિયાના ગરીબ લોકોની આવશ્યક જરૂરિયાતો કે જેને સૌ પ્રથમ પ્રાથમિકતા આપવી જોઈએ.

(2) વર્તમાન જરૂરિયાતો અને ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવાની પર્યાવરણની ક્ષમતા ઉપર ટેકનોલોજી અને સામાજિક સંગઠન જે મર્યાદાઓ લાદે છે તે.

આ રીતે જોતા તેમાંથી નીચેની બાબતો ફલિત થાય છે

(1) આર્થિક અને સામાજિક વિકાસ ચિરંતનતાના સંદર્ભમાં થવો જોઈએ.

(2) એ લક્ષ્યાંકો તમામ વિકસિત અને વિકસતા દેશો માટે નક્કી થવા જોઈએ. એમના અર્થતંત્રોનું સ્વરૂપ પછી ભલેને ગમે તે હોય.

(3) વિકાસમાં અર્થતંત્ર અને સમાજનું ઉત્તરોત્તર રૂપાંતરણ થવું જોઈએ.

(4) વિકાસ માટેની નીતિઓ હોવી જોઈએ કે જેમાં વિવિધ સંસાધનોની પ્રાપ્તિમાં અને ખર્ચ તથા લાભની વહેંચણીમાં પરિવર્તન આવે.

## 2.9 સારાંશ

પ્રસ્તુત એકમના અભ્યાસ બાદ અવશ્ય એવું તારણ કાઢી શકાય કે ગુજરાતની કુલ ઘરગથ્થું પેદાશ ચોખ્ખી ઘરગથ્થું પેદાશ અને માથાદીઠ આવકમાં વધારો થયેલો જોવા મળે છે. એટલે ગુજરાતને વૃદ્ધિના સંદર્ભમાં અવશ્ય વિકસિત રાજ્ય તરીકે ઓળખાવી શકાય. પરંતુ જયારે વિકાસના સંદર્ભમાં વિવિધ માપદંડો જેવાં કે માનવવિકાસ આંક, જીવન ભૌતિક ગુણવત્તા આંક, જાતિ અસમાનતા આંક, અને ટકાઉ વિકાસના સંદર્ભમાં જયારે વિચાર કરવામાં આવે તો ગુજરાતમાં મધ્યમ વિકાસ થાય છે, તેમ કહી શકાય. માનવ વિકાસ આંકમાં પણ તે 11મુસ્થાન ધરાવે છે. તેથી વૃદ્ધિ કરતાં વિકાસ ઝડપી બનાવી શકાય તેવા આયોજનની જરૂરિયાતો જણાય છે.

## 2.10 ચાવીરૂપ શબ્દો

(1) વૃદ્ધિદર :- જૂનાવર્ષ સરખામણીએ નવાવર્ષનો થયેલો ટકાવારી ફેરફાર

$$\text{વૃદ્ધિદર} = \frac{\text{નવુંવર્ષ} - \text{જૂનુંવર્ષ}}{\text{જૂનુવર્ષ}}$$

(2) કુલ ઘરગથ્થું પેદાશ :-રાજ્યની ભૌગોલિક હદમાં એક વર્ષના સમયગાળા દરમ્યાન ઉત્પાદિતચીજવસ્તુઓ અને સેવાનું નાણાકીય મૂલ્ય.

(3) ચોખ્ખી ઘરગથ્થું પેદાશ :- કુલ ઘરગથ્થું પેદાશમાંથી ઘસારા ખર્ચ બાદ કરતાં કુલ ચીજવસ્તુ અને સેવાનું નાણાકીય મૂલ્ય

(4) માથાદીઠ ઉત્પાદન (આવક) :- રાજ્યની કુલ આવકને રાજ્યની વસ્તી વડે ભાગવાથી મળતી આવક.

## 2.11 તમારી પ્રગતિ ચકાસો.

(અ) નીચેના પ્રશ્નોના વિગતે જવાબ આપો.

(1) ગુજરાત રાજ્યની કુલ ઘરગથ્થું આવકનાં વલણો જણાવો.

(2) ગુજરાત રાજ્યની માથાદીઠ આવકનાં વલણો જણાવો.

(3) ગુજરાત રાજ્યનાં વિવિધ ક્ષેત્રવાર આવકનાં વલણો જણાવો.

(4) ગુજરાતના સંદર્ભમાં માનવ-વિકાસ આંકની વિગત જણાવો.

(બ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(1) ગુજરાત રાજ્યની ચોખ્ખી ઘરગથ્થું પેદાશ જણાવો.

(2) માનવવિકાસ આંકના માપદંડો જણાવો.

(3) ટકાઉ વિકાસ એટલે શું સમજાવો.

(4) આર્થિક વિકાસ એટલે શું ? સમજાવો.

(5) જીવન – ભૌગોલિક ગુણવત્તા આંક સમજાવો.

(6) ગુજરાતની કુલ ઘરગથ્થું પેદાશમાં કૃષિક્ષેત્રે ફાળો જણાવો.

(ક) નીચેની ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી પૂરો.

(1) આર્થિક વિકાસ એટલે શું.________________

(A) પરિણાત્મક માપ (B) ગુણાત્મક માપ

(C) રાષ્ટ્રીય આવકમાં વધારો (D) માથાદીઠ આવકમાં વધારો

(2) ગુજરાતની કુલ ચોખ્ખી પેદાશમાં કૃષિક્ષેત્રે ફાળામાં ___________ વલણો જોવા મળે છે.

(A) સતત ઘટાડો (B) સતત વધારો

(C) સ્થિર (D) અસ્થિર

(3) કુલ ઘરગથ્થું પેદાશમાંથી ____________ બાદ કરતા ચોખ્ખી ઘરગથ્થું પેદાશ પ્રાપ્ત થાય છે.

(A) ઘસારા ખર્ચ (B) સબસીડી

(C) કરવેરા (D) આર્થિક દેવું

(4) _____________ કારણોસર સ્થિરભાવ કરતાં ચાલુ ભાવો પેદાશનું મૂલ્ય વધુ જોવા મળે છે.

(A) ભાવ વધારો (B) ભાવ ઘટાડો

(C) ભાવ સ્થિર (D) કિંમત ઘટાડો

(5) વૃદ્ધિદર શોધવા માટે સૂત્ર ___________ છે.

(A) $\frac{\text{જૂનુંવર્ષ} - \text{નવુંવર્ષ}}{\text{જૂનુવર્ષ}} \times 100$ (B) $\frac{\text{નવુંવર્ષ} - \text{જૂનુંવર્ષ}}{\text{જૂનુવર્ષ}} \times 100$

(C) $\frac{\text{નવુંવર્ષ} - \text{જૂનુંવર્ષ}}{\text{નવુંવર્ષ}} \times 100$ (D) $\frac{\text{નવુંવર્ષ} - \text{જૂનુંવર્ષ}}{\text{જુનુવર્ષ}} \times 100$

(6) સ્ત્રી – પુરૂષ અસમનતા આંકમાં --------- માપદંડોનો સમાવેશ થતો નથી.

(A) માથાદીઠ આવક (B) પ્રજનનલક્ષી આરોગ્ય

(C) અશક્તિકરણ (D) શ્રમ બજાર

(7) જીવન ભૌતિક ગુણવત્તા આંકમાં --------- માપદંડોનો સમાવેશ થાય છે.

(A) સાક્ષરતાનો દર (B) બાળ મૃત્યુ દર

(C) આયુષ્ય (D) ઉપરોકત બધાં જ

(8) માથાદીઠ આવકમાં સ્થિર કિંમતોની સરખામણીએ માત્ર ચાલું કિંમતે થતો વધારો ------દર્શાવે છે.

(A) બેરોજગારી (B) ભાવ વધારો

(C) ભાવ સંકુચન (D) અતિ રોજગારો

(9) ગુજરાત રાજયમાં 2011 અનુસાર --------- ક્ષેત્ર સૌથી વધારે રોજગારી પૂરી પાડે છે.

(A) પ્રાથમિક ક્ષેત્ર (B) દ્વિતિય ક્ષેત્ર

(C) તૃતિય ક્ષેત્ર (D) ઉદ્યોગ ક્ષેત્ર

(10) ભવિષ્યની પેઢીની જરૂરિયાતને પહોંચી વળવાની ક્ષમતા સાથે બાંધ છોડ કર્યા વિના વર્તમાન પેઢીની જરૂરિયાતોને પહોંચી વળે તેવી પ્રગતિ --------- કહે છે.

(A) આર્થિક વિકાસ (B) ભૌતિક વિકાસ

(C) ટકાઉ વિકાસ (D) માનવ વિકાસ

જવાબો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | B | (2) | A | (3) | A | (4) | A | (5) | B |
| (6) | A | (7) | D | (8) | B | (9) | D | (10) | C |

(ડ) નીચેના વિધાનો ખરા છે કે ખોટા જણાવો.

(1) માનવ વિકાસ આંકનું મૂલ્ય એકથી વધારે હોય છે.

(2) PQLI આંકમાં થતો વધારો એ જીવન ધોરણની સારી ગુણવત્તા દર્શાવે છે.

(3) માનવ વિકાસ આંક નવી પદ્ધતિમાં અપેક્ષિત આયુષ્ય માપદંડમાં ન્યૂનત્તમ મૂલ્ય 25 વર્ષ ગણવામાં આવે છે.

(4) ગુજરાતમાં વર્તમાન સમયમાં પુરોષોની સરખામણીએ સ્ત્રીઓમાં અપેક્ષિત આયુષ્ય વધારે જોવા મળે છે.

(5) ગુજરાતમાં 2011ની વસ્તી ગણતરી મુજબ શહેરી વિસ્તારની સાપેક્ષમાં ગ્રામીણ વિસ્તારમાં બાળ મૃત્યુ દર વધારે જોવા મળે છે.

જવાબો.

(1) ખોટું (2) ખરું (3) ખોટું (4) ખરું (5) ખરું

★ ઉપયોગી પુસ્તકોની યાદી

(1) ભારતીય અર્થતંત્ર, હેમંતકુમાર શાહ આત્યમ શાહ વેદ- વ્યાસ વિદ્યાપીઠ, ગાંધીનગર

(2) Statistical Abstract of Gujarat -2019, Gandhinagar.

# એકમ 3 ગુજરાત પ્રદેશનો પરિચય-I

## રૂપરેખા


3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 ગુજરાતનો ભૌગોલિક પ્રદેશ

3.3 ગુજરાતના પર્યાવરણીય પાસાંઓ

3.4 ગુજરાતમાં પ્રદૂષણની સ્થિતિ

3.5 સારાંશ

3.6 ચાવીરૂપ શબ્દો

3.7 તમારી પ્રગતિ ચકાસો

3.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો / વેબસાઈટ


## 3.0 ઉદ્દેશો

- વિદ્યાર્થી ગુજરાતની ભૂગોળથી પરિચિત થાય
- વિદ્યાર્થી કુદરતી પર્યાવરણીય પાસાંઓથી પરિચિત થાય.
- વિદ્યાર્થી ગુજરાતમાં પ્રદૂષણ માટે ક્યાં ક્યાં માધ્યમો છે, તેનાથી પરિચિત થાય.

## 3.1 પ્રસ્તાવના

વિશ્વમાં ભારત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. અરબ મહાસાગર, હિન્દ મહાસાગર, બંગાળની ખાડી તથા ઉત્તરે હિમાલયની પર્વતમાળાથી સુરક્ષિત આ દેશનું કુલ ક્ષેત્રફળ 32,87,780, ચો.કી.મી. છે. જે પોતાની આગવી વિશિષ્ટતા ધરાવતા 28 રાજયોઓમાં વહેચાયેલો છે. જેમની સંસ્કૃતિ વિશ્વમાં જાણીતી છે. આવા ભારતના પશ્ચિમ કાંઠે 1,96,000 ચોક્કસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવતું ગુજરાત રાજ્ય આવેલું છે. "ગરવી ગુજરાત" નામ સાંભળતાં જ ગુજરાતી ભાષા, ગુજરાતી પ્રજા અને તેની સંસ્કૃતિની ઉજ્જવલ પરંપરાનું ભાન થાય છે. ગુજરાતનાં મૂળ અને કુળની પરંપરા ઘણી સમુદ્ર છે. આમ ગુજરાત નામ "ગુર્જર રાષ્ટ્ર" પરથી પડયું હોઈ શકે. તેનો અર્થ ગૂર્જર લોકોનો દેશએમ થાય. ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં ગુજરાત ભારતના નકશામાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ભારતનાં સાગર કિનારાનો ત્રીજો ભાગ ગુજરાત ધરાવે છે. ગુજરાતનો 1600 કી.મી. લાંબો દરિયાકિનારો તેની સમુદ્ધિ તેમજ સાહસનું ઉદગામ સ્થાન બન્યો જ તે સાથે વિદેશી પ્રજાને આકર્ષવાનું નિમિત પણ બની રહ્યો છે. ગુજરાત 20-1 અને 24-7 ઉત્તર અક્ષાંશ અને 68-4 અને 740-4 પૂર્વ રેખાંશ વચ્ચે આવેલ છે. 196 હાજર ચોરસ કિલોમીટર ધરાવતું. આ રાજ્ય વિસ્તારની દૃષ્ટિએભારતમાં

10માં ક્રમે આવે છે. ભારતના કુલ વિસ્તાર પૈકી ગુજરાત 5.98% વિસ્તાર ધરાવે છે. ગુજરાતની વસ્તી ઉત્તરોત્તર વધતી જોવા મળે છે. “1901 માં ગુજરાતની વસ્તી માત્ર 91 લાખની હતી. તે ઉત્તરોત્તર વધતાં 2011 નાં વસ્તી ગણતરીના આંકડા મુજબ 6,03,83,628 લાખની થવા જાય છે.”

## 3.2 ગુજરાતનો ભૌગોલિક પ્રદેશ

### 3.2.1 ગુજરાતની ભૂ-રચના

ગુજરાતની ભૂ-રચનાના ત્રણ કુદરતી વિભાગો છે. તળ ગુજરાતનું મેદાન, સૌરાષ્ટ્ર અને કચ્છનો દ્વિપકલ્પ અને ઈશાનનો પહાડી પ્રદેશ. તળગુજરાત ભૂસ્ખલનથી નીચે બેસી જતાં અને  કાંપ પુરાંતથી હશે એમ મનાય છે. ગુજરાતનો 50%થી વધુ વિસ્તાર આવાં મેદાનોનો બનેલો છે. સૌરાષ્ટ્ર અને કચ્છનાં વિકલ્પમાં ડુંગરોની હારમાળા આવેલી છે. કચ્છનો પશ્ચિમ અને ઉત્તરભાગ દક્ષિણ અને પૂર્વ ભાગ કરતાં વધારે સૂકો છે. ગુજરાતમાં ઈશાન ખૂણાથી અગ્નિખૂણા સુધીનો ઈશાનનો પહાડી પ્રદેશ ભારતની પ્રાચીન ગિરિમાળા અરવલ્લી તથા વિંધ્ય સાતપુડાની ગિરિમાળા અને પશ્ચિમ ઘાટની શાખારૂપ ડુંગરમાળાનો બનેલો ૧છે.

### 3.2.2 આબોહવા

ગુજરાતની મધ્યમાંથી કર્કવૃત્ત પસાર થતું હોવાથી મોટાભાગનો વિસ્તાર ઉષ્ણકટિબંધમાં આવેલો છે. તેથી ગુજરાતમાં દરિયાકિનારે આવેલાં સ્થળોને બાદ કરતાં મોટાભાગનાં પ્રદેશની આબોહવા ગરમ છે. ગુજરાતમાં જૂનનાં બીજા અઠવાડિયાથી સપ્ટેમ્બરનાં બીજા અઠવાડીયા દરમિયાન 59% વરસાદ થાય છે. ગુજરાતમાં કુલ 63% વિસ્તાર વરસાદની તંગીનો તથા એકાદ વખતે દુષ્કાળનો સામનો કરે છે. ગુજરાતમાં વરસાદી દિવસોની સરેરાશ સંખ્યા 42 અને સૌરાષ્ટ્ર – કચ્છમાં 23 દિવસ છે.

### 3.2.3 જંગલ

ભૌગોલિકસ્થાનને ધ્યાનમાં લેતા ગુજરાતમાં જંગલો વૈવિધ્યવાળાં છે. ભારતમાં કુલ જમીનમાં આશરે 22% વિસ્તાર જંગલો છે. ગુજરાતમાં આ પ્રમાણ 10% જ છે. રાજયનો કુલ વનવિસ્તાર 18,839 હેકટરમાં છે. ગુજરાતમાં વનસપત્તિની દષ્ટિએ એક ઉત્તર સૌરાષ્ટ્ર અને કચ્છની સિંધુખીણમાં આવેલો કાંટાળા વૃક્ષોવાળો વિસ્તાર, બીજો દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રનો માલબારને મળતો આવતો વિભાગ છે. ગુજરાતમાં 80% જંગલો, સુરત, વલસાડ, ડાંગ, ભરૂચ, નર્મદા, પંચમહાલ, દાહોદ અને વડોદરા જિલ્લામાં આવેલાં છે. બાકીનો વિસ્તાર ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં આવેલો છે.

### 3.2.4 નદી

ગુજરાતની નદીઓ વિશેષ પાણીના ભંડાર વાળી નથી અને અમુક નદીઓને બાદ કરતાં બારેમાસ વહેતી પણ નથી. મોટી નદીઓ ગુજરાત બહારનાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી નીકળી ગુજરાતમાં પશ્ચિમ કે દક્ષિણ બાજુએ વહી અને સમુદ્રને મળે છે. મહત્ત્વની તથા મોટી નદીઓમાં નર્મદા, તાપી, મહી, સાબરમતી, સરસ્વતી,

બનાસ, ભાદર, અને શેત્રુંજીનો સમાવેશ થાય છે. ગુજરાતની નાની-મોટી કેટલીક નદીઓ કચ્છના રણમાં સમાઈ જાય છે.

### 3.2.5 ડુંગર

ગુજરાતની ઉત્તર અને પૂર્વ સરહદે ડુંગરોની હારમાળા આવેલી છે. અરવલ્લી, વિંધ્ય, સાતપુડા અને પશ્ચિમઘાટ જેવી ગુજરાત બહારની ગિરિમાળાનાં છેડારૂપ આ પર્વતો છે. ગુજરાતનો સૌથી ઊંચો પર્વત ગિરનાર અને બરડાની ગિરિમાળ સૌરાષ્ટ્રમાં આવેલ છે. આ ઉપરાંત અન્ય નાના મોટા ડુંગરો પણ આવેલ છે. કચ્છમાં ઉત્તર, મધ્ય અને દક્ષિણધાર એમ ત્રણ હારમાળાઓ છે. ઉત્તર ધારનો કાળો ડુંગર સૌથી ઊંચો છે. તેમજ ઉમિયા, જુરા, વરાર વૃક્ષો વગરનાં ડુંગરો આવેલાં છે.

### 3.2.6 ખનિજ

ભૂ-રચનાની દૃષ્ટિએ ગુજરાતનાં મેદાનો હિમાલયની તળેટીના મેદાની પ્રદેશનાં અંગ જેવા કે તેના સમકાલીન છે. ધરતીકંપનાં લીધે ગુજરાતની ભૂમિ સપાટી ખૂબ ધીમી પ્રક્રિયાથી ઊંચીનીચી થતી રહે છે. આ રાજ્યમાં ભૂમિ પેટાળમાં અકીક, ભૂતડો, બેન્ટોસાઈટ, કેલસાઈટ, ચીનાઈમાટી, વાય, લિલિકા, સ્ટીરાઈટ, ચોક, રેતી લિગ્નાઈટ, મોલ્ડિંગ, બોલકલ, સેન્ડ અને રેતીયા પથ્થરો ખનિજરૂપે મળે છે. તેમજ તાંબુ, જસત અને સીસું ધરાવતી મિશ્રધાતુ મળી આવે છે. તેમજ રાજ્યમાં ગરમ પાણીનાં ઝરા આવેલાં છે.

### 3.2.7 ખેતી

રાજ્યની લગભગ 48% વસ્તીનું ગુજરાન ખેતી પર આધારિત છે. દક્ષિણ ગુજરાતનાં વિસ્તારને બાદ કરતાં બાકીનાં સમગ્ર વિસ્તારની જમીન ફળદ્રુપ ગણી શકાય નહીં. ખેતી હેઠળની લગભગ 30% જમીનને સિંચાઈની સગવડ મળે છે. એટલે મોટાભાગની વિસ્તારની ખેતી વરસાદ પર આધારિત છે. ગુજરાતની લગભગ 12 લાખ હેક્ટર જમીન ક્ષારયુક્ત છે. આવી જમીનમાં ખેતીનો પ્રશ્ન ઘણો વિકટ છે. ગુજરાતનાં પશ્ચિમ કિનારાની જમીન દરિયાના પાણીનાં ઘસારાથી ખારી થઇ છે. ઉત્તર ગુજરાતની રણપ્રદેશ નજીકની તથા કચ્છની જમીન ઓછા વરસાદને કારણે ક્ષારયુક્ત થઇ છે. ખેડા અને અમદાવાદ જિલ્લાની કેટલીક જમીન ભૂતળના પાણીની સપાટી ઊંચી આવવાથી ક્ષારવાળી બની છે. ઘેડની જમીન નીચાણવાળી હોવાથી પાણીનાં જમાવને કારણે ખારી થઇ છે. આવી વિકટ પરિસ્થિતિ હોવા છતાં પણ ગુજરાતનાં સારાં ઉત્પાદન આપતા પાકોમાં બાજરી, જુવાર, ઘઉં, મકાઈ, ડાંગર અને કઠોળનાં ધાન્ય પાકો તથા મગફળી, અને કપાસનાં ઉત્પાદનમાં ગુજરાત દેશભરમાં મોખરે છે. (આ ઉપરાંત અન્ય થાય છે. જેમાં કુવા, પાતાળકુવા, તળાવ, બંધ અને નહેરો જોવા મળે છે.) આ રાજ્યમાં નાની સિંચાઈ દ્વારા વધુ પ્રમાણમાં સિંચાઇ થાય છે. નહેરો દ્વારા સિંચાઈનો બહુ વિકાસ થતો નથી. નર્મદા યોજનાથી ગુજરાતનો બહુ મોટો વિસ્તાર સિંચાઈનો લાભ મેળવે છે.

### 3.2.8 બંદરો

ગુજરાતનાં 1600 કિ.મી. લાંબા દરિયાકિનારા ઉપર નાનાં મોટાં બંદરો આવેલાં છે. જેમાં સુરત, ભૃગુકચ્છ, પ્રાચીન સમયના શ્રેષ્ઠ બંદરો હતાં. અંગ્રેજોએ આ બંદરે

જ સૌ પ્રથમ આગમન કર્યું હતું અને પારસીઓ પણ અહી આવી ગુજરાતી પ્રજામાં ભળી ગયા હતા. અરબી સમુદ્ર ઉપર આજે કંડલાનું મોટું કુદરતી બંદર તથા માંડવી, નવલખી, બેડી, સિક્કા, ચોખા, પોરબંદર, જાફરાબાદ, ભરુચ, સુરત, વેરાવળ અને ભાવનગર એ 11 મધ્યમકક્ષાનાં બંદરો 28 લઘુ બંદરો છે. જે ગુજરાતનાં આર્થિક વિકાસમાં પ્રદાન કરી રહ્યાં છે. તેમજ વહાણ ભાંગવાનો ઉદ્યોગ અલંગ અને સંજાણ ખાતે વિકસ્યો છે. આ માર્ગે ગુજરાતનાં સાહસિક ખેડુએ સૌ પ્રથમ આફ્રિકા જઈ વ્યાપાર અને આજ સુધી વિશ્વમાં ગુજરાતનું વ્યાપાર અર્થે નામ ઊજળું કર્યું છે.

### 3.2.9 ઉદ્યોગ

ગુજરાત પ્રાચીન સમયમાં ભવ્ય હતું અને આજે પણ ભવ્યતા જાળવી રાખી છે. બ્રિટીશરો વખતે અમદાવાદ કાપડ ઉદ્યોગ વિકસાવી અને ભારતમાં માંચેસ્ટર તરીકે ઓળખાણ મેળવી છે. જોકે આજે તેમાં પરિવર્તન આવેલું જોવા મળે છે. તો સુરતનો હીરા ઉદ્યોગ, જરી ઉદ્યોગ, રાજકોટનો ડિઝલ એન્જિન ઉદ્યોગ તેમજ વાપી-અંકલેશ્વર ભરુચની રાષ્ટ્રની મોટી ઔદ્યોગિક વસાહતો તેમજ જામનગર તથા સૌરાષ્ટ્રમાં અનુક્રમે પ્રથમ- દ્વિતીય સ્થાન ઉપર મૂકે છે. આમ, ઔદ્યોગિક વિકાસમાં પણ ગુજરાત મોખરાના સ્થાને છે.

### 3.2.10 સાંસ્કૃતિક વારસો

ગુજરાતનો સાંસ્કૃતિક વારસો પણ ભવ્ય છે. ગુજરાત માત્ર ભૌતિક કે ભૌગોલિક રીતે જ નહી પણ સાંસ્કૃતિક રીતે પણ વિશિષ્ટતા ધરાવે છે. ગુજરાત ઉપર ઇસ્લામ, પોર્ટુગીઝો અને અંગ્રેજોની અસર જોવા મળે છે. પ્રાચીન કાળથી સ્થાપત્ય ધરાવતાં મોઢેરાનું સૂર્યમંદિર, સોમનાથ દ્વારકા તથા રાજાઓનાં મહેલો તેમજ મકબરાઓ તથા અન્ય ધાર્મિક તેમજ ઐતિહાસિક સ્થળ એ ગુજરાતની સમુદ્ર સંસ્કૃતિની સાબિતી પુરવાર કરે છે. અહી પ્રાચીન કાળથી માનવ સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવતી હતી. શ્રી કૃષ્ણની દ્વારિકા નગરી અને અશોકનો શિલાલેખ, મૌર્ય સામ્રાજ્ય સાથે ગુજરાતનાં સંબંધોની કડી જોડતો પુરાવો છે. લોથલે ગુજરાતને સિંધુ ખીણની મોહેન્જોદરોની સાંસ્કૃતિક અને સભ્યતા સંતો અને સમ્રાટો, ત્યાગ અને અહિંસા, વિરતા અને ક્ષમા આવાં અનેક ફળો આપી શક્યું છે. વૈજ્ઞાનિક ક્ષેત્રે ગુજરાતને ડો. હોમીભાભા, વિક્રમ સારાભાઇ વગેરે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા મહાનુભાવો આપ્યા છે.

## 3.3 ગુજરાતના પર્યાવરણીય પાસાંઓ

પર્યાવરણ એટલે કે જૈવિક આવરણમાંથી સજીવસૃષ્ટિના સમુદાયો ફરતે આવેલ અને તેની અસર કરતી પરિસ્થિતિ અને પરિબળોનો સમુદાય. પર્યાવરણ તમામ સજીવોની આસપાસ ફેલાયેલું વિશાળ આવરણ છે. પર્યાવરણમાં ચાર પાસાંઓ રહેલાં છે. જેવા કે વાતાવરણ, જલાવરણ, મુદાવરણ, જૈવ આવરણ. આ બધાં જ એકબીજાં સાથે અભિન્નપણે પરસ્પર ગાઢ સંબંધથી જોડાયેલાં છે. કોઈ એક ઘટનાની પ્રક્રિયામાં થતો ફેરફાર બીજા ઘટકની પ્રક્રિયાને  અસર કરે છે અને તેની સમગ્ર જીવસૃષ્ટિ પર અસર થાય છે.પર્યાવરણનાં પાસાંઓને નિમ્નલિખિત ચાર ભાગમાં વિભાજન કરવામાં આવે છે.

### 3.3.1 વાતાવરણ(Atmosphere)

વાતાવરણમાં પૃથ્વીની સપાટીથી ઉપરના ભાગમાં આવેલી હવા અને તેનાં પાસાંઓ. સૂર્યપ્રકાશ, તાપમાન અને ભેજનો સમાવેશ થાય છે. પૃથ્વી પરની જીવનસૃષ્ટિને જીવંત રાખવાનું વાતાવરણથી જ શક્ય બને છે. વાતાવણમાં મુખ્યત્વે નાઈટ્રોજન (લગભગ 78%) અને પ્રાણવાયુ (લગભગ 21%) રહેલા છે. ઓર્ગન, કાર્બનડાયોકસાઈડ અને બીજા વાયુ અલ્પ પ્રમાણમાં છે. કોસ્મિક કિરણો તથા સૂર્યમંડળમાંથી આવતા વિદ્યુત ચુંબકીય તરંગો (electromagnetic waves) વાતાવરણમાં શોષાય જાય છે.

### 3.3.2 જલાવરણ(Hydrosphere)

જલાવરણ એટલે મહાસાગરો, ઉપસાગરો, નદી, તળાવ, ઝરણાં અને ભૂગર્ભમાં રહેલો જળસમૂહ ઈતિહાસ સાક્ષી છે કે જગતની મુખ્ય સંસ્કૃતિ નદી કાંઠે જ વિકાસ પામી છે. આ હકીકતથી સમજી શકાય છે કે માનવ જાત અને તેની સંસ્કૃતિના વિકાસ માટે જળ અગત્યનું પરિબળ છે. જલાવરણનો લગભગ 97% જળ સમૂહ સાગરમાં છે, જે માનવના ઉપયોગ માટે લગભગ નિરર્થક છે. બાકીનો 2% ભાગ બરફ સ્વરૂપે અને માત્ર 1% જેટલો જ ભાગ નદી, સરોવર, ભૂગર્ભમાં રહેલો છે. આ 1% જેટલો જ ભાગ માનવના ઉપયોગ માટે આવે તેમ છે. વિકાસના કારણે સમુદ્રનું જળ પણ શુદ્ધ કરી માનવ માટે ઉપયોગમાં લેવાનું શક્ય છે, પરંતુ તેમ કરવામાં ખૂબ ખર્ચ આવે છે.

### 3.3.3 મુદાવરણ(Lithosphere)

મુદાવરણમાં ભૂસપાટી તથા ભૂમિના આકાર-પ્રકારનો સમાવેશ કરવામાં આવે છે. પૃથ્વી પર આવેલા ભિન્ન ભિન્ન પ્રકારનાં ખડકોનું પ્રાકૃતિક પરિબળથી સતત વિસર્જન થતું રહે છે, જેનાથી ભૂસપાટી પરની મુદાનું સર્જન થાય છે. મુદાવરણના બે મુખ્ય પાસાંઓ છે. કાર્બનિક (Organic) અને અકાર્બનિક (inroganic) અન્ન અને અન્ય વનસ્પતિ મુદાવરણમાં જ ઉપયોગ થાય છે. જેમાં માનવ અને પ્રાણીના જીવન માટે અત્યંત ઉપયોગી છે. ખેતીલાયક મુદાવરણમાં લગભગ 5% કાર્બનિક દ્રવ્ય અને 95% અકાર્બનિક દ્રવ્ય હોય છે. મુદાવરણમાં રહેલા જીવાણુ કાર્બનિક ભાગનું સતત વિસર્જન કરે છે અને પરિણામે મુદાવરણમાં ઘણાં કાર્બનિક રસાયણો હોય છે અને અકાર્બનિક ભાગમાં રાસાયણિક તત્ત્વો રહેલાં હોય છે. મુદાવરણના ઉપરના સ્તરને ધુમ્મસ (Humus) કહેવામાં આવે છે અને મુદાના કણોની ગોઠવણી અનુસાર જમીનના પ્રકાર બને છે. મુદાવરણમાં ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર અમુક પ્રમાણમાં હવા અને જળ પણ રહેલાં હોય છે.

### 3.3.4 જૈવ આવરણ (Biosphere)

પૃથ્વીના છીછરા બાહ્ય આવરણ જેને સજીવસૃષ્ટિ તથા તેમાં પર્યાવરણનો સમાવેશ થાય છે, તેને જૈવઆવરણ કહેવામાં આવે છે. સમુદ્રના સૌથી નીચા તળથી વાતાવરણના સૌથી ઊંચા બિંદુ સુધી લગભગ 24 કિ.મી. નું આ આવરણ છે. જેમાં પ્રાકૃતિક રીતે જીવન શક્ય છે અને તેમાંથી જ પ્રાકૃતિક સંપત્તિ પ્રાપ્ત થાય છે. જૈવા આવરણ એક ગતિશીલ અને મોટું નિવસનતંત્ર છે. જેમાં બીજા અનેક નાનાં નિવસનતંત્રનો સમાવેશ થાય છે.

## 3.4 ગુજરાતમાં પ્રદૂષણની સ્થિતિ

વર્તમાન યુગમાં વૈશ્વિક, રાષ્ટ્રીય તથા સ્થાનિક સ્તરે પર્યાવરણના પ્રદૂષણને લગતા ઘણા પ્રશ્નો છે. સામાન્યતઃ વસ્તી વિસ્ફોટ, ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણ આના માટે જવાબદાર છે. પ્રદૂષણને લીધે જંગલો નાશ થતા જાય છે અને દુર્લભ પશુ-પંખીઓ તથા વનસ્પતિની જાત નષ્ટ થતી જોવા મળે છે.

### 3.4.1 પ્રદૂષણ એટલે શું ?

"પ્રદૂષણ એટલે હાનિકારક પર્યાવરણત્મક અશુદ્ધિઓ અથવા તેવા પદાર્થોનું બહાર પડવું."

"પ્રાકૃતિક યા માનવસર્જિત પર્યાવરણમાં અનિચ્છનીય પદાર્થોનો પ્રવેશ અથવા વિકૃતિ ઉત્પન્ન કરી શકે તેવી અસર થાય તેને પ્રદૂષણ કહેવામાં આવે છે."

### 3.4.2 પ્રદૂષણનાં સ્ત્રોતો

રાસાયણિક કારખાનાંઓ, તેલ શુદ્ધિકરણનાં કારખાનાં, અણુકેન્દ્રીય અપવ્યય નિક્ષેપો, નિયમિત થતી ગંદકીના નિક્ષેપો, બાળી નાખવાની ભઠ્ઠીઓ, પીવીસી ફેકટરીઓ, કાર ફેકટરીઓ, પ્લાસ્ટિકની ફેકટરીઓ અને મોટા પ્રમાણમાં પ્રાણીઓનો બગાડ પેદા કરતાં નિગમ,વગેર ગંભીર પ્રદૂષણ સ્ત્રોતોમાં થાય છે. તેમજ જુદાં જુદાં પ્રદૂષણનો પણ સમાવેશ થાય છે.

### 3.4.3 પ્રદૂષણના પ્રકારો

પ્રદૂષણના પરંપરાગત સ્વરૂપોમાં હવા પ્રદૂષણ, જળ પ્રદૂષણ અને કિરણોત્સર્ગી અશુદ્ધિઓનો સમાવેશ થાય છે.

### 3.4.4 અવાજ પ્રદૂષણ

ઘોંઘાટ હવા મારફતે પ્રવાસ કરે છે અને તેથી તેની પરિસરીય હવા ગુણવત્તા સ્તરમાં માપવામાં આવે છે. ઘોંઘાટને ડેસિબલ્સમાં માપવામાં આવે છે. નિષ્ણાતોના મતે10 ડેસિબલ્સથી વધારે સતત ઘોંઘાટના શ્રત્રો શ્રવણશક્તિને હાનિ અને મજ્જાતંત્રમાં અપરિવર્તનીય બદલાવે કરે છે. વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) એ શહેર માટે 45 ડેસિબલ્સને સુરક્ષિત ઘોંઘાટના સ્તર તરીકે નિયત કર્યું છે. ભારતમાંના મહાનગરીય વિસ્તારોમાં સામાન્ય રીતે 90 ડેસિબલ્સ કરતાં સરેરાશ વધારે નોંધ કરે છે. મુંબઈને વિશ્વના ત્રીજા સૌથી ઘોંઘાટમય શહેર તરીકે નોંધવામાં આવ્યું છે, સાથે નવીદિલ્હી પણ તેને અનુક્રમમાં નજીક છે.

### 3.4.5 જળ પ્રદૂષણ

જયારે ઝેરી પદાર્થો પ્લાસ્ટિક અને અન્ય કચરો સરોવરો, ઝરણાઓ, નદીઓ, સમુદ્રો અને બીજા પ્રવાહી એકમોમાં દાખલ થાય છે.ત્યારે તેઓ ઓગળી જાય છે અથવા પાણીમાં તરતા રહે છે અથવા તળિયે જમા થાય છે. આના પરિણામે જળપ્રદૂષિત થાય છે.

### 3.4.6 હવા પ્રદૂષણ

ઉદ્યોગ, વાહનો, પ્રદૂષણમાં વધારો અને શહેરીકારણ એ હવા પ્રદૂષણ માટે જવાબદાર અમુક મહત્ત્વનાં પરિબળો છે. વિવિધ કારણોસર હવા પ્રદૂષણ થાય છે, તે બધા જ માનવીના નિયંત્રણમાં નથી. રણપ્રદેશોમાં રેતીના વાવાઝોડાઓ અને જંગલની આગો અને ઘાસથી થતી આગોનો ધુમાડો રસાયણો પેદા કરે છે અને હવાના પ્રદૂષણમાં ઉમેરો કરે છે. જેના કારણે હાલ હવા પ્રદૂષણ માં સતત વધારો થતો જોવા મળે છે.

3.4.7 રસાયણિક પ્રદૂષણ

રાસાયણિક પ્રદૂષણના ઘણાં ભિન્ન સ્ત્રોત છે.જેમાં ઘરગથ્થું ગટરવ્યવસ્થા ઔદ્યોગિક નિકાલ વાતાવરણીય કિરણોત્સર્ગી પદાર્થો, દરિયા પરના અકસ્માતો અને ઢોળાવો તેલના કૂવામાંથી પ્રક્રિયા કરતાં નીકળેલો નિકાલ, ખાણકામ નિકાલ અને ખેતીવિષયક પ્રવાહ વગેરેનો સમાવેશ થાય છે.

તેમજ રસાયણિક કારખાનાંઓ, તેલ શુદ્ધિકરણના કારખાનાં, અણુકેન્દ્રીય અપવ્યય નિક્ષેપો, નિયમિત થતી ગંદકીના નિક્ષેપો, બાળી નાખવાની ભઠ્ઠીઓ, પીવીસી ફેક્ટરીઓ, કાર ફેક્ટરીઓ. પ્લાસ્ટિકની ફેક્ટરીઓ અને મોટા પ્રમાણમાં પ્રાણીઓનો બગાડ પેદા કરતી નિગમ પ્રાણી વાડીઓનો સમાવેશ ગંભીર પ્રદૂષણ સ્ત્રોતોમાં થાય છે. તેમ જ જુદા જુદા પ્રદૂષણનો પણ સમાવેશ થાય છે.

જેના કારણે ઋતુ ચક્રના માળખામાં પણ અનિયમિત થતું જોવા મળ્યું છે. તેથી ગમે ત્યારે કમોસમી વરસાદ, તેમ જ ખૂબજ ગરમી,ઠંડી પડવી જેવી સ્થિતિનું સર્જન થતું જોવા મળ્યું છે.

## 3.5 સારાંશ

આ પ્રકરણમાંથી ગુજરાતની ભોગોલિક રચના જેવી કે ભૂ-રચના, ખેતી, ઉદ્યોગ, ખનીજ, બંદરો, સાંસ્કૃતિક વારસો, નદી, ડુંગરોની માહિતી તેમજ તેના કુદરતી પર્યાવરણીય પાસાંઓ જેવા કે મુદાવરણ, જલાવરણ, વાતાવરણ અને જૈવઆવરણ કેવી રીતે કાર્ય કરે છે અને પ્રદૂષણ અંગેની વિસ્તૃત માહિતી તેમજ  અવાજ પ્રદૂષણ, હવા પ્રદૂષણ, જળ પ્રદુષણ, અને રાસાયણિક પ્રદૂષણ છે વિશે વિસ્તૃત અભ્યાસ આ પ્રકરણમાં થયો છે.

## 3.6 ચાવીરૂપ શબ્દો

બંદરો(Prots): એવો દરિયાઈ પ્રદેશ જયાં વસ્તુઓ અને યાત્રીઓના પરિવહન માટે વહાણો લાંગરવામાં આવતાં હોય.

ઉદ્યોગ (Industry): ઉત્પાદનનાં જુદા જુદા અને છુટા છવાયાં સાધનોનું સંકલન કરીને એકસમાન વસ્તુઓનું અને સેવાઓ તેમજ એકબીજા સાથે સંબંધિત વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરતી પેઢીઓના સમૂહને ઉદ્યોગ કહેવાય છે.

સાંસ્કૃતિક વારસો (Cultural Heritage): સાંસ્કૃતિક વારસો એ સમાજે વિકસાવેલી જીવન પદ્ધતિની અભિવ્યક્તિ છે, જે તે પછીની પેઢીને પણ મળે છે. ભૌતિક તેમજ અભૌતિક કલાકૃતિઓ, સ્થાપત્યો વગેરેને પણ સાંસ્કૃતિક વારસા તરીકે ઓળખાય છે.

## 3.7 સ્વાધ્યાય

(ક) નીચે જણાવેલ પ્રશ્નોની વિસ્તૃત રીતે માહિતી આપો.

1 ગુજરાતનાભૌગોલિક સ્થાન વિગતે સમજાવો ?

2 કુદરતીય પર્યાવરણીય પાસાંઓ / ઘટકો સમજાવો ?

3 પ્રદૂષણના પ્રકારો સમજાવો.

(ખ) નીચે જણાવેલ પ્રશ્નો ટૂંકમાં સમજાવો.

1 ગુજરાતનો સાંસ્કૃતિક વારસો સમજાવો.

2 જલાવરણ અને મુદાવરણ ર=ટૂંકમાં.

(ગ) હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો.

(1) વાતાવરણમાં મુખ્યત્વે ------------ વાયુનું પ્રમાણ વધુ હોય છે.
(નાઈટ્રોજન, કાર્બન, ઓકિસજન)

(2) વાતાવરણમાં પ્રાણવાયુ (ઓકિસજન) -------- પ્રમાણમાં હોય છે ?
(50%, 21%, 3%)

(3) વિશ્વ આરોગ્ય સંખ્યા દ્વારા -------------ડેસિબલના અવાજને સુરક્ષિત ઘોંઘાટ તરીકે નિયત કર્યા છે.
(90, 10, 45)

(4) ગુજરાતની મધ્યમાંથી ------------ પસાર થાય છે.
(કર્કવૃત્ત, વિષુવવૃત, મકરવૃત્ત)

(5) ગુજરાતનો મોટા ભાગનો વિસ્તાર -------- માં આવેલો છે.
(શીત કટિબંધ, ઉષ્ણકટિબંધ, સમશીતોષ્ણ કટિબંધ)

(6) ગુજરાતમાં વહાણો ભાંગવાનો (શીપ બ્રેકિંગ)નો ઉદ્યોગ ------- માં વિકસ્યો છે. (કંડલા, અલંગ,અમદાવાદ)

(7) રાજકોટમાં ------- નો ઉદ્યોગ વિકાસ પામ્યો છે.
(હીરા, હસ્તકલા, ડિઝલ એન્જિન)

જવાબો :-

(1)નાઈટ્રોજન, (2)21%, (3) 45, (4) કર્કવૃત્ત, (5) ઉષ્ણ કટિબંધ, (6)અલંગ, (7) ડિઝલ એન્જિન

## 3.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો / વેબસાઈટ

લેખક – મંજુલાબેન દવે ''ગુજરાતની પ્રાદેશિક આર્થિક ભૂગોળ'' ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

★ **વેબસાઈટ**

- www.gujaratrajy.com
- www.gujaratWikipedia
- http://gujarat-education.gov.in/

એકમ 4

# ગુજરાત- રાજકીય અને વહીવટી

(ગુજરાત રાજયની સ્થાપના, જિલ્લાઓ, વહીવટી વ્યવસ્થા)

## રૂપરેખા

4.0 ઉદ્દેશો
4.1 પ્રસ્તાવના
4.2 ગુજરાત રાજ્યની સ્થાપના
4.3 ગુજરાતના જિલ્લાઓ
4.4 ગુજરાતમાં વહીવટી વ્યવસ્થા
4.5 સમવાયતંત્રમાં ગુજરાત રાજ્યનાં કાર્યો અને કેન્દ્ર તરફથી મળતી આર્થિક સહાય
4.6 સારાંશ
4.7 ચાવીરૂપ શબ્દો
4.8 તમારી પ્રગતિ ચકાસો
4.9 ઉપયોગી સંદર્ભ વાચન
4.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 4.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- ગુજરાતની સ્થાપના કયા સંજોગોમાં થઈ તે જણાવી શકશો.
- ગુજરાતની વહીવટી વ્યવસ્થાના ભાગરૂપે થયેલી જિલ્લાઓની રચના અને જિલ્લાઓ વિષે માહિતી આપી શકશો.
- રાજ્યનાં વહીવટી માળખાંનો પરિચય આપી શકશો.
- સમવાયી વ્યવસ્થામાં ગુજરાત રાજ્યના ફાળે આવતી ફરજો,કરવાનાં થતાં કાર્યો અને કેન્દ્ર તરફથી મળતી આર્થિક સહાય વિષે જાણકારી મેળવી શકશો.

## 4.1 પ્રસ્તાવના :

આધુનિક સમયમાં આર્થિક વિકાસ અને અર્થતંત્ર અંગે નિર્ણયોમાં સરકારની ભૂમિકા મુખ્ય હોય છે. મુક્ત કે મૂડીવાદી અર્થતંત્રમાં પણ આર્થિક સ્વાતંત્ર્યને રક્ષણ આપવા સરકાર તેની ભૂમિકા ભજવે છે. રોજગાર સર્જન આંતરમાળખાકીય સુવિધાઓ, આંતરરાષ્ટ્રીય વ્યાપાર સંબંધો, દેશની નાણાં અને વિનિમય વ્યવસ્થા વગેરે બાબતોમાં રાજ્ય સ્વયં સક્રિય હોય છે. આ દરેક બાબતોનાં યોગ્ય સંચાલન માટે સરકાર જંગી બજેટ પણ ફાળવે છે તથા તેના માટે પ્રશાસનિક માળખું પણ ઊભું કરે છે. અર્થતંત્રનો અભ્યાસ કરતી વખતે તેનો વહીવટી માળખાં સાથેનો સંબંધ જાણવો ઉપયોગી બને છે, આ હેતુથી ગુજરાત રાજ્યનો અભ્યાસ કરતી વખતે તેનાં વહીવટી માળખાનો પરિચય

મળે તે રીતે આપણે અહી ગુજરાત રાજ્યનાં રાજકીય અને વહીવટી પાસાંઓનો સામાન્ય પરિચય મેળવીશું. વળી, ભારત સમવાયતંત્રી વ્યવસ્થા હોવાથી કેન્દ્ર અને રાજ્યની ફરજો અને કાર્યો વિભાજિત કરવામાં આવ્યાં છે. તે સંદર્ભમાં કેન્દ્ર તરફથી રાજ્યને મળતી નાણાકીય સહાયનો પણ પરિચય મેળવીશું.

## 4.2 ગુજરાત રાજ્યની સ્થાપના :

રાજ્યનો પરિચય :

દેશની સ્વતંત્રતા બાદ પ્રથમ તબક્કામાં અને 1948-49માં દેશી રાજ્યો અને થાણાઓનું જોડાણ થતાં વડોદરા, મહેસાણા, અમરેલી, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓની રચના થઈ. આ જિલ્લાઓને મુંબઈ રાજ્યમાં ભેળવવામાં આવ્યા. સૌરાષ્ટ્ર વિસ્તારના 222 દેશી રાજ્યોનું વિલીનીકરણ કરીને સૌરાષ્ટ્ર રાજ્યની સ્થાપના કરવામાં આવી. જ્યારે કચ્છ રાજ્યને કેન્દ્ર સરકાર હસ્તક મૂકવામાં આવ્યું. આમ, ગુજરાત ત્રણ વિભાગોમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને અન્ય છ જિલ્લાઓ બહાર મુંબઈના ભાગમાં વિભાજિત થયું. જેથી મુંબઈ દ્વિભાષી રાજ્ય અસ્તિત્વમાં આવ્યું.

ગુજરાત રાજ્યની સ્થાપના :

બૃહદ મુંબઈમાં અલગ ગુજરાત રાજ્યની સ્થાપના માટે રાજકીય, આર્થિક, ભૌગોલિક અને ભાષાકીય કારણો છે. તેમાં મુખ્ય કારણો આ મુજબ છે.

1. 1921 માં 04 ભાષાવાર પ્રાંતનીરચનાની વાત કોંગ્રેસમાં થઇ હતી. 1928માં પ્રસિધ્ધ થયેલ નહેરુ રિપોર્ટમાં પણ ભાષાવાર પ્રાંત રચનાની ભલામણ કરવામાં આવી. 27મી નવેમ્બર 1947ના રોજ બંધારણ સભામાં ખુદ વડાપ્રધાને ભાષાવાર પ્રાંત રચવાનાં સિદ્ધાંતોનો સરકાર વતી સ્વીકાર કર્યો હતો અને તેથી જ 17મી જૂન 1948ના રોજ ‘‘ધાર કમિશન’’ની રચના કરવામાં આવી. જેમાં રિપોર્ટનાં આધારે 13 ભાષા આધારિત રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં.

મુંબઈના ગુજરાત સંશોધન મંડળે પણ ન્યાયમૂર્તિ સર હરસિદ્ધભાઈ દિવેટીઆના પ્રમુખપદે ‘ધાર કમિશન’ એ મથાળાનું એક મેમોરેન્ડમ રજુ કર્યું હતું અને તેમાં ગુજરાતની પરિસ્થિતિનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું.

2. મુંબઈ રાજ્યની ધારાસભામાં કુલ 315 બેઠકો હતી. તેમાંથી 141 બેઠકો મહારાષ્ટ્રની હતી, 89 બેઠકો ગુજરાતની હતી અને 46 બેઠકો કર્ણાટકની હતી. તેથી સત્તામાં મુંબઈની બહુમતી હોવાથી ગુજરાત સંયુક્ત મહારાષ્ટ્રના તાબે છે એમ કહી શકાય. મહારાષ્ટ્ર બહુમતીના જોરે તમામ આર્થિક અને રાજકીય નિર્ણયો પોતાના વિસ્તારની તરફેણમાં લેવાતા જેમ કે,

અ) દેશ આઝાદ થયો પછી મુંબઈ સરકારે મહારાષ્ટ્ર માટે જળ સિંચનની પાંચ મોટી યોજના હાથ ધરી

| | |
|---|---|
| 1. ગંગાપુરા | નાસિક જિલ્લા માટે |
| 2. વીરડેમ યોજના | પૂના જિલ્લા માટે |
| 3. રનંદ યોજના | સતારા જિલ્લા માટે |

4. બધુઆલી યોજના ઓલાપુર જિલ્લા માટે
5.રાધાનગરી યોજના કોલ્હાપુર જિલ્લા માટે

આ પાંચ યોજનાનો મહારાષ્ટ્રમાં અમલ થયો અને તેનું કામ પણ ઝડપથી પૂર્ણ કરવામાં આવ્યું. જયારે ગુજરાતના ભાગે વહેલા (કપડવંજ) મેશ્વા અને પટાડુંગરી (દાહોદ)ને સાવ નાની યોજના આપવામાં આવી અને તેની પ્રગતિ પણ ઘણી ધીમી જોવા મળતી. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં કોયાના યોજના પણ ગુજરાતના ભોગે પોતાના વિસ્તારમાં મંજૂર કરાવી. ગુજરાતના લોકો આ અન્યાય સહન કરવા તૈયાર ન હતા.

3. મુંબઈ સરકારની કુલ કરપાત્ર આવકમાં પણ ગુજરાતનો ફાળો મહત્ત્વનો હતો. રાજયના કુલ આવક-ખર્ચમાં મહારાષ્ટ્રમાં અઢી કરોડ રૂપિયાની ખાદ્ય જોવા મળતી. જયારે ગુજરાત પ્રદેશમાં ત્રણ કરોડ રૂપિયાની પુરાંત હતી. એટલે ગુજરાત પ્રદેશમાં જેટલા પ્રમાણમાં ખર્ચ કરવામાં આવતો તેના કરતાં આવક કર સ્વરૂપે વધારે આપતું. ગુજરાત પ્રદેશની આવકનો મહારાષ્ટ્રમાં ખર્ચ થતો હોવાના કારણે ગુજરાત પ્રદેશનો નંદનવન ગણવામાં આવતો પ્રદેશ તે મુંબઈ પ્રાંતનો પરતંત્ર પ્રદેશ બની ગયો. તેની આવકનો બીજો ઉપયોગ થતો હોવાથી ગુજરાત પ્રદેશનો વિકાસ મંદ પડવા લાગ્યો. તેથી ગુજરાતના બુદ્ધિજીવીઓ એવું માનવા લાગ્યા કે જયાં સુધી મહારાષ્ટ્રથી ગુજરાત નહિ છૂટે ત્યાં સુધી ગુજરાત અને ગુજરાતી પ્રજાનો આર્થિક અને સાંસ્કૃતિક વિકાસ થવાનો નથી.

4. મહારાષ્ટ્રે પોતાની બહુમતીના જોરે ગુજરાતને ગળી જવા માટે એક ખાસ યોજના અમલમાં મૂકી. મરાઠી ભાષાનો વિસ્તાર તેને આધારે ગુજરાત પ્રદેશને એક પછી એક ઉત્તર વિભાગમાંથી ખોટા ખોટા બહાના હેઠળ છૂટા પાડી ત્યાં ગુજરાતની પ્રજાની ઈચ્છા વિરુદ્ધ રાજભાષા અને કેળવણીની ભાષા તરીકે મરાઠી દાખલ કરવામાં આવી. જેથી ભાષાને ધોરણે સંયુક્ત મહારાષ્ટ્રની રચના વખતે તેના નેતાઓ દાવો કરી શકે કે આ મરાઠી ભાષાનો વિસ્તાર છે. તેથી તેનો સમાવેશ મહારાષ્ટ્રમાં થાય. ડાંગ અને સાલ્હેર પ્રદેશો આ અન્યાયનો દાખલો છે. વળી હવે ધરમપુર, વાંસદા અને સાગબારા પ્રદેશોમાં પણ મરાઠી ભાષા દાખલ કરવાની ચર્ચાએ જોર પકડયું હતું.

5. ગુજરાતમાં જે તે ઘટનાઓ બનતી તેની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર વિવિધ છાપાંઓ સામાયિકો, લેખો તથા પત્રિકાઓ મારફત ગામડાના લોકો સુધી પહોંચવા લાગી. જેના પરિણામે 1957ની ચૂંટણીમાં જનતા પરિષદ પક્ષનો ભવ્ય વિજય થયો. જેથી મોટો જનમત મહાગુજરાત આંદોલન તરફેણમાં હતો. ગુજરાત પ્રજાના આર્થિક ઉધ્ધાર અને વિકાસ માટે હવે પોતે જ પોતાના ઘરની આર્થિક વ્યવસ્થા સંભાળી લે અને સત્તાને જોરે તેનું શોષણ કરી રહેલ મહારાષ્ટ્રથી પોતાનો પીછો છોડાવે. જો તેમ થાય તો જ આપણો આર્થિક વિકાસ આપણી ઈચ્છા પ્રમાણે સાધી આપણે સમર્થ બની શકીએ. મહાગુજરાત રચના તે આજનો પ્રાણપ્રશ્ન છે, તેમ લોકો માનતા થયા.

આમ વિવિધ પરિબળો સંયુક્ત પરિણામ સ્વરૂપે 'મહાગુજરાત આંદોલન' વધારે તીવ્ર ગતિ પકડી. આખરે 19-04-1960 ના રોજ ભારતની સંસદે મુંબઈ રાજયનું વિભાજન કરવાનું બીલ પસાર કર્યું. 23-04-1960 ના રોજ રાજ્યસભાએ પણ વિસર્જન બિલની મંજૂરી આપી દીધી. 25-04-1960ના રોજ રાષ્ટ્રપતિએ મુંબઈના

વિભાજન ખરડા પર સહી કરી દીધી અને સરકારી ગેઝેટમાં તે જ દિવસે પ્રસિદ્ધ થઈ ગયું. 25-04-1960ના રોજ નવા પ્રધાનમંડળ અને નાયબપ્રધાન મંડળોની યાદી જાહેર કરવામાં આવી.

આમ, આખરે દરેક ગુજરાતીનું સ્વપ્ન સાકાર થયું. 01-05-1960ના રોજ મહાત્મા ગાંધીના હરિજન આશ્રમ સાબરમતીના કિનારે મુઠ્ઠી ઉંચેરા તપસ્વી રવિશંકર મહારાજના હસ્તક ગુજરાતનો સ્થાપના દિવસ ઉજવાયો અને મહાત્મા ગાંધીની મૂક સાક્ષીએ નવા પ્રધાનમંડળે પ્રતિજ્ઞા લીધી.

ગુજરાત રાજ્યનો સ્થાપના સમયથી જ આર્થિક વિકાસમાં અગ્રવિકસિત રાજ્યોમાં સમાવેશ થાય છે. તેની ઓળખ પણ ઔદ્યોગિક રાજ્યમાં થાય છે. વિદ્યાર્થી મિત્રો આપણે ગુજરાત રાજ્યની સ્થાપના બાદ આર્થિક વિકાસમાં જે હરણફાળ ભરી છે તે દરેક ક્ષેત્રે જેવાં કે ઔદ્યોગિકક્ષેત્ર, પરિવહન, આરોગ્ય, શિક્ષણ, વીજળી, બેંકિંગ વ્યવસ્થા વગેરેની ચર્ચા આપણે અલગ આગના એકમોમાં કરેલી છે. જેના અભ્યાસથી ગુજરાત રાજ્યના વિકાસને જાણી શકાય છે.

## 4.3 ગુજરાતના જિલ્લાઓ :

1 મે 1960ના રોજ બોમ્બે રાજયના ઉત્તર ભાગના 17 જિલ્લાઓમાંથી ગુજરાત રાજ્યની સ્થાપના કરવામાં આવી. આ જિલ્લાઓમાં અમદાવાદ, અમરેલી, બનાસકાંઠા, ભરુચ, ભાવનગર, ડાંગ, જામનગર, જૂનાગઢ, ખેડા, કચ્છ, મહેસાણા, પંચમહાલ, રાજકોટ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર અને વડોદરાનો સમાવેશ થાય છે. વળી વહીવટી અનુકૂળતા અને આર્થિક આયોજનને વધુ સાર્થક બનાવવા સમયાંતરે નવા જિલ્લાઓની રચના કરવામાં આવી છે.

1964માં ગાંધીનગર જિલ્લો અમદાવાદ અને મહેસાણાના ભાગોમાંથી રચવામાં આવ્યો. 1966 વલસાડ જિલ્લાને સુરતમાંથી વિભાજન કરીને રચના કરવામાં આવી. 1997માં નવા પાંચ જિલ્લાઓ આણંદ, દાહોદ, નર્મદા, નવસારી અને પોરબંદરની રચના કરવામાં આવી. ત્યારબાદ પાટણ જિલ્લાની બનાસકાંઠા અને મહેસાણા ના વિસ્તારમાંથી રચના કરવામાં આવી. 2007માં તાપી જિલ્લાની રચના કરવામાં આવી.

15 ઓગસ્ટ, 2013ના રોજ સાત નવા જિલ્લાઓની રચના કરવામાં આવી. જેમાં અરવલ્લી, બોટાદ, છોટા ઉદેપુર, દેવભૂમિ દ્વારકા, મહીસાગર, મોરબી, ગીર સોમનાથ વગેરેનો સમાવેશ થાય છે.

આમ વર્તમાન સમયે ગુજરાત રાજયમાં કુલ 33 જિલ્લાઓનો સમાવેશ થાય છે. તેમાંથી કચ્છએ વિસ્તારની દ્દષ્ટિએ સૌથી મોટો અને ડાંગએ સૌથી નાનો જિલ્લો છે. જયારે વસ્તીની દ્દષ્ટિએ અમદાવાદ સૌથી મોટો અને ડાંગ સૌથી નાનો જિલ્લો છે. વસ્તી ગીચતા સૌથી વધારે સુરત જિલ્લામાં છે અને સૌથી ઓછી કચ્છ જિલ્લામાં જોવા મળે છે. આમ ગુજરાતમાં 33 જિલ્લાઓ અને 250 તાલુકાનો સમાવેશ થાય છે.

## 4.4 ગુજરાતમાં વહીવટી વ્યવસ્થા :

સ્થિરતા સાથે આર્થિક વિકાસ થાય.વિકાસની પ્રક્રિયા સતત ચાલતી રહે તેમજ દરેકને વિકાસની તકો સમાન રીતે મળે તે હેતુથી આર્થિક બાબતોમાં રાજ્યનો હસ્તક્ષેપ મહત્ત્વનો છે તે આપણે જાણીએ છીએ. ભારત દેશની ભૌગોલિક તેમજ જનસંખ્યાની દ્દષ્ટિએ વિશાળતા જોતાં કાર્યો અને જવાબાદારીઓનું વિભાજન હોવું પણ જરૂરી છે. આપણે આ એકમમાં અગાઉ જોયું તેમ વહીવટી સરળતાને ધ્યાનમાં રાખતા મહારાષ્ટ્ર

રાજ્યનું મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે રાજ્યોમાં 1960ના વર્ષમાં વિભાજન થયું. સમગ્ર ભારતની વાત કરીએ તો આવાં જ કારણોસર એટલે કે વહીવટી સરળતા માટે ભારતે સમવાતંત્ર તંત્રને અપનાવેલ છે. સમવાયી પ્રકારની વ્યવસ્થામાં રાજ્ય તથા કેન્દ્ર સરકારનાં કાર્યો કે ફરજો અને રાજ્યની આવકના સ્ત્રોતોનું વિભાજન કરેલું હોય છે. આ વ્યવસ્થા અનુસાર ગુજરાત રાજ્યનાં કાર્યો અને ફરજો તથા રાજ્યને કેન્દ્ર તરફથી મળતી સહાય બાબતે આપણે હવે પછીના મુદ્દામાં અભ્યાસ કરવાનાં છીએ. અહીં આપણે રાજ્યની આર્થિક બાબતોના વ્યવસ્થાતંત્રનો પરિચય મેળવવાનાં છીએ.

સરકાર દ્વારા આર્થિક કાર્યો સફળતાપૂર્વક પાર પાડવા માટે આર્થિક આયોજન કરવામાં આવે છે. આ રીતે આયોજન માત્ર કેન્દ્ર સરકાર દ્વારા જ નહિ પરંતુ રાજ્ય સરકાર દ્વારા રાજ્ય કક્ષાએ જિલ્લા તથા તાલુકા કક્ષાએ પણ થતું હોય છે. તેને વિકેન્દ્રીત આયોજન કહે છે. આયોજન કરતી વખતે લક્ષ્યાંકોના સંદર્ભમાં ઉપલબ્ધ સાધનો અને પૂર્ણ થવાના સમયગાળાનો અંદાજ કાઢવામાં આવે છે. આમ, ત્રણ વર્ષ, સાત વર્ષ, પંદર વર્ષ કે ક્યારેક વાર્ષિક આયોજન પણ કરવામાં આવે છે.

1. આ પ્રકારનાં આયોજન દ્વારા રાજ્ય સરકાર તેની નીતિઓ પણ જાહેર કરતી હોય છે. જે રાજ્યના વેપાર ઉદ્યોગ, રોજગારી વગેરે જેવાં અનેક પાસાંઓથી સમગ્ર અર્થતંત્રને અસર કરે છે. આમ, સરકારની નીતિ જનસામાન્યને પણ સ્પર્શે છે. પ્રજા તેને અનુલક્ષીને પોતાના વ્યવહારમાં લગતા કે અન્ય આર્થિક નિર્ણયો લે છે. તેથી રાજ્યની વહીવટી પ્રક્રિયાઓમાં અર્થશાસ્ત્રની દૃષ્ટિએ આયોજન વિભાગનું સ્થાન મહત્ત્વનું બને છે. કારણ કે તેનાથી જ રાજ્યના આર્થિક લક્ષ્યાંકો માટે ઉપલબ્ધ સાધનોનું આકલન ફાળવવા અને લક્ષ્યપ્રાપ્તિની રીત નક્કી થતી હોય છે.

અહીં આપણે ગુજરાતના વહીવટી વિભાગ તરીકે આયોજન વિભાગ Planning Division નો પરિચય મેળવીશું.

- આધુનિક રાજ્યો માત્ર પોલીસ રાજ્યો (Police State) ન રહેતાં કલ્યાણ રાજ્યો (Welfare State) બન્યાં છે. જે પ્રજાની આર્થિક સુખાકારી અને આર્થિક વિકાસમાં સક્રિય રસ લેતાં હોય છે. વળી, રાજ્ય જુદાં જુદાં વહીવટ, આંતરિક કાયદો અને આર્થિક વિકાસમાં સક્રિય રસ લેતાં હોય છે. વળી, રાજ્યે જુદાંજુદાં વહીવટી આંતરિક કાયદો અને સુરક્ષાને પણ રાજ્ય સરકારુ પૂરી પાડવાની હોય છે. આમ, પ્રજાનો વિકાસ તથા રાજ્ય બાબતોમાં પરોક્ષ તેમજ પ્રત્યક્ષ રીતે પણ પ્રવેશ કરતી હોય છે.

### 4.4.1 ગુજરાતનાં વહીવટી કાર્યોનું વિભાજન :

સમગ્ર ગુજરાતનો વહીવટી જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ એટલે કે સામાન્ય વહીવટી વિભાગ (GAD) દ્વારા કરવામાં આવે છે. જ્છ્ઙ્ઘ ને પાંચ પેટા વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે.

૧. કર્મચારીગણ (Personnel Division)

૨. આયોજન પ્રભાગ (Planning Division)

૩. વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ (Administrative Reforms & Training Division)

૪. બિનનિવાસી ભારતીય વિભાગ (Non Residence Indian Division)

૫. ચૂંટણી વિભાગ (Election Division)

આમ, આયોજન વિભાગ એ સામાન્ય વહીવટ વિભાગ પૈકીનો એક છે. આ વિભાગમાં રાજ્યની પ્રાથમિકતાના આધારે આર્થિક લક્ષ્યાંકનો નક્કી કરવામાં આવે છે તથા તે સંદર્ભે રાજ્ય પાસે ઉપલબ્ધ સાધનોની આકારણી અને ફાળવણી પણ કરવામાં આવે છે. આ સમયે કેન્દ્રીય આયોજન પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલી વ્યૂહાત્મક નીતિ સાથે પણ સંકલન સાધવામાં આવે છે અને યોજનાઓ ઘડવામાં આવે છે.

4.4.2 અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, મૂલ્યાંકન નિયામકની કચેરી તેમ જ ગુજરાત સામાજિક આંતરમાળખાંકીય વિકાસ બોર્ડ જેવી જુદી જુદી કચેરીઓ દ્વારા કામગીરી કરવામાં આવે છે.

આયોજન વિભાગની કામગીરી મુખ્યત્વે ચાર શીર્ષકો હેઠળ સમજી શકાય.

(ક) યોજનાઓનું ઘડતર : પંચવર્ષીય યોજનાઓ અને વિકાસ યોજનાઓ.

(ખ) રાજ્યની યોજનાઓ અને ફલેગશીપ કાર્યક્રમોનું મોનીટરીંગ

(ગ) વિકેન્દ્રીકરણ જિલ્લા આયોજનનું ઘડતર, અમલીકરણ અને મોનીટરીંગ

(ઘ) આયોજન વિભાગ હેઠળની ખાતાંના વડાની કચેરીઓના કર્મચારીઓનું વ્યવસ્થાપન અને વહીવટ.

આ કામગીરી માટે જુદી જુદી કચેરીઓ હોય છે. જેમ કે આ કચેરીઓની કામગીરીને અહીં આપણે ટૂંકમાં જાણીએ.

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી :

- રાજ્યની આર્થિક બાબતોને લગતી અગત્યની આંકડાકીય માહિતીનું એકત્રીકરણ, સંકલન અને પૃથક્કરણ કરવાની કામગીરી.
- રાજ્યના સામાજિક આર્થિક વિકાસ સંદર્ભની જાણકારી અર્થે સામાજિક, આર્થિક અભ્યાસો, મોજણી અને ગણતરીનું આયોજન કરવાની કામગીરી.
- રાજ્યનાં ઘરગથ્થું ઉત્પાદનના અંદાજોનું સંકલન અને તેને તૈયાર કરવાની કામગીરી.

મૂલ્યાંકન નિયામકની કચેરી :

આર્થિક યોજનાઓ પાછળ મોટા પ્રમાણમાં નાણાકીય ખર્ચ થતો હોય છે. કાર્યમાં વિલંબથી ખર્ચમાં પણ વધારો થાય છે. યોજનાની પૂર્તિ થવામાં વિલંબ, અડચણો વગેરેનું યોજનાના વિવિધ તબક્કે મૂલ્યાંકન કરવામાં આવે છે. આ કચેરી દ્વારા મૂલ્યાંકન માટેના અભ્યાસોનું આયોજન તેની કાર્યપદ્ધતિ, ક્ષેત્રીય કામગીરીમાં પત્રકો તૈયાર કરવાં ક્ષેત્રીય કાર્ય દ્વારા માહિતીનું એકત્રીકરણ, કોષ્ટકીકરણ, પૃથક્કરણ અને અહેવાલ લેખનનો સમાવેશ થાય છે. મૂલ્યાંકન અભ્યાસનો અહેવાલ પણ પ્રકાશિત કરવામાં આવે છે.

ગુજરાત સામાજિક આંતરમાળખાંકીય વિકાસ બોર્ડ :

કોઈ પણ અર્થતંત્રનો વિકાસ તેનાં સામાજિક આંતરમાળખાં ઉપર વિશેષ આધાર રાખે છે. સામાજિક આંતરમાળખામાં શિક્ષણ અને સ્વાસ્થ્ય, મહિલા અને બાળકલ્યાણ, સ્વચ્છતા પાણી પુરવઠો, કુટિર ઉદ્યોગો વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે.

ગુજરાતની માનવ વસ્તી સંપત્તિ બને તથા છેવાડાની વ્યક્તિનો પણ વિકાસ થાય તથા તે વિકાસના મુખ્ય પ્રવાહમાં ભળીને પોતાનું યોગદાન આપી શકે તે હેતુ સામાજિક આંતરમાળખાંકીય વિકાસ બોર્ડનો છે. રાજ્યની સંશોધન સંસ્થાઓ તેમજ યુનિવર્સિટી સાથે મળીને માનવ વિકાસ સૂચક તૈયાર કરવામાં આવે છે.

રાજ્ય દ્વારા માનવ વિકાસને સ્પર્શતી સેવાઓ પૂરી પાડીને સમતોલ વિકાસ માટે પ્રયત્નશીલ રહે છે. જેમાં વિશેષ ક્ષેત્રોના વિકાસ માટે પણ યોજનાઓ હોય છે. જેમ કે સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના, વનબંધુ કલ્યાણ યોજના અને વિકાસશીલ તાલુકાઓની યોજનાઓ અને ખાસ પદ્ધતિ વિસ્તાર યોજના પર વિશેષ ધ્યાન અપાય છે.

આ સામાન્ય વહીવટ વિભાગના મુખ્ય સચિવ હોય છે, જે જુદા જુદા વિભાગોના સચિવોની સહાયથી સમગ્ર વહીવટી વિભાગનું સંચાલન કરે છે.

આમ, આપણે જોયું કે રાજ્યસ્તરની યોજનાઓનું ઘડતર, સાધન ફાળવણી ફાળવેલાં સાધનોથી થયેલાં કાર્યોનું મૂલ્યાંકન વગેરે જેવી આર્થિક બાબતો આયોજના વિભાગમાં થાય છે. આ સમગ્ર કાર્ય જિલ્લા કક્ષાએ આયોજન મંડળ હોય જેના અધ્યક્ષ પ્રભારીમાંથી જે રાજ્યના કેબિનેટ મંત્રી હોય છે અને ઉપાધ્યક્ષ કલેકટર હોય છે. જયારે આયોજન અધિકારી સભ્ય સિચવ હોય છે. આમ આયોજન પ્રક્રિયા વિકેન્દ્રિ રીતે થાય છે.

### 4.4.3 ગુજરાતની પંચવર્ષીય યોજનાઓ :

ગુજરાતની સ્થાપનાથી એટલે કે વર્ષ 1960 થી વર્ષ 2016-17 સુધી કુલ 12 પંચવર્ષીય યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. બારમી પંચવર્ષીય યોજનાનો સમયગાળો 2012-13 થી 2016-17 નો હતો. આ યોજનાનું કુલ કદ 3,46,352.89 હતું. નીચેનાં કોષ્ટકમાં બારમી યોજનાની નાણાકીય ફાળવણી દર્શાવવામાં આવી અને જેમાં તમે જોઈ શકો છો કે સૌથી વધુ એટલે કે કુલ ફાળવણીના 47.09% સામાજિક સેવાઓ માટે ફાળવવામાં આવેલ છે. જેમાં શિક્ષણ સ્વાસ્થ્ય વગેરે જેવી સુવિધાઓનો સમાવેશ કરવામાં આવે છે. જેવી સુવિધાઓનો સમાવેશ કરવામાં માટે 16.71% તથા પરિવહન માટે 9.31% ફાળવવામાં આવેલ છે. આમ, જે ક્ષેત્ર માટે વધારે સાધનોની જરૂર હોય તેને પ્રાથમિકતા આપવામાં આવે છે. જેમાં ઉર્જા પણ મુખ્ય ક્ષેત્ર છે.

### ગુજરાતમાં વાર્ષિક યોજનાઓ :

ગુજરાતમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ વાર્ષિક યોજના માટે ફાળવણી કરવામાં આવે છે. જેમાં ભૌગોલિક રીતે પછાત વિસ્તાર માટેની જોગવાઈ, સ્થાનિક અગત્યતા અનુસાર ફંડની જોગવાઈ સથનિક રાષ્ટ્રીય પર્વની ઉજવણી માટેની ફાળવણી વિકાસશીલ તાલુકાઓ માટેની જોગવાઈ વગેરે જેવા મુદ્દાઓને મહત્ત્વ આપવામાં આવે છે.

આમ, વિકેન્દ્રીત આયોજન પાછળનો હેતુ ગુજરાતમાં રહેલી પ્રાદેશિક ભિન્નતા અને વિશેષતાઓને આધારે સાધન ફાળવણી કરવાનો છે. જેથી સમતોલ વિકાસનો હેતુ સિદ્ધ થઈ શકે. છેલ્લાં પાંચ વર્ષમાં આ પ્રકારે થતું યોજનાકીય ફાળવણીનું પ્રમાણ વધતું ગયું છે. જે નીચેનાં ટેબલ પરથી જાણી શકાય છે.

ટેબલ 4.1

| વર્ષ | કરોડ રૂપિયા |
|---|---|
| 2013-14 | 1029.75 |
| 2014-15 | 1054.24 |
| 2015-16 | 1168.25 |
| 2017-18 | 1211.65 |
| 2018-19 | 1217.00 |

Source :www.planing.gujarat.gov.in/five-year_plan.htm.

ગુજરાતમાં પંચવર્ષીય યોજનાઓમાં ફાળવણી

ટેબલ 4.2

| યોજના | ફાળવણી લાખ |
|---|---|
| 10 (2002-07) | 47,000 |
| 11 (2007-12) | 1,28,500 |
| 12 (2012-17) | 34,63,52.89 |

Source :www.planing.gujarat.gov.in/five-year_plan.htm.

ટેબલ 4.1 અને 4.2 જોતા આપણે જોઈ શકીએ છીએ કે યોજનાકીય ફાળવણીમાં ઉત્તરોત્તર વધારો થતો ગયો છે. આ બાબત રાજ્યની આર્થિક બાબતોમાં સક્રિયતા તથા વિકાસલક્ષી દષ્ટિકોણનો પરિચય આપે છે.

4.4.4 પંચવર્ષીય યોજનાઓનું મૂલ્યાંકન :

કેન્દ્રમાં કે રાજ્યસ્તરે થતી યોજનાકીય ફાળવણી અને તેનું મૂલ્યાંકન એક અલગ જ વિસ્તૃત મુદ્દો બને છે. વળી, આ એકમ ગુજરાતના આર્થિક વહીવટનો પરિચય આપવા માટેનું હોવાથી અહીં તેના અમુક મહત્ત્વના મુદ્દાઓનો અભ્યાસ કરીએ.

ગુજરાતમાં આયોજનની સિદ્ધિઓ :

1. ઉત્પાદનમાં વધારો
2. માર્ગ પરિવહન સડક, રોડ રસ્તાઓ –પાકા રસ્તાઓની લંબાઈ
3. શૈક્ષણિક સુવિધાઓમાં વધારો.

**3.1 ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો અને સાક્ષરતાદર :**

4. સિંચાઈ (નર્મદા અન્ય) પૂરનિયંત્રણ અને અન્ય કુદરતી આપત્તિઓ સમયે જાનમાલની સુરક્ષા
5. કૃષિ ઉત્પાદનમાં વધારો

1. ગુજરાતમાં વીજ ઉત્પાદન વર્ષ 2015-16 માં 103138 મિલિયન યુનિટથી વધીને વર્ષ 2018-19 માં 121939 મિલિયન યુનિટ થયેલ છે. જે વિગત ટેબલ 4.3 માંથી જોઈ શકાય છે.

ટેબલ 4.3

| વર્ષ | વીજ ઉત્પાદન (મિ.યુ) |
| --- | --- |
| 2015-16 | 103138 |
| 2016-17 | 104284 |
| 2017-18 | 110543 |
| 2018-19 | 121939 |

Source :સામાજિક આર્થિક સમીક્ષા 2019-2020 ગુજરાત રાજ્ય અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગાંધીનગર.

2. પ્રાથમિક શિક્ષણનાં પ્રમાણમાં વધારો :

પ્રાથમિક શિક્ષણ (ધોરણ –5 થી 8) માં શાળા છોડવાનો દર વર્ષ 2001-02 માં 37.22 થી ઘટીને વર્ષ 2018-19 માં 4.48 થયો છે. તથા ધોરણ (1 થી 5) માં 2001-02 માં 20.50 જેટલો હતોજે ઘટીને 2018-19માં 1.40 થયો છે. ગુજરાત સરકારના શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમોની આ સફળતા ગણી શકાય.

3. સ્વાસ્થ્યસુવિધાઓ :

કોઈપણ પ્રદેશમાં બાળમૃત્યુદર એ તે પ્રદેશનાં સ્વાસ્થ્યની સુવિધાઓ જાણવાનો માપદંડ કહી શકાય. ગુજરાતમાં બાળ મૃત્યુદર વર્ષ 2002 માં 60 હતો જે ઘટીને 2017 માં 30 થયો હતો. ગુજરાત સરકારી ખાનગી ક્ષેત્ર સાથે મળીને સ્વાસ્થ્ય સુવિધાઓનો પ્રસાર કરવાની નીતિ પ્રશંસનીય કહી શકાય. આ યોજનાથી નિમ્ન આવક ધરાવતાં લોકો પણ ઉત્તમ સુવિધાઓ ધરાવતી હોસ્પિટલોમાં સારવાર લઈ શકે છે. મુખ્યમંત્રી અમૃતમ (MA) યોજના પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) નું એક સુંદર ઉદાહરણ પૂરું પાડે છે.

4. પરિવહન :

ગુજરાતમાં રેલ્વે, રસ્તાઓ, જળમાર્ગ, હવાઈસેવા વગેરેનો સારો વિકાસ થયો છે. વર્ષ 2015-16 માં રાજ્યમાં રસ્તાઓની કુલ લંબાઈ 80,768 કિલોમીટર હતી. જે 2016-17માં વધીને 81,246 કિલોમીટર એટલે કે કુલ રસ્તાઓના 97.82% પાકા રસ્તાઓની લંબાઈ હતી.

5. આધુનિક ટેકનોલોજીની જનસામાન્યને પ્રાપ્તિ :

ગુજરાતમાં 55 શહેરોમાં વાઈ-ફાઈ દ્વારા ફ્રી ઈન્ટરનેટ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

6. માથાદીઠ આવકમાં વધારો ગુજરાત રાજ્યની માથાદીઠ આવકમાં સતત વધારો થતો જોવા મળ્યો છે, જે ટેબલ નં. 4.4 પરથી જાણી શકાય છે.

ટેબલ નં. 4.4

| વર્ષ | માથાદીઠ આવક( ચાલુભાવે) રૂપિયામાં |
| --- | --- |
| 2013-14 | 1,13,139 |
| 2018-19 | 1,97,447 |

7. ગુજરાતમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોનાં ઉત્પાદનમાં વધારો :

કૃષિક્ષેત્રને વિસ્તૃત અર્થમાં જોતાં તેમાં પશુપાલન,દૂધ ઉત્પાદન, બાગાયની પાકો વગેરેને પણ અન્ય પરંપરાગન કૃષિ ઉત્પાદનોની સાથે સમાવિષ્ટ કરવામાં આવે છે. (મત્સ્ય ઉદ્યોગ) આ વિગતો આ અભ્યાસક્રમનાં આગળ આપેલાં કૃષિક્ષેત્ર બાબતમાં એકમોમાંથી આપણે જાણી શકીએ છીએ.

આમ, આપણે જોયું કે ગુજરાત રાજ્ય તેની પંચવર્ષીય યોજનાઓમાં જુદાંજુદાં ક્ષેત્રે પ્રાથમિકતાના આધારે ફાળવણી કરે છે તથા વિકાસ સાધે છે. ભૂકંપ ચક્રવાત જેવી કુદરતી આપત્તિ અંગેની આગોતરી જાણકારી આધુનિક ટેકનોલોજીની મદદથી વિકાસલક્ષી કામો વગેરે અપનાવીને સતત આગળ વધી રહ્યું છે.

## 4.5 સમાવાયતંત્રમાં ગુજરાત રાજ્યનાં કાર્યો અને કેન્દ્ર તરફથી મળતી આર્થિક સહાય :

ભારત એક સમવાયતંત્રી દેશ છે. ભારતમાં બંધારણની કલમ-1 અનુસાર દેશ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનો બનેલો સંઘ છે. ઉપરાંત 1992માં 73મો અને 74મો બંધારણ પાલિકાઓનો સમાવેશ પણ ત્રીજા સ્તરની સરકાર તરીકે કરવામાં આવેલ છે. આ ભારતમાં ત્રિસ્તરીય સમવાયતંત્ર છે તેમની વચ્ચે કામો અને સત્તાની વહેંચણી થયેલ છે. તેથી સમવાયંત્રનો અર્થ એ થાય કે સરકારનાં વિવિધ સ્તરો વચ્ચે કાર્યો અને સત્તાઓની યોગ્ય વહેંચણી થાય. જેથી તમામ સ્તરની સરકારો તેમનાં કાર્યો યોગ્ય રીતે કરી શકે. કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારોને અને કેન્દ્રશાસિત પ્રદેશોને ત્રણ રીતે નાણાં મળે તેની જોગવાઈ બંધારણમાં કરવામાં આવી છે.

1. નાણાં પંચની ભલામણ મુજબનુંઅનુદાન
2. સહાયક અનુદાન
3. લોન

અત્યારે રાજ્યોને કેન્દ્ર, પુરસ્કૃત યોજનાઓ માટે સહાયક અનુદાન મળે છે અને તે ઉપરાંત રાજ્યોની પોતાની યોજનાઓ સહિતની બીજી કેટલીક બાબતો માટે પણ અનુદાન સહાય મળે છે.

રાજ્યો અને કેન્દ્ર વચ્ચે સત્તાના અને કાર્યોના વિભાજન માટે બંધારણમાં ભાગ-11ના પ્રકરણ-1ની કલમ 246 અનુસાર અનુસૂચિ-7 આપવામાં આવી છે. જેમાં ત્રણ યાદીનો સમાવેશ થાય છે.

1. સંઘ યાદી : કેન્દ્ર સરકારે અથવા સંઘે કરવાનાં કામોની યાદી
2. રાજય યાદી : રાજય સરકારે કરવાનાં કામોની યાદી
3. સંયુક્ત યાદી : કેન્દ્ર સરકાર અને રાજય સરકાર બંને

જે કામો કરી શકે તેવાં કામોની યાદી ડિસેમ્બર 2015ની સ્થિતિએ સંઘ યાદીમાં 100 અને રાજય યાદીમાં 61 કામોની યાદી અને સંયુક્ત યાદીમાં પર વિષયોનો સમાવેશ કરાયો હતો. 73માં બંધારણ સુધારાથી અનુસૂચિ-11 દાખલ કરવામાં આવી અને તેમાં પંચાયતો માટે 29 કામોની યાદી આપવામાં આવી તથા 74માં બંધારણ સુધારા અનુસાર અનુસૂચિ-12 ઉમેરીને પાલિકાઓને18 કામો સોંપવામાં આવ્યા છે. પરંતુ પંચાયતો કે પાલિકાઓને વેરા નાખવાની સત્તા આપવામાં આવેલ નથી. કારણ કે બંધારણ તેમને કાયદો કરવાની સત્તા સોંપતું નથી. આ સંદર્ભે રાજ્યોએ કરવાનાં કામોનો આપણે ટૂંકમાં જોઈએ.

1. બંધારણીય જોગવાઈઓ :

1. કલમ-268 : કેન્દ્ર સરકાર જકાત નાખે પણ રાજ્યો ઉઘરાવી અને વાપરે ઔષધીય અને શૌચાલય સંબંધી ચીજો પરની જકાત ભારત સરકાર નાખે એમ સંઘ ચીજો પરની જકાત ભારત સરકાર નાખે એમ સંઘ ચીજો કહેવાય, પણ રાજ્યો ઉઘરાવે અને રાજ્યો જ તે વાપરે.

2. કલમ-268(A): સેવા વેરો કેન્દ્ર સરકાર અને રાજ્યો ઉઘરાવે અને વાપરે અને તે માટેની પદ્ધતિ સંસદ કાયદો કરીને નક્કી કરે.

૩. કલમ-269: કેન્દ્ર સરકાર વસ્તુની આંતરરાજ્ય ખરીદી અને વેચાણ પર વેરા નાખે અને ઉઘરાવે અને આવક રાજ્યોને આપે.

4. કલમ-275 : સંસદ કાયદો કરીને રાજ્યોને ભારત એકત્રિત નિધિમાંથી સહાયક અનુદાન આપી શકે છે અને તે જુદાં જુદાં રાજ્યો માટે અલગ અલગ હોઈ શકે.

1. કાયદાકીય કાર્યો : રાજ્યોને કરવાનાં થતાં કાર્યોની યાદીમાં કુલ 61 બાબતોનો સમાવેશ થાય છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાં, પોલિસ દળ, સ્વાસ્થ્ય અને રાજ્યની પરિવહન સેવા, જમીન અંગેની નીતિઓનું ઘડતર વીજળીનું ઉત્પાદન અને વિતરણ, ગામડાંઓનો વહીવટ વગેરે જેવાં કાર્યો રાજ્યોએ કરવાનાં થાય છે. આ કાર્યો સંબંધે બધાં રાજ્યોમાં એકસૂત્રતા હોય તે ઈચ્છવાયોગ્ય છે. જો કે તેમાં સમાનતા હોવી જરૂરી નથી. ઉદાહરણ તરીકે જમીન અંગેની નીતિ તો રાજ્યમાં જમીનનું પ્રમાણ અને પ્રકાર વગેરેને આધારે બધા જ રાજ્યોની જમીન વિષયક નીતિ એકસરખી ન પણ હોય.

કેન્દ્ર સાથે મળીને સંયુક્ત રીતે કરવાનાં કાર્યો.

આ વિભાગમાં કુલ 51 કાર્યોની યાદી છે. જેમાં લગ્ન અને છૂટાછેડા, કૃષિની જમીન સિવાયનું સંપત્તિનું હસ્તાંતરણ, શિક્ષણ, કરારો, ટ્રસ્ટો, સિવિલ પ્રોસીજર, અદાલતનો અનાદર, ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અને છેતરપિંડી, દવાઓ અને ઝેરી પદાર્થો, આર્થિક અને સામાજિક આયોજન, ટ્રેડ યુનિયન, શ્રમિક કલ્યાણ, વીજળી, સમાચારપત્રો, પુસ્તકો અને દવાખાનાં, સ્ટેમ્પ ડ્યૂટી વગેરે જેવી બાબતો સમાવિષ્ટ છે.

(ખ) કારોબારી કાર્યો :

કેન્દ્ર અને રાજ્યોના સ્વતંત્ર કારોબારી કર્મચારીઓ હોય છે. સામાન્ય રીતે કેન્દ્ર દ્વારા રાજ્યના કારોબારી/વહીવટી કાર્યોમાં દખલ કરવામાં આવતી નથી. જો કે વિશિષ્ટ સંજોગોમાં રાષ્ટ્રપતિશાસન સમયે કેન્દ્રને આ બાબતે સત્તા મળેલી છે. રાજ્યો તેનાં કારોબારી, વહીવટી કાર્યો કરતી વખતે કેન્દ્રના નિર્ણયો અને કાયદાઓની ઉપરવટ જઈ શકતું નથી. જો તેમ કરવામાં આવે તો તે રાજ્યમાં રાષ્ટ્રપતિશાસન લાગુ પાડવામાં આવે છે.

- નાણાકીય કાર્યો :

બંધારણની કલમ 282 રાજ્યોને પ્રજાહિતમાં નાણાકીય સાધનો ખર્ચ કરવાની સ્વતંત્રતા આપે છે. રાજ્યો કેન્દ્ર સરકારની મંજૂરીથી અમર્યાદિત રીતે નાણાં ઉછીનાં પણ લઈ શકે છે. જો કે તે માટે કેન્દ્ર સરકારનાં કેટલાંક ધારાધોરણોનું પાલન કરવું પડે છે. રાષ્ટ્રપતિ દ્વારા નાણાપંચની રચના પણ કરવામાં આવે છે. જેના વિષે આ જ એકમમાં આગળ વિસ્તારથી સમજાવવામાં આવેલું છે. જો દેશમાં કોઈપણ ભાગમાં નાણાંકીય સ્થિરતા જોખમાતી લાગે તો રાષ્ટ્રપતિ સંસદની મંજૂરીથી નાણાકીય કટોકટી જાહેર કરી

શકે.

5. કલમ-354 : જો કટોકટી લદાયેલી હોય તો આવકની વહેંચણી અંગે જો જોગવાઈ બંધારણમાં કલમ 268 થી 279 સુધીમાં કરવામાં આવી છે તે લાગુ ન પડે.

6. કલમ-356: રાજ્યોમાં રાષ્ટ્રપતિશાસન જાહેર કરીને કેન્દ્ર સરકાર રાજ્યોની તમામ સત્તાઓ પોતાના હસ્તક કરી શકે છે.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચેના નાણાકીય સંબંધો તનાવભર્યા રહ્યા છે. કારણ કે કેન્દ્ર સરકાર પાસે એવા વેરા છે કે જે મૂલ્યસાપેક્ષ છે. એટલે કે તે વેરાનાં દરમાં સહેજ વધારો કરવામાં આવે તો પણ આવકમાં મોટો વધારો થાય છે. જ્યારે રાજ્ય સરકાર પાસે વેટ સિવાયના બાકીના બધા જ વેરાઓ મૂલ્ય અનપેક્ષ છે કે જેમાં બધામાં મોટો કરદરમાં વધારો કરતાં પણ આવકમાં વધુ મોટો વધારો થતો નથી. તેથી કેન્દ્ર પાસે વધુ આવક અને રાજ્ય પાસે ઓછી આવક જમા થાય છે. જો કે જી.એસ. ટી. ને કારણે પરિસ્થિતિમાં ફેરફાર થયો છે. આ ઉપરાંત કેન્દ્રની સહાય રાજ્યો માટે ખૂબ જ મહત્ત્વની હોય છે. જેમ કે ગુજરાત સરકારના 2017-18ના બજેટમાં કેન્દ્રની સહાય કુલ બજેટના લગભગ ૨૨ ટકા જેટલી હતી.

આમ રાજ્યો પાસે આવક ઓછી અને કામો વધારે એવી જે સમસ્યા ઊભી થઈ તેનો ઉકેલ બંધારણમાં જ નાણાં પંચની રચનાની જોગવાઈ કરીને લાવવામાં આવ્યો.

5. નાણાંપંચ નીચે મુજબની રાષ્ટ્રપતિને ભલામણ કરશે.

A. વહેંચણીપાત્ર ભંડોળ નક્કી કરવું.

B. રાજ્યો માટેની કુલ રકમમાંથી રાજ્યો વચ્ચે વહેંચણી કરવી અને તે અંગેનાં ધોરણો નક્કી કરવાં.

C. ભારતની એકત્રિત નિધિમાંથી સહાયક અનુદાન તરીકે રાજયોનેઆપવાની રકમ અંગેના સિદ્ધાંતો નક્કી કરવા.

D. રાજ્ય નાણાંપંચની ભલામણોને આધારે રાજ્યોમાં પંચાયતો અને પાલિકાઓનાં સંસાધનોને પૂરક બને તે રીતે રાજ્યોની એકત્રિત નિધિ વધારવા માટે પગલાં સૂચવવા.

E. નાણાંપંચ રાષ્ટ્રપતિને પોતાના અહેવાલ આપે છે. ત્યારબાદ રાષ્ટ્રપતિ કેન્દ્રના બન્ને ગૃહમાં રજૂ કરાવે છે.

દસમાં નાણાંપંચ સુધી કેન્દ્રસરકારની માત્ર આવકવેરા અને આબકારી જકાતની ચોખ્ખી આવકની વહેંચણી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કરતાં હતા. જ્યારે અગિયારમાં નાણાંપંચથી કેન્દ્ર સરકારની લગભગ બધા વેરાની આવક વહેંચવાનું વલણ અપનાવવામાં આવ્યું. 14માં નાણાં પંચ સુધી આવક વેરો, સંપત્તિ વેરો, કંપની વેરો, સેવા વેરો, આકારી જકાત અને કસ્ટમ જકાત એમ છ વેરાની ચોખ્ખી આવકમાંથી રાજયને હિસ્સો આપવામાં આવતો હતો. પરંતુ 2015-16માં સંપત્તિ વેરો નાબૂદ થતા બાકી રહેલા પાંચ વેરાની આવકમાંથી હિસ્સો આપવામાં આવે છે.

### 4.5.3 14માં નાણાંપંચનો અહેવાલ :

14 માં નાણાપંચના અધ્યક્ષ રિઝર્વ બેંકનાં ભૂતપૂર્વ ગવરર્નર વાય.વી.રેડ્ડી હતા. 14માં નાણાંપંચની ભલામણોનો ગાળો વર્ષ 2015 થી 2020નો પાત્ર ભંડોળ નક્કી કરવાં નીચે મુજબના ધોરણો ધ્યાનમાં લીધા હતા.

1. 1971ની વસ્તી ગણતરી વસ્તીને 17.5% અને 2011ની વસ્તીને 10% ભાર આપવામા આવ્યો હતો.

2. રાજ્યોના ભૌગોલિક વિસ્તારને 15% ભાર જયારે નાના રાજ્યો માટે લઘુતમ બે ટકા ભાર આપવામાં આવ્યો.
3. જંગલ-વિસ્તાર માટે 7.5% ભાર.
4. રાજકોષીય ક્ષમતા માટે 50% ભાર આપવામાં આવ્યો હતો.

આ, વહેંચણી પાત્ર ભંડોળમાં સૌથી વધારે ઉત્તરપ્રદેશ 17.959, બિહાર 9.665 ટકા, પશ્ચિમ બંગાળ 7.324, રાજસ્થાન 5.495% ભંડોળ ની વહેંચણી થતી. જયારે ગુજરાતને 3.084% કુલ ભંડોળમાંથી આવક મળતી હતી.

4.5.4 સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ :

1. કેન્દ્ર સરકારનું જે અનુદાન નાણાંપંચની ભલામણ અનુસાર મળે તે પાયાની સેવાઓ માટે ખર્ચ કરવો.
2. રાજ્યોને વસ્તીને 90% અને વિસ્તારને 10% ભાર આપીને પંચાયતો અને પાલિકાઓ માટે નાણાં આપવાં માથાદીઠ રૂા. 488ની ગણતરીએ અનુદાન આપવું.
3. પંચાયતોને મૂળભૂત અનુદાન 90%ને આધારે અને તેમની કામગીરીને આધારે 10% અનુદાન આપવું.
4. પાલિકાઓને 80% મૂળભૂત અનુદાન અને 20% તેની કામગીરીને આધારે અનુદાન આપવું.
5. પંચાયતો માટે બધું અનુદાન ગ્રામ-પંચાયતોને 2011ની વસ્તીને ધોરણે આપવું. બાકી રહેથી પંચાયતોની વ્યવસ્થા રાજ્ય સરકારો કરે.

આ ઉપરાંત આપત્તિ સંચાલન માટે રાજ્યો 10% અને કેન્દ્ર સરકાર 90%નાણાં આપે. પાંચવર્ષના ગાળા માટે 11 રાજ્યોને મહેસૂલી ખાધ પૂરવા રુ. 1,94,821 કરોડ આપવા.

કેન્દ્રના કેટલાક કરવેરા જોતા કે આવકવેરો, વારસાવેરો અને કેન્દ્રીય આબકારી જકાત વગેરેની વહેંચણી આવકમાંથી હિસ્સો નક્કી કરીને રાજ્યોને વહેંચવામાં આવે છે. આ વહેંચણી કયાં માપદંડને આધારે કરવી તે નાણાપંચ દ્વારા નક્કી કરવામાં આવે છે. અત્યાર સુધી દરેક નાણાપંચ વસ્તીની માથાદીઠ આવક, આંતરમાળખું, ભૌગોલિક વિસ્તાર કર વસૂલાત પ્રયાસ અને રાજકોષીય શિસ્ત વગેરેને માપદંડો અલગ અલગ પ્રમાણમાં મહત્ત્વ આપવામાં આવ્યું છે.

સમગ્ર નાણાંપંચના આધારે સૌથી વધારે નાણાં સંદર્ભે ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ,મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ અને ઓરિસ્સાનો સમાવેશ થાય છે.

ટેબલ 4.5ના આધારે નાણાપંચનો અહેવાલ જોતાં નીચે પ્રમાણેના મુદ્દા ફલિત થાય છે.

* ગુજરાતને મળતી આવક સરેરાશ ત્રણ ટકા જેટલી છે. દશમાં નાણાંપંચ બાદ વસ્તીપ્રમાણ મહત્ત્વ ઘટાડીને આંતર માળખાકીય સુવિધાને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું. આ ઉપરાંત રાજકીય શિસ્ત દાખવે તો તેને વધારે કેન્દ્રિય હિસ્સો મળે છે.
* ગુજરાત અને મહારાષ્ટ્ર વસ્તીની ટકાવારી પ્રમાણ 4.91 અને 9.28 ટકા છે. જયારે તેને આવકમાંથી મળતો હિસ્સો 2.82% અને 4.63 ટકા છે. જયારે બિહારમાં વસ્તી ટકાવારી પ્રમાણ 10.37 ટકા છે. તેની મળતી આવક 11માં નાણાપંચ અનુસાર માળખાને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે.

* 14માં નાણાંપંચમાં વસ્તી 1971અને 2011 સંયુક્ત રીતે ધ્યાનમાં લેવામાં આવી હતી. આથી દક્ષિણ ભારતનાં જે રાજ્યોમાં વસ્તી વધારાનો દર ઘટયો છે તેની આવકમાં પણ ઘટાડો થયેલો જોવા મળે છે.

ટેબલ-4.5 10મા, 11મા, 12માં 13માં, 14માં વહેંચણીપાત્ર ભંડોળનું પ્રમાણ

| ક્રમ | રાજ્ય | 10માં નાણાંપંચ | 11માં નાણાપંચ | 12માં નાણાપંચ | 13માં નાણાપંચ | 14માં નાણાપંચ |
|---|---|---|---|---|---|---|
| 1. | આંધ્રપ્રદેશ | 8.375 | 7.701 | 7.356 | 6.937 | 4.305 |
| 2. | અરુણાચલ પ્રદેશ | 0.062 | 0.244 | 0.288 | 0.328 | 1.370 |
| 3. | આસામ | 3.003 | 3.285 | 3.235 | 3.628 | 3.311 |
| 4. | બિહાર | 14.773 | 14.597 | 11.028 | 10.917 | 9.665 |
| 5. | છત્તીસગઢ | - | - | 2.654 | 2.470 | 3.080 |
| 6. | ગોવા | 00 | 0.602 | 0.259 | 0.266 | 0.378 |
| 7. | ગુજરાત | 3.632 | 2.821 | 3.569 | 3.014 | 3.084 |
| 8. | હરિયાણા | 1.028 | 0.944 | 1.075 | 1.048 | 1.084 |
| 9. | હિમાચલ પ્રદેશ | 0.638 | 0.683 | 0.522 | 0.781 | 0.713 |
| 10. | જમ્મુ અને કાશ્મીર | 0.871 | 1.930 | 1.297 | 1.5581 | 1.854 |
| 11. | ઝારખંડ | - | - | 3.361 | 2.802 | 3.139 |
| 12. | કર્ણાટક | 5.128 | 4.930 | 4.459 | 4.328 | 4.713 |
| 13. | કેરળ | 4.029 | 3.057 | 2.665 | 2.341 | 2.500 |
| 14. | મધ્યપ્રદેશ | 8.339 | 8.838 | 6.711 | 7.120 | 7.548 |
| 15. | મહારાષ્ટ્ર | 4.953 | 4.632 | 4.997 | 5.199 | 5.521 |
| 16. | મણિપુર | 0.207 | 0.366 | 0.362 | 0.451 | 0.617 |
| 17. | મેઘાલય | 0.201 | 0.342 | 0.371 | 0.408 | 0.642 |
| 18. | મિઝોરમ | 0.053 | 0.198 | 0.239 | 0.269 | 0.460 |
| 19. | નાગાલેન્ડ | 0.087 | 0.220 | 0.263 | 0.314 | 0.498 |
| 20. | ઓરિસ્સા | 4.776 | 5.056 | 5.161 | 4.779 | 4.642 |
| 21. | પંજાબ | 0.246 | 1.147 | 1.299 | 1.389 | 1.577 |
| 22. | રાજસ્થાન | 5.421 | 5.472 | 5.609 | 5.853 | 5.495 |
| 23. | સિક્કિમ | 0.026 | 0.184 | 0.227 | 0.239 | 0.367 |
| 24. | તમિલનાડુ | 6.637 | 5.385 | 5.305 | 4.969 | 4.023 |
| 25. | ત્રીપુરા | 0.322 | 0.487 | 0.428 | 0.511 | 0.642 |
| 26. | ઉત્તરપ્રદેશ | 19.586 | 19.798 | 19.264 | 19.677 | 17.959 |
| 27. | ઉત્તરાંચલ | - | - | 0.939 | 1.120 | 1.052 |
| 28. | પશ્ચિમ બંગાળ | 7.887 | 8.116 | 7.057 | 7.264 | 7.324 |
| 29. | તેલંગણા | - | - | - | - | 2.437 |
| | બધા રાજ્યો | 100.000 | 100.000 | 100.000 | 100.000 | 100.00 |

સ્ત્રોત :10 થી 14 નાણાપંચના અહેવાલો.

આમ, નાંણાપંચ દ્વારા વિવિધ માપદંડોના આધારે વહેંચણીપાત્ર ભંડોળની રકમ વહેંચે છે. પરંતુ કેન્દ્રના કુલ વહેંચણી પાત્ર સાધનોમાંથી 1/3 ભાગ જ નાણાંપંચ દ્વારા વહેંચણી કરવામાં આવે છે. જયારે 2/3 ભાગ આયોજનપંચ કે જે વર્તમાનમાં નીતિ આયોગ અને કેન્દ્રિય લોન સ્વરૂપે ફાળવવામાં આવે છે તે રાજ્યોની મનસ્વી રીતે ગ્રાન્ટ અને લોન ફાળવે છે. જેથી નાણાપંચનું મહત્ત્વ ઘટતું જોવા મળે છે.

- GST :ભારત એક સમવાયતંત્ર દેશ હોવાથી કાર્યો અને નાણાકીય વિભાજન રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે બંધારણની જોગવાઈ પ્રમાણે વહેંચાય છે. તે અનુસાર રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વેરા ઉઘરાવે છે. અમલીકરણ દ્વારા 1 જુલાઈ 2017 થી GSTનો અમલ કરવામાં આવ્યો છે. વળી પહેલા આ વેરાઓ ઉત્પાદનનાં સિદ્ધાંત અનુસાર એટલે કે જે રાજ્ય વસ્તુંનું ઉત્પાદન કરે તેને વેરાની આવક મળતી. જયારે GST એ ઉપભોગના સિદ્ધાંત અનુસાર એટલે કે જે રાજ્યમાં વપરાશ થાય તેને વેરાની આવક મળે છે. આ કરવેરામાં પરિવર્તનનાં કારણે રાજ્ય અને કેન્દ્ર સરકારના નાણાકીય સંબંધો પણ બદલાતાં જોવા મળે છે.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે GST અંતર્ગત ત્રણ ભાગોમાં વિભાજન કરવામાં આવેલ છે.

1. એસ.જી.એસ.ટી. (રાજ્ય સરકાર હેઠળ આવશે)

SGST હાલના તબક્કે વેટ, મનોરંજન વેરો, લકઝરી ટેક્ષ, લોટરી વગેરે પરના વેરા, રાજયને લગતા વેરા અને સરચાર્જ અને ---આ કાયદામાં મર્જ કરી રાજ્ય ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ (SGST) નામ આપવામાં આવ્યું છે.

2. સી.જી.એસ.ટી (કેન્દ્ર સરકાર હેઠળ આવશે)

SGST માં કેન્દ્ર સરકારને મળવાપાત્ર વેરા જેવા કે એકસાઇઝ ડયૂટી, વધારાની એકસાઇઝ ડયુટી તથા અન્ય કાયદા હેઠળ લાગતી સ્પેશિયલ એકસાઇઝ ડયૂટી સર્વિસ ટેન્સી વધારામાં કસ્ટમઅને સરચાર્જનો સમાવેશ કરેલ છે.

(3) આઇ. જી. એસ.ટી. (ઈન્ટરમીડિયેટ જી.એસ.ટી)

SGST માં માલ અને સેવાઓના આંતર રાજ્ય વ્યવહારો પર લાગુ પડશે એટલે કે રાજ્ય બહાર સપ્લાય કે સેવાઓ કરવામાં આવશે તેના પર વેરો લેવામાં આવશે. આ વેરો કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવશે.

SGSTના અમલીકારણના સરકારે આવક ખાધમાટે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોને વળતર આપવાનું છે. જીએસટી વધારો 2012 મુજબ રાજયને કર આવક ગુમાવે તો પાંચ વર્ષના સંક્રમણ સમયગાળા દરમ્યાન વળતર ચૂકવવા પાત્ર રહેશે. અને રાજ્યના ચૂકવાપાત્ર વળતરની જોગવાઈ તાત્કાલિક ગણતરી કરી દર બે મહિનાના અંતે રિલીઝ કરવામાં આવશે. રાજ્યોને ચૂકવવાપાત્ર રકમની ગણતરી માટે નાણાકીય વર્ષ 2015-16 લેવામાં આવ્યું છે. પરિવર્તન સમયગાળા દરમ્યાન રાજ્ય માટે આવકનો અંદાજિત વૃદ્ધિદર વાર્ષિક 14 ટકા હશે.

ગુજરાત રાજ્યની કુલ GST અંતર્ગતની આવક વર્ષ 2018-19માં 73,440 કરોડ હતી. જે વર્ષ 2019-20માં વધીને 79.923 કરોડ થયેલી છે. એટલે તેમાં 7% વૃદ્ધિદર થયેલ જોવા મળે છે. પરંતુ વર્તમાન સમયમાં કોવિડ-૧૯ કોરોનાની મહામારીના કારણે બિલની GSTની આવકમાં મોટો ઘટાડો થવાની સંભાવના છે.

આમ, GSTના કારણે રાજ્યને GST પરિષદમાં સ્થાન મળેલું હોવાથી અને એક પારદર્શક માળખાના કારણે રાજ્યની આર્થિક સધ્ધરતામાં વધારો થવાની સંભાવના છે.

## 4.6 સારાંશ :

4.7 કલ્યાણલક્ષીસરકાર પ્રજાકીય સેવાઓ તેમજ નાગરિક સુવિધાઓ પૂરી પાડે છે. ભારતની ભૌગોલિક વિશાળતા બહુ મોટી છે તેમજ જનસંખ્યા પણ ઘણી છે. તે બાબતોને ધ્યાનમાં રાખીને સમવાયી રાજયવ્યવસ્થા અપનાવવામાં આવી છે. સમવાય પ્રકારનાં વ્યવસ્થાતંત્રમાં કેન્દ્ર અને રાજ્યોને કરવાનાં થતાં કાર્યો તથા નાણાકીય આવકનાં સાધનોની સ્પષ્ટ યાદી કરવામાં આવેલી છે.

ગુજરાત રાજ્યની સ્થાપના 1960માં થઇ. રાજ્યની સ્થાપના દ્વિભાર્થી મુંબઈના ભાષાવાર વિભાજનથી કરવામાં આવેલ છે. આમ, થવાથી સ્વતંત્ર રાજ્ય તરીકે ગુજરાતને મળનાર આર્થિક તેમજ રાજકીય લાભો વધવાની સંભાવનાઓ હતી. આ પ્રકારનાં રાજ્યનાં વિભાજનથી વહીવટી સરળતા પણ આવી.

ગુજરાતના કુલ 33 જિલ્લાઓ છે. રાજ્ય સરકાર તેના જુદા જુદા વિભાગો દ્વારા જિલ્લાઓનો વહીવટ કરે છે. વહીવટી કાર્યો માટે થતા ખર્ચ અને આવકની બાબતો રાજયના આયોજન વિભાગ દ્વારા થાય છે. રાજયની અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગની કચેરી સામાજિક આર્થિક સંશોધન કરીને ખર્ચનો અંદાજ મૂકે છે.

પ્રજાહિતનાં કાર્યો માટે રાજ્યોને તેમની કરવેરા વગેરેની આવક ઉપરાંત જરૂર પડે તો કેન્દ્રની સરકારની નાણાંપંચ તથા આયોજન પંચ દ્વારા પણ રાજ્યોને નાણાકીય સહાય તેમજ અનુદાનની ફાળવણી કરવામાં આવે છે.

## 4.7 ચાવીરૂપ શબ્દોઃ

1. પોલીસ રાજ્ય : કેમ્બ્રિજ ડીક્ષનરી પ્રમાણે પોલીસ રાજ્ય એટલે એવો દેશ કે જયાંના લોકોને હરવા ફરવાની તેમનો મત વ્યક્ત કરવાની વગેરે જેવી સ્વતંત્રતા સરકાર પર પોલીસની મદદથી સખત નિયંત્રણ મૂકે છે.

2. માળખાકીય સુવિધાઓ : આ એવા પ્રકારની સુવિધઓ છે જેના આધારે આર્થિક વિકાસ થાય છે. સંદેશા વ્યવહાર, વાહન વ્યવહાર, વીજળી, પાણી, સફાઇ, કાયદો અને વ્યવસ્થા, શિક્ષણ અને સ્વાસ્થ્ય સુવિધાઓ માળખાંકીય સુવિધાઓ છે. આવી સુવિધાઓથી વિકાસની ઈમારતનું માળખું તૈયાર થાય છે. તેના અભાવે વિકાસ થઈ શકતો નથી.

3. અનુદાન : એક સંસ્થા તરફથી બીજી નફા સિવાયના હેતુથી કામ કરતી સંસ્થાને સરકાર તરફથી રાજ્યોને તેમની નાણાંકીય જરૂરિયાત પૂરી કરવા માટે જે નાણાકીય સહાય આપવામાં આવે છે. તેને અનુદાન કહે છે. અનુદાન લેનારે અનુદાનની રકમ પરત કરવાની રહેતી નથી.

4. રાજકોષીય ક્ષમતા : રાજકોષીય ક્ષમતા એટલે જે તે રાજ્યની તેના સાધનોમાંથી આવકનું સર્જન કરવાની ક્ષમતા. રાજ્ય દ્વારા જાહેર વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડવામાં આવે છે. તે માટે જરૂરી નાણાકીય સાધનો ઊભાં કરવાની ક્ષમતા વહીવટી કુશળતાનો પણ વિષય છે.

5. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને અલગ અલગ નામથી ઓળખવામાં આવે છે. મુખ્યત્વે તેનો ઉદ્દેશ સ્થાનિક પ્રશ્નોનું સ્થાનિક લોકો દ્વારા નિરાકરણ લાવવાનો છે. ગુજરાતમાં જિલ્લા પંચાયત તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત વગેરે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે. જો કે આવી સંસ્થાઓ પાસે આવકના સ્વતંત્ર સ્રોત નથી હોતાં.

## 4.8 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ લખો.

1. ગુજરાત રાજ્યની સ્થાપના કેવા સંજોગોમાં થઇ ? અલગ રાજ્ય તરીકે સ્થાપિત થવાનાં કારણો અને પરિણામો જણાવો.
2. ગુજરાત રાજ્યનો રાજકીય અને વહીવટી પરિચય આપો.
3. સમવાય તંત્ર એટલે શું ? સમવાયી વ્યવસ્થામાં રાજ્યની આર્થિક ફરજો, કરવાનાં થતાં કાર્યો અને કેન્દ્ર – રાજ્ય નાણાકીય સંબંધો ગુજરાતના સંદર્ભમાં સમજાવો.

(ખ) નીચેના વિષયો પર ટૂંકનોંધ લખો

1. ગુજરાત રાજ્યની સ્થાપના
2. ગુજરાતના જિલ્લાઓ
3. ગુજરાતનાં વહીવટી માળખાનો પરિચય
4. સમવાયતંત્રમાં કેન્દ્ર તરફથી ગુજરાતને મળતી નાણાકીય સહાય અને રાજ્યની ફરજો

(ગ) હેતુલક્ષી પ્રશ્નો :

યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબ આપો.

1. ગુજરાત રાજ્યની સ્થાપના ક્યારે થઇ
   (1947, 1951, 1960)
2. ગુજરાત રાજ્ય સ્વતંત્ર થયા પહેલાં કયાં રાજ્ય સાથે જોડાયેલું હતું ?
   (રાજસ્થાન, મધ્યપ્રદેશ, મુંબઇ)
3. વર્ષ 2020માં ગુજરાતના કેટલા જિલ્લાઓ છે ?
   (33, 35, 50)
4. ભારતમાં કયા પ્રકારની રાજ્યવ્યવસ્થા અપનાવવામાં આવી છે ?
   (એકતંત્રી, સમવાયતંત્રી, પ્રમુખી)
5. રાજ્ય સરકાર આર્થિક આયોજન કેટલા સમયગાળા માટે કરે છે?
   (ત્રણ વર્ષ, સાત વર્ષ, પંદર વર્ષ, આપેલ બધા જ)
6. ગુજરાતમાં પ્રથમ પંચવર્ષીય યોજના ક્યારે શરૂ થઈ?
   (1951, 1960, 1075)
7. ગુજરાતની બારમી પંચવર્ષીય યોજનામાં સૌથી વધુ નાણાકીય ફાળવણી કઇ બાબત માટે કરવામાં આવી છે?
   (સામાજિક સેવાઓ, સરહદની સુરક્ષા, પરિવહન)
8. નીચેનામાંથી કોના દ્વારા રાજ્યોને નાણાકીય ફાળવણી કરવામાં નથી આવતી?
   (નાણાંપંચ, આયોજનપંચ, ચૂંટણીપંચ)
9. GSTનો અમલ કયાં વર્ષ કરવામાં આવ્યો ?
   (2011, 2017, 2020)

## 4.9 ઉપયોગી સંદર્ભ વાચનઃ


1. પ્રો. હેમંત કુમાર શાહ "ભારતીય અર્થતંત્ર" વેદ વ્યાસ વિદ્યાપીઠ,ગાંધીનગર
2. 11 થી 14નાણાંપંચના અહેવાલો.
3. www.gst.gov.in
4. https://planning.gujarat.gov.in/vision.htm
5. https://planning.gujarat.gov.in/introduction.htm
6. https://gad.gujarat.gov.in/organization-structure.htm
7. https://planning.gujarat.gov.in/five_year_plan.htm
8. https://planning.gujarat.gov.in/
9. https://www.jatinverma.org/federal-system-in-india
10. https://shodhganga.inflibnet.ac.in/bitstream/10603/175229/9/09_chapter_03.pdf (Research by Begum Tabesum, Supervisor, Sengupta P., University of North Bengal, 2014)
11. https://en.wikipedia.org/wiki/Federalism_in_India
12. https:/shodhganga.inflibnet.ac.in


## 4.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

1. 1960
2. મુંબઈ
3. 33
4. સમયવાયતંત્રી
5. આપેલ બધા જ
6. 1960
7. સામાજિક સેવાઓ
8. ચૂંટણીપંચ
9. 2017

BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય વર્ષ BA અર્થશાસ્ત્ર
પેપર ૪ (મુખ્ય તથા ગૌણ)
ECOM 204/ ECOS 204
ગુજરાતનું અર્થતંત્ર



## ગુજરાતનાં કૃષિ અને ઉદ્યોગ ક્ષેત્ર 2

સંપાદકઃ

પ્રો. ડો. અમી ઉપાધ્યાય, નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ, કુલપતિ, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ

જીવરાજ ઝાંપડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

---

વિષય સમિતિઃ

ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. ગીતા પંડ્યા, પ્રિન્સિપાલ (નિવૃત્ત), સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ.

ડો. ગૌરાંગ રામી, પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ, સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત

---

વિષય પરામર્શનઃ

પ્રો. ડૉ. પી. જી. મારવણીયા પ્રોફેસર અને હેડ અર્થશાસ્ત્ર,વિભાગ, (નિવૃત)સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ

ડો. કલ્પના સતીજા, એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ, કચ્છ

---

લેખનઃ

ડૉ. રામ વારોતરિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, યુ.એન.મહેતા આર્ટસ કોલેજ,મોરબી

ડૉ. દેવેન્દ્રસિંહ જાડેજાઆર.ડી. એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,મુન્દ્રા

---

ભાષા પરામર્શનઃ

ડો.લીનાબેન સ્વાદિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગર

પ્રો. ડો. યોગેન્દ્ર પારેખ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ધીરજ પી ગોહિલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ

---

પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કુલસચિવ (કાર્યકારી), ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

---

**ISBN: 978-93-91468-30-9**

**: સર્વાધિકાર સુરક્ષિત :**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વ-અધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસક્રમ-સામગ્રીનો કોઇ પણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

This publication is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0) https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

# વિભાગ

# 2

# ગુજરાતનાં કૃષિ અને ઉદ્યોગ ક્ષેત્ર

| | |
|---|---|
| એકમ-5 ગુજરાતનું કૃષિ ક્ષેત્ર : જમીન અને કૃષિ પદ્ધતિ | 7 |
| એકમ-6 ગુજરાતમાં કૃષિ : મુખ્ય પાકો અને ઉત્પાદનના વલણો | 25 |
| એકમ-7 ખેતી વિકાસ અને યોજનાઓ | 37 |
| એકમ-8 ગુજરાતનું ઉદ્યોગક્ષેત્ર | 53 |
| એકમ-9 ઔદ્યોગિક વિકાસ અને યોજનાઓ | 67 |

## દ્વિતીય વર્ષ બીએ(મુખ્ય અને ગૌણ)

## પેપર 4 - ગુજરાતનું અર્થતંત્ર

| એકમ સંખ્યા | એકમનું નામ | સમાવિષ્ટ મુદ્દાઓ |
|---|---|---|
| 1 | પ્રાદેશિક અર્થશાસ્ત્ર-I | પ્રદેશ એટલે શું?, પ્રાદેશિક અર્થતંત્રના અભ્યાસનું મહત્વ |
| 2 | પ્રાદેશિક અર્થશાસ્ત્ર-II | પ્રદેશોના જુદાજુદા પ્રકારો, પ્રાદેશિક આવક, પ્રાદેશિક વિકાસના નિર્દેશકો,રાજ્યનું ઘરગથ્થુ ઉત્પાદન |
| 3 | ગુજરાત પ્રદેશનો પરિચય- I | ગુજરાતનું ભૌગોલિક સ્થાન, ગુજરાતનાં કુદરતી પર્યાવરણીય પાસાંઓ, પ્રદૂષણની સ્થિતિ |
| 4 | ગુજરાત પ્રદેશનો પરિચય-II | ગુજરાત રાજકીય અને વહીવટી (રાજકીય ઈતિહાસ, જીલ્લાઓ, વહીવટી વિભાગોનો પરિચય ટૂંકમાં, સમવાયતંત્ર – પરિચય) |
| 5 | ગુજરાતનું કૃષિ ક્ષેત્ર – જમીન | ગુજરાતની જમીનના પ્રકાર, ખેડવાલાયક જમીનનું પ્રમાણ, લેવાતા પાકો, કૃષિ પદ્ધતિ, |
| 6 | પાક | ગુજરાતના મુખ્ય પાક, ઉત્પાદનનું પ્રમાણ અને તેમાં ફેરફારો (વલણ/trend), |
| 7 | ખેતી વિકાસ અને યોજનાઓ | ગુજરાતની ખેતીની સમસ્યાઓ, વિકાસ અને સહાય યોજનાઓ ( રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર) |
| 8 | ગુજરાતનું ઉદ્યોગ ક્ષેત્ર | ગુજરાતના ઉદ્યોગો, સ્થાનીયકરણ, ઔદ્યોગિક ઉત્પાદન, |
| 9 | ઔદ્યોગિક વિકાસ અને યોજનાઓ | ઔદ્યોગિક વિકાસની તકો, ઔદ્યોગિક વિકાસના અવરોધો, વિકાસ અને સહાય નીતિ |
| 10 | ગુજરાતમાં શિક્ષણ | સ્થિતિ, સમસ્યાઓ, ખાનગીકરણ, જાહેર નીતિ |
| 11 | ગુજરાતમાં સ્વાસ્થ્ય સુવિધાઓ | સ્થિતિ, સમસ્યાઓ, ખાનગીકરણ, જાહેર નીતિ |
| 12 | પરિવહન સુવિધાઓ | રેલમાર્ગ, રસ્તા, હવાઈ ઉડ્ડયન, જળમાર્ગ- વગેરેની સ્થિતિ, સમસ્યાઓ, ભાવિ વિકાસની તકો |
| 13 | સંદેશા વ્યવહાર અને બેકિંગ | સંદેશાવ્યવહાર, બેકિંગ વગેરેની સ્થિતિ, સમસ્યાઓ, ભાવિ વિકાસની તકો |
| 14 | ગુજરાતનો વેપાર | અન્ય રાજ્યો સાથે (આંતરરાજ્ય) અને અન્ય દેશો સાથેના (આંતરરાષ્ટ્રીય) વેપારમાં ગુજરાતનો ફાળો |
| 15 | ગુજરાતની વસ્તી વિષયક રૂપરેખા | ગુજરાતની વસ્તી, વસ્તીનાં લક્ષણો, જન્મદર, મૃત્યુદર, વસ્તીવૃદ્ધિ દર |
| 16 | શહેરીકરણ અને ગુજરાતનાં શહેરો | શહેરની વ્યાખ્યા, શહેરીકરણની વ્યાખ્યા, શહેરીકરણના કારણો, અસરો, ગુજરાતનાં શહેરો |
| 17 | ગુજરાતનાં મહત્વનાં શહેરો | ગુજરાતનાં મહત્વનાં શહેરો, શહેરીકરણની તરાહ અને તેની આર્થિક વિશેષતાઓ |

# Second Year BA (Main and Subsidiary)

## Paper 4- Economy of Gujarat

| Srl No. | Title of Unit | Included Points |
|---|---|---|
| 1 | Regional Economy - I | What is Region? Importance of Study of Regional Economy |
| 2 | Regional Economy - II | Types of Region, Regional Income, Indicators of Regional Development, State Domestic Production |
| 3 | Introduction of Gujarat State as Region- I | Geographical Position of Gujarat, Natural Environmental Aspects of Gujarat, Status of Pollution |
| 4 | Introduction of Gujarat State as Region- II | Gujarat – Political and Administrative (Political History, Districts, Introduction to Administrative departments, federal System) |
| 5 | Agriculture Sector of Gujarat- Land | Types of Land, Arable Land, Agriculture crops and cropping pattern |
| 6 | Agriculture Crops | Main Crops, Production, trends in Production |
| 7 | Agriculture development and Schemes | Problems in agriculture development, Government schemes and planning (State and Central) |
| 8 | Industry sector of Gujarat | Industries in Gujart, Location, Industrial Production |
| 9 | Industrial Development and Schemes | Scope for Industrial development, Problems in industrial development, Government aid and policies. |
| 10 | Education in Gujarat | Status, Problems, Privatisation and Public Sector policy |
| 11 | Health facilities in Gujarat | Status, Problems, Privatisation and Public Sector policy |
| 12 | Transportation Facilities | Railway, Roads, Aviation and Waterways- Status, Problems, Scope for Future Development, Public Sector policy |
| 13 | Communication and Banking | Communication and Banking – (Status, Problems, Scope for Future Development) |
| 14 | Trade of Gujarat | Trade with Other States of India and International Trade. Contribution of the State. |
| 15 | Demographic Profile of Gujarat | Population of Gujarat, Characteristics of Population, Birt rate, Death rate, Population growth rate. |
| 16 | Urbanisation and Cities of Gujarat | Definition of an Urban area, Definition of Urbanisation, Causes and effects of Urbanisation, Cities of Gujarat |
| 17 | Important Cities of Gujarat | Important Cities of Gujarat, Pattern of Urbanisation and their Economic Characterisitcs |

એકમ 5

# ગુજરાતનું કૃષિ ક્ષેત્ર : જમીન અને કૃષિ પદ્ધતિ

## રૂપરેખા


5.0 ઉદ્દેશો

5.1 પ્રસ્તાવના

5.2 જમીનના પ્રકાર

5.3 ખેડવા લાયક જમીન

5.3.1 વર્ષ 2010માં ગુજરાતમાં જમીનનું વર્ગીકરણ

5.3.2 ગુજરાતમાં ખેડાણ હેઠળના પાક વાવેતર વિસ્તાર

5.4 જમીન માલિકીના હકોમાં ફેરફારો

5.4.1 મધ્યસ્થીઓની નાબૂદી

5.4.2 ગણોત સુધારા

5.4.3 જમીન માલિકીની મર્યાદા

5.5 કૃષિ પદ્ધતિ

5.5.1 માલિકી અને શ્રમના સંયોજનની દ્રષ્ટિએ

5.5.2 ખેતી કાર્ય કરવાની પદ્ધતિની દ્રષ્ટિએ

5.6 સારાંશ

5.7 ચાવીરૂપ શબ્દો

★ સંદર્ભ

★ તમારી પ્રગતિ ચકાસો

★ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો


## 5.0 ઉદ્દેશો : (objective)

(1) ગુજરાતમાં જમીનના જુદાજુદા પ્રકારો જાણવા .

(2) ભૌગોલિક વિસ્તારનું વિવિધ વિભાગોમાં વર્ગીકરણ તપાસવું

(3) ખેતીમાં વાવેતર વિસ્તારનું પ્રમાણ તપાસવું.

(4) ગુજરાતમાં કૃષિ પદ્ધતિ સમજવી.

## 5.1 પ્રસ્તાવના

ભારતમાં ખેતી ક્ષેત્રનો ધીમો વિકાસ એ ગંભીર સમસ્યા છે. આ માટે ખેતી પ્રત્યેની આપણી અંશતઃ ઉદાસીનતા જવાબદાર છે. ખેતીના કુદરતી સાધનોની

ઉચ્ચ ગુણવત્તા-કાર્યક્ષમતા સ્થાપિત કરાવામાં, તેનો ટકાઉક્ષમ ઉપયોગ કરવામાં, સંશોધનમાં, માર્ગદર્શનમાં, કૃષિ સહાય અને ધિરાણમાં આપણું તંત્ર વિશેષ કાર્યક્ષમ અને પરિણામલક્ષી બનવામાં પૂરતું સફળ રહ્યું નથી. ખેતીમાં આ એક સામાન્ય ચિત્ર જોવા મળે છે, ત્યારે ગુજરાતના કૃષિ ક્ષેત્રમાં ખેડાણ જમીનના કેટલા પ્રકાર છે? તે દરેકનું પ્રમાણ ગુજરાતમાં કેટલું અને કયા પ્રદેશમાં રહેલું છે? ગુજરાતમાં ખેતી ખેડવાલાયક જમીનનું કુલ કેટલું પ્રમાણ છે? તથા આ પ્રદેશની કૃષિ પદ્ધતિ કયા પ્રકારની છે? તે આ પ્રકરણમાં ચર્ચવામાં આવે છે.

- ગુજરાતમાં કૃષિ ક્ષેત્ર

સમાજમાં રહેતા લોકો વિવિધ પ્રકારે આર્થિક પ્રવૃતિઓમાં જોડાયેલા હોય છે. આર્થિક પ્રવૃતિનો સરળ અર્થ એટલો થાય છે કે લોકો પોતાના કુંટુંબના ભરણપોષણ માટે જે પ્રવૃતિ કરે છે તે આર્થિક પ્રવૃતિનો મુખ્ય ભાગ છે. આ આર્થિક પ્રવૃત્તિઓ સામાન્ય રીતે અલગ અલગ પ્રકારની હોય છે. તેને મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે. અર્થશાસ્ત્રની ભાષામાં કહીએ તે આ ત્રણ ભાગ નીચે પ્રમાણેના છે.

1 પ્રાથમિક ક્ષેત્ર અથવા કૃષિ ક્ષેત્ર

2 દ્વિતીય ક્ષેત્ર અથવા મેન્યુકફેકચરિંગ ક્ષેત્ર

3 તૃતીય અથવા સેવા ક્ષેત્ર

આપણે જેને પ્રાથમિક ક્ષેત્ર કહીએ છીએ તેમાં પ્રત્યક્ષ ખેતી, પશુપાલન, દરિયાઇ ખેતી(મત્સ્ય) અને ખાણ કામનો સમાવેશ થાય છે. મેન્યુફેકચરિંગમાં જુદા જુદા પ્રકારના ઉદ્યોગોનો સમાવેશ થાય છે. જયારે સેવા ક્ષેત્રમાં આર્થિક આંતરમાળખાની સેવાઓ જેમ કે ઉર્જા, માર્ગ અને પરિવહન, બેંકિંગ, વીમો, પ્રવાસન વગેરે તથા સામજિક આંતરમાળખાકીય સેવાઓ એટલે કે જળસંસાધન, શિક્ષણ, આરોગ્ય, આવાસ વગેરેનો સમાવેશ થાય છે.

સૈદ્ધાંતિક રીતે આજે જ્યારે કૃષિક્ષેત્રના મહત્વનો વિચાર કરવાનો હોય તો ગુજરાતના હાલના કુલ ૩૩ જિલ્લાઓ પૈકી ૨૦થી પણ વધુ જિલ્લાઓ એવા છે કે જેમાં લોકો આર્થિક પ્રવૃતિના હેતુથી પ્રત્યક્ષ અને પરોક્ષ ખેતી ક્ષેત્ર સાથે જોડાયેલા છે. આજે પણ આપણાં ગુજરાતમાં કે આપણા ભારતમાં એક વરસાદ પણ ઓછો પડે કે અનિયમિત રહે તે એકંદરે વરસ નબળું છે તેમ કહેવામાં આવે છે. તે સ્પષ્ટ સૂચવે છે કે કૌટુંબિક કે જાહેર અંદાજપત્રમાં પ્રકૃતિ (વરસાદ) જરાક પણ ઓછો પડે તો આપણું અંદાજપત્ર ખોરવાઇ જાય છે.

આપણા દેશમાં અને ગુજરાતમાં ઉદ્યોગ ક્ષેત્રની બોલબાલા વધી છે પણ ઔદ્યોગિક પેદાશોની માંગ એકંદરે ખેતીની માંગ ઉપર આધારીત છે. જે વર્ષે ખેતીની દ્રષ્ટિએ વરસ સારું જાય છે તે વર્ષોમાં જ લોકોની રોકડ શક્તિ વધે છે અને તેના કારણે વપરાશી વસ્તુઓની માંગમાં વધારો થાય છે. તેનો અર્થ એમ થાય છે કે ગુજરાતના અર્થતંત્રમાં કૃષિ ક્ષેત્ર ચાવીરૂપ ક્ષેત્ર તરીકે મહત્વ ધરાવે છે. આમ ગુજરાતની વિકાસ યાત્રામાં છેક ઉનાથી લઇને ઉમરગામ સુધી કે દ્વારકાથી લઇને દમણ સુધી એક યા બીજી રીતે ખેતી ક્ષેત્ર પ્રધાન મહત્વ ધરાવે છે.

## 5.2 જમીનના પ્રકારોઃ ( Types of soil )

ખેત ઉત્પાદનમાં ઉત્પાદનનાં ચાર સાધનો જમીન, મૂડી, શ્રમ અને નિયોજક પૈકી જમીનની ભૂમિકા સૌથી વધુ મહત્વની હોય છે. આ ઉપરાંત જે તે પાક માટે અમુક

પ્રકારની જમીન વધુ માફક આવતી હોય છે. આથી જમીનના પ્રકારના આધારે વાવેતર કરવાનું નિર્ધારિત થતું હોય તેવું પણ બનતું હોય છે. આમ ખેતીમાં જમીનના પ્રકારો તપાસવા એ માહિતી, સંશોધન, આયોજન વગેરે અગત્યનું બની રહે છે.

કોઈપણ સમગ્ર પ્રદેશમાં એક પ્રકારની જમીન જોવા મળતી હોય તેવું ભાગ્યે જ જોવા મળતું હોય છે. ગુજરાતમાં ખેતી થતી હોય તેવો જમીન વિસ્તાર વિશાળ છે. ગુજરાતમાં 2012/13થી 2014/15ની ત્રિવાર્ષિક સરેરાશ મુજબ ચોખ્ખા વાવેતર વિસ્તારનું પ્રમાણ 10302 હજાર હેકટર નોંધાયું છે, આથી ગુજરાતની આ વિશાળ કૃષિ જમીન અલગ-અલગ પ્રકારની હોય તે સ્વાભાવિક છે. સૌરાષ્ટ્રમાં આછી કાળી જમીન તો ચરોતરમાં રેતાળ અને ગોરાડુ જમીન જોવા મળે છે, ઉત્તર ગુજરાત અને કચ્છની જમીન પર ઊંચા તાપમાન અને ઓછા વરસાદની અસર છે. તેથી ત્યાં રેતાળ અને ક્ષારીય જમીનનું પ્રમાણ વધુ છે. દક્ષિણ ગુજરાતની જમીન પર વધુ વરસાદની અસર છે. કેટલાક વિસ્તારમાં કાંપની જમીન જોવા મળે છે. આમ ગુજરાતની ખેતીની સમગ્ર જમીન વિવિધ સ્વરૂપમાં જોવા મળે છે.

"અખિલ ભારતીય જમીન અને જમીન ઉપયોગીતા મોજણી સંસ્થા" એ પાડેલાં જૂથો અનુસાર ગુજરાતની જમીનને મુખ્ય સાત પ્રકારોમાં વહેંચવામાં આવી છે.

(1) કાંપની જમીન, (2) કાળી જમીન, (3) ક્ષારીય જમીન, (4) રેતાળ જમીન, (5) ખડકાઉ જમીન, (6) પહાડી જમીન, (7) જંગલોની જમીન.

### 5.2.1 કાંપની જમીનઃ (Alluvial soil )

કાંપની જમીનને વિવિધ પ્રકારની જમીનમાં વધુ ફળદ્રુપ જમીન ગણવામાં આવે છે. આથી અન્ય પરિબળોને સ્થિર ગણીએ તો આ પ્રકારની જમીનના ભાવો ઊંચા ચૂકવવા પડતા હોય છે. ગુજરાતની ખેતીની કુલ જમીનના અડધા કરતાં પણ વધુ જમીન કાંપની જમીન છે. આ જમીનના બે વિભાગ પાડવવામાં આવે છે. એક નદીના કાંપની જમીન અને બે કિનારા અને મુખ ત્રિકોણ પ્રદેશની કાંપની જમીન. નદીના કાંપની જમીનમાં ભાઠાની ગોરાટ, ગોરાડુ અને બેસરની જમીનનો સમાવેશ થાય છે.

નર્મદા, તાપી, મહી જેવી મોટી નદીઓ જ્યાંથી પસાર થાય છે, તે જમીનના તળિયાને ઘસીને છૂટા પડેલા પદાર્થો કાંપ સ્વરૂપે પુષ્કળ પ્રમાણમાં ઢસડી લાવી કાંઠાના વિસ્તારમાં પાથરે છે. ગુજરાતમાં આવી જમીનો તળ ગુજરાતના મેદાન પ્રદેશમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ જમીન કાંપ, માટીઅને રેતીનું મિશ્રણ ધરાવે છે. જમીનમાં રહેલા વિવિધ તત્વોના આધારે આ જમીન રંગ અને બંધારણમાં ઘણું વૈવિધ્ય ધરાવે છે. તેના આધારે અલગ અલગ વિસ્તારોમાં ગોરાડુ, ગોરાટ, ભાઠાની જમીન તથા બેસર જમીન તરીકે ઓળખાય છે. આ જમીનમાં પોષક તત્વ વધુ અને ચૂનાનું તત્વ ઓછું રહેલું છે.

### 5.2.2 કાળી જમીનઃ ( Dark ground )

ગુજરાતમાં વિસ્તારની દ્રષ્ટિએ કાંપની જમીન પછી બીજા ક્રમે કાળી જમીન આવેલી છે. જમીનના તત્વોના પ્રમાણના આધારે તેના રંગમાં તફાવત પડે છે. તેથી ઉંડી કાળી જમીન, મધ્યમ કાળી જમીન અને છીછરી કાળી જમીન ગુજરાતના જુદા જુદા પ્રદેશમાં જોવા મળે છે. આ જમીનો સ્થાળાંતરિત તેમજ સ્વસ્થાની જમીનો એમ બંને પ્રકારની છે. આ પ્રકારની જમીન સૌરાષ્ટ્રના ઉચ્ચ પ્રદેશ તથા નર્મદા અને તાપીના ખીણ પ્રદેશમાં આવેલી છે. તળ ગુજરાત અને સૌરાષ્ટ્રના ટ્રેપના ખડકોના ઘસારાથી

છૂટા પડેલા દ્રવ્યના નિક્ષેપથી આ પ્રકારની જમીનની રચના થઇ છે.

આછા કાળા રંગની મધ્યમ કાળી જમીન તરીકે ઓળખાતી જમીન સૌરાષ્ટ્રના ઉચ્ચ પ્રદેશના મધ્ય ભાગમાં, પંચમહાલ અને વડોદરાના પર્વતપ્રાંતી પ્રદેશના નીચા ભાગામાં જોવા મળે છે. આ જમીન બહુ દળદાર નથી હોતી. તેમી સેન્દ્રિય તત્વ ઓછું છે, તેથી મધ્યમ કાળા રંગની છે. નીચા ભૂમિ વિસ્તારોમાં જ્યાં તે નિક્ષેપ પામી છે, ત્યાં તે વધુ દળદાર અને કાળી છે.

પંચમહાલ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં પણ કાળી અને મધ્યમ કાળી જમીન આવેલી છે. આ વિસ્તારોમાં જંગલોનું પ્રમાણ વધુ હોવાથી, તેમાં સેન્દ્રિય તત્વોનું પ્રમાણ વધુ જોવા મળે છે. આ જમીન છીછરી છે. પંચમહાલમાં આ પ્રકારની જમીનમાં વધુ વરસાદને લીધે ડાંગર(ચોખા) નું વાવેતર વધુ થાય છે. આ મધ્યમ કાળી જમીનની ઉંડાઇ ઉંડી કાળી જમીન કરતાં ઓછી છે. સાબરકાંઠા, પંચમહાલ અને દાહોદના પૂર્વના પ્રદેશમાં જમીનનું ધોવાણ વધુ થાય છે. આ જમીનમાં 40 ટકા માટી, 40 ટકા રેતી, પાંચથી સાત ટકા સેંદ્રયિ તત્વો, 0.05 ટકા નાઇટ્રજન અને એકથી બે ટકા ચૂનાનું તત્વ જણાય છે. તેથી આ જમીનની કણ રચના વધુ મોટી જોવા મળે છે. પાણી ઝડપથી શોષાઇ જતું હોવાથી સિંચાઇની સગવડ દ્વારા આ જમીનમાં ખેતીના પાક લઇ શકાય છે. ગુજરાતની મધ્યમ અને આછી કાળી જમીનમાં મગફળી અને મકાઇનું વાવેતર વધુ થાય છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના પ્રદેશમાં આ પ્રકારની જમીનમાં મગફળી અને કપાસનું વાવેતર થાય છે.

ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વડોદરા અને વલસાડ જિલ્લામાં ઊંડી કાળી જમીન જોવા મળે છે. ગુજરાતની આ કાળી કપાસની જમીન, દક્ષિણ ભારતની 'રેગુર' જમીનને મળતી આવે છે. આ કાળી જમીનમાં 40 ટકાથી 60 ટકા જેટલું માટીનું પ્રમાણ હોય છે. ભરૂચ અને નર્મદાની કાળી જમીનમાં 45 ટકા માટે, 20 ટકા રેતી અને સાતથી આઠ ટકા સંદ્રયિ દ્રવ્યો છે. ગુજરાતની કાળી જમીન વધુ ફળદ્રુપ છે અને સિંચાઇ માટે અનુકૂળ છે. મર્યાદિત પ્રમાણમાં સિંચાઇ કરવામાં આવે તો આ જમીન ક્ષારીય બનતી નથી. દક્ષિણ ગુજરાતની ઊંડી કાળી જમીન કપાસની ખેતી માટે ઉત્તમ ગણાય છે.

## 5.2.3 ક્ષારીય જમીનઃ (Alkaline soil )

દરિયા કિનારાની જમીન દરિયાની ભરતીના પાણીથી ક્ષારયુક્ત બનતાં તેની ગુણવત્તા બગડે છે. આવી ક્ષારીય જમીનની ખેતીના પાક ઉત્પાદન માટે ઉપયોગીતા ઘટે છે. આ પ્રકારની જમીન ગુજરાતમાં 9 લાખ હેકટરથી પણ હોવાનું જણાય છે. આવી ક્ષારીય જમીન 'ભાલકાંઠા' તરીકે ઓળખાતા ભાવનગર, અમદાવાદ, આણંદ અને ખેડા જિલ્લાના કેટલાક વિસ્તારમાં તથા દક્ષિણ ગુજરાતના દરિયા કિનારે જોવા મળે છે. સૌરાષ્ટ્રનો લગભગ 80 હજાર હેકટર જેટલો વિસ્તાર ધરાવતો 'ઘેડ પ્રદેશ' પણ આ પ્રકારની જમીન ધરાવે છે. ઓછા વરસાદ અને ઊંચા તાપમાનના લીધે પાટણ, મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાનો થોડોક વિસ્તાર તથા કચ્છ જિલ્લાના મોટા ભાગના વિસ્તારમાં આ પ્રકારની ક્ષારીય જમીન આવેલી છે.

## 5.2.4 રેતાળ જમીનઃ (Sandy soil )

ઓછા વરસાદવાળા વિસ્તારમાં આ પ્રકારની રેતાળ જમીન વધુ જોવા મળે છે. આવી પરિસ્થિતિ ગુજરાતના ઉત્તર અને ઉત્તર પશ્ચિમ ભાગમાં તથા ઉત્તર

પૂર્વમાં હોવાથી એ પ્રદેશમાં રેતાળ, ખડકાળ અને અફળદ્રુપ જમીનોની રચના થઇ છે. આવી જમીન બનાસકાંઠાના વાયવ્ય ભાગમાં, પાટણ અને મહેસાણા જિલ્લાના ઉત્તર ભાગમાં, સાબરકાંઠા જિલ્લાના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં તથા કચ્છ જિલ્લામાં રહેલી છે. આ જમીનમાં માત્ર નિરેન્દ્રિય દ્રવ્યો હોવાથી તેનું ઉપરનું પડ નક્કર કે સખત બની જાય છે. તેમાં મોટી કણ રચનાવાળી રેતી જોવા મળે છે. આ પ્રકારની જમીન તેની સંરચનાને લીધે પાણીને ઝડપથી શોષી લે છે.

### 5.2.5 ખડકાઉ જમીનઃ (Rocky land )

ગુજરાતમાં જમીન વપરાશ જમીન વપરાશ

| ક્રમ | વિગત | કુલ જમીનની ટકા પ્રમાણ |
|---|---|---|
| 1 | જંગલ વિસ્તાર | 23% |
| 2 | કૃષિ સિવાઇનો વિસ્તાર | 9% |
| 3 | ઉજ્જડ વિસ્તાર | 6% |
| 4 | ગૌચર વિસ્તાર | 3% |
| 5 | ખેતી લાઇક પડતર જમીન | 4% |
| 6 | બાગાયતી વિસ્તાર | 1% |
| 7 | વાવેતર ન થઇ શકે તેવો પડતર વિસ્તાર | 8% |
| 8 | કુલ વાવેતર વિસ્તાર | 46% |

Land use pattern of Gujarat state ( Source: India State of Forest Report, 2011)

ગુજરાતનો કુલ ભૌગોલિક વિસ્તાર 196 લાખ હેકટર છે. જેમાંથી 46 ટકા કુલ વાવેતર વિસ્તાર છે. ત્યારે ટકા 23 ટકા જંગલ વિસ્તાર છે. જે 2001 તુલનામાં વધારો થયેલો જોવા મળે છે, કુલ જમીના 9 ટકા વિસ્તાર કૃષિ સિવાઇનો વિસ્તાર છે, 6 ટકા ઉજ્જડ વિસ્તાર છે, 3 ટકા વિસ્તાર બાગાયતી પાકો હેઠળનો છે, 1 ટકા વિસ્તાર ખેડી ન શકાય તેવો છે. અને 8 ટકા વિસ્તાર પડતર જમીન હેઠળનો છે.

ડાંગ જિલ્લામાં 250 સે.મી. જેટલો વરસાદ અને ગીચ જંગલોની પરિસ્થિતિ હેઠળ ચૂનો તથા નાઇટ્રોજન તત્વ ઓછું એવી એસિડિક જમીનની રચના થઇ છે. આ જમીનમાં માટીનું પ્રમાણ ઓછું છે. તેથી વરસાદ પડતાં જમીન કઠણ પડી જાય છે અને સૂકાતાં તેમાં ચીરા પડે છે. ઇંટ જેવો રતાશ પડતો રંગ ધરાવતી આ જમીન અફળદ્રુપ છે અને તેથી જ ખેતી માટે ઓછી ઉપયોગી બને છે. આ જમીનનું ધોવાણ વધુ થાય છે.

### 5.2.6 પહાડી જમીનઃ (Mountainous land )

આવી જમીન ગુજરાતના પૂર્વના ડુંગરાળ પ્રદેશમાં દાહોદ, પંચમહાલ, અરવલ્લી, વડોદરા, સુરત, નર્મદા, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં તથા સુરેન્દ્ર નગર, અમરેલી, જૂનાગઢ, ગિર સોમનાથ અને કચ્છ જિલ્લાના ડુંગરાળ પ્રદેશમાં જોવા મળે છે. આ જમીનમાં સેન્દ્રિય દ્રવ્યોનું પ્રમાણ ઓછું છે. ધોવાણને લીધે ઢોળાવો પર જમીનનું પડ પાતળું છે.


### 5.2.7 જંગલોની જમીનઃ (The Lnad Of the Forest )

ગુજરાતના ડાંગ, અરવલ્લી, સાબરકાંઠા, ગિરા સોમનાથઅને જૂનાગઢ વિસ્તારમાં આવેલા જંગલ વિસ્તારની આ જમીનમાં સેંદ્રયિ તત્વો વધુ છે. જૂનાગઢની આ પ્રકારની જમીનમાં ચૂનાનું તત્વ વધુ છે, જ્યારે ડાંગ જિલ્લાની આવી જમીનમાં

ચૂનાનું તત્વ ઓછું છે. આ જમીન માટીયુક્ત અને ગોરાડુ છે.

### 5.2.8 સ્થાનિક જમીનઃ (Local Land )

ભૂપૃષ્ઠ, બંધારણ અને રંગના આધારે ઉપર વર્ણવેલી જમીનોના કેટલાક વિસ્તારો સ્થાનિક પ્રદેશોમાં વિવિધ નામે ઓળખાય છે. આ જમીન ઘેડની જમીન, ધારની જમીન, ક્યારની જમીન અને બેસરની જમીન તરીકે ઓળખાય છે.




Land use pattern of Gujarat state (Source: India State of Forest Report, 2011)

ગુજરાતનો કુલ ભૌગોલિક વિસ્તાર 196 લાખ હેક્ટર છે. જેમાથી 46 ટકા કુલ વાવેતર વિસ્તાર છે. ત્યારે ટકા 23 ટકા જંગલ વિસ્તાર છે. જે 2001 તુલનામાં વધારો થયેલો જોવા મળે છે, કુલ જમીન 9 ટકા વિસ્તાર કૃષિ સિવાઈનો વિસ્તાર છે, 6 ટકા ઉજ્જડ વિસ્તાર છે, 3 ટકા વિસ્તાર બાગાયતી પાકો હેઠળનો છે, 1 ટકા વિસ્તાર ખેડી ન શકાય તેવો છે. અને 8 ટકા વિસ્તાર પડતર જમીન હેઠળનો છે.

આમ ગુજરાતમાં ઉપરોક્ત વર્ગીકરણ મુજબની વિવિધ પ્રકારની જમીન જોવા મળે છે. મૂળ જમીનમાં જંગલ, સમુદ્ર, નદીઓ, પૃથ્વી સપાટીના સમતોલપણાનું પ્રમાણ વગેરે બાહ્ય પરિબળોની ભૂમિકા પણ કાળક્રમે મહત્વપૂર્ણ સાબિત થાય છે.

## 5.3 ખેડવા લાયક જમીનનું પ્રમાણઃ ( Land size of cultivable Land )

ગુજરાત એ એક વિશાળ રાજ્ય પ્રદેશ છે. વિશ્વના અનેક દેશો ગુજરાત રાજ્યના જમીન પ્રદેશ કરતા પણ ઘણો ઓછો જમીન પ્રદેશ ધરાવતા હશે. ગુજરાતનો કુલ ભૌગોલિક વિસ્તાર 196.02 લાખ હેકટર છે. ગુજરાતની જમીનના ઉપયોગની વીગતો પરથી એવું જણાઇ આવે છે કે ગુજરાતના વિશાળ વિસ્તારમાં ખેતી થાય છે અને આ ખેતી પ્રવૃતિ ગુજરાતના અર્થકારણ માટે ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે. ગુજરાત રાજ્યની સ્થાપના સમયે ગુજરાતમાં વાવેતર હેઠળનો કુલ વિસ્તાર 97.68 લાખ હેકટર હતો. આ વિસ્તાર ગુજરાતના કુલ ભૌગોલિક વિસ્તારના અડધા કરતાં પણ થોડો વધુ છે. વર્ષ 2007-08 માં ગુજરાતના કુલ 188.1 લાખ હેકટર જમીનના

અહેવાલ મળેલ. તેમાંથી 99.10 લાખ હેકટર જમીન ખેતીના ચોખ્ખા વાવેતર વિસ્તાર હેઠળ હતી.

સૌરાષ્ટ્રના દ્વીપકલ્પીય પ્રદેશમાં છીછરી જમીનો તેમજ પૂર્વના ડુંગરાળ પ્રદેશોમાં ખડકાળ અને છીછરી જમીનો આવેલી છે. દરિયા કિનારે ભરતીના લીધે ખારાપટ વિસ્તારો આવેલા છે. કેટલાક વિસ્તારોમાં ભૂગર્ભજળ ખારાશ વાળું છે. જે ખેતીમાં સિંચાઇ માટે ઉપયોગમાં લઇ શકાતું નથી. સૌરાષ્ટ્ર પ્રદેશના અમરેલી, જૂનાગઢ, રાજકોટ, મોરબી, સુરેન્દ્ર નગરઅને ભાવનગર જિલ્લાઓમાં તથા તળ ગુજરાતના આણંદ, ખેડા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, નવસારી, ભરૂચ, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાઓમાં કુલ જમીનના 60 ટકા કરતાં પણ વધુ જમીન ખેતી હેઠળ આવેલી છે. તેની સામે કચ્છમાં કુલ ભૌગોલિક વિસ્તારના માત્ર 14.65 ટકા જમીનનો ખેતી માટે ઉપયોગ થાય છે. કચ્છ જિલ્લાનો ઘણો ખરો જમીન વિસ્તાર રેતાળ અને ક્ષારીય જમીન વાળો તથા સૂકી અને અર્ધ સૂકી આબોહવા વાળો છે. તેથી આ વિસ્તારને ખેતી માટે ઉપયોગમાં લેવાતો નથી. ડાંગ જિલ્લાનો મોટો ભાગ જંગલો હેઠળ હોવાથી ત્યાં ફક્ત 32.60 ટકા જેટલી જમીન ખેતી ઉપયોગમાં લેવામાં આવે છે.

ગુજરાતમાં ખેડવાલાયક પડતર જમીનનું પ્રમાણ 10.42 ટકા છે. જે ખેડી શકાય તેમ છે અને ખેતી થઇ શકે તેમ છે પંરતુ કરવામાં આવતી નથી. કચ્છ, જામનગર, સુરેન્દ્રેનગર, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, પંચમહાલ, ભરૂચ, સુરત, તાપી વગેરે જિલ્લાઓમાં એક હજાર હેકટર કરતાં પણ વધુ જમીન ખેડાણ લાયક પડતર જમીન છે, આ જિલ્લાઓમાં સિંચાઇની ઓછી સગવડો અને ઓછા વરસાદને લીધે કેટલીક જમીનને ખેતીમાં લાવી શકતા નથી. નર્મદા યોજનાને લીધે કેનાલ દ્વારા સિંચાઇ વિસ્તારના વિસ્તરણ થકી ભવિષ્યમાં આ વિસ્તાર ઘટાડી શકાશે અને ત્યાં પણ ખેતી કરી શકશે.

સૌરાષ્ટ્રના ઉત્તર પ્રદેશની અને ઓછા વરસાદને લીધે જામનગર, રાજકોટ અને ભાવનગર જિલ્લામાં ગોચર હેઠળના જમીન વધુ છે. કચ્છ જિલ્લામાં પણ આ પ્રકારની જમીન વિશેષ છે. મધ્ય ગુજરાત અને તાપી નર્મદાના પ્રદેશમાં પર્વતપ્રાંતી વિસ્તારોમાં ગોચરો આવેલાં છે. ગુજરાત પ્રદેશના કુલ જમીન વિસ્તારના 13.56 ટકા જમીન ઉજ્જડ અને ન ખેડી શકાય તેવી છે. દરિયાકિનારાની અને અંદરના કેટલાક પ્રદેશમાં આવેલી ખાર જમીનો અને સૂકા તથા અર્ધ સૂકા વિસ્તારોને લીધે ગુજરાતમાં બિન ખેતી લાયક જમીનનું પ્રમાણ ઘણું છે. આવી જમીનોને લીધે ગુજરાતમાં વાવેતર હેઠળનો વિસ્તાર આકર્ષક રીતે વધારી શકાતો નથી.

### 5.3.1 વર્ષ 2010માં ગુજરાતમાં જમીનનું વર્ગીકરણઃ ( Classification of Land in Gujarat in the year 2010 )

કોઇપણ પ્રદેશના કુલ ભૌગોલિક વિસ્તારને જુદા જુદા વિભાગોમાં તેની લાક્ષણકતાના આધારે અને ઉપયોગીતાના આધારે વહેંચવામાં આવતો હોય છે. ભારતમાં અને એવી જ રીતે ગુજરાતમાં ઉપલબ્ધ ભૌગોલિક વિસ્તાર ઘણો વિશાળ છે. તેમાં ખેતી કરી શકાય એવો વિસ્તાર પણ વિશાળ છે. આ ઉપરાંત દેશની તથા રાજયની વિશાળ જન સમુદાયનું ખેતી પરનું અવલંબન વધુ જણાય છે. તેથી રાષ્ટ્રમાં અને રાજયમાં કૃષિ વ્યવસાયનું સ્થાન ખૂબ જ અગત્યનું છે.

ગુજરાતમાં ખેડાણ લાયક જમીન કે ખેડાણ હેઠળનો વિસ્તાર કેટલો રહ્યો છે, તે અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી દ્વારા છેલ્લે 2010માં પ્રાપ્ત થયેલ. તે

મુજબ ગુજરાતમાં ખેતી હેઠળનો ચોખ્ખો વાવેતર વિસ્તાર 102030 ચોરસ કિલોમીટર છે. આ વિસ્તાર ગુજરાતની જમીનની પ્રાપ્ત માહિતીમાંથી 54.7 ટકા જેટલું પ્રમાણ ધરાવે છે. આ ઉપરાંત વૃક્ષોના પાક હેઠળનો જમીન વિસ્તાર 40 ચોરસ કિલોમીટર છે, જંગલો હેઠળનો કુલ 19130 ચોરસ કિલોમીટર છે. તેનું માહિતી પ્રાપ્ય જમીનમાં પ્રમાણ 10.1 ટકા છે. ગુજરાતમાં ચાલુ પડતર જમીનનું પ્રમાણ 3790 ચોરસ કિલોમીટર છે. જે કુલમાં 2.01 ટકા છે. આ ઉપરાંત અન્ય પડતર 160 ચોરસ કિલોમીટર છે. જે કુલમાં 0.08 ટકા છે. ગુજરાતમાં ઉપયોગમાં લઈ શકાય તેવી પડતર જમીન 19790 ચોરસ કિલોમીટર છે. જેનું કુલમાં પ્રમાણ 10.5 ટકા છે. ગુજરાતમાં કાયમી ગૌચરની જમીન 6900 ચોરસ કિલોમીટર છે. જે કુલમાં 3.64 ટકા છે. ગુજરાતમાં અન્યછ ઉપયોગમાં લેવાતી અને ખેતી માટે અપ્રાપ્ય હોય તેવી જમીન 35280 ચોરસ કિલોમીટર છે. આ જમીન કુલ માહિતી પ્રાપ્ય વિસ્તારના 18.63 ટકા છે.

આમ ગુજરાતમાં ખેતી માટેનો ચોખ્ખો વાવેતર વિસ્તાર કહી શકાય એટલે કે જે જમીન પર ખેતીના પાકો લેવામાં આવતા હોય તે વિસ્તારનું પ્રમાણ વિશેષ જોવા માળે છે. ઉપરાંત એ બાબત પણ ખૂબ મહત્વની છે કે ઉપયોગમાં લઈ શકાય તેવી પડતર જમીનનું પ્રમાણ પણ ગુજરાતમાં 10 ટકાથી વધુ જણાય છે.

### 5.3.2 ગુજરાતમાં ખેડાણ હેઠળનો પાક વાવેતર વિસ્તારઃ ( Cultivated area under cultivation in Gujarat )

અહીં આપણે ગુજરાતમાં ઉપલબ્ધ જમીનના પુરવઠામાંથી જુદા જુદા વિભાગ હેઠળ નોંધાયેલ જમીનનું પ્રમાણ જોયું તે પૈકી ખેડાણ લાયક જમીનમાંથી કેટલીક જમીન અન્યા ઉપયોગમાં લેવામાં આવે છે. કેટલીક જમીન પડતર સ્વરૂપે ઉપયોગમાં લેવાતી નથી. ખેડાણલાયક જમીનમાંથી જે જમીન પર ખેતી કાર્યો દ્વારા પાક લેવાની પ્રવૃત્તિ કરવામાં આવે છે. આમ ખેતી માટે એ બાબત મહત્વ ધરાવે છે તેને પાક વાવેતર વિસ્તાર કહેવામાં આવે છે. આમ ખેતી માટે એ બાબત મહત્વ ધરાવે છે કે પ્રદેશની કુલ જમીનમાંથી કેટલી જમીન પાક વાવેતરના હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

પાક વાવેતર વિસ્તારને બે રીતે જોવામાં આવે છેઃ 1. ચોખ્ખો વાવેતર વિસ્તાર, એટલે કે કોઈ પ્રદેશમાં જે તે વર્ષમાં કેટલી જમીન પર પાક લેવાની પ્રવૃત્તિ કરવામાં આવતી હોય તેનું પ્રમાણ, 2. કુલ વાવેતર વિસ્તાર એટલે કે ચોખ્ખા વાવેતર વિસ્તારમાં જે તે વર્ષમાં જુદી-જુદી મોસમમાં લેવાતા પાકોના વાવેતર વિસ્તારાનો કુલ સરવાળો. ચોખ્ખા વાવેતર વિસ્તારમાં કુલ વાવેતર વિસ્તારનું ટકાવારી પ્રમાણ પાક તીવ્રતા દર્શાવે છે.

ખેતીમાં વાવેતર વિસ્તાર ખાસ કરીને વરસાદ પર આધાર રાખે છે. આથી જે વર્ષે સારો વરસાદ હોય તે વર્ષે તેનું પ્રમાણ વધુ રહેવા પામે છે અને ઓછો વરસાદ હોય તે વર્ષે વાવેતર વિસ્તાર સામન્યં રીતે ઓછો રહેવા પામે છે. આથી તેના વાર્ષિક આંકડાઓ તેના પરિવર્તનોનો સાચો ક્રમિક ખ્યાલ આપી શકતા નથી. વધુ વાસ્તવિક ક્રમિક ચિત્ર જોવા માટે અમુક વર્ષોની સરેરાશ લેવામાં આવે છે. આથી અહીં વાવેતર વિસ્તારના આંકડાઓની ત્રિવાર્ષિક સરેરાશ લેવામાં આવી છે. તે પ્રમાણે ગુજરાતમાં ચોખ્ખા વાવેતર વિસ્તાર અને કુલ વાવેતર વિસ્તારનું પ્રમાણ છેલ્લા સમયમાં નીચે પ્રમાણે રહેવા પામ્યું છે.

ટેબલ-1

ગુજરાતમાં ખેતીની જમીનનો વાવેતર વિસ્તાર(,000 હેકટર )

| ત્રિવાર્ષિક સરેરાશ | ચોખ્ખો વાવેતર વિસ્તાર | કુલ વાવેતર વિસ્તાર |
|---|---|---|
| 1992-93 થી 94-95 | 9528 | 10954 |
| 1997-98 થી 99-'00 | 9595 | 10970 |
| 2002-`03 થી `04-05` | 9693 | 11103 |
| 2007`08 થી `09-10 | 10190 | 11352 |
| 2012-13 થી 14-15 | 10302 | 12620 |

Source: Ministry of Agriculture and Farmers Welfare, Government of India

ટેબલ- 1 મુજબ ગુજરાતમાં વર્ષ 1994-95ના પૂરાં થતાં ત્રણ વર્ષની સરેરાશ મુજબ ચોખ્ખો વાવેતર વિસ્તાર 9528 હજાર હેકટર હતો. પાંચ વર્ષ બાદ આ વિસ્તાર વધીને 9595 હજાર હેકટર થયો. એટલે કે તેમાં 67 હજાર હેકટરનો વધારો થયો. 2004`-`05નાં પૂરાં થતાં વર્ષની ત્રિવાર્ષિક સરેરાશ મુજબ તે વધીને 9663 હજાર હેકટર થયેલ. પછીનાં પાંચ વર્ષમાં તેમાં લભભગ 500 હજાર હેકટરનો વધારો થયેલ. અંતિમ પાંચ વર્ષમાં પણ 112 હજાર હેકટર વધીને ગુજરાતનો ચોખ્ખો વાવેતર વિસ્તાર 10302 હજાર હેકટર થયો.

આમ ગુજરાતમાં છેલ્લા 20 વર્ષમાં ચોખ્ખો વાવેતર વિસ્તાર વધે છે અને કુલ વાવેતર વિસ્તાર પણ વધે છે.ચોખ્ખા વાવેતર વિસ્તારના વધારા કરતાં કુલ વાવેતર વિસ્તારનો વધારો વધુ આકર્ષક જોવા મળે છે. એ એવું દર્શાવે છે કે ગુજરાતમાં એક વર્ષમાં એક કરતાં વધુ પાકો લેવાનું પ્રમાણ સારું એવું વધ્યું છે.

## 5.4 જમીન માલિકીના હકોમાં ફેરફારોઃ (changes in land ownership Rights )

આઝાદીના સમય વખતે ધનિક જમીનદાર વિશાળ જમીનની માલિકી ધરાવતા હતા અને તેની ખેતી ઉપર મજૂરો કે ખેતી ભાડે રાખનાર ખેડૂતો અથાગ પરિશ્રમ કરતા. માલિકને મહેનત વગર ખૂબ ઉંચી આવક પ્રાપ્ત થતી. તેની સામે ખરેખર ખેતી કરનાર વર્ગને તેના જીવન નિર્વાહ પૂરતી પણ આવક પ્રાપ્ત થતી. તેની સામે ખરેખર ખેતી કરનાર વર્ગને તેના જીવન નિર્વાહ પૂરતી પણ આવક પ્રાપ્ત ન થતી. આવી અન્યાયી વ્યવસ્થાના સ્થાને ખરેખર કામ કરનારાઓને વધુ વળતર પ્રાપ્ત થાય તેવાં પરિવર્તનો કૃષિ ક્ષેત્રમાં લાવવા માટે કાયદાકીય સુધારાઓ કરવામાં આવ્યાં. તે જમીન માલિકીના સુધારા તરીકે ઓળખાય છે. આ સુધારા દ્વારા ગ્રામ્ય ક્ષેત્રે સત્તાના કેન્દ્રો બદલાશે અને જમીનનો વધુ અસરકારક ઉપયોગ થશે. બેકાર શ્રમને રોજગારી મળેશે. ઉત્પાદનની તરેહ ગરીબોની તરફેણમાં બદલાશે. એકંદરે ઉપેક્ષિત વર્ગને ઉત્પાદન પ્રવૃત્તિમાં કાર્યનવિત કરી વધુ ન્યાયી વહેંચણી સાથે સુસંગત કૃષિ વિકાસની ભૂમિકા રચાશે તેવો આશાવાદ રાખવામાં આવેલ. આમ કૃષિ સુધારા દ્વારા ખેતી ક્ષેત્રે ન્યાય, કાર્યક્ષમતા અને ઉત્પાદકતા લાવવા માટે નિમિત બનવાનો ઉદ્દેશ રાખવામાં આવેલ.

જમીન સુધારા દ્વારા જમીનની માલિકીની ખેતી કરવાની પદ્ધતિમાં જે ત્રણ સુધારાઓ અપનાવવામાં આવ્યા તે નીચે પ્રમાણે રજુ કરવામાં આવેલ છે.

### 5.4.1 મધ્યસ્થીઓની નાબુદીઃ (Abolition of mediation )

જમીનદારોની જમીનની માલિકી થકી શ્રમકાર્ય કર્યા વગર મોટી આવકો કમાતા. આથી ખેડે તેની જમીનના કાયદા દ્વારા જમીનદારી પદ્ધતિની નાબૂદીનો કાર્યક્રમ અમલમાં

મૂકવામાં આવ્યો. જેના દ્વારા જમીનદારો પાસેથી ખેતી કરનારાઓને જમીન મળતી થઈ. છઠ્ઠી યોજનાની રૂપરેખામાં જણાવ્યા મુજબ જમીનદારોની નાબૂદીના ધારા દ્વારા લગભગ બે કરોડ ગણોતિયાઓને જમીન સાથે સીધા સંપર્કમાં લાવવામાં આવ્યા. જેમાંથી કેટલાય ગણોતિયાઓને માલિકી હક્કો પ્રાપ્ત થયા. જો કે આ દિશામાં કેરળ અને પશ્ચિમ બંગાળ રાજ્યોને સારી સફળતા મળી. અન્ય રાજ્યોમાં વિશેષ સફળતા પ્રાપ્ત ન થઈ. કેટલાંક રાજ્યોમાં અદાલતોમાં જમીનદારો પોતાની જમીનની માલિકી ઠરાવવામાં સફળ રહ્યા. આમ છતાં આ કાયદા હેઠળ અમુક અંશે સફળતા હાંસલ થઈ શકી.

### 5.4.2 ગણોત સુધારાઃ (Modifications in lease of Land )

જમીન ભાડા લઈને ખેતી કરનારા ગણોતિયાઓના વિશાળ વર્ગને આ સુધારા હેઠળ રક્ષણ આપવામાં આવ્યું. ભારતમાં મોટાભાગના પ્રદેશમાં ગણૉત અંગેની સમજૂતીના કરાર મૌલિક થતા હતા. ગણોતિયાઓને ગમે ત્યારે છૂટા કરવામાં આવતા. ગણોતિયાઓના હિતોને રક્ષિત કરવા માટે ત્રણ પ્રકારના સુધારા અમલમાં મૂકવામાં આવ્યા. (1) ભાડું નિયંત્રિત કરવું. (2) જમીન ધારણની સલામતી આપવી. (3) ગણોતિયાઓને જમીન માલિકીના હકો આપવા.

દેશમાં બધા રાજ્યોમાં ગણોતિયાઓને જમીન પર ખેતી કરવાના અધિકારો આપવામાં આવ્યા. જેથી જમીનમાલિકો તેમને ગમે ત્યારે છૂટા કરી શકતા તે અન્યાયી વ્યવસ્થા દૂર થાય. જો કે જમીનના માલિકોને જાત ખેડ માટે જમીન પાછી મેળવવાના હકો આપવામાં આવ્યા. પરિણામે અસંખ્ય ખેડૂતો અદાલતનો આશરો લઈને ગણોતિયા પાસેથી જાત ખેડના બહાના હેઠળ પાછી જમીન મેળવવામાં સફળ થયા. જમીન માલિકો ગણોતિયાઓને જમીન પરથી હાંકી કાઢીને તેમને ફરીથી ખેત મજૂરો તરીકે રોકવામાં સફળ થયા. નિયત થયેલી રકમ જમીન માલિકને આપીને ગણોતિયા જમીન માલિક થઈ શકશે તેવી જોગવાઈઓ કાયદામાં કરવામાં આવી. પંરતુ તેનો ખૂબ જ મર્યાદિત અમલ થયો. પરિણામે મહદંશે ગણોત ધારાઓ ભારતમાં કોઈ પરિવર્તનો લાવી શક્યા નહીં. સૈદ્ધાતિક દ્રષ્ટિએ જે આકર્ષક ગણાતું હતું તે વાસ્તવમાં પાંગળું પુરવાર થયું.

### 5.4.3 જમીન માલિકીની ટોચ મર્યાદાઃ ( Ceiling in land holding ownership )

મોટા ખેડૂતો કે જમીનદારો ખેતરોના કદને મર્યાદિત કરવા તથા નાના ખેતરના કદમાં વધારો કરવાનોં હેતુ આ કાયદામાં રાખવામાં આવેલ. નક્કી કરેલી મર્યાદાથી જે જમીનદાર કે ખેડૂત વધુ જમીન ધરાવતો હોય તો તેની પાસેથી વધારાની જમીન એકત્ર કરી નાના ખેડૂતને કે ખેત મજુરને આપવાનું પ્રાવધાન આ કાયદામાં છે. આમ મોટા જમીનદારો પાસેથી મળેલી ફાજલ જમીનને નાના ખેડૂતો વચ્ચે વહેંચીને ખેતરોના બિન આર્થિક ઘટકને આર્થિક બનાવવાનો હેતુ આ સુધારાનો હતો. આ કાયદાના અમલ દ્વારા સામાજિક ન્યાય અને ઉત્પાદકતાના હિતમાં આગળ વધવાનો ઉદ્દેશ હતો. જે કે ટોચ મર્યાદાની સપાટી ખૂબ ઊંચી નક્કી કરવાને લીધે તેમજ બેનામી ફેરબદલી અને બિન અસરકારક અમલને લીધે જમીન ટોચ મર્યાદાના કાયદાઓ ખાસ સફળ થઈ શકયા નહીં. કાયદાઓના અમલમાં વિલંબ થયો, કેટલીક જોગવાઈઓ હળવી બનાવવામાં આવી. કુટુંબને બદલે વ્યક્તિની માલિકી પર કાયદા લગાવવામાં આવ્યા. જેને લીધે જમીન ટોચ મર્યાદામાં આવરી શકાતા ખેડાણ એકમોનું પ્રમાણ થોડા સમયમાં બેનામી રીતે કુટુંબના અન્ય્ સભ્યો કે પરિચિતોના નામે ફેરવાઈ ગયેલ. જેથી ટોચ મર્યાદા હેઠળ આવતાં ખેડાણ  એકમોની સંખ્યા ઘટી ગઈ. આ કાયદાની એક બીજી એ પણ મર્યાદા

જોવા મળી કે જમીન ટોચ મર્યાદા દ્વારા જે વધારાની જમીન એકત્ર કરવામાં આવી તે સૌથી નબળી બિન ઉપજાઉ કે ન ખેડી શકાય તેવી જમીન વિશેષ હતી. આથી આ જમીનો જે ખેડૂતોને પ્રાપ્ત થઇ તે ખાસ ઉપયોગી નિવડી ન શકી.

## 5.5 કૃષિ પદ્ધતિ : (Agricultural Method )

ગુજરાતમાં કૃષિ પદ્ધતિને બે રીતે જોઇ શકાયઃ (1) માલિકી અને શ્રમના સંયોજનની દ્રષ્ટિએ અને (2) ખેતી કાર્ય કરવાની પદ્ધતિની દ્રષ્ટિએ.

### 5.5.1 માલિકી અને શ્રમના સંયોજનની દ્રષ્ટિએ ( in terms of ownership and the combination of labor )

અન્ય ઉત્પાદન પ્રક્રિયા કરતાં ખેતીમાં શ્રમનું પ્રભુત્વ વધુ જોવા મળે છે. આથી જમીન માલિકીનું સ્વરૂપ કેવું છે, ખેડાણ ઘટક એકમ એટલે કે ખેતરમાં જરૂરી શ્રમ માલિકનું પોતાનું કુટુંબ જ પૂરું પાડે છે કે અન્ય્ રીતે શ્રમ ઉપલબ્ધ થાય છે, તેના જુદા જુદા પ્રકારના સંયોજનો જોવા મળે છે. આ જુદાં જુદાં સંયોજનને આધારે ખેતી કરવાની જુદી જુદી સંસ્થાકીય પદ્ધતિઓ અમલમાં આવી હોય તેવું જોવા મળે છે. આ જુદી જુદી પદ્ધતિઓ કે જે ગુજરાતની ખેતીમાં જોવા મળે છે તે નીચે મુજબ છે.

#### 5.5.1.1 જમીન માલિક દ્વારા શ્રમઃ ( Lobour through land ownership )

ગુજરાતમાં હાલમાં પણ આ પ્રકારની ખેતી જોવા મળે છે. અહી જમીન માલિકનું કુટુંબ જ ખેતી માટે જરૂરી શ્રમ પૂરો પાડે છે અથવા શ્રમને વળતર ચૂકવીને કામ લેવામાં આવતું નથી. ખેતી માટે જરૂરી શ્રમનો પુરવઠો ખેડાણ ઘટકના માલિકના કુટુંબના સભ્યો દ્વારા જ પ્રાપ્ય થતો હોય છે. ગુજરાતમાં હાલમાં આવી કૃષિ પદ્ધતિ ખાસ કરીને નાના અને સેમાંત ખેડૂતોમાં આધારે જોવા મળે છે. આવા ખેડૂતોની આર્થિક સ્થિતિ સામાન્ય હોય છે. આથી વેતન ચૂકવીને ખેત મજૂરો રોકવા એ દરેક ખેડૂત માટે શક્ય બનતું નથી. આ ઉપરાંત ગુજરાતના નાના અને સીમાંત ખેડૂતો પૈકી મોટા ભાગના ખેડૂતો ગ્રામીણ ક્ષેત્રના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના છે. આથી તેના સંતાનો વિકાસની અન્ય તકના બદલે ઘરઘથ્થુ ખેતીમાં જ રોકાય છે. આમ કુટુંબમાંથી જ શ્રમની જરૂરિયાત પૂરી પડે છે.

જો ઇતિહાસ તપાસવામાં આવે તો આઝાદીના સમય દરમિયાન, એ પહેલાં અને એ પછીના ઘણા વર્ષો સુધી નાના કે મોટા દરેક વર્ગના ખેડૂતોમાં આ પ્રકારની જ ખેતી પદ્ધતિ હતી. એટલે કે એ સમયમાં મોટાભગની ખેતી જમીન માલિકના કુટુંબ દ્વારા જ કરવામાં આવતી હતી. અન્ય શ્રમિકોને વેતેન ચૂકવી રોકવાનું પ્રમાણ નહીવત હતું. એટલે કે એ સમયની ખેતી નિર્વાહ ચલાવે.

આમ ગુજરાતમાં પહેલાના સમયમાં સંપૂર્ણપણે આવી રીતે ખેતી થતી. વર્તમાનમાં પણ નાના અને સીમાંત ખેડૂતો ઉપરાંત સૂકી ખેતી કે પછાત ખેતી વિસ્તારમાં આ રીતથી બહોળા પ્રમાણમાં ખેતી થાય છે.

#### 5.5.1.2 ખેત મજૂરોના અંશતઃ ઉપયોગઃ ( Partial use of farm Labor )

ગુજરાતની ખેતીમાં હાલના સમયમાં સૌથી વધુ આ રીતે ખેતી થતી જોવા મળે છે. મોટાભાગાના ખેતીનું કામ માલિક કુટુંબના સભ્યો કરે છે. જ્યારે જ્યારે વધુ શ્રમની

જરૂર પડે છે, ત્યારે ત્યારે બજારમાં પ્રાપ્ત ખેત મજૂરોને વેતન ચૂકવી શ્રમની જરૂરિયાત સંતોષવામાં આવે છે. આમ માલિક કુટુંબ જરૂરિયાત પૂરતો શ્રમ લણણી, કાપણી, નિંદામણ જેવાં કાર્યો માટે પૂરો પાડી શકે તેમ ના હોય ત્યારે સ્થાનિક, બહારગામથી કે બીજા પ્રદેશમાંથી તેમને વેતન ચૂકવી રોકવામાં આવે છે.

ગુજરાતના વિકસિત ખેતી વિસ્તાર કે જ્યાં સિંચાઇની પૂરતી સગવડને લીધે કાયમી ખેતી થતી હોય ત્યાં શ્રમની કાયમી માંગ રહેતાં સ્થાનિક ક્ષેત્રે શ્રમ બજાર ઊભું થાય છે. જે વિસ્તારમાં મોટા ભાગના વર્ષોમાંખેતીમાં એક કે બે મોસમ પાક લેવામાં આવતા હોય, કોઇ વરસ પૂરતો તો કોઇ વરસ અપૂરતો વરસાદ પડતો હોય ત્યાં શ્રમનું સ્થાનિક બજાર ખાસ વિકસતું નથી. આથી સ્થાનિક શ્રમ પુરવઠો નહિવત પ્રમાણમાં રહે છે. આ વિસ્તારમાં જે વરસે વરસાદ સારો હોય અને મોસમ સારી હોય ત્યારે તે મોસમ પૂરતી શ્રમની ઉંચી માંગ ઊભી થાય છે. આ વિસ્તારોમાં આ માંગને પહોંચી વળવા અન્ય પ્રદેશોમાંથી શ્રમ ઉપલબ્ધ બને છે.

### 5.5.1.3 ભાડા પદ્ધતિઃ (Rental Method )

ખેતી કરવાની આ પદ્ધતિમાં માલિક અને જમીન ભાડે રાખનાર વચ્ચે વાર્ષિક કે પાક દીઠ ભાડું થતું હોય છે. નિશ્ચિત જમીનનું એક પાક માટે કે આખા વર્ષ દરમિયાન જુદા જુદા પાકોલેવા માટે જમીન ભાડે રાખનાર ખેતીના માલિકને નિશ્ચિત ભાડું છૂકવી દેતો હોય છે. ત્યાર બાદ તે જમીનમાં જમીન ભાડે રાખનાર ઇચ્છિત કે માલિક સાથે નક્કી થયેલ પાક લેવાની પ્રવૃતિમાં સ્વતંત્ર નિર્ણયો લેતો હોય છે. જમીન ભાડે રાખનાર વર્ષ દરમ્યાન સ્વતંત્ર રીતે ખર્ચ અને ઉપજ મેળવતો હોય છે. ભાડે ખેતી રાખનાર ખેતીના સ્થાઇ સાધનોમાં નુકસાન ન થાય એ રીતે પોતાની ઇચ્છા મુજબ ખેતી કાર્ય કરવા સ્વતંત્ર બનતો હોય છે.

### 5.5.1.4 ભાગ પદ્ધતિઃ ( Part of Method )

કૃષિ આર્થિક પ્રવૃત્તિની આ પદ્ધતિમાં જે કુલ ઉપજ થાય તે માલિક અને શ્રમ કાર્ય કરનાર વચ્ચે નક્કી કરેલા ભાગે વહેંચવામાં આવે છે. ગુજરાત પ્રદેશમાં જમીન માલિક અને શ્રમ કાર્યની જવાબદારી લેનારવચ્ચે જુદી જુદી રીતે અને શરતે ભાગનો હિસ્સો નક્કી થતો જોવા મળે છે.

#### (અ) ઉપજમાં સમાન ભાગઃ (Equal part of yield )

આ પદ્ધતિમાં ખેતીના માલિક અને શ્રમની જવાબદારી લેનાર વચ્ચે ઉપજની સમાન વહેંચણી નિર્ધારિત થતી હોય છે. માલિકના ખેતીના સાધનના ઉપયોગની સામે શ્રમની જવાબદારી ઉઠાવનારાએ મોસમ દરમિયાન કે વર્ષ દરમિયાન શ્રમ પૂરો પાડવાનો રહેતો હોય છે. પાકની ઉપજ પ્રાપ્ત થાય ત્યાં સુધી ખેતીમાં પાક લેવા માટે શ્રમ સિવાયના જે ખર્ચ થતાં હોય જેમ કે બિયારણ, ખાતર, દવા વગેરે તેનો ખર્ચો માલિક અને શ્રમની જવાબદારી ઉઠાવનારા બન્ને વચ્ચે સરખા ભાગે ઉઠવવાનો હોય છે. ગુજરાતના ઘણા ખરા પ્રદેશમાં આ રીતે એટલે કે ભાગવી ખેતી થતી જોવા મળે છે.

#### (બ) ઉપજમાં ત્રીજો ભાગઃ (Third part in yield )

આ રીતેમાં ઉપજનો એક ભાગ માલિકનો એક ભાગ શ્રમની જવાબદારી

ઉઠાવનારનો અને ત્રીજો ભાગ પાક માટે થતા ખર્ચનો ગણવામાં આવે છે. આથી પાક લેવામાં થતો ખર્ચ જો માલિક ઉઠાવતો હોય તો માલિકના ભાગે ઉપજના ત્રણમાંથી બે ભાગ અને શ્રમની જવાબદારી ઉઠવનારાને ત્રણમાંથી એક ભાગ પ્રાપ્ત થતો હોય છે. જો પાક દરમિયાન થતો ખર્ચ શ્રમની જવાબદારી ઉઠાવનાર કરતો હોય તો ઉપજના બે ભાગ શ્રમની જવાબદારી ઉઠાવનારને પ્રાપ્ત થાય છે. અને એક ભાગ માલિકને પ્રાપ્ત થાય છે.

(ક) ઉપજનો ચોથો ભાગઃ (Fourth part in yield )

આ પદ્ધતિમાં શ્રમની જવાબદારી ઉઠાવનારને ઉપજનો ચોથો ભાગ પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે ખેતી શ્રમ સિવાયની કુશળતા ઘણી ઓછી હોય અને માલિકે આંતરખેડ, કાપણી, લણણી વગેરેમાં હાજર રહી ધ્યાન આપવું પડતું હોય કે મદદરૂપ થવું પડતું હોય ત્યારે આ પદ્ધતિ જોવા મળતી હોય છે. કેટલાક વિસ્તારમાં શ્રમિકની કુશળતાના આધારે ચોથા ભાગના બદલે શ્રમિકનો ઉપજમાં હિસ્સો 28 ટકા, 30 ટકા નક્કી થતો હોય એવું પણ જોવા મળે છે.

આમ માલિકી અને શ્રમના સંયોજનની દ્રષ્ટિએ ગુજરાતમાં ખેતીની ઉપરોક્ત પદ્ધતિઓ અસ્તિત્વ ધરાવતી જોવા મળે છે.

### 5.5.2 ખેતી કાર્ય કરવાની પદ્ધતિની દ્રષ્ટિએઃ ( In terms of Farming practices )

#### 5.5.2.1 ખેડાણ પદ્ધતિઃ ( The Method of cultivation )

ખેતીમાં જમીનનું ખેડાણ કરી તેને પાક લેવા માટે તૈયાર કરવાનું કાર્ય ખૂબ જ અગત્યનું ગણાવી શકાય. જમીનની કુદરતી ગુણવત્તામાં ખેડાણ કરીને ઉમેરો કરી શકાય છે. જો યોગ્ય સ્વરૂપમાં ખેડાણ ઘટકનું ખેડાણ કરી તેના પર પાક લેવામાં આવે તો વધુ ઉત્પાદન પ્રાપ્ત થઇ શકે. ગુજરાતમાં લાકડાના હળથી માંડીને રોટાવેટર જેવાં આધુનિક સાધનો દ્વારા ખેતીમાં ખેડાણની જુદી જુદી પદ્ધતિ આજ સુધીમાં જોવા મળી છે. એક સમય એવો હતો કે જ્યારે લાકડાના હળને બળદ દ્વારા ચલાવી ખેતીમાં ખેડ કરવામાં આવતી. આ ખેડ આજની તુલનાએ ઘણી નીચી કક્ષાની ગણાવી શકાય. ત્યારબાદ લોખંડના હળ ઉપયોગમાં આવતાં થયાં. જો કે તેના દ્વારા થતી ખેડ પણ નીચી કક્ષાની ગણાવી શકાય. ખેડ માટે ત્યાર પછી ટ્રેક્ટરના જુદા જુદા પ્રકારના હળ અસ્તિત્વમાં આવ્યાં. જેમકે દાંતી, પંચિયા, મોટા હળ વગેરે. ટ્રેક્ટર દ્વારા ઉંડી ખેડ અને જમીનની માટીની ફેરવણી થવાથી જમીનની ગુણવત્તા વધવા પામે છે. આ ઉપરાંત રોટાવેટર દ્વારા પણ યોગ્ય રૂપમાં ખેડાણ થતા પાક માટે પાક માટે તૈયાર થતી જમીન વધુ અનુકૂળ બને છે. ટૂંકમાં એમ કહી શકાય કે ટ્રેક્ટર દ્વારા જુદી જુદી રીતે થતું ખેડાણ અસ્તિત્વમાં આવ્યા બાદ ખેતીમાં ખેડાણ વધુ કાર્યક્ષમ બન્યું છે.

#### 5.5.2.2 વાવણીની પદ્ધતિઃ ( Sowing Method )

વાવણી કરવા માટે પણ શરૂઆતના સમયગાળામાં લાકડાની ઓરણી પછી લોખંડની ઓરણી અને તેમાં પણ મુઠ પદ્ધતિથી બિયારણનું વાવેતર કરવામાં આવતું. આ પદ્ધતિમાં બિયારણનું વાવેતર હાથની મુઠી ભરીને થતું હોવાથી બે છોડ વચ્ચેનું અંતર નિશ્ચિત પ્રમાણમાં જળવાય નહીં એ સ્વાભાવિક છે. સુધારા રૂપે પછીની બળદ દ્વારા ચાલતા સાતીમાં ઓટોમેટીક ઓરણી આવી. તેની સાથે સાથે ટ્રેક્ટરમાં પણ ઓટોમેટીક ઓરણી આવી અને વાવણીની પ્રક્રિયા વધુ કાર્યક્ષમ બની. આજે ગુજરાતામાં

મોટાભાગનું વાવેતર ઓટોમેટીક ઓરણી દ્વારા થાય છે.

કેટલાક પાકની વાવણી બીજને ચોપીને કરવામાં આવે છે. જેમકે કપાસ, એરંડા, તુવેર વગેરે. આ પાકોમાં પણ હાથ, બળદ કે ટ્રેક્ટર સંચાલિત ઓટોમેટીક રોપણીના ઓજારો ઉપયોગમાં આવતા થવાથી હવે તે વધુ કાર્યક્ષમ વાવેતર બન્યું છે.

### 5.5.2.3 કાપણી-લણણીની પદ્ધતિઃ ( Harvesting Method )

કાપણી માટે અને લણણી માટે હજુ પણ મહદ અંશે વર્ષો જૂની દાતરડાની પધ્ધતિ અસ્તિત્વ ધરાવે છે. અલબત્ત દાતરડામાં અવશ્ય સુધારો આવ્યો છે. જો કે કાપણી-લણણીનું વધુ પ્રભુત્વ ધરાવતા પાકો પૈકી બાજરો અને જુવાર હવે ગુજરાતમાં ઓછા વાવવામાં આવે છે. ઉપરાંત ઘઉં જેવા કેટલાક પાકોમાં કાપણી અને દાણા મેળવવાની જૂની પદ્ધતિની જગ્યાએ હાર્વેસ્ટરના ઉપયોગ દ્વારા ઝડપી પદ્ધતિ અસ્તિત્વમાં આવી છે. જુવાર, મકાઇ, બાજરો વગેરે જેવા પાકોની કાપણી માટે હવે ટ્રેક્ટર સંચાલિત ઓજારોનો ઉપયોગ પણ થતો જણાય છે.

### 5.5.2.4 નીદામણઃ (Weeding)

ખેતીમાં પાક લેવાની પદ્ધતિમાં નીદામણ દૂર કરવું ખૂબ અગત્યનું હોય છે. આ માટે બળદ દ્વારા આંતરખેડ કરવામાં આવે છે. ઉપરાંત નાના ટ્રેક્ટર દ્વારા પણ આંતરખેડ કરવામાં આવે છે. અમુક પ્રકારના નીદામણને દૂર કરવા પેસ્ટીસાઇઝ (દવા)નો પણ છંટકાવ કરવામાં આવે છે. કેટલાક વિસ્તારોમાં ખેડૂતો મોટર સાયકલ દ્વારા સાતીનો આંતર ખેડ માટે ઉપયોગ કરતા જોવા મળે છે.

### 5.5.2.5 ખેત સુધારણાઃ (Farm improvement )

પહેલાના સમયમાં ખેતીની સુધારણા માટે ખાસ પ્રયત્નો કરવામાં આવતા નહીં. છેલ્લા બે-ત્રણ દાયકાથી આ તરફ ગુજરાતની ખેતીમાં ખાસ ધ્યાન દેવામાં આવતું હોય તેવું જણાય છે. આ માટે ખેડાણ ઘટક એકમને સમતલ કરવું, બંધ પાળા બનાવીને પાણીના નિકાસ વ્યવસ્થિત કરી વરસાદ દ્વારા થતું ધોવાણ અટકાવવું તથા ખેતીમાં અમુક પ્રકારની માટી કાંપ કે ખાતર ઉમેરી ખેતરની ગુણવત્તા જાળવવા કે વધારવા ટ્રેક્ટર, લોડર જેવાં સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. હવે તો ખેડૂતો કોમ્પ્યુટર દ્વારા જમીન લેવલ કરવાના સાધનો પણ ઉપયોગ કરતા થયા છે.

### 5.5.2.6 પિયતની પદ્ધતિઃ (Irrigation System )

ગુજરાતમાં આઝાદી સમયે અને ત્યાર પછી પણ ઘણા સમય સુધી કોસ તથા રેટ દ્વારા કૂવામાંથી પાણી ઉલેચવાની પદ્ધતિ અમલમાં હતી. સમય જતાં ખેડૂતો ડીઝલ એન્જિન દ્વારા કૂવામાંથી પાણી મેળવતા થયા. ત્યાર બાદ ઈલેક્ટ્રિક મોટર પંપ સેટ અને ટ્યુબવેલ દ્વારા કુવા અને દાર (બોર) દ્વારા પિયતના પાણી મેળવતા થયા. સામાન્ય રીતે કૂવાના પાણીમાં વર્તમાન સમયમાં ઇલેક્ર્ટીક પંપ સેટનો ઉપયોગ થાય છે, જ્યારે દારમાંથી ઊંડેથી પાણી મેળવવા મોટર ટ્યુબવેલનો ઉપયોગ થાય છે. ઉપરાંત ગુજરાતમાં કેનાલ દ્વારા પણ પિયતના પાણી પ્રાપ્ત થાય છે. તળાવ દ્વારા ઓછા પ્રમાણમાં પિયત માટે પાણી ઉપલબ્ધ બન્યું છે.

ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં ક્યારા પિયત પદ્ધતિ જોવા મળે છે. આ

ઉપરાંત અમુક અંશે ટપક પદ્ધતિ તથા ફુવારા પિયત પદ્ધતિ પણા જોવા મળે છે. જો કે તેનું પ્રમાણ ઓછું છે. આ સિવાયની કોઇ પિયત પદ્ધતિથી ગુજરાતમાં જોવા મળતી નથી.

આમ ગુજરાતમાં માલિકી અને શ્રમના સંયોજન તથા ખેતી કાર્ય કરવાની પદ્ધતિના આધારે ઉપરોક્ત વિવિધ કૃષિ પદ્ધતિ જોવા મળે છે.

## 5.6 સારાંશ ( Summary )

ગુજરાતના અર્થકારણમાં કૃષિક્ષેત્રની ભૂમિકા ખૂબ મહત્વની રહી છે. ખાસ કરીને રોજગારી ક્ષેત્રે તેનું મહત્વ વિશેષ ગણાવી શકાય તેમ છે. આવા સંજોગોમાં ગુજરાતની કૃષિની પાયાની બાબતો જાણવી ઘણી આવશ્યક ગણાવી શકાય. તે અનુસંધાને પ્રસ્તુત પ્રકરણમાં આપણે કૃષિક્ષેત્રની પ્રાથમિક ચર્ચા કરી. ગુજરાત પ્રદેશમાં જે જમીન જોવા મળે છે તે અલગ અલગ ભૌગોલિક વિસ્તારમાં અલગ-અલગ સ્વરૂપની છે, તેની વિવિધતા અંગે પણ અત્રે ચર્ચા કરવામાં આવી. ગુજરાતમાં કુલ ભૌગોલિક વિસ્તારમાંથી કેટલો વિસ્તાર ખેતી માટે ઉપલબ્ધ છે એ પણ જોયું તે અનુસંધાને ખેતીમાં કુલ કેટલો વિસ્તાર વાવેતર હેઠળનો વિસ્તાર છે તે પણ રજૂ કરવામાં આવેલ. અંતિમ ભાગમાં ગુજરાતમાં કૃષિ પદ્ધતિ કઇ રીતે અમલમાં છે, તેમાં ખાસ કરીને માલિકી અને શ્રમના સંયોજનની દ્રષ્ટિએ કૃષિ  પદ્ધતિ તથા ખેતી કાર્ય કરવાની સાધન પદ્ધતિની દ્રષ્ટિએ કૃષિ પદ્ધતિ તપાસવા આવેલ.

## 5.7 ચાવીરૂપ શબ્દો (Key words )

- ખેતીના કુદરતી સાધનોઃ તેમાં જમીન, વરસાદનું પાણી, આબોહવા વગેરેનો સમાવેશ થાય છે.

- ટાકાઉક્ષમ ઉપયોગઃ વસ્તુ કે સાધનનો કરકસરયુક્ત ઉપયોગ કરવો જેથી તે લાંબા સમય સુધી ટકી રહે.

- કાંપ (Tremor) : કણ કણથી એકત્ર થયેલી પાક માટે પોષક તત્વો ધરાવતી માટી.

સેન્દ્રયિ તત્વોઃ પાકની વૃદ્ધિ માટે ઉપયોગી પોષક તત્વો .

- જમીનનું ધોવાણ : વરસાદ કે પૂરના લીધે પાણીના ઝડપથી વહનથી જમીનનો ઉપર ભાગ ધોવાઇ જાય છે તેને જમીનનું ધોવાણ કહે છે.

- ખારાપટ વિસ્તારોઃ દરિયાઇ ભરતીના લીધે કંઠાળ વિસ્તારમાં ખારાશ પ્રસરવાથી જમીન ખારી થઇ જાય છે તેને ખારાપટ વિસ્તારો કહે છે.

- સીમાંત ખેડૂતો (Marginal Farmer) : સૌથી ઓછી જમીન ધરાવતા ખેડૂતો, સામાન્ય રીતે એક હેકટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતો એટલે કે સીમાંત ખેડૂતો.

- ઓટોમેટીક ઓરણી ( Automatic Closet ) : યંત્ર (ટ્રેકટર) કે પશુ (બળદ) થી સંચાલિત આધુનિક વાવણીનું એક આધુનિક સાધન.

- હાર્વેસ્ટર ( Harvester ) : ઘઉં જેવા પાકની કાપણીથી માંડીને તૈયાર પેદાશ સુધીની પ્રક્રિયા ખૂબ ઝડપથી કરી આપતું એક સાધન.

## ★ સંદર્ભ : ( With Regard ):

- ભૈયા એસ. આર.(2017), 'ગુજરાતની ખેતી ખર્ચ યોજના', એગ્રો ઇકોનોમિક

રીસર્ચ સેન્ટએર, સરદાર પટેલ યુનિવર્સિટી , વલ્લાભવિધાનગર .

- દવે મંજુલાબહેન બી.(2016), 'ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

- Directorate of Agriculture, Gujarat State, Gandhinagar. (https:Gujarat.gov.in/estimate.html)

- Ministry in Agriculture and Farmers Welfare, Government of India.

- ત્રિવેદી એચ.કે અને શાહ રમેશ બી.(2009), વિકાસશીલ રાષ્ટ્રોનું અર્થશાસ્ત્ર , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

★ **તમારી પ્રગતિ ચકાસો (Exercise)**

(ક) વિસ્તૃત સવાલો.

(1) ગુજરાતની કૃષિની જમીનના વિવિધ પ્રકારો જણાવો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

(2) ગુજરાતમાં કૃષિ પદ્ધતિ વિગતે ચર્ચા કરો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

(ખ) ટૂંક નોંધ સ્વરૂપના સવાલો.

(1) ગુજરાતમાં જમીન નું વર્ગીકરણ જણાવો.

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

..........................................................

(2) ગુજરાતમાં પાક વાવેતર વિસ્તારના પરિવર્તનો જણાવો.

..........................................................

..........................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

(3) જમીન માલિકીના હકોમાં થયેલા ફેરફારો જણાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

(ગ) હેતુલક્ષી પ્રશ્નો.

(1) "અખિલ ભારતીય જમીન અને જમીન ઉપયોગીતા મોજણી સંસ્થા" એ ગુજરાતની જમીનને મુખ્ય કેટલા પ્રકારોમાં વહેંચી છે?

(અ) 5 (બ) 7 (ક) 9 (ડ) 11

(2) કઇ જમીનમાં પોષક તત્વ વધુ અને ચૂનાનું તત્વ ઓછું રહેલું છે?

(અ) કાંપની જમીન (બ) કાળી જમીન (ક) ક્ષારીય જમીન (ડ) રેતાળ જમીન

(3) ગુજરાતમાં વિસ્તારની દ્રષ્ટિએ બીજા ક્રમે કઇ જમીન આવેલી છે?

(અ) કાંપની જમીન (બ) કાળી જમીન (ક) ક્ષારીય જમીન (ડ) રેતાળ જમીન

(4) પડખાઉ જમીન ગુજરાતના ક્યા જિલ્લામાં આવેલી છે?

(અ) બનાસકાંઠા (બ) અમરેલી (ક) વલસાડ (ડ) ડાંગ

(5) ગુજરાતનો કુલ ભૌગોલિક વિસ્તાર કેટલા લાખ હેકટર છે?

(અ) 116 (બ) 156 (ક) 176 (ડ) 196

(6) ગુજરાતમાં ખેડવાલાયક પડતર જમીનનું પ્રમાણ કેટલા ટકા છે?

(અ) 10.42 (બ) 11.42 (ક) 12.42 (ડ)13.42

(7) સામાન્યર રીતે ચોખ્ખા વાવેતર વિસ્તાર કરતાં કુલ વાવેતર વિસ્તાર હોય છે?

(અ) વધુ (બ) ઓછો (ક) તેટલો જ (ડ) બે ગણો

(8) ગુજરાતમાં કુલ વાવેતર વિસ્તાર

(અ) ઘટે છે (બ) સ્થિર રહે છે (ક) વધે છે (ડ) ખૂબ વધે છે

(9) ગુજરાતની ખેતીમાં શ્રમકાર્યનું કયું સંયોજન જોવા મળે છે?

(અ) માત્ર માલિક (બ) માત્ર મજૂર (ક) માલિક અને મજૂર (ડ) ત્રણેય

(10) નીચેમાંથી કઇ પદ્ધતિ પિયત પદ્ધતિ છે?

(અ) ક્યારા (બ) ફુવારા (ક) ટપક (ડ) ત્રણેય

★ **તમારી પ્રગતિ ચકાસો ના જવાબો**

(1) (બ) 7
(2) (અ) કાંપની જમીન
(3) (બ) કાળી જમીન
(4) (ડ) ડાંગ
(5) (ડ) 196
(6) (અ) 10.42
(7) (અ) વધુ
(8) (ક) વધે છે
(9) (ડ) ત્રણેય
(10) (ડ) ત્રણેય

અભ્યાસ : ગુજરાતની જમીનના પ્રકાર, ખેડવા લાયક જમીનનું પ્રમાણ, કૃષિ પદ્ધતિ

એકમ 6

# ગુજરાતમાં કૃષિ : મુખ્ય પાકો અને ઉત્પાદનના વલણો

## રૂપરેખા


6.0 ઉદ્દેશો

6.1 પ્રસ્તાવના

6.2 ગુજરાતના મુખ્ય પાક

6.3 ગુજરાતમાં કૃષિ ઉત્પાદનના વલણો

6.4 સારાંશ

6.5 ચાવીરૂપ શબ્દો

6.6 તમારી પ્રગતિ ચકાસો

★ સંદર્ભ વાચન

★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 6.0 ઉદ્દેશો : ( **Objectives**) :

(1) ગુજરાતના મુખ્ય પાકો અને તેના વાવેતરોનું પ્રમાણ જાણવું.

(2) મુખ્ય પાકોના વિસ્તારમાં જે તે પ્રદેશ/જિલ્લાનું પ્રભુત્વ તપાસવું.

(3) ગુજરાતમાં કૃષિ ઉત્પાદનનાં વલણો તપાસવાં .

## 6.1 પ્રસ્તાવના : ( **Introduction** ) :

કૃષિ ક્ષેત્રમાં પાક લેવાની પ્રવૃત્તિ મુખ્ય ગણાય છે. આથી જે તે પ્રદેશમાં કયા કયા પાકો લેવામાં આવે છે, તે ખુબ મહત્ત્વનું બની રહે છે. પ્રદેશમાં કયા પાક લેવામાં આવે છે. તેના આધારે તે પ્રદેશની કૃષિ ઓળખ થતી હોય છે. જેમ કે ગુજરાતમાં દક્ષિણ ગુજરાત વિસ્તારમાં શેરડીનો પાક, મધ્યગુજરાતમાં ડાંગરનો પાક, ઉત્તર ગુજરાતમાં જીરાનો પાક અને સૌરાષ્ટ્ર પ્રદેશમાં મગફળી તથા કપાસનો પાક પોતાની આગવી ઓળખ ધરાવે છે.

દરેક અર્થતંત્રમાં કૃષિ ઉત્પાદનની સ્થિઈત ઘણું જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જે તે દેશ/અર્થતંત્રમાં કયા પાકોનું કેટલું ઉત્પાદન થાય છે, તે જાણવું ઘણું જ જરૂરી બને છે. જેથી કઈ ખેતપેદાશોનું ઉત્પાદન વધારવું કે અન્ય કોઈ ફેરફાર કરવો તે વિશે માહિતી મળી રહે.

સંયુકત રાષ્ટ્રસંઘની સંસ્થા Food and Agriculture Organisation (FAO) દ્વારા ખેતપેદાશોનાં આગણન માટે પદ્ધતિ વિકસાવવામાં આવી છે, જેમાં છેલ્લે વર્ષ ૨૦૧૦માં સુધારો કરવામાં આવેલો છે. આ વર્ગીકરણમાં કૃષિ

પાકો કઈ ઋતુમાં લેવાય છે ? તેનું મૂળ શું છે ? તે કયા પ્રકારની જમીનમાં ઊગે છે ? તેનો ઉપયોગ વપરાશ માટે થાય છે કે ઔદ્યોગિક કાચા માલ તરીકે ? વગેરે મુદ્દાઓ ધ્યાનમાં લેવાયા છે. જો કે FAO દ્વારા કરવામાં આવેલા આ પાક વર્ગીકરણ ઉપરાંત જે-તે પ્રદેશ દ્વારા તેનાં વિશિષ્ટ ભૌગોલિક અને આર્થિક પરિબળોને આધારે પણ પાકોનું વર્ગીકરણ કરવાનું થાય છે.

કોઈપણ પ્રદેશમાં કયો પાક લેવામાં આવતો હશે તેનો આધાર તે પ્રદેશની જમીન તથા આબોહવા પર રહેલો છે. જે પાકનું ઉત્પાદન વધુ થતું હોય અને તેના ઉત્પાદનના યોગ્ય ભાવ પ્રાપ્ત થતા હોય, એટલે કે પાક લેવાની પ્રવૃત્તિથી ખેડૂતને યોગ્ય વળતર પ્રાપ્ત થતું હોય તે પાકનું વાવેતર તે પ્રદેશમાં થતું હોય છે. સમયની સાથે કૃષિ જેમ આધુનિક થતી જતી હોય છે. તેમ તેમ નવા કૃષિ પાકોનું વાવેતર ફેરફાર પામતું હોય છે. જો પરંપરાગત રીતે વવાતા પાકો જે વળતર આપતા હોય તેના કરતાં નવા પાકો વધુ વળતર આપશે, એવું જણાય ત્યારે ખેડૂતો નવા પાક તરફ વળતા હોય છે. પ્રારંભિક અનુભવ પછી કયો પાક વધુ વળતરદાયી નીવડે છે, તેના આધારે પાકનું વાવેતર થતું હોય છે. ગુજરાતમાં વિકાસની શરૂઆત તથા તે પહેલાં ધાન્ય પાકો અને કઠોળ પાકોનું એટલે કે અનાજના પાકોનું પ્રભુત્વ હતું. એ સિવાયના પાકો ભાગ્યેજ લેવામાં આવતા, સમયના પરિવર્તન સાથે ખાદ્ય પાકોએ પોતાનું અસ્તિત્વ જાળવી રાખ્યું પરંતુ તેની સાથે સાથે કપાસ, તમાકુ, જીરુ, લસણ જેવા પાકોએ પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે.

આ પ્રકરણમાં આપણે ગુજરાતમાં કયા કયા પાકો લેવામાં આવે છે તથા તેના ઉત્પાદનનું પ્રમાણ કેવું રહેવા પામ્યું છે. તથા તેમાં કેવા પરિવર્તનો આવ્યા છે, તેનો અભ્યાસ કરીશુ.

## 6.2 ગુજરાતના મુખ્ય પાકો : ( Principal Crops of Gujarat) :

ગુજરાતના કુલ ભૌગોલિક વિસ્તારમાંથી અડધા કરતાં પણ વધુ વિસ્તારમાં પાક વાવેતરની આર્થિક પ્રવૃત્તિ કરવામાં આવે છે. સમયની સાથે-સાથે ગુજરાતમાં વવાતા પાકોમાં પરિવર્તન જોવા મળે છે. પહેલાની ખેતી નિર્વાહપ્રધાન ખેતી હોવાને લીધે જીવન જરૂરિયાતના અનુંસંધાને ખાદ્ય પાકો અને પશુપાલનના ઘાસચાર માટેના પાકોનું વાવેતર મહદઅંશે જોવા મળતું. સમય પરિવર્તનની સાથે સાથે કૃષિ ક્ષેત્રમાં પણ આવકને અને નફાને મહત્ત્વ મળતું થયું અને વધતું ગયું. એ અનુસંધાને રોકડિયા પાકોનું અને વધુ નફો આપતા પાકોનું વાવેતર સતત વધવા લાગ્યું. એક સમયે ધાન્યો અને કઠોળ પાકોનું જ વાવેતર થતું હતું. આ પાકોની સાથે રોકડિયા પાકો સ્વરૂપે કપાસ, તમાકુ, મગફળી, જીરું, બાગાયતી, શાકભાજી વગેરેનું વાવેતર સતત વધવા લાગ્યું છે. કુલ એકદંરે ગુજરાતના મુખ્ય પાકોમાં ધાન્ય પાકો તરીકે ચોખા, ઘઉં, બાજરો, જુવાર, મકાઈ લેવામાં આવે છે. જયારે કઠોળ પાકોમાં ચણા, મગ, તુવેર, અડદ લેવાય છે. ગુજરાતમાં લેવાતાં તેલીબિયાં પાકોમાં મગફળીનો પાક મુખ્ય ગણાય છે. ત્યાર બાદ તલ અને સોયાબીનનો પાક પણ  લેવામાં આવે છે. રોકડિયા અને વધુ નફો કમાવી આપતા પાકોમાં કપાસના પાકનો સમાવેશ થાય છે. તે ઉપરાંત તમાકુ અને શેરડીનો પાક લેવાય છે. આમ આ પાકોને ગુજરાતના વર્તમાન સમયમાં મુખ્ય પાકો ગણવામાં આવે છે.

### 6.2.1 ચોખાનો પાક : ( Paddy Rice ) :

ચોખા એ ગુજરાત પ્રદેશમાં વસતા લોકોના ખોરાકમાં ભાત કે ચાવલ તરીકે વપરાય છે. ગુજરાતીઓમાં 'ખીચડી' પણ મહત્ત્વનું ભોજન છે. અને ખીચડીમાં ચોખાનું પ્રમાણ વિશેષ હોય છે. આ ઉપરાંત પણ ચોખાનો ઉપયોગ ખોરાકમાં વિવિધ રીતે જોવા મળે છે.

ચોખાનો પાક એ ગુજરાતનો મહત્ત્વનો ધાન્ય પાક ગણાવી શકાય તેમ છે. આ પાક લેવામાં પાણી એટલે કે પિયતની વધુ જરૂર પડે છે. આથી જે વિસ્તારમાં વધુ વરસાદ પડે છે અને પિયતની સગવડ વધારે છે. ત્યાં આ પાકનું મહત્ત્વ ઘણું વિશેષ છે. વર્ષ 2014-15 થી 2016-17ની ત્રિવાર્ષિક સરેરાશના આંકડા મુજબ ગુજરાતમાં ચોખાના પાકનું વાવેતર 805.4 હજાર હેક્ટરમાં થયેલ હતું. ચોખાના પાકનું સૌથી વધુ વાવેતર અમદાવાદ જિલ્લામાં થયેલ હતું. જો કે અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ પાક વાવેતરનો વિસ્તાર ઘઉંનો જોવા મળે છે. આથી એમ કહી શકાય કે ચોખાનો પાક એ વાવેતર વિસ્તારની દૃષ્ટિએ ગુજરાતના એક પણ જિલ્લાનો ટોચનો પાક નથી. આ પાકનું વાવેતર બીજા ક્રમે ખેડા જિલ્લામાં થયું હતું. આ ઉપરાંત ચોખાના પાકનું વાવેતર આણંદ, વલસાડ, નવસારી, તાપી તથા પંચમહાલ જિલ્લામાં પણ સારા પ્રમાણમાં જોવા મળે છે. સૌરાષ્ટ્ર, કચ્છ, બનાસકાંઠા અને પાટણને બાદ કરતાં અન્ય જિલ્લાઓમાં ચોખાનો પાક ઓછા પ્રમાણમાં પણ લેવામાં આવે છે. ગુજરાતના કેટલાક વિસ્તારમાં ચોખાનો પાક બિન-સિંચીત પદ્ધતિથી લેવામાં આવે છે. જેમાં પંચમહાલ, વલસાડ, દાહોદ, મહીસાગર, તાપી, નવસારી, નર્મદા તથા છોટાઉદેપુર જિલ્લાઓનો સમાવેશ થાય છે જો કે તેનું પ્રમાણ સિંચિત વિસ્તારમાં લેવામાં આવતા ચોખાના પાકના પ્રમાણ કરતાં ઓછું છે. ઉપરાંત ઘઉંનો પાક ઉનાળુ મોસમમાં પણ લેવામાં આવે છે. આ મોસમમાં ચોખાના પાકનો વાવેતર વિસ્તાર ખુબ જ ઓછો જોવા મળે છે.

### 6.2.2 ઘઉંનો પાક ( Wheat Product ) :

ઘઉંને ગુજરાતમાં ઘણું મહત્ત્વનો ધાન્ય ગણવામાં આવે છે. ગુજરાત પ્રદેશની કૃષિમાં મોટાભાગના વિસ્તારોમાં આ પાક વધુ કે ઓછા પ્રમાણમાં લેવામાં આવે છે. ખોરાક માટે ઘઉંને ગુજરાતમાં ટોચના સ્થાને ગણાવી શકાય. ગુજરાતના મોટાભાગના કુટુંબોમાં ઘઉંની રોટલી ખોરાકમાં દરરોજ લેવાતી હશે. આ ઉપરાંત ઘઉંમાંથી બનતી બ્રેડનો ઉપયોગ શહેરી વિસ્તારોમાં વ્યાપક જોવા મળે છે. આ ઉપરાંત પણ ઘઉંને વિવિધ રીતે ખોરાકમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

ઘઉંનો પાક શિયાળુ રવિ મોસમનો પાક છે. આથી મહદ અંશે પિયતવાળા વિસ્તારોમાં આ પાક લેવામાં આવે છે. જો કે થોડા વિસ્તાર માટે બિનપિયત પાક તરીકે પણ લેવામાં આવે છે. ગુજરાતમાં વર્ષ 2014-15થી 2016-17ની ત્રિવાર્ષિક સરેરાશના આંકડા મુજબ ઘઉંના પાકનું વાવેતર 1009.5 હજાર હેક્ટરમાં થયેલ હતું. ઘઉંના પાકનું સૌથી વધુ વાવેતર અમદાવાદ જિલ્લામાં અને બીજા ક્રમે બનાસકાંઠા જિલ્લામાં થયેલું હતું. અમદાવાદ ઉપરાંત સાબરકાંઠા, અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં ઘઉંના પાકનો વાવેતર વિસ્તાર અન્ય પાકોની તુલનાએ ટોચના સ્થાને હતો. આ ઉપરાંત મહેસાણા, જૂનાગઢ, બોટાદ, ગિરસોમનાથ, આણંદ, ખેડા તથા દાહોદ જિલ્લામાં પણ ઘઉંના પાકનું વાવેતર સારા પ્રમાણમાં જોવા મળે છે. વલસાડ, નવસારી અને છોટાઉદેપુરને બાદ કરતા અન્ય તમામ જિલ્લાઓમાં વત્તા-ઓછા પ્રમાણમાં ઘઉંનો પાક લેવામાં આવે છે. અમદાવાદ, સુરેન્દ્રનગર, બોટાદ તથા ભરૂચ જિલ્લાઓમાં બિન-સિંચિત પાક તરીકે પણ ઘઉંનું વાવેતર કરવામાં આવે છે, જો કે તેનુ પ્રમાણ ઓછું

રહેવા પામે છે.

### 6.2.3 બાજરાનો પાક ( Millet ) :

ગુજરાત પ્રદેશમાં બાજરાનો પાક વર્ષો પહેલા વિશેષ પ્રમાણમાં લેવામાં આવતો હતો. વર્તમાન સમયમાં તેમાં ઘટાડો આવ્યો છે. ખોરાકમાં બાજરાનો રોટલો કેટલાક વિસ્તારમાં સામાન્ય તો કેટલાક વિસ્તારમાં વિશિષ્ટ ગણવામાં આવે છે.

ગુજરાતમાં વર્ષ 2014-15 થી 2016-17 ની ત્રિવાર્ષિક સરેરાશના આંકડા મુજબ બાજરના પાકનો વાવેતર વિસ્તાર ૪૨૫.૨ હજાર હેક્ટરનો હતો. બાજરાના પાકનો સૌથી વધુ વાવેતર વિસ્તાર બનાસકાંઠા જિલ્લામાં અને બીજા ક્રમે આણંદ જિલ્લામાં જોવા મળે છે. વાવેતર વિસ્તારની દૃષ્ટિએ બનાસકાંઠા જિલ્લાનો તે અન્ય પાકોની તુલનાએ ટોચનો પાક રહેવા પામેલ છે. આ ઉપરાંત આણંદ, ખેડા, ભાવનગર, મહેસાણા, અમદાવાદ, મહીસાગર અને વડોદરા જિલ્લામાં પણ આ પાક સારા પ્રમાંણમાં લેવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં ભાવનગર ઉપરાંત ગિર સોમનાથ, જૂનાગઢ અને અમરેલી સિવાયના જિલ્લાઓમાં તથા દક્ષિણ ગુજરાતમાં અને છોટાઉદેપુરમાં બાજરાના પાકનું વાવેતર નહિવત્ જોવા મળે છે. અન્ય જિલ્લાઓમાં બાજરાના પાકનું વાવેતર પ્રમાણ ખૂબ ઓછું જોવા મળે છે. બાજરાનો પાક ખરીફ પાક તથા ઉનાળુ પાક તરીકે લેવામાં આવે છે. ખરીફ પાક કરતાં ઉનાળુ પાકનું વાવેતર દોઢ ગણું જોવા મળે છે.

### 6.2.4 મકાઈનો પાક ( Maize ) :

મકાઈના પાકનું મહત્ત્વ ગુજરાતમાં ઓછું હોવા છતાં ધીમે ધીમે વધુ જણાય છે. આ પાકનો ખોરાક તરીકે ઉપયોગ થાય છે. તથા છેલ્લા કેટલાક વર્ષોથી મકાઈના ડોડાને શેકીને કે બાફીને સીધા જ વેચવામાં આવે છે.

ગુજરાતમાં વર્ષ 2014-15 થી 2016-17 ની ત્રિવાર્ષિક સરેરાશના આંકડા મુજબ મકાઈના પાકનો વાવતેર વિસ્તાર 412 હજાર હેક્ટર હતો. મકાઈના પાકનું સૌથી વધુ વાવેતર દાહોદ જિલ્લામાં જોવા મળે છે. બીજા ક્રમે પંચમહાલ જિલ્લો છે. આ ઉપરાંત આસપાસના જિલ્લાઓ જેમ કે છોટાઉદેપુર, મહીસાગર, અરવલ્લી તથા સાબરકાંઠા જિલ્લામાં મકાઈનું વાવેતર થાય છે. જો કે નર્મદા, વડોદરા અને બનાસકાંઠા જિલ્લામાં પણ મકાઈનું વાવેતર ઓછા પ્રમાણમાં જોવા મળે છે. ગુજરાતના અન્ય જિલ્લાઓમાં મકાઈનું વાવેતર નિહ્વત કે અલ્પપ્રમાણમાં જણાય છે. મકાઈનું વાવેતર મુખ્યત્વે ખરીફ મોસમમાં થાય છે. જો કે રવિ મોસમમાં પણ તે લેવામાં આવે છે અને ખૂબ ઓછા પ્રમાણમાં ઉનાળુ મોસમમાં પણ લેવામાં આવે છે.

### 6.2.5 કુલ કઠોળ પાકો ( Beans ) :

ગુજરાતમાં કઠોળના પાકોનું મહત્ત્વ વિશેષ ન હોવા છતાં સાતત્યપૂર્ણ જળવાઈ રહેલું જોવા મળે છે. ખોરાકમાં શાક તરીકે કઠોળ મહત્ત્વ ધરાવે છે. આ ઉપરાંત ચણાનો લોટ ફરસાણ તથા મીઠાઈમાં ઉપયોગી બને છે.

ગુજરાતમાં વર્ષ 2014-15 થી 2016-17 ની ત્રિવાર્ષિક સરેરાશના આંકડા મુજબ કુલ કઠોળ પાકોનો વાવેતર વિસ્તાર 716.5 હજાર હેક્ટર હતો. તેમાંથી મોટા ભાગનો વિસ્તાર ખરીફ મોસમનો હતો. ગુજરાતમાં કઠોળ પાકોમાં તુવેર તથા ચણા મુખ્ય છે. આ ઉપરાંત મગ, અડદ અને અન્ય કઠોળ પાકોને છૂટાછવાયા વાવવામાં આવે છે. કઠોળના વાવેતર વિસ્તારમાં ભરૂચ જિલ્લો પ્રથમ ક્રમે અને કચ્છ જિલ્લો

બીજા ક્રમે આવે છે. ગુજરાતમાં સમગ્ર પ્રદેશમાં વત્તાંઓછાં પ્રમાણમાં કઠોળના પાકો લેવામાં આવે છે. ગાંધીનગર, મોરબી, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, ભાવનગર, બોટાદ, આણંદ, ખેડા તથા નવસારી જિલ્લામાં કઠોળના પાકનો વિસ્તાર વર્ષ 2014-15 થી 2016-17 ની ત્રિવાર્ષિક સરેરાશ મુજબ દસ હજાર હેક્ટરથી ઓછો જોવા મળે છે. બાકીના 24 જિલ્લાઓમાં કઠોળના પાકનો વાવેતર વિસ્તાર દસ હજાર હેક્ટરથી વધુ જોવા મળેલ છે.

### 6.2.6 કપાસનો પાક : (Cotton ) :

કપાસનો પાક એ ગુજરાતની કૃષિનો નફો કમાવી આપનાર પાક ગણાય છે. ગુજરાતની કૃષિના છેલ્લા બે-ત્રણ દાયકાના વિકાસમાં કપાસના પાકની ભૂમિકાને મહત્ત્વની ગણાવી શકાય. કૃષિ આધારિત ઉદ્યોગોમાં કાચા માલ તરીકે કાપડ ઉદ્યોગમાં કપાસનું ઉત્પાદન મહત્ત્વનું બને છે. ગુજરાતમાં ઉત્પાદિત થયેલ કપાસમાંથી જે કિંમત પ્રાપ્ત થાય છે. તેનો ઉપયોગ ગુજરાતના કાપડ ઉદ્યોગ માટે ભારતનાં અન્ય રાજયોના કાપડ ઉદ્યોગ માટે તથા નિકાસ દ્વારા વિદેશી કાપડ ઉદ્યોગો માટે કાચા માલ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

વર્ષ 2014-15 થી 2016-17ની વાર્ષિક સરેરાશ મુજબ ગુજરાતમાં કપાસના પાકનો વાવેતર વિસ્તાર 2665.4 હેક્ટર હતો. તે પૈકી 889.8 હજાર હેક્ટર બિનપિયત વિસ્તાર હતો. નિર્દેશિત વાર્ષિક સરેરાશ મુજબ કપાસના પાકનો સૌથી વધુ વાવેતર વિસ્તાર અમરેલી જિલ્લામાં હતો. ત્યારબાદ બીજા ક્રમે તેનાથી થોડો ઓછો વિસ્તાર સુરેન્દ્રનગર જિલ્લાનો હતો. ત્રીજા ક્રમે રાજકોટ, ચોથા ક્રમે ભાવનગર, પાંચમા ક્રમે જામનગર, છઠ્ઠા ક્રમે મોરબી, સાતમા ક્રમે બોટાદ તથા આઠમા ક્રમે અમદાવાદ જિલ્લો હતો. નિર્દેશિત જિલ્લાઓ કપાસના વાવેતર વિસ્તારમાં સારું પ્રમાણ ધરાવતા હતા. ડાંગ, નવસારી તથા વલસાડ જિલ્લામાં કપાસના પાકનું વાવેતર થયેલ ન હતું. દાહોદ, આણંદ, સુરત અને તાપી જિલ્લાઓને બાદ કરતાં અન્ય તમામ જિલ્લાઓમાં કપાસના પાકનો વાવેતર વિસ્તાર દસ હજાર હેક્ટરથી વધુ હતો. મોટા ભાગના જિલ્લાઓમાં આ પ્રમાણ 10 હજાર કરતાં ઘણું વધારે હતું.

### 6.2.7 મગફળીનો પાક ( Groundnut) :

મગફળીનો પાક એ ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર પ્રદેશમાં દાયકાઓથી ખેતીનો મુખ્ય પાક ગણાય છે. પાકનું મહત્ત્વ સતત જળવાઈ રહ્યું છે. મગફળીનો ઉપયોગ ખાદ્યતેલમાં મુખ્યત્વે થાય છે. સૌરાષ્ટ્રના વિવિધ સ્થળોએ તેલ મીલો આવેલી છે, ઉપરાંત મગફળીની અન્ય રાજયોમાં જાવક અને વિદેશમાં નિકાસ પણ થાય છે. સીંગદાણા માટે પણ મગફળીનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં થાય છે.

ગુજરાતમાં વર્ષ 2014-15થી 2016-17ની ત્રિવાર્ષિક સરેરાશ મુજબ મગફળીના પાકનો વાવેતર વિસ્તાર 15183 હજાર હેક્ટર હતો. મગફળી મુખ્યત્વે ખરીફ પાક તરીકે લેવામાં આવે છે. ખૂબ જ ઓછા પ્રમાણમાં ઉનાળુ પાક તરીકે પણ લેવામાં આવે છે. મગફળીનું સૌથી વધુ વાવેતર રાજકોટ જિલ્લામાં થાય છે. બીજા ક્રમે જૂનાગઢ જિલ્લો આવે છે. આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા, જામનગર, અમરેલી તથા ગિર સોમનાથ જિલ્લામાં પણ મગફળીના પાકનું વાવેતર મુખ્ય ગણવામાં આવે છે. મોરબી, બનાસકાંઠા, ભાવનગર તથા પોરબંદર જિલ્લામાં પણ મગફળીનુ વાવેતર સારું એવું જોવા મળે છે. આ ઉપરાંત કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી, સુરેન્દ્રનગર તથા

મહેસાણા જિલ્લાઓમાં પણ મગફળીના પાકનો વાવેતર વિસ્તાર દસ હજાર હેક્ટર કરતાં વધુ જોવા મળે છે.

### 6.2.8 તમાકુનો પાક : ( Tobacco) :

તમાકુનો પાક એ વધુ નફો આપતો રોકડિયો પાક છે. આ પાક ચરોતર વિસ્તારમાં વિશેષ પ્રમાણમાં લેવામાં આવે છે. વર્ષ 2014-15 થી 2016-17ની ત્રિવાર્ષિક સરેરાશ મુજબ ગુજરાતમાં તમાકુનો વાવેતર વિસ્તાર 1715 હજાર હેક્ટર હતો. આ પાક ખરીફ અને રવિ એમ બંને મોસમમાં લેવામાં આવે છે. ખરીફ કરતાં રવિપાકનો વાવેતર વિસ્તાર લગભગ અઢી ગણો જોવા મળે છે. તમાકુના પાકનું સૌથી વધુ વાવેતર આણંદ જિલ્લામાં જોવા મળે છે. ત્યારબાદ ખેડા જિલ્લામાં જોવા મળે છે. આ જિલ્લાઓના પ્રમાણમાં ઘણું ઓછું કહી શકાય તેવું તમાકુનું વાવેતર મહેસાણા, જૂનાગઢ અને બનાસકાંઠામાં  જોવા મળે છે. આ ઉપરાંત ખૂબ ઓછું વાવેતર કચ્છ, પાટણ, સાબરકાંઠા, ગાંધીનગર, પંચમહાલ, મહીસાગર તથા વડોદરા જિલ્લામાં જોવા મળે છે.

અહીં નિર્દેશિત પાકો ઉપરાંત ગુજરાતમાં બીજા પણ કેટલાંક પાકો ત્યાર પછીના ક્રમે સારું એવું મહત્ત્વ ધરાવે છે. આ પાકોમાં દક્ષિણ ગુજરાત પ્રદેશમાં ખાસ કરીને સુરત જિલ્લામાં શેરડીનું વાવેતર સારા પ્રમાણમાં કરવામાં આવે છે. એરંડા પણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વાવવામાં આવે છે. રવિપાક તરીકે જીરુનાં પાકનું મહત્ત્વ અને વાવેતર ઉત્તર ગુજરાત પ્રદેશમાં વર્ષોથી આકર્ષક જણાય છે. છેલ્લા બે-ત્રણ દાયકાથી સૌરાષ્ટ્ર પ્રદેશમાં અને અન્ય બીજા પ્રદેશોમાં પણ તેનું મહત્ત્વ અને વાવેતર સારા પ્રમાણમાં જણાઈ આવે છે. તલના પાકનું વાવેતર પણ ગુજરાતના જુદા જુદા પ્રદેશોમાં ઠીક પ્રમાણમાં જોવા મળે છે. ગમ ગુવાર તરીકે ઓળખાતા ગુવાર-બી, ડુંગળી, બટાટા, રાઈ વગેર પાકો ગુજરાતમાં કોઈ વિસ્તારમાં ઓછા તો કોઈ વિસ્તારમાં મધ્યમ પ્રમાણમાં અને કોઈ વિસ્તારમાં વધુ પ્રમાણમાં વાવવામાં આવે છે.

આમ ગુજરાતમાં તેના વિવિધ પ્રકારના ભૌગોલિક પ્રદેશ અને જમીનગુણવત્તા તથા આબોહવાના આધારે જુદા-જુદા વિસ્તારોમાં જુદા-જુદા પાકો વર્ચસ્વ ધરાવે છે. કેટલાક પાકો પરંપરાગત રીતે વવાતા આવે છે, તો કેટલાક પાકોએ સમયની સાથે પોતાનું સ્થાન ઊભું કર્યું છે.

## 6.3 ગુજરાતમાં કૃષિ ઉત્પાદનના વલણો : ( Trends in Agriculture Production in Gujarat ) :

કોઈ પણ આર્થિક પ્રવૃત્તિમાં ઉત્પાદનનું પ્રમાણ જાણવું એ ખૂબ અગત્યની બાબત હોય છે. કૃષિ ક્ષેત્રે થતું ઉત્પાદન એ માનવ પ્રયાસોથી થતું કુદરતી ઉત્પાદન છે. કૃષિ આર્થિક પ્રવૃત્તિમાં પાક લેવાની પ્રવૃત્તિ મુખ્ય પ્રવૃત્તિ છે. આ કૃષિ પાકો જુદા જુદા પ્રદેશોમાં જુદા-જુદા પ્રકારના લેવાતા હોય છે. જયારે કોઈ વિશાળ પ્રદેશનો અભ્યાસ કરવાનો થાય ત્યારે પાકોમાં વધુ વિવિધતા જોવા મળે છે. આથી વિવિધ પ્રકારના કૃષિ ઉત્પાદનો પ્રાપ્ત થાય છે. ગુજરાત રાજય વિશાળ, કૃષિ પ્રદેશ ધરાવે છે. આથી ગુજરાતમાં વિવિધ પ્રકારના કૃષિ પાકોનું ઉત્પાદન પ્રાપ્ત કરવામાં આવે છે.

ગુજરાતની કૃષિમા જે વિવિધ પાકો દ્વારા ઉત્પાદન લેવામાં આવે છે. તે તમામને ગણતરીમાં લેવા મુશ્કેલ છે. જો કે કૃષિ નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા વર્ષો વર્ષ ગુજરાતના કુલ વિસ્તારમાં લેવાતા વિવિધ પાકોના વાવેતર વિસ્તાર,

ઉત્પાદન અને ઉત્પાદકતાના આંકડા એકત્ર કરવામાં આવે છે અને તે પ્રસિદ્ધ કરવામાં આવે છે. આથી મોટાભાગના કૃષિ ઉત્પાદનના આંકડા પ્રાપ્ત થઈ શકે છે. ગુજરાતમાં કૃષિ ઉત્પાદનના વિવિધ પ્રકારો પૈકી અત્રે મુખ્ય આઠ પ્રકારના પાકોના ઉત્પાદનનો અભ્યાસ કરીએ. આ આઠ પાકોમાં ઘઉં, ચોખા, કુલ ધાન્યો, કુલ કઠોળ, કુલ ખાદ્યો, મગફળી, કુલ તેલીબિયાં તથા કપાસનો સમાવેશ કરેલો છે.

ગુજરાતમાં કૃષિ ઉત્પાદનનો આધાર વરસાદના પ્રમાણ અને નિયમિતતા પર, વાતાવરણની અનુકૂળતા પર તથા રોગચાળાના પ્રમાણ પર રહેલો જોવા મળે છે. આથી કૃષિ ઉત્પાદનમાં વિશેષ અનિશ્ચિતતા જોવા મળે છે. આથી વર્ષોવર્ષ ઉત્પાદનમાં વધઘટ જોવા મળે તે સ્વાભાવિક છે. જેના લીધે કૃષિ ઉત્પાદનમાં લાંબાગાળાના ફેરફારો, પરિવર્તનો કે વલણો તપાસવા માટે કેટલાક વર્ષોની સરેરાશના આંકડા લેવામાં આવે છે. સમયની સાથે જે તે વર્ષના નહીં, પરંતુ સરેરાશના આંકડા સમયના બે બિંદુ વચ્ચેના પરિવર્તનોનું વધુ વાસ્તવિક ચિત્ર બતાવી શકે છે. દા.ત 2000-01ના ઉત્પાદનની સામે 2010-11 ના ઉત્પાદનને જોવાને બદલે 1998-99, 1999-00 અને 2000-01ના ત્રણ વર્ષની સરેરાશની સામે 2008-09, 2009-10 અને 2010-11 ના ત્રણ વર્ષની સરેરાશ જોવામાં આવે છે.

આથી અહીં ત્રિમાસિક સરેરાશ દ્વારા ગુજરાતના કૃષિ ઉત્પાદનના વલણો જોવામાં આવ્યાં છે. આ ઉપરાંત પરિવર્તનનું પ્રમાણ જાણવા માટે પરિવર્તન આંકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં જે તે પાક માટે પ્રથમ ત્રણ વર્ષના ત્રિમાસિક સરેરાશ ઉત્પાદનને પાયાના આંક તરીકે 100 ગણવામાં આવેલા છે. આ પાયાના 100ના આધારે પછીના વર્ષોનો પરિવર્તન આંક શોધવામાં આવેલા છે. આ પરિવર્તન આંક દ્વારા જે તે પાકમાં આવતા પરિવર્તનો સમજવા વધુ સરળ બને છે.

$$\text{પરિવર્તનનો આંક} = \frac{\text{જે તે વર્ષનું ઉત્પાદન} \times 100}{\text{પાયાના વર્ષનું ઉત્પાદન}}$$

હવે ગુજરાતમાં કૃષિ ઉત્પાદનમાં થયેલા ફેરફારો માટે આપણે ટેબલ-૧ સમજીએ.

**ટેબલ -1**

**ગુજરાતમાં કૃષિ ઉત્પાદન**

**( '000ટનમાં-ત્રિવાર્ષિક સરેરાશ )**

| ક્રમ | પાક | 1994/95 થી 1996/97 | 1999/00 થી 2001/02 | 2004/05 થી 2006/07 | 2009/10 થી 2011/12 | 2014/15 થી 2016/17 |
|---|---|---|---|---|---|---|
| 1 | ચોખા | 904.9 | 832.6 | 1308.7 | 1526.2 | 1821.0 |
| | પરિવર્તન આંક | 100 | 92 | 145 | 169 | 201 |
| 2 | ઘઉં | 1471.0 | 937.9 | 2426.2 | 3481.2 | 2760.0 |
| | પરિવર્તન આંક | 100 | 64 | 165 | 236 | 187 |
| 3 | કુલ ધાન્યો | 1927.7 | 1736.3 | 1695.5 | 1978.3 | 1710.5 |
| | પરિવર્તન આંક | 100 | 90 | 88 | 103 | 89 |
| 4 | કુલ કઠોળ | 636.6 | 325.4 | 539.8 | 673.3 | 645.4 |
| | પરિવર્તન આંક | 100 | 51 | 85 | 106 | 101 |
| 5 | કુલ ખાદ્યો | 4943.2 | 3832.1 | 5970.2 | 7659.0 | 6931.2 |
| | પરિવર્તન આંક | 100 | 78 | 121 | 155 | 140 |
| 6 | મગફળી | 1952.3 | 1350.8 | 2340.2 | 2682.9 | 2518.6 |
| | પરિવર્તન આંક | 100 | 69 | 120 | 137 | 129 |
| 7 | કુલ તેલીબિયાં | 3226.1 | 2341.1 | 3412.6 | 4342.7 | 4618.4 |
| | પરિવર્તન આંક | 100 | 73 | 105 | 135 | 143 |
| 8 | કપાસ | 2376.3 | 1649.9 | 6761.3 | 10128.8 | 9491.7 |
| | પરિવર્તન આંક | 100 | 69 | 285 | 426 | 399 |

### 6.3.1 ચોખાનું ઉત્પાદન : (Rice Production):

ગુજરાતમાં ચોખાના પાકનું ઉત્પાદન 1994/95 થી 1996/97 ની ત્રિવાર્ષિક સરેરાશ પ્રમાણે 904.4 હજાર ટન હતું. પછીનાં પાંચ વર્ષમાં તે ઘટે છે. 2004/05 થી 2006/07 ની વાર્ષિક સરેરાશ મુજબ તેમાં ઘણો સારો વધારો જણાય છે. પછીના પાંચ વર્ષમાં તે ફરીથી વધે છે. અંતિમ પાંચ વર્ષમાં પણ તેમાં સારો એવો વધારો થાય છે. અને તે 1821 હજાર ટન થાય છે. કુલ એકંદરે ચોનાના પાકના ઉત્પાદનનો પરિવર્તન આંક 201 થાય છે. જે એવું સૂચવે છે કે ચોખાનું ઉત્પાદન 20 વર્ષ પછી બે ગણું થાય છે.

### 6.3.2 ઘઉંનું ઉત્પાદન ( Wheat Production) :

ગુજરાતમાં ઘણાખરા ખેતીપ્રદેશ ઉપર ઘઉંનું ઉત્પાદન લેવામાં આવે છે. ગુજરાતમાં 1994/95 થી 1996/97 ની ત્રિવાર્ષિક સરેરાશ મુજબ ઘઉંના પાકનું ઉત્પાદન 1474 હજાર ટન હતું. ઘઉંનુ ઉત્પાદન પછીના પાંચ વર્ષોમાં 8 ટકા જેટલું ઘટવા પામેલ. જો કે ત્યારબાદ સતત વધતું જોવા મળે છે. 2004/05 થી 2006/07માં તે વિશેષ વધીને 2426.2 હજાર હેક્ટર થાય છે. પછીના પાંચ વર્ષમાં પણ વિશેષ વધારા સાથે તે 3481.2 હજાર ટન થાય છે. અલબત્ત અંતિમ વર્ષમાં ઘઉંનુ ઉત્પાદન ગુજરાતમાં ઘટીને 2760 હજાર ટન થાય છે. ઘઉંના ઉત્પાદનનો પરિવર્તન આંક કુલ એકદંરે 187 થાય છે. જે એવો નિર્દેશ કરે છે કે ગુજરાતમાં 20 વર્ષ પછી ઘઉંના પાકના ઉત્પાદનમાં 87 ટકા જેટલો વધારો થવા પામેલો છે.

### 6.3.3 કુલ ધાન્યોનું ઉત્પાદન ( Total grain Production) :

ચોખા, ઘઉં ઉપરાંત ગુજરાતમાં બાજરો, જુવાર, મકાઈ, રાગી વગેરે જેવા ધાન્ય પાકોનું ઉત્પાદન લેવામાં આવે છે. ગુજરાતના તમામ ધાન્ય પાકોના ઉત્પાદનનો સરવાળો કુલ ધાન્ય પાકો તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતમાં વર્ષ 1994/95 થી 1996/97 ની ત્રિવાર્ષિક સરેરાશ મુજબ કુલ ધાન્ય પાકોનું ઉત્પાદન 1927.7 હજાર ટન હતું. પછીના પાંચ વર્ષમાં તેમાં 10 ટકાનો ઘટાડો જોવા મળે છે. વર્ષ 2004/05 થી 2006/07ની ત્રિવાર્ષિક સરેરાશ પણ ફરીથી બે ટકાનો ઘટાડો દર્શવે છે. જો કે પછીના પાંચ વર્ષમાં તેમાં સારો વધારો થતાં તે પ્રથમ વર્ષનો આંક વટાવીને 19783.3 હજાર ટન થાય છે. ફરીથી ધાન્ય પાકોનું ઉત્પાદન ગુજરાતમાં ઘટીને અંતિમ વર્ષમાં 1710.5 હજાર ટન થાય છે. કુલ એકદંરે ગુજરાતમાં કુલ ખાદ્ય પાકોના ઉત્પાદનનો પરિર્વતન આંક 89 થાય છે. એટલે કે કુલ ખાદ્ય પાકોના ઉત્પાદનમાં 20 વર્ષ પછી 11 ટકા જેટલો ઘટાડો જણાય છે.

### 6.3.4 કુલ કઠોળ ઉત્પાદન : ( Total Beans Production) :

ગુજરાતમાં વિવિધ કઠોળનું ઉત્પાદન લેવામાં આવે છે. આ તમામ કઠોળનું ગુજરાતમાં કુલ ઉત્પાદન 1994/95 થી 1996/97ની ત્રિવાર્ષિક સરેરાશ મુજબ 636.6 હજાર ટન હતું. તે પાંચ વર્ષ બાદ વિશેષ પ્રમાણમાં ઘટીને લગભગ અડધું થઈ જાય છે. ફરીથી કુલ કઠોળ પાકનું ઉત્પાદન ગુજરાતમાં વધે છે. તે 2004/05 થી 2006/07 ની ત્રિવાર્ષિક સરેરાશ મુજબ 539.8 હજાર ટન થાય છે. અને પછીના પાંચ વર્ષમાં વધીને 673.3 હજાર ટન થાય છે. અંતિમ વર્ષમાં થોડા ઘટાડા સાથે 645.4 હજાર ટન થાય છે. ગુજરાતમાં કુલ કઠોળ પાકોના ઉત્પાદનનો પરિવર્તન

આંક એકદંરે 101 થાય છે.

6.3.5 કુલ ખાદ્યોનું ઉત્પાદન : ( Total Food Crop Production) :

કુલ ધાન્ય, કુલ કઠોળ તથા અન્ય ખાદ્યો મળીને કુલ ખાદ્ય પાકોનું ઉત્પાદન ગણવામાં આવે છે. ગુજરાતમાં કુલ ખાદ્ય પાકોનું ઉત્પાદન 1994/95 થી 1996/97 ની ત્રિવાર્ષિક સરેરાશ મુજબ 4943.2 હજાર ટન હતું. પછીના પાંચ વર્ષમાં તેમાં 22 ટકા જેટલો ઘડાટો આવે છે. જો કે 2004/05 થી 2006/07ની ત્રિવાર્ષિક સરેરાશ મુજબ તે વધીને 5970.2 હજાર ટન થાય છે. પછીના પાંચ વર્ષમાં ફરીથી તે વધે છે. અંતિમ વર્ષમાં થોડું ઘટીને 6931.2 હજાર ટન થાય છે. ગુજરાતમાં ખાદ્ય પાકોનો પરિવર્તન આંક કુલ એકદંરે 140 થાય છે. જે કુલ એકંદરે ખાદ્ય પાકોના ઉત્પાદનમાં 40 ટકાનો વધારો દર્શાવે છે.

6.3.6 મગફળીનું ઉત્પાદન : ( Groundnut Production ) :

ગુજરાતમાં મગફળીના પાકનું ઉત્પાદન 1994/95 થી 1996/97 ની ત્રિવાર્ષિક સરેરાશ મુજબ 1952.3 હજાર ટન હતું. પાંચ વર્ષ માટે વધુ પ્રમાણમાં ઘટે છે. જો કે 2004/05 થી 2006/07ની વાર્ષિક સરેરાશ મુજબ તે સારું એવું વધીને 2340.2 હજાર ટન થાય છે. પછીના પાંચ વર્ષમાં પણ તેમાં વધારો જોવા મળે છે. અંતિમ વર્ષમાં થોડું ઘટીને 2518.6 હજાર ટન થાય છે. મગફળીના ઉત્પાદનનો પરિવર્તન આંક 129 થાય છે. જે એવું દર્શાવે છે કે ગુજરાતમાં મગફળીનું ઉત્પાદન કુલ એકંદરે 20 વર્ષ દરમિયાન ૨૯ ટકા વધે છે.

6.3.7 કુલ તેલીબિયાંનું ઉત્પાદન : ( Total Oilseeds Production) :

મગફળી ઉપરાંત તલ, સોયાબીન, રાઈ, એરંડા વગેરે પાકોના ઉત્પાદનનો તેલીબિયાં પાકમાં સમાવેશ થાય છે. ગુજરાતમાં 1994/95 થી 1996/97ની ત્રિવાર્ષિક સરેરાશ મુજબ કુલ તેલીબિયાં પાકોનું ઉત્પાદન 3226.1 હજાર ટન હતું. પછીના પાંચ વર્ષમાં તે ઘટીને પોણા ભાગનું થઈ જાય છે. વર્ષ 2004/05 થી 2006/07 ની ત્રિવાર્ષિક સરેરાશ મુજબ ફરીથી વધીને તે 3412.6 હજાર ટન થાય છે. પછીના બંને વર્ષોમાં પણ તેમાં સતત અને સારો વધારો જોવા મળે છે. અંતિમ વર્ષ માટે 4618.4 હજાર ટન થાય છે. ગુજરાતમાં કુલ તેલીબિયાં પાકોના ઉત્પાદનમાં 20 વર્ષ પછી 43 ટકા જેટલો વધારો થાય છે.

6.3.8 કપાસનું ઉત્પાદન : ( Cotton Production ) :

ગુજરાતમાં કપાસના ઉત્પાદન 1994/95 થી 1996/97 ની ત્રિવાર્ષિક સરેરાશ મુજબ 2376.3 હજાર ટન હતું. તે ઘટીને પછીના વર્ષ માટે 1649.9 હજાર ટન થાય છે. 2004/05 થી 2006/07 ની વાર્ષિક સરેરાશ મુજબ તે ઘણુંજ વિશેષ વધીને 6761.3 હજાર ટન થાય છે. 2009/10 થી 2011/12 માં પણ તે ફરીથી વિશેષ વધીને 10128.8 હજાર ટન થાય છે. અલબત્ત આંક તબકકામાં થોડો ઘટાડો જણાય છે. ગુજરાતમાં કપાસના પાકના ઉત્પાદનનો પરિવર્તન આંક 399 થાય છે. જે એવું સૂચિત કરે છે કે 20 વર્ષ પછી કપાસના પાકનું ઉત્પાદન ચાર ગણું થાય છે.

અહી ગુજરાતમાં જુદાં જુદાં પાકોનું ઉત્પાદન તથા જુદાં જુદા વર્ગના પાકોનું

ઉત્પાદન તપાસવામાં આવે છે. આ ઉપરાંત પણ ગુજરાતમાં કેટલાક પાકોનું ઉત્પાદન સારા પ્રમાણમાં થાય છે જેમ કે શેરડી, તમાકુ, જીરું, રાઈ, એરંડા, તલ, તુવેર, લસણ, ડુંગળી વગેરે.

## 6.4 સારાંશ : ( Summary ) :

આ પ્રકરણમાં આપણે ગુજરાતના કૃષિ ક્ષેત્રના મુખ્ય બે નિર્દેશકોનો અભ્યાસ કરેલો છે. જેમાં ગુજરાતની ખેતીમાં લેવામાં આવતા જુદા જુદા મહત્ત્વના પાકોની ચર્ચા કરેલી છે. ગુજરાતના આ સૌથી મહત્ત્વના પાકો કયા વિસ્તારમાં, કયા જિલ્લઓમાં વધુ લેવામાં આવે છે. તથા અન્ય જિલ્લાઓમાં તેનું પ્રમાણ કેવું છે? તે તપાસવામાં આવેલો છે. આ ઉપરાંત ગુજરાતના મુખ્ય ચાર વ્યકિતગત પાકો જેવા કે ચોખા, ઘઉં,મગફળી અને કપાસનું ઉત્પાદન જે તે સમયમાં કેટલા પ્રમાણમાં રહયું છે? અને તેમાં સમયની સાથે કેવા પરિવર્તનો આવ્યાં છે? તેનો અભ્યાસ કરેલા અહીં નિર્દેશિત ગુજરાતના મહત્ત્વના પાકોના ઉત્પાદનના પરિવર્તનની વાત કરીએ તો ચોખાના પાકનું ઉત્પાદન બે દસકા દરમિયાન બમણું થાય છે. ઘઉંના પાકના ઉત્પાદનમાં 87 ટકાનો વધારો થાય છે. કપાસના પાકનું ઉત્પાદન ચાર ગણું થાય છે. મગફળીના પાકના ઉત્પાદનમાં 29 ટકા વધારો થાય છે. જુદા-જુદા વર્ગના પાકોની વાત કરીએ તો કુલ ધાન્ય પાકોનું ઉત્પાદન 20 વર્ષ દરમિયાન 11 ટકા જેટલું ઘટે છે. કુલ કઠોળ પાકનું ઉત્પાદન વચ્ચેના સમયગાળા દરમિયાન ઘટાડા બાદ એકંદરે સ્થિર રહે છે. કુલ ખાદ્ય પાકોનું ઉત્પાદન 20 વર્ષ દરમિયાન 40 ટકા જેટલું વધે છે અને કુલ તેલીબિયાં પાકોનું ઉત્પાદન પણ 20 વર્ષ દરમિયાન 43 ટકા જેટલું વધે છે.

## 6.5 ચાવીરૂપ શબ્દો : ( Key Words) :

- નવા પાકો : ખેતીમાં પરંપરાગત રીતે વવાતા પાકોની જગ્યાએ વધુ વળતર આપવાની ક્ષમતા ધરાવતા પાકો એટલે નવા પાકો. જેમાં બાગાયતી અને શાકભાજીના પાકો ગુજરાત માટે મુખ્ય ગણાવી શકાય.

-નિર્વાહ પ્રધાન ખેતી : જીવનની પ્રાથઈમક જરૂરિયાતો સંતોષી શકાય તે પૂરતી જ ખેતી કરવામાં આવે છે.તેને નિર્વાહ પ્રધાન ખેતી કહેવાય છે.જરૂરિયાત પૂરતું વિવિધ પ્રકારનું અનાજ વાવવામાં આવે અને સ્વવપરાશ પછીથી વધેલા ઉત્પાદનના વેચાણથી પ્રાપ્ત થતી આવકમાંથી અન્ય પ્રાથમિક જરૂરિયાતો સંતોષી શકાય તેવા પ્રકારની કૃષિ ક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિ એટલે નિર્વાહ પ્રધાન ખેતી.

**-ખરીફ પાકો :** ચોમાસાની મોસમમાં લેવામાં આવતા પાકો(Kharif Crops)

-રવિ પાકો : શિયાળાની મોસમમાં લેવામાં આવતા પાકો

-ધાન્ય પાકો : ધાન્ય પાકોમાં ચોખા, ઘઉં, બાજરો, જુવાર, મકાઈ વગેરેનો સમાવેશ થાય છે.

-તેલીબિયાં પાકો : મગફળી, એરંડા, તલ, સોયાબીન, સરસવ વગેરેમાંથી તેલ પ્રાપ્ત થાય છે. તેવાં પાકોને તેલીબિયાં પાકો કહેવાય છે.(Oil seeds)

-રોકડિયા પાકો : કૃષિ ક્ષેત્રમાં મહત્તમ કમાણી પ્રાપ્ત કરવાના હેતુથી જે પાકોની ખેતી થાય છે. તેવાં પાકોને રોકડિયા પાકો કહેવાય છે. ગુજરાતમાં કપાસ,મગફળી,જીરું વગેરે રોકડિયા પાકો છે.(Cash Crops)

## 6.6 તમારી પ્રગતિ ચકાસો (Check Your Progress) :

(1) વિસ્તૃત સવાલો :

1. ગુજરાતના ખાદ્ય પાકોની વિગતે ચર્ચા કરો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

2. કૃષિ ઉત્પાદનનાં વલણો જણાવો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

(2) ટૂંકનોધ સ્વરૂપના સવાલો :

1. પરિવર્તન આંક

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

2. ત્રિવાર્ષિક સરેરાશ

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

3. ગુજરાતના રોકડિયા પાકો

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

(3) હેતુલક્ષી પ્રશ્નો :

(1) નીચેનામાંથી કયા પાકનો સમાવેશ ધાન્ય પાકમાં થાય છે ?
(અ) મગ (બ) ચોખા (ક) અડદ (ડ) તુવેર

(2) ચોખાનો પાક કયા વિસ્તારમાં વિશેષ લેવામાં આવે છે ?
(અ) સૌરાષ્ટ્ર (બ) ઉત્તર ગુજરાત (ક) દક્ષિણ ગુજરાત (ડ) ચરોતર

(3) ઘઉંના પાકનો સમાવેશ કયા પાકમાં થાય છે ?
(અ) ધાન્ય (બ) કઠોળ (ક) તેલીબિયાં (ડ) મસાલા

(4) છેલ્લાં વર્ષોમાં બાજરાના પાકના વાવેતરનો વિસ્તાર કયા જિલ્લામાં વધુ છે ?
(અ) સાબરકાંઠા (બ) બનાસકાંઠા (ક) ખેડા (ડ) આણંદ

(5) કપાસનો પાક એ કેવા પ્રકારનો પાક છે ?
(અ) રોકડિયા (બ) ખાદ્ય (ક) છૂટક (ડ) શિયાળુ

(6) તમાકુનો પાક કયા વિસ્તારમાં વિશેષ લેવામાં આવે છે ?
(અ) સૌરાષ્ટ્ર (બ) ઉત્તર ગુજરાત (ક) દક્ષિણ ગુજરાત (ડ) ચરોતર

(7) ગુજરાતમાં કયાં પાકોનું ઉત્પાદન એકદંરે ઘટે છે?
(અ) ચોખા (બ) ધાન્ય (ક) મગફળી (ડ) કપાસ

(8) 1997 થી 2017 દરમિયાન કપાસના પાકનું ઉત્પાદન........થાય છે.
(અ) અરધું (બ) બમણું (ક) ત્રણ ઘણું (ડ) ચાર ગણું

(9) ગુજરાતમાં કુલ ખાદ્ય પાકોનું ઉત્પાદન એકંદરે.........થાય છે.
(અ) વધે છે. (બ) ઘટે છે. (ક) સ્થિર રહે છે. (ડ) બમણું

(10) 1997 થી 2017 દરમિયાન ચોખાનું ઉત્પાદન.......થાય છે.
(અ) અરધુ (બ) બમણું (ક) ત્રણ ઘણું (ડ) ચાર ગણું

★ **સંદર્ભ વાચન :**

1. દવે મંજુલાબેન બી (2016), ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ.
2. Directorate of Agriculture, Gujarat State, Gandhinagar (https://dag.gujarat.gov.in/estimate.htm) Handbook of Statistics on Indian State-2018-19 RBI.
3. જોષી ભાસ્કર હ. (1990) ભારતનું કૃષિ ક્ષેત્ર વિકાસ અને પડકારો : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજય, અમદાવાદ.
4. વારોતરિયા આર.કે. (2012) કૃષિ અર્થકારણ.

★ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

(1) ચોખા (2) ચરોતર (3) ધાન્ય (4) બનાસકાંઠા (5) રોકડિયો (6) ચરોતર
(7) ધાન્ય (8) ચાર ગણું (9) વધે છે. (10) બમણું

એકમ 7

# ખેતી વિકાસ અને યોજનાઓ

## રૂપરેખા


7.0 ઉદ્દેશો

7.1 પ્રસ્તાવના

7.2 ગુજરાતની ખેતીની સમસ્યાઓ

7.3 ખેતી વિકાસને અસર કરતા પરિબળો

7.4 ખેતી વિકાસના નિર્દેશકો :

7.5 સહાય યોજનાઓ :

7.5.1 રાજ્ય સરકારની યોજનાઓ

7.5.2 કેન્દ્ર સરકારની યોજનાઓ

7.6 સારાંશ

7.7 ચાવીરૂપ શબ્દો

7.8 તમારી પ્રગતિ ચકાસો

★ સંદર્ભ વાચન

★ તમારી પ્રગતિ ચકાસો જવાબો


## 7.0 ઉદ્દેશો

(1) ગુજરાતમાં કૃષિ ક્ષેત્રની સમસ્યાઓ જાણવી

(2) ગુજરાતમાં કૃષિ ક્ષેત્રનો વિકાસ તપાસવો

(3) ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે વિવિધ સહાય યોજનાઓ જાણવી

## 7.1 પ્રસ્તાવના ( Introduction)

ગુજરાતનું કૃષિ ક્ષેત્ર લાંબા સમયગાળા પછી પણ ઓછું વિકસિત અને સમસ્યાઓથી ઘેરાયેલું રહ્યું છે. ગુજરાતના કૃષિ અર્થકારણમાં એવી કેટલીયે સમસ્યાઓ હજુ અસ્તિત્વ ધરાવે છે કે જેણે ક્ષેત્રની આર્થિક સદ્ધરતાને ઘણી સીમિત રાખી છે. જો કે ગુજરાતનું કૃષિ હવે માત્ર જીવન નિર્વાહ કૃષિ જ ન રહેતા, વાણિજ્ય કૃષિ તરફ તેનો ઝોક રહ્યો છે. છતાં આમુલ પરિવર્તનો જોવા મળતાં નથી. કૃષિ ક્ષેત્રે રોકડીયા પાકોનું અસ્તિત્વ, યાંત્રિકીકરણ, સુધારેલાં બિયારણ, જંતુનાશક દવા, રાસાયણિક ખાતર વગેરેના વપરાશમાં વૃદ્ધિ જેવી બાબતો દ્વારા એવું જણાય છે કે ગુજરાતની કૃષિમાં અમુક અંશે પરિવર્તન આવ્યું છે. આ પરિવર્તનમાં સરકારની વિવિધ કૃષિ સહાય યોજનઓની ભૂમિકા પણ ખૂબ મહત્ત્વની સાબિત થઇ છે. આ બાબતોને ધ્યાનમાં રાખી

પ્રસ્તુત પ્રકરણમાં આપણે ગુજરાતની કૃષિની સમસ્યાઓ, વિકાસ અને સરકારની યોજનાઓની વિગતવાર ચર્ચા કરીશું.

## 7.2 ગુજરાતની ખેતની સમસ્યાઓ : ( The Problems of Agriculture in Gujarat) :

ગુજરાતનું કૃષિ ક્ષેત્ર લાંબા સમયગાળા પછી પણ ઓછું વિકસિત અને સમસ્યાઓથી ઘેરાયલું રહ્યું છે. ગુજરાતના કૃષિ અર્થકારણમાં એવી કેટલીયે સમસ્યાઓ હજુ અસ્તિત્વ ધરાવે છે કે જેણે કૃષિ ક્ષેત્રની આર્થિક સદ્ધરતાને ઘણી સીમિત રાખી છે. જો કે ગુજરાતની કૃષિ હવે માત્ર જીવન નિર્વાહની કૃષિ જ ન રહેતા, વાણિજય કૃષિ તરફ તેનો જોક રહ્યો છે. છતાં આમુલ પરિવર્તનો જોવા મળતાં નથી. કૃષિ ક્ષેત્રે રોકડીયા પાકોનું અસ્તિત્વ, યાંત્રિકરણ, સુધારેલાં બિયારણ, જંતુ નાશક દવા, રાસાયણિક ખાતક વગેરેના વપરાશમાં વૃદ્ધિ જેવી બાબતો દ્વારા અવું જણાય છે કે ગુજરાતની કૃષિમાં અમુક અંશે પરિવર્તન આવ્યું છે. આ પરિવર્તનમાં સરકારની વિવિધ કૃષિ સહાય યોજનાઓની ભૂમિકા પણ ખૂબ મહત્ત્વની સાબિત થઇ છે.

### 7.2.1 હલકા બિયારણનો ઉપયોગ :

ગુજરાતના ખેડૂતો સુધારેલાં બિયારણનો ઉપયોગ કરતા થયા હોવા છતાં તેનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. ઘણા ખેડૂતો કપાસ, તલ, મગફળી, જીરૂં, મગ વગેરે પાકોના વાવેતર માટે ઘરગથ્થુ ઉત્પાદનનો ઉપયોગ કરે છે. ખેડૂતો માટે બિયારણના મુખ્ય ત્રણ વિકલ્પો છે. (અ) સરકાર માન્ય, વિશ્વાસુ, જવાબદારી અને કાયદેસર બીલવાળું બ્રાન્ડનું બિયારણ (બ) ઘરગથ્થુ બિયારણ (ક) ગેરકાયદેસર, વિશ્વાસ વગરનું જવાબદારી વગરનું અને બીલ વગરનું કે રફ બીલવાળું, માર્કેટીંગ કરી ખેડૂતોને ભોળવીને વેચવામાં આવતું ચાલુ બ્રાન્ડનું છુટક બિયારણ. આ ત્રણ વિકલ્પોમાંથી ત્રીજો વિકલ્પ પસંદ કરનાર ખેડૂતોનું પ્રમાણ ગુજરાતમાં ઘણું વધારે જણાય છે, જે ખેડૂતોને નુકસાન કારક નીવડે છે. ખેડૂતો આ બાબત સમજી શકતા નથી અને વેચાણકર્તાથી ભોળવાઇ મોટા નુકસાનનો ભોગ બને છે.

ખેડૂતો હલકાં અને હાઇબ્રિડ બિયારણખર્ચ તફાવત તથા તેના ઉપયોગથી પાક ઉપજ તફાવતની તુલના કરતા નથી અને તેથી ઊંચી ઉપજની તક ગુમાવે છે.

### 7.2.2 રાસાયણિક ખાતર અને જંતુનાશક દવા : (Chemical Fertilizers and Pesticides) :

કૃષિ ઉત્પાદન વધારવા માટે રાસાયણિક ખાતરનો વપરાશ ઘણો મહત્ત્વનો સાબિત થાય છે. જરૂરીયાત મુજબનું રાસાયણિક ખાતર પાકને યોગ્ય સમયે આપવામાં આવે તો ઉત્પાદકતા સારા પ્રમાણમાં વધારી શકાય છે. ગુજરાતના ખેડૂતો રાસાયણિક ખાતરનો હેકટર દીઠ ઉપયોગ ઘણો ઓછો કરે છે. આ ઉપરાંત મોટી સમસ્યા એ છે કે ખેતીમાં ખેડૂતો જેટલો રાસાયણિક ખાતરનો ઉપયોગ કરે છે, તે પાક તથા ખેતીની જમીનની જરૂરીયાત તપાસીને કરતાં નથી. માત્ર પોતાના સાદા તર્ક દોડાવીને કરે છે. અહી વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુનો અભાવ જણાય છે. પરિણામે ખેડૂતો ઉત્પાદકતા વધુ મેળવવાની તક ગુમાવે છે.

કૃષિ માટે વપરાતાં રાસાયણિક ખાતરો ખેડૂતોને મોંઘા પડે છે. રાસાયણિક ખાતર માટે ખેડૂતોને સબસીડીનો લાભ મળતો હોય છે, છતાં ખેડૂતો માટે ભાવો

એટલા નીચા નથી જણાતા કે સામાન્ય ખેડૂત તેનો સરળતાથી ઉપયોગ કરી શકે. રાસાયણિક ખાતરની માંગ અને પૂરવઠામાં વારંવાર અસમતુલા સર્જાય છે. પાક માટે નિશ્ચિત સમયે રાસાયણિક ખાતર આપવું જરૂરી હોય છે. પરંતુ આવા સમયે ખેડૂતોને ખાતર ન મળતાં પાકનો યોગ્ય વિકાસ રૂંધાય છે. ખેડૂતોને નુકસાન સહન કરવું પડે છે. ગુજરાતની ખેતીમાં જંતુનાશ દવાનો ઉપયોગ પણ અપૂરતો અને યોગ્ય રીતે ના થતો હોય તેવું જોવા મળે છે.

### 7.2.3 સિંચાઈની સગવડમાં નહિવત્ વૃદ્ધિ :

ગુજરાતમાં મોટા ભાગે પિયતની મર્યાદાએ ખેતીને કુદરત સાથેનો વધારે જુગાર બનાવેલ છે. સમગ્ર દેશમાં જે સ્થિતિ કૃષિ ક્ષેત્રે પિયતની છે તેની સરખામણીમાં રાજયની સ્થિતિ પ્રમાણમાં કથળેલી છે. મોટા ભાગનો વિસ્તાર માત્ર વરસાદી ખેતી પર આધારિત છે. ગુજરાત સરકારની સહભાગી જળસંચય યોજનાઓ થકી નાના મોટા ચેકડેમો અને ખેત તલાવડીઓને કારણે આ સ્થિતિ થોડી હળવી થઈ હોવાનું જોવા મળ્યું છે, પરંતુ ખેતીનો કુલ વિસ્તાર, જમીનનો પ્રકાર, પાકની તરેહ વગેરને ધ્યાનમાં લેતાં પિયતની માત્રા બહુ જ મર્યાદિત બની જાય છે.

### 7.2.4 મર્યાદિત વીજળી : ( Limited Electricity) :

ખેતીના નિપજકોમાં વીજળી મહત્ત્વની ગરજ સારે છે. જેમ જેમ ઉત્પાદનક્ષમતા માટેના પ્રયત્નો વધે છે. તેમ તેમ વીજળી માટેની જરૂરીયાત વધે છે. બે દૃષ્ટિથી તપાસતાં વીજળીના વપરાશ સંદર્ભે નબળું ચિત્ર જોવા મળે છે. સૌથી મહત્ત્વનો મુદ્દો એ છે કે હાલમાં વીજ પુરવઠાની કૃષિમાં જરૂર છે તેની સરખામણીમાં 50 % પુરવઠો ખેતી માટે પ્રાપ્ત થતો હોય તેવું જોવા મળ્યું છે. ઘરગથ્થુ વીજળી કે વેપાર ધંધાની વીજળીના વપરાશમાં જે ઝડપથી વધારો જોવા મળ્યો છે, તેની સરખામણીમાં ખેતીમાં આ વધારો જોવા મળતો નથી. અહીં સરકારની નીતિની અસર જણાય આવે છે. ખેતી ક્ષેત્રે વીજ ચોરીના તર્કને માન્ય કરીએ તો પણ જે ચિત્ર ઉપસતું આવે તે એ છે કે વિદ્યુત પુરવઠાના સંચાલનમાં અન્ય ક્ષેત્રને જેટલું મહત્ત્વ આપવામાં આવે છે. તેટલું ખેતી ક્ષેત્રને આપવામાં આવતું નથી. વિદ્યુત પુરવઠાને સતત પ્રવાહને બદલે તુટક તુટક આંઠ કલાકનો જ પુરવઠો પ્રાપ્ત થાય છે.

જયારે પાણીના તળ નીચા હોય અને વરસાદની ખેંચ હોય ત્યારે સમયસરનો અને પુરતો વીજ પુરવઠો ઊભા પાકને બચાવી લે છે. માત્ર છેલ્લા પાણીના પાકને બહુ મોટું નુકસાન થાય છે.

### 7.2.5 મજૂરોની અછત : ( Lack of Labour) :

ગુજરાતના કેટલાક કૃષિ પ્રદેશોમાં મજૂરોની નીદામણ તથા પાક એકત્રીકરણ વખતે ઊંચી માંગ જોવા મળે છે. આથી આ સમયગાળા દરમિયાન ખેત મજૂરોની ઊંચી માંગ રહેતી હોય છે. બાકીના સમયમાં ખેત મજૂરોની ખાસ માંગ રહેતી નથી. આથી આવા પ્રદેશોમાં કાયમી ખેત મજૂરી કરતો વર્ગ સમય જતાં ઘટતો રહ્યો છે. વર્તમાનમાં ઊંચી મોસમી માંગના પ્રમાણમાં આ વર્ગ નહિવત જણાય છે. બીજા જિલ્લાઓમાંથી ઊંચી માંગ વખતે મજૂરો આવે છે. છતાં ઊંચા વેતનદરો નકકી થાય છે. કયારેક તો મજૂરો ન મળતાં નીદામણના અભાવે પાકની વૃદ્ધિ પર માઠી અસર પડે છે. પાક સમયસર એકત્રીત ન થતાં ઉત્પાદન-ગુણવત્તા પણ ઘટે છે.

7.2.6 ખેત પેદાશોના ભાવો : ( Prices of Farm Produce) :

ખેડૂતોની અમુક પેદાશોના ભાવો તેના રોકાણ, સાહસ, જોખમ અને મહેનતના પ્રમાણમાં ઘણા નીચા જોવા મળે છે. સરકાર જે તે પાકના ટેકાના ભાવો નકકી કરતી હોય છે, પરંતુ બજારમાં તેનાથી નીચા ભાવોએ ખરીદ-વેચાણ થતાં હોવા છતાં સરકાર જે તે સમયે ટેકાના ભાવોએ ખરીદી કરવામાં વિલંબ કરતી હોય છે. આથી નાણાંની જરૂરિયાતવાળા તથા સંગ્રહની સગવડ વગરના ખેડૂતોને ટેકાના ભાવથી નીચા ભાવોએ વેચાણ કરી નુકસાન ભોગવવું પડે છે.

7.2.7 ખેત પેદાશોની સંગ્રહ વ્યવસ્થાનો અભાવ ( Lack of Storage Facilities of Farm Produce ) :

ગુજરાતના ખેડૂતો પાસે ખેત પેદાશના સંગ્રહની વ્યવસ્થા ઘણી અપૂરતી છે, આથી (અ) વેચાણ પહેલા કેટલીક ખેત પેદાશ નાશ પામે છે. (બ) ખેત પેદાશની ગુણવત્તા પર માઠી અસર પહોંચે છે. (ક) બજારમાં જે તે પેદાશની પુરવઠાના પ્રમાણમાં માંગ પ્રભાવશાળી હોય ત્યારે સારા ભાવ મેળવવા સુધી, ખેત પેદાશો ગુણવત્તાસભર સાચવી શકાતી નથી. આથી ખેડૂતોને ઓછા ભાવે વેચાણ કરવું પડે છે.

7.2.8 પાક ફેરબદલી પર અપૂરતું ધ્યાન : ( Less Focus on Crop rotation):

કૃષિમાં પાક ફેર બદલીનું ઘણું આર્થિક મહત્ત્વ છે. જેનાથી જમીન ગુણવત્તા જળવાય છે. વધે છે. અનુકૂળ પાક ફેરબદલીથી પાક ઉત્પાદકતા વધારી શકાય છે. ગુજરાતના ખેડૂતો પાક ફેરબદલીના લાભોથી પૂરતા સભાન નથી. ગુજરાતમાં યોગ્ય પાક ફેરબદલીનો અભાવ જણાય છે. આથી પાક ફેરબદલીનો અભાવ જણાય છે. આથી પાક ફેરબદલીના આર્થિક લાભો ખેડૂતો વિશેષ લઇ શકતા નથી.

7.2.9 સૂકી ખેતીનો ઓછો વિકાસ(Less of Development in Dry Farming) :

ગુજરાતમાં સરકારના નીતિ વિષયક કાર્યક્રમો અને કૃષિ વિશ્વવિદ્યાલય અંતર્ગત તજજ્ઞો દ્વારા થતાં રહેલા વિવિધ પ્રયોગોનું બહુ ઉજળું પરિણામ સૂકી ખેતીના વિસ્તારમાં જોવા મળ્યું નથી. પ્રયોગની ભૂમિકાએ પ્રાપ્ત થયેલા પરિણામો અને તેના અનુકાર્ય રૂપે જોવા મળતા ફેરફારો સૂકા વિસ્તારને વધુ હરીયાળો બનાવવામાં તેની કુલ ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવામાં ખાસ સફળ થયેલ નથી.

7.2.10 બિનઆર્થિક ખેડાણ ઘટકો : ( Non-Economic Farm Units ) :

બિનઆર્થિક ખેડાણ ઘટકો :

| ક્રમ | જમીન ધારણ હેકટરમાં | કુલ ખાતેદાર | |
|---|---|---|---|
| | | સંખ્યા | વિસ્તાર |
| 1 | 0.50 થી ઓછી જમીન ( સીમાંત ખેડૂતો) | 947038(17.79) | 261304(2.61) |
| 2 | 0.50-0.99 ( અર્ધસીમાંત ખેડૂતો) | 1071789(20.14) | 811850(8.17) |
| 3 | 1.00-1.99 ( અતિનાના ખેડૂતો) | 1615788(30.36) | 2338174(23.43) |
| 4 | 2.00-3.99 ( નાના ખેડૂતો) | 1150254(21.51) | 3171855(31.78) |
| 5 | 4.00-9.99 ( મધ્યમ ખેડૂતો) | 495869 (9.31) | 2804446(28.10) |
| 6 | 10 થી વધારે ( મોટા ખેડૂતો) | 39888 (0.9) | 590150 (5.91) |
| 7 | કુલ | 5320626 (100) | 9977780 (100) |

( નોંધ : ખેડૂતોના વિવિધ પ્રકારો જમીન ધારણના આધારે પાડવામાં આવ્યા છે. Statistical Abstracts of Gujarat State- 2019 Agriculture Census 2015.)

ઉપરોકત માહિતી પરથી જોઇ શકાય છે કે અતિ નાના ખેડૂતોની સંખ્યાની ટકાવારી પ્રમાણ સૌથી વધારે 30.36 ટકા છે. જયારે તેમની પાસે જમીન વિસ્તાર પણ 23.43 ટકા જોવા મળે છે. સીમાંત ખેડૂતોની સંખ્યાની ટકાવારી પ્રમાણ 17.79 ટકા છે. તેઓની પાસે જમીન માત્ર 2.61 જ જોવા મળે છે. મોટા ખેડૂતોની સંખ્યા 0.9 ટકા છે. પણ તેઓની પાસે કુલ જમીનમાંથી 5.91 ટકા જમીન ધરાવે છે. એવી રીતે જ મધ્યમ ખેડૂતોની સંખ્યા 9.31 ટકા છે. પણ જમીનનું પ્રમાણ 28.10 ટકા જોવા મળે છે. તેથી સીમાંત અને અર્ધસીમાંત ખેડૂતો પોતાના ખેતરના નાના એકમો પર કૃષિ સાધનો જેવાં કે બળદ, કૂવા-ઘર, વધુ ક્ષમતાવાળા સ્ત્રોત્રો-ઓજારો વગેરે રાખવા ખેડૂતોને પોસાતા નથી, કારણ કે, નાના ખેડાણ ઘટકના પ્રમાણમાં આવા સાધનોની કિમંત, જાળવણી ખર્ચ વધુ કરવું પડ છે. આથી આવા એકમોને બિનઆર્થિક ખેડાણ ઘટકો કહેવાય છે. ગુજરાતમાં ખંડવિભાજન અને ઉપવિભાજનના પરિણામે આવા બિનઆર્થિક ખેડાણ ઘટકોનું પ્રમાણ વિશેષ છે અને તેમાં વધારો થતો રહે છે.

### 7.2.11 કૃષિ ધિરાણ અપૂરતું તથા હેતુસર તેનો ઉપયોગ નહી : ( Inadequate Agricultural Credit) :

ગુજરાતમાં કૃષિ ધિરાણમાં વધારો સારા પ્રમાણમાં થયો હોવા છતાં તે ખેડૂતોની જરૂરિયાત માટે પુરતો નથી. હજુ કેટલાયે ખેડૂતોને સરળતાથી પોતાની જરૂરિયાતો મુજબનું લાંબા, મધ્યમ કે ટૂંકાગાળાનું ધિરાણ બેંકો કે સહકારી સંસ્થાઓ આપી શક્તી નથી. કૃષિ ધિરાણ મેળવવાની પ્રક્રિયા પણ અભણ કે ઓછું ભણેલા ગુજરાતના ખેડૂતોને નિરાશ કરી દે છે. આ ઉપરાંત ખેડૂતોને જે ધિરાણ પ્રાપ્ત થાય છે. તેનો ઓછો ઉપયોગ કૃષિ ખર્ચ માટે થાય છે. આ રકમમાંથી ઘણી રકમ ખેડૂત પોતાના નાના-મોટા પ્રસંગ, ઘર ખર્ચ તથા અન્ય વપરાશી ખર્ચ પાછળ કરે છે. આથી કૃષિમાં ધિરાણનો પૂરતો લાભ મળી શકતો નથી.

### 7.2.12 સરકારી સહાયનો અપૂરતો લાભ : (Insufficient benefits of Government Service) :

કૃષિ ક્ષેત્રે સરકારી સહાયની ખેડૂતોની પૂરતી માહિતી મળતી નથી અથવા તો એમ કહી શકાય કે ખેડૂતો આ બાબતે ઉત્સાહ ધરાવતા નથી. આ ઉપરાંત ખેડૂતોને યોજના અધિકારી-કર્મચારીઓ દ્વારા ન્યાયી અને ઉત્સાહભેર લાભ આપવામાં આવતો નથી. આ બાબત શ્રેષ્ઠ યોજનાઓને ખેડૂત સુધી પહોંચાડવામાં અવરોધક બને છે. ટપક પિયત પદ્ધતિ, કૃષિ પેદાશના સંગ્રહ માટેના ગોડાઉન, લેવલીગ તથા શેઢા-પાળા દ્વારા જમીન સુધારણા, દવા છંટકાવ પંપ,યંત્રો તથા ઓજારો જોવા કેટલાયે કૃષિ રોકાણ-ખર્ચ માટે સરકારની યોજનાઓ દ્વારા સબસીડી-ઓછા વ્યાજે લોનના લાભો ખેડૂતોને મળે છે. ગુજરાતના ખેડૂતો બહોળા પ્રમાણમાં આવા લાભો લેતા હોય તેવું જણાતું નથી.

### 7.2.13 ઉદ્યોગ જેટલું કૃષિને મહત્ત્વ નહી. : ( Lesser Importance to Agriculture than Industries) :

ગુજરાતની કૃષિને ઉદ્યોગની તુલનાએ ઘણું ઓછું મહત્ત્વ આપવામાં આવે છે. કૃષિનો ઝડપી વિકાસ થાય તે માટે સરકાર, પંચાયત, શિક્ષણ, બિનસરકારી સંસ્થાઓ, સમાજ વગેરે એ કોઇ વિશિષ્ઠ કામગીરી હાથ ધરી હોય અને તે સમગ્ર દૃષ્ટિએ સફળ થઇ હોય તેવું જણાતું નથી. એકમલક્ષી સફળતા સમગ્ર કૃષિ સુધી પહોંચી નથી. સરકાર કે

પંચાયતી યોજનાની સફળતા ઘણી આંશિક બની રહી છે. શિક્ષણમાં કૃષિનું હજુ એટલું સ્થાન નથી કે જેથી કૃષિમાં તેના વિશેષ સારાં પરિણામો પ્રાપ્ત થયા હોય. બિનસરકારી સંસ્થાઓના પ્રયત્નોની કોઇ મોટી સફળતા કૃષિ ક્ષેત્રે જણાતી નથી. સમાજનો યુવા તથા પ્રૌઢ સમુદાય કે જે વિશિષ્ટ કૌશલ્ય, સંશોધનાત્મકતા, સાહસ જેવા ગુણ ધરાવે છે. તે કૃષિમાંથી ઉદ્યોગ તરફ સ્થળાંતર કરે છે. ઉદ્યોગમાંથી કૃષિમાં આવવાનો તો કોઇ પ્રશ્ન જ ઊભો થતો નથી. આમ સમાજનો ટોચનો બુદ્ધિજીવી વર્ગ કૃષિ તરફથી મોઢું ફેરવી લે છે. જે ગુજરાતની કૃષિ માટે ગંભીર મુદ્દો છે.

7.2.14 કૃષિ વિષયક કાર્યક્રમોની અસર ઓછી : ( The Impact of Agricultural Programs Is Minimum) :

સરકારી તેમજ અન્ય સંસ્થાઓ ટેલીવિઝન, રેડિયો, સામાયિકો વગેરે માધ્યમો દ્વારા કૃષિવિષયક કાર્યક્રમો આપી ખેડૂત તથા કૃષિ વિકાસ માટે પ્રયત્નો કરવામાં આવે છે. પરંતુ ખેડૂતોમાં આવા કાર્યક્રમ જોવા, સાંભળવા, માણવાનું પ્રમાણ ઓછું છે. આ ઉપરાંત જે ઓછા ખેડૂતો આવા કાર્યક્રમ નિહાળે છે. તેઓ પણ કૃષિમાં તે મુજબ અનુસરવાનું ઓછું પસંદ કરતા જણાય છે.

7.2.15 ખેડૂતોની નિયોજન શકિતની નીચી કક્ષા ( Low Level of Management by Farmers ) :

વર્તમાન તરેહોમાં ખેતી પણ ઉદ્યોગની કક્ષામાં મૂકાય છે અને તે સંદર્ભે આ પ્રક્રિયામાં જોડાયેલ ખેડૂતને પણ નિયોજન તરીકે ઓળખાવી શકાય. જો કે આજના સ્પર્ધાત્મક યુગમાં ખેતી ક્ષેત્રે ઉજ્જવળ પરિણામો મેળવવા હોય તો ઉચ્ચકક્ષાની નિયોજન ક્ષમતા મેળવવાની જરૂરીયાત છે. પરંપરાગત પદ્ધતિથી કામ કરવાને ટેવાયેલ ખેડૂતવર્ગ કોઠાસુઝ અવશ્ય ધરાવે છે. પરંતુ બજારીકરણના યુગમાં કોઠાસુઝની સાથે વ્યવસાયિક કૌશલ્ય એટલું જ જરૂરી છે. તેની સામે ગુજરાતના ખેડૂતોની નિયોજન શકિત નીચી કક્ષાની જણાય છે.

7.2.16 ખેડૂતોમાં શિક્ષણ અને તાલીમનો અભાવ : ( Lack of Education and Training in Farmers ) :

ગુજરાતના મોટા ભાગના ખેડૂતો અભણ છે. ખેડૂત કુટુંબના જે સભ્યો શિક્ષણ મેળવે છે. તેમાંથી મોટાભાગના અન્ય વ્યવસાયમાં જોડાય છે. આથી ખેડૂતોમાં શિક્ષણનો અભાવ જોવા મળે છે. જેનાં કારણે કૃષિ વિષયક માહિતી મેળવવામાં તથા સમજવામાં ખેડૂતો ઉણા ઊતરે છે. કૃષિ કાર્યો અને કૃષિ નિયોજક તરીકે તાલિમબદ્ધ ખેડૂતોની ભૂમિકા મહત્ત્વની હોય છે. ગુજરાતના ખેડૂતોમાં આવી વિશેષ તાલીમનો અભાવ જોવા મળે છે. આમ શિક્ષણ અને તાલીમના અભાવના કારણે કૃષિવિકાસ મર્યાદિત બન્યો છે.

7.2.17 ભુગર્ભ જળસ્રોતોની ગુણવત્તા અને પ્રાપ્યતામાં ઘટાડો : ( Reduction in Ground water Availability & Planning :

ગુજરાતની કૃષિની એ પણ એક મહત્ત્વની સમસ્યા છે કે અહીં સિંચાઇ માટે ભુગર્ભજળનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આપુ ગરબડ પૈકી ઘણાખરા વિસ્તારો એવા છે કે જ્યાં ભુગર્ભજળની ગુણવત્તા કૃષિ પાક લેવામાં નબળી પુરવાર થાય છે. આથી કાં તો પાક લઇ શકાતો નથી અથવા તો ભુગર્ભજળ દ્વારા લેવાયેલા

પાક બાદ તે જમીનમાં તે પાક લેવામાં આવે છે તે નબળું પુરવાર થાય છે.

આ ઉપરાંત ગુજરાતમાં ભુગર્ભજળની પ્રાપ્યતામાં પણ સતત ઘટાડો જોવા મળે છે. કુવાના તળ તથા બોરવેલના તળ સતત નીચા થતા જાય છે. અને તેમાં સતત ઘટાડો આવી રહ્યો છે. ગુજરાતની કૃષિ માટે આ પણ એક મહત્ત્વની સમસ્યા છે.

7.2.18 યાંત્રિકીકરણનો મર્યાદિત વિકાસ : ( Limited Development of Mechanization ) :

ગુજરાતની કૃષિમાં યાંત્રિકીકરણની પ્રક્રિયા અવશ્ય વધી છે. કૃષિ ક્ષેત્રે ટ્રેકટરનો ઉપયોગ સારા પ્રમાણમાં વધ્યો છે. રોટાવેટર, ઓટોમેટીક ઓરણી, થ્રેસર વગેરે જેવા સાધનો કૃષિ ક્ષેત્રમાં સારા પ્રમાણમાં ઉપયોગમાં લેવાતાં થયા છે. સિંચાઈની પદ્ધતિમાં પરિવર્તન આવ્યા છે. નાના અને હાથ ટ્રેકટરનો ઉપયોગ શરૂ થયો છે. આમ કૃષિક્ષેત્રમાં આધુનિક યંત્રો અને ઓજારો ઉપયોગમાં લેવાતા થયાં છે. પરંતુ આ યાંત્રિકીકરણ ગુજરાતની કૃષિમાં સાર્વત્રિક બની શકયુ નથી. તે કેટલાક વિસ્તાર પૂરતું મર્યાદિત રહ્યું છે. તેને આ પ્રદેશની કૃષિની મર્યાદા તરીકે સ્વીકારવું રહ્યું.

7.2.19 કૃષિ પેદાશોની વેચાણ વ્યવસ્થા : ( Selling System of Agricultural Products ) :

ખેડૂતો દ્વારા ઉત્પાદિત કૃષિ પેદાશોના યોગ્ય ભાવ મળવા આવશ્યક હોય છે. તેના દ્વારા ઉત્પાદક ખેડૂતોને પ્રોત્સાહન મળે અને કૃષિ વિકાસ વેગવંતુ બને. પરંતુ આપણે ત્યાં કૃષિ પેદાશોના વેચાણની જે વ્યવસ્થા છે તેમાં કેટલીક ખામીઓ જોવા મળે છે. આ ખામીઓ દૂર કરવા કૃષિ પેદાશ વેચાણ સમિતિનો વિકલ્પ પસંદ કરવામાં આવ્યો છે. ઉપરાંત ટેકાના ભાવની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. પરંતુ આ પ્રયત્નોમાં પણ મર્યાદિત પ્રમાણમાં સફળતા પ્રાપ્ત થઈ છે હજુ પણ ખેડૂતોને યોગ્ય પોષણ ભાવો પ્રાપ્ત થાય છે. એવું કહી શકાય તેમ નથી. આમ ગુજરાતની કૃષિમાં કૃષિ પેદાશોની વેચાણ વ્યવસ્થામાં રહેલી ખામીઓ મોટી સમસ્યા છે.

આ ઉપરાંત પણ ગુજરાતના કૃષિ ક્ષેત્રમાં સુધારેલા બિયારણની અપ્રાપ્તિ, સામુહિક રોગચાળો, નવાં વીજ કનેકશન મેળવવાની મુશ્કેલી, ચોમાસાની અનિશ્ચિતતા, પેદાશોના નવીનીકરણનો અભાવ, આનુસંગિક સુવિધાઓનો અભાવ વગેરે જેવી સમસ્યાઓ જોવા મળે છે.

## 7.3 ખેતી વિકાસને અસર કરતા પરિબળો : ( Factors Affecting Agriculture Development ) :

ખેતી ક્ષેત્રમાં આધુનિક સાધનોનો ઉપયોગ વધારી વધુ વળતર આપતા પાકો દ્વારા ખેતી ક્ષેત્રે રોકાયેલા સમુદાયની આર્થિક સ્થિતિ વધુ સમૃદ્ધ કરવાની પ્રક્રિયા એટલે કૃષિ વિકાસ

કૃષિ વિકાસ એ એક પ્રક્રિયા છે. જેનાથી ખેતીક્ષેત્રે વધુ ઉત્પાદન, વિવિધતા યુકત ઉત્પાદન દ્વારા આ ક્ષેત્રમાં રોકાયેલા સમુદાયની આવકોમાં વધારો થાય છે. આવકોમાં વધારાની સાથે સાથે કૃષિ ક્ષેત્રનો ટકાઉક્ષમ વિકાસ થાય એ પણ જરૂરી બને છે. લાંબાગાળાનો વિચાર કરીને કૃષિ ક્ષેત્રે આધુનિક સાધનો અને જરૂરિયાત મુજબ સંસ્થાકીય વ્યવસ્થાનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરી કૃષિ ક્ષેત્રને ઝડપથી અને ટકાઉક્ષમ

રીતે વિકસાવવું એ કૃષિ વિકાસનો અંતર્ગત ભાગ છે. જે દેશો કે પ્રદેશો કૃષિક્ષેત્રમાં ગુણવત્તા ઝડપથી વધારી શકયા છે કે ઉત્પાદક જમીનને લાંબાગાળા સુધી કાયમી જાળવી રાખી શકયા છે, વિવિધ પ્રકારના સંશોધિત કે સુધારેલા નીપજક ઘટકો પૂરતા પ્રમાણમાં ઉપયોગમાં લઇ શકયા છે, કૃષિ ક્ષેત્રને જરૂરી આર્થિક સહાય પૂરી પાડી શકયા છે, ઉત્પાદિત પાક પેદાશોનું યોગ્ય બજાર ઊભું કરી શકયા છે, ખેડૂતોને કૃષિ ઉદ્યોગ તરીકે સતત માર્ગદર્શન આપતા રહ્યા છે તે દેશોની કે પ્રદેશોની કૃષિ ઝડપથી વિકસી છે. જે પ્રદેશો નિર્દિશત કાર્ય પ્રક્રિયામાં ઉણા ઉતર્યા છે તે પ્રદેશની કૃષિ ધીમી ગતિએ આગળ વધતી જણાય છે.

ટૂંકમાં કૃષિ વિકાસ એટલે કૃષિ ક્ષેત્રનું ઉત્પાદન વધુ ને વધુ આવક આપનાર થાય અને કૃષિ ટકાઉક્ષમ રીતે વિકાસ માટે સક્ષમ બની રહે તે પ્રક્રિયા.

કૃષિ વિકાસને અસર કરળતા પરિબળો :

## 7.3.1 સિંચાઇ : ( Irrigation )

સિંચાઇ એ કૃષિ ક્ષેત્રના ઉત્પાદન માટે સૌથી વધુ અગત્યનું સાધન છે. વરસાદર એ કુદરતી બાબત છે. આથી વિશાળ ઉત્પાદન માટે તેની નિયમિતતા પર આધાર રાખી શકાય નહી. પાકના વૃદ્ધિ અને વિકાસ માટે જે તે તબકકે પિયત અનિવાર્ય બને છે. આથી જો પૂરતા પ્રમાણમાં સિંચાઇની સગવડ હોય તો પાકની વૃદ્ધિ અને વિકાસ દ્વારા મબલખ ઉત્પાદન પ્રાપ્ત કરવાની સંભાવનાઓ વધી જાય છે. આ માટે જો કેનાલ, કૂવા, તળાવો જેવા સાધનો દ્વારા પૂરતા પ્રમાણમાં પિયત આપી શકાય છે તો વિશાળ કૃષિ ઉત્પાદન દ્વારા કૃષિ વિકાસ શકય બને, ગુજરાત જેવા સિંચાઇની અછત અનુભવતા પ્રદેશમાં ટપક પિયત પદ્ધતિ અને ફુવારા પિયત પદ્ધતિ જેવી સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિઓ પણ કૃષિ વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવી શકે.

## 7.3.2 કૃષિ ધિરાણ : ( Agricultural Credit) :

સામાન્ય રીતે ઉદ્યોગની તુલનાએ ખેતી ક્ષેત્રે ઓછું વળતર સાબિત થયું છે. તેથી કૃષિ ક્ષેત્રે રોકાયેલા સમુદાયની આર્થિક સ્થિતિ સામાન્ય રહી છે. ખાસ કરીને ગુજરાતમાં ખેડૂતો ઉદ્યોગો જેટલી આર્થિક સદ્ધરતા નથી ધરાવતા એવું સ્પષ્ટ છે. આથી તેમને જો પૂરતા પ્રમાણમાં ધિરાણ આપવામાં આવે તો કૃષિ પાકનું આકર્ષક ઉત્પાદન મેળવવા માટે તે જરૂરી સાધનોની ખરીદી કરી શકે. આમ કૃષિ વિકાસ માટે સંસ્થાકીય ધિરાણ પણ ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

## 7.3.3 વેચાણની વ્યવસ્થા : (Sales Management ) :

ખેડૂતોની સોદા શકિત ઘણી નીચી જોવા મળે છે અને તેથી તેને તેની પેદાશોના ભાવો આકર્ષક મળતા નથી. જો ખેતી પેદાશોની વેચાણ વ્યવસ્થા સુદૃઢ હોય અને તેના દ્વારા ખેડૂતોને તેની પેદાશના યોગ્ય આકર્ષક ભાવો મળી રહે તો તે બાબત કૃષિ વિકાસ માટે મહત્ત્વની પુરવાર થાય છે. આમ કૃષિ પેદાશોની યોગ્ય વેચાણ વ્યવસ્થા ખેતી વિકાસ માટે મહત્ત્વની સાબિત થાય છે.

## 7.3.4 જમીન એકત્રીકરણ : ( Land Consolidation) :

સમયની સાથે-સાથે જમીનનું ખંડ વિભાજન અને ઉપ વિભાજન થતાં ખેડાણ

ઘટકના એકમો સતત નાના થતાં જતાં હોય છે. આથી નાના ટુકડા ઉપર આકર્ષક વળતરદાયી ખેતી કરવી ઓછી સંભવ બને છે. જો આ નાના નાના ટુકડાઓને જોડીને મોટા કદના બનાવીને તેના પર ખેતી કરવામાં આવે તો આધુનિક સાધનો વસાવા પોસાઇ શકે. તેથી આધુનિક ખેતી થઇ શકે. આમ જમીનનું એકત્રીકરણ પણ કૃષિ વિકાસ માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

7.3.5 કૃષિ શિક્ષણ : ( Agricultural Education) :

સામાન્ય રીતે ખેડૂતો વિશેષ ભણેલા હોતા નથી. તેમાં પણ કૃષિનું વૈજ્ઞાનિક અને આર્થિક જ્ઞાન તેમની પાસે વ્યવહારુ દૃષ્ટિએ હોય છે. પરંતુ સૈદ્ધાંતિક દૃષ્ટિએ હોતું નથી. આથી કૃષિવિજ્ઞાન, આર્થિકવિજ્ઞાન અને અન્ય પ્રદેશોની કૃષિનું જ્ઞાન આપવા માટે કૃષિ શિક્ષણ જરૂરી બને છે. જો પૂરતા પ્રમાણમાં કૃષિ શિક્ષણ આપી શકાય તો કૃષિ વિકાસ વધુ ઝડપી બની શકે.

7.3.6 વસ્તીનું જમીન પર ભારણ : ( Population Burden on Land) :

કૃષિ ક્ષેત્રે ખાસ કરીને ભારત અને ગુજરાતમાં જરૂરી વસ્તી કરતા વધુ વસ્તી રોકાયેલી જોવા મળે છે. આથી કૃષિ ક્ષેત્રમાં બેકારી અને ખાસ કરીને છૂપી બેકારી જોવા મળે છે. જે કૃષિ વિકાસ ઉપર નકારાત્મક અસર ઉપજાવે છે. કૃષિ ક્ષેત્રે પ્રાપ્ત થતા ઉત્પાદનમાંથી ઘણું ખરું ઉત્પાદન તેના નિભાવ પાછળ જતું રહે છે. જો કૃષિ ક્ષેત્રે જરૂરી વસ્તી સિવાયની વસ્તીને અન્ય ક્ષેત્રમાં ખસેડી શકાય તો કૃષિક્ષેત્ર વધુ કાર્યક્ષમ બની શકે. આમ વસ્તીનું ભારણ કૃષિ વિકાસ માટે મહત્ત્વનું સાબિત થાય તેમ છે. જો આ પરિબળો હકારાત્મક બને તો કૃષિ વિકાસ ઝડપી બને છે. આમ કૃષિ વિકાસ માટે નિર્દિશત પરિબળો મહત્ત્વના સાબિત થાય છે.

## 7.4 ખેતી વિકાસના નિર્દેશકો : ( Agricultural Development Measures):

કોઈપણ ક્ષેત્રનો આર્થિક વિકાસ તપાસવા માટે તે ક્ષેત્રમાં ઉત્પાદન, તેના દ્વારા થતી આવક રોજગારી, ઉત્પાદન ક્ષમતા, હકારાત્મક પરિવર્તનો, યાંત્રિકીકરણ વગેરેમાં પ્રગતિ કેવી રહી છે. તે તપાસવું જોઇએ. અહી આપણે ગુજરાતના કૃષિ વિકાસને જાણવા માટે આ પ્રકારના તથા કૃષિને લાગુ પડતા કેટલાક નિર્દેશકોનો અભ્યાસ કરીશુ.

7.4.1 ખેતી પાકોના ઉત્પાદનમાં વધારો : ( Increase in Production of Agriculture Crops ) :

ગુજરાતમાં કૃષિ ઉત્પાદનમાં વૃદ્ધિ એ ગુજરાતના કૃષિ વિકાસનો એક મહત્ત્વનો નિર્દેશક છે. કૃષિ નિયામક ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ થયેલ આંકડાઓ મુજબ ગુજરાતમાં છેલ્લા બે દસકા દરમિયાન ચોખાના પાકનું ઉત્પાદન બમણું થયું છે. ઘઉંના પાકના ઉત્પાદનમાં 85 થી 90 ટકાની વૃદ્ધિ થઇ છે. કુલ ખાદ્ય પાકોનું ઉત્પાદન 40 ટકા જેટલું વધ્યુ છે. મગફળીનું ઉત્પાદન 30 ટકા જેટલું વધ્યું છે. કુલ તેલીબીયા પાકોનું ઉત્પાદન 40થી 45 ટકા જેટલું વધ્યું છે. અને છેલ્લા સમયમાં ગુજરાતની કૃષિના વિકાસમાં જે પાકે ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તો કપાસનું ઉત્પાદન ચાર ગણું થયું છે. આ ઉપરાંત બીજા અન્ય પાકો જેમ કે, શેરડી, જીરુ, એરંડા, મસાલાના પાકો, બાગાયતી પાકો, ફૂલની ખેતી વગેરેનાં ઉત્પાદન વૃદ્ધિ સારી જોવા મળે છે.

### 7.4.2 રોજગારી : ( Employment ) :

રાષ્ટ્રની સમાંતરે ગુજરાત રાજયમાં પણ કૃષિ ક્ષેત્રનું રોજગારી પૂરી પાડવાનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. જે તે ક્ષેત્રના વિકાસની સાથે એમાં રોજગારીનું નવું સર્જન કેટલું થાય છે. તે બાબત પણ ખૂબ મહત્ત્વની ગણાવી શકાય. ગુજરાત રાજયમાં કૃષિ સિવાયના ક્ષેત્રોનો આવકની- કમાણીની દૃષ્ટિએ અવશ્ય વિશેષ વિકાસ થયો છે. પરંતુ કૃષિ સિવાયના ક્ષેત્રો રોજગારી આપવામાં ઉણા ઉતર્યા છે. ગુજરાતમાં 2011 ની વસ્તીગણતરી પ્રમાણે મુખ્ય કામ કરનારા કુલ વ્યકિતઓમાં 45.37 ટકા કામ કરનારા ખેડૂતો અને ખેત મજૂરો હતા. આ પ્રમાણ 2001 ની વસ્તી ગણતરી પ્રમાણે 45.58 ટકા હતુ. આ બાબત એવું દર્શાવે છે કે અન્ય ક્ષેત્રોનો વિકાસ કૃષિ વિકાસની સાપેક્ષ વિશેષ રહ્યો હોવા છતાં રોજગારી માટે કૃષિ ક્ષેત્રની ભૂમિકા ખૂબ મહત્ત્વની બની રહે છે.

### 7.4.3 રાજયના ઘરગથ્થુ ઉત્પાદનમાં ફાળો ( Share in State Domestic Production) :

ગુજરાતમાં વર્ષ 2011-12માં એકદંર કૃષિ ઘરગથ્થુ ઉત્પાદન 98015 કરોડ રૂપિયા થયું હતું. આ પ્રમાણ વધીને વર્ષ 2016-17 માં 137132 કરોડ રૂપિયા થયેલ. એટલે કે તેમાં 40 ટકા જેટલો વધારો થવા પામેલ. આમ ગુજરાતમાં કૃષિ આવક સારા પ્રમાણમાં વધવા પામેલ છે. જો કે રાજયના એકદંર ઘરગથ્થુ ઉત્પાદનમાં 2011-12માં કૃષિ ક્ષેત્રનો હિસ્સો 17.5 ટકા હતો. તે ઘટીને 2016-17 માં 13.6 ટકા થયેલ.

### 7.4.4 પાક પરિવર્તન : ( Crop Transformation) :

કૃષિ ક્ષેત્રમાં પાક પરિવર્તન એ તેના વિકાસ માટે ખૂબ જ મહત્ત્વનું પરિબળ છે. જે પાકો આપણી કૃષિમાં લઇ શકાય તેમ હોય અને વધુ વળતર આપી શકતા તેનું ઉત્પાદન વધુ લેવામાં આવે અને પરંપરાગત પાકો કે જે વધુ વળતર નથી આપી શકતા તેનું ઉત્પાદન સમયની સાથે ઓછું કરવામાં આવે કે બંધ કરવામાં આવે તો કૃષિ વિકાસ ઝડપથી થાય છે. ગુજરાતમાં છેલ્લા ચાર પાંચ દસકા પર નજર કરીએ તો એમ જણાય આવે છે કે જમીનની ગુણવત્તા, સિંચાઇની સગવડ, ખર્ચ અને તેની સામે જે તે પાકની ઉત્પાદકતા તેના ભાવ વગેરેને ધ્યાનમાં લઇને પાક પરિવર્તન સારા પ્રમાણમાં થતું જોવા મળે છે. એટલે જ ગુજરાતની કૃષિમાં કપાસ, જીરું અન્ય મસાલા પાકો, બાગાયતી પાકો વગેરેનું ઉત્પાદન લેવા માટે વધુ વિસ્તારોમાં વાવેતર થઇ રહ્યું છે. તેની સામે જુવાર, બાજરો, હુંણ (દેશી કપાસ) વગેરેનું વાવેતર ઘટતું જોવા મળે છે. આમ ગુજરાતની કૃષિમાં પાક પરિવર્તન એ એક હકારાત્મક નિર્દેશક છે.

### 7.4.5 નીપજક ઘટકો : ( Input Components) :

કૃષિક્ષેત્રમાં કૃષિ ઉત્પાદન લેવા માટેના નીપજક ઘટકોની ભૂમિકા ખૂબ જ અગત્યની ગણાવી શકાય. આ નીપજક ઘટકોનું પ્રમાણ કૃષિમાં જરૂરિયાત પૂરતું રહે છે કે કેમ તે જાણવું આવશ્યક બને છે. ગુજરાતમાં આવા નીપજક ઘટકો જેમ કે બિયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવા, ખેતીમાં યાંત્રિકીકરણ, પિયત વગેરે સમયની સાથે ધીમે ધીમે પણ વધુ કાર્યક્ષમ બનતાં જોવા મળે છે. તેથી જ ઘઉંના પાકની કાપણીથી ઘઉં ખેડૂતના ઘરમાં પહોંચે એ માટે આજથી ત્રણ દાયકા પહેલા આશરે **20** દિવસનો સમય લાગતો તે આજે હાર્વેસ્ટરથી દિવસો નહી કલાકોમાં જ પૂર્ણ થાય છે. કૃષિમાં હવે ખેડાણ, કાપણી, લણણી, આંતરખેડ વગેરેમાં કાર્યક્ષમતા વધી છે.

તેની સાથે સાથે સુધારેલા બિયારણનો ઉપયોગ પણ વધ્યો છે. આ ઉપરાંત રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાના ઉપયોગમાં પણ વૃદ્ધિ જણાઇ આવે છે. પિયતની સગવડ અમુક અંશે વધી છે. અને ટપક પદ્ધતિ તથા ફુવારા પિયત પદ્ધતિનો પણ અમુક અંશે ઉપયોગ જોવા મળે છે. કૃષિ ક્ષેત્રના કાર્યોની આ બધી બાબતો કૃષિ ક્ષેત્રના ખાસ કરીને તેની કાર્યક્ષમતાના વિકાસનો નિર્દેશ કરે છે.

7.4.6 ધિરાણમાં વૃદ્ધિ : ( Growth in Credit) :

કૃષિ ક્ષેત્રે પ્રાપ્ત થતા ધિરાણમાં સતત વૃદ્ધિ જણાઇ આવે છે. તેમાં પણ ખાસ કરીને સરકાર ( આર.બી.આઇ) ના અંકુશ હેઠળની બેંકો દ્વારા થતા ધિરાણનું પ્રમાણ સતત વધતું જાય છે. દાયકાઓ પહેલા બેંકો દ્વારા ખેડૂતોને ખુબ ઓછા પ્રમાણમાં ધિરાણ પ્રાપ્ત થતું. તેના લીધે તે ખાનગી સંસ્થાઓ જેમ કે જમીનદારો, વેપારીઓ, વ્યાજનો ધંધો કરનારાઓ વગેર પાસેથી ધિરાણ મેળવતા અને ત્યાં તેમનું શોષણ થતું. આમ હવે ગુજરાતના કૃષિ ક્ષેત્રમાં આર.બી.આઇના અંકુશ હેઠળની બેંકોનું ધિરાણ વધતા તેના પરિણામે કૃષિ ક્ષેત્રના વિકાસમાં સરળતા ઊભી થઇ છે.

7.4.7 ખેડૂતોની સ્થિતિમાં સુધારો : ( Improve Farmers Condition) :

આઝાદી પછીનો સમગ્ર સમયગાળો જોવામાં આવે તો ખેડૂતોની સ્થિતિ ઝડપથી ના સુધરી હોય પણ આર્થિક સ્થિતિમાં એકંદર સતત સુધારો જોવા મળે છે. આજે ખેડૂતો સમાજના અન્ય વર્ગના લોકો જે ભૌતિક સગવડતા ભોગવે છે, તેની તુલનાએ આ ખેડૂતો પણ તેમાંની ઘણી સગવડતા ભોગવતા થયા છે. જેમ કે ટેલીવિઝન, મોબાઇલ, વાહનો વગેરે એક સમય એવો હતો કે જે ભૌતિક સગવડતા શહેરી વિસ્તારના લોકો મેળવી શકતા એ ગ્રામીણ વિસ્તારના લોકો એટલે કે ખેડૂતોને પ્રાપ્ત ન થતી. પરંતુ રહેણીકરણીની દૃષ્ટિએ હવે આવી સગવડો ખેડૂતો પણ પ્રાપ્ત કરતા થયા છે. આ પ્રાપ્તિમાં તેની આવકની ભૂમિકા ખૂબ મહત્ત્વની ગણી શકાય. આ આવક તેને કૃષિ વિકાસ દ્વારા પ્રાપ્ત થાય છે. અલબત્ત આજે પણ ખેડૂતોનુ જીવન ખુબજ હાડમારીભર્યું , જોખમભર્યું , અને અનિશ્ચિતતાભર્યું રહ્યું છે. તેની આર્થિક કમાણી ઉદ્યોગોની તુલનાએ ઓછી છે. છતાં એકંદરે ચિત્ર સુધરતું જણાય આવે છે. જે કૃષિ વિકાસનો નિર્દેશ કરે છે.

આ ઉપરાંત પણ ગુજરાતમાં ખેતી સંલગ્ન પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ, મરઘા, બતક ઉછેર વગેરે ક્ષેત્રોમાં વિકાસ જોવા મળે છે. ખેતીમાં હવે પહેલા કરતાં વધુ વૈજ્ઞાનિક રીતો અપનાવવામાં આવી છે. એ ખુબ સારી બાબત ગણાવી શકાય.

અહીં કૃષિ વિકાસના કેટલાક નિર્દેશકો દર્શાવેલ છે, એ એવું સૂચવે છે કે ગુજરાતનો કૃષિ વિકાસ વિશેષ તીવ્ર ગતિનો ના રહ્યો હોય તો પણ ગુજરાતમાં કૃષિ ક્ષેત્રનો વિકાસ થયો છે. જેના પરિણામે ખેડૂતો તેની વિવિધ પ્રકારની સમસ્યાઓનો સામનો કરીને પણ પોતાનું જીવન પહેલા કરતાં વધુ સારું જીવી શકે છે.

## 7.5 સહાય યોજનાઓ ( Assistance Plans) :

કોઇ પણ ક્ષેત્રના વિકાસ માટે સરકારની માર્ગદર્શન, તાલીમ અને સહાય આપતી વિવિધ યોજનાઓની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની હોય છે. આથી અહીં ગુજરાતના કૃષિ વિકાસમાં સહાયક બની શકે તેવી રાજય સરકારની તથા કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અમલમાં છે. તે રજૂ કરવામાં આવી છે.

7.5.1 રાજ્ય સરકારની યોજનાઓ : ( State Government Plans) :

- સરદાર સરોવર યોજના : આ યોજનાનો હેતુ રાજયના 17 જિલ્લાઓના 75 તાલુકાઓમાં સિંચાઇનો લાભ આપવાનો છે.
- જમીન સ્વાસ્થય કાર્ય : સરકારની આ યોજના હેઠળ ખેડૂત ખાતેદારોની જમીનના નમૂના, પૃથ્થકરણ અને જમીન સ્વાસ્થય કાર્ડની રચનાનું કાર્ય કરવામાં આવે છે.
- સહભાગી સિંચાઇ વ્યવસ્થા : આ યોજનાનો હેતુ શકય એટલો વધુ સિંચાઇનો વિસ્તાર આવરી લેવાનો છે.
- સૌની યોજના : સૌરાષ્ટ્રના અછતગ્રસ્ત વિસ્તારમાં નર્મદા પૂરના પાણી પહોંચાડવા માટે સૌની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.
- રક્ષિત ખેતી પાયલોટ પ્રોજેકટ : ગુજરાત સરકારે વર્ષ 2015-16 થી નાના ખેડૂતોને દરરોજ આવક મળી રહે તે હેતુથી જીજીઆરસી દ્વારા સૂક્ષ્મ સિંચાઇ યોજના દ્વારા રક્ષિત ખેતી પાયલોટ પ્રોજેકટનો અમલીકરણ કરવાનું શરૂ કરેલ છે.
- ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ : આ યોજના રાજયમાં વોટરશેડના ધોરણે જળ અને જમીન સંરક્ષણની પ્રવૃત્તિઓ હાથ ધરે છે. વોટરશેડની કામગીરીનો મુખ્ય હેતુ ભૂમિ અને ભેજ સંરક્ષણની કામગીરી દ્વારા જરૂરી માળખું ઊભું કરી, વહી જતા વરસાદી પાણીને રોકી જમીનમાં ઉતારવાનો અને કૂવાઓના પાણીના તળ ઉંચા લાવવાનો છે.
- કૃષિ મહોત્સવ : રાજયમાં હરિયાળી ક્રાંતિ લાવવા માટે અને પાંચ વર્ષમાં ખેડૂતોની આવક બમણી કરવાના ઉદ્દેશ સાથે 2005 થી કૃષિ મહોત્સવ વર્ષ શરૂ કરવામાં આવેલ છે. 12માં કૃષિ મહોત્સવ (2016)માં જિલ્લાના મુખ્યમથકે બધા તાલુકાઓને ભેગા કરીને બે દિવસ માટે પ્રદર્શન અને સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. રાજયમાં કુલ ૬૧ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત ગુજરાતના બધાજ પ્રદેશો આ મહોત્સવમાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં પશુઓનું રસીકરણ, કૃત્રિમ બીજદાન જેવા જુદા-જુદા કાર્યક્રમો પણ રાખવામાં આવેલા હતા. ખેડૂતોને માર્ગદર્શન તેમજ કૃષિ અને તેને સંલગ્ન ક્ષેત્રનું જ્ઞાન પુરું પાડવામાં આવ્યું હતું. કૃષિ મહોત્સવ 2016નો ઉદ્દેશ સરકાર દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓની માહિતી અને તેના લાભ ખેડૂતો સુધી પહોંચે તે હતો.

આ ઉપરાંત કૃષિમાં યાંત્રિકીકરણ ભાગ સ્વરૂપે ઓટોમેટીક ઓરણી, ટ્રેકટર, રોટાવેટર, પાવર ટીલર વગેરે જેવા સાધનોની ખરીદી પર અલગ-અલગ પ્રમાણમાં અલગ અલગ સમયે સહાય આપવામાં આવે છે.

7.5.2 કેન્દ્ર સરકારની યોજનાઓ : ( Central Government Schemes) :

- પ્રધાનમંત્રી પાક વીમા યોજના *(*PMFBY*)* :આ યોજના દ્વારા સરકાર ખેડૂતોને પાક વીમા પ્રિમીયમ ભરવા માટે સહાય કરે છે. જુદા-જુદા પાકો માટે જુદા-જુદા પ્રમાણમાં સરકાર દ્વારા ખેડૂતોને કુલ પ્રિમિયમના વિશેષ પ્રમાણમાં સહાય કરવામાં આવે છે.
- ટકાઉ ખેતી માટેનો રાષ્ટ્રીય ઉદ્દેશ : ( NMSA): આ યોજનાની સ્થાપના ખેતીમાં ઉત્પાદકતા વધારવા માટે કરવામાં આવેલ છે. ખાસ કરીને પાણી,

ખાતર, કુદરતી સાધનો વગેરેના કાર્યદક્ષ ઉપયોગ દ્વારા કૃષિ વિકાસને હાંસલ કરવા ઉપર ધ્યાન આપવામાં આવે છે.

- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના : ( PMKSY) : આ યોજનાઓ ઉદ્દેશ કૃષિ ક્ષેત્રમાં સિંચાઇનું વધુમાં વધુ વિસ્તરણ થાય અને તે અનુસંધાને 'હર ખેત કો પાની' અને 'મોર ક્રોપ પર ડ્રોપ' જેવા સૂત્રો સાકાર કરવાનો છે.
- પરંપરાગત કૃષિ વિકાસ યોજના : *(PKVY)* : 2015 માં અમલમાં મૂકવામાં આવેલી આ યોજનાનો મુખ્ય હેતુ ઓર્ગેનિક ફાર્મિંગનો છે. આ યોજના મુજબ ખેડૂતોને ગ્રુપમાં કે કલસ્ટરમાં ઓર્ગેનિક ફાર્મિંગ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે અને તે માટે આર્થિક સહાય આપવામાં આવે છે.
- ગ્રામીણ ભંડારણ યોજના : (GBY) : આ યોજનાનો હેતુ ગ્રામીણ ક્ષેત્રમાં કૃષિ ઉત્પાદન વર્ગીકૃત પેદાશ તથા નીપજકોને તેની ગુણવત્તા જળવાઇ રહે તેવી રીતે સાચવવાનો છે.
- પશુધન વીમા યોજના : આ યોજના અંતર્ગત પશુધારકોને તેના પશુના મૃત્યુ સામે વીમા સહાય આપવામાં આવે છે. પશુધન અને તેની પેદાશોની ગુણવત્તા જળવાઇ રહે તે આ યોજનાનો હેતુ છે.
- મત્સ્ય ઉદ્યોગ તાલીમ અને વિસ્તરણ યોજના : આ યોજનાનો હેતુ મત્સ્ય ઉદ્યોગનું કાર્યક્ષમ રીતે વિસ્તરણ થાય તે છે.
- સૂક્ષ્મ સિંચાઇ ભંડોળ : (MIF) કૃષિ ઉત્પાદનમાં વૃદ્ધિ અને તેના દ્વારા ખેડૂતોની આવક વધારવાના હેતુથી સરકાર દ્વારા વધુ વિસ્તારને સિંચાઇ હેઠળ લાવવા સૂક્ષમ સિંચાઇ યોજના માટે સહાય આપવામાં આવે છે.
- પ્રધામંત્રી કિસાન સન્માન નિધિ યોજના : આ યોજના મુજબ દરેક ખેડૂતને વાર્ષિક 6000 રૂપિયા બિનશરતી સહાય આપવામાં આવે છે.
- રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના : રાજયના કૃષિ વિભાગને વધુ વ્યાપક રીતે કાર્યરત કરવા રાષ્ટ્રીય વિકાસ પંચે એક નવી વધારાની કેન્દ્રીય સહાયનું આયોજન કરેલ છે. જેના આધારે કૃષિ વિભાગે NADP તરીકે ઓળખાતી રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનાની માર્ગદર્શિકા તૈયાર કરેલ છે.

અહીં આપણે રાજય તથા કેન્દ્રની કૃષિ સહાયની વિવિધ યોજનાઓની ચર્ચા કરી છે. કૃષિ વિકાસ માટે વિવિધ યોજનાઓ ખૂબ મહત્ત્વની સાબિત થતી હશે એવું કહી શકાય.

## 7.6 સારાંશ : ( Summary ) :

ગુજરાતમાં વિશાળ પ્રદેશ પર કૃષિ કાર્ય થાય છે. આથી ગુજરાતના દરેક પ્રદેશમાં તેની જે સમસ્યાઓ રહેલી છે. તે કેટલીક સમાન છે તો કેટલીક જે તે પ્રદેશની. અહી આપણે ગુજરાતમાં સમગ્ર પ્રદેશમાં કે મોટાભાગના પ્રદેશમાં કે કોઇ એક ખાસ પ્રદેશમાં જોવા મળતી કૃષિ સમસ્યાઓ તપાસી. આ સમસ્યાઓ ખેતીમાં વિકાસમાં અવરોધરૂપ હોય તેવું સ્પષ્ટ જણાઇ આવે છે. જો આ સમસ્યાઓમાંથી મોટા ભાગની સમસ્યાઓનું નિરાકરણ થઇ શકે તો કૃષિ વિકાસ વધુ વેગવંતો બને તે સ્વાભાવિક છે. પરંતુ ભારતની જો વાત કરવામાં આવે તો કૃષિક્ષેત્રના ઝડપથી વિકસતા રાજયોમાં ગુજરાત રાજયનો સમાવેશ થાય છે. આ પ્રકરણમાં કૃષિ વિકાસના નિર્દેશકો આ બાબત યોગ્ય હોય તેવો નિર્દેશ કરે છે. કૃષિ વિકાસમાં સરકારની ભૂમિકા ખૂબજ મહત્ત્વની હોય છે. ગુજરાતની કૃષિમાં રાજયની અને કેન્દ્રની જુદી-જુદી કૃષિ યોજનાઓએ વિકાસમાં મહત્ત્વની ભૂમિકા

ભજવી છે. ખેડૂતોને વિવિધ રીતે સહાયક થવાનું તથા કૃષિ વિકાસ વધુ વેગવંતો બને તેવું સરકારનું વલણ યોજનાઓ દ્વારા રહેવા પામ્યું છે.

## 7.7 ચાવીરૂપ શબ્દો ( Key Words) :

- વાણિજય ખેતી : (Commercial Farming): નફાને ધ્યાનમાં રાખી વ્યાપારી સ્વરૂપે આવક અને ખર્ચના અંદાજો મૂકી કરવામાં આવતી આધુનિક ખેતી એટલે વાણિજય ખેતી.
- હાઈબ્રીડ બિયારણ : ( Hybrid Seeds) : વધુ ઉપજ આપતું કે સુધારેલું બિયારણ
- પાક ફેરબદલી : ( Crop Fairley ) : ખેતીમાં એક જ પાક સતત વાવવાને બદલે એક પાક એક વખત લીધા બાદ તે જમીન ઉપર બીજી વખત બીજો પાક લેવો. એમ સમયાંતરે પાક બદલાતા રહેવા એટલે પાક ફેરબદલી.
- સૂકી ખેતી : જે પાકો વરસાદે કે માત્ર વરસાદથી લઇ શકાતા હોય તેવા પાકોની ખેતી એટલે સૂકી ખેતી.
- પાક પરિવર્તન : ( Crop Transformation) : પરંપરાગત પાકોની જગ્યાએ વધુ વળતર આપતા પાકો લેવાની પ્રક્રિયા એટલે પાક પરિવર્તન.
- ખંડ વિભાજન : ( Divide The Room) : ખેતીમાં માલિકની જમીનની તેના વારસદારો વચ્ચે વિભાગો પાડી વહેંચણી કરવામાં આવે તેને ઉપ વિભાજન કહેવાય છે.
- ઉપ વિભાજન : ( Subdivision ) : ખેતીમાં માલિકીની જુદી-જુદી જગ્યાએ આવેલી જમીનની તેના વારસદારો વચ્ચે દરેક જગ્યાએ વિભાગો પાડી વહેંચણી કરવામાં આવે તેને ખંડ વિભાજન કહેવાય છે.
- સીમાંત ખેડૂત : જે ખેડૂત પાસે 0.5 હેકટરથી ઓછી જમીન હોય તેવા ખેડૂતને સીમાંત ખેડૂત કહે છે.
- અર્ધસીમાંત ખેડૂત : જે ખેડૂત પાસે 1 હેકટરથી ઓછી જમીન ઓય તેવા ખેડૂતોને અર્ધ સીમાંત ખેડૂત કહે છે.
- અતિનાના ખેડૂત : જે ખેડૂત પાસે 2 હેકટર કરતાં ઓછી જમીન હોય તેવા ખેડૂતને અતિનાના ખેડૂત તરીકે ઓળખવામાં આવે છે.
- નાના ખેડૂત : જે ખેડૂત પાસે 4 હેકટરથી ઓછી જમીન હોય તેને નાના ખેડૂત તરીકે ઓળખવામાં આવે છે.
- મધ્યમ ખેડૂત : જે ખેડૂત પાસે 10 હેકટરથી ઓછી જમીન હોય તેને મધ્યમ ખેડૂત કહેવાય છે.
- મોટા ખેડૂત :જે ખેડૂત પાસે 10હેકટરથી વધારે જમીન હોય તેને મોટા ખેડૂત કહે છે.

## 7.8 તમારી પ્રગતિ ચકાસો

ક. વિસ્તૃત સવાલો :

1. ગુજરાતમાં કૃષિ ક્ષેત્રની વિવિધ સમસ્યાઓ વર્ણવો
2. ગુજરાતમાં કૃષિ ક્ષેત્રના વિકાસના નિર્દેશકો જણાવો

ખ. ટૂંકનોધ સ્વરૂપના સવાલો :

1. ખેતી વિકાસને અસર કરતાં પરિબળો
2. કેન્દ્ર સરકારની કૃષિલક્ષી યોજનાઓ
3. રાજ્ય સરકારની કૃષિલક્ષી યોજનાઓ

ગ. યોગ્ય વિકલ્પની પસંદગી કરો :

1. ગુજરાતમાં રોકડિયા પાકોનું વાવેતર......
   (અ) વધે છે. (બ) ઘટે છે. (ક) સ્થિર રહે છે. (ડ) વધઘટ થાય છે.
2. ગુજરાતમાં હલકા બિયારણનો ઉપયોગ......
   (અ) વધે છે. (બ) ઘટે છે. (ક) સ્થિર રહે છે. (ડ) વધઘટ થાય છે.
3. ગુજરાતમાં સિંચાઇની સગવડ....
   (અ) પૂરતી છે. (બ) અપૂરતી છે. (ક) જરૂર કરતાં વધુ છે. (ડ) નહિવત છે.
4. કૃષિ પેદાશના ભાવોમાં શું થાય છે ?
   (અ) સ્થિર રહે છે. (બ) નહિવત ફેરફાર (ક) ફેરફાર થતો નથી. (ડ) વિશેષ ફેરફાર
5. રાજયના ઘરગથ્થુ ઉત્પાદનમાં કૃષિક્ષેત્રે સાપેક્ષ ફાળો.....
   (અ) વધે છે. (બ) ઘટે છે. (ક) સ્થિર રહે છે. (ડ) વધઘટ થાય છે.
6. દિન-પ્રતિદિન ગુજરાતના ખેડૂતોની સ્થિતિ
   (અ) સુધરી છે. (બ) બગડી છે. (ક) ફેરફાર નથી થયો (ડ) કંગાળ થઇ છે.
7. કૃષિક્ષેત્રમાં ધિરાણ ....
   (અ) વધ્યું છે. (બ) ઘટ્યું છે. (ક) સ્થિર રહ્યું છે. (ડ) વધઘટ થાય છે.
8. ગુજરાતની ખેતીમાં યાંત્રિકીકરણ ....
   (અ) વિકસી રહ્યું છે. (બ) વિકસતું નથી (ક) સ્થિર છે. (ડ) અવિકસિત છે.
9. ગુજરાતની ખેતીમાં કઇ સત્તાની યોજનાઓ જોવા મળે છે ?
   (અ) કંપની (બ) રાજયની (ક) કેન્દ્ર તથા રાજયની (ડ) એક પણ નહી.
10. પ્રધાનમંત્રી પાક વીમા યોજના કઇ સત્તાની છે.
   (અ) કેન્દ્રની (બ) રાજયની (ક) કેન્દ્ર તથા રાજયની (ડ) એક પણ નહી.

## 7.8 સંદર્ભ : ( References ) :

1. Directorate of Agriculture, Gujarat State Gandhinagar (https://dag.gujarat.gov.in/estimate.htm)
2. https://www.indiatoday.in/education-today/gk-current-effairs/story/10-important-government-Schemes-agri culture-sector-divd-1593413-2019-08-30
3. જોષી ભાસ્કર હ. (1991), ભારતનું કૃષિ ક્ષેત્ર : વિકાસ અને પડકારો યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
4. વારોતરિયા આર.કે (2012), કૃષિ અર્થકરણ

5. સામાજિક આર્થિક સમીક્ષા, 2006-07,2016-17 અને 2017-18

**જવાબ :** 1-અ 2-બ 3-બ 4-ડ 5-બ
6-અ 7-અ 8-અ 9-ક 10-અ

એકમ 8

# ગુજરાતનું ઉદ્યોગક્ષેત્ર

## રૂપરેખા

8.0 ઉદ્દેશો
8.1 પ્રસ્તાવના
8.2 ગુજરાતના ઉદ્યોગો
8.3 સ્થાનીયકરણ
8.4 ઔદ્યોગિક ઉત્પાદન
8.5 સારાંશ
8.6 તમારી પ્રગતિ ચકાસો
8.7 ચાવીરૂપ શબ્દો
8.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો અને સંદર્ભ વાચન
8.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

## 8.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી આપણે સમજાવી શકીએ કે

- ગુજરાતના ઉદ્યોગો વિશેની સમજણ મેળવી શકીએ.
- ગુજરાતમાં ઔદ્યોગિક સ્થાનીકરણ અંગેની સમજૂતી મેળવીશું.
- ગુજરાતના ઔદ્યોગિક ઉત્પાદન અંગેના વલણોનો અભ્યાસ કરીશું.

## 8.1 પ્રસ્તાવના

કોઈપણ દેશ કે પ્રદેશના ઝડપી આર્થિક વિકાસ કરવા માટે ઔદ્યોગિક વિકાસ અનિવાર્ય શરત છે. ગુજરાતના આર્થિક વિકાસમાં પણ ઉદ્યોગક્ષેત્રનું મહત્વપૂર્ણ સ્થાન છે. ગુજરાતની કુલ SDP માં વર્ષ 2017-18ની માહિતી પ્રમાણે ઉદ્યોગોનો ફાળો 45% રહ્યો છે. આપણે અહી પ્રસ્તુત પ્રકરણમાં ગુજરાતમાં આવેલા કેટલાક મહત્વના ઉદ્યોગો વિશે ચર્ચા કરીશુ. તથા ગુજરાતમાં આ ઉદ્યોગોનું કેટલાક વિસ્તારોમાં સ્થાનીકરણ થયેલું જોવા મળે છે. તે ચર્ચા પણ પ્રસ્તુત પ્રકરણમાં કરવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાતમાં ઔદ્યોગિક ઉત્પાદનનું વલણ કેવું છે તે અંગે પણ પ્રસ્તુત પ્રકરણમાં ચર્ચા કરવામાં આવી છે.

ગુજરાત ઉદ્યોગોપ્રધાન રાજ્ય કહી શકાય. દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી ગુજરાત અલગ થયુ તે સમયથી ઉદ્યોગોની દ્રષ્ટિએ ગુજરાતનો ઈતિહાસ જોઇએ તો ગુજરાતમાં મુખ્યત્વે કાપડ ઉદ્યોગ, રસાયણ અને દવા ઉદ્યોગ, કચ્છના દરિયાકિનારે મીઠું (salt)

પકવવાનો ઉદ્યોગ વગેરે મુખ્ય કહી શકાય. આ સમયે ગુજરાતના સુરત, વલસાડ, વાપી, અમદાવાદ અને વડોદરામાં મુખ્યત્વે ઔદ્યોગિક વિકાસ થયેલો હતો.

આધુનિક સમયમાં સરકારની વિકાસાભિમુખ નીતિ, આધારમાળખાનો વિકાસ અને ગુજરાતી પ્રજાની ઔદ્યોગિક સાહસિકતાથી અનેક નવાં ક્ષેત્રના ઉદ્યોગોનો પણ વિકાસ થઈ રહ્યો છે, જેમાં પ્રવાસન, હિન્દી ચલચિત્રો અને ટેલિવિઝન શ્રેણીઓનું શુટિંગ વગેરે ગણાવી શકાય.

સામાન્ય રીતે ઔદ્યોગિક એકમની સ્થાપના સ્થળ પ્રદેશની લાક્ષણિકતાના આધારે પ્રભાવિત થતી હોય છે, જેમ કે કાપડ ઉદ્યોગ માટે અનુકૂળ એવું કુદરતી વાતાવરણ, કાચામાલની સરળ, ઝડપી અને સસ્તી પ્રાપ્તી, કુશળ, અર્ધકુશળ શ્રમિકોની ઉપલબ્ધતા વગેરે. તેમ છતાં આધુનિક વૈજ્ઞાનિક વિકાસ, ટેક્નોલોજીમાં પરિવર્તન વગેરેને કારણે ભૂતકાળમાં અશક્ય લાગતા કેટલાક ઉદ્યોગો પણ ગુજરાતમાં શરુ કરી શકાયા છે.

આ એકમમાં આપણે મુખ્યત્વે ત્રણ મુદાઓનો અભ્યાસ કરવાનાં છીએ,

1. ગુજરાતમાં ઉદ્યોગ ક્ષેત્રેનો પરિચય.
2. ગુજરાતના ઉદ્યોગોનો સ્થાનીયકરણનાં પાસાથી અભ્યાસ.
3. ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસને સહાયક પરિબળો તથા અવરોધો.

## 8.2 ગુજરાતના ઉદ્યોગો

ગુજરાત રાજ્ય ઔદ્યોગિકવિકાસની પ્રક્રિયામાં મહત્વનું સ્થાન ધરાવે છે. આજથી વર્ષો પહેલા ગુજરાતમાં છુટા છવાયેલા અનેક ઔદ્યોગિક કેન્દ્રો જોવા મળતા હતા આજે તો ગુજરાતમાં અનેક વિધ ઉદ્યોગો અને અનેક ઔદ્યોગિક કેન્દ્રો જોવા મળે છે. અહી આપણે ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટે મહત્વના કેટલાક ઉદ્યોગો વિશે માહિતી પ્રાપ્ત કરીશુ.

### 8.2.1 કાપડ ઉદ્યોગ

ગુજરાત રાજયના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં 6 ટકા કિસ્સો કાપડ ઉદ્યોગ ધરાવે છે. દેશના કુલ કપાસના ઉત્પાદનમાં ગુજરાત આયાત 35 ટકા અને નિકાસમાં 60 ટકા જેટલો હિસ્સો ધરાવે છે. જે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમ ધરાવે છે. ડેનિમના ઉત્પાદનમાં સમગ્ર વિશ્વમાં ત્રીજા ક્રમે તથા ભારતમાં 65 થી 70 ટકાના ઉત્પાદન સાથે પ્રથમ ક્રમે જોવા મળે છે. ગુજરાતમાં 860 થી પણ વધારે એકમો સ્થાપિત થયેલ જોવા મળે છે. ગુજરાતમાં લઘુ ઉદ્યોગક્ષેત્રના 24 થી 28 ટકા મૂડીરોકાણ ઉત્પાદનની કિંમત રોજગારી કાપડ ઉદ્યોગમાં જોવા મળે છે.

કાપડ ઉદ્યોગ ભારતનો જૂનામાં જૂનો ઉદ્યોગ છે. જે ભારતીય અર્થતંત્રમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. ગુજરાતમાં પણ 1960ના સમયગાળા સુધી ઔદ્યોગિકક્ષેત્રે કાપડ તથા તેને સંલગ્ન ઉદ્યોગનું પ્રાધાન્ય વધુ જોવા મળતું હતુ. ભારતમાં 1000 થી પણ વધુ કાપડની મિલો આવેલી છે. જે પૈકી લગભગ 700 કાંતણમિલો તથા બાકીની કાંતણ તથા વણાટકામ કરતી મિલો છે. સમગ્ર ભારતમાં સૌથી વધારે કાપડ ઉદ્યોગોનો વિકાસ મહારાષ્ટ્ર અને ગુજરાતમાં થયો છે. ત્યારબાદ તામીલનાડુ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, રાજસ્થાન તથા કર્ણાટકમાં જોવા મળે છે.

મહારાષ્ટ્ર રાજયમાં સુતરાઉકાપડના ઉદ્યોગનું દેશનું સૌથી મોટુ કેન્દ્ર મુંબઈ છે.

ગુજરાત રાજયમાં 118 કાપડની મિલો આવેલી છે. જે પૈકી 67 મિલો અમદાવાદમાં આવેલ છે. જે દેશમાં સૌથી વધારે છે. ગુજરાતની 118 મિલો પૈકી 91 મિલો સ્પિનિંગ અને વિવિંગની છે. ગુજરાતમાં અમદાવાદ બાદ સુરત, વડોદરા, ભાવનગર, રાજકોટ, પોરબંદર, ભરૂચ, પેટલાદ વગેરે મહત્વના કાપડ ઉદ્યોગના કેન્દ્રો છે.

8.2.2 રસાયણ ઉદ્યોગ :

ગુજરાતમાં રસાયણ ઉદ્યોગોનો વિકાસ સારા પ્રમાણમાં થયેલો જોવા મળે છે. ગુજરાત 1663 કિલોમીટર લાંબો દરિયાકિનારો ધરાવે છે. તેથી મીઠાના ઉત્પાદન માટે અહીં અનૂકુળ આબોહવા છે. ગુજરાતમાં મીઠાનું 35 લાખ ટન ઉત્પાદન થાય છે. દેશના કુલ મીઠાના ઉત્પાદનમાં ગુજરાતનો કિસ્સો 60 ટકા જેટલો છે. ગુજરાતમાં મીઠા ઉદ્યોગના વિકાસ થવાના કારણે અહીં આલ્કલી ઉદ્યોગનો વિકાસ ઝડપી થયેલો જોવા મળે છે. જેના પરિણામ સ્વરૂપ પોટેશિયમ, બ્રોઝાઈડ, કલોરાઈડ, મેગ્નેશિયમ, કલોરાઈડ વગેરે જેવા રસાયણના ઉદ્યોગોનો વિકાસની સારી તક રહેલી છે. ગુજરાતમાં સોડાએશ ઉદ્યોગના વિકાસની સારી તક છે. આ ઉપરાંત બેન્ઝીન, ટાલ્યુતસ, જાયબીન જેવા પાયાના રસાયણો પ્રાપ્ત થવાથી બીજા કાર્બન રસાયણ ઉદ્યોગના વિકાસની પણ સારી એવી તક રહેલી છે, આ ઉપરાંત પેટ્રોકેમિકલના ઉદ્યોગના વિકાસના કારણે તેમાંથી ઘણી આડપેદાશો મેળવી શકાય છે.

ગુજરાતમાં વર્ષ 2005માં રસાયણ ઉદ્યોગના ચાલુ કારખાનાની સંખ્યા 3683 હતી. જે વધીને વર્ષ 2006માં 3720 થઈ હતી. જ્યારે વર્ષ 2005માં દૈનિક સરેરાશ કામદારોની સંખ્યા 158987 હતી. જે વધીને 2006માં 169321 વ્યક્તિઓ હતી.

ગુજરાતમાં રસાયણ ઉદ્યોગ સૌરાષ્ટ્ર અને તળગુજરાતમાં વધુ પ્રમાણમાં વિકસેલો જોવા મળે છે. સૌરાષ્ટ્રમા જોઈએ તો દ્વારકા, મીઠાપુર, પોરબંદર, ધ્રાંગધ્રા, ભાવનગર વગેરેનો સમાવેશ થાય છે. તથા દક્ષિણ ગુજરાતમાં વલસાડ, પારી, ઉધના, સુરતમાં રસાયણ ઉદ્યોગનો વિકાસ થયેલ જોવા મળે છે.

8.2.3 ફાર્માસ્યુટિકલ ઉદ્યોગો :

ગુજરાતમાં ફાર્માસ્યુટિકલ ઉદ્યોગનો વિકાસ સારા પ્રમાણમાં થયો છે. આ ઉદ્યોગ શરૂઆતના સમયમાં આયાતી માલ પર આધારિત હતો. આજે ફાર્માસ્યુટીકલ ઉદ્યોગ માટે પ્રયોગશાળાની સગવડતાવાળા પાંચ વિભાગો વડોદરામાં આવેલ કેન્દ્ર પાસે કાર્યરત છે. જેમાં ફાર્માસ્યુટિકલ વિભાગ ફાર્મેકોનોમિ વગેરેનો સમાવેશ થાય છે. વડોદરામાં આવેલ કેન્દ્રમાં દવા, વિટામીન, એન્ટી બાયોટિકસ વગેરેનું પરીક્ષણ કરવામાં આવે છે.

8.2.4 પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગ :

ભારતમાં સૌ પ્રથમ પેટ્રોકેમિકલ્સના મોટા ઉદ્યોગોની શરૂઆત ગુજરાતમાં થઈ છે. આ ઉદ્યોગ ગુજરાતમાં વડોદરાથી દક્ષિણ ગુજરાતના દરિયાકિનારા સુધી ઝડપથી વિકસી રહેલો જોવા મળે છે. વડોદરા નજીક ગુજરાતની સૌ પ્રથમ કોયલી રિફાઈનરી અને ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપનીની સ્થાપના કરવામાં આવી

પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગમાં પ્રત્યેક વિદેશી મૂડીરોકાણ મેળવવા માટેની પ્રક્રિયા વધુ

સરળ બનાવવામાં આવી છે. પેટ્રોરસાયણ વસાહતો સ્પેશિયલ રસાયણ ઉદ્યોગોને માટે તૈયાર કરવાની તથા તેના માટે જરૂરી માળખાકીય સુવિધાઓને વિકાસ કરી દેશ અને વિદેશના ઉદ્યોગ સાહસીકોને ઉદ્યોગના વિકાસની પણ સારી એવી તક રહેલી છે. આ ઉપરાંત પેટ્રોકેમિકલના ઉદ્યોગોના વિકાસના કારણે તેમાંથી ઘણી આડપેદાશો મેળવી શકાય છે.

ગુજરાતમાં રિલાયન્સ દ્વારા જામનગર જિલ્લામાં રિલાયન્સ રિફાઇનરી અને તેની સાથે જોડાયેલો પેટ્રોકેમિકલ્સ પ્લાન્ટ આવેલો છે. અહીં ક્રુડ ઓઇલનું શુદ્ધિકરણ કરવામાં આવે છે. આ રિફાઇનરી 33 મિલિયન ટન જેટલી વાર્ષિક ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત એસ્સાર કંપનીએ હાલમાં જામનગર પાસે વર્ષ 2006માં રિફાઇનરીની સ્થાપના કરી છે.

આમ ગુજરાતમાં પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગનો વિકાસ પણ સારો થયેલો છે.

### 8.2.5 એન્જિનિયરિંગ ઉદ્યોગ :

ગુજરાતમાં હાલ એન્જિનિયરિંગ ઉદ્યોગનો ઝડપથી વિકાસ થઇ રહયો છે. ગુજરાત પાસે પૂરતા પ્રમાણમાં લોખંડ અને કોલસો ન હોવા છતાં અન્ય રાજય પાસેથી એ પ્રાપ્ત કરીને પણ અહી નાની મોટી યંત્રસામગ્રી બનાવવાનો એન્જિનિયરિંગ ઉદ્યોગ વિકસ્યો છે. આ ઉદ્યોગમાં સ્ટીલપાઇપ, સ્ટીલટયુબ, ડિઝલ, એન્જિન, વીજળીથી ચાલતી મોટર, વીજળીથી ચાલતા પંપ, પાણીના મીટર, વાહનો અને તેના જુદા-જુદા ભાગો વગેરે અનેક ચીજવસ્તુઓનું ઉત્પાદન આ ઉદ્યોગ દ્વારા કરવામાં આવે છે. આ ઉદ્યોગનો વિકાસ લઘુ ઉદ્યોગ તરીકે વધુ પ્રમાણમાં થયેલો જોવા મળે છે, ગુજરાતમાં 12 હજાર કરતા પણ વધુ એકમો એન્જિનિયરિંગ ઉદ્યોગના સ્થપાયેલા છે. અમદાવાદ આ ઉદ્યોગનું સૌથી મોટુ કેન્દ્ર છે. ગુજરાતમાં કાપડ ઉદ્યોગનો સારો વિકાસનો સારો વિકાસ થયેલો હોવાથી, કાપડ ઉદ્યોગમાં વપરાતા મશીનનો ઉપયોગ આ ઉદ્યોગ માટે માંગનું સર્જન કરે છે. આમ આ ઉદ્યોગના વિકાસમાં કાપડ ઉદ્યોગ મદદરૂપ બને છે. અને અન્ય અનેક ઉદ્યોગોને એન્જિનિયરિંગ ઉદ્યોગ જરૂરી સાધનો પુરી પાડીને તેમને વિકસાવવામાં મદદરૂપ બને છે. સમગ્રભારતમાં મશીનટુલ્સનું ઉત્પાદન કરતાં જાહેરક્ષેત્રના 115 મોટા ઔદ્યોગિક એકમો આવેલા છે, જે પૈકી ૬ એકમો ગુજરાતમાં આવેલા છે, આજે ગુજરાતમાં કુલ 2500 કરતાપણ વધુ એકમો મશીન ટુલ્સનું ઉત્પાદન કરે છે.

ગુજરાતમાં વોટર હીટર જેવા વીજળીક સાધનોનું ઉત્પાદન સુરતમાં થાય છે. તથા ડિઝલ એન્જિનો બનાવતું રાજકોટ સમગ્ર દેશનું અગત્યનું કેન્દ્ર ગણાય છે. આ ઉપરાંત ગ્રાસ પાર્ટસના ઉદ્યોગોનો વિકાસ જામનગરમાં જોવા મળે છે.

ગુજરાતમાં એન્જિનિયરિંગ ઉદ્યોગના એક ભાગરૂપે ઇલેકટ્રોનિકસ ઉદ્યોગ એક મહત્વનો ઉદ્યોગ છે. જે મૂડીરોકાણ, ઉત્પાદન અને રોજગારી પુરી પાડતો મહત્વનો ઉદ્યોગ છે. ગુજરાત રાજય નિકાસ કંપની દ્વારા એન્જિનિયંરિંગ ઉદ્યોગની વિવિધ પેદાશો ના નિકાસ તરફ વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. જેથી આજે ગુજરાતમાંથી નાના પાયાના ઔદ્યોગિક એકમો દ્વારા બનાવવામાં આવતા મશીન, ટુલ્સ વિકસિત દેશો જેવા કે કેનેડા, જર્મની, ઓસ્ટ્રેલિયામાં નિકાસ થઇ રહી છે. ગુજરાતમાં હજુ સિરેમેક ઉદ્યોગની મશીનરી, ખેતીના ઓજારો, બિસ્કિટ બનાવવાની મશીનરી, પ્રિન્ટીંગ મશીનરી, પ્લાસ્ટિક પ્રોસેસિંગ મશીનરી, ઇલેકટ્રોનિકસ ઉદ્યોગની મશીનરી, સીવવાના સંચા બનાવવાના ઉદ્યોગો વગેરે માટે અનેક શકયતાઓ રહેલી છે.

8.2.6 રાસાયણિક ખાતરનો ઉદ્યોગ :

ખેતીએ વધુ ઉત્પાદન મેળવવા માટે રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવામાં આવે છે. ગુજરાતમાં રાસાયણિક ખાતર બનાવવાનો ઉદ્યોગ સારો વિકસ્યો છે.

રાસાયણિક ખાતર બનાવવાના મોટા કારખાના કંડલા, બાજવા, કલોલ,સિકકા તથા હજીરામાં આવેલા છે. ઇ.સ 1962માં ગુજરાત સ્ટેટ ફર્ટીલાઇઝ કંપનીની સ્થાપના સરકાર અને ખાનગી એમ સંયુકત સાહસથી કરવામાં આવી.

આ કારખાનામાં યુરિયા, એમોનિયા, ફોસ્ફોરિક એસિડ, એમોનિયમ ફોસ્ફેટ, સલ્ફુરિક એસિડ, એમોનિયન સલ્ફેટ, વગેરેનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરવામાં આવે છે.

ગુજરાતમાં ભારતીય ખેડ્રૂત સહકારી ખાતર ઉદ્યોગ મંડળી જેને ટૂંકા નામથી 'ઇફકો' તરીકે ઓળખવામાં આવે છે. તેનાં કારખાનાની સ્થાપના કંડલા અને કલોલમાં કરવામાં આવી છે. આ બંને કારખાના દ્વારા અંદાજે આઠ લાખ ટન રાસાયણિક ખાતરનું ઉત્પાદન કરવામાં આવે છે.

દક્ષિણ ગુજરાતમાં ભરૂચ પાસે ગુજરાત નર્મદાવેલી ફર્ટિલાઇઝ કંપની આવેલી છે. આ કારખાનાની ફયુલ ઓઇલ આધારિત વાર્ષિક 445500 ટન ક્ષમતાવાળો અમોનિયા પ્લાન્ટ તથા 5,94,000 ટનની ક્ષમતાવાળો યુરિયા પ્લાન્ટ છે. આમ ગુજરાતમાં રાસાયણિક ખાતરના ઉદ્યોગોનો વિકાસ સારા પ્રમાણમાં જોવા મળે છે.

8.2.7 સિમેન્ટ ઉદ્યોગ :

ગુજરાતમાં સિમેન્ટ ઉદ્યોગનો વિકાસ પણ વધુ પ્રમાણમાં થયેલો જોવા મળે છે. ગુજરાતમાં લગભગ 41 જેટલી સિમેન્ટનું ઉત્પાદન કરતી ફેકટરીઓ આવેલી છે. જે પૈકી આઠ મોટી ફેકટરીઓ છે, અત્યાર સિકકા, દ્વારકા, પોરબંદર, સિદ્ધિગ્રામ, રાણાવાવ, અંબુજાનગર, જાફરાબાદ તથા કોડિનારમા મોટી કંપનીઓ સ્થપાયેલી છે. આ ઉદ્યોગમાટે જરૂરી કાચામાલ દરિયાકિનારે પ્રાપ્ત થતો હોવાથી તેનો વિકાસ થયો છે.

દરિયાકિનારાના વિસ્તારોમાં થયેલો જોવા મળે છે. ઉત્પાદન થાય છે. પોરબંદરમાં એસોસિએટેડ સિમેન્ટની ફેકટરી સ્થાપાયેલી છે.

સિમેન્ટ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ દ્વારા ગીર સોમનાથના સિદ્ધગામમાં પોર્ટલેન્ડ સિમેન્ટના કારખાના આવેલા છે. વર્ષે ૧ મિલિયન ટન જેટલી ઉત્પાદન માટે જી.આઇ.સી દ્વારા ઇ.સ 1987માં પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી હતી. આ કારખાનામાં 1,09,934 ટન સિમેન્ટનું ઉત્પાદન થાય છે.

રાણાવાવમાં જે.એમ.થાનકી તથા સરકારના સહયોગ દ્વારા સફેદ સિમેન્ટનું ઉત્પાદન કરવા માટે ગુજરાત હિમાલય સિમેન્ટ કંપનીના નામે વર્ષ 1983માં કંપનીની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં દિવસના 150 ટન સફેદ સિમેન્ટનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે.

આમ, ગુજરાત સિમેન્ટ ઉદ્યોગનો સારો વિકાસ અને વિસ્તાર થયેલો જોવા મળે છે.

8.2.8 સિરેમિક ઉદ્યોગ :

ગુજરાતમાં ઇ.સ 1912માં સૌ પ્રથમ સિરેમિક ઉદ્યોગની શરુઆત થઇ હતી. ત્યારબાદ મોરબીમાં વર્ષ 1919માં પરશુરામ પોર્ટરીઝ સ્થાપના થઇ ત્યારબાદ આ

ઉદ્યોગનો વિકાસ ગુજરાતમાં થયો. થાનગઢમાં ઇ.સ 1924માં સેનટરી વેર્સનું એકમ શરૂ થયુ. ત્યારબાદ શિહોર, ધાંગધ્રા, ભાવનગર, બિલિમોરા, વડોદરા, વીજાપુર, સંતરોડ, વલ્લભવિધાનગર વગેરે સ્થળોએ આ ઉદ્યોગના એકમોની સ્થાપના થઇ. આજે ગુજરાત આ ઉદ્યોગોના 730 એકમો આવેલા છે. જે પૈકી 99 ટકા એકમો લઘુઉદ્યોગ તરીકે કાર્યરત છે. જેનાં મેંગરોબી પિયા, ગ્લેઝદ ટાઇલ્સ, મોઝેક ટાઇલ્સ, કોટેલ કકરી, વગેરેનું ઉત્પાદન થાય છે. આ ઉપરાંત સેનટરી વેર્સ, ઇન્યુલેટર્સ, રિફકટરી ઇલેકટ્રિકલ સિરેમિક કેપેમીટર્સ, ટાન્સફોર્મર વગેરેનું ઉત્પાદન કરવામાં આવે છે.

આમ ગુજરાતમાં સિરેમિક ઉદ્યોગોનો વિકાસ સારા પ્રમાણમાં જોવા મળે છે.

### 8.2.9 ખાંડઉદ્યોગ :

ગુજરાતની ખેતીક્ષેત્ર સમૃદ્ધ હોવાથી અહી ખેતી આધારિત અનેક ખેતઆધારિત ઉદ્યોગોનો વિકાસ થયો છે. જે પૈકી ખાંડ ઉદ્યોગ ખુબજ અગત્યનો ઉદ્યોગ છે. ગુજરાતમાં હાલમાં 25 જેટલી ખાંડની ફેકટરીઓ સહકારીક્ષેત્રે કાર્યરત જોવા મળે છે. ગુજરાતમાં બારડોલી ખાતે ઇ.સ 1956-57માં સૌ પ્રથમ ખાંડનું કારખાનું સ્થાપવામાં આવ્યું હતુ.

ગુજરાત કાપડ ઉદ્યોગ બાદ રોજગારી આપવામાં ખાંડ ઉદ્યોગ બીજા સ્થાને આવે છે. ગુજરાતમાં વર્ષ 2012-13માં 22.16 લાખ કિવન્ટલ જેટલુ ખાંડનું ઉત્પાદન થયુ હતુ. આમ ગુજરાતમાં ખાંડ ઉદ્યોગ સારો વિકસ્યો છે.

### 8.2.10 ઘડિયાળ ઉદ્યોગ :

ગુજરાતમાં મોરબી ઘડિયાળ ઉદ્યોગ સારો વિકસ્યો છે. ઘડિયાળ ઉદ્યોગ માટે મોરબી દેશ અને દુનિયામાં જાણીતુ છે. લગભગ 50 વર્ષ પહેલા ઘડિયાળ ઉદ્યોગનો પાયો મોરબીમાં નંખાયો હતો. તે દરમ્યાન સૌ પ્રથમ એશિયન કલોક નામે ચાવીવાળા ઘડિયાળો બનાવવાનું શરૂ થયું હતુ. ત્યારબાદ સાયન્ટિક કલોક ચાવીવાળા ઘડિયાળો બનાવવાનું શરૂ કર્યુ.

વર્ષ 1985 થી 1991 ના સમયગાળા દરમિયાન મોરબીમાં દિવાલ ઘડિયાળ બનાવવાના અનેક એકમો શરૂ થયા હતા. આજે ઘડિયાળનું ઉત્પાદન 126 જેટલા એકમો મોરબીમાં આવેલા છે. સમગ્ર દેશના કુલ બનતાં ઘડિયાળોના 85 ટકા ઘડિયાળ મોરબીમાં બને છે.

આમ, ગુજરાતમાં ઘડિયાળ ઉદ્યોગનો ખુબ સારા પ્રમાણમાં વિકાસ થયેલો જોવા મળે છે.

### 8.2.11 જહાજો બાંધવાનો અને જહાજો ભાંગવાનો ઉદ્યોગ :

આજે ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય વેપાર વધતો જતો હોવાથી જહાજોની માંગ વધતી જાય છે. તેથી જહાજો બાંધવાનો અને જહાજો ભાંગવાનો ઉદ્યોગ ખુબજ અગત્યનો છે. આ ઉદ્યોગ ગુજરાતમાં ઝડપથી વિકાસ પામી રહયો છે.

હાલ ગુજરાતમાં 10 જહાજવાડા આવેલા છે. જેની 1.11 મિલિયન ડેડવેઇટ ટન (DWT) જેટલી ક્ષમતા છે.

ગુજરાતમાં અલંગ તથા સચાણમાં જહાજો ભાંગવાનો ઉદ્યોગ વિકસેલો જોવા મળે છે. દેશના કુલ જહાજ ભાંગવાનો ઉદ્યોગોમાં ગુજરાતનો હિસ્સો 90 ટકા જેટલો છે. જહાજો ભાંગવા માટેના ઉદ્યોગોના વિકાસ માટેની અનુકુળતાઓ અલંગ બંદર

પર સારી હોવાથી અહી આ ઉદ્યોગ સારી રીતે વિકસ્યો છે. ઇ.સ 1982માં અલંગ યાર્ડની શરૂઆત થઇ ત્યારથી સતત વિકાસ સાધી રહયુ છે.

વિશ્વનું સૌથી મોટુ ‘શીપબ્રેકિંગ યાર્ડ’ અલંગનું છે, આમ ગુજરાત જહાજો ભાંગવાનો તથા જહાજો બનાવવાનો વિકાસ સારો થયેલો જોવા મળે છે.

## 8.3 સ્થાનીયકરણ

સ્થાનીયકરણનો શબ્દનો અર્થ એવો થાય કે કોઇ એક ઉદ્યોગનો વિકાસ કોઇ એક સ્થળે કેન્દ્રીત થાય છે. તેને સ્સ્થાનીયકરણ કહે છે.

સ્થાનીયકરણ એટલે કે ઉદ્યોગના સ્થાનની સ્થળપસંદગી, અમુક ચોકકસ ઉદ્યોગ કોઇ અમુક ચોકકસ વિસ્તારમાં ઉદ્યોગનું સ્થાનિકરણ થયું છે. એમ કહેવાય.

ઔદ્યોગિક સ્થાનીયકરણનાં સંદર્ભમાં ગુજરાતની સ્થિતિ તપાસવામાં આવે તો ગુજરાતમાં મોટે ભાગે ઔદ્યોગિક સ્થાનીયકરણ મોટા શહેરો તરફ થયેલું જોવા મળે છે. તેનું કારણ ઔદ્યોગિક વિકાસ માટે જરૂરી માળખાગત સુવિધાઓ તથા સરકારની પ્રોત્સાહક નીતિ છે.

ગુજરાતમાં અમદાવાદ, વડોદરા,સુરત, રાજકોટ, જામનગર અને વાપી જેવા શહેરી વિસ્તારોમાં ઉદ્યોગનું સ્થાનીયકરણ થયેલું જોવા મળે છે. ગુજરાત રાજયનો ઔદ્યોગિક વિકાસ માટેનો પાયો વિસ્તૃત અને વૈવિધ્યપૂર્ણ જોવા મળે છે.

આઝાદી પહેલા ગુજરાતમાં ઉદ્યોગોનો વિકાસ પ્રમાણમાં કેટલાક વિસ્તારો પૂરતો મર્યાદિત હતો. પણ આજે સમગ્ર ગુજરાતમાં ઉદ્યોગોનો વિસ્તાર થઇ રહયો છે,તેમ છતાં પણ ગુજરાતમાં ઉદ્યોગોનું વિતરણ કેટલાક પ્રદેશો પૂરતું જ મર્યાદિત જોવા મળે છે.

ગુજરાતમાં ઉદ્યોગોની વહેંચણીની પદ્ધતિને તપાસવામાં આવે તો, ઉદ્યોગોનું સ્થાનીયકરણ કેટલાક પ્રદેશોમાં જ થયેલુ જોવા મળે છે. મોટા પાયાના ઉદ્યોગોના સંદર્ભમાં આ બાબત વધુ જોવા મળે છે. જેમ કે ગુજરાતની 20 ટકા જેટલી ઔદ્યોગિક એકમો અમદાવાદનમાં આવેલા છે. જેમાં ગુજરાતના કુલ ઔદ્યોગિક કામદારોના 50 ટકા કામદારોને રોજગારી પ્રાપ્ત થાય છે. ગુજરાતમાં મુખ્યત્વે અમદાવાદ, વડોદરા, સુરત, ખેડા, વલસાડ, અંકલેશ્વર, હજીરા તથા વાપી જેવા ઔદ્યોગિક કેન્દ્રની આસપાસ ઉદ્યોગોનું કેન્દ્રીકરણ થયેલ જોવા મળે છે. આ બધા કેન્દ્રો મળીને એક ઔદ્યોગિક પટ્ટાનું નિર્માણ થયેલું જોવા મળે છે. એક લાંબી ઔદ્યોગિક પટ્ટી જોવા મળે છે. જે ખુબ અગત્યનો ઔદ્યોગિક પટ્ટો છે. આ પછી બીજો તેનાથી ઓછો અગત્યનો પટ્ટો ભાવનગર, રાજકોટ, સુરેન્દ્રનગર તથા જામનગર વગેરે જિલ્લાઓમાં જોવા મળે છે. ગુજરાતના આ મહત્વપૂર્ણ વિસ્તારોમાંથી ગુજરાતમાં ૭૫ ટકા ઔદ્યોગિક કામદારોને રોજગારી પૂરી પાડે છે. સુરતમાં પરંપરાગત રીતે ચાલ્યા આવતા કુટિર ઉદ્યોગ તથા લઘુ ઉદ્યોગોનો વધુ વિકાસ થયેલો જોવા મળે છે. સુરતમાં આશરે 20 ટકા કામદારો લઘુ ઉદ્યોગોમાંથી રોજગારી મેળવે છે. ગુજરાતના આશરે 24 ટકા લઘુઉદ્યોગોના એકમો અમદાવાદ જિલ્લામાં છે. જે સમગ્ર રાજયમાં પ્રથમ સ્થાને છે. જયારે વડોદરામાં લઘુ તેમજ મોટાપાયાના ઉદ્યોગોની લગભગ એક સમાન વિકાસ થયેલો જોવા મળે છે. સુરતની જેમ જ ખેડા તથા આણંદમાં મોટા ઉદ્યોગોની તુલનાએ લઘુ ઉદ્યોગોનો વિકાસ મોટા પ્રમાણમાં થયેલો જોવા મળે છે. જયારે સૌરાષ્ટ્ર પ્રદેશમાં ઉદ્યોગોનો વિકાસ મધ્યમ જોવા મળે છે. ઔદ્યોગિક વિકાસની દ્રષ્ટિએ અમદાવાદ, આણંદ, ખેડા, સુરત, વડોદરા વગેરે વધુ વિકસિત જોવા મળે છે. જયારે ડાંગ, ગાંધીનગર, બનાસકાંઠા,

અમરેલી ,પંચમહાલ, દાહોદ, કચ્છ, મહેસાણા, પાટણ તથા જામનગર જિલ્લઓમાં ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયા પ્રમાણમાં મંદ જોવા મળે છે. આમ, ગુજરાત ઉદ્યોગોનું અમુક વિસ્તારોના સ્થાનીયકરણ થવાથી ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયામાં જુદા-જુદા પ્રદેશોમાં અસમાન જોવા મળે છે.

ગુજરાતમાં ઉદ્યોગોનાં સ્થાનીયકરણને અસર કરતાં પરિબળોઃ

પરંપરાગત રીતે જ્યારે સ્થાનીયકરણ વિશે ચર્ચા કરવામાં આવે છે ત્યારે જે તે પ્રદેશમાં ભૌગોલિક ઉદ્યોગ એકમની સ્થાપના અને તે પ્રદેશમાં ઔદ્યોગિક એકમોની સંખ્યા જેવી બાબતોના સંદર્ભમાં ચર્ચા કરવામાં આવે છે. તે સાથે અહીં એક અન્ય રીતે પણ સ્થાનીયકરણ અંગેની ચર્ચા કરી શકાય. જેમાં ગુજરાતમાં કયા પ્રકારના ઉદ્યોગોની સ્થાપના થઈ છે એટલે કે કઈકઈ વસ્તુનું ઉત્પાદન કરતા ઉદ્યોગોની સ્થાપના થઈ છે તે સંદર્ભમાં પણ વિચારી શકાય.

જે રીતે ગુજરાતમાં વર્ષ ૧૯૮૫ સુધી મુખ્યત્વે અમદવાદ, મહેસાણા, સુરત, વડોદરા, વાપીના વિસ્તારોમાં જ ઉદ્યોગોનો વિકાસ થયો હતો તે રીતે આ ઉદ્યોગો ટેક્સટાઇલ, રસાયણો, ખનિજ આધારિત ઉદ્યોગો, પ્રેટોકેમિકલ્સ, જંગલ પેદશો તથા ચામડાંનાં ઉત્પાદનો સુધી સીમિત હતા. આમ, ભૌગોલિક તેમજ ઉત્પાદન વૈવિધ્યની દ્રષ્ટિએ ગુજરાતનો પાયો સાંકડો હતો. ગુજરાતની ઓળખ ઔદ્યોગિક રાજ્ય તરીકેની હોવા છતાં ગુજરાતના બધા પ્રદેશોમાં ઉદ્યોગોનો વિકાસ થયો ન હતો તેમજ વસ્તુ વૈવિધ્ય પણ ન હતુ.

તે પછી ગુજરાત સરકારની વિકાસાભિમુખ ઔદ્યોગિક નીતિએ ઔદ્યોગિક એકમોની સ્થાપના બાબતે ભૌગોલિક પાયો વિસ્રુત કર્યો તથા ઉત્પાદનમાં પણ વૈવિધ્ય આવ્યું.

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસના હેતુથી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ એક્ટ, 1962 હેઠળ GIDC ની રચના કરવામાં આવી. Gujrat Industrial Development Corporation એટલે કે GIDC નું કાર્ય ઔદ્યોગિક વિસ્તાર ઓળખીને ઔદ્યોગિક વિકાસ માટેનું આધારમાળખું ઊભું કરવાનું છે.

વર્તમાનમાં (વર્ષ ૨૦૨૦) ગુજરાતમાં કુલ ૨૦૨ GIDC એસ્ટેટ છે, જેમાંથી ૧૯૦ કાર્યરત છે તથા ૧૨ વિકાસની પ્રકિયા હેઠળ છે.

Geographical Distribution of GIDC Estate (સંખ્યા)

| વિસ્તાર | સંખ્યા |
|---|---|
| કચ્છ, સૌરાષ્ટ | 72 |
| મધ્ય ગુજરાત | 54 |
| અમદાવાદ અને ઉત્તર ગુજરાત | 51 |
| દક્ષિણ ગુજરાત | 25 |

source:gidc.gujarat.gov.in

ગુજરાત સરકારના પ્રયત્નોથી કચ્છ,સૌરાષ્ટ, મધ્ય ગુજરાત જેવાં વિસ્તારોમાં પણ ઉદ્યોગોની સ્થાપના થઈ છે. આ વિસ્તારોમાં પરંપરાગત ઉત્પાદનો ઉપરાંત ફૂડ પ્રોસેસિંગ, ધાતુ આધારિત ઉદ્યોગોનો પણ વિકાસ થયો છે.

આમ, ગુજરાતમાં ઉદ્યોગોનું જે રીતે સ્થાનીયકરણ થયું છે તે જોતાં સ્થાનીયકરણને અસર કરતાં પરિબળો નીચે પ્રમાણે નોંધી શકાયઃ

1. રાજ્ય સરકારની વિકાસ અભિમુખનીતિ અને આધારમાળખાનો વિકાસ

2. કુદરતી સંપત્તિ અને ખનિજોની ઉપલબ્ધિનાં સ્થળે સ્થપાયેલા સિમેન્ટ તથા ઓઇલ રિફાઇનરી જેવા ઉદ્યોગો

3. ઉદ્યોગ સાહસિકોના વતન પ્રેમને આધારે સ્થપાયેલા ઉદ્યોગો જેમાં ટેક્સટાઈલ (કાપડ), રસાયણો વગેરે જેવા ઉદ્યોગોને લઈ શકાય.

આમ, ગુજરાતમાં ઉદ્યોગોનું સ્થાનીયકરણ કોઈ એક કારણાથી નહિ પરંતુ કુદરતી, સામાજિક તેમજ રાજકીય જેવાં અનેક કારણોથી અસર પામ્યું છે તેમ કહી શકાય.

## 8.4 ઔદ્યોગિક ઉત્પાદન

કોઈપણ દેશ કે પ્રદેશના આર્થિક વિકાસનો આધાર તેના ઘરગથ્થુ ઉત્પાદન પર રહેલો હોય છે. રાજયના ઘરગથ્થુ ઉત્પાદનમાં ત્રણક્ષેત્રનો ફાળો હોય છે. આ ત્રણ ક્ષેત્રો પૈકી કયા ક્ષેત્રનો ફાળો વધુ છે. તે જાણવું રાજયના આર્થિક વિકાસ માટે અગત્યનું છે. જો રાજયમાં અન્યક્ષેત્રોની તુલનાએ ઔદ્યોગિકક્ષેત્રનો હિસ્સો વધતો હોય તો તે રાજય આર્થિક પ્રગતિ કરી રહયું છે તે રાજયનાં આર્થિક વિકાસનો નિર્દેશ કરે છે. આ સંદર્ભમાં ગુજરાતની વાત કરવામાં આવે તો ગુજરાતના કુલ ઘરગથ્થુ ઉત્પાદનમાં ઉદ્યોગક્ષેત્રનો હિસ્સો વધતો જાય છે. જે ગુજરાતી આર્થિક પ્રગતિ દર્શાવે છે. સમગ્ર ભારતમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો 16.8 ટકા છે. આપણે અહી ગુજરાતમાં ઔદ્યોગિક ઉત્પાદનના વલણોનો અભ્યાસ કરીશુ.

ઔદ્યોગિક ઉત્પાદન મૂલ્યના વલણો

| વર્ષ | ઉત્પાદન ( રૂા. કરોડ) |
|---:|---:|
| 1960-61 | 3668 |
| 1970-71 | 1137 |
| 1980-81 | 7160 |
| 1990-91 | 27593 |
| 1992-93 | 41429 |
| 1993-94 | 46904 |
| 1994-95 | 62039 |
| 1995-96 | 84808 |
| 1996-97 | 87229 |
| 1997-98 | 110899 |
| 1998-99 | 113191 |
| 1999-00 | 118551 |
| 2000-01 | 127977 |
| 2001-02 | 147550 |
| 2002-03 | 182700 |
| 2003-04 | 207334 |
| 2004-05 | 260749 |
| 2005-06 | 307955 |
| 2006-07 | 372581 |
| 2007-08 | 448243 |
| 2008-09 | 508088 |
| 2009-10 | 642658 |
| 2010-11 | 806784 |
| 2011-12 | 998413 |
| 2012-13 | 1116395 |
| 2013-14 | 1230642 |

ઉપરોકત કોષ્ટકમાં ગુજરાત રાજયમાં વર્ષ 1960-61 થી 2013-14સુધી ઔકોગિક ઉત્પાદનનું મૂલ્ય રૂા. કરોડમાં દર્શાવવામાં આવ્યું છે. જે જોતા જણાય છે કે ગુજરાતમાં વર્ષ 1960-61 થી 2013-14 સતત ઔદ્યોગિક ઉત્પાદન મૂલ્યમાં વધારો થયેલો જોવા મળે છે. જે ગુજરાતમાં ઔદ્યોગિક પ્રગતિ દર્શાવે છે.

## 8.5 સારાંશ

કોઈપણ દેશ કે પ્રદેશના ઘરગથ્થુ ઉત્પાદનમાં ઉત્પાદનના અન્યક્ષેત્રોની સરખામણીમાં જયારે ઉદ્યોગક્ષેત્રનો હિસ્સો વધતો હોય તો કહી શકીએ કે તે દેશ કે પ્રદેશમાં ઔદ્યોગિકરણ થઈ રહયું છે. આમ કુલ ઘરગથ્થૂં ઉત્પાદનમાં ઉદ્યોગોનો હિસ્સો તે આર્થિક વિકાસનો નિર્દેશ કરે છે. પ્રસ્તુત એકમમાં આપણે ગુજરાતના કેટલાક ચાવીરૂપ ઉદ્યોગોની ચર્ચા કરી જે ગુજરાતના ઔદ્યોગિકક્ષેત્રના વિકાસમાં મહત્વનું સ્થાન ધરાવે છે. તથા આપણે જાણ્યુ કે, ગુજરાતમાં અમુક વિસ્તારોમાં જ ઉદ્યોગોનું સ્થાનીયકરણ થયેલું જોવા મળે છે. તેથી ગુજરાતનાં જુદા-જુદા પ્રદેશો વચ્ચે ઔદ્યોગિક વિકાસમાં અસમાનતા જોવા મળે છે. તથા આપણે ગુજરાતના 1960-61 થી 2013-14 સુધીના ઔદ્યોગિક ઉત્પાદનના વલણોનો પણ અહી અભ્યાસ કર્યો તે જોતા જણાય છે કે ગુજરાતમાં ઔદ્યોગિક ઉત્પાદનના મૂલ્યમાં સતત વધારો થતો જોવા મળે છે. જે દર્શાવે છે કે ગુજરાતમાં ઔદ્યોગિક પ્રગતિ થઈ રહી છે.

## 8.6 તમારી પ્રગતિ ચકાસો

(ક) નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારથી લખો.

(1) ગુજરાતમાં ઉદ્યોગોના વિકાસનું વર્ણન કરો

(2) ગુજરાતમાં ઉદ્યોગોના સ્થાનીયકરણ વિશે ચર્ચા કરો

(ખ) નીચેના વિષયો પર ટૂંકનોંધ લખો.

(1) ગુજરાતમાં ઉદ્યોગોનુ ભૌગોલિક સ્થાનીયકરણ

(2) ગુજરાતમાં ઔદ્યોગિક ઉત્પાદનનું વૈવિધ્ય

1. ભારતનો સૌથી જુનો ઉદ્યોગ કયો છે ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. દેશા કુલ મીઠાના ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો કેટલો છે ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. ગુજરાતમાં વર્ષ 2006માં રસાયણ ઉદ્યોગના ચાલુ કારખાનાઓની સંખ્યા કેટલી હતી ?

..............................................................
..............................................................
..............................................................
..............................................................

4. ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કંપનીની સ્થાપના કયારે થઇ હતી ?

..............................................................
..............................................................
..............................................................
..............................................................

5. ગુજરાતમાં સિરેમિક ઉદ્યોગની શરૂઆત કયારે થઇ હતી ?

..............................................................
..............................................................
..............................................................
..............................................................

6. ગુજરાતમાં કાપડ ઉદ્યોગ બાદ કયો ઉદ્યોગ સૌથી વધુ રોજગારી આપે છે?

..............................................................
..............................................................
..............................................................
..............................................................

7. ગુજરાતનું કયુ શહેર ડિઝલ એન્જિનો બનાવવા માટે સમગ્ર દેશનું અગત્યનું કેન્દ્ર છે ?

..............................................................
..............................................................
..............................................................
..............................................................

8. ઔદ્યોગિક સ્થાનીયકરણ એટલે શુ?

..............................................................
..............................................................
..............................................................

..............................................................

9. ગુજરાતમાં ઉદ્યોગનું સ્થાનીયકરણ મોટા ભાગે કયા થયેલું જોવા મળે છે ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

10. દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો કેટલો છે ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 8.7 ચાવીરૂપ શબ્દો

1. ઉદ્યોગો : એકજ પ્રકારની ચીજવસ્તુ કે સેવાઓનું ઉત્પાદન કરતી પેઢીઓના સમૂહને ઉદ્યોગ કહે છે.

2. ઔદ્યોગિક સ્થાનીયકરણ : ઔદ્યોગિક સ્થાનિયકરણ એટલે કે ઉદ્યોગોની સ્થાપવાની સ્થળ પસંદગી, અમુક ચોકકસ ઉદ્યોગો કોઇ અમુક ચોકકસ વિસ્તારોમાં સ્થપાય છે. અને વિકસે છે. આથી તે વિસ્તારમાં ઉદ્યોગોનું સ્થાનિયકરણ થયુ છે તેમ કહેવાય.

3. આર્થિક વિકાસ : ઉત્પાદન, આવક અને રોજગારીમાં વધારો તથા ટેકનોલોજીમાં આવતા પરિવર્તનો એટલે આર્થિક વિકાસ આર્થિક વિકાસ ગુણાત્મક પાસાઓનું સૂચન કરે છે.

4. ઉત્પાદન : વિશેષ આવક પ્રાપ્તિની અપેક્ષાથી ચીજવસ્તુ કે સેવાનું કુદરતી સર્જન, સ્વરૂપ પરિવર્તન, સ્થળાંતર કે પેકેજીંગમાં પરિવર્તન કરીને તૃષ્ટિગુણનું સર્જન કરવાની પ્રક્રિયાને ઉત્પાદન કહે છે.

5. ઘરગથ્થુ ઉત્પાદન : એક વર્ષના સમયગાળા દરમિયાન દેશની અંદર ઉત્પાદિત થયેલ ચીજવસ્તુઓ અને સેવાઓનું કુલ નાણાંકીય મૂલ્ય એટલે ઘરગથ્થુ ઉત્પાદન

6. જાહેરક્ષેત્ર : ચીજવસ્તુઓ તથા સેવાઓના ઉત્પાદનના એવા એકમોનો સમુહ કે જેની માલિકી સમગ્ર સમાજની હોય અને તેનું સંચાલન સરકાર દ્વારા થતું હોય તેને જારેક્ષેત્ર કહે છે.

7. ચાવીરૂપ ઉદ્યોગો : એવા ઉદ્યોગો કે જે અન્ય અનેક ઉદ્યોગોના વિકાસ માટે મહત્વનું યોગદાન પુરું પાડતા હોય તેવા ઉદ્યોગોને ચાવીરૂપ ઉદ્યોગો તરીકે ઓળખવામાં આવે છે.

8. ઉદ્યોગક્ષેત્ર : ઉદ્યોગક્ષેત્ર ઉત્પાદનના ત્રણક્ષેત્રો પૈકીનું ક્ષેત્ર છે. જેમાં ખેતી સિવાયની વસ્તુના ઉત્પાદન કાર્ય જેમકે મેન્યુફેકચરિંગ વીજળી, બાંધકામ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

## 8.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો અને સંદર્ભ વાચન


1. ડૉ મંજુલાબેન બી.દવે-ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
2. ગીતા ચૌધરી –ગુજરાતના આર્થિક વિકાસમાં નાના ઉદ્યોગોનો ફાળો-આદર્શ સાહિત્ય સદન
3. સામાજિક-આર્થિક સમીક્ષા 2018-19 ગુજરાત રાજ્ય
4. The Rupal Economy of Gujarat Issue Magical Bhagawanji Desai
5. Various Websites of Governemtn of Gujarat
6. Gujarat Infrastructure Development Board
7. Planning Commission and websites
8. Government of Gujarat Ministry of Agriculture and Industry
9. Ministry of commerce and Industry websites
10. gidc.gujarat.gov.in/GIDC_At_A_Glance_Key_Indicators.html
11. ડૉ મંજુલાબેન બી.દવે ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ નવમી આવૃતિ 2016- યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય
12. ગીતા ચૌધરી ગુજરાતના આર્થિક વિકાસમાં નાના પાયાના ઉદ્યોગોનો ફાળો પ્રથમ આવૃતિ-2011 આદર્શ સાહિત્ય સદન
13. Planning commission and SC websites
14. ASI-2016-17 મધ્યસ્થ આંકડાકીય કાર્યક્ષેત્ર, કોલકત્તા
15. રામ વારોતરિયા, અર્થશાસ્ત્રની એ.બી.સી.ડી 2009
16. ડૉ. નરેશ સી.પટેલ અર્થશાસ્ત્રના પારિભાષિક ખ્યાલો પ્રથમ આવૃતિ-2011 પાર્શ્વ પબ્લિકેશન
17. ડૉ. હરજીવન સુથાર ‘ ઔદ્યોગિક અર્થશાસ્ત્ર બીજી આવૃતિ -1995 યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય’


## 8.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. ભારતનો સૌથી જુનો ઉદ્યોગ કાપડ ઉદ્યોગ છે.
2. દેશના કુલ મીઠાના ઉત્પાદનમાં હિસ્સો 60 ટકા જેટલો છે.
3. ગુજરાતમાં વર્ષ 2006માં રસાયણ ઉદ્યોગના ચાલુ કારખાનાઓની સંખ્યા 3720 હતી.
4. ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈજર્સ કંપનીની સ્થાપના વર્ષ 1962માં થઇ હતી.
5. ગુજરાતમાં સિરેમિક ઉદ્યોગની શરૂઆત વર્ષ 1912માં થઇ હતી.
6. ગુજરાતમાં કાપડઉદ્યોગ બાદ ખાંડ ઉદ્યોગ સૌથી વધુ રોજગારી આપે છે.
7. ગુજરાતમાં રાજકોટ શહેર ડિઝલ એન્જિનો બનાવવા માટે દેશનું અગત્યનું કેન્દ્ર છે.

8. સ્થાનિયકરણ એકટલે કે ઉદ્યોગોની સ્થાપવાની સ્થળપસંદગી, અમુક ચોકકસ ઉદ્યોગો કોઈ અમુક ચોકકસ વિસ્તારોમાં સ્થપાય છે. અને વિકસે છે. આથી તે વિસ્તારમાં ઉદ્યોગોનું સ્થાનિયકરણ થયુ છે. તેમ કહેવાય.
9. ગુજરાતમાં ઉદ્યોગોનું સ્થાનીયકરણ મોટા ભાગે મોટા શહેરો તરફ થયેલુ જોવા મળે છે.
10. દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો 16.8 ટકા છે.

# એકમ 9

# ઔદ્યોગિક વિકાસ અને યોજનાઓ

## રૂપરેખા

9.0 ઉદેશો
9.1 પ્રસ્તાવના
9.2 ઔદ્યોગિક વિકાસની તકો
9.3 ઔદ્યોગિક વિકાસના અવરોધો
9.4 ઔદ્યોગિક વિકાસ
9.5 સહાયક નીતિઓ
9.6 સારાંશ
9.7 ચાવીરૂપ શબ્દો
9.8 તમારી પ્રગતિ ચકાસો
9.9 કેટલાક ઉપયોગી પુસ્તકો
9.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
9.11 સંદર્ભ

## 9.0 ઉદેશો

પ્રસ્તુત એકમના અભ્યાસ પછી આપણે જાણી શકીએ કે,

- ગુજરાતની ઔદ્યોગિક વિકાસ માટે કેવી તકો રહેલી છે.
- ગુજરાતના ઔદ્યોગિક માટે અવરોધક પરિબળો કયા છે?
- ગુજરાતના ઔદોગિક વિકાસને ગતિ આપવા માટે કઇ કઇ નીતિઓ અમલમા છે ?
- ગુજરાતરમાં એકંદરે આર્થિક વિકાસની પ્રક્રીયા કેવી છે?

## 9.1 પ્રસ્તાવના

કોઇપણ પ્રદેશનાં આર્થિક વિકાસ માટે ઔદ્યોગિક વિકાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઔદ્યોગિક વિકાસ કરવા માટે ઉદ્યોગ ક્ષેત્રે મૂડીરોકાણ થાય તે જરુરી છે. આ માટે સરકાર દ્વારા ઔદ્યોગિક ક્ષેત્રે રોકાણકારોને રોકાણ કરવા માટે આકર્ષવા તથા ઔદ્યોગિક ક્ષેત્રે કામ કરતાં કામદારો માટે કેટલીક પ્રોત્સાહક યોજનાઓ કે નીતિઓનું ઘડતર કરવું જરુરી છે. ગુજરાત રાજયમાં આ અંગે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા છે. પ્રસ્તુત પ્રકરણમાં ઔદ્યોગિક વિકાસ માટેની સહાયક નીતિઓ, ગુજરાતમાં ઔદ્યોગિક

વિકાસની પ્રક્રિયા તથા ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટે જરુરી તકો અને તેનાં અવરોધક પરીબળો વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

## 9.2 ઔદ્યોગિક વિકાસની તકો

કોઈપણ પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ માટેની તકો કેટલી છે, તે સરકારની ઔદ્યોગિક નીતિ, કાચા માલની ઉપલબ્ધતા, ધિરાણની સગવડ, ટેકનોલોજીકલ વિકાસ, યોગ્ય સંચાલન શકિત, કુશળ શ્રમદળ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર તથા યોગ્ય વહેંચાણ વ્યવસ્થા વગેરે પર હોય છે.

હવે, આ તમામ પરિબળોને ગુજરાતના સંદર્ભમાં તપાસવામાં આવે તો ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટેની તકો કેવી છે. તેનો ખ્યાલ આવી શકે છે. આજે ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટેની અનેક અનુકુળતાઓ રહેલી છે. જેથી અહીં અનેકવિધ ઉદ્યોગોનો વિકાસ સારો થયેલો જોવા મળે છે.

### 9.2.1 કાચા માલની ઉપલબ્ધતાના સંદર્ભે રહેલી તકો :

કોઈપણ ઉદ્યોગોના વિકાસ માટે જરુરી કાચો માલ સ્થાનિક વિસ્તારમાંથી પ્રાપ્ત થતો હોય તો જે તે ઉદ્યોગોના વિકાસ માટે અનુકુળ બહે છે. ગુજરાતમાં ખેતી ક્ષેત્રે કપાસનું ઉત્પાદન સારુ થાય છે. સમગ્ર દેશમાં ગુજરાત કપાસના ઉત્પાદનમાં પ્રથમ સ્થાન ધરાવે છે. તેથી ગુજરાત દેશનાં કુલ કાપડનાં ઉત્પાદનમાં ૩૨% હિસ્સો ધરાવે છે. આમ અહીં કાપડ ઉદ્યોગ માટે કાચા માલની ઉપલબ્ધતા સારી હોવાથી કાપડ ઉદ્યોગનાં વિકાસ અને વિસ્તાર માટે એક સારી અનુકુળતા રહેલી છે.

આ ઉપરાંત ગુજરાત મગફળીનો ઉત્પાદનમાં સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. ભારતનાં કુલ મગફળીના ઉત્પાદનમાં 37% હિસ્સો ગુજરાતનો છે. તેથી અહીં મગફળીનાં પિલાણ અને તેલનો ઉદ્યોગનો સારો વિકાસ થયો છે. આમ, આ ઉદ્યોગ માટે કાચો માલ સરળતાથી પ્રાપ્ત થતો હોવાથી હજુ પણ સારી તકો રહેલ છે.

ગુજરાતમાં શેરડીનું વાવેતર સારા પ્રમાણમાં થાય છે. સમગ્ર દેશમાં શેરડીના ઉત્પાદનમાં ગુજરાત છઠ્ઠું સ્થાન ધરાવે છે. તેથી અહીં ખાંડ ઉદ્યોગનો વિકાસ સારો થયો છે. ગુજરાતમાં ખાંડ બનાવવાના ૨૭ કારખાના આવેલા છે. તથા ખાંડસરીની 70 જેટલી ફેકટરીઓ આવેલી છે. આમ, ગુજરાતમાં ખાંડ ઉદ્યોગ માટે કાચા માલની ઉપલબ્ધતા સારી હોવાના કારણો ગુજરાતમાં ખાંડ ઉદ્યોગના વિકાસ અને વિસ્તાર માટે સારી તકો રહેલી છે.

તમાકુના વાવેતર અને ઉત્પાદન માટે ચરોતર પ્રદેશ જાણીતો છે. આમ, અહીં તમાકુ સરળતાથી પ્રાપ્ત થતી હોવાથી બીડી અને છીકણી ઉદ્યોગોનો વિકાસ વધુ જોવા મળે છે. અને હજુ પણ આ ઉદ્યોગોનો વિકાસ વધુ જોવા મળે છે. અને હજુ પણ આ ઉદ્યોગોના વિકાસમાં સારી તકો રહેલી છે.

ગુજરાતમાં ડાંગરનુ વાવેતર પણ સારા પ્રમાણમાં થાય છે. ડાંગરના છોડ દ્વારા અનેક આડપેદાશો પ્રપ્ત થાય છે. જેમ કે, ડાંગરની કુસકીમાંથી તેલ નીકળવાનો ઉદ્યોગ અને આ તેલ દ્વારા સાબુ બનાવવાનો ઉદ્યોગ પણ વિકસ્યો છે. આજે તો કુશ્કીમાંથી નીકળેલ તેલનો ખાદ્ય તેલ તરીકે પણ ઉપયોગ થવા લાગ્યો છે. ગુજરાતમાં ડાંગરની કુશ્કીમાંથી 7.5 લાખ ટન જેટલુ તેલ મેળવી શકાય તેમ છે. જે પૈકી 40% જેટલાં તેલનો ખાદ્ય તેલ તરીકે તથા બાકીનાં તેલ સાબુ અને ફેટી એસીડ ઉદ્યોગનાં વિકાસ માટે સારી તકો રહેલ છે.

ગુજરાતમાં ફળફળાદીની ખેતીનો વિકાસ પાર વધુ પ્રમાણમમાં જોવા મળે છે. આ ફળોનાં રસને પેક કરવા તથા ફળોનો પાવડર બનાવવો તથા તેનો નિકાસ કરવાનાં ઉદ્યોગો પણ અહીં વિકસ્યા છે.

ગુજરાતમાં જંગલોમાંથી પ્રાપ્ત થતી પેદાશોમાંથી પણ અનેક ઉદ્યોગોનો વિકાસ થયો છે. અને બીજા અનેક ઉદ્યોગો વિકસવાની તક રહેલી છે.

ગુજરાતમાંથી જુદા-જુદા ભાગોમાંથી પ્રાપ્ત થતા જુદા-જુદા ખનિજો પણ ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડી અનેક ઉદ્યોગોને વિકાસવવાની તકો પૂરી પાડે છે. ગુજરાતમાંથી પ્રાપ્ત થતા ખનિજો પૈકી ધાતુમય કરતાં અધાતુમય ખનિજોનું પ્રમાણ વધુ છે. જેમ કે, ચિનાઇ માટી સિરામિક ઉદ્યોગ માટે ઉપયોગી છે, જે બનાંસકાંઠા મહેસાણા, રાજકોટ અને સુરેન્દ્રનગરમાંથી મળે છે. ગુજરાતમાં ચિનાઇ માટી પર આધારિત સિરામિક ઉદ્યોગ થાન, મોરબી, વાંકાનેર વગેરે કેન્દ્રો વિકસ્યા છે. આ ઉપરાંત ચૂનાનો પથ્થર અને ચિરોડી સિમેન્ટ ઉદ્યોગને કાચો માલ પૂરો પાડે છે. જે પણ ગુજરાતનાં જુદા-જુદા ભાગોમાંથી પ્રાપ્ત થાય છે. જે આ ઉદ્યોગોને વિકસાવવામાં નવી તકનું સર્જન કરે છે.

ગુજરાતમાં ખનિજ તેલનો મોટો જથ્થો પ્રાપ્ત થતો હોવાથી અહી ખનિજ તેલ પર આધારિત ઉદ્યોગોનાં વિકાસ માટે સારી તક રહેલી છે. જેવા કે રાસાયણિક ખાતર, પેટ્રોકેમિકલ્સ, રેઓન પ્લાસ્ટિક વગેરેનો સમાવેશ થાય છે.

ગુજરાત વિશાળ દરિયાકિનારો ધરાવે છે. જયાં મોટા પ્રમાણમાં ઉત્પાદન મીઠાનું થાય છે. દેશમાં કુલ મીઠાનાં ઉત્પાદનમાં 78% હિસ્સો ગુજરાતનો છે. તેથી અહીં મીઠા આધારિત ઉદ્યોગોનો વિકાસ સારો થયેલો છે. તથા મીઠા આધારિત ઉદ્યોગોનાં વિકાસ માટેની સારી તકો રહેલી છે.

આમ, ગુજરાતમાં ખેતપેદાશો, જંગલ સંપતિ, ખનિજ સંપતિ, વગેરે અનેક ઉદ્યોગોનો કાચો માલ પૂરો પાડીને તેમને વિકસાવવા માટે અનુકુળતાનું સર્જન કરે છે, જે અનુકુળતાઓ ઔદ્યોગિક વિકાસની નવી દિશાઓ ખોલે છે.

9.2.2 માનવશ્રમની ઉપલબ્ધતાના સંદર્ભમાં રહેલી તકો :

ઉદ્યોગોના વિકાસમાં માવનસંશાધનનું પણ મહત્વપૂર્ણ સ્થાન હોય છે. ગુજરાતમાં વસ્તીનું વિશાળ પ્રમાણ છે. તેમાં પણ યુવા વસ્તીનું પ્રમાણ વધુ છે. તેથી ઉદ્યોગક્ષેત્રે કામ કરી શકે તે માટે પૂરતા પ્રમાણમાં માનવશ્રમ ઉપલબ્ધ બને છે. ગુજરાતમાં કુશળ અને બિનકુશળ બંને પ્રકારના માનવશ્રમ પ્રાપ્ત થાય છે. ગુજરાતના ઉદ્યોગોમાં કામ મેળવવા માટે અન્ય પાડોશી રાજયોમાંથી મોટા પ્રમાણમાં લોકો અહીં આવે છે.

પેટ્રો-કેમિકલ્સ અને કોયલી રિફાઇનરી જેવા વધુ તકનીકી જરૂરિયાતવાળા ઉદ્યોગો માટે બીજા રાજયોમાંથી અથવા પરદેશમાંથી તકનીકી જ્ઞાન ધરાવતા નિષ્ણાંતોને બોલાવી તેમની મદદ મેળવવામાં આવે છે.

ગુજરાત પાસે વિશાળ પ્રમાણમાં માનવશકિતનો ઉપલબ્ધ છે. તેથી મોટા કદના ઉદ્યોગો કે જયાં માનવશ્રમની ઓછી જરૂરિયાત રહે છે. તેની તુલનાએ લઘુઉદ્યોગો કે જયાં મોટા પ્રમાણમાં માનવશ્રમની જરૂરિયાત રહે છે. તેવા ઉદ્યોગોની સ્થાપના ગુજરાત માટે વધુ અનુકુળ બને છે. તેથી ગુજરાતમાં લઘુઉદ્યોગોનો વિકાસ પણ સારો વધી રહયો છે. તેની સાથે ગુજરાત આજે મોટાકદના ઉદ્યોગોના વિકાસની દિશામાં પણ આગળ વધી રહયું છે. જેમ કે, જહાજો બાંધવાનો ઉદ્યોગ, આયર્ન ઉદ્યોગ વગેરે કામ કરી શકે તે ગુજરાતમાં આજે વિશાળ યુવા વસ્તીને ઔદ્યોગિક વિકાસને માટે તકમાં રૂપાંતર કરવા માટે વિવિધ ઉદ્યોગોમાં કામ કરી શકે તે માટે લોકોને તાલીમ આપવા

માટે ઘણાં ઇન્સ્ટિટયુટ શરૂ કરવામાં આવ્યા છે. જુદા-જુદા ઉદ્યોગોની માંગને અનુસાર દરેક જિલ્લામાં તાલીમ કેન્દ્રો કાર્ય કરે છે. જેના દ્વારા મોટી સંખ્યામાં કારીગરો તૈયાર કરી શકાશે જે ગુજરાતના ઔદ્યોગિક વિકાસને ઝડપી બનાવશે.

9.2.3 બજારની ઉપલબ્ધતાના સંદર્માં રહેલી તકો :

વિશાળ વસ્તીનું કદ એક તરફ ઉદ્યોગોને જરૂરી માનવશ્રમ પુરવઠો આપે છે. તો બીજી તરફ ઉદ્યોગોને વિશાળ બજાર પણ પુરુ પાડે છે.ગુજરાતમાં શહેરી વિસ્તારમાં લોકોની માથાદિઠ આવક વધુ છે. તેથી ઔદ્યોગિક ઉત્પાદનનો મોટોભાગ શહેરી વિસ્તારોમાં વેચાય છે. શહેરી વિસ્તારમાં લોકોની ખરીદશકિત વધુ છે. ગામડાઓમાં ગરીબીરેખા નીચે જીવતા લોકોનું પ્રમાણ વધુ છે. તેથી ગ્રામિણ વિસ્તારના લોકોની ખરીદ શકિત ઓછી છે. આમ છતાં, પણ ગુજરાતમાં કુલ જનસંખ્યાનું મોટુ પ્રમાણ અને તેને કારણે ઔદ્યોગિક પેદાશને વિશાળ બજાર પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત અનેક ઔદ્યોગિક પેદાશોની નિકાસ પણ કરવામાં આવે છે, આમ ગુજરાતમાં જનસંખ્યાનું વિશાળ કદ વિશાળ બજારના રૂપમાં ઔદ્યોગિક વિકાસ માટે એક તક છે.

9.2.4 મૂડીની ઉપલબ્ધતાના સંદર્ભમાં રહેલી તકો :

ઔદ્યોગિક વિકાસને અસર કરતું એક પરિબળ મૂડી પણ છે. ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટે જરૂરી મૂડી પ્રાપ્ત થાય છે. ગુજરાતના મૂડીપતિઓ ઔદ્યોગિક ક્ષેત્રે મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કરે છે. જેથી અહીં અનેક ઉદ્યોગોની સ્થાપના થઇ શકી છે. સંતુલિત ઔદ્યોગિક વિકાસ માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર પણ ઔદ્યોગિકક્ષેત્રમાં મોટા પ્રમાણમાં મૂડીરોકણ કરી રહી છે, તથા નવા રોકણોને આકર્ષવા માટે પણ અનેક પ્રયત્નો કરી રહી છે. ગુજરાતમાં વાયબ્રન્ટ ગુજરાત-ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ દ્વારા વિશ્વના દેશોમાંથી મોટા પ્રમાણમાં મૂડીરોકાણને આકર્ષવા માટેના પ્રયત્નો થાય છે. ખાનગી ઉદ્યોગ સાહસિકો પોતાના ઔદ્યોગિક એકમની સ્થાપના અને વિસ્તાર માટે સરળતાથી નાણાકીય ધિરાણ મળી રહે તે માટે, અનેક બેંક્સ નાણાકીય સહાય કરે છે. આ ઉપરાંત ગુજરાત નાણાકીય નિગમ ( GSFC) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) પણ નાના ઉદ્યોગોના વિકાસ માટે નાણાકીય સહાય કરે છે.

આમ, ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટે જરૂરી મૂડી સરળતાથી પ્રાપ્ત થઇ જતી હોવાથી નવા ઉદ્યોગોની સ્થાપના માટે એક સારી તક રહેલી છે.

9.2.5 રસ્તાઓ તથા વાહનવ્યવહારની સગવડના સંદર્ભમાં રહેલી તકો :

ઔદ્યોગિક વિકાસ માટે રસ્તાઓ અને વાહનવ્યવહારની સગવડો પણ અગત્યની છે. ઔદ્યોગિક ઉત્પાદનના સ્થળે કાચોમાલ સરળતાથી પહોંચે તથા તૈયાર ચીજવસ્તુઓ બજાર સુધી સરળતાથી અને ઝડપથી પહોંચે તે ઔદ્યોગિક વિકાસ માટે જરૂરી છે. ગુજરાતમાં વાહનવ્યવહાર માટે માર્ગોનો સારો વિકાસ થયો છે.

ગુજરાતમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં 8, 14 અને 15 પસાર થાય છે. આ સિવાય રાજયકક્ષાના ધોરીમાર્ગ અને જિલ્લા અને ગ્રામકક્ષાના માર્ગોનો પણ સારો વિકાસ જોવા મળે છે, આ ઉપરાંત ગુજરાત વિશાળ દરિયાકિનારો ધરાવતું હોવાથી અહીં 43 જેટલા બંદરોનો વિકાસ થયો છે. આ ઉપરાંત નહીં એક આંતરરાષ્ટ્રીય કક્ષાનું તથા 13 જેટલા પ્રાદેશિક હવાઇમથકો આવેલા છે. રેલવેની પણ સુવિધા સારી જોવા મળે છે.

આમ, વાહનવ્યવહાર માટેનું યોગ્ય આંતરમાળખાનું નિર્માણ ગુજરાતમાં જોવા મળે છે. જે નવા ઔદ્યોગિક એકમોની સ્થાપના કરવા માટે એક સારી અનુકુળતાનું નિર્માણ કરે છે. આમ વાહનવ્યવહારની સારી સુવિધા ઔદ્યોગિક વિકાસ માટે એક સારી તક છે.

9.2.6 સરકારની નીતિના સંદર્ભમાં રહેલી તકો :

ઔદ્યોગિક વિકાસ માટે સરકારની નીતિ પણ અગત્યનો ભાગ ભજવે છે. ઔદ્યોગિક વિકાસ માટેની સરકારની નીતિ જો યોગ્ય હોયતો ઔદ્યોગિક વિકાસ ઝડપથી થાય છે. આ સંદર્ભમાં ગુજરાતમાં ઉદ્યોગોના વિકાસ અને વિસ્તાર માટે સરકારની નીતિ વધુ અનુકૂળ જોવા મળે છે. જેથી પણ ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટે સકારાત્મક  વાતાવરણનું નિર્માણ થયેલ છે. જે અનેક ઉદ્યોગોના વિકાસ અને વિસ્તાર માટે એક તક આપે છે.

આમ, આ તમામ પરિબળો ગુજરાતના વિકાસ માટે અનુકૂળ છે. જે ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટે તકો પુરી પાડે છે.

## 9.3 ઔદ્યોગિક વિકાસના અવરોધો :

ગુજરાત ઔદ્યોગિક વિકાસ માટે અનેક સારી અનુકૂળતાઓ એક તકનુ સર્જન કરે છે. તો બીજી બાજુ ઔદ્યોગિક વિકાસ માટે કેટલીક પ્રતિકુળતાઓ કે અવરોધો પણ જોવા મળે છે. આમ ઔદ્યોગિક વિકાસ માટે રહેલ અવરોધોને સમજયા પછી તે કઇ રીતે દુર કરી શકાય તેનો વિચાર કરી શકાય. ગુજરાતના ઔદ્યોગિક વિકાસના કેટલાક અવરોધો આ પ્રમાણે છે.

ઉદ્યોગો માટે ઉપયોગમાં લઇ શકાય તેવા કોલસાની ગુજરાતમાં અછત છે. મર્યાદિત માત્રામાં લિગ્નાઇટ કોલસો મળે છે. તેનુ પણ ઉત્પાદન ઓછું છે. અન્ય પેદાશો કે જયાં કોલસો વધુ છે. તે પ્રદેશો બિહાર અને બંગાળ છે. જે ગુજરાતથી ખુબ દૂર આવેલા હોવાથી ત્યાથી કોલસો મેળવવો મોંઘો પડે છે. અને તે પણ સમયસર મેળવી શકાતો નથી. જેથી તેની અસર ઔદ્યોગિક વિકાસ પર થાય છે, જેથી કેટલાક ઉદ્યોગોના વિકાસની ગતિ મંદ પડે છે.

ઉદ્યોગોના વિકાસ માટે વીજળી જરૂરી છે. વીજ શક્તિનું ઉત્પાદન ગુજરાતમાં જરૂરિયાત કરતાં અછું છે. જેથી ઔદ્યોગિકક્ષેત્રે વીજળી પૂરતી ન મળતા ઔદ્યોગિક ઉત્પાદન ઓછું રહે છે.

ગુજરાત રાજ્ય શરુઆતથી જ ઔદ્યોગિક વિકાસને મહત્વ આપતુ રાજ્ય રહ્યુ છે. પ્રજાની ઉદ્યોગ સાહસિકતા, કુનેહ અને વિકાસ અભિમુખ રાજકીય નીતિઓથી ગુજરાત ઉદ્યોગોમાં અગ્રેસર રહ્યુ છે. ગુજરાતમાં દેશનો સૌથી ઓછો બેરોજગારી દર છે. (૧.૮% વર્ષ ૨૦૧૯-૨૦) તે આ પ્રદેશના વિકાસનો પરિચય આપે છે. આ બધુ જણાવે છે કે સામાન્ય રીતે ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટેના અવરોધો નથી. નાણાકીય, માળખાગત વગેરે સુવિધાઓ ઔદ્યોગિક વિકાસ માટેનો પાયો તૈયાર કરે છે. તેમ છતા ઉદ્યોગ જગત સાથે સંકળાયેલ વર્ગ જેમ કે રોકાણકારો, ઊત્પાદકો, કર્મચારીઓ તથા નીતિ નિર્માતાઓના અનુભવોને આધારે ઉદ્યોગોના ભાવિ વિકાસ માટે કેટલાક પડકારો જરુરથી છે. જેને આ પ્રમાણે સૂચિબદ્ધ કરી શકાય.

1. શ્રમિકોનુ સ્થળાંતર :

NSSOના રીપોર્ટ પ્રમાણે સમગ્ર ભારતની તુલનાએ ગુજરાતમાં લોકોનું સ્થળાંતર સૌથી વધુ થાય છે. વળી, આ સ્થાળાંતર એક થી બીજાં રાજ્યમાં થવાને બદલે ગુજરાતમાં જ આંતરિક સ્થાળાંતર થાય છે. આ કારણોસર ગુજરાતમાં શહેરીકરણનો દર પણ સૌથી ઊંચો છે. વધુને વધુ લોકો ખેતીથી બિન-ખેતી ક્ષેત્ર તરફ જાય છે. ભારતના ૭૦% લોકોની સામે ગુજરાતના ૫૦% લોકો ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા છે.આમ, શહેરો પર વસ્તીનુ વધારે ભારણ આવવાથી શહેરીકરણની સમસ્યાઓ ઊભી થાય છે.

આના ઉપાય તરીકે સ્થાપિત ઔદ્યોગિક ક્ષેત્રો સિવાયના ક્ષેત્રોમાં ઔદ્યોગિક વિકાસ કરવાને તથા ખેતીના વ્યવસાયને આકર્ષક બનાવી શકાય.

2. નાના ઉદ્યોગોએ સહન કરવી પડતી સ્પર્ધા :

સાધન પ્રચૂર વિસ્તારોમાં ઔદ્યોગિક વિકાસમાં મોટા ભાગે કેન્દ્રિત થયો હોવાને કૃષિ તેમજ અન્ય પ્રાકૃતિક વિશેષતા ધરાવતા વિસ્તારોની ઉપેક્ષા થઈ છે. આમ, થવાથી મશીન ટૂલ્સ, ઈલેક્ટ્રિકનાં સાધનો વગેરેનાં નાનાં ઔદ્યોગિક એકમોએ મોટાં એકમોની આર્થિક અને બજાર ક્ષેત્રે સ્પર્ધાનો સામનો કરવો પડે છે.

3. જમીન સંપાદન અંગેના વિવાદો :

વિવિધ ઉપયોગો માટેની જમીન અંગેના વિવાદો ઔદ્યોગિક વિકાસને આડે આવતી આધુનિક અને વર્તમાન સમસ્યા છે. કચ્છ અને ભાવનગર જિલ્લામાં ખેતી માટેની અને ગોચર જમીન અંગેના વિવાદો, જમીન માલિકી અંગેના વિવાદો વગેરે સ્પષ્ટ ન હોવાને કારણે ઔદ્યોગિક વિકાસ અવરોધાય છે.

ઉદ્યોગો દ્વારા ઊભી થયેલી સમસ્યાઓ :

- નીચું વેતન, વધારે કામ અને સામાજિક સુરક્ષાના અભાવમાં શ્રમિકોનું શોષણ થાય છે.
- ઉદ્યોગો દ્વારા ખેતીની અમૂલ્ય જમીન નીચા ભાવે ખરીદવામાં આવે છે, જે ખેતી ઉત્પાદન પર ભવિષ્યમાં નકારાત્મક અસરો ઊભી કરનાર નીવડી શકે.
- અન્ય રાજ્યોમાંથી સ્થળાંતરિત થઈને આપેલા ઔદ્યોગિક શ્રમિકોના વસવાટ, તેમનાં બાળકોનું શિક્ષણ વગેરે સામાજિક પ્રશ્નો પણ અસ્તિતવમાં આવે છે.
- ગીચ ઝુંપડપટ્ટી, હવા, પાણી, અવાજ અને જમીનનું પ્રદૂષણ ગુજરાતની સામાન્ય સમસ્યાઓ છે.
- ખેતી ક્ષેત્રનો વિકાસ એ ઔદ્યોગિક વિકાસની પૂર્વશરત છે. તેના પ્રત્યે ઓછું ધ્યાન અપાય છે.
- રાજ્યમાં મોટાં અને મધ્યમ એક્મોની તુલનાએ રોજગારપ્રધાન નાનાં એકમોનો વિકાસ થતો જોવાયો નથી.
- ગુજરાતમાં અનિયંત્રિત અને બિનઆયોજિત ઔદ્યોગિક વિકાસથી કુદરતી વનપ્રદેશોનો તથા પ્રાણીજગતનાં જૈવ વૈવિધ્યનો નાશ થઈ રહ્યો છે.

કુદરતી ચક્રનું ખોરવાવુ અનિયમિત વરસાદ, ચક્રવાત, તાપમાનમાં અનિયમિતતા વગેરે અનુભવાઈ રહ્યાં છે.

## 9.4 ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ :

ગુજરાત ભારતના ઔદ્યોગિક વિકાસમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. આજથી પૂર્વે ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ છુટો છવાયેલો જોવા મળતો હતો, પરંતુ 1960 પછી ગુજરાત જયારે 1 મે 1960ના અલગ રાજય તરીકે અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રનું સમગ્રચિત્ર બદલાઇ ગયેલું જોવા મળે છે. આજે ગુજરાતના ઔદ્યોગિકક્ષેત્ર વૈવિધ્યપૂર્ણ રીતે ઝડપથી આગળ વધી રહયું છે.

ગુજરાતના ઔદ્યોગિક ઇતિહાસની વાત કરવામાં આવે તો, ગુજરાતમાં ઔદ્યોગિકક્ષેત્રે પાશ્યાત્ય ટેકનોલોજીનો પ્રવેશ 1851 પહેલાથી શરૂ થઇ ગયેલ છે.

ગુજરાતમાં રૂની કાંતણ અને વણાટ મિલની સ્થાપના ઇ.સ 1854માં થઇ હતી. તથા અમદાવાદમાં ઇ.સ 1858 માં રણછોડલાલા છોટાલાલે અમદાવાદ સ્પિનિંગ એન્ડ વિવિંગ કંપની સ્થાપી અને આમ પ્રથમ મિલની સ્થાપના 1861માં થઇ વર્ષ 1870 પછી કાપડ ઉદ્યોગમાં વધુ રોકાણો થવાથી, અમદાવાદમાં કાપડની મિલોની સંખ્યામાં વધારો થયો

સ્વતંત્રતા બાદ ગુજરાતમાં ભારે ઉદ્યોગો પેટ્રોલિયમ રીફાઇનરી તથા રસાયણ ઉદ્યોગો વગેરે જાહેરક્ષેત્ર દ્વારા સ્થાપવામાં આવ્યા. અને તેની સાથે નાના તથા મધ્યમ કક્ષાના ઉદ્યોગોનો વિકાસ માટે પણ સરકારે પ્રોત્સાહન પગલાઓ લીધેલા છે. સરકારે ઉદ્યોગોના વિકાસ માટે ઔદ્યોગિક વસાહતોની સ્થાપના જમીન, વીજળી, તથા કર રાહત વગેરે પગલાઓ દ્વારા સરકારે ગુજરાતમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં પ્રયત્નો કર્યા છે.

વર્ષ 1980 બાદ મિલ ઉદ્યોગની પડતી થતા આ વર્ષોમાં પાવરલૂમ, રસાયણ ઉદ્યોગો, હીરાના પોલિસિંગ ઉદ્યોગ, તથા નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ અમદાવાદમાં થયો. તથા સુરત 1980 પછી ગુજરાત રાજયનું ઝડપથી વિકસતું ઔદ્યોગિક શહરે બન્યું આ ઉપરાંત વડોદરામાં રિફાઇનરી પેટ્રોકેમિકલ રસાયણ ઉદ્યોગ, કાચા ઉદ્યોગો વગેરેનો સારો એવો વિકાસ થયેલો છે. આ ઉપરાંત ખેતી માટેની મશીનરી માટેના ઉદ્યોગોનો વિકાસ રાજકોટ ખાતે જોવા મળે છે.

આમ, સમયની સાથે ગુજરાત રાજયનો ઔદ્યોગિક વિકાસ વધતો થયો છે. આજે સમગ્ર ભારતમાં ઔદ્યોગિક વિકાસની દ્રષ્ટિએ ગુજરાત રાજય મહત્વનું સ્થાન ધરાવે છે. હાલ, સમગ્ર ભારતમાં ઔદ્યોગિક ઉત્પાદનક્ષેત્રે ગુજરાત 16.8 % જેટલો ફાળો આપે છે.

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસના વલણો

ઉદ્યોગોની વાર્ષિક મોજણીના પરિણામો-કારખાના વિભાગ, બધા ઉદ્યોગો ગુજરાત રાજ્ય

| અ.ન | વર્ષ | કારખાના ઓની સંખ્યા | કાર્યશીલ મૂડી (રૂા. કરોડ) | ઉત્પાદક મૂડી (રૂા. કરોડ) | રોજગાર મેળવેલ વ્યકિતઓ (સંખ્યા) | ઉત્પાદન (રૂા. કરોડ) | ચોખ્ખું ઉમેરાયેલુ મૂલ્ય (રૂા. કરોડ) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 1980-81 | 11208 | 1289 | 3973 | 699427 | 7160 | 1139 |
| 2 | 1990-91 | 10943 | 2839 | 15937 | 675447 | 27593 | 4468 |
| 3 | 1995-96 | 13770 | 16578 | 73286 | 956644 | 84808 | 17621 |
| 4 | 2000-01 | 14090 | 15328 | 87416 | 752013 | 127977 | 16856 |
| 5 | 2005-06 | 14055 | 28262 | 147801 | 887511 | 307955 | 47872 |
| 6 | 2006-07 | 14327 | 36602 | 168227 | 983922 | 372581 | 47952 |
| 7 | 2007-08 | 15107 | 51121 | 196521 | 1045475 | 448243 | 62108 |
| 8 | 2008-09 | 14863 | 56687 | 229054 | 1125543 | 508088 | 60417 |
| 9 | 2009-10 | 15576 | 58956 | 299337 | 1159239 | 642658 | 90028 |
| 10 | 2010-11 | 21282 | 79207 | 351173 | 1295334 | 806784 | 89448 |
| 11 | 2011-12 | 22220 | 77377 | 390123 | 1383773 | 998413 | 87691 |
| 12 | 2012-13 | 22587 | 94994 | 421119 | 13638328 | 1116395 | 118876 |
| 13 | 2013-14 | 22876 | 85524 | 468178 | 1372669 | 1230642 | 128420 |
| 14 | 2014-15 | 23433 | 63253 | 500955 | 1462206 | 1270125 | 169668 |
| 15 | 2015-16 | 24426 | 55502 | 585799 | 1563868 | 1154040 | 180005 |
| 16 | 2016-17 | 25966 | 26626 | 659667 | 1634566 | 1222201 | 165433 |

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ માહિતી ગુજરાતના ઔદ્યોગિક વિકાસનો નિર્દેશ કરે છે. ગુજરાતમાં વર્ષ 1980 થી 81 થી 2016-17ના સમયગાળા દરમિયાન ઉદ્યોગક્ષેત્રે કારખાનઅઓની સંખ્યા કાર્યશીલ મૂડી, ઉત્પાદક મૂડી, રોજગાર મેળવેલ વ્યકિતઓની સંખ્યા, ઉત્પાદન વગેરે થયેલો વધારો દર્શાવે છે કે ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ થઇ રહયો છે.

## 9.5 સહાયક નીતિઓ :

ઔદ્યોગિક વિકાસ માટે ઉદ્યોગોને સહાયક એવી પ્રોત્સાહક નીતિ ખુબજ અગત્ય ધરાવે છે. અહીં ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટેની કેટલીક સહાયક નીતિઓની ચર્ચા કરવામાં આવી છે.

### 9.5.1 સ્ટાર્ટઅપ ઇનોવેશન :

ગુજરાત સરકારે સ્ટાર્ટઅપના વિચારને સૌ પ્રથમ વેગ આપેલ છે. જે ઉદેશ સમાજમાં લોકોનું જીવનધોરણ ઉંચુ લાવવા માટે ઉદ્યોગક્ષેત્રે સંશોધન અને નવીનતમ ફેરફાર પ્રત્યક્ષ રીતે ફાળો આપે તે મેળવવા તથા યુવા કામદારો ઉત્સાહી માનસનો લાભ લેવા માટે.

### 9.5.2 સંશોધન અને વિકાસ :

ખાસ કરીને નાના અને મધ્યમકદના ઔદ્યોગિક એકમની વૃદ્ધિ માટેના સંશોધન અને વિકાસ મુખ્ય ભાગ ભજવે છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા ખાનગીક્ષેત્રના ઉદ્યોગો ઔદ્યોગિક એસોસિએશન અને નામાંકિત સંસ્થાઓને સંશોધન અને વિકાસ

માટે પ્રોત્સાહન આપે છે.

9.5.3 ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી-2012 :

સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી 2012 જાહેર કરી છે, જે અંતર્ગત કોટન સ્પીનીગ એકમોને પ્રોત્સાહન કરવાના હેતુથી વ્યાજ સહાય તથા અન્ય યોજનાઓ જાહેર કરેલ છે, જો કે આ યોજનાનો સમયગાળો 03/09/2019 ના રોજ પૂર્ણ થયેલ છે. પરંતુ તે પરત્વેના કલેઇમની કાર્યવાહી ચાલુ છે.

9.5.4 ગુજરાત ગારમેન્ટ એન્ડ એપેરલ પોલીસી-2017 :

આ યોજના અંતર્ગત વ્યાજ સહાય પાવર હરીફ, પેરોલ સહાય, જી.આઇ.ડી.સી દ્વારા પ્લગ અને પ્લે સિસ્ટમ, ડોમિટરીજ માટે સહાય, સ્કીલ ડેવલોપમેન્ટ તથા મેગા એપરલ પાર્કની સ્થાપના કરવા માટે સહાય વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

9.5.5 ઇન્ટીગ્રેટેડ સ્કીલ ડેવલોપમેન્ટ (ISDS) :

આ યોજના અંતર્ગત કૌશલ્ય વિકાસ તાલીમ માટે વર્ષ 2018-19માં રૂા. 56.60 લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ ટેક્ષટાઇલક્ષેત્રનો વિકાસ કરવા માટે 25 ટકા ગુજરાત સરકાર અને 75 ટકા ભારત સરકાર વચ્ચે ખર્ચની વહેંચણી કરવામાં આવી છે.

9.5.6 લેબર ઈન્ટેન્સીવ ઇન્ડસ્ટ્રીઝસને સહાય-2015 :

આ યોજના અંતર્ગત વ્યાજ સહાય, વેટ કન્સેશન, પે રોલ સહાય જેવી અલગ-અલગ સહાય કરવામાં આવે છે. આ યોજના 31/12/19 સુધી અમલી છે. વર્ષ 2018-19 માં આ યોજના પાછળ રૂા. 10 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

9.5.7 વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ-2019 :

૯ મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૯ નું આયોજના ૧૮ થી ૨૦ જાન્યુઆરી ૨૦૧૯ દરમિયાન કરવામાં આવેલ હતું. આ સમિટનો મુખ્ય હેતુ નવા ભારતની રચના કરવાનો હતો, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૩ થી ૨૦૧૯ દરમિયાન કુલ ૧૦૪૮૭૨ પ્રોજેકટો માટે એમ.ઓ.યુ તથા ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટિન્શન ફાઇલ કરવામાં આવેલ છે. ૩૧મી માર્ચ ૨૦૧૯ સુધીની સ્થિતિએ નોંધાયેલ પ્રોજેકટ પૈકી ૪૮૫૪૦ પ્રોજેકટ ઉત્પાદનમાં ગયેલ છે. આ પ્રોજેકટસ અંતર્ગત કુલ ૨૨૮૨૦૮૪ જેટલી રોજગારી ઉભી થયેલ છે.

9.5.8 ઔદ્યોગિક આંતર માળખાકીય સુવિધા સહાય યોજના :

ઉદ્યોગોની જરૂરિયાતો મુજબ રાજય સરકારે આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાના ઉદેશયથી અનેક પગલાઓ લીધેલ છે. ગુજરાત સરકારે જાહેર કરેલ ઔદ્યોગિકનીતિ ૨૦૧૫ માં ઉદ્યોગના વિકાસ માટે કેટલીક આંતરમાળખાકીય સવલતો જેવી કે વીજળી, રસ્તાઓ, સંદેશાવ્યવહાર, પ્રદૂષણ નિયંત્રણ વગેરે જરૂર પ્રમાણમાં મળે તે માટે પ્રોત્સાહન યોજના અમલમાં મુકવામાં આવેલી છે. ગુજરાતમાં નવી આંતરમાળખાકીય સુવિધાઓનું નિર્મણ કરવા માટે તેમજ હાલની આંતરમાળખાકીય સુવિધાઓના અપગ્રેડેશન માટે સરકાર દ્વારા આંતરમાળખાકીય સહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

9.5.9 ગુજરાત ઔદ્યોગિક પોલીસી-2015 અંતર્ગત ઔદ્યોગિક પાર્કને નાણાકીય સહાય યોજના :

આ યોજના હેઠળ ઔદ્યોગિક પાર્કને મકાન અને આંતરમાળખાકીય સુવિધાના

કુલ ખર્ચના 25 ટકા લેખે મહત્તમ 20 કરોડની સહાય આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત ખર્ચના 25 ટકા તથા મહત્ત્મ 20 કરોડ સુધીની સહાય છાત્રાલય તથા શયનગૃહ માટે આપવામાં આવશે.

સ્ટેટ લેવલ એમ્પાયર્ડ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ ઔદ્યોગિક પાર્ક માટે જમીનની ખરીદી કરવા માટે ડેવલોપરને સ્ટેમ્પ ડયુટીના 100 ટકા રિએમ્બર્સમેન્ટ તથા સ્વતંત્ર એકમ માટે પ્લોટ ખરીદવા માટે સ્ટેમ્પ ડયુટીના 50 ટકા રિએમ્બર્સમેન્ટ આપવાની જોગવાઇ છે.

9.5.10 ગુજરાત ઔદ્યોગિક પોલીસી-2015 અંતર્ગત લોજીસ્ટીક પાર્કને નાણાકીય સહાય યોજના

આ યોજના હેઠળ નવા લોજીસ્ટીક પાર્કને માટે મકાન તથા માળખાકીય સુવિધાના કુલ મૂડીરોકાણના 25 ટકા લેખે લોન તથા મહત્તમ રૂા. 15 કરોડ સુધીની સહાય આપવાની જોગવાઇ કરવામાં આવી છે.

9.5.11 જી.આઇ.ડી.સી દ્વારા માઇક્રો સ્મોલ એન્ટરપ્રાઇઝ અર્થે ઔદ્યોગિક વસાહત વિકસાવવા માટે નાણાકીય સહાય યોજના :

આ યોજના હેઠળ સ્ટેટ લેવલ એમ્પાવર્ડ કમિટી દ્વારા નકકી કરેલ ફાળવણીના 50 ટકા સહાય સીધી જી.આઇ.ડી.સી ને આપવાની રહેશે.

9.5.12 મીઠા ઉદ્યોગોનો વિકાસ તથા અગરિયાઓ માટેની કલ્યાણકારી યોજના :

મીઠાના ઉદ્યોગના વિકાસ માટે રસ્તા બનાવવા, સાધન ખરીદવા, કુદરતી આપત્તિ સામે પ્લાન માટે તથા સોલર પમ્પ સિસ્ટમ ખરીદવા માટે 80 ટકા સબસીડી તથા અન્ય કાર્ય માટે સહાય આપવામાં આવે છે. તથા અગરિયાઓના લાભ માટે કલ્યાકારી યોજનાઓ જેમ કે, પીવના પાણીની સુવિધા, સોલર લાઇટસ, શિક્ષણ માટેની સુવિધા, આરોગ્ય સેવાઓ વગેરે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના માટે વર્ષ 2018-19 દરમિયાન રૂા. 1000 લાખની બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે.

9.5.13 ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ :

ગુજરાત સરકાર દ્વારા સ્થાપેલ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ જાહેરક્ષેત્રનું સાહસ છે. જેની સ્થાપનાનો ઉદેશ રાજયમાં વિવિધ સ્થળોએ યોગ્ય જમીનો સંપાદિત કરી તેમાં પાયાની ઔદ્યોગિક સવલનો વિકસાવવાનો છે. નિગમ દ્વારા વર્ષ 2017-18 માં ઔદ્યોગિક વસાહતોના વિકાસ માટે 280,20 હેકટર ખાનગી તેમજ સરકારી જમીન મેળવવામાં આવી હતી. વર્ષ 2018-19 દરમિયાન ખાનગી તેમજ સરકારી જમીન 809.89 હેકટર જમીન મેળવવામાં આવેલ આ નિગમ રાજયમાં ઉદ્યોગોના સમતોલ અને ઝડપી વિકાસ માટે પ્રયત્નશીલ છે.

9.5.14 કુટિર અને ગ્રામોદ્યોગ :

કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા રાજયમાં પૂરક રોજગારીની તકો ઉભી કરવા માટે અલગ-અલગ યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મુકવામાં આવે છે. જે આ મુજબ છે.

- શ્રી વાજપાઇ બેંકવલ યોજના
- માનવ કલ્યાણ યોજના
- દત્તોપંત ઠેગરી કારીગર વ્યાજ સહાય યોજના

- કલસ્ટર વિકાસ યોજના
- કૌશલ્ય વર્ધક તાલીમ
- વેચાણ વ્યવસ્થા
- રોજગારીની તકોનું નિર્માણ
- સાગરખેડું, શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના અને વનબંધુ કાર્યક્રમ
- કારીગર વર્ગની ઓળખ અને નોંધણી
- યોજનાકીય અભ્યાસ, મૂલ્યાંકન અને નીતિ ઘડતર
- રાષ્ટ્રીય પેન્શન યોજના

9.5.15 ગુજરાત રાજય હાથશાઇ અને હસ્તકલા વિકાસ નિગમ લિ.

આ નિગમનો મુખ્ય હેતું હાથશાળ અને હસ્તકલાની વંશપરંપરાગત કલાને જાળવી રાખી તાલીમ અને ડિઝાઇન ડેવલપમેન્ટ દ્વારા તેના વિકાસ સાથે આ ક્ષેત્રમાં કાર્યકરતા કારીગરોને ઉચ્ચ ગુણવત્તાવાળો કાચો માલ પૂરો પાડવો અને બજાર સહાય આપી રોજગારીની તકોમાં વધારો કરવાનો છે.

9.5.16 ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ :

આ બોર્ડ દ્વારા ખાદી અને ગ્રામોદ્યોગ માટે સંસ્થાઓ દ્વારા જુદી-જુદી કામગીરી અમલમાં મુકે છે. તથા ગ્રામીણ કારીગરોને તાલીમ આપે છે. આમ આ તમામ નીતિઓ ગુજરાતના ઉદ્યોગના વિકાસ અને વિસ્તાર માટે મદદરૂપ બને છે.

## 9.6 સારાંશ :

કોઇપણ દેશ કે પ્રદેશના ઔદ્યોગિક વિકાસનો આધાર તેની પાસે રહેલ વિકાસ માટેની તક પુરી પાડતી અનુકુળતાઓ કેવી છે. જે તે પ્રદેશના ઔદ્યોગિક વિકાસ કરવા માટે તે પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ માટેના અનુકૂળ પરિબળો કયા છે તે જાણવા જરૂરી છે. આ અનુકૂળ પરિબળો ઔદ્યોગિક વિકાસ માટેની નવી તકોનું સર્જન કરે છે. આ ઉપરાંત જે તે પ્રદેશના ઔદ્યોગિક વિકાસ માટેના અવરોધક પરિબળો કયા છે તે પણ જોવા જરૂરી છે. અને તે જાણી અને તેને દૂર કરવા માટેના પગલાઓ લઇ ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપી શકાય. આમ જે તે પ્રદેશ પાસે ઔદ્યોગિક વિકાસ માટેની અનુકૂળતાઓનો લાભ લેવા અને નેતા અવરોધક પરિબળોને ઘટાડવા માટે જરૂરી ઔદ્યોગિક નીતિની જરૂરિયાત હોય છે. આ માટે સરકાર દ્વારા ઔદ્યોગિક વિકાસ માટે યોગ્ય નીતિ કે યોજના ઘડવામાં આવે છે. આમ પ્રસ્તુત એકમનાં ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટે રહેલી તકો તેના અવરોધો તથા ગુજરાતના ઔદ્યોગિક વિકાસને માટે જરૂરી કેટલીક નીતિઓની તથા ગુજરાતમાં થયેલ આર્થિ વિકાસ વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

## 9.7 ચાવીરૂપ શબ્દો :

- ઔદ્યોગિકરણ : દેશની રાષ્ટ્રીય આવક તથા રોજગારીમાં ઉદ્યોગક્ષેત્રનો હિસ્સો ઝડપથી વધારવાની પ્રક્રિયાને ઔદ્યોગિકરણ કહે છે.
- ઔદ્યોગિક નીતિ : દેશના ઔદ્યોગિક વિકાસ માટેના સરકારના અભિગમને સ્પષ્ટ કરતા વલણને ઔદ્યોગિક નીતિ કહે છે.
- ખરીદ શકિત : ચીજવસ્તુઓ કે સેવાઓ ખરીદવા માટેની ગ્રાહકની નાણાકીય

વિનિમયક્ષમતાને ખરીદશકિત કહે છે.

- બજારમાંગ : એક જ વસ્તુ કે જોવાની અલગ-અલગ બધા ગ્રાહકોની માંગનો સરવાળો એટલે બજાર માંગ કહે છે.
- મૂડી : વસ્તુ કે સેવાના ઉત્પાદન કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતી સંપત્તિના માનવ સર્જિત સાધનો એટલે મૂડી
- મૂડીરોકાણ : પ્રત્યક્ષ અથવા પરોક્ષ વળતરની અપેક્ષાએ ઉત્પાદકીય પ્રવૃતિમાં કે ઉત્પાદન સાધનની મૂલ્યવૃદ્ધિ માટે કરવામાં આવતા ખર્ચને મૂડીરોકાણ કહે છે.
- વ્યાજ : મૂડીના ઉપયોગ બદલ તેના માલિકને ચુકવવામાં આવતું વળતર એટલે વ્યાજ.
- શ્રમદળ : કોઇ ચોકકસ સમયગાળા દરમિયાન રોજગારી મેળવતા શ્રમિકો તથા પ્રવર્તમાન વેતન દરે કામ કરવાની ક્ષમતા તથા તૈયારી હોવા છતાં કામ નથી મળતું એવા શ્રમિકોના કુલ સરવાળાને શ્રમદળ કહે છે.

## 9.8 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો :

(1) ગુજરાતમાં ઓદ્યોગિક વિકાસની તકો અને પડકારોની ચર્ચા કરો.

(2) ગુજરાતમાં ઓદ્યોગિક વિકાસ આડેના અવરોધો વર્ણવો તથા તે દૂર કરવા માટે સરકારની નીતિ જણાવો.

(ખ) નીચેના વિષયો પર ટૂંકનોંધ લખો.

(1) ગુજરાત સરકારની ઓદ્યોગિક વિકાસનીતિ

(2) ગુજરાતમાં ઓદ્યોગિક વિકાસની તકો

(3) ગુજરાતમાં ઓદ્યોગિક વિકાસ માટેની સમસ્યાઓ

(ગ) ખાલી જગ્યા પૂરો

1) ભારતના કુલ કાપડના ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો .... છે.
2) ગુજરાતમાં તમાકુના ઉત્પાદન માટે.... પ્રદેશ જાણીતો છે.
3) ગુજરાતની અલગ-અલગ રાજય તરીકે સ્થાપન..............વર્ષોમાં થઇ હતી.
4) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2019 એ ......મી સમિટ હતી.
5) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો મુખ્ય ઉદેશ્ય ઉદ્યોગો માટે ......કરી આપવાનો છે.
6) ગુજરાતમાં ....................જેટલા બંદરોનો વિકાસ થયો છે.
7) ગુજરાત શેરડીના ઉત્પાદનમાં સમગ્ર ભારતમાં .........સ્થાન ધરાવે છે.
8) ગુજરાતમાં મગફળીનું વધુ ઉત્પાદન ...ઉદ્યોગના વિકાસને માટે તક પુરી પાડે છે.
9) ઇન્ટીગ્રેટેડ સ્ટીલ ડેવલોપેમેન્ટ યોજના અંતર્ગત વર્ષ 2018-19માં કૌશલ્ય વિકાસ માટે રૂા........ની જોગવાઇ કરવામાં આવેલ છે.

10) કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા રાજયમાં .............ની તકો ઉભી કરવા માટે કાર્યક્રમો અમલમાં મુકે છે.

## 9.9 કેટલાક ઉપયોગી પુસ્તકો

1. ડૉ. મંજુલાબેન બી. દવે ‘ ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ’ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ
2. ગીતા ચૌધરી – ગુજરાતના આર્થિક વિકાસમાં નાના ઉદ્યોગોનો ફાળો-આદર્શ સાહિત્ય સદન
3. સામાજિક-આર્થિક સમીક્ષા 2018-19 ગુજરાત રાજય
4. The Rural Economy of Gujarat Issue marginal Bhagwanji Desai
5. Various websites of Government of Gujarat
6. Gujarat Intrastvcture Development Board
7. Planning Commission and CSO websites
8. Government of Gujarat Ministry of Agriculture and Industry
9. Ministry of Commerce and Industry Websites

## 9.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબોઃ

જ. 1 32 ટકા

જ.2 ચરોતર પ્રદેશ

જ.3 1 મી મે 1960

જ.4 9 મી

જ.5 જમીનનો સંપાદિત

જ.6 43 જેટલી

જ.7 6 મું

જ.8 તેલના ઉદ્યોગ

જ.9 રૂા. 56.60 લાખની

જ.10 પૂરક રોજગારીની

## 9.11 સંદર્ભ :

- ડૉ. મંજુલાબેન બી.દવે –ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ નવમી આવૃતિ 2016 યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજય
- ગીતા ચૌધરી ગુજરાતના આર્થિક વિકાસમાં નાના પાયાના ઉદ્યોગોનો ફાળો પ્રથમ આવૃતિ-2011 આદર્શ સાહિત્ય સદન
- સામાજિક-આર્થિક સમીક્ષા-2018-19 ગુજરાત રાજય,
- The Rural Economy of Gujarat Issue Marginal Bhagwanji

Desai

- Ministry of Commerce and Industry Websites
- Government of Gujarat Ministry of Agriculture and Industry
- Planning Commission and CSO Websites
- ACI-2016-17 મધ્યસ્થ આંકડાકીય કાર્યક્ષેત્ર, કોલકત્તા
- રામ વારીતરિયા, અર્થશાસ્ત્રની એ.બી.સી.ડી-2009
- ડૉ. નરેશ સી.પટેલ ' અર્થશાસ્ત્રના , પારિભાષિક ખ્યાલો પ્રથમ આવૃતિ-2011-પાર્શ્વ પબ્લિકેશન
- ડૉ. હરજીવન સુથાર ' ઔદ્યોગિક અર્થશાસ્ત્ર ' દ્વિતીય આવૃતિ-1995, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય

BAOU
Education
for All

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય વર્ષ BA અર્થશાસ્ત્ર
પેપર ૪ (મુખ્ય તથા ગૌણ)
ECOM 204/ ECOS 204
**ગુજરાતનું અર્થતંત્ર**



# ગુજરાતનું આધાર માળખું 3

સંપાદકઃ
પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય, નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ
જીવરાજ ઝાંપડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

વિષય સમિતિઃ
ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
ડૉ. ગીતા પંડ્યા, પ્રિન્સિપાલ (નિવૃત્ત), સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ.
ડૉ. ગૌરાંગ રામી, પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ, સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત

વિષય પરામર્શનઃ
ડૉ. જી.ડી.ત્રિપાઠી, પ્રિન્સિપાલ, સી. એન. આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડી, મહેસાણા
ડૉ. રોહિત દેસાઇ,ડી.ડી.ઠાકર આર્ટસ એન્ડ કે.જે.પટેલ કોમર્સ કોલેજ,ખેડબ્રહ્મા

લેખનઃ
ડૉ. ભાવેશ દેસાઈ, આસિસ્ટન્ટ પ્રોફેસર અર્થશાસ્ત્ર વિભાગ, એમ. કે. ભાવનગર યુનિવર્સિટી,ભાવનગર
ડૉ. શૈલેશ બી ચાવડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,પોરબદાર

ભાષા પરામર્શનઃ
ડૉ.પૂર્વી ઓઝા, એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સરકારી વિનયન કોલેજ, જાદર
પ્રો. ડૉ. યોગેન્દ્ર પારેખ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
ધીરજ પી ગોહિલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ

પ્રકાશકઃ
ડૉ. ભાવિન ત્રિવેદી, કુલસચિવ (કાર્યકારી), ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ISBN: 978-93-91468-43-9**

**: સર્વાધિકાર સુરક્ષિત :**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વ-અધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસક્રમ-સામગ્રીનો કોઇ પણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

This publication is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0)
https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

# વિભાગ

# 3

# ગુજરાતનું આધાર માળખું

| | |
|---|---|
| એકમ-10 ગુજરાતમાં શિક્ષણ | 7 |
| એકમ-11 ગુજરાતમાં સ્વાસ્થ્ય સુવિધાઓ | 27 |
| એકમ-12 પરિવહન સુવિધાઓ | 49 |
| એકમ-13 સંદેશાવ્યવહાર અને બેંકિંગ | 61 |

## દ્વિતીય વર્ષ બીએ(મુખ્ય અને ગૌણ)

## પેપર 4 - ગુજરાતનું અર્થતંત્ર

| એકમ સંખ્યા | એકમનું નામ | સમાવિષ્ટ મુદ્દાઓ |
|---|---|---|
| 1 | પ્રાદેશિક અર્થશાસ્ત્ર-I | પ્રદેશ એટલે શું?, પ્રાદેશિક અર્થતંત્રના અભ્યાસનું મહત્વ |
| 2 | પ્રાદેશિક અર્થશાસ્ત્ર-II | પ્રદેશોના જુદાજુદા પ્રકારો, પ્રાદેશિક આવક, પ્રાદેશિક વિકાસના નિર્દેશકો,રાજ્યનું ઘરગથ્થુ ઉત્પાદન |
| 3 | ગુજરાત પ્રદેશનો પરિચય- I | ગુજરાતનું ભૌગોલિક સ્થાન, ગુજરાતનાં કુદરતી પર્યાવરણીય પાસાંઓ, પ્રદૂષણની સ્થિતિ |
| 4 | ગુજરાત પ્રદેશનો પરિચય-II | ગુજરાત રાજકીય અને વહીવટી (રાજકીય ઈતિહાસ, જીલ્લાઓ, વહીવટી વિભાગોનો પરિચય ટૂંકમાં, સમવાયતંત્ર – પરિચય) |
| 5 | ગુજરાતનું કૃષિ ક્ષેત્ર – જમીન | ગુજરાતની જમીનના પ્રકાર, ખેડવાલાયક જમીનનું પ્રમાણ, લેવાતા પાકો, કૃષિ પદ્ધતિ, |
| 6 | પાક | ગુજરાતના મુખ્ય પાક, ઉત્પાદનનું પ્રમાણ અને તેમાં ફેરફારો (વલણ/trend), |
| 7 | ખેતી વિકાસ અને યોજનાઓ | ગુજરાતની ખેતીની સમસ્યાઓ, વિકાસ અને સહાય યોજનાઓ ( રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર) |
| 8 | ગુજરાતનું ઉદ્યોગ ક્ષેત્ર | ગુજરાતના ઉદ્યોગો, સ્થાનીયકરણ, ઔદ્યોગિક ઉત્પાદન, |
| 9 | ઔદ્યોગિક વિકાસ અને યોજનાઓ | ઔદ્યોગિક વિકાસની તકો, ઔદ્યોગિક વિકાસના અવરોધો, વિકાસ અને સહાય નીતિ |
| 10 | ગુજરાતમાં શિક્ષણ | સ્થિતિ, સમસ્યાઓ, ખાનગીકરણ, જાહેર નીતિ |
| 11 | ગુજરાતમાં સ્વાસ્થ્ય સુવિધાઓ | સ્થિતિ, સમસ્યાઓ, ખાનગીકરણ, જાહેર નીતિ |
| 12 | પરિવહન સુવિધાઓ | રેલમાર્ગ, રસ્તા, હવાઈ ઉડ્ડયન, જળમાર્ગ- વગેરેની સ્થિતિ, સમસ્યાઓ, ભાવિ વિકાસની તકો |
| 13 | સંદેશા વ્યવહાર અને બેકિંગ | સંદેશાવ્યવહાર, બેકિંગ વગેરેની સ્થિતિ, સમસ્યાઓ, ભાવિ વિકાસની તકો |
| 14 | ગુજરાતનો વેપાર | અન્ય રાજ્યો સાથે (આંતરરાજ્ય) અને અન્ય દેશો સાથેના (આંતરરાષ્ટ્રીય) વેપારમાં ગુજરાતનો ફાળો |
| 15 | ગુજરાતની વસ્તી વિષયક રૂપરેખા | ગુજરાતની વસ્તી, વસ્તીનાં લક્ષણો, જન્મદર, મૃત્યુદર, વસ્તીવૃદ્ધિ દર |
| 16 | શહેરીકરણ અને ગુજરાતનાં શહેરો | શહેરની વ્યાખ્યા, શહેરીકરણની વ્યાખ્યા, શહેરીકરણના કારણો, અસરો, ગુજરાતનાં શહેરો |
| 17 | ગુજરાતનાં મહત્વનાં શહેરો | ગુજરાતનાં મહત્વનાં શહેરો, શહેરીકરણની તરાહ અને તેની આર્થિક વિશેષતાઓ |

## Second Year BA (Main and Subsidiary)
## Paper 4- Economy of Gujarat

| Srl No. | Title of Unit | Included Points |
|---|---|---|
| 1 | Regional Economy - I | What is Region? Importance of Study of Regional Economy |
| 2 | Regional Economy - II | Types of Region, Regional Income, Indicators of Regional Development, State Domestic Production |
| 3 | Introduction of Gujarat State as Region- I | Geographical Position of Gujarat, Natural Environmental Aspects of Gujarat, Status of Pollution |
| 4 | Introduction of Gujarat State as Region- II | Gujarat – Political and Administrative (Political History, Districts, Introduction to Administrative departments, federal System) |
| 5 | Agriculture Sector of Gujarat- Land | Types of Land, Arable Land, Agriculture crops and cropping pattern |
| 6 | Agriculture Crops | Main Crops, Production, trends in Production |
| 7 | Agriculture development and Schemes | Problems in agriculture development, Government schemes and planning (State and Central) |
| 8 | Industry sector of Gujarat | Industries in Gujart, Location, Industrial Production |
| 9 | Industrial Development and Schemes | Scope for Industrial development, Problems in industrial development, Government aid and policies. |
| 10 | Education in Gujarat | Status, Problems, Privatisation and Public Sector policy |
| 11 | Health facilities in Gujarat | Status, Problems, Privatisation and Public Sector policy |
| 12 | Transportation Facilities | Railway, Roads, Aviation and Waterways- Status, Problems, Scope for Future Development, Public Sector policy |
| 13 | Communication and Banking | Communication and Banking – (Status, Problems, Scope for Future Development) |
| 14 | Trade of Gujarat | Trade with Other States of India and International Trade. Contribution of the State. |
| 15 | Demographic Profile of Gujarat | Population of Gujarat, Characteristics of Population, Birt rate, Death rate, Population growth rate. |
| 16 | Urbanisation and Cities of Gujarat | Definition of an Urban area, Definition of Urbanisation, Causes and effects of Urbanisation, Cities of Gujarat |
| 17 | Important Cities of Gujarat | Important Cities of Gujarat, Pattern of Urbanisation and their Economic Characterisitcs |

એકમ 10

# ગુજરાતમાં શિક્ષણ

## રૂપરેખા

10.0 ઉદ્દેશ
10.1 પ્રસ્તાવના
10.2 ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ
10.2.1 ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ
10.2.1.1 સામાન્ય સાક્ષરતા દર
10.2.1.2 ગુજરાત અને ભારતમાં જાતિ પ્રમાણે સાક્ષરતા દર
10.2.2 કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ (Gross Enrollment Ratio)
10.2.3 જાતિ સમાનતા આંક
10.2.4 શૈક્ષણિક સંસ્થાઓનું પ્રમાણ
10.2.5 શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધાઓનું પ્રમાણ
10.2.6 શિક્ષણ વિકાસ આંક (EDI)
10.3 ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે કેટલીક સમસ્યાઓ (પ્રશ્નો)
10.4 શિક્ષણનું ખાનગીકરણ
10.4.1 શિક્ષણમાં ખાનગીકરણના હેતુઓ
10.4.2 શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણના ઉદ્દભવનાં કારણો
10.4.3 શૈક્ષણિક ક્ષેત્રે ખાનગીકરણનું પ્રમાણ
10.5 ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે જાહેર નીતિ
10.6 સારાંશ

### 10.0 ઉદ્દેશ :

આ એકમ દ્વારા વિદ્યાર્થીઓ નીચેની બાબતોથી અવગત થશે.

(1) ગુજરાતમાં જુદા-જુદા સ્તરે શિક્ષણની સ્થિતિ સમજશે.

(2) ગુજરાતમાં શિક્ષણની સમસ્યાની સમજ અને તેના યોગ્ય પરિણામલક્ષી નિરાકરણને સમજવાનો પ્રયત્ન કરશે.

(3) ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તતી ખાનગીકરણની નીતિ વિશે માહિતગાર થશે.

(4) ગુજરાત રાજ્યની શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તની જાહેર નીતિઓ વિશે અવગત થશે.

## 10.1 પ્રસ્તાવના :

શિક્ષણ એ માનવીની પાયાની જરૂરિયાત છે. વ્યક્તિ, સમાજ, સંસ્કૃતિ અને રાષ્ટ્રના વિકાસના કેટલાક આધાર સ્તંભોમાંનો એક આધાર સ્તંભ છે. અભ્યાસ દ્વારા માહિતી દ્વારા જ્ઞાન અને કૌશલ્ય મેળવવાની પ્રક્રિયાને શિક્ષણ કહે છે. શિક્ષણ મનુષ્યના જીવનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તે વ્યક્તિમાં આત્મવિશ્વાસ ઊભો કરે છે, તેમજ માણસના વ્યક્તિત્વમાં નિખાર લાવે છે. શિક્ષણ વ્યક્તિના ઉજળા ભવિષ્ય માટેનું સક્ષમ સાધન છે. માણસને જીવનમાં સફળતા અપાવવા માટે શિક્ષણ અગત્યની ભૂમિકા ભજવે છે. ઉચ્ચ શિક્ષણ વ્યક્તિને કૌટુંબિક, સામાજિક સન્માન અપાવે છે. તો વ્યક્તિને કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સમસ્યાના નિરાકરણ માટેની ક્ષમતા બક્ષે છે. સાથે સાથે વ્યક્તિનું જીવન વધારે હકારાત્મક બને છે. તેને કારણે લોકોની જીવનની ગુણવત્તામાં વધારો થાય છે તથા જીવનલક્ષી અભિગમમાં પણ સુધારો થાય છે. વ્યક્તિના વિકાસ માટે શિક્ષણ પાછળ કરેલા ખર્ચને માનવ મૂડી રોકાણ તરીકે ઓળખવામાં આવે છે. સર્વ પ્રથમ ટી. ડબ્લ્યૂ શૂલ્ઝ નામના અર્થશાસ્ત્રીએ આ શબ્દનો ઉપયોગ કર્યો હતો. ‘‘માનવ મૂડીના ઘડતરમાં વૃદ્ધિ કરનાર મુખ્ય પરિબળ એ શિક્ષણ છે’’ જે વિકાસની પ્રક્રિયા માટે ખૂબ જ અગત્યનું મૂડીરોકાણ ગણી શકાય.

શિક્ષણ રાષ્ટ્રના વિકાસ માટેનું પણ એક અગત્યનું પરિબળ છે. કારણ કે જો દેશના નાગરિકો શિક્ષણ મેળવશે તો તેની કુશળતામાં વધારો થશે. કુશળતામાં થયેલો વધારો દેશની ઉત્પાદનની પ્રક્રિયામાં વધુ સહયોગ આપી શકશે. આથી દેશની આર્થિક વૃદ્ધિ વધારે ઊંચી અને ઝડપી બનશે. શિક્ષણના કારણે લોકોમાં યોગ્યતા – અયોગ્યતાનો ખ્યાલ વિકસે છે. જેના કારણે સામાજિક રૂઢિઓ અને પરંપરામાં પરિવર્તન આવે છે. આ પરિવર્તન દેશના આર્થિક વૃદ્ધિ અને વિકાસમાં હકારાત્મક ફેરફારોની બહુવિધ તકો પૂરી પાડે છે.

શિક્ષણ વિશેના Henry Stell Commager નામના વિદ્વાને કહ્યું છે કે,

“Change does not necessarily assure progress, but progress implacibly requires change. Education is essential to change, for education creates both new wants and the ability to satisfy then.”

શિક્ષણ એ વિશ્વને બદલી નાખવા માટેનું એક મહત્ત્વનું હથિયાર છે.

નેલ્સન મંડેલાના શબ્દોમાં કહીએ તો, “Education is the most powerful weapon which you can use to change the world.”

## 10.2 ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ :

શિક્ષણ એ માનવ જીવનમાં સંપૂર્ણ પરિવર્તન લાવવા માટેની ભૂમિકા ભજવી શકે છે. કોઈપણ પ્રદેશ કે રાષ્ટ્રમાં શિક્ષણના સ્તરને માપવા માટે વિવિધ માપદંડનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે સાક્ષરતાનું પ્રમાણ, શાળા–કોલેજમાં ભરતીનો ગુણોત્તર વગેરે. હવે આપણે આ વિવિધ નિર્દેશકોમાં ગુજરાતની સ્થિતિ કેવી છે, તેનો અભ્યાસ કરીશું.

### 10.2.1 ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ :

સાક્ષરતા અંગેના આંકડા શૈક્ષણિક સ્તરને માપવા માટેનો અગત્યનો માપદંડ છે. કોઈપણ દેશની શૈક્ષણિક સ્તરની સિદ્ધિ માપવી હોય તો સાક્ષરતાનું સ્તર એ પ્રાથમિક

કક્ષાનો સૂચક આંક છે. આ મુદ્દામાં આગળ વધતા પહેલાં સાક્ષરતા અને સાક્ષરતાના દર વિશેના ખ્યાલો સમજી લેવા જરૂરી છે.

સાક્ષરતા એટલે લખવા–વાંચવાની ક્ષમતા. સાક્ષરતાનું પ્રમાણ જાણવા માટે અન્ય દેશોમાં જે પદ્ધતિ અપનાવવામાં આવી છે તેનાથી થોડી જુદી પદ્ધતિ ભારતમાં અપનાવવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે 15 વર્ષ કે તેથી વધુ વયની વ્યક્તિઓમાં સાક્ષર વ્યક્તિઓના પ્રમાણને ગણતરીમાં લેવામાં આવે છે, જ્યારે ભારતમાં 7 વર્ષથી વધુ વયની વ્યક્તિઓમાં સાક્ષર વ્યક્તિઓના પ્રમાણને ગણતરીમાં લેવામાં આવે છે. આમ 7 વર્ષથી મોટી ઉંમરની વ્યક્તિ ઓછામાં ઓછી કોઈ એક ભાષા લખી–વાંચી શકે તે સાક્ષર ગણાય છે.

● સાક્ષરતા દર :

સાક્ષરતા દર એ કોઈ એક વિસ્તાર, પ્રદેશ કે રાષ્ટ્રમાં સાક્ષરતાનું પ્રમાણ જાણવા માટેનું એક માપદંડ છે. તે નીચેના સૂત્રની મદદથી જાણી શકાય છે.

$(L / P) \times 100$

જ્યાં L = સાક્ષરતાની વસ્તી

P = કુલ વસ્તી

આમ, દેશની કુલ વસ્તીમાં કેટલી વસ્તી સાક્ષર છે, તેના ટકાવારી પ્રમાણને સાક્ષરતા દર તરીકે ઓળખવામાં આવે છે. હવે આપણે સાક્ષરતાના સંદર્ભમાં કેટલીક માહિતીનો ઉપયોગ કરી ગુજરાતમાં સાક્ષરતાની સ્થિતિ શું છે તેનો અભ્યાસ કરીશું.

### 10.2.1.1 સામાન્ય સાક્ષરતા દર :

ગુજરાત રાજ્યનો સામાન્ય સાક્ષરતા દર કેટલો છે તે નીચે આપેલ કોઠાની માહિતીથી ખ્યાલ આવશે.

ટેબલ નં. 1 : સામાન્ય સાક્ષરતા દર

| ક્રમ | વર્ષ | ગુજરાત | ભારત |
|---:|---:|---:|---:|
| 1 | 1951 | 21.82 | 18.33 |
| 2 | 1961 | 31.47 | 28.30 |
| 3 | 1971 | 36.95 | 34.45 |
| 4 | 1981 | 44.92 | 43.57 |
| 5 | 1991 | 61.29 | 52.21 |
| 6 | 2001 | 69.14 | 64.84 |
| 7 | 2011 | 79.31 | 74.04 |

સોર્સ : Office of the Registrar General, India

ઉપરોક્ત માહિતી પરથી ખ્યાલ આવશે કે ગુજરાતનો સાક્ષરતા દર દરેક દસકામાં ભારતના સરેરાશ સાક્ષરતાના દર કરતા ઊંચો જોવા મળે છે. ઉપરોક્ત આંકડાના આધારે કહી શકીએ કે 60 વર્ષના આયોજનકાળ દરમિયાન ગુજરાતમાં 57.49 ટકાવારી બિંદુ જેટલો સાક્ષરતાના પ્રમાણમાં વધારો થયો છે. જ્યારે ભારતમાં આ સમયગાળા દરમિયાન 55.71 ટકાવારી બિંદુ જેટલો વધારો થયો છે. આમ આયોજનકાળ દરમિયાન સાક્ષરતાના પ્રમાણમાં વૃદ્ધિની દૃષ્ટિએ ભારત કરતાં ગુજરાત રાજ્યની સ્થિતિ સારી છે. છતાં બંનેની ટકાવારી બિંદુમાં ખાસ કોઈ મોટો તફાવત જોવા નથી મળતો.

બીજી રીતે કહીએ તો, આજે પણ ગુજરાતના પાંચ વ્યક્તિમાંથી એક વ્યક્તિ નિરક્ષર છે, જ્યારે ભારત દેશના ચાર વ્યક્તિમાંથી એક વ્યક્તિ નિરક્ષર છે. ભારત દેશમાં સૌથી વધુ સાક્ષરતા કેરાલા રાજ્યમાં છે. 1951 ની સાલમાં સમગ્ર દેશમાં કેરાલા રાજ્યનું સ્થાન સાક્ષરતાની દૃષ્ટિએ પ્રથમ હતું અને ગુજરાતનું સ્થાન સાતમું હતું. જ્યારે 2011 માં સાક્ષરતાની દૃષ્ટિએ કેરાલા રાજ્યનું સ્થાન 93.91 ટકા સાથે પ્રથમ હતું અને ગુજરાત રાજ્યનું 79.31 ટકા સાથે 18 મું હતું. આનો અર્થ એમ થયો કે આઠ વર્ષના ગાળા દરમિયાન શિક્ષણ ક્ષેત્રે ઘણા રાજ્યો ગુજરાત રાજ્ય કરતા આગળ થઈ ગયા છે અથવા એમ કહી શકાય કે ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે જેટલી પ્રગતિ થવી જોઈતી હતી એટલી થઈ શકી નથી.

10.2.1.2 ગુજરાત અને ભારતમાં જાતિ પ્રમાણે સાક્ષરતા દર :

માત્ર સાક્ષરતા દરથી શિક્ષણ ક્ષેત્રે કેટલી પ્રગતિ થઈ તેનો ખ્યાલ આવતો નથી, પરંતુ પુરૂષોની સાથે સાથે મહિલાઓમાં પણ સાક્ષરતાના પ્રમાણમાં કેટલો ફેરફાર થયો, તે જાણવું પણ જરૂરી છે. સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે મહિલાઓને શિક્ષણ મળવું જરૂરી છે. Brigham Young ના શબ્દોમાં કહીએ તો,

"You educate a man, you educate a man, you educate a woman; you educate a generation."

મહિલાઓને જો શિક્ષણ મળશે તો તે અનેક પેઢીઓને તારશે તેવું વિદ્વાનોનું માનવું છે. આથી આપણે જાતિ પ્રમાણે ગુજરાત અને ભારતમાં સાક્ષરતાની સ્થિતિ તપાસીશું.

ટેબલ નં. 2 : ગુજરાતમાં જાતિ પ્રમાણે સાક્ષરતાનું પ્રમાણ

| ક્રમ | વર્ષ | ગુજરાત | | | | ભારત | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | તફાવત | પુરૂષ | સ્ત્રી | કુલ | તફાવત |
| 1 | 1951 | 30.32 | 12.87 | 21.82 | 17.45 | 27.16 | 8.86 | 18.33 | 18.30 |
| 2 | 1961 | 42.49 | 19.74 | 31.47 | 22.75 | 40.41 | 15.35 | 28.30 | 25.05 |
| 3 | 1971 | 47.60 | 25.56 | 36.95 | 22.04 | 45.96 | 21.97 | 34.45 | 23.08 |
| 4 | 1981 | 55.95 | 33.20 | 44.92 | 22.75 | 56.38 | 29.76 | 43.57 | 26.62 |
| 5 | 1991 | 73.13 | 48.64 | 61.29 | 24.49 | 64.13 | 39.21 | 52.21 | 24.84 |
| 6 | 2001 | 79.66 | 57.80 | 69.14 | 21.86 | 75.26 | 53.67 | 64.83 | 21.59 |
| 7 | 2011 | 87.23 | 70.73 | 79.31 | 16.50 | 82.14 | 65.46 | 74.04 | 16.68 |

સોર્સ : Office of the Registrar General, India

ઉપરોક્ત આંકડા દર્શાવે છે કે ગુજરાત રાજ્યમાં દરેક દસકામાં પુરૂષોની સરખામણીએ મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ નીચું જોવા મળે છે. 1951 થી 1991 ના ગાળા દરમિયાન 70 ના દસકાને બાદ કરતાં દરેક દસકામાં સ્ત્રી–પુરૂષ સાક્ષરતા દરનો તફાવત વધતો જાય છે. આ વાક્ય મૂળ પ્રમાણે જોઈ લેવું. 1991 બાદ સ્ત્રી–પુરૂષ શિક્ષણના પ્રમાણનો તફાવત ઘટતો જાય છે. એટલે કે 1991 માં નવા આર્થિક સુધારા અપનાવ્યા બાદ સમાજમાં સ્ત્રીઓની શિક્ષણ અંગેની જાગૃતિ સતત વધતી જાય છે. વૈશ્વિકીકરણને કારણે ભારતીય સમાજ વિશ્વના સમાજ સાથે જોડાવવાથી તેમજ સરકાર દ્વારા કરવામાં આવતા વિવિધ પ્રયત્નો તેમજ સમાજમાં વધતા જતાં શિક્ષણને કારણે સ્ત્રીઓમાં શિક્ષણ વધે તે અંગેની જાગૃતિમાં વધારો થયો હોવાથી 1991 બાદ સ્ત્રી–પુરૂષ સાક્ષરતાના પ્રમાણમાં વધારો થઈ રહ્યો હોવાની અધિકૃત માહિતી મળતી

રહી છે. ગુજરાતની જેમ સમગ્ર ભારતમાં પુરૂષોની સરખામણીએ સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ દરેક દસકામાં ઓછું જોવા મળે છે. માત્ર 70 ના દસકાને બાદ કરતાં 1981 સુધી સ્ત્રી–પુરૂષ સાક્ષરતામાં તફાવત વધતો જાય છે. ભારતમાં 1981 પછી સ્ત્રી–પુરૂષ સાક્ષરતાના પ્રમાણમાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

ગુજરાત રાજ્ય અને સમગ્ર ભારતમાં સાક્ષરતાના દરની સરખામણી કરીએ તો દરેક દસકામાં સમગ્ર ભારતની સરેરાશ કરતાં ગુજરાત રાજ્યમાં સાક્ષરતાનું પ્રમાણ વધુ છે. સ્ત્રી સાક્ષરતા દરની સરખામણી કરીએ તો પણ ગુજરાત રાજ્યમાં સમગ્ર ભારતની સરખામણીએ સાક્ષરતાનું સ્તર ઊંચું જોવા મળે છે. પરંતુ પુરૂષોમાં સાક્ષરતા દરની સરખામણી કરીએ તો 1981ના દસકામાં ગુજરાત રાજ્ય કરતાં સમગ્ર ભારતમાં સાક્ષરતાનો દર ઊંચો જોવા મળે છે. બાકીના બધા જ દસકામાં સમગ્ર ભારતની સરખામણીએ ગુજરાત રાજ્યમાં સાક્ષરતાનો દર વધુ જોવા મળે છે.

ગુજરાત રાજ્ય અને સમગ્ર ભારતમાં પુરૂષ અને સ્ત્રીમાં સાક્ષરતાનાં દરમાં અનુક્રમે 56.91, 57.86, 54.98 અને 56.6 ટકાવારી બિંદુ જેટલો વધારો થયો છે. એટલે કે ગુજરાત રાજ્યમાં સમગ્ર ભારત કરતાં પુરૂષ અને સ્ત્રી બંનેની સાક્ષરતામાં વધારો જોવા મળે છે. ગુજરાત રાજ્ય અને સમગ્ર ભારતમાં આયોજનકાળ દરમિયાન પુરૂષોના સાક્ષરતા પ્રમાણ કરતાં સ્ત્રીઓનું સાક્ષરતા પ્રમાણ સામાન્યતઃ વધારે જોવા મળે છે.

### 10.2.2 કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ (Gross Enrollment Ratio) :

સમાજના વિકાસ માટે શિક્ષણનો વ્યાપ વધવો ખૂબ જ જરૂરી છે. શિક્ષણનો વ્યાપ વધારવા માટે સમાજના દરેક વર્ગને શિક્ષણ મળે તે જરૂરી છે. તે માટે પ્રવેશ મળવો જરૂરી છે. લોકોને શિક્ષણ મેળવવા માટે પ્રવેશ મળે તે મહત્ત્વનું છે. શિક્ષણમાં પ્રવેશ નોંધણી સમાજમાં કેટલા લોકોને શિક્ષણ મેળવવાની તક મળે છે તે બાબત દર્શાવે છે. શાળા કોલેજમાં પ્રવેશ નોંધણી માટે બે ખ્યાલ આપવામાં આવ્યા છે. જેમાં (૧) કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ અને (૨) ચોખ્ખુ પ્રવેશ નોંધણીનું પ્રમાણ. હવે આપણે આ બંને ખ્યાલને સમજવાનો પ્રયત્ન કરીશું.

કુલ પ્રવશે નોંધણીનું પ્રમાણ એટલે ઉંમરને ધ્યાનમાં લીધા વિના શિક્ષણના જુદા–જદ્દા સ્તરે ચોક્કસ વર્ષ દરમિયાન પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા. આ ખ્યાલ એવું દર્શાવે છે કે શાળા કે કોલેજમાં ચોક્કસ વર્ષ દરમિયાન જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે તેની ઉંમરને ધ્યાનમાં લેવામાં આવતી નથી.

ચોખ્ખી પ્રવેશ નોંધણીનું પ્રમાણ એટલે શિક્ષણના જુદા–જુદા સ્તરે શિક્ષણ માટેની નિર્ધારીત વયના છોકરા અને છોકરીઓનું નોંધણીનું પ્રમાણ.

હવે આપણે કુલ પ્રવેશ નોંધણીના પ્રમાણના સંદર્ભમાં ગુજરાત રાજ્યની શું સ્થિતિ છે તે તપાસી રાષ્ટ્રીય સ્થિતિ સાથે તેની સરખામણી કરવાનો પ્રયત્ન કરીશું.

ટેબલ નં. 3 : Gross Enrolment Rates (GER)

| | Years | Primary | | | Upper Primery | | | Secondary | | | Higher Secondary | | | Higher Education | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Boys | Girls | Total | Boys | Girls | Total | Boys | Girls | Total | Boys | Girls | Total | Boys | Girls | Total |
| Gujarat | 2013–14 | 100.32 | 102.06 | 101.13 | 91.82 | 89.72 | 90.86 | 81.80 | 65.93 | 74.50 | 53.06 | 43.25 | 48.51 | 21.5 | 17.2 | 19.5 |
| | 2014–15 | 97.57 | 100.07 | 98.72 | 93.63 | 93.47 | 93.56 | 80.82 | 66.67 | 74.34 | 47.44 | 42.02 | 44.93 | 22.2 | 17.5 | 20.0 |
| | 2015–16 | 95.46 | 99.11 | 97.24 | 94.70 | 96.99 | 95.73 | 80.26 | 66.82 | 74.13 | 45.17 | 41.42 | 43.43 | 22.9 | 18.3 | 20.7 |
| India | 2013–14 | 100.20 | 102.65 | 101.36 | 86.31 | 92.75 | 89.33 | 76.80 | 76.47 | 76.64 | 52.77 | 51.58 | 52.21 | 23.9 | 22.0 | 23.0 |
| | 2014–15 | 98.85 | 101.43 | 100.08 | 87.71 | 95.29 | 91.24 | 78.13 | 78.94 | 78.51 | 54.57 | 53.81 | 54.21 | 25.3 | 23.2 | 24.3 |
| | 2015–16 | 97.87 | 100.69 | 99.21 | 88.72 | 97.57 | 92.81 | 79.16 | 80.79 | 80.01 | 55.95 | 56.41 | 56.16 | 25.4 | 23.5 | 24.5 |

સોર્સ : DISE Data

ઉપરોક્ત ટેબલ જોતાં ખ્યાલ આવે છે કે ગુજરાત રાજ્યમાં કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ 2013–14 ની તુલનાએ 2015–16 માં પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં ઘટાડો થયો છે. જ્યારે માધ્યમિક શિક્ષણમાં આ ગાળા દરમિયાન ખાસ કોઈ ફેરફાર થયો નથી જ્યારે ઉચ્ચ પ્રાથમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં આ સમયગાળા દરમિયાન વધારો થયેલો જોવા મળે છે. ગુજરાતમાં કુલ પ્રવેશ નોંધણી પ્રમાણની સરખામણી રાષ્ટ્રી ય સ્તર સાથે કરીએ તો 2015–16માં કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં ઓછું જોવા મળે છે. માત્ર ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં જ વધારે જોવા મળે છે.

સામાન્ય રીતે ભારત પુરૂષપ્રધાન સામાજિક વ્યવસ્થા ધરાવે છે. આથી મહિલાની તુલનાએ પુરૂષોને તમામ ક્ષેત્રે વધારે તક મળતી હોય છે. શાળા–કોલેજમાં પ્રવેશ નોંધણીના સંદર્ભમાં જાતિ પ્રમાણેની સ્થિતિ જોઈએ તો 2013–14 અને 2015–16 બંને વર્ષમાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં છોકરીઓની તુલનાએ છોકરાઓની નોંધણીનું પ્રમાણ વધારે જોવા મળે છે. જ્યારે આ બંને વર્ષમાં પ્રાથમિક શિક્ષણમાં છોકરાઓ કરતાં છોકરીઓનું નોંધણીનું પ્રમાણ વધારે જોવા મળે છે અને ઉચ્ચતર પ્રાથમિકમાં 2013–14 માં છોકરીઓ કરતાં છોકરાઓનું નોંધણીનું પ્રમાણ વધારે જોવા મળે છે. આથી આપણે એવું કહી શકીએ કે પ્રાથમિક શિક્ષણમાં છોકરાઓની તુલનાએ છોકરીઓ વધારે પ્રવેશ મેળવે છે. પરંતુ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ તરફ જતાં છોકરીઓનું શિક્ષણ છોડવાનું પ્રમાણ વધી જાય છે. આ માટેના જવાબદાર કારણોમાં સ્ત્રી શિક્ષણને અપાતું ઓછું મહત્ત્વ, ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણની ઓછી સુવિધા, ઘરકામ માટે મુખ્યત્વે છોકરીઓની જવાબદારી, કુટુંબની આર્થિક સ્થિતિ વગેરેને ગણાવી શકાય.

જાતિ પ્રમાણ મુજબ પ્રવેશ નોંધણીની સરખામણી રાષ્ટ્રીય સ્તર સાથે કરીએ તો સમગ્ર ભારતમાં માત્ર ઉચ્ચ શિક્ષણમાં જ છોકરાઓ કરતાં છોકરીઓના પ્રવેશનું પ્રમાણ ઓછું છે. બાકી 2015–16 ના વર્ષમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર પ્રાથમિકમાં છોકરાઓ કરતાં છોકરીઓનું નોંધણીનું પ્રમાણ વધારે જોવા મળે છે.

ગુજરાત રાજ્યની સરખામણીએ સમગ્ર ભારતમાં પ્રાથમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં 2015–16 નાં વર્ષમાં છોકરાઓ કરતા છોકરીઓનું પ્રવેશ નોંધણીનું પ્રમાણ વધારે છે. જ્યારે ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં છોકરીઓના પ્રવેશ નોંધણીનું પ્રમાણ વધુ અને છોકરાઓનું પ્રવેશ નોંધમી પ્રમાણ ઓછું જોવા મળે છે.

10.2.3 જાતિ સમાનતા આંક :

કોઈ એક વિસ્તારમાં મહિલાઓને શિક્ષણ મેળવવાની કેટલી તક ઉપલબ્ધ થઈ છે તેનો ખ્યાલ જાતિ સમાનતા આંક દ્વારા મળી શકે છે. જાતિ સમાનતા આંક એટલે છોકરીઓના કુલ પ્રવેશ નોંધણીના ગુણોત્તરને છોકરાઓના કુલ પ્રવેશ નોંધણીના ગુણોત્તર દ્વારા ભાગતા જે આંક મળે તેને કહેવાય. આ આંક શોધતા જો આંક 1 (એક) આવે તો તેનો અર્થ એ થયો કે શિક્ષણ પ્રવેશ સંદર્ભમાં છોકરા અને છોકરી બંનેને સરખી તકો સાંપડી છે. જો જવાબ 1 કરતાં ઓછો આવે તો તેનો અર્થ એ થયો કે છોકરાઓ કરતા છોકરીઓને ઓછી તક મળી છે અને જવાબ 1 કરતા વધુ આવે તો છોકરાઓ કરતા છોકરીઓને વધારે તક પ્રાપ્ત થઈ છે. જાતિ સમાનતા આંક (GPI) શોધવા માટેનું સૂત્ર આ મુજબ છે.

$$GPI = \frac{\text{GER of Girls Students}}{\text{GER of Boys Students}}$$

ગુજરાત રાજ્યમાં GPI ની શું સ્થિતિ છે તે હવે તપાસીએ.

ટેબલ નં. 4 : Gender Parity Index (GPI)

| | Years | Primary | Upper Primery | Secondary | Higher Secondary | Higher Education |
|---|---|---|---|---|---|---|
| | | Total | Total | Total | Total | Total |
| Gujarat | 2013–14 | 1.02 | 0.98 | 0.81 | 0.82 | 0.80 |
| | 2014–15 | 1.03 | 1.00 | 0.82 | 0.89 | 0.79 |
| | 2015–16 | 1.04 | – | 0.83 | 0.92 | 0.80 |
| India | 2013–14 | 1.02 | 1.07 | 1.00 | 0.98 | 0.92 |
| | 2014–15 | 1.03 | 1.09 | 1.01 | 0.99 | 0.92 |
| | 2015–16 | 1.03 | – | 1.02 | 1.01 | 0.92 |

સોર્સ : Education Status Report

ઉપરોક્ત કોઠો જોતાં ખ્યાલ આવે છે કે ગુજરાતમાં પ્રાથમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં GPI એક કરતાં વધારે જોવા મળે છે એટલે કે છોકરાઓ કરતાં છોકરીઓનું શિક્ષણ મેળવવાનું પ્રમાણ વધારે જોવા મળે છે. જ્યારે માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં GPI એક કરતા ઓછો જોવા મળે છે એટલે કે છોકરીઓનું છોકરાઓની તુલનામાં પ્રવેશનું પ્રમાણ ઓછું જોવા મળે છે. આ માટેના કારણોની ચર્ચા આપણે ઉપરના ફકરામાં કરેલ છે.

સમગ્ર ભારતના GPI ની વાત કરીએ તો પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં તેમજ વર્ષ 2015–16 માં ઉચ્ચતર માધ્યમિકમાં 1 કરતા વધારે છે અને 2013–14 અને 2014–15 તેમજ ઉચ્ચ શિક્ષણમાં 1 કરતા ઓછું પ્રમાણ જોવા મળે છે. ગુજરાત રાજ્યના GPI ની સમગ્ર ભારતના GPI સાથે તુલના કરીએ તો શિક્ષણના દરેક સ્તર અને દરેક વર્ષોમાં સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્ય કરતા GPI નું પ્રમાણ વધારે જોવા મળે છે.

### 10.2.4 શૈક્ષણિક સંસ્થાઓનું પ્રમાણ :

કોઈપણ વિસ્તારમાં શિક્ષણની પહોંચ વધારવા માટે પૂરતા પ્રમાણમાં શૈક્ષણિક સંસ્થાઓ હોવી જરૂરી છે. હવે આપણે ગુજરાતમાં શિક્ષણના જુદા–જુદા સ્તરે શિક્ષણની કેટલી સંસ્થાઓ છે તેની માહિતી કોઠા દ્વારા મેળવીશું.

ટેબલ નં. 5 : સંસ્થાની સંખ્યા (No. of Institute)

| Years | Primary | | ઉચ્ચપ્રાથમિક | | માધ્યમિક | | ઉચ્ચમાધ્યમિક | | ઉચ્ચશિક્ષણ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગુજરાત | ભારત | ગુજરાત | ભારત | ગુજરાત | ભારત | ગુજરાત | ભારત | ગુજરાત | ભારત |
| 2013–14 | 11,698 (1.36) | 8,58,916 | 28,918 (6.86) | 4,21,524 | 4,572 (3.42) | 1,33,542 | 5,965 (5.76) | 1,03,569 | 1,944 (5.40) | 36,634 |
| 2014–15 | 11,689 | 8,47,118 | 29,464 | 4,25,094 | 4,424 (3.27) | 1,35,335 | 6,387 | 1,09,318 | 1,989 | 38,498 |
| 2015–16 | 11,840 | 8,40,546 | 29,642 | 4,29,324 | 4,350 | 1,39,539 | 6,592 | 1,12,637 | 2,019 | 39,071 |

National Institute of Educational Planning & Administration, New Delhi

ઉપરોક્ત કોષ્ટક તપાસતા જણાય છે કે ગુજરાતમાં 2013–14 ના વર્ષ કરતાં 2015–16 ના વર્ષમાં પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, ઉચ્ચ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની સંખ્યામાં વધારો થયો છે, જ્યારે માધ્યમિક શિક્ષણની સંસ્થાઓની સંખ્યામાં ઘટાડો થયેલો છે. જ્યારે સમગ્ર ભારતમાં 2013–14 નાં વર્ષ કરતા 2014–15 ના વર્ષમાં પ્રાથમિક શાળાની સંખ્યામાં ઘટાડો થયો છે અને ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં વધારો થયો છે. ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યાની તુલના સમગ્ર ભારત સાથે કરીએ તો 2015–16 ના વર્ષમાં પ્રાથમિક શાળાની સંખ્યા 1.40 ટકા, ઉચ્ચ પ્રાથમિક શાળાનું પ્રમાણ 6.90 ટકા, માધ્યમિક શાળાનું પ્રમાણ 3.12 ટકા, ઉચ્ચતર માધ્યમિક શાળાનું પ્રમાણ 5.85 ટકા અને કોલેજોનું પ્રમાણ 5.17 ટકા હતું.

### 10.2.5 શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધાઓનું પ્રમાણ :

શિક્ષણનો વ્યાપ અને ગુણવત્તામાં વધારો કરવા માટે માત્ર શૈક્ષણિક સંસ્થાઓ જ નહિ પરંતુ શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધા હોવી પણ ખૂબજ જરૂરી છે. હવે આપણે ગુજરાત રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધાઓ કેવી છે તે તપાસીશું. આ સાથે આપણે શાળાઓમાં શિક્ષકોનું પ્રમાણ પણ તપાસવાનો પ્રયત્ન કરીશું.

ટેબલ નં. 6 : શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધાઓ

| PerformanceIndicaters(in%) | Primary only | | Primary with U.P. | | P. +U.P. + Sec. / H.S. | | Upper Primary only | | U.P.+Sec. / H.S. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | 07–08 | 15–16 | 07–08 | 15–16 | 07–08 | 15–16 | 07–08 | 15–16 | 07–08 | 15–16 |
| Single–ClassroomSchools | 6.5 | 2.6 | 0.9 | 0.4 | 0.5 | 0.3 | 1.6 | 1.2 | 4.1 | 5.9 |
| Single–TeacherSchools | 4.5 | 3.9 | 0.6 | 0.7 | 1.1 | 0.0 | 4.3 | 2.5 | 3.2 | 0.5 |
| SchoolswithGirlsToilets | 47.0 | 99.9 | 73.3 | 100.0 | 90.0 | 100.0 | 82.9 | 100.0 | 91.2 | 100.0 |
| SchoolswithDrikingWaterFacility | 80.0 | 100.0 | 90.3 | 99.9 | 97.2 | 100.0 | 97.6 | 100.0 | 99.5 | 100.0 |
| SchoolswithKitchenShed | 33.9 | 96.1 | 47.0 | 96.4 | 38.0 | 91.7 | 38.3 | 79.9 | 30.0 | 83.8 |
| Schoolswith<=50Students | 40.3 | 54.1 | 17.5 | 8.2 | 6.3 | 2.5 | 15.4 | 14.8 | 12.0 | 15.0 |
| Pupil–TeacherRatio | 29 | 22 | 33 | 30 | 35 | 25 | 34 | 33 | 35 | 9 |
| Students–ClassroomRatio | 31 | 19 | 36 | 28 | 35 | 41 | 34 | 28 | 32 | 32 |
| Av.No.of TeachersPerSchool | 3.4 | 3.0 | 7.2 | 8.2 | 10.0 | 22.9 | 5.3 | 5.5 | 6.1 | 17.3 |
| FemaleTeachers | 49.1 | 51.0 | 53.5 | 55.4 | 71.2 | 65.3 | 56.2 | 59.1 | 65.0 | 30.5 |

સ્રોત : NUEPA

ઉપરોક્ત કોષ્ટક જોતાં ખ્યાલ આવે છે કે એક જ વર્ગખંડ ધરાવતી હોય તેવી શાળાનું પ્રમાણ 2007–08 ની તુલનાએ 2015–16 માં પ્રાથમિક, પ્રાથમિક + ઉચ્ચ પ્રાથમિક, પ્રાથમિક + ઉચ્ચ પ્રાથમિક + માધ્યમિક + ઉચ્ચ માધ્યમિક, માત્ર ઉચ્ચતર માધ્યમિકમાં ઘટાડો નોંધાયો છે, જ્યારે જે શાળામાં ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક હતું તેમાં વધારો થયો છે.

એક જ શિક્ષક હોય તેવી શાળાના પ્રમાણમાં પણ 2007–08 ની તુલનાએ 2015–16 માં પ્રાથમિક + ઉચ્ચતર પ્રાથમિક શાળામાં સામાન્ય વધારો નોંધાયેલો છે.

કન્યાઓ શાળાઓમાંથી અધવચ્ચે શિક્ષણ છોડી જતી ન રહે તે માટે કન્યાઓને લગતી કેટલીક સુવિધાઓ હોવી જરૂરી છે. આ સુવિધાઓમાં એક મહત્ત્વની સુવિધા કન્યા શૌચાલયની છે. સાળામાં આ પ્રકારની સુવિધાના અભાવના કારણે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં કન્યાઓ શિક્ષણ છોડવાનું પ્રમાણ વધારે જોવા મળે છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા દસકામાં આ પ્રકારની સુવિધાઓમાં ખાસ વધારો થયેલો જોવા મળે છે. પ્રાથમિક શાળા સિવાય દરેક સ્તરે આ પ્રકારની સુવિધા 2015–16 ના વર્ષમાં 100 ટકા ઉપલબ્ધ હતી અને પ્રાથમિક શાળાઓમાં પણ 99.9 ટકા સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવી હતી. શાળાઓમાં પીવાના પાણીની સુવિધાઓ પણ 100 ટકા આપવામાં આવી રહી છે. ગુજરાત રાજ્યમાં બાળકો માટે મધ્યાહ્ન ભોજન યોજના ચાલતી હોવાથી લગભગ મોટાભાગની શૈક્ષણિક સંસ્થાઓમાં કિચન શેડની સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવી છે.

શાળાઓમાં વિદ્યાર્થીનું પ્રમાણ કેટલું છે તે બાબત પણ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ અગત્યની છે. જો શાળાઓમાં વિદ્યાર્થીઓનું પ્રમાણ ઓછું હશે તો વિદ્યાર્થી દીઠ શિક્ષણનો સરેરાશ ખર્ચ વધારે આવશે અને જો વિદ્યાર્થીઓનું પ્રમાણ ખૂબ વધારે હશે તો શિક્ષણની ગુણવત્તા પર તેની નકારાત્મક અસર પડશે.

શિક્ષણની ગુણવત્તા ઊંચે લઈ જવા માટે મહત્ત્વના કેટલાક પરિબળોમાં વિદ્યાર્થી–શિક્ષણનું ગુણોત્તર પ્રમાણ મહત્ત્વનું પરિબળ છે. જો શિક્ષણની ગુણવત્તા સુધારવી હોય તો વિદ્યાર્થી–શિક્ષક ગુણોત્તરમાં ઘટાડો લાવવો પડે. વિદ્યાર્થી–શિક્ષક ગુણોત્તર એટલે એક શિક્ષક દીઠ વિદ્યાર્થીઓનું પ્રમાણ. ઉપરોક્ત ટેબલ જોતાં ખ્યાલ આવશે કે ગુજરાત રાજ્યમાં શિક્ષણના દરેક સ્તરે 2007– 08 ના વર્ષ કરતાં 2015–16 ના વર્ષમાં વિદ્યાર્થી–શિક્ષક ગુણોત્તરના પ્રમાણમાં ઘટાડો થયેલો જોવા મળે છે. આનો અર્થ એ થાય છે કે ગુજરાત રાજ્યમાં સરકાર દ્વારા છેલ્લા દાયકા દરમિયાન શિક્ષકોની ભરતી મોટા પાયે કરી છે.

અહીં શાળાદીઠ શિક્ષકનું પ્રમાણ કેટલું છે તે જોવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યમાં 2007–08 ના વર્ષની તુલનાએ 2015–16 ના વર્ષમાં માત્ર પ્રાથમિક શાળા સિવાય દરેક સ્તરની શાળામાં સરેરાશ શિક્ષકોની સંખ્યામાં વધારો થયો છે. જ્યારે પ્રાથમિક શાળામાં સામાન્ય ઘટાડો નોંધાયેલો જોવા મળે છે. આમ સારા પ્રમાણમાં શિક્ષકોની ભરતી કરવાથી સરેરાશ શિક્ષકોની સંખ્યા શાળાદીઠ વધવા પામી છે. કુલ શિક્ષકોમાં મહિલા શિક્ષકોનું પ્રમાણ કેટલું છે તે પણ જાણવાનો પ્રયત્ન કર્યો છે. અહીં જોઈ શકીએ છીએ કે 2015–16 ના વર્ષમાં શિક્ષણના દરેક સ્તરે સિવાય કે ઉચ્ચ પ્રાથમિક + માધ્યમિક + ઉચ્ચતર માધ્યમિક શાળામાં મહિલા શિક્ષકોનું પ્રમાણ 50 ટકા કરતાં વધારે જોવા મળે છે. માત્ર P + Sec. + H.S. શાળા સ્તરે જ મહિલાનું પ્રમાણ 30 ટકાની આસપાસ છે.

### 10.2.6 શિક્ષણ વિકાસ આંક (EDI) :

EDI નો મુખ્ય હેતુ શિક્ષણ સંબંધિત સાધનો, પ્રક્રિયા અને પરિણામના નિર્દેશકોને લગતા જુદા–જુદા પાસાઓને ધ્યાનમાં રાખી શિક્ષણની સમગ્રતયા સ્થિતિ દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ આંકથી એવો ખ્યાલ આવે છે કે કયો પ્રદેશ કે વિસ્તાર શિક્ષણના વિકાસમાં પાછળ રહી ગયો છે. જેથી કરીને જે–તે પ્રદેશ કે વિસ્તારમાં શિક્ષણના સુધારા પર ભાર આપી શકાય છે. આથી તેને શિક્ષણના સુધારા માટેનું એક મહત્ત્વનું સાધન માનવામાં આવે છે.

ભારતમાં DISE જુદી–જુદી શાળાઓ આધારીત સાધનો, પ્રક્રિયા અને કેટલાક પરિણામ સંબંધિત નિર્દેશકોની માહિતી પૂરી પાડે છે. DISE ની માહિતીના આધારે, NUEPA (National University of Educational Planning and Administration) ભારત સરકારનો શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ શિક્ષણ વિકાસ આંકની ગણતરી કરે છે. પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ માટેનો અલગ–અલગ અને બંનેનો સંયુક્ત શિક્ષણ વિકાસ આંકની ગણતરી કરવામાં આવે છે. ભારત સરકારે આ માટે 2005–06 ના વર્ષમાં એક કાર્યકારી જૂથની રચના કરી છે, જેમાં NUEPA પણ એક સભ્ય છે. હવે આપણે ગુજરાત રાજ્યમાં પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ વિકાસ આંકની ચર્ચા કરીએ.

ટેબલ નં. 7 : પ્રાથમિક કક્ષા

| પ્રવેશ | | આંતર માળખુ | | શિક્ષક | | પરિણામ | |
|---|---|---|---|---|---|---|---|
| આંક | ક્રમ | આંક | ક્રમ | આંક | ક્રમ | આંક | ક્રમ |
| 0.101 | 33 | 0.586 | 15 | 0.805 | 10 | 0.759 | 12 |

સોર્સ : NUEPA

ઉપરોક્ત કોઠો જોતા ખ્યાલ આવે છે કે શિક્ષણના જુદા–જુદા પાસાઓમાં ગુજરાત રાજ્યનો સમગ્ર ભારતમાં જુદો–જુદો ક્રમ જોવા મળે છે. ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણમાં સૌથી સારી સ્થિતિ શિક્ષકના પ્રમાણમાં છે જે સમગ્ર ભારતમાં 0.805 આંક સાથે આઠમો ક્રમ ધરાવે છે અને સૌથી નબળી સ્થિતિ શાળા પ્રવેશની સ્થિતિમાં છે. જેમાં 0.101 આંક સાથે સમગ્ર ભારતમાં 33 મો ક્રમ ધરાવે છે. જ્યારે પરિણામ અને આંતર માળખાના સંદર્ભમાં પણ ઠીક કહી શકાય તેવી સ્થિતિ રાજ્ય ધરાવે છે. પરિણામમાં ૧૨મો ક્રમ અને આંતર માળખાકીય સ્થિતિમાં 15 ક્રમ ધરાવે છે. અહીં આર્થિક વિકાસની દૃષ્ટિએ હંમેશા સમગ્ર ભારતમાં અગ્ર સ્થાનોમાં રહેતું ગુજરાત રાજ્ય શિક્ષણના સંદર્ભમાં ઘણું પાછળ જોવા મળે છે.

આપણે ત્યાં પ્રાથમિક શિક્ષણને બે ભાગમાં વહેંચવામાં આવ્યું છે. પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક એટલે ધોરણ 6 થી 8 સુધીનું શિક્ષણ. હવે આપણે ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણમાં શિક્ષક વિકાસ આંકની સ્થિતિ કેવી છે તે જોઈએ.

ટેબલ નં. 8 : ઉચ્ચતર પ્રાથમિક કક્ષા

| પ્રવેશ | | આંતર માળખું | | શિક્ષક | | પરિણામ | |
|---|---|---|---|---|---|---|---|
| આંક | ક્રમ | આંક | ક્રમ | આંક | ક્રમ | આંક | ક્રમ |
| 0.368 | 14 | 0.814 | 3 | 0.848 | 12 | 0.606 | 21 |

સોર્સ : એજ્યુકેશન સ્ટેટસ રિપોર્ટ – ગુજરાત

ઉપરોક્ત માહિતી પરથી ખ્યાલ આવે છે કે ઉચ્ચતર પ્રાથમિક કક્ષાએ ગુજરાત રાજ્યની શિક્ષણ વિકાસ આંકના જુદા–જુદા પાસાંની સ્થિતિ ઘણી સારી છે તેવું કહી શકાય નહિ. આ પાસાઓમાં માત્ર આંતર માળખાકીય સુવિધાઓની દૃષ્ટિએ ગુજરાત સમગ્ર ભારતમાં સારી સ્થિતિ ધરાવે છે. કારણ કે આ ક્ષેત્રે 0.814 ના આંક સાથે સમગ્ર ભારતમાં ગુજરાત ત્રીજો ક્રમ ધરાવે છે. સૌથી વધારે નબળી પરિસ્થિતિ વિદ્યાર્થીઓના પરીણામમાં જોવા મળે છે. જ્યાં 0.606 આંક સાથે ગુજરાત રાજ્યનો ક્રમ 21 મો છે. જ્યારે શિક્ષકોનું પ્રમાણ અને પ્રવેશમાં રાજ્યનો ક્રમ અનુક્રમે 12 અને 14 મો છે.

આમ પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક કક્ષાએ શિક્ષણ વિકાસ આંકમાં ગુજરાત રાજ્ય સમગ્ર ભારતની સરખામણી એ ઘણું પાછળ છે તેમ કહી શકાય.

(ક) તમારી પ્રગતિ ચકાસો :

(1) ગુજરાત રાજ્યમાં સાક્ષરતાની સ્થિતિનું વર્ણન કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(2) ગુજરાત રાજ્યમાં પ્રવેશ નોંધણી પર વિગતે નોંધ લખો.

...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................

(3) જાતિ સમાનતા આંક એટલે શું ? ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે વિવિધ સ્તરે જાતિ સમાનતા આંકના વલણો તપાસો.

...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................

(4) ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓમાં પાયાની સુવિધાની સ્થિતિ વિશે નોંધ તૈયાર કરો.

...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................

(5) શિક્ષણ વિકાસ આંક એટલે શું ? શિક્ષણ વિકાસ અંગેની પ્રક્રિયા અને વલણો તપાસો.

...........................................................................
...........................................................................
...........................................................................
...........................................................................

## 10.3 ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે કેટલીક સમસ્યાઓ (પ્રશ્નો) :

શિક્ષણ એ એવું સાધન છે કે જે લોકોને જ્ઞાન, કુશળતા અને ટેક્નિક પૂરું પાડવાનું કાર્ય કરે છે. તેનાથી લોકો કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજ અને હક્ક બાબતમાં સભાન અને સક્ષમ બને છે. શિક્ષણ દ્વારા લોકોની વિશ્વને જોવાની દૃષ્ટિ વિકસે છે. તે સમાજને અન્યાય, હિંસા, ભ્રષ્ટાચાર સામે લડતાં શીખવે છે. આથી આપણે એવું કહી શકીએ કે શિક્ષણ લોકોના સર્વાંગી વિકાસ માટેનું એક પ્રેરક પરિબળ છે. તે ગુણવત્તાયુક્ત અને સર્વવ્યાપક બને તે સમાજ માટે ઈચ્છનીય અને જરૂરી છે. અહીં આપણે ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે જોવા મળતી કેટલીક મહત્ત્વની સમસ્યાઓની વિશે ચર્ચા કરીશું.

(1) સાક્ષરતાનું ઓછું પ્રમાણ : ગુજરાત રાજ્યમાં 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે સાક્ષરતાનું પ્રમાણ 79% જેટલું છે. વિશ્વના કેટલાક વિકસિત દેશો અને ભારતના કેટલાક વિકસિત રાજ્યોમાં સાક્ષરતાનું પ્રમાણ 90 ટકા કરતા પણ વધારે છે. આની સામે ગુજરાતમાં આ પ્રમાણ ઓછું છે. ગુજરાત અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યા બાદના 90 વર્ષોમાં દર પાંચ ગુજરાતીમાંથી એક ગુજરાતી નિરક્ષર માલૂમ પડે છે.

(2) શાળા–કોલેજોમાં નોંધણીનું નીચું પ્રમાણ : ગુજરાત સરકાર દ્વારા છેલ્લા બે દાયકાથી શાળા–કોલેજમાં નોંધણીનું પ્રમાણ વધે તે માટે ઘણી યોજનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ પ્રયત્નોના પરિણામે પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે નોંધણીનું પ્રમાણ વધવા પામ્યું છે અને લગભગ 95% કે તેની આસપાસ થયું છે. પરંતુ માધ્યમિક અને ઉચ્ચતર

માધ્યમિક શાળામાં નોંધણીનું પ્રમાણ હજુ અનુક્રમે 75% અને 50% ની આસપાસ રહ્યું છે, જે ઘણું ઓછું કહેવાય. આના કરતાં પણ દયનીય સ્થિતિ ઉચ્ચ શિક્ષણમાં જોવા મળે છે. જેમાં નોંધણીનું પ્રમાણ હજુ 21%ની આસપાસ જ જોવા મળે છે. એટલે 12 ધોરણ પાસ થયેલ પાંચ ગુજરાતીમાંથી માત્ર એક જ ગુજરાતી ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મેળવે છે.

(3) શાળા–કોલેજ છોડવાનું ઊંચું પ્રમાણ : વિદ્યાર્થીઓ શાળા–કોલેજમાં માત્ર પ્રવેશ મેળવે એટલું જ જરૂરી નથી, પરંતુ શાળા કે કોલેજનો અભ્યાસ પૂર્ણ કરે તે પણ ખૂબ જ જરૂરી છે. ગુજરાત રાજ્યમાં શાળા કે કોલેજ છોડી જવાનું પ્રમાણ ઘણું ઊંચું છે. ગુજરાત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી જુદી જુદી યોજનાઓને કારણે પ્રાથમિક ક્ષેત્રે શાળા છોડવાનું પ્રમાણ ઘણું ઘટ્યું છે, પરંતુ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે શિક્ષણ અધુરું છોડવાનું પ્રમાણ ઘણું વધારે છે. આ સમસ્યાને નિવારવા માટે હજી ઘણાં પગલાં લેવાબાકી છે.

(4) શિક્ષણક્ષેત્રે ઓછા બજેટની ફાળવણી : શિક્ષણનો વ્યાપ વધારવા તેમજ ગુણવત્તામાં સુધારો કરવા માટે શિક્ષણ પાછળ થતો ખર્ચ ખૂબ અગત્યનો છે. ગુજરાત રાજ્યમાં શિક્ષણ પાછળ થતા જાહેર ખર્ચનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. ગુજરાત સરકાર તેના કુલ બજેટના 3 થી 4 ટકા ખર્ચ જ શિક્ષણ પાછળ ખર્ચાળ છે. આથી સમગ્ર શિક્ષણ વ્યવસ્થામાં બજેટના પ્રમાણમાં ખૂબ જ ઓછા નાણાં ભાગે આવતાં હોય છે.

(5) કદના ગેરલાભો : શિક્ષણનો વ્યાપ અને ગુણવત્તા માટે નાણાકીય ફાળવણી અગત્યની છે, તેની સામે શિક્ષણ ક્ષેત્રે આ નાણાંનો ઈષ્ટત્તમ ઉપયોગ થાય એ પણ જરૂરી છે. ગુજરાત રાજ્યમાં મોટા ભાગે શાળાઓ અને કોલેજોનું પ્રમાણ એવું છે કે સંસ્થાઓમાં વિદ્યાર્થીઓનું પ્રમાણ 50 કે તેથી ઓછી સંખ્યા હોય છે. આથી શિક્ષણ ક્ષેત્રે રોકવામાં આવેલા સાધનોનો ઈષ્ટતમ ઉપયોગ શક્ય બનતો નથી. જેથી શિક્ષણ ક્ષેત્રે કદના લાભો મળવા જોઈએ તે મળતા નથી. બીજી રીતે કહીએ તો આ સમસ્યાને કારણે કદના ગેરલાભો ઉદ્દભવે છે.

(6) ખાનગીકરણનું વધતું પ્રમાણ : ભારત સરકારની ખાનગીકરણની નીતિ સાથે ગુજરાત સરકારે ખાનગીકરણની નીતિ અપનાવી છે. જેના ભાગ રૂપે ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે ખાનગી સંસ્થાનું પ્રમાણ સતત વધતું જાય છે. ખાનગી સંસ્થા વધુ વિદ્યાર્થીઓ મેળવવા માટે ઘણીવાર ગેરવ્યાજબી અને અનૈતિક રીત–રસમો અપનાવતી હોય છે. આ સંસ્થાઓની ફી ઘણી ઊંચું હોવાથી ગરીબ અને સામાન્ય આવક ધરાવતા વર્ગના છોકરા–છોકરીઓને શિક્ષણ મેળવવું મુશ્કેલ બનતું હોય છે.

(7) શિક્ષણની નિમ્ન ગુણવત્તા : શિક્ષણ ક્ષેત્રે આવતા પરિમાણાત્મક ફેરફારોની સાથે–સાથે ગુણાત્મક ફેરફારો થાય તે પણ જરૂરી છે. ગુજરાત રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા નબળી જણાય છે. પ્રથમ નામની સ્વૈચ્છિક સંસ્થાના અહેવાલ મુજબ ગુજરાત રાજ્યના કેટલાક વિસ્તારમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની વાંચન, ગણન અને લેખન ક્ષમતા હોવી જોઈએ, તેના કરતા ઓછી જણાઈ હતી. આથી આપણે એવું કહી શકીએ કે ગુજરાત રાજ્યમાં શિક્ષણની નિમ્ન ગુણવત્તા જોવા મળે છે. આ સમસ્યાને નિવારવા માટે ગુજરાત સરકાર સતત પ્રયત્ન કરી રહી છે.

## 10.4 શિક્ષણનું ખાનગીકરણ :

માનવજીવનના વિકાસ માટે શિક્ષણને મહત્ત્વના અને ખૂબ જ શક્તિશાળી સાધન તરીકે માનવામાં આવે છે. શિક્ષણ પાછળ કરવામાં આવતા ખર્ચને માનવ મૂડીરોકાણ તરીકે ગણવામાં આવે છે. આ બાબત પર સૌપ્રથમવાર 1963 માં ટી. ડબ્લ્યુ. શુલ્ઝ

દ્વારા ધ્યાન આપવામાં આવ્યું હતું. સમાજ જીવનના વિવિધ પાસાઓ જેવા કે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક કે રાજકીય વગેરેમાં ફેરફારો લાવવા હોય તો તે માત્ર શિક્ષણ દ્વારા જ શક્ય બનશે. આથી સમગ્ર સમાજમાં શિક્ષણનો ફેલાવો વધે અને વધુમાં વધુ લોકો શિક્ષણ લેતા થાય તેવા ઉદ્દેશથી સરકાર દ્વારા શિક્ષણનો ખર્ચ વહન કરવામાં આવતો હતો. પરંતુ જેમ–જેમ શિક્ષણની માંગમાં વધારો થતો ગયો તેમ તેમ સરકારની વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિ પાછળ થતાં ખર્ચમાં સતત વધારો થતો ગયો. પરંતુ સરકાર દ્વારા બધા જ ખર્ચને પહોંચી વળવું શક્ય ન હોવાથી સરકારે જુદા–જુદા ક્ષેત્રોમાં ખાનગીકરણની નીતિને પ્રોત્સાહન આપ્યું હતું. ભારત સરકાર દ્વારા 1991 માં કરવામાં આવેલાં આર્થિક સુધારાઓમાં ખાનગીકરણ પર ખૂબ ભાર આપવામાં આવ્યો હતો. આથી સરકારની આ નીતિમાંથી શિક્ષણ ક્ષેત્ર બાકાત રહી શક્યું નહતું. ત્યારથી શિક્ષણક્ષેત્રે વધતી જતી માંગ અને અન્ય કારણોસર સરકારે ખાનગીકરણનો માર્ગ અપનાવ્યો છે. ગુજરાત સરકારે પણ કેન્દ્ર સરકારની આ નીતિના આધારે 1996 પછી શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણને વધુ પ્રોત્સાહન આવ્યું છે.

### 10.4.1 શિક્ષણમાં ખાનગીકરણના હેતુઓ :

શિક્ષણ ક્ષેત્રે નીચેના હેતુથી ખાનગીકરણ અપનાવવામાં આવ્યું હતું.

– ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવું.

– ટેક્નોલોજીકલ પ્રગતિને પ્રોત્સાહન.

– ઉદ્યોગ અને શિક્ષણ વચ્ચેનો તફાવત ઘટાડવો.

– સરકાર પરનું આર્થિક ભારણ ઘટાડવું.

– દૂરવર્તી વિસ્તાર અને નાના શહેરી વિસ્તારમાં શિક્ષણ પૂરું પાડવું.

– આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રમાણેનું શિક્ષણ આપવું.

– ભારતના વિકાસ માટે વધુમાં વધુ કુશળતા ધરાવતી માનવશક્તિ વિકસાવવી.

### 10.4.2 શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણના ઉદ્દભવનાં કારણો :

સમગ્ર દેશમાં વધતી જતી વિકાસલક્ષી વિવિધ પ્રવૃત્તિને પહોંચી વળવું સરકાર માટે મુશ્કેલ હતું, તેમજ ખાનગી ક્ષેત્ર પરના અવરોધોને કારણે દેશમાં તીવ્ર ગતિએ વિકાસ કરવો મુશ્કેલ હતો. આથી સરકાર દ્વારા વિવિધ ક્ષેત્રે ખાનગીકરણ અપનાવવામાં આવ્યું. આ સાથે શિક્ષણમાં પણ ખાનગીકરણ દાખલ કરવામાં આવ્યું, એ માટે નીચેના કારણો જવાબદાર હતા.

(1) નીતિમાં પરિવર્તન : ભારતના બંધારણના આર્ટીકલ 45 મુજબ, 6 થી 14 વર્ષના બાળકો માટે શિક્ષણ મુક્ત અને ફરજીયાત કરવામાં આવ્યું. આથી પ્રાથમિક શિક્ષણ પર ભાર આપવામાં આવ્યો. શિક્ષણના વધતા વ્યાપને કારણે માંગને પહોંચી વળવા માટે ખાનગીકરણ પર ભાર આપવો જરૂરી બન્યો.

(2) ઉચ્ચ શિક્ષણની વધતી માંગ : પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની માંગમાં વધારો થતાં ઉચ્ચ શિક્ષણની માંગ વધી. આ ઉપરાંત દેશમાં વસ્તી વધારો ખૂબ જ ઊંચો રહેતાં ઉચ્ચ શિક્ષણની માંગમાં વધારો થયો. આથી ઉચ્ચ શિક્ષણની માંગને પહોંચી વળવા ખાનગીકરણ કરવું જરૂરી બન્યું.

(3) આર્થિક ફરજીયાતપણું : શિક્ષણ સાંસ્કૃતિક સંકલન દ્વારા વૈશ્વિકીકરણ સાથે સંબંધ ધરાવે છે. આજના સ્પર્ધાત્મક યુગમાં શિક્ષણ ક્ષેત્રે વિશ્વમાં પ્રવર્તતા શૈક્ષણિક પ્રવાહો સાથે

કદમ મિલાવવા ખૂબ જ જરૂરી છે. એ માટે શિક્ષણ પાછળ જ ઊંચા ખર્ચની જરૂરીયાત રહે છે. ઉપરાંત વિશ્વની ખાનગી શૈક્ષણિક સંસ્થાઓની મદદ લેવી પણ જરૂરી છે. આ કારણસર શિક્ષણના ખાનગીકરણના વ્યાપમાં વધારો થયો.

(4) માંગ બાજુનું દબાણ : શિક્ષણમાં વધતી જતી પ્રવેશની સમસ્યાનો સામનો કરવા સરકાર અસમર્થ બની હતી. કારણ કે સરકારે આ માંગને પહોંચી વળવું હોય તો કરવેરા દ્વારા આવક વધારવી જરૂરી હતી. કરવેરાનું વધતુ પ્રમાણ લોકોના સરકાર પ્રત્યેના રોષમાં વધારો કરી શકે તેમ હતું. આથી કરવેરા દ્વારા આવક વધારી શિક્ષણની માંગ પૂરી કરવાને બદલે શિક્ષણમાં ખાનગી ક્ષેત્રને છૂટ આપી માંગ વધારવાનો સરકાર દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યો.

(5) ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ટેક્નોલોજીનો ઉપયોગ : ગુણવત્તાયુક્ત શિક્ષણ સેવા પૂરી પાડવા માટે મોટા સમૂહને શિક્ષણ આપવાને બદલે નાના—નાના જૂથમાં શિક્ષણ મળી રહે તે જરૂરી હતું. આ ઉપરાંત વિશ્વમાં ઉપયોગ થઈ રહેલી શૈક્ષણિક ટેક્નોલોજીની ગુણવત્તા સુધારવા માટે ઉપયોગ કરવો જરૂરી હતો. આવું કરવા માટે ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપવા સિવાય સરકાર પાસે બીજો રસ્તો ન હતો.

### 10.4.3 શૈક્ષણિક ક્ષેત્રે ખાનગીકરણનું પ્રમાણ :

છેલ્લા ત્રણ દાયકા દરમિયાન સમગ્ર ભારત અને ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણ પર ભાર આપવામાં આવ્યો છે. હવે આપણે કુલ શૈક્ષણિક સંસ્થાઓમાં ખાનગી સંસ્થાનું પ્રમાણ કેટલું છે તે તપાસીશું.

ટેબલ નં. 9 : શૈક્ષણિક સંસ્થાઓમાં ખાનગી સંસ્થાનું પ્રમાણ (ટકાવારીમાં)

| ક્રમ | વર્ષ | 2008–09 | | | 2015–16 | | |
|---|---|---|---|---|---|---|---|
| | શાળાનોપ્રકાર | સરકારી શાળાનું પ્રમાણ | ખાનગી શાળાનું પ્રમાણ | કુલ શાળાનું પ્રમાણ | સરકારી શાળાનું પ્રમાણ | ખાનગી શાળાનું પ્રમાણ | કુલ શાળાનું પ્રમાણ |
| 1. | માત્રપ્રાથમિક | 92.62 | 7.38 | 100.00 | 89.71 | 10.29 | 100.00 |
| 2. | પ્રાથમિકઅનેઉચ્ચતરપ્રાથમિક | 85.00 | 15.00 | 100.00 | 78.58 | 21.42 | 100.00 |
| 3. | પ્રાથમિક/ઉચ્ચતરપ્રાથમિક/ માધ્યમિક/ઉચ્ચતરમાધ્યમિક | 12.47 | 87.53 | 100.00 | 03.46 | 96.54 | 100.00 |
| 4. | માત્રઉચ્ચતરપ્રાથમિક | 25.00 | 75.00 | 100.00 | 38.78 | 61.22 | 100.00 |
| 5. | ઉચ્ચતરપ્રાથમિક/માધ્યમિક/ ઉચ્ચતરમાધ્યમિક | 06.76 | 93.24 | 100.00 | 21.37 | 78.63 | 100.00 |
| 6. | કુલ | | | | | | |

સ્રોત : DISE રિપોર્ટ

ઉપરોક્ત આંકડા જોતાં ખ્યાલ આવે છે કે વર્ષ 2008–09 અને 2015–16 માં પ્રાથમિક તેમજ પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક સિવાયની શૈક્ષણિક સંસ્થાઓમાં સરકારી શાળાના પ્રમાણ કરતાં ખાનગી શાળાનું પ્રમાણ વધારે જોવા મળે છે. ૨૦૦૮—૦૯ અને 2015–16 ની તુલના કરતાં માત્ર ઉચ્ચતર પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક / માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક સિવાય ત્રણે પ્રકારની સંસ્થામાં ખાનગી સંસ્થાનો ફાળો વધવા પામ્યો છે. આમ સરકાર દ્વારા ખાનગીકરણની શરૂઆત થયા બાદ ઉત્તરોત્તર ખાનગી શૈક્ષમિક સંસ્થાઓનું પ્રમાણ સતત વધતું રહ્યું છે.

## 10.5 ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે જાહેર નીતિ :

શિક્ષણ નીતિ એટલે શૈક્ષણિક ક્ષેત્રના સિદ્ધાંતો અને સરકારની નીતિઓ તેમજ કાયદા અને નિયમોનો સમૂહ. જે સમગ્ર શિક્ષણ પ્રણાલીને સંચાલિત કરે છે. દરેક દેશ પોતાની આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક સ્થિતિને ધ્યાનમાં રાખી શિક્ષણ સંદર્ભે જાહેર નીતિનું ઘડતર કરતો હોય છે. એકવાર નક્કી થયેલી આ શિક્ષણ પ્રણાલીમાં સમયાંતરે ફેરફારો પણ કરવામાં આવતા હોય છે. ભારત દેશ દ્વારા પણ સમયાંતરે પોતાની શિક્ષણ નીતિનું ઘડતર કરી યથાયોગ્ય ફેરફારો કરેલ છે. ભારત સરકારે સૌપ્રથમ 1948 માં પ્રથમ શિક્ષણ નીતિથી શરૂઆત કરીને 2019 સુધીમાં ઘણી શિક્ષણ નીતિઓનું ઘડતર કરેલ છે. દેશના રાજ્યો પણ દેશની શિક્ષણ નીતિને ધ્યાનમાં રાખી પોતાની અલગ નીતિનું ઘડતર કરી શકે છે. પરંતુ ગુજરાત રાજ્ય દ્વારા કોઈ અલગ શિક્ષણ નીતિનું ઘડતર કરવામાં આવ્યું નથી. દેશની શિક્ષણ નીતિને ધ્યાનમાં રાખી ગુજરાત સરકાર દ્વારા શિક્ષણ સંદર્ભે કેટલી જાહેર યોજનાઓ તૈયાર કરવામાં આવી છે અને તેનો સમયાંતરે અમલ કરવામાં આવ્યો છે. આ યોજનાઓની હકારાત્મક અસર શાળા પ્રવેશ તેમજ શાળા છોડી જવાના પ્રમાણ પર પડી છે. અહીં આપણે ગુજરાત સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે જે વિવિધ યોજનાઓમાં અમલમાં મૂકી છે તેની ચર્ચા કરીશું.

(1) શાળા પ્રવેશોત્સવ : ગુજરાત સરકારે ગુજરાત રાજ્યમાં શાળાઓમાં કુલ નોંધણી પ્રમાણ વધે એટલા માટે જૂન 2010 થી શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરી છે. દર વર્ષે જૂન મહિનામાં સમગ્ર ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવે છે. જેમાં શિક્ષકો અને રાજકીય પદાધિકારીઓ ઘરે–ઘરે જઈ બાળકોને શાળામાં પ્રવેશ માટે પ્રોત્સાહિત કરે છે, જેના કારણે કુલ નોંધણી પ્રમાણમાં વધારો થયો છે.

(2) સ્ત્રી શિક્ષણ રથયાત્રા : ગુજરાત રાજ્ય 2001 માં કુલ સાક્ષરતા દરમાં સમગ્ર ભારતમાં 15 મો ક્રમ ધરાવતું હતું અને સ્ત્રી સાક્ષરતા પ્રમાણમાં ૨૧મો ક્રમ ધરાવતું હતું. આથી ગુજરાત સરકારે 2002 ની સાલમાં એવા વિસ્તારમાં સ્ત્રી કેળવણી રથયાત્રા શરૂ કરી કે જે વિસ્તારમાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ 20 ટકા કરતા ઓછું હતું. આ રથયાત્રામાં શિક્ષકો, વિવિધ પદાધિકારીઓ દ્વારા વિદ્યાર્થીનીઓને અને તેમના વાલીઓને શાળામાં પ્રવેશ લેવા અને જો શાળા છોડી દીધી હોય તો ફરી પ્રવેશ લેવા માટે સમજાવવામાં આવ્યા. 2005થી આ યોજનામાં ફેરફાર કરી જે વિસ્તારમાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ ૩૫ ટકા કરતા ઓછું હોય તેવા વિસ્તારમાં આ રથયાત્રા કાઢવામાં આવે છે. આવા વિસ્તારમાં સ્ત્રી કેળવણી માટે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી યોજનાઓ અને લાભોની જાણકારી પણ આપવામાં આવે છે.

(3) વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના : સ્ત્રી કોળવણીમાં વધારો થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના શરૂ કરવામાં આવી છે, જેમાં શાળાના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતી છોકરીને 1000/- રૂા. ના બોન્ડ આપવામાં આવે છે જે સાતમું ધોરણ પૂર્ણ કરવાથી વ્યાજ સાથે તેની રકમ પરત આપવામાં આવે છે. આ યોજનાનો મુખ્ય હેતુ સ્ત્રીઓમાં પ્રવેશ વધારવો તેમજ શાળા છોડવાનું પ્રમાણમાં ઘટાડવાનો છે. આ યોજનામાં સરકાર દ્વારા સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, ખાનગી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરેને જોડવામાં આવી છે.

(4) વિદ્યાદીપ યોજના : ગુજરાત રાજ્યમાં 2001 માં આવેલ ભયંકર ભૂકંપમાં શાળાના ઘણા બાળકો મૃત્યુ પામ્યા હતા. આથી સરકારે આ બાળકોની યાદમાં આ યોજના શરૂ કરી હતી. જેમાં સરકાર દ્વારા ગુજરાત રાજ્યની શાળામાં ભણતા તમામ બાળકોનો વીમો ઉતરાવવામાં આવે છે, જેનું સંપૂર્ણ પ્રીમિયમ સરકાર દ્વારા ભરવામાં આવે છે.

જો શાળાના અભ્યાસ દરમિયાન બાળકનું અકસ્માતથી મોત થાય તો સરકાર દ્વારા આ યોજના માટે 25000/- રૂા. ની સહાય તેના માતા–પિતા કે વાલીને આપવામાં આવે છે.

(5) શાળામાં શૌચાલય બાંધકામ યોજના : ગુજરાત રાજ્યમાં ધોરણ 5 થી 7 દરમિયાન છોકરીઓનું શાળા છોડવાનું પ્રમાણ ખૂબ જ વધારે હતું. આ સમસ્યાનો અભ્યાસ કરતા ખ્યાલ આવ્યો કે ઘણી શાળાઓમાં છોકરીઓ માટે શૌચાલયની અલગ વ્યવસ્થા ન હોવાને કારણે છોકરીઓમાં શાળા છોડવાનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું. આથી સરકાર દ્વારા છોકરીઓના અલગ શૌચાલયની યોજના શરૂ કરવામાં આવી, ત્યારબાદ છોકરીઓમાં શાળા છોડવાના પ્રમાણમાં ઘટાડો નોંધાયો હતો.

(6) શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ : ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલો આ કાર્યક્રમ સમગ્ર ભારતમાં યુનિક હતો. સરકાર દ્વારા શાળાએ જતાં બાળકોની આરોગ્યની ચકાસણી દર વર્ષે મેડીકલ ઓફિસર દ્વારા કરાવવામાં આવે છે. આ તપાસ દરમિયાન જો બાળકને કોઈ પણ પ્રકારની તકલીફ જણાય તો નજીકના આરોગ્ય કેન્દ્રમાં તેની સારવાર થાય તેવો પ્રયત્ન કરવામાં આવે છે. જો બાળકને હૃદય, કિડની કે કેન્સર જેવી બિમારી જોવા મળે તો જ તે તકલીફના માહેર (સ્પેશ્યાલીસ્ટ) ડોક્ટર પાસે સારવાર કરાવવામાં આવે છે. જો હૃદયની ગંભીર તકલીફ જણાય તો એપેક્ષ હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવે છે. જેનો ખર્ચ સરકારની મુખ્યમંત્રી યોજના રાચી નીધિમાંથી કરવામાં આવે છે. જો બાળકને આંખની તકલીફ જણાય તો ચકાસણી કરીને મફત ચશ્મા આપવામાં આવે છે. નંબર હોય તો એ ચશ્મા અપાય છે.

(7) કોમ્પ્યુટર શિક્ષણ યોજના : ગુજરાત સરકાર દ્વારા ધોરણ 5 થી 7 ના બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ મળી રહે તેવા હેતુથી શાળામાં કોમ્પ્યુટર આપવામાં આવ્યા છે. તેમજ શાળાનાં શિક્ષકોને કોમ્પ્યુટરની તાલીમ પણ આપવામાં આવે છે. આજના યુગમાં બાળકને પ્રાથમિક કક્ષાએથી જ કોમ્પ્યુટર શિક્ષણ મળી રહે તેવા હેતુથી આ યોજના શરૂ કરવામાં આવી છે.

આ યોજનાઓ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી મધ્યાહન ભોજન યોજના, સર્વ શિક્ષા અભિયાન, માધ્યમિક શિક્ષણ યોજના, રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ અભિયાન યોજના વગેરે રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે અમલીકૃત છે.

(ખ) તમારી પ્રગતિ ચકાસો :

(1) ગુજરાત રાજ્યમાં શિક્ષણની સમસ્યાઓની ચર્ચા કરો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(2) શિક્ષણમાં ખાનગીકરણનો ખ્યાલ સમજાવી તેના હેતુઓ સ્પષ્ટ કરો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

(3) ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણના કારણો અને પ્રમાણની ચર્ચા કરો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................

(૪) ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તની જાહેર નીતિની ચર્ચા કરો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................

(ગ) હેતુલક્ષી પ્રશ્નો :

(1) ભારતમાં કેટલી ઉંમરની વ્યક્તિ કે જે એક ભાષા લખી–વાંચી શકે તેને સાક્ષર ગણવામાં આવે છે ?

(A) 7 વર્ષથી મોટી (B) 10 વર્ષથી મોટી

(C) 12 વર્ષથી મોટી (D) 15 વર્ષથી મોટી

(2) 2011 ના સેન્સસ પ્રમાણે ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ કેટલું હતું ?

(A) 74.04% (B) 75.5%

(C) 77.41% (D) 79.31%

(3) જાતિ સમાનતા આંક 1 આવે તો તેનો શું અર્થ થાય છે ?

(A) પ્રવેશમાં સમાન તક (B) પ્રવેશમાં અસમાન તક

(C) બંને (D) કહી ન શકાય.

(4) GPI નું આખું નામ શું છે ?

(A) Gross Parity Index (B) Gender Parity Index

(C) Gender Pyor Index (D) Gross Pyor Index

(5) ઉચ્ચ પ્રાથમિક શાળા ક્યાંથી કયા ધોરણો સુધી ગણવામાં આવે છે ?

(A) 1 થી 5 ધોરણ (B) 3 થી 7 ધોરણ

(C) 6 થી 8 ધોરણ (D) એકેય નહિં.

(6) ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે કઈ સમસ્યા જોવા મળે છે ?

(A) સાક્ષરતાનું ઊંચું પ્રમાણ (B) નિમ્ન ગુણવત્તા

(C) નોંધણીનું ઊંચું પ્રમાણ (D) નીચો ડ્રોપ આઉટ

(7) ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે ખાનગીકરણ માટે કયો હેતુ ન હતો ?

(A) દૂરવર્તી વિસ્તારમાં શિક્ષણ (B) ગુણવત્તાયુક્ત શિક્ષણ

(C) આર્થિક ભારણ ઘટાડવું (D) એકેય નહિ.

(8) સ્ત્રી કેળવણી રથયાત્રા કયાં વર્ષથી થઈ કરવામાં આવી ?

(A) 2002 (B) 2003

(C) 2004 (D) 2005

## 10.6 સારાંશ :

આ એકમમાં આપણે ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ, સમસ્યા, ખાનગીકરણ અને જાહેર નીતિની ચર્ચા કરી ગુજરાતમાં શિક્ષણની પ્રવર્તમાન સ્થિતિ અને તેમાં આવતા પરિવર્તનોનો ખ્યાલ મેળવી તેની સમસ્યાઓ પર પ્રકાશ ફેંકવામાં આવ્યો. ગુજરાત રાજ્યમાં ખાનગીકરણની નીતિ અને જાહેર નીતિની ચર્ચા પણ કરવામાં આવી.

● ચાવીરૂપ શબ્દો :

- સાક્ષરતા : ૭ વર્ષ કે તેથી વધુ વયના વ્યક્તિઓમાં કોઈ એક ભાષા લખવા–વાંચવાની ક્ષમતા.
- સાક્ષરતા દર : દેશની કુલ વસ્તીમાંથી શિક્ષણ મેળવેલી વસ્તીનું પ્રમાણ.
- કુલ પ્રવેશ નોંધણીનું પ્રમાણ : ઉંમરને ધ્યાનમાં લીધા વિના શાળા–કોલેજમાં ચોક્કસ વર્ષ દરમિયાન દાખલ થતાં વિદ્યાર્થીઓનું પ્રમાણ.
- ચોખ્ખું પ્રવેશ નોંધણીનું પ્રમાણ : શાળા કે કોલેજમાં દાખલ થવાની વય ધરાવતા વિદ્યાર્થીઓમાંથી ચોક્કસ વર્ષ દરમિયાન દાખલ થતાં વિદ્યાર્થીઓનું પ્રમાણ.
- જાતિ સમાનતા આંક : છોકરીઓના કુલ પ્રવેશ નોંધણીના ગુણોત્તરને છોકરાઓના કુલ પ્રવેશ નોંધણી ગુણોત્તર દ્વારા ભાગતાં જે આંક મળે તેને જાતિ સમાનતા આંક કહે છે.
- શિક્ષણ વિકાસ આંક : શિક્ષણના જુદા–જુદા નિર્દેશકોનું ગુણોત્તર પ્રમાણ.
- કદના ગેરલાભ : કોઈ એક ક્ષેત્રના વિસ્તારને કારણે થતો ગેરલાભ.
- ખાનગીકરણ : કોઈ પણ જાહેર ક્ષેત્રના એકમને ખાનગી ક્ષેત્રમાં રૂપાંતરણ અને નિયંત્રણ.

● કેટલાક ઉપયોગી પુસ્તકો :

(1) ભટ્ટ બી. કે., 'ગુજરાતનું અર્થતંત્ર', પોપ્યુલર પ્રકાશન, સુરત (2009)
(2) J. B. J. Tilak, 'Higher Education in India' Himalaya Publication, Mumbai (2009)
(3) Gaurav Datt & Mahajan, 'India Economy', Chand and Pulication, New Delhi.

● તમારી પ્રગતિ ચકાસો (જવાબો : ક)

(1) જુઓ મુદ્દા નં. 10.1.1
(2) જુઓ મુદ્દા નં. 10.1.2
(3) જુઓ મુદ્દા નં. 10.1.3
(4) જુઓ મુદ્દા નં. 10.1.4
(5) જુઓ મુદ્દા નં. 10.1.5

● તમારી પ્રગતિ ચકાસો (જવાબો : ખ)

(1) જુઓ મુદ્દા નં. 10.2

(2) જુઓ મુદ્દા નં. 10.3 અને 10.3.1

(3) જુઓ મુદ્દા નં. 10.3.2 અને 10.3.3

(4) જુઓ મુદ્દા નં. 10.4

● તમારી પ્રગતિ ચકાસો (જવાબો : ગ)

(1 – A) (2 – D) (3 – A) (4 – B)

(5 – C) (6 – B) (7 – (D) (8 – A)

★ ★ ★

એકમ 11

# ગુજરાતમાં સ્વાસ્થ્ય સુવિધાઓ

## રૂપરેખા


11.0 ઉદ્દેશો

11.1 પ્રસ્તાવના

11.2 ગુજરાતમાં આરોગ્યની સ્થિતી

11.3 ગુજરાત રાજ્યમાં આરોગ્ય સેવાઓની સમસ્યાઓ

11.4 આરોગ્યક્ષેત્રે ખાનગીકરણ

11.5 ગુજરાતમાં આરોગ્યક્ષેત્રે જાહેર નીતિ

11.6 સારાંશ

11.7 ચાવીરૂપ શબ્દો

11.8 તમારી પ્રગતિ ચકાસો

11.9 સંદર્ભસૂચિ

★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો.


## 11.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ નિમ્નાંકિંત બાબતોથી અવગત થશે.

1. ગુજરાત રાજ્યમાં સ્વાસ્થ્ય સેવાઓની સ્થિતીની જાણકારી મેળવે.
2. ગુજરાત રાજ્યમાં સ્વાસ્થ્ય સેવાઓને લગતી સમસ્યાઓની સમજ કેળવે.
3. ગુજરાત રાજ્યમાં સ્વાસ્થ્ય સેવાઓ માટે અપનાવવામાં આવેલી ખાનગીકરણની નીતિને સમજે.
4. ગુજરાત રાજ્યમાં સ્વાસ્થ્ય સેવાઓ સંદર્ભ જાહેર નીતિનો અભ્યાસ કરી વિશ્લેષણની ક્ષમતા કેળવે.

## 11.1 પ્રસ્તાવના :

સારું સ્વાસ્થ્ય માનવજીવનની સુખાકારી અને કલ્યાણ માટે એક મહત્વનો નિર્દેશક છે. સારું સ્વાસ્થ્ય ધરાવતા લોકો કુંટુંબ, સમાજ અને દેશની આર્થિક પ્રગતિમાં મહત્ત્વનો ફાળો આપી શકે છે. કારણ કે સારુ ધરાવનાર લાંબુ જીવન જીવી શકે છે એટલે લાંબા સમય સુધી રૂકાવટ વગર આર્થિક પ્રવૃત્તિ કરી શકે છે. આ ઉપરાંત સારુ સ્વાસ્થ્ય ધરાવતા લોકોની કાર્યક્ષમતા પણ ઊંચી હોય છે તેમજ બચતક્ષમતા પણ ઊંચી હોય છે. આથી તે રાષ્ટ્રના વિકાસમાં ઘણો મહત્ત્વનો ફાળો આપી શકે છે. આમ રાષ્ટ્ર પણ દેશના લોકોનું સ્વાસ્થ્ય સારુ બને તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. વિશ્વ કક્ષાએ વિશ્વ આરોગ્ય સંસ્થા સમગ્ર દુનિયામાં સ્વાસ્થ્યની સ્થિતી કલ્યાણકારી બને તે માટે

સતત પ્રયત્નશીલ રહે છે. W.H.O. સંસ્થાએ સારુ આરોગ્ય (સ્વાસ્થ્ય) કોને કહેવાય તે માટેની વ્યાખ્યા પણ કરી છે. આથી આ સંસ્થાના મતે સારુ આરોગ્ય એટલે સંપૂર્ણ, શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારીની સ્થિતિ.

આ વ્યાખ્યાને આધારે એવું કહી શકાય કે માત્ર રોગની ગેરહાજરી જ નહી પરંતુ માનસિક અને સામાજિક તંદુરસ્તી પણ વસ્તીની ગુણવત્તાનું અગત્યનું પાસુ છે.

માનવીના વિકાસ માટે સારી આરોગ્ય સેવા મળી રહે તે ખૂબ જ આગત્યનું છે. આ માટે રાજયમાં તેની પ્રાથમિક ફરજ તરીકે તેની પ્રજાના પોષણની કક્ષા ઊંચી લાવવા તેમજ તેમનું જીવન ધોરણ ઊંચુ લાવવા માટે ભારતના બંધારણમાં જણાવવામાં આવ્યુ છે. આ એકમમાં આપણે ગુજરાત રાજયમાં સરકાર તરફથી મળતી આરોગ્ય સેવાઓનો અભ્યાસ કરીશું.

## 11.2 ગુજરાતમાં આરોગ્યની સ્થિતિ :

કોઈપણ રાષ્ટ્રમાં આરોગ્ય અને આર્થિક વિકાસ વચ્ચે પરસ્પર સંબંધ રહેલો હોય છે. જો રાષ્ટ્રમાં સ્વાસ્થ્યની સેવાઓમાં સુધારો થાય તો તે દેશના આર્થિક વિકાસમાં વધારો થાય અને જો દેશમાં આર્થિક વિકાસ થાય તો તે દેશમાં સ્વાસ્થ્યની સુવિધાઓમાં અને સ્થિતીમાં સુધારો લાવી શકાય. કોઈ પણ રાષ્ટ્રનો આર્થિક વિકાસ વધતાં તે દેશ અને લોકોની આર્થિક ક્ષમતામાં વધારો થાય છે. આથી દરેક દેશ અને દેશના લોકો આરોગ્યનું પોષણ મળી રહે તે માટે ઉપરાંત શિક્ષણ પાછળ પોતાનો ખર્ચ વધારતા હોય છે. આ ખર્ચ વધવાથી ઓરોગ્યની સુવિધા તેમજ સ્થિતી બન્નેમાં હકારાત્મક પરિવર્તન આવતું હોય છે.

હવે આપણે ગુજરાત રાજયમાં ઓરોગ્યની (સ્વાસ્થ્ય) સ્થિતી કેવી છે તેનો અભ્યાસ કરીશું.

### 11. 2.1 જન્મદર અને મૃત્યુદરની સ્થિતી :

જન્મદર અને મૃત્યુદર આ બે નિર્દેશકો કોઈ પણ દેશની વસ્તીના પ્રમાણમાં ફેરફાર લાવનાર મહત્ત્વના નિર્દેશકો છે. જન્મદર એ બાળકોના જન્મને દર્શાવે છે. જે વસ્તીમાં વધારો લાવે છે જયારે મૃત્યુદર એ વ્યક્તિના મૃત્યુને દર્શાવે છે. જે વસ્તીમાં ઘટાડો લાવે છે. આ બે નિર્દેશકોના તફાવતથી દેશમાં કુલ વસ્તીમાં કુદરતી રીતે કેવા ફેરફાર આવે છે તેનો ખ્યાલ આપે છે. અલબત કોઈ એક દેશ કે વિસ્તારની વસ્તીના પ્રમાણમાં ફેરફાર માટે સ્થળાંતર પણ અગત્યનો નિર્દેશક છે પરંતુ અહીં આપણે તેને ધ્યનમાં લેતા નથી અહીં આપણે પહેલા જન્મદર અને મૃત્યુદરનો ખ્યાલ સમજી તે અંગેની ગુજરાત રાજયની સ્થિતીની ચર્ચા કરીશું.

જન્મદર : જન્મદરના બે ખ્યાલ પ્રવર્તે છે. જન્મદર અને કાચો જન્મદર.

જન્મદર એટલે કોઈ એક વિસ્તારમાં દર હજારની વિસ્તીએ જન્મતા બાળકોની સંખ્યા.કાચો જન્મદર એ એક ચોક્કસ વર્ષ દરમિયાન તે વસ્તીમાં નોંધાયેલા જીવતા જન્મોની સંખ્યાને તેની કુલ સંખ્યા વડે ભાગવાથી જે વસ્તી મળે તેને 1000ની સંખ્યા વડે ગુણવાથી કાચો જન્મદર મળે છે. સૂત્રના રૂપમાં જોઇએ તો આ પ્રમાણે છે.

$$CBR=B/P \times R$$

જયાં B કોઈ એક ચોક્કસ વર્ષમાં કુલ જીવિત જન્મોની સંખ્યા

P = તે વર્ષમાં મધ્યમાં કુલ વસ્તી

R = દર (1000)

ધારો કે કોઈ એક ચોક્કસ વિસ્તારની વસ્તી 1,00,000 હોય ત્યાં જન્મેલા બાળકોની સંખ્યા

CBR=1000/1,00,000 x 1000=10

આમ ઉપરોક્ત ઉદાહરણ પ્રમાણે દર હજાની વસ્તીએ કાચો જન્મદર 10 આવે છે.

મૃત્યુદર : મૃત્યુદરને પણ બે દ્રષ્ટિએ જોવામાં આવે છે. મૃત્યુદર અથવા કાચો મૃત્યુદર

મૃત્યુદર એટલે કોઈ એક વિસ્તારમાં ચોક્કસ સમય દરમિયાન દર હજારની વસ્તીએ મૃત્યુ પામતા વ્યક્તિઓની સંખ્યા સૂત્રના રૂપમાં જોઈએ તો

CDR=B/P x R

B = એક વર્ષમાં નોંધાયેલા કુલ મૃત્યુ

P = તે જ વર્ષની મધ્યમાં કુલ વસ્તી

R= 1000

ધારોકે કોઈ એક ચોક્કસ વિસ્તારની વસ્તી 50000 હોય અને વર્ષ દરમિયાન 10 મૃત્યુ થયા હોય તો

CDR = D/P x R

= 10/5000 x1000

અહિં DxR મૃત્યુદર આવે છે. હવે આપણે ગુજરાત રાજ્યમાં જન્મદર અને મૃત્યુદરની શું સ્થિતી છે તેની ચર્ચા કરીશું.

જન્મદર અને મૃત્યુદર બન્નેની આંકડાકીય માહિતી જે તે વિસ્તારમાં વસ્તીના કદમાં કુદરતી કેટલો ફેરફાર થશે તે દર્શાવે છે. આથી ભવિષ્યની વસ્તીનું પ્રક્ષેપણ અને એ પ્રમાણે આયોજન કરવા માટે ખૂબ જ મદદરૂપ થાય છે. આથી અહીં આપણે ગુજરાતમાં બન્નેની સ્થિતી કેવી રહી છે તે જોઇશું.

ટેબલ- 1 જન્મદર, મૃત્યુદર અને કુદરતી વસ્તીવૃદ્ધિ દર (દર હજારે)

| ક્રમ | વર્ષ | જન્મદર | મૃત્યુદર | કુદરતી વસ્તીવૃદ્ધિ દર |
|---|---|---|---|---|
| 1 | 1971 | 40 | 16.4 | 23.6 |
| 2 | 1981 | 34.5 | 12 | 22.5 |
| 3 | 1991 | 27.5 | 8.5 | 19.0 |
| 4 | 2001 | 25.0 | 7.8 | 17.2 |
| 5 | 2011 | 21.3 | 6.7 | 14.6 |
| 6 | 2017 | 19.9 | 6.2 | 13.7 |

Source:CMIE1 : Centre for Monitering Indian Economy.

ઉપરોક્ત ટેબલમાં જન્મદર, મૃત્યુદર અને કુદરતી વસ્તી વૃદ્ધિદરના આંકડા 1971 થી 2017 સુધીના આપવામાં આવેલા છે. આ આંકડા તપાસતા ખ્યાલ આવે છે કે ગુજરાત રાજ્યમાં જન્મદર અને મૃત્યુદર બન્નેમાં સમયાંતરે ઘટાડો જોવા મળે છે તેટલો ઘટાડો જન્મદરમાં જોવા મળતો નથી. 1971 થી 2017ના ગાળા દરમિયાન જન્મદર 20.1 ટકાવારી બિંદુ અને મૃત્યુદરમાં 10.2 ટકાવારી બિંદુ જેટલો ઓછો થયેલો જોવા મળે છે. સમગ્ર રીતે જોતાં આપણે એમ પણ કહી શકીએ કે જન્મદરના પ્રમાણમાં લગભગ આ ગાળા દરમિયાન 50 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. જેથી

કુદરતી વસ્તી વૃદ્ધિ દર જે 1971માં 23.6 ટકા હતો તે 2017માં ઘટીને 13.7 ટકા જેટલો રહ્યો છે. એટલે કે 50 ટકા કરતા ઓછો ઘટાડો નોંધાયો છે. આમ છતા અહીં નોંધવુ ઘટે કે ગુજરાત રાજ્યનો સરેરાશ જન્મદર અને સરેરાશ મૃત્યુદર સમગ્ર ભારતના સરેરાશ જન્મદર અને સરેરાશ મૃત્યુદર કરતા ઓછો છે.

11.2.2 બાળમૃત્યુદર સ્થિતી :

દેશની વસ્તીમાં વર્ષ દરમિયાન પ્રત્યેક 1000 મહીલાએ જન્મેલા બાળકો પૈકી જે બાળકો જન્મ પછી એક વર્ષની અંદર મૃત્યુ પામે છે તે સંખ્યાને બાળ મૃત્યુદર કહેવામાં આવે છે. બાળ મૃત્યુદર પ્રત્યેક 1000 જીવિત જન્મેલા બાળકોના આધારે ગણવામાં આવે છે એટલે કે મૃત જન્મેલા બાળકોનો આમા સમાવેશ થતો નથી. જે બાળકો જનમ્યા પછી એક વર્ષમાં મૃત્યુ પામતા હોય તેમને જ બાળમૃત્યુ તરીકે ગણવામાં આવે છે. સૂત્રનાં રૂપે જોઈએ તો

IMR=D/B x 1000

જયાં D = એક વર્ષની અંદર મૃત્યુ પામતાં બાળકોનું પ્રમાણ

B = જીવતા જન્મતા બાળકોનું પ્રમાણ

ઉદાહરણ તરીકે 2008ની સાલમાં 1,50,000 બાળકો જીવતા જન્મે છે તેમાંથી 1300 બાળકો એક વર્ષની ઉંમર પૂરી કરતાં પહેલા મૃત્યુ પામે છે.

IMR= 1300/1,50,000 x 1000

= 8.7 બાળમૃત્યુદરનું પ્રમાણ થયું કહેવાય.

બાળમૃત્યુદરનું પ્રમાણ ઓછું હોય તો તે રાજ્ય કે દેશની આરોગ્ય સેવા સારી છે તેમ કહેવાય. જો બાળ મૃત્યુદરનું પ્રમાણ ઊંચુ હોય તો વસ્તીવૃધ્ધિ દર પણ ઊંચો રહેશે કારણ કે બાળમૃત્યુદર ઊંચો હોય તો તેનો અર્થ એવો થાય કે બાળકોની જીવિત રહેવાની સંભાવના ઓછી હોય છે. આથી દંપતિ ભવિષ્યમાં એકાદ બે બાળક મૃત્યુ પામશે તેવી દહેશતથી વધુ બાળકોને જન્મ આપે છે. આથી વસ્તી વૃધ્ધિદર ઊંચો રહે છે. અહીં નીચેના કોઠામાં આપણે ગુજરાત રાજ્યમાં બાળમૃત્યુદરની સ્થિતી કેવી છે તે જોઇએ.

ટેબલ - 2 બાળમૃત્યુદરનું પ્રમાણ

| વર્ષ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| 1981 | 113 | 110 | 111 |
| 1991 | 70 | 67 | 69 |
| 2001 | 61 | 60 | 60 |
| 2011 | 39 | 42 | 41 |
| 2017 | 30 | 30 | 30 |

Source: CMIE1: Centre for Monitering Indian Economy.

ઉપરોકત ટેબલમાં1981 થી 2017 સુધીના બાળ મૃત્યુદરના આંકડા દર્શાવ્યા છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા ૩૬ વર્ષમાં બાળ મૃત્યુદરમાં આશરે 73 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. જે ખૂબ સ્ત્રી પુરુષની તુલના કરીએ તો 1981 થી 2001 સુધીના વર્ષમાં

પુરુષોમાં બાળ મૃત્યુના પ્રમાણ કરતા સ્ત્રીઓમાં બાળ મૃત્યુદરનું પ્રમાણ નીચુ રહ્યુ છે. જયારે 2011 માં સ્ત્રીઓ કરતા પુરુષોમાં બાળ મૃત્યુદરનું પ્રમાણ નીચુ રહ્યુ છે અને 2011 ના વર્ષમાં બન્નેમાં સરખુ પ્રમાણ જોવા મળે છે. તેથી કહી શકાય કે ગુજરાત રાજ્ય આટલાવર્ષોમાં બાળમૃત્યુ દરમાં ઘટાડો લાવવામાં સફળ રહ્યું છે.

આમ છતાં ભારતના જ કેરાલા, ગોવા, તામીલનાડુ અને પોંડેચેરી જેવા રાજ્યો અને કેન્દ્ર શાસીન પ્રદેશો કરતા ગુજરાત રાજ્યમાં બાળમૃત્યુદરનું પ્રમાણ ઊંચુ જોવા મળે છે. દા.ત. કેરાલા રાજ્યમાં બાળમૃત્યુદરનું પ્રમાણ ૨૦૧૭માં માત્ર ૯ ટકા જેટલું જ છે. ગુજરાત રાજ્યમાં બાળમૃત્યુદર ઊંચું હોવાના કારણોમાં સામાજિક રીતરિવાજ અને પરંપરાઓ, પોષણ દાયક ખોરાકનો અભાવ, અપૂરતી આરોગ્ય સુવિધાઓ બાળકોના જન્મ વચ્ચે ઓછો ગાળો અને પ્રસૂતી કરવાની અવૈજ્ઞાનિક પધ્ધતિ જવાબદાર છે. અલબત પરીબળોમાં સુધારો થઈ રહ્યો છે. એટલે જ બાળ મૃત્યુદરના પ્રમાણમાં ઘટાડો થઈ રહ્યો છે.

11.2.3 ફળદ્રુપતાદરની સ્થિતીઃફળદ્રુપતાદરને પ્રજનન દર તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રજનન દરના જુદા-જુદા ખ્યાલો પ્રવર્તે છે. જેમ કે સામાન્ય પ્રજનન દર, વય સાપેક્ષ પ્રજનનદર, કુલ પ્રજનન દર, ચોખ્ખો પ્રજનન દર અને સમૂહ પ્રજનન દર. આપણે અહીં સામાન્ય પ્રજનન દર અને વય સાપેક્ષ પ્રજનન દરની ચર્ચા કરીશું.

સામાન્ય ફળદ્રુપતા દર કે પ્રજનન દર એટલે કોઈ નિશ્ચિત વિસ્તારમાં 15-49 વર્ષના વયજૂથમાં પ્રતિ વર્ષ પ્રતિ હજાર સ્ત્રીઓએ જન્મતા બાળકોની સંખ્યા જો વય સાપેક્ષ પ્રજનન દરની વાત કરીએ તો સ્ત્રીઓની ઉંમરના જુદાજુદા જૂથ બનાવી પ્રજનન દર શોધવામાં આવે છે. સૂત્રના રૂપમાં જોઈએ તો...

GFR=B/PF x K

જયાં B =એક નિશ્ચિત વર્ષમાં કુલ જીવંત જન્મો.

PF = 15 થી 49 વર્ષના વયજૂથમાં સ્ત્રીઓની સંખ્યા

K = 1000

ધારોકે કોઈ એક નિશ્ચિત વિસ્તારમાં 15 - 49 વર્ષના વયજૂથમાં સ્ત્રીઓની સંખ્યા 20000 હોય અને એક વર્ષમાં જીવંત જન્મોની સંખ્યા 800 હોય તો

GFR=800/2000 x 1000=40

આનો અર્થ એ થાય કે કોઈ નિશ્ચિત વિસ્તારમાં 15 - 49 વર્ષનાં વયજૂથની પ્રતિ 1000 સ્ત્રીઓ એક વર્ષમાં કુલ 40 બાળકોને જન્મ આપે છે.

ભારતમાં કુલ પ્રજનન દર 1971 થી 2008 દરમિયાન 5.2 થી 2.6 સુધી નીચે લાવવામાં સક્ષમતા પ્રાપ્તી થઈ છે. પરંતુ એક અભ્યાસ અનુસાર જો પ્રજનન દરને સમગ્ર ભારતમાં 2010 સુધીમાં 2.1 ના સ્તર સુધી લઈ જવામાં સફળતા મળશે તો ભારતમાં 2045 સુધી વસ્તીમાં સ્થિરતા લાવી શકાશે જો કે ભારત 2010સુધીમાં આ સ્તરે પહોંચી શકયું નથી. હવે આપણે ગુજરાત રાજ્યમાં પ્રજનન દરની શું સ્થિતી છે તેનો અભ્યાસ કરીશું.

ટેબલ- 3 વય સાપેક્ષ સામાન્ય ફળદ્રુપતા દર (દર હજારે)

| વર્ષ | વય જૂથ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | 15-19 વર્ષ | 20-24 વર્ષ | 25-29 વર્ષ | 30-34 વર્ષ | 35-39 વર્ષ | 40-44 વર્ષ | 45-49 વર્ષ |
| 1971 | 72.3 | 295.3 | 292.7 | 229.4 | 135.6 | 63.2 | 21.9 |
| 1981 | 56.6 | 294.4 | 239.5 | 153.2 | 76.1 | 29.2 | 12.0 |
| 1991 | 39.5 | 244.3 | 178.0 | 95.0 | 40.0 | 16.6 | 6.4 |
| 2001 | 26.4 | 221.4 | 193.8 | 84.0 | 29.7 | 13.9 | 3.3 |
| 2011 | 23.4 | 193.0 | 162.9 | 68.5 | 20.0 | 5.9 | 2.9 |
| 2017 | 10.9 | 148.6 | 165.4 | 74.1 | 22.5 | 6.9 | 3.0 |

Source : CMIE1- Centre for Monitering Indian Economy.

ઉપરોક્ત ટેબલ તપાસતા ખ્યાલ આવે છે કે ગુજરાત રાજ્યમાં 1971 થી 2017 દરમિયાન સામાન્ય પ્રજનન દરમાં દરેક વયની સ્ત્રીઓમાં ઘટાડો જોવા મળે છે. આ 46 વર્ષના ગાળા દરમિયાન સામાન્ય પ્રજનન દરમાં થયેલો ઘટાડો વય અનુસાર ટકાવારી માં જોઈએ તો 15 થી 19 વયજૂથમાં 85 ટકા 20 થી 24 વયજૂથમાં 49.67 ટકા 25-29 વયજૂથમાં 43.50 ટકા, 30-34 વયજૂથમાં 67.70 ટકા, 35થી 39 વયજૂથમાં 83.4 ટકા, 40થી 44વયજૂથમાં 89 ટકા અને 45 થી 49ની વયજૂથમાં 86.30 ટકા છે. આમ આપણે કહી શકીએ કે સૌથી વધારે ઘટાડો 40 થી 44 વર્ષની વયજૂથમાં અને સૌથી ઓછો ઘટાડો 25 થી 29 વર્ષની વયજૂથમાં જોવા મળે છે. આ બધી જ વયજૂથમાં સામાન્ય રીતે ફળદ્રૂપતાનો દર 20 થી 34 વર્ષની ઉંમરની સ્ત્રીઓમાં વધારે જોવા મળે છે. ભારતમાં 18 વર્ષ પછી સ્ત્રીઓના લગ્ન થઈ શકે તેવો કાયદો અમલમાં હોવા છતાં 15 થી 19 વર્ષની વયજૂથની સ્ત્રીઓમાં ફળદ્રૂપતા દર જોવા મળે છે. એનો અર્થ એવો થાય કે આ કાયદા પછી પણ 18 વર્ષથી ઓછી ઉંમરની છોકરીઓના લગ્ન હજી થઈ રહ્યાં છે.

જો ગુજરાત રાજ્યમાં આપણે કુલ પ્રજનન દરની વાત કરીએ તો 2007ના વર્ષમાં તે 2.6 હતો અને સમગ્ર ભારતમાં તેનું પ્રમાણ 2.7 હતુ એટલે કે સમગ્ર ભારતની સરેરાશથી તેનું પ્રમાણ સામાન્ય ઓછુ હતુ. જયારે ગ્રામ્ય અને શહેરી વિસ્તારની તુલના કરીએ તો ગુજરાત રાજયમાં 2007ના વર્ષમાં ગ્રામીણ વિસ્તારમાં 2.9 અને શહેરી વિસ્તારમાં 2.2 પ્રજનન દર હતો. આમ એવુ કહી શકીએ કે શહેરી વિસ્તાર કરતા ગ્રામ્ય વિસ્તારમાં કુલ પ્રજનન ઊંચો જોવા મળે છે. ભારત સરકારે 2000ની સાલમાં બનાવેલી વસ્તી નીચા પ્રમાણે આ દર 2010 સુધીમાં 2.1 સુધીના નીતા સ્તરે લઈ જવાનો લક્ષ્ય હતો. જે સિધ્ધ થઈ શક્યો નથી.

કુલ પ્રજનન દર ઊંચો હોવાના કારણોમાં લગ્ન સંસ્થાનું સાર્વત્રિકરણ, નાની ઉંમરે લગ્ન, વિધવા વિવાહ, પુત્રની પસંદગી, સંયુક્ત કુટુંબની પ્રથા, નિરક્ષરતા, કર્મનો સિધ્ધાંત અને સ્ત્રીઓનુ આર્થિક પ્રવૃત્તિમાં નીચુ પ્રમાણ વગેરે ને ગણાવી શકાય.

ઉપરોક્ત તપાસેલા તમામ સ્વાસ્થ્ય વિષયક નિર્દેશકોમાં સુધારો લાવવો હોય આરોગ્ય ક્ષેત્રે મહત્ત્વનું આંતરમાળખુ અને કેળવાયેલી માનવશકિત પૂરતા પ્રમાણમાં હોવી પણ આવશ્યક છે. અહીંયા આંતરમાળખાકીય સેવાઓમાં દવાખાના કે હોસ્પિટલના બિલ્ડીંગો અને તમામ જરૂરી સાધનો તેમજ કેળવાયેલ માનવ શક્તિઓમાં મેડીકલ અને પેરામેડીકલ સ્ટાફની પૂરતી વ્યવસ્થા ખૂબ જરૂરી છે હવે આપણે ગુજરાત રાજયની સ્થિતી આ સુવિધાના સંદર્ભે કેવી છે તેનો અભ્યાસ કરીશું.

### 11.2.4 સરકારી દવાખાના અને પથારીની સુવિધા :

ભારતમાં મુખ્યત્વે બે પ્રકારના સ્વાસ્થ્ય ક્ષેત્ર જોવા મળે છે. (1) જાહેર સ્વાસ્થ્ય ક્ષેત્ર અને (2) ખાનગી સ્વાસ્થ્ય ક્ષેત્ર. ભારતમાં સામાન્ય સ્વાસ્થ્ય સેવાઓ પુરી પાડવાની પ્રાથમિક જવાબદારી કેન્દ્ર સરકારની સાથો સાથ રાજ્ય સરકારની પણ છે. બીજા શબ્દોમાં કહીએ તો એમ કહી શકાય કે જાહેર સ્વાસ્થ્ય ક્ષેત્ર અંતર્ગત સ્વાસ્થ્ય જાળવણીની સેવાઓ પૂરી પાડવાની જવાબદારી સ્થાનિક સરકાર, રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર એમ ત્રણેય સ્તરની સરકારોની સહિયારી જવાબદારી છે. ગુજરાત રાજ્ય સરકારી હોસ્પિટલ અને સામૂહિક દવાખાનાઓની સ્થાપના કરી આરોગ્ય સેવાઓ પૂરી પાડી રહી છે. હવે આપણે ગુજરાત રાજ્યમાં દવાખાનાની સંખ્યા અને પથારીની સંખ્યાની ચર્ચા કરીશું.

ટેબલ નં. 4 વિસ્તાર પ્રમાણે સરકારી દવાખાના અને પથારીની સુવિધા

| વર્ષ | કુલ હોસ્પિટલની સંખ્યા | ગ્રામીણ વિસ્તારમાં કુલ હોસ્પિટલ | શહેરી વિસ્તારમાં કુલ હોસ્પિટલ | કુલ પથારીની સંખ્યા | ગ્રામીણ વિસ્તારમાં કુલ પથારીની સંખ્યા | શહેરી વિસ્તારમાં કુલ પથારીની સંખ્યા | સરેરાશ પથારીની સંખ્યા | ગ્રામીણ વિસ્તારમાં સરેરાશ પથારીની સંખ્યા | શહેરી વિસ્તારમાં સરેરાશ પથારીની સંખ્યા | દર હોસ્પિટલ સરેરાશ વસ્તીનું પ્રમાણ | દર પથારીએ સરેરાશ વસ્તીનું પ્રમાણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2005 | 503 | 312 | 191 | 35056 | 11893 | 23163 | 70 | 38 | 121 | 1.07,634 | 1544 |
| 2008 | 388 | 284 | 104 | 29868 | 11077 | 18791 | 77 | 39 | 181 | 1.45,943 | 1896 |
| 2011 | 445 | 318 | 127 | 1,93,210 | 11099 | 1,82.111 | 434 | 35 | 1434 | 1.35.694 | 313 |
| 2014 | 385 | 296 | 89 | 27928 | 8945 | 18983 | 73 | 30 | 213 | 1.59.297 | 2196 |
| 2018 | 438 | 363 | 75 | 20172 | 11688 | 8484 | 46 | 32 | 113 | - | - |

Source : CMIE- Centre for Monitering Indian Economy.

ડૉકટરની આંકડાકીય માહિતી દર્શાવે છે કે ગુજરાત રાજ્યમાં 2005થી 2018દરમિયાન હોસ્પિટલની સંખ્યામાં ઉતાર-ચઢાવ જોવા મળે છે. રાજ્યમાં 2005કરતાં2018ના વર્ષમાં કુલ હોસ્પિટલની સંખ્યામાં 13 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. જયારે આ સમય દરમિયાન ગ્રામીણ વિસ્તારમાં હોસ્પિટલની સંખ્યામાં 16.35 ટકાનો વધારો અને શહેરી વિસ્તારમાં હોસ્પિટલની સંખ્યામાં 60.73 ટકાનો ઘટાડો નોંધાયો છે. આ દવાખાનાની સંખ્યામાં ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં જોવા મળતી હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રનો જ સમાવેશ થયેલ છે. શહેરી વિસ્તારમાં દવાખાનામાં નોંધાયેલ ઘટાડાનું કારણ સરકારે ખાનગીકરણની નીતિ અપનાવતાં કેટલા દવાખાના ખાનગી ટ્રસ્ટને સોંપેલ છે. બીજી બાજુ જોઈએ તો હોસ્પિટલ દીઠ સરેરાશ વસ્તીના પ્રમાણમાં 2005 કરતાં 2018ના વર્ષમાં વધારો થયો છે. આ 13 વર્ષના ગાળા દરમિયાન આ પ્રમાણમાં 48 ટકા જેટલો વધારો થયો છે. કારણ કે એક બાજુ દવાખાનાની સંખ્યામાં ઘટાડો થયો અને બીજી બાજુ ગુજરાત રાજ્યમાં આ ગાળા દરમિયાન વસ્તીના પ્રમાણમાં વધારો થવાને કારણે દવાખાનાદીઠ સરેરાશ વસ્તીનું પ્રમાણ વધ્યું છે.

આ તમામ સરકારી દવાખાનામાં પથારીની સંખ્યાની ચર્ચા કરીએ તો કુલ પથારીની સંખ્યામાં આ 13 વર્ષના ગાળા દરમિયાન એટલે કે 2005થી 2018 ના વર્ષ દરમિયાન 42.45ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. જયારે ગ્રામીણ વિસ્તારમાં આ પ્રમાણમાં 1.72ટકા જેટલો નજીવો ઘટાડો અને શહેરી વિસ્તારમાં આ સમય દરમિયાન 63.37 ટકા જેટલો જંગી ઘટાડો નોંધાયો છે. આ સરકારી દવાખાનામાં કુલ પથારીમાં થયેલા ઘટાડાની વિશેષ અસર શહેરી વિસ્તારના દવાખાનામાં થયેલ છે. આનું કારણ

કદાચ એ હોઈ શકે કે શહેરી વિસ્તારમાં ખાનગી દવાખાનાની વધારે ઉપલબ્ધિના કારણે સરકારી દવાખાનાની માંગમાં ઘટાડો થયો છે બીજી બાજુ પથારીદીઠ સરેરાશ વસ્તીના પ્રમાણમાં આ સમયગાળા દરમિયાન વધારો થયેલ માલુમ પડે છે. આ ગાળા દરમિયાન 42.22ટકા જેટલો વધારો થયેલ જોવા મળે છે. દવાખાનાદીઠ સરેરાશ પથારીની ચર્ચા કરીએ તો સરેરાશ કુલ પથારી જે 2005ના વર્ષમાં 70 હતી તે 2018 ના વર્ષમાં ઘટીને 46 થઈ ગઈ છે. જયારે ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રમાણ 38 થી ઘટીને ૩૨ તેમજ શહેરી વિસ્તારમાં આ પ્રમાણ 121થી ઘટીને 113 જેટલું થયુ છે. એટલે કે દવાખાનાદીઠ સરેરાશ પથારીના પ્રમાણમાં પણ ઘટાડો નોંધાયો છે.

### 11.2.5 ડૉકટર અને દાંતના સર્જનનું પ્રમાણ :

સ્વાસ્થ્ય ક્ષેત્રે પરિમાણાત્મક અને ગુણાત્મક પરિવર્તનો લાવવા માટે માત્ર ભૌતિક સુવિધાઓ હોવી પૂરતી નથી પરંતુ આ સેવા પુરી પાડનાર કુશળ ડૉકટર અને અન્ય મેડીકલ સ્ટાફ હોવો પણ એટલો જ જરૂરી છે. જો રાજયમાં અદ્યતન દવાખાના અને સાધનો ઉપલબ્ધ હશે પરંતુ તેનો ઉપયોગ કરીને સેવા પુરી પાડવા માટે યોગ્ય માનવશક્તિનો અભાવ હશે તો સ્વાસ્થ્ય સેવા સુધરી શકશે નહીં.હવે આપણે ગુજરાત રાજયમાં ડૉકટર અને દાંતના સર્જનનું પ્રમાણ કેટલુ છે. તેનો અભ્યાસ કરીશું.

ટેબલ નં. 5 ડૉકટર્સઅને દાંતના સર્જનનું પ્રમાણ :

| ક્રમ | વર્ષ | ડૉકટરની સંખ્યા | સમગ્ર દેશમાં ફાળો(%) | દાંતના સર્જનની સંખ્યા | સમગ્ર દેશમાં ફાળો |
|---|---|---|---|---|---|
| 1 | 2004 | 37327 | 5.72 | 1453 | 2.63 |
| 2 | 2007 | 41877 | 5.73 | 2558 | 3.50 |
| 3 | 2010 | 47231 | 5.70 | 2684 | 2.35 |
| 4 | 2013 | 53376 | 5.81 | 4648 | 3.16 |
| 5 | 2016 | 53954 | 5.37 | 10515 | 5.32 |

Source :Centre for Monitering Indian Economy.

ગુજરાત રાજ્યમાં ડૉકટરો અને દાંતના સર્જનનું પ્રમાણ કેટલું છે તેનો ખ્યાલ ઉપરની માહિતી પરથી આવે છે. ગુજરાત રાજયમાં 2004માં નોંધાયેલા ડૉકટરોની સંખ્યા 37327 હતી. જે 2016 માં વધીને 53,954 થઈ છે. એટલે કે આ 12વર્ષ દરમિયાન ડૉકટરોની સંખ્યામાં 44.54ટકાનો સારો વધારો થયો છે. સમગ્ર દેશમાં ઉપલબ્ધડૉકટરોમાંથી રાજ્ય સ્તરે ફાળો 2004 ના વર્ષમાં 5.37 ટકા જેટલી ઉપલબ્ધિ પ્રાપ્ત થાય છે.

દાંતના સર્જનના પ્રમાણની ચર્ચા કરીએ તો આ પ્રમાણ 2004માં 1453 હતું તે 2016માં વધીને 10515 જેટલુ થયુ છે એટલે કે આ પ્રમાણમાં 12 વર્ષ દરમિયાન છ ઘણો વધારો નોંધાયો છે. એટલે આપણે કહી શકીએ કે ગુજરાત રાજ્યમાં છેલ્લા દસકામાં દાંતના ડૉકટરોની સંખ્યામાં મોટો વધારો થયો છે. સમગ્ર ભારતમાં દાંતના ડૉકટરોની સંખ્યામાં રાજયનો ફાળો જે 2004માં 2.63 ટકા હતો તે વધીને 2016માં 5.32 ટકા થયો છે એટલે કે આ પ્રમાણમાં વધારો થયો છે.

### 11.2.6 આરોગ્યક્ષેત્રે આયુષ (AYUSH) સેવાઓઃ

ભારતના લોકોમાં વર્તમાન આધુનિક જીવનશૈલીમાં જે રીતે પરિવર્તન આવેલ છે અને આવી રહેલ છે જેના કારણે વારંવાર ઊત્પન્ન થતી શારીરિક - માનસિક

અવ્યવસ્થાની વધતી જતી માત્રાને ધ્યાનમાં રાખી સ્વાસ્થ્ય જાળવણી માટેની પરંપરાગત ઔષધિય પધ્ધતીને પ્રોત્સાહિત કરી, તેનો બહોળો પ્રચાર કરવા માટેનો મુખ્ય ધ્યેય આયુષ સેવાઓનો છે. સમગ્ર વિશ્વમાં સ્વાસ્થ્ય જાળવણીની વિવિધ પધ્ધતિઓ પૈકી આયુષ વિભાગ સ્વાસ્થ્ય સેવાક્ષેત્રે વિવિધ રોગો ઉપર નિયંત્રણ મૂકવા તથા જાહેર આરોગ્ય જાળવણીની ગુણવત્તામાં સુધારો વધારો કરવાના આશયથી સ્વાસ્થ્ય જાળવણીની પધ્ધતીના તમામ સ્તરે આયુષે જરૂરી પગલાં હાથ ધરેલ છે. તથા તમામ લોકો સુધી આયુષને પહોંચાડવાના આશયથી અનેક પ્રકારના જાહેર સ્વાસ્થ્ય ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ છે આમાના ઘણા કાર્યક્રમ સમયાંતરે ગોઠવવામાં આવે છે. AYUSH નું પુરૂ નામ આ પ્રમાણે છે.

A= Ayurveda

Y = Yoga & Natropathy

U = Unani

S = Siddha

H = Homeopathy

હવે આપણે ગુજરાત રાજ્યમાં આયુષની સેવાઓની ચર્ચા કરીશું.

ટેબલ નં 6 ની આંકડાકીય માહિતી પરથી ખ્યાલ આવે છે કે 2005-06 ના વર્ષ દરમિયાન આયુષ હોસ્પિટલોની સંખ્યા જે 66 હતી તે 2017-18 માં ઘટીને 64 થઈ છે. એટલે કે બે હોસ્પિટલ ઘટી છે. જયારે દવાખાનાની સંખ્યા જે 718 હતી તે વધીને 806 થઈ છે એટલે કે દવાખાનાની સંખ્યામાં 88 નો વધારો થયો છે.

ટેબલ નં. 6 રાજ્યમાં આયુષ સુવિધાઓ

| ક્રમ | વર્ષ | કુલ હોસ્પિટલ | કુલ દવાખાના | આયુર્વેદ હોસ્પિટલ | આયુર્વેદ દવાખાનાઓ | યોગ હોસ્પિટલ | યોગ દવાખાનાઓ | નેચરોપેથી હોસ્પિટલ | નેચરોપેથી દવાખાના | હોમિયોપેથીક હોસ્પિટલ | હોમિયોપેથીક દવાખાના | આમચી હોસ્પિટલ | આમચી દવાખાના |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2005-06 | 66 | 718 | 48 | 493 | 01 | 01 | 03 | 08 | 14 | 216 | 00 | 00 |
| 2 | 2008-09 | 62 | 734 | 44 | 504 | - | - | 02 | 13 | 16 | 216 | 00 | 01 |
| 3 | 2011-12 | 57 | 740 | 41 | 523 | - | - | 00 | 00 | 16 | 216 | 00 | 01 |
| 4 | 2014-15 | 63 | 791 | 41 | 545 | - | 16 | 06 | 14 | 16 | 216 | 00 | 00 |
| 5 | 2017-18 | 64 | 806 | 42 | 560 | - | 16 | 06 | 14 | 16 | 216 | 00 | 00 |

Source : Centre for Monitering Indian Economy.

આયુર્વેદ હોસ્પિટલની સંખ્યા 2005-06 માં 48 હતી તે 2017-18માં ઘટીને 42 થઇ છે. એટલે કે 6 હોસ્પિટલ ઘટી છે. જયારે દવાખાનાની સંખ્યા 493 હતી તે વધીને 560 થઈ છે. એટલે કે 67 જેટલો વધારો થયો છે.

રાજ્યમાં 2005-06 માં એક યોગની હોસ્પિટલ હતી જે બંધ થઇ ગઈ છે. જયારે 2005-06માં એક દવાખાનું હતું તે 2017-18માં વધીને 16 થયા છે એટલે કે 15 જેટલો વધારો થયો છે.

નેચરોપેથી હોસ્પિટલસંખ્યા જે 2005-06 માં 3 હતી તે તે 2017-18માં 6 થઈ છે જયારે દવાખાનાની સંખ્યા 8 હતી તે 2017-18માં 14 થઈ છે.

રાજ્યમાં 2005- 06 હોમીયોપીથી હોસ્પિટલની સંખ્યા 14 હતી તે વધીને 2017-18 માં 16 થઈ હતી જયારે હોમીયોપેથી દવાખાનાની સંખ્યા 216 હતી તે 2017-18 માં પણ 216 જ રહી હતી.

આયુષના અન્ય વિભાગો જેવા કે યુનાની અને સિધ્ધની ગુજરાતમાં એક પણ હોસ્પિટલ નથી. જયારે યુનાની અને સિધ્ધના કોઈ પણ દવાખાના પણ નથી. આમ આયુષની સેવાની સ્થિતી ગુજરાતમાં ઉપર મુજબ જોવા મળે છે.

## 11.3 ગુજરાત રાજ્યમાં આરોગ્ય સેવાઓની સમસ્યાઓ :

ગુજરાત રાજ્ય સમગ્ર ભારતમાં મુખ્ય ઔદ્યોગિક કેન્દ્ર તરીકેનું સ્થાન ધરાવે છે. ગુજરાતે છેલ્લા બે દસકા દરમિયાન જુદા જુદા આર્થિક નિર્દેશકોમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. ગુજરાત રાજ્યનો આર્થિક વિકાસ દર ખૂબ સારો છે. ખાસ કરીને ખેતી ક્ષેત્રે સારું પરીણામ પ્રાપ્ત કર્યુ છે. ગુજરાત રાજ્યમાં ખેતી ક્ષેત્રે 2002-03 થી 2013- 14ના દશકા દરમિયાન સરેરાશ 7.00 ટકાના દરે વિકાસ કર્યો છે. જયારે આ સમયગાળા દરમિયાન સમગ્ર દેશની સરેરાશ વિકાસ યાત્ર માત્ર 3.3 ટકા જ રહી હતી. એટલે કે સમગ્ર દેશની તુલનાએ ગુજરાતે બે ગણા કરતાં વધારે વિકાસ હાંસલ કર્યો છે. ગરીબી દૂર કરવામાં પણ રાજ્ય ઘણા અંશે સફળ રહ્યુ છે. તેમ છતા આપણે જેને સામાજિક વિકાસનાં નિર્દેશકો કહીએ છીએ તે બાબતમાં રાજ્યનું મિશ્ર પરીણામ જોવા મળે છે. સમગ્ર ભારતની સરખામણીએ શિક્ષણ ક્ષેત્રે ગુજરાત રાજ્ય ઘણું પાછળ છે તેમજ આરોગ્યના ક્ષેત્રે પણ કેટલીક બાબતોમાં ઘણા જ સુધારાઓ કરવાના બાકી છે. હવે આપણે રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે કઈ સમસ્યાઓ રહેલી છે તેની ચર્ચા કરીશું.

1. ફળદ્રુપતાદરની સમસ્યા :

ગુજરાત રાજ્યમાં બાળકોમાં કુપોષણની સમસ્યા મોટા પ્રમાણમાં જોવા મળે છે. ICMR ના મત મુજબ રાજ્યમાં કુપોષણ અને આયરનની કમીનું કારણ વધારે મૃત્યુ માટે જવાબદાર પરીબળો છે. દા.ત. રાજ્યમાં ઉંમર પ્રમાણે બાળકની જે વૃધ્ધિ હોવી જોઈએ તેટલી જ થઈ હોય તેવા કિસ્સાઓ NEHS-2 ના સર્વે પ્રમાણે (1998-99) 52% નું પ્રમાણ હતું તે NFHS-4 (Natrinal Family Heatl Survey-4) પ્રમાણે જે (2015-16) માં ઘટીને 38.5% થયું હતું. આમ છતાં હજુ આ પ્રમાણ ઘણું જ ઊંચું છે તેવુ કહી શકાય. ગુજરાત રાજ્યમાં ઓછું વજન ધરાવતા બાળકોનું પ્રમાણ NFHS-2 પ્રમાણે જે 42% હતું તે NFHS-4 પ્રમાણે ઘટીને 30.3 થયું હતું. આમ જોઈએ તો 17 વર્ષના ગાળામાં આ પ્રમાણમાં માત્ર 2.7 ટકાવારી બિંદુનો આંક ઘણો નાનો કહેવાય.

સમગ્ર ભારતમાં 2015-16 ના ડેટા પ્રમાણે ગુજરાત રાજ્યનો બાળકની વૃધ્ધિની દ્રષ્ટિએ 29 મો ક્રમ અને ઓછા વજનની દ્રષ્ટિએ 32 મો ક્રમ હતો એટલે આપણે કહી શકીએ કે કુપોણણની દષ્ટિએ સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્ય ઘણું પાછળ છે.

2. રસીકરણનું નીચું પ્રમાણ :

ગુજરાત રાજ્ય સંપૂર્ણ રસીકરણની દિશામાં પણ ઘણું પાછળ છે. રોગપ્રતિકારક શકિત વધારવા અને ગંભીર રોગો સામે રક્ષણ આપવા માટે બાળકના ઉંમરના જુદા જુદા તબક્કે વિવિધ પ્રકારના રસી આપવામાં આવે છે. ખાસ કરીને બાળકની ઉંમર 12 મહિનાથી 23 મહિના વચ્ચે હોય ત્યારે ઘણા પ્રકારની રસી મુકવામાં આવે છે. NFHS-2 ના ડેટા પ્રમાણે 1998-99માં ગુજરાત રાજ્યમાં સંપૂર્ણ રસીકરણ જે 53 ટકા બાળકોમાં થયું હતું તે NFHS-3 ના ડેટા પ્રમાણે 2005-06 માં ઘટીને 45 ટકા થયું હતું. એટલે કે 7 વર્ષના ગાળામાં સંપૂર્ણ રસીકરણમાં ઘટાડો નોંધાયો હતો. 2015-16 માં NFHS ના 4 થયા રાઉન્ડમાં આ પ્રમાણ વધીને 50 ટકા થયુ હતું એટલે કે તે NFHS ના પ્રથમ રાઉન્ડમાં જે 50.4 ટકાનું હતુ તેની નજીક પહોંચ્યુ હતુ. 2005-06માં ગુજરાત રાજ્યનો સમગ્ર ભારતમાં સંપૂર્ણ રસીકરણમાં નીચેથી 10 મો ક્રમ હતો જે 2015-16માં કુલ 36 રાજ્યોમાંથી નીચેથી ૫ મો ક્રમ એટલે કે 32મો ક્રમ થઈ ગયો હતો. આથી કહી શકાય કે ગુજરાત રાજ્ય સમગ્ર ભારતમાં આ બાબતે ઘણું જ પાછળ છે. તેમાં સુધારો લાવવો ઘણો જ આવશ્યક છે.

3. સંસ્થાકીય ડિલીવરીનું પ્રમાણ :

ગુજરાત સરકારે 2005ના વર્ષમાં ફળદ્રુપતા દર, બાળમૃત્યુદર અને માતા મૃત્યુદરમાં ઘટાડો લાવવા માટે ચિરંજીવ યોજના અમલમાં મુકી છે. જેના કારણે દવાખાનામાં જ અને ડૉકટરો દ્વારા જ ડીલીવરી થાય તે પ્રમાણમાં ખૂબ સારો વધારો થયો છે. દા.ત. NFHS ના પ્રથમ રાઉન્ડમાં સંસ્થાકીય ડિલીવરીનું પ્રમાણ જે 44 ટકા હતું તે NFHSના ચોથા રાઉન્ડમાં વધીને સરેરાશ 87.3 ટકા થયુ હતુ. તેમ છતાં આ પ્રમાણમાં આંતર જિલ્લા અસમાનતા ઘણી જોવા મળે છે. દા.ત. ચોથા રાઉન્ડમાં સુરત, નવસારી અને પોરબંદર જિલ્લામાં સંસ્થાકીય ડિલીવરીનું પ્રમાણ 95 ટકા હતું. જયારે ડાંગ જિલ્લામાં તે પ્રમાણ માત્ર 53.7 ટકા જેટલુંહતું. આમ આ જિલ્લાઓ વચ્ચે આ તફાવત 41.3 ટકાવારી બિંદુ જેટલો જોવા મળે છે, જે ઘણો જ ઊંચો કહેવાય.

4. માંગ અને પુરવઠામાં તફાવત :

ગુજરાત રાજ્યમાં આરોગ્ય સેવાઓની કુલ માંગ અને કુલ પુરવઠા વચ્ચે ઘણો તફાવત રહેલ છે રાજ્યમાં ડૉકટરો, નર્સો અને પથારીની કુલ માંગની તુલનાએ તેમનો પુરવઠો ઘણો ઓછો છે. દા.ત. ગુજરાત રાજ્યમાં સરેરાશ 1300 ની વસ્તીએ એક ડૉકટર ઉપલબ્ધ છે. જે પ્રમાણ તમીલનાડુ રાજ્યમાં માત્ર 800 છે. માત્ર સરકારી દવાખાનાને ધ્યાનમાં રાખીએ તો આ પ્રમાણ 19000ની વસ્તીએ માત્ર એક ડૉકટર ઉપલબ્ધ છે. જેનું પ્રમાણ તામીલનાડુ રાજ્યમાં 9000નું છે. નર્સીંગ સ્ટાફનું પ્રમાણ પણ તેની માંગ કરતાં ઓછુ જોવા મળે છે. આ સાથે દવાખાનાઓમાં સરેરાશ પથારીની સંખ્યા પણ ઘણી ઓછી છે. રાજ્યમાં 2014માં સરેરાશ 2196ની વસ્તીએ એક પથારી ઉપલબ્ધ હતી.તેથી ઘણીવાર સરકારી હોસ્પિટલમાં લોબીમાં તાત્કાલિક પથારીની વ્યવસ્થા ઉભી કરવી પડે છે. ખાસ કરીને કોરોના જેવા ભયંકર રોગના સમયે તો આ પથારીની સંખ્યા ઘણી ઓછી પડે છે.

5. કેટલાક આરોગ્ય નિર્દેશકોમાં નબળી સ્થિતી :

આરોગ્ય સેવા અને શિક્ષણ તેમજ આરોગ્ય નિર્દેશકો વચ્ચે સકારાત્મક સંબંધ જોવા મળે છે. એટલે કે આરોગ્ય સેવા અને શિક્ષણમાં જો સુધારો થાય. ગુજરાત રાજ્યમાં આરોગ્યની સેવાના સુધારા સાથે આરોગ્ય નિર્દેશકોમાં પણ સુધારો થઈ રહ્યો છે પરંતુ કેટલાક નિર્દેશકોમાં અમુક રાજ્યોની સરખામણીએ આપણા રાજ્યની સ્થિતીમાં સુધારો ઓછો થયો છે. દા.ત બાળ મૃત્યુદરનું પ્રમાણ રાજ્યમાં જરૂર ઓછું થયું છે પરંતુ ગ્રામીણ વિસ્તારમાં આ પ્રમાણ દર હજાર બાળકોએ 58નું હતું જે મહારાષ્ટ્ર રાજ્યમાં 40 જેટલું જ હતું એટલે આ બાબતે આમા સુધારો ખૂબ જરૂરી છે. પ્રજનન દરની વાત કરીએ તો ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં આ પ્રમાણ 2.1ના સ્તરે લાવવા માટેનો લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. પરંતુ ગુજરાત રાજ્યમાં 2010માં તેનું પ્રમાણ 2.5ની આસપાસ હતું. આમ આવા કેટલાક આરોગ્ય નિર્દેશકોમાં સુધારો લાવવા માટે રાજ્યએ હજુ વધારે પ્રયાસો કરવા પડશે.

6. માતા મૃત્યુદરનું ઊંચુ પ્રમાણ :

ડીલીવરી સમયે જો મહિલાનું મૃત્યુ થાય તેને માતા મૃત્યુદર તરીકે ઓળખવામાં આવે છે. રાજ્ય સરકાર આ પ્રમાણમાં ઘટાડો લાવવા માટે પ્રયત્ન કરી રહી છે. પરંતુ 2004-5ના વર્ષમાં આ પ્રમાણ 160નું હતું એટલે કે 1 લાખ સ્ત્રીઓએ ડીલીવરી સમયે

160 સ્ત્રીઓનુ મૃત્યુ થતુ હતું જે પ્રમાણ કેરાલામાં 95 અને તામીલનાડુમાં 111હતું આમ આ પ્રમાણ ઘટાડવું જરૂરી છે.

7. આરોગ્યક્ષેત્રે બજેટનું નીચુ પ્રમાણ :

માનવ શક્તિના સફળ આયોજન માટે આરોગ્ય સેવા એક અનિવાર્ય સેવા છે. કારણ કે માનવશ્રમના શારીરિક અને માનસિક વિકાસ માટે આરોગ્ય સેવાઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. પરંતુ ગુજરાત રાજ્યનું આરોગ્ય સેવા માટે ઘણેં ઓછુ બજેટ છે. 2012-13ના વર્ષમાં રાજ્યની કુલ જીડીપીના 2.47 ટકા ખર્ચ આરોગ્ય સેવા પાછળ કરવામાં આવતો હતો. જયારે આ પ્રમાણ કર્ણાટક રાજ્યમાં 3.33 ટકા અને કેરાલા રાજ્યનું 2.58ટકા જેટલું હતું. અન્ય રાજ્યોજસ સરખામણીએ પહોંચી વળવા રાજ્ય સરકારે સારી આરોગ્ય સેવા માટે બજેટ પ્રમાણ વધારવુ આવશ્યક છે.

8. નેટવર્કીંગનો અભાવ :

નીચે પ્રમાણે સારી રીતે ત્વરિત આરોગ્ય સેવા મેળવવા માટે ડૉકટરો અને હોસ્પિટલો વચ્ચે વ્યવસ્થિત નેટવર્કીંગ હોવુ જરૂરી છે. પરંતુ ગુજરાત રાજ્ય અને સમગ્ર ભારતમાં આવુ નેટવકીંગ જોવા મળતુ નથી. દરેક ડૉકટર અને હોસ્પિટલ અલગ એકમ તરીકે કાર્ય કરે છે. ગુજરાત રાજ્યમાં આવા નેટવર્કીંગનો અભાવ હોવાનું એક કારણ આરોગ્ય સેવાની માંગ કરતાં પુરવઠો ઓછો તે છે.

9. હોસ્પિટલોનું નબળુ હોસ્પિટલ વહીવટીતંત્ર :

રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતી હોસ્પિટલોમાં વહીવટીતંત્ર ઘણુ નબળુ જોવા મળે છે. જેની અસર વિવિધ આરોગ્ય સેવા પર થાય છે. આરોગ્ય સેવા માટે જરૂરી એવા મહત્ત્વના સાધનો જેવા કે એક્સ રે મશીન, સોનોગ્રાફી મશીન વગેરે તેની યોગ્ય જાળવણીના અભાવે યોગ્ય રીતે કામ કરતા હોતા નથી. એકવાર બંધ પડે પછી તે લાંબા સમય સુધી કાર્યરત કરવામાં આવતા નથી. હોસ્પિટલ માટે વિવિધ દવાઓ અને સાધનોની ખરીદીમાં ઘણો વિલંબ જોવા મળતો હોય છે તેમજ તેમાં ઘણી વખત ભ્રષ્ટ્રાચાર પણ થતો હોય છે. આ કારણે વિવિધ આરોગ્ય વિષય સેવા પર પ્રતિકુળ અસર પડતી હોય છે. આમ, ગુજરાત રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે ઉપરોકત સમસ્યા પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

## 11.4 આરોગ્યક્ષેત્રે ખાનગીકરણ :

આરોગ્ય સેવાનો ટૂંકો ઈતિહાસ તપાસીએ તો ખ્યાલ આવશે કે એલોપેથીક સારવારના ઉદ્દભવ પહેલા ૧૯મી સદીમાં વૈદકિય સારવાર મોટા ભાગે ઘરોમાં અને સમુદાયોમાં ખાનગી હતી આ સમયગાળા દરમિયાન મોટાભાગના વિકસિત અને વિકાસશીલ દેશોમાં અમુક ઔપચારિક તાલીમ પામેલા લોકો સમાજના સુખી સપન્ન લોકોની સારવાર કરતા હતાં અને સામાન્ય લોકો મોટાભાગે ઘાગા-દોરા અને જંતર-મંતર થી ઈલાજ કરતા હતાં. ઔદ્યોગિકરણ પહેલાના સમયમાં મોટા ભાગના પશ્ચિમી દેશોમાં વૈદકિય વ્યવસાય વિકસ્યો હતો. ભારતમાં સ્થાનિક પધ્ધતિઓ જેવી કે આયુર્વેદા, યુનાની, સિધ્ધા અને કુદરતી ઉપચાર નો ઉપયોગ લોકોની સારવાર માટે કરવામાં આવતો હતો. આ બધી જ સારવાર વ્યક્તિગત કે ખાનગી ધોરણે હાથ ધરાતી હતુી. 19મી સદીના અંતમાં રાજ્યો દ્વારા સ્વાસ્થ્ય સારવામાં હસ્તક્ષેપ કરવામાં આવ્યો હતો. આ ક્ષેત્રે સર્વ પ્રથમ પ્રયત્ન બિસમાર્ડ દ્વારા જર્મનીમાં 1883માં કરવામાં આવેલો

ત્યારબાદ જે દેશ જે પ્રકારની આર્થિક પધ્ધતી ધરાવતુંહતું તે પ્રમાણે આરોગ્ય સેવા આપવાની વ્યવસ્થા ગોઠવાઈ હતી. દા.ત જે દેશ મૂડીવાદી અર્થવ્યવસ્થા ધરાવતું હતું તે દેશમાં આરોગ્યની મોટાભાગની સેવાઓ ખાનગી ક્ષેત્ર દ્વારા પૂરી પાડવમાં આવી હતી. જયારે ક્યુબા જેવા થોડા સામ્યવાદી રાષ્ટ્રમાં આરોગ્યની તમામ સેવાઓ રાજ્ય દ્વારા પૂરી પાડવમાં આવતી હતી. અને મિશ્ર અથતંત્ર ધરાવતા ભારત જેવા દેશો જાહેર અને ખાનગી બન્ને પ્રકારની આરોગ્ય સેવાઓ પૂરી પાડતાંહતાં.

છેલ્લા ત્રણ દાયકાથી ખાનગીકરણની પધ્ધતિ દ્વારા વિશ્વમાં સ્વાસ્થ્ય સમસ્યા અંગેની કાર્યનીતિ શોધવાની દિશામાં કેન્દ્રિય સ્થાન ધરાવે છે. ભારત જેવા દેશોએ પણ નવા આર્થિક સુધારાઓ અપનાવતા આ પ્રકારની સેવાનો ફાળો જાહેર ક્ષેત્રે ઘટતો ગયો છે અને ખાનગી ક્ષેત્રનો વધતો ગયો છે. ભારત સરકાર દ્વારા અપનાવવામાં આવેલી ખાનગીકરણની નીતિ ગુજરાત રાજયએપણ અપનાવી છે. હવે આપણે આરોગ્યક્ષેત્રે ખાનગીકરણની ચર્ચા કરીશું.

### 11.4.1 ગુજરાતમાં આરોગ્યક્ષેત્રે ખાનગીકરણનું પ્રમાણ :

સામાન્ય રીતે એવું જોવા મળે છે કેજાહેરક્ષેત્ર દ્વારા પુરી પાડવામાં આવતી આરોગ્ય સેવા કાં તો સંપૂર્ણ મફતઅથવા તો સામાન્ય દરથી આપવામાં આવતી હોય છે. આથી જે લોકોની આર્થિક સ્થિતી નબળી હોય તેવા લોકો લગભગ આરોગ્ય સેવાઓ જાહેરક્ષેત્ર દ્વારા મેળવતા હોય છે. જયારે ખાનગીક્ષેત્ર દ્વારા આપવામાં આવતી સેવાઓ વધુ ખર્ચાળ હોય છે પરંતુ ગુણવત્તા સારી હોય છે. આથી ધનિક લોકો આવી સેવા ખાનગી ક્ષેત્ર દ્વારા મેળવતા હોય છે. અહીં આપણે વિસ્તાર પ્રમાણે આ સેવા કેટલા પ્રમાણમાં કયા ક્ષેત્રમાં મેળવવામાં આવે છે અને બન્ને સેવા મેળવવામાં સરેરાશ ખર્ચ કેટલો થાય છે તેની ચર્ચા કરીશું.

ટેબલ-07 વિસ્તાર પ્રમાણે હોસ્પિટલમાં સેવા મેળવતા લોકોનું પ્રમાણ (ટકાવારીમાં)

| ક્રમ | વિસ્તાર | 1996 | 2014 |
|---|---|---|---|
| 1 | જાહેરક્ષેત્ર ( ગ્રામીણ) | 44 | 42 |
| 2 | ખાનગીક્ષેત્ર (ગ્રામીણ) | 56 | 58 |
| 3 | જાહેરક્ષેત્ર (શહેરી) | 43 | 32 |
| 4 | ખાનગીક્ષેત્ર (શહેરી) | 57 | 68 |

Source: CMIE1 : Centre for Monitering Indian Economy.

ઉપરોક્ત માહિતીથી ખ્યાલ આવે છે કે ગ્રામીણ તેમજ શહેરી બન્ને વિસ્તારના લોકો જાહેરક્ષેત્ર કરતાં ખાનગી ક્ષેત્ર પાસેથી વધારે સેવા મેળવે છે. તેમજ બીજા વિસ્તારમાં ૧૮વર્ષના ગાળામાં જાહેરક્ષેત્ર દ્વારા મેળવવામાં આવતી સેવાનાં પ્રમાણમાં ઘટાડો થયો છે અને ખાનગી ક્ષેત્ર દ્વારા મેળવવામાં આવતી સેવામાં વધારો થયો છે.

ટેબલ- 8 આરોગ્ય સેવાનો સરેરાશ ખર્ચ (રૂપિયામા)

| ક્રમ | વિસ્તાર | જાહેરક્ષેત્રની હોસ્પિટલ | | ખાનગીક્ષેત્રની હોસ્પિટલ | |
|---|---|---|---|---|---|
| | | સમગ્ર ભારતમાં ક્રમ | ખર્ચ સરેરાશ (રૂા.) | સમગ્ર ભારતમાં ક્રમ | ખર્ચ સરેરાશ (રૂા.) |
| 1 | કુલ | 3 | 1938 | 8 | 27361 |
| 2 | શહેરી વિસ્તાર | 7 | 3529 | 8 | 29281 |
| 3 | ગ્રામ્ય વિસ્તાર | 2 | 1151 | 10 | 25027 |

Source :Source: CMIE1 : Centre for Monitering Indian Economy.

ઉપરોકત માહિતીથી ખ્યાલ આવે છે કે જાહેરક્ષેત્ર કરતા ખાનગીક્ષેત્રની હોસ્પિટલોમાં આરોગ્ય પાછળનો ખર્ચ ઘણો વધારે છે. આ ખર્ચ સરેરાશ 13 ગણો વધારે માલુમ પડે છે. બીજી બાબત જોઈએ તો ગ્રામીણ વિસ્તાર કરતા શહેરી વિસ્તારમાં બન્ને પ્રકારની હોસ્પિટલમાં વધારે ખર્ચ થાય છે. સમગ્ર ભારતમાં ક્રમની દ્રષ્ટિએ જાહેરક્ષેત્રની હોસ્પિટલોમાં ઊંચો અને ખાનગીક્ષેત્રની હોસ્પિટલોમાં નીચો ખર્ચ જોવા મળે છે. એટલે કહી શકીએ કે ગુજરાત રાજ્યમાં અન્ય રાજ્યોની તુલનામાં જાહેરક્ષેત્રની હોસ્પિટલોમાં ઊંચો ખર્ચ છે અને ખાનગીક્ષેત્રની હોસ્પિટલોમાં અન્ય રાજ્યોની તુલનામાં ઓછો ખર્ચ છે.

11.4.2 આરોગ્યક્ષેત્રે ખાનગીકરણ મૉડેલ :

- આરોગ્યક્ષેત્રે ખાનગીકરણ મોડેલમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.
- આરોગ્યસેવાઓના ખર્ચનું ભારણ લોકો પર ખસેડવું.
- આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે નફા માટે કામ કરતી ખાનગી ક્ષેત્રની તકોમાં વિસ્તરણ કરવું.
- આરોગ્ય સેવાનું વિતરણ માટેની કાળજી જાહેર સુંસ્થાઓ પરથી સામાજિક સંસ્થાઓ અને ખાનગીક્ષેત્ર પર ખસેડો.

11.4.3 આરોગ્યક્ષેત્રે ખાનગીકરણના કારણો :આરોગ્યક્ષેત્રે નીચેના કારણોથી ખાનગીકરણના વ્યાપમાં વધારો થયેલો જોવા મળે છે.

1. જાહેરક્ષેત્રની સેવાઓનો અપૂરતો વિકાસ
2. જાહેર આરોગ્ય સેવાના નબળા સંચાલનથી અસંતોષ
3. સરકારી દાકતરોના ખાનગી પ્રેકટીસ પર વધારે ઝોક
4. ગુણવત્તાસભર સેવાઓ મેળવવા માટે
5. નાણાકીય સંસ્થાઓનો સારો વિકાસ
6. સરકારનું આર્થિક ભારણ ઘટાડવા
7. આરોગ્ય સેવાની વધતી માંગને પહોંચી વળવા

આમ ઉપરોકત કારણો આરોગ્યક્ષેત્રના ખાનગીકરણ માટે જવાબદાર છે.

11.4.4 આરોગ્યક્ષેત્રે ખાનગીકરણના પડકારોઃ

ઉપરોકત કેટલીક બાબતોને કારણે આરોગ્યક્ષેત્રે ખાનગીકરણ અનિવાર્ય બન્યુ હતું પરંતુ જયારે આરોગ્ય જેવા ખૂબ જ સંવેદનશીલ ક્ષેત્રમાં ખાનગીક્ષેત્રના પ્રવેશને કારણે કેટલાક પડકારો ઉભા થાય છે. નીચે મુજબ છે.

1. આરોગ્યક્ષેત્રે ખાનગીકરણને કારણે અસમાનતાનો પડકાર ઉભો થશે, ખાસ કરીને તેની પાછળ જાહેર ક્ષેત્રને બદલે ખર્ચનું ભારણ વ્યક્તિઓ પર આવશે.
2. આરોગ્યક્ષેત્રે ખાનગીકરણને કારણે પારદર્શકતાનો પડકાર પણ ઉભો થશે. કારણ કે ખાનગીક્ષેત્રે જયારે નાણા રોકે છે ત્યારે તેમાં નાણાકીય વળતરની અપેક્ષા રાખે છે, નહિ કે દર્દીની સ્થિત.
3. આ પ્રકારની સેવા એ લોકો જ મેળવી શકશે કે જેઓ પાસે સેવાની કિંમત

ચૂકવવાની ક્ષમતા હશે.

4. જાહેરક્ષેત્ર કાર્યદક્ષમતા સિવાય અન્ય મૂલ્યો જેવા કે અસરકારકતા, જવાબદારી પણુ અને વિશ્વાસ સાથે કામ કરશે જયારે ખાનગીક્ષેત્રે આવી ખાસ અપેક્ષાઓ રાખી શકાશે નહીં.

5. જાહેરક્ષેત્ર સંકટના સમયે સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવશે જયારે ખાનગીક્ષેત્ર તેમાં નિષ્ફળ પણ નીવડે.

## 11.5 ગુજરાતમાં આરોગ્યક્ષેત્રે જાહેર નીતિ :

આરોગ્યની સેવા ટકાઉ વિકાસ માટે મૂળભૂત માનવ અધિકાર અને સમાજની આર્થિક વૃધ્ધિ માટે અનિવાર્ય અને નિર્ણાયક છે. આરોગ્યની સેવા ઉત્પાદકીય રોજગારી, માંદગી પરના ખર્ચમાં ઘટાડો અન. ઊંચો સામાજિક સંસાધન દ્વારા રાષ્ટ્રીય વિકાસમાં ફાળો આપે છે.

રાજ્ય સરકારે રાજ્યના દરેક નાગરીકને પ્રાથમિક સારવારથી કોઈને ઉચ્ચસેવા સમાનતાના ધોરણે સૌને પોષણક્ષમ બને તેવી ગેણવત્તાસભર આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે 23 December, 2016 ના રોજ આરોગ્ય નીતિ જાહેર કરી છે. જે નીચે મુજબ છે. આરોગ્ય નીતિમાં જુદી જુદી યોજનાઓ આ પ્રમાણે છે.

### 11.5.1 2016ની નવી નીતિ :

★ નવી સ્વનિર્ભર મેડિકલ કોલેજોની સ્થાપના માટેની યોજના :

ગુજરાત સરકાર દ્વારા ડિસેમ્બર 2011 થી માર્ચ 2022ના ગાળા માટે સમગ્ર રાજ્ય માટે આ યોજના લાગુ પાડવામાં આવી. આ માટે મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા 1999નાં ધારા ધોરણો લાગુ પાડવામાં આવ્યાં. આ યોજના મુજબ MBBS અભ્યાસક્રમમાં પાંચ વર્ષ માટે દેરક બેઠક દીઠ રૂપિયા 15 લાખની સહાય, વીજળી બિલમાં ઈલેકટ્રીક ડયુટીની ભરપાઈ, સાધનોની ખરીદી માટે વધારાની સહાય, રાજ્યની મહાનગરપાલિકાઓ સિવાયના વિસ્તારમાં ટ્રસ્ટ માટે જમીન ખરીદી માટે બજાર કિંમતના 50% ડિસ્કાઉન્ટ વગેરે જેવી જાહેરાતો કરવામાં આવી.

★ સરકારી હોસ્પિટલોમાં સ્વનિર્ભર મેડિકલ કોલેજ સ્થાપવા માટેની યોજના :

ડિસેમ્બર 2016થી માર્ચ 2022ના ગાળા માટે રાજ્યમાં કેટલાક પસંદગીના જિલ્લાઓમાં સરકારી હોસ્પિટલોમાં જ સ્વનિર્ભર મેડિકલ કોલેજ સ્થાપવા માટેની સહાયક જોગવાઈઓ જાહેર આવી. તે અનુસાર તાપી, બનાસકાંઠા, અમરેલી, ભરૂચ, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા 1999નાં ધારા ધોરણો અનુસાર સરકારી હોસ્પિટલોમાં ઉપલબ્ધ જમીન/બિલ્ડીંગ માટેની સહાય ભાડાંરૂપે આપવામાં આવશે. નવી મેડિકલ કોલેજથી સ્થાપવા માટે ઘટતી પથારીઓની વ્યવસ્થા કરવામાં આવશે. હોસ્પિટલનાં તમામ સાધનો ભાડેથી આપવામાં આવશે તથા નવાં સાધનોની ખરીદી માટે પણ વધારાની સહાય આપવામાં આવશે. વીજળી બિલમાં ડયુટીની ભરપાઈ કરવામાં આવશે. વર્તમાનમાં હોસ્પિટલને મળતી ગ્રાન્ટ સમાન ધોરણે મેળવવાને પાત્ર બનશે.

★ ખાનગીક્ષેત્રે નવી સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ શરૂ કરવાની યોજના :

આ યોજના ડિસેમ્બર 2016થી માર્ચ 2022ના ગાળા માટે સમગ્ર લાગુ પાડવામાં આવી. તે અનુસાર (1) ગુજરાત મેડિકલ કાઉન્સિલમાં નોંધાયેલ સ્નાતક (2) નોંધાયેલ ભાગીદારી પેઢી કે (3) કાયદા પ્રમાણે નોંધાયેલ સંસ્થાને મેડીકલ સાધનો ખરીદવા માટે મહત્તમ 10 કરોડની મર્યાદામાં બેંક લોનના 10% સબસીડી, અધિકૃત બેંકની લોનની રકમ ઉપર મહત્તમ 40 કરોડની મર્યાદામાં સાત વર્ષ સુધી 4% વ્યાજમાં રાહત, તેમજ પાંચ વર્ષ સુધી વીજબિલની ડયુટી ભરપાઈ કરવાની જાહેરાત કરવામાં આવી.

★ ખાનગી અને બિનસરકારી સંસ્થાની હોસ્પિટલ માટે સાધનોની ખરીદી યોજના :

ડિસેમ્બર 2014થી માર્ચ 2022ના ગાળા માટે આ યોજના જાહેર કરવામાં આવી. જેનો વિસ્તાર આ પ્રમાણે નક્કી કરવામાં આવ્યો, (1) રોગ નિદાન સેવા કેન્દ્ર, અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સિવાય સંપૂર્ણ રાજ્ય ચેરીટેબલ ટ્રસ્ટ માટે સંપૂર્ણ રાજ્ય (2) પ્રાથમિક સ્પેશ્યલ્ટી હોસ્પિટલ ૨ લાખ કરતા વધારે વસ્તી ધરાવતા શહેર સિવાય સંપૂર્ણ રાજ્ય. (3) સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ સંપૂર્ણ રાજ્ય ગુજરાત મેડિકલ કાઉન્સિલમાં નોંધાયેલ સ્નાતક, નોંધાયેલ ભાગીદારી પેઢી કે કાયદા પ્રમાણે નોંધાયેલી સંસ્થાને આ યોજના હેઠળ સહાય આપવાની જાહેરાત કરવામાં આવી. જેમાં રોગનવિદન સેવા કેન્દ્રને રેડિયોલોજી અને કાર્ડિયોલોજીનાં સાધનો,પ્રાથમિકસ્પેશિયાલિટી હોસ્પિટલને એનેસ્થેસિયા,E.N.T, ગાયનોકોલોજી, ઓર્થોપેડિક્સ, મેડિસીન વગેરેનાં સાધનો તથા રાજ્યના પછાત તાલુકાની હોસ્પિટલ માટે સાધનોની સરેરાશ ખરીદ કિંમતના 30% સહાય આપવાની જાહેરાત થઈ.

11.5.2 2000ની વસ્તીનીતિના ભાગરૂપે આરોગ્ય નીતિ :

ભારત દેશમાં 2000ની સાલમાં તેની કુલ વસ્તી 100 કરોડે પહોંચી જમા અને કેટલાક સ્વાસ્થ્ય વિષયક નિર્દેશકોની સ્થિતી વિકસિત અને કેટલાક વિકાસશીલ દેશોની તુલનાએ નબળી જણાતા કેટલાક આરોગ્ય નિર્દેશકોને આવરી લઈ વસ્તી નીતિ જાહેર કરવામાં આવી હતી. ભારતમાં વસ્તી વધતા કુલ ફળદ્રુપતા દરને 2010 સુધીમાં 2:1 લાવવા માટે 15 February, 2000 ના દિવસે વસ્તી નીતિ જાહેર કરવામાં આવી હતી. જેના હેતુઓ આ પ્રમાણે હતાં.

ઉદ્દેશો :

1. તાત્કાલિક હેતુઓ : નહિ પહોંચી વળાયેલ જરૂરીયાત જેવી કે ગર્ભ નિરોધક સાધનો અને સ્વાસ્થ્ય સંભાળ માટે માળખાગત સુવિધાઓ અને માનવ શક્તિ પુરા પાડવા.

2. મધ્યમગાળાનો હેતુ : કુલ ફળદ્રુપતાના દરને 2010સુધીમાં 2:1 સુધી લાવવો.

3. લાંબાગાળાનો હેતુ :2045 સુધીમાં વસ્તી એ રીતે સ્થિર કરવી કે જે આર્થિક વૃધ્ધિ, સામાજિક વિકાસ અને પર્યાવરણીય સંરક્ષણની જરૂરીયાત સાથે તાલ મેળવી શકે. આ માટે નીચે મુજબના લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા હતાં.

લક્ષ્યાંકો :

1. 2045સુધીમાં શૂન્ય વસ્તી વૃધ્ધિનો દર પ્રાપ્ત કરવો.

2. બાળમૃત્યુદર પ્રતિ હજાર જીવીત બાળકોએ 30 સુધી ઘટાડવો.

3. માતા મૃત્યુદર દર જીવીત 1 લાખ બાળકોએ 100 થી નીચે લાવવો.

4. 2010 સુધીમાં જન્મદર પ્રતિ 1000 વસ્તીએ 21 સુધી લઈ જવો.

5. કુલ પ્રજનનક્ષમતા દર 2010 સુધીમાં 2:1 સુધી લઈ જવો.

આમ,ભારત સરકાર દ્વારા 2000 માં જાહેર થયેલી વસ્તી નીતિ આરોગ્યની નીતિ પણ બની ગયેલી હતુી. દરેક રાજ્યએ આ લક્ષ્યાંકો માટે પ્રયાસો કરવા ફરજીયાત હતું.

## 11.6 સારાંશ :

માનવ જીવન માટે કેટલીક મહત્ત્વની કેટલીક સેવાઓમાંથી એક અગત્યની આરોગ્યની સેવાના વિવિધ પાસાંઓની ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં આરોગ્યની સ્થિતી કેવી છે તે જાણવા તેના વિવિધ નિર્દેશકો કે જન્મદર, મૃત્યુદર, બાળમૃત્યુદર, પ્રજનનદર, હોસ્પિટલો, ડૉકટરો પથારી અને આયુષ સેવાઓની વિગતથી ચર્ચા કરવામાં આવી. તે ઉપરાંત રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે જોવા મળતી સમસ્યાઓ અને સરકાર દ્વારા અપનાવવામાં આવેલી ખાનગીકરણની નીતિને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમજ છેલ્લા બે દાયકામાં આરોગ્ય સેવા ક્ષેત્રે સુધારો લાવવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંને વિવિધ જાહેર નીતિના માધ્યમથી સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આમ આ એકમના અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્યમાં આરોગ્ય સેવાનું એક ચિત્ર સ્પષ્ટ કરી આપે છે.

## 11.7 ચાવીરૂપ શબ્દો :

- જન્મદર : જન્મદર એટલે કોઈ એક વિસ્તારમાં એક વર્ષ દરમિયાન એક હજારની વસ્તીએ જન્મતા બાળકોની સંખ્યા.
- મૃત્યુદર : મૃત્યુદર એટલે કોઈ એક વિસ્તારમાં એક હજારની વસ્તીએ એક વર્ષ દરમિયાન મૃત્યુ પામતા લોકોનું પ્રમાણ.
- બાળમૃત્યુદર :કોઈ એક વિસ્તારમાં એક વર્ષ દરમિયાન દર હજારની વસ્તીએ જીવતા જન્મેલાં બાળકો માંથી એક વર્ષની ઉંમર પુરી કરતા પહેલાં મૃત્યુ પામતા બાળકોનું પ્રમાણ.
- કુલ પ્રજનનદર (ફળદ્રુપતા દર) : ચોક્કસ સમય દરમિયાન 15 થી 49 વર્ષની સરેરાશ સ્ત્રીદીઠ જન્મતા બાળકોનું પ્રમાણ.
- સામાન્ય ફળદ્રુપદર : કોઈ નિશ્ચિત વિસ્તારમાં 15 થી 49 વર્ષના વયજૂથના પ્રતિ વર્ષ પ્રતિ હજાર સ્ત્રીઓએ જન્મતા બાળકોની સંખ્યા.
- આયુષ સેવા : આયુર્વેદા, યોગા અને કુદરતી ઉપચાર, યુનાની સુવિધા અને હોમિયોપેથી સેવાઓ.
- માતા મૃત્યુદર : કોઈ વિસ્તારમાં ચોક્કસ સમય દરમિયાન એક લાખ સ્ત્રીઓએ પ્રસૂતી દરમિયાન મૃત્યુ પામતી સ્ત્રીઓની સંખ્યા.
- ખાનગીકરણ :
    1. કોઈ એક ધંધાકીય એકમની માલિકી સરકાર હસ્તક થી ખાનગી હસ્તક સોંપવી.
    2. કોઈ એક ધંધાકીય એકમમાં નફાના હેતુથી કામ કરતી વ્યક્તિ કે સંસ્થાનો

પ્રવેશ.

- જાહેરક્ષેત્ર : કોઈ એક એકમની માલિકી અને સંચાલન સરકાર હસ્તક હોય તેને જાહેરક્ષેત્ર કહે છે.
- સરેરાશ ખર્ચ : કુલ ખર્ચને કુલ એકમો વડે ભાગતા જે ખર્ચ મળે તેને સરેરાશ ખર્ચ કહે છે.
- આરોગ્ય નીતિ : સરકાર દ્વારા આરોગ્ય ક્ષેત્રે સંચાલન અને તેને લગતા વિવિધ એકમોનો સમૂહ.

## 11.8 તમારૂ જ્ઞાન ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1. ગુજરાત રાજ્યમાં આરોગ્ય સેવાઓની સમસ્યાઓ સવિસ્તાર ચર્ચો.
2. આરોગ્યક્ષેત્રે ખાનગીકરણનો ખ્યાલ સમજાવી ગુજરાતમાં તેના પ્રમાણની ચર્ચા કરો.
3. આરોગ્યક્ષેત્રે ખાનગીકરણનું મોડેલ આપી તેના કારણોની ચર્ચા કરો.
4. આરોગ્ય સેવાનું ખાનગીકરણ એટલે શું? આરોગ્યક્ષેત્રે ખાનગીકરણ સામેના પડકારોની ચર્ચા કરો.
5. જન્મદરનો ખ્યાલ સમજાવી ગુજરાત રાજ્યમાં જન્મદરના વલણોની ચર્ચા કરો.
6. મૃત્યુદર એટલે શું ? ગુજરાતમાં મૃત્યુદરની સ્થિતીનું વર્ણન કરો.
7. પ્રજનન દરનો ખ્યાલ સમજાવી ગુજરાત રાજ્યમાં પ્રજનન દરના વલણોની ચર્ચા કરો.
8. બાળ મૃત્યુદર એટલે શું ? ગુજરાતમાં બાળમૃત્યુદરની સ્થિતીનું વર્ણન કરો.
9. ગુજરાત રાજ્યમાં સરકારી દવાખાના, ડૉકટરોના પ્રમાણ અને પથારીની સુવિધાની ચર્ચા કરો.
10. આયુષ સેવા એટલે શું ? ગુજરાત રાજ્યમાં આ સેવાઓની સ્થિતીનું વર્ણન કરો.
11. ગુજરાત રાજ્યની નવી આરોગ્ય નીતિ – 2016 વર્ણવો.
12. વસ્તીનીતિ 2000ના હેતુઓ અને લક્ષ્યાંકોની ચર્ચા કરો.
13. ગુજરાત સરકારની આરોગ્ય નીતિની સવિસ્તાર ચર્ચા કરો.

(ખ) હેતુલક્ષી પ્રશ્નો :

1. નીચેનાં માંથી કયુ જન્મદરનું સૂત્ર છે ?

   (A)P/B x K (B) K/P x B

   (C) B/P x K (D) એકેય નહિ

2. નીચેનાં માંથી કયુ મૃત્યુદરનું સૂત્ર છે ?

   (A)D/P x K (B) P/D x B

   (C)K/D x P (D) D/K x P

3. જન્મદર અને મૃત્યુદર વચ્ચેના તફાવતને શું કહે છે ?
   (A) વૃધ્ધિદર (B) વસ્તી વૃધ્ધિદર
   (C) કુદરતી વસ્તી વૃધ્ધિ દર (D) એકેય નહિ

4. ગુજરાત રાજ્યમાં 2017માં કુદરતી વસ્તીવૃધ્ધિ દર કેટલો હતો ?
   (A) 19.0 (B) 17.2
   (C) 14.6 (D) 13.7

5. બાળમૃત્યુદરમાં કેટલી ઉંમરના બાળકોના મૃત્યુને ધ્યાનમાં લેવામાં આવે છે ?
   (A) 15 મહિના (B) 12મહિના
   (C) 20 મહિના (D) 24 મહિના

6. ગુજરાત રાજ્યમાં 1981માં બાળ મૃત્યુદરનું પ્રમાણ કેટલુ હતું.
   (A) 115 (B) 111
   (C) 107 (D) 103

7. ફળદ્રુપતાના દરને બીજા કયા નામે ઓળખવામાં આવે છે.
   (A) જન્મદર (B) મૃત્યુદર
   (C) બાળ મૃત્યુદર (D) પ્રજનનદર

8. સરેરાશ સ્ત્રીદીઠ બાળકના પ્રમાણને કયો દર કહેવાય છે ?
   (A) કુલ પ્રજનન દર (B) સામાન્ય પ્રજનન દર
   (C) વયજૂથ પ્રજનન દર (D) એકેય નહિ

9. ગુજરાત રાજ્યમાં 2017માં કયા વયજૂથમાં સામાન્ય પ્રજનન દર વધારે હતો?
   (A) 15-19 (B) 20-24
   (C) 25-29 (D) 30-34

10. ગુજરાત રાજ્યમાં 2014માં એક હોસ્પિટલે સરેરાશ વસ્તીનું પ્રમાણ કેટલું હતું?
    (A) 1,59,297 (B) 1,35,694
    (C) 1,45,943 (D) 1,07,634

11. ગુજરાત રાજ્યમાં 2005માં એક પથારીએ સરેરાશ વસ્તીનું પ્રમાણ કેટલું હતું?
    (A) 2196 (B) 2011
    (C) 1896 (D) 1544

12. સમગ્ર દેશની તુલના ગુજરાતમાં 2016માં ડૉક્ટરોનો ફાળો કેટલા ટકા હતું?
(A) 5.81 (B) 5.70
(C) 5.37 (D) 4.28

13. AYUSH શબ્દમાં નીચેમાંથી કયાં શબ્દનો સમાવેશ થતો નથી.
(A) આયુર્વેદા (B) સુશ્રુષા
(C) યોગ (D) હોમીયોપેથી

14. ગુજરાતમાં 2015-16માં કુપોષણનું પ્રમાણ 38.5ટકા હતું તેવુ કોણે કહ્યું હતું?
(A) ACMIE (B) CSO
(C) NFHS (D) Sensus

15. રસીકરણની દૃષ્ટિએ 2015-16 માં ગુજરાત રાજ્યનો સમગ્ર ભારતમાં કેટલામો ક્રમ હતો ?
(A) નીચેથી પાંચમો (B) ઉપરથી પાંચમો
(C) નીચેથી દસમો (D) ઉપરથી દસમો

16. ગુજરાત રાજ્યમાં સંસ્થાકીય ડીલીવરીનું પ્રમાણ ક્યાં જીલ્લામાં ઓછું જોવા મળે છે.
(A) ડાંગ (B) અમદાવાદ
(C) મહેસાણા (D) રાજકોટ

17. ગુજરાત રાજ્યમાં 2004-05માં માતા મૃત્યુદરનું પ્રમાણ કેટલુ હતું ?
(A) 180 (B) 170
(C) 160 (D) 150

18. ગુજરાત શહેરી વિસ્તારમાં આરોગ્ય સેવા કયાં ક્ષેત્રથી વધારે મેળવવામાં આવે છે?
(A) ખાનગી (B) જાહેર
(C) બીજો (D) એકેય નહિ

19. આરોગ્યક્ષેત્રે ખાનગીકરણને કારણે કયો પડકાર ઉભો થશે.
(A) અસમાનતા વધશે (B) સમાનતા વધશે
(C) ગુણવત્તાયુક્ત સેવા મળશે (D) સેવાનું વિસ્તરણ થશે

20. સરકારી હોસ્પિટલમાં સ્વ નિર્ભર મેડીકલ કોલેજ સ્થાપવા માટેની યોજના કયાં જીલ્લામાં લાગુ પડતી નથી.

(A) તાપી (B) બનાસકાંઠા

(C) સાબરકાંઠા (D) દાહોદ

21. પ્રાથમિક સ્પેશ્યાલિટી હોસ્પિટલ સ્થાપવા માટે શહેરની વસ્તી કેટલી હોવી જોઈએ?

(A) 2 લાખથી ઓછી (B) 1.5 લાખ કરતા ઓછી

(C) 1 લાખ કરતા ઓછી (D) એકેય નહીં

22. નવી વસ્તી નીતિ કયારે લાગુ કરવામાં આવી ?

(A) 10-2-2000 (B) 12-2-2000

(C) 15-2-2000 (D) 20-2-2000

23. નવી વસ્તીનીતિનો મધ્યમગાળાનો હેતુ શું છે ?

(A) ફળદ્રુપતા દર 3 કરવી (B) ફળદ્રુપતા દર 2.1 કરવો

(C) બાળ મૃત્યુદર 5 કરવો (D) જન્મદર 8 કરવો

24. નવી વસ્તીનીતિમાં માતા મૃત્યુદરનું લક્ષ્યાંક શું રાખવામાં આવ્યુ ?

(A) 1000 થી ઉપર (B) 100 થી નીચે

(C) 50 થી નીચે (D) 25 થી નીચે

25. વસ્તીવૃધ્ધિ દર કયાં વર્ષ સુધીમાં શૂન્ય પર લઈ જવાનો લક્ષ્યાંક છે ?

(A) 2035 (B) 2040

(C) 2045 (D) 2050

## 11.9 કેટલાક ઉપયોગી પુસ્તકો :

- ભટ્ટ બી.કે , 'માનવ સંસાધનનું અર્થશાસ્ત્ર સ્વાસ્થ્ય' ન્યૂ પોપ્યુલર પ્રકાશન, સુરત (2013)
- ભટ્ટ બી.કે. 'સમાજીક ક્ષેત્રનુ અર્થશાસ્ત્ર' પોપ્યુલર પ્રકાશન, સુરત (2015-16)
  હેલ્થ પોલીસી – 2016, ગુજરાત રાજ્ય

★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

| | | |
|---|---|---|
| 1.C | 2. A | 3. C |
| 4. D | 5. B | 6. B |
| 7. D | 8. B | 9. C |

| | | |
|---|---|---|
| 10. A | 11. D | 12. C |
| 13. B | 14. C | 15. C |
| 16. A | 17. C | 18. A |
| 19. A | 20. C | 21. A |
| 22. C | 23. B | 24. B |
| 25. C | | |

એકમ 12

# પરિવહન સુવિધાઓ

રૂપરેખા


12.0 ઉદ્દેશો

12.1 પ્રસ્તાવના

12.2 ગુજરાતમાં રેલમાર્ગ (રેલવે)

12.6 ગુજરાતમાં રસ્તાઓ

12.5 ગુજરાતમાં હવાઈ ઉડ્ડયન

12.6 ગુજરાતમાં જળમાર્ગ

12.6 સારાંશ

12.7 ચાવીરૂપ શબ્દો

12.8 તમારી પ્રગતિ ચકાસા

12.9 કેટલાક ઉપયોગી પુસ્તકો/સંદર્ભ

• તમારી પ્રગતિ ચકાસોના જવાબ


## 12.0 ઉદ્દેશો :

આ એકમ ગુજરાત રાજ્યમાં સુવિધાઓની સ્થિતિ શુ હતી અને કેવી છે તેનો પરિચય આપે છે. આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

- ગુજરાત રાજ્યમાં વિવિધ પરિવહન સુવિધાઓ, વિકાસ અને ગુજરાતના વિકાસની ભૂમિકા સમજી શકશો.
- અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં પરિવહન સુવિધાઓની સ્થિતિની જાણકારી આપી શકશો.
- ભવિષ્યમાં ગુજરાતમાં પરિવહન સુવિધાઓની તકો કેવી હશે તેની જાણકારી મેળવવા.

## 12.1 પ્રસ્તાવના :

અગાઉના એકમમાં આપણે જાણી ગયા કે ગુજરાતમાં શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવી સુવિધાઓમાં પાછલા વર્ષોની તુલનાએ કેટલી પ્રગતિ હાંસલ કરી શકાય છે. અહીં શિક્ષણ અને સ્વાસ્થ્યની સાથે પરિવહન સુવિધાઓ પણ આંતરમાળખાનો એક મહત્ત્વનો ભાગ છે. રાજ્યના વિકાસમાં અગત્યની ભૂમિકા ભજવે છે. આઝાદી પૂર્વે ગુજરાતમાં અનેક દેશી રજવાડાઓ હતા. વળી, આમના ઘણાં રજવાડાની નીતિ પોતાનો વિસ્તાર બીજા રજવાડાના વિસ્તારના સંપર્કમાં ન આવે તે પ્રકારની હતી. તેથી, આવા રજવાડાઓ વચ્ચેના સહકાર અને સંકલનના અભાવે પણ પરિવહન સુવિધાઓ

વિકસી શકી નહોતી, પરંતુ આઝાદી બાદ અને એમાં પણ ખાસ કરીને ગુજરાત રાજ્યની રચના બાદ ઝડપી વિકાસ સંદર્ભે પરિવહન વ્યવસ્થાનું મહત્ત્વ સમજી રાજ્ય સરકારે પરિવહન વ્યવસ્થાના સુધારા માટે પ્રયત્નો કર્યા છે. જેને લીધે આ સેવાના પ્રમાણ અને ગુણવત્તામાં એકદમ સુધારો થયો છે. આ સંદર્ભે ભારતમાં ઔદ્યોગિક દષ્ટિએ સાપેક્ષ રીતે આગળ પડતું તથા દેશમાં આર્થિક દષ્ટિએ જેની અગ્રગણ્ય રાજ્ય તરીકે ગણના થાય છે તેવા ગુજરાતની પરિવહન સંદર્ભિત સ્થિતિની જાણકારી જરૂરી બને છે. અહીં ગુજરાતની પરિવહન સંદર્ભિત સ્થિતિને ચાર વિભાગમાં સમજી શકાય.

1. રેલવે, 2. રસ્તાઓ, 3. હવાઈમાર્ગ, 4. જળમાર્ગ .

## 12.2 ગુજરાતમાં રેલમાર્ગ (રેલવે) :

ભારતીય રેલવેના કુલ 18 ઝોન છે.જે પૈકી પશ્ચિમ રેલવેએ ભારતીય રેલવેનો એક મહત્ત્વપૂર્ણ ઝોન છે. જેમાં દેશની આર્થિક રાજધાની મુંબઇ, સમગ્ર ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે. પશ્ચિમ રેલવેમાં કુલ 6519 કિ.મી. રેલવે લાઇનનો સમાવેશ થાય છે. જેમાં ગુજરાતનો ફાળો કુલ ૫૨24કિ.મી. રેલવે લાઇન આવે છે. જે પૈકી 3649 કિ.મી. બ્રોડગેજ, 1017 કિ.મી. મીટરગેજ અને 558 કિ.મી. નેરોગેજ છે.

અહીં નોંધવું નોંધવું જોઈએ કે આઝાદી પહેલા ગુજરાતના ભૌગોલિક પરીક્ષેત્રમાં આવતા કેટલાક રજવાડાઓમાં રેલવે લાઈનો હતી. જો કે આઝાદી પછી રેલવે વ્યવસ્થા ભારત સરકારે સંભાળી. એ પછી રેલવેની માળખાકીય સંરચના બદલાઇ આ સંદર્ભમાં ગુજરાતમાં રેલવેના આંતરમાળખાના સંબંધિત સ્થિતિ રેલવે લાઇનોનું પ્રમાણ તથા કેટલાક મહત્ત્વકાંક્ષી પ્રોજેકટોને આધારે સમજીશું.

### 12. 2.1 રેલવે લાઇનનું પ્રમાણ તથા ગેજ સંદર્ભિત સ્થિતિ :

રેલવે એ પ્રવાસીઓ અને માલના પરિવહન માટે મહત્ત્વનું સાધન છે. આ સંદર્ભમાં રેલવે લાઇનનું પ્રમાણ એ રેલવે આંતર માળખાનો વિસ્તાર તથા ગેજ સંદર્ભિત સ્થિતિ સેવાની ગુણવત્તા સાથે સંકાળાય છે. આ સંદર્ભે ગુજરાતની સ્થિતિ જોઇએ તો કોઠા નં. 1 ને જોતા જણાય છે કે ગુજરાતમાં રેલવે લાઇનનું પ્રમાણ

કોઠા નં. 1

ગુજરાતમાં રેલવે લાઇન અને ગેજ સંદર્ભિત સ્થિતિ(કિ.મી.માં)

| વર્ષ | બ્રોડ ગેજ | મીટરગેજ | નેરોગેજ | કુલ |
|---|---|---|---|---|
| 1960-61 | 903 | 3338 | 1155 | 5396 |
| 1970-71 | 1127 | 3417 | 1135 | 5679 |
| 1980-81 | 1312 | 3172 | 1104 | 5588 |
| 1990-91 | 1711 | 2713 | 921 | 5345 |
| 2000-01 | 2014 | 2422 | 876 | 5312 |
| 2010-11 | 3507 | 1205 | 684 | 5271 |
| 2018-19 | 3649 | 1017 | 559 | 5224 |

Source : Socio-ECO Review G.O.G 2019-20

1960-61 માં 5396 કિ.મી. હતું. જે 2018-19માં 5224 કિ.મી. થયું છે. જે દર્શાવે છે કે રેલવે લાઈનનું વિસ્તરણ છેલ્લા 60 વર્ષમાં થયું નથી. ઉપરથી નજીવો ઘટાડો થયો છે. જો કે રેલવેગેઝ રેલવે લાઇન 1951 માં 903 કિ.મી. હતી તે વધીને

3649 કિ.મી. થઈ છે. બીજી બાજુ મીટરગેજ અને નેરોગેજ રેલવે લાઇનોનું પ્રમાણ ઘટયું છે જે રેલસેવાની ગુણવત્તા સુધરી હોવાનો નિર્દેશ કરે છે. અહીં એ પણ નોંધવુ જોઈએ કે ગુજરાત રેલવે લાઈન સંદર્ભે દેશમાં ચોથા ક્રમે છે. વિશેષમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાતમાં રેલવે લાઇનના વિસ્તાર માટે થોડાક પ્રયાસો થયા છે. જે અંતર્ગત પાટણ ભિલડી (51 કિ.મી.)ની લાઈન પૂર્ણ થઇ છે, તો બીજી બાજુ છોટાઉદેપુર- ધાર, સોમનાથ-કોડીનાર, ભીમનાથ- ધોલેરા, દાહોદ, ઈન્દોર વગેરે લાઇનો પ્રગતિમાં જુદા-જુદા તબક્કે છે. વળી, કેટલીક લાઇનોના ગેજ પરિવર્તનનું કામ પણ ચાલુ છે. આજ પ્રમાણે રેલવે સ્ટેશનોનું આધુનિકરણ કરવામાં આવી રહ્યું છે. તેમજ છેલ્લા 4 વર્ષ (2014-19) માં 104 નવી ટ્રેન સેવાઓ ઉપલબ્ધ થઇ છે. આ ઉપરાંત રેલવેને કાર્યક્ષમ માનવબળ મળી રહે એ માટે દેશની પ્રથમ રેલ અને પરિવહન યુનિવર્સિટી વડોદરા ખાતે સ્થપાઇ છે તથા વિવિધ સેવાઓ સંદર્ભે ડિજિટલ ટેક્નોલોજીનો વપરાશ વધ્યો છે તે નોંધવું રહ્યું.

12. 2. 2 અમદાવાદ મેટ્રો :

અમદાવાદ ગાંધીનગર વચ્ચે ઝડપી, સલામત અને પર્યાવરણને અનુકૂળ આધુનિક પરિવહન સેવા વ્યાજબી ભાવે લોકોને પૂરી પાડવા તથા ટ્રાફિક ભારણ ઘટાડવા માટે અમદાવાદ મેટ્રો રેલવે લાઇનની કામગીરી પ્રગતિના તબક્કામાં છે. જે અંતર્ગત ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ દ્વારા ગાંધીનગર–અમદાવાદ વચ્ચે શહેરી પરિવહનનો અભ્યાસ કરાયો હતો ત્યારબાદ દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનના માધ્યમથી 2005માં કેન્દ્ર સરકાર પાસેથી મંજૂરી મેળવાઇ એ પછી ગુજરાત સરકાર દ્વારા 4, ફેબ્રુઆરી, 2010 ના રોજ 200 કરોડ રૂપિયાના ખર્ચે મેટ્રો લીંક એકસપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (MEGA) કંપની લિમિટેડ સ્થાપના કરવામાં આવી. નામ બદલીને હવે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) કરવામાં આવ્યું છે. જેમાં કેન્દ્ર સરકારની 50% ભાગીદારી છે.

આ યોજનમાં જાપાન આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થા (JICO) નવેમ્બર 2015માં પ્રથમ ચરણ માટે રૂા. 5968 કરોડ ફાળો આપવા સંમત થઇ હતી. જે પૈકી 4456 કરોડ રૂપિયાની ફાળવણી પણ કરી દેવાઇ છે.

★ગુજરાત સરકારના આ મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટને બે ચરણોમાં વિભાજીત કરાયો છે.

પ્રથમ ચરણ : કુલ લંબાઇ 40.33 કિ.મી.

- ઉત્તર દક્ષિણ કોરીડોર – 18.87 કિ.મી
- પૂર્વ પશ્ચિમ કોરીડોર – 21.16 કિ.મી.

દ્વિતીય ચરણ : કુલ લંબાઈ 28.25 કિ.મી.

- મોટેરાથી મહાત્મા મંદિર 22.83 કિ.મી.
- ગુજરાત નેશનલ લો. યુનિવર્સિટીથી ગિફ્ટ સીટી સુધી – 5.4 કિ.મી.

આ રેલવે સેવાની સરેરાશ સ્પીડ 31 કિ.મી. રહેશે. 14 માર્ચ 2015માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં આ બંને કારીડોરનું વારાફરતી ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જે પૈકી વસ્ત્રાલ -એપરલ પાર્કના 6.5 કિ.મી. લાંબા રૂટનું વડાપ્રધાન અધ્યક્ષ સ્થાને ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું અને સાથે બીજા ચરણનો પાયો પણ નંખાયો.

12.2.3 બુલેટ ટ્રેન :

વર્ષો પહેલા જ્યા પણ બુલેટ ટ્રેનની વાત નિકળે ત્યારે જાપાન, ફ્રાંસ અને ચીન જેવા દેશોને યાદ કરવામાં આવતા. કારણ કે આવી હાઈસ્પીડ ટ્રેનો ફક્ત આ દેશોમાં જ જોવા મળતી, પરંતુ હવે ભારતમાં પણ બુલેટ ટ્રેન દોડતી જોવા મળે તે દિવસો દૂર નથી. આ સંદર્ભે જોઈએ તો રેલવે બજેટ 2009-10 માં અમદાવાદ-પૂણે (વાયા મુંબઈ) વચ્ચે હાઈસ્પીડ ટ્રેન ચલાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો. આ માટે સૌ પ્રથમ ભારતીય રેલવે અને ફ્રાંસની રાષ્ટ્રીય રેલવે વચ્ચે સમજૂતી થઇ. ત્યારબાદ 2013માં વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ (ભારત) અને શિન્ઝો આબે (જાપાન) વચ્ચે મુંબઇ- અમદાવાદ કોરિડોર અંગે સમજૂતી કરાર થયા. અહીં આ યોજનાનો નિર્માણ ખર્ચ રૂા. 1.08 લાખ કરોડ પૈકી રૂા. 88,000 કરોડની સોફ્ટલોન 0.1% ના દરે જાપાન દ્વારા આપવામાં આવશે.

અમદાવાદ- મુંબઇ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેન માટે 508 કિ.મી. લાંબો ટ્રેક તૈયાર કરવામાં આવશે. જેના ભાગરૂપે NHSRCL – નેશનલ હાઇસ્પીડ રેલ કોર્પોરેશનની રાહબરીમાં ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે ડબલ લાઇન નાંખવામાં આવશે. જે પૈકી મહારાષ્ટ્રમાં 155કિ.મી. અને ગુજરાતમાં 351 કિ.મી. નો ટ્રેક નાંખવામાં આવશે. આ બુલેટ ટ્રેન 12 સ્ટેશનને આવરશે અને તેની સ્પીડ 350 કિ.મી. પ્રતિ કલાકની હશે. પરંતુ તેને 320 કિ.મી. પ્રતિ કલાકે દોડાવાશે. જેથી મુંબઇ- અમદાવાદ વચ્ચેની મુસાફરી ૨ કલાક 58 મિનિટમાં પુરી થશે.

12. 2.4 અન્ય :

ભારતીય રેલ કંપની અને ગુજરાત સરકારના સંયુક્ત સાહસથી ગુજરાત રેલવે ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ લિ. (G-RIDE) નામની કંપની રાજ્યમાં રેલવેનું આંતરમાળખું વિકસાવવા સ્થપાઈ છે. જે અમદાવાદ- ધોલેરા વચ્ચે ઝડપી ગતિની રેલ સેવા સ્થાપશે, કટોસણ- ચાણસ્મા-રણુંજ રેલવે લાઇનનું ગેજ પરિવર્તન કરશે, બંદરો સાથે રેલવે સંપર્ક વધારવાનું આયોજન કરશે તથા રાજ્ય સરકારના સહયોગમાં રહી સંભવિત રેલવે પ્રોજેક્ટોની ઓળખ કરશે.

છેલ્લે કહી શકાય કે ગુજરાતમાં રેલ માળખાના કદ અને ગુણવત્તામાં વધારો થવાથી ગુજરાતના ઉદ્યોગો, ખેતી અને સેવાક્ષેત્રના વિકાસને વેગ મળશે.

## 12.3 ગુજરાતમાં રસ્તાઓ :

12.3.1 રસ્તાઓનુ મહત્ત્વ :

રસ્તાઓ અને આર્થિક આંતરમાળખાનો એક મહત્ત્વનો ભાગ છે તે ખેતી, ઉદ્યોગ, સેવા સંબંધિત પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવા માટે તથા ગતિશીલ રાખવા માટે ખૂબ જ અનિવાર્ય છે રસ્તાઓ

- દેશના આંતરિક ભાગોમાંથી નિકાસી વસ્તુઓ બંદરો સુધી પહોંચાડવાનું તથા આયાતી વસ્તુઓને જે-તે વિસ્તાર સુધી પહોંચાડવાનું સરળ બનતાં વિદેશ વેપારને વેગ મળે છે.
- રસ્તાઓ દ્વારા કાચા માલને પ્રોસેસીંગ યુનિટો સુધી અને તૈયાર માલને બજાર સુધી લઇ જવાનું સરળ બને છે જેથી ઉત્પાદન વૃદ્ધિને વેગ મળે છે.
- રસ્તાઓનું પ્રમાણ તથા ગુણવત્તા માણસો અને માલપરિવહનના ટ્રાફિકને હળવો

બનાવે છે.

- આરોગ્ય, શિક્ષણ વગેરે જેવી સેવાઓ સારા રસ્તાઓથી દૂર દૂર સુધી વિસ્તરે છે, જે છેવટે માનવમૂડી સર્જી દેશના વિકાસમાં મદદરૂપ બને છે.
- ગ્રામીણ કક્ષાએથી કૃષિ ઉત્પાદન અને ગૃહઉદ્યોગોની વસ્તુઓ બજારો સુધી પહોંચાડી તે ગ્રામ્ય વિકાસમાં પરોક્ષ રીતે મદદગાર બને છે.
- પ્રવાસન ઉદ્યોગના વિકાસમાં પણ રસ્તાઓના પ્રમાણ અને ગુણવત્તાનું મોટું યોગદાન છે.

ટૂંકમાં, રસ્તાઓનું પ્રમાણ અને તેની ગુણવત્તાએ સમતોલ અને ઝડપી વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ સંદર્ભમાં ભારતમાં આર્થિક વિકાસની દૃષ્ટિએ અગ્રગણ્ય એવા ગુજરાતની રસ્તાઓ સંદર્ભિત સ્થિતિ તેના પ્રમાણ, સ્વરૂપ અને ગુણવત્તાના આધારે જાણી શકાય.

### 12.3.2 ગુજરાતમાં રસ્તાઓ સંદર્ભિત સ્થિતિ :

ગુજરાત રાજ્ય એ પશ્ચિમ ભારતમાં સમૃદ્ધ રાજ્ય છે. અને વિસ્તૃત માર્ગ નેટવર્ક સાથે સારી પરિવહન સુવિધા ધરાવે છે. અહીં ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ (R & B) દ્વારા રાજ્યના ધોરીમાર્ગો અને પંચાયત માર્ગોના બાંધકામ અને જાળવણીની કામગીરી કરવામાં આવે છે. આ સંદર્ભમાં ગુજરાતમાં રસ્તાઓ સંદર્ભિત સ્થિતિ નીચેના મુદ્દાઓને આધારે જાણી શકાય.

I. ગુજરાતમાં રસ્તાઓના પ્રકાર અને લંબાઇ :

ગુજરાત રાજ્ય એ દેશનું સાપેક્ષ રીતે સૌથી સારું રસ્તાઓનું આંતરમાળખું ધરાવતા રાજ્યો પૈકીનું એક છે. રાજયના 99.50% ગામો પાકા રસ્તાથી જોડાયેલા છે. વળી, સમયની સાથે વર્ષે વર્ષે નવા રસ્તા બન્યા પણ છે. આ સંદર્ભે કોઠા નં.2ને જોતા જણાય છે કે ગુજરાતમાં છેલ્લા છત્રીસ વર્ષોમાં (1980-812016-17) રસ્તાઓનું માળખું સતત વિસ્તરતું ગયું છે. જે અંતર્ગત વર્ષ 1980-81માં રાષ્ટ્રીય ધોરીમાર્ગો, રાજ્ય ધોરીમાર્ગો, મુખ્ય જિલ્લા માર્ગો, અન્ય જિલ્લા માર્ગો અને ગ્રામ્ય રસ્તાઓનું પ્રમાણ અનુક્રમે 1424,9158, 10633, 10870 અને 15341 મળી કુલ 47426 કિ.મી. હતું. જે 2016-17 માં અનુક્રમે 5146, 17248, 20112, 10259 અને 28481 મળી કુલ 81246 કિ.મી. થયું હતું. જે લગભગ 71% નો વધારો સૂચવે છે.

અહીં આ રસ્તાઓ પૈકી 3655કિ.મી. ના રસ્તાઓ ત્રીણ માર્ગીય, ચતુર્થ માર્ગીય કે તેથી વધુ માર્ગના છે. જયારે 15295 કિ.મી. રસ્તાઓ દ્વિ-માર્ગીય અને 60186 કિ.મી.રસ્તા એકમાર્ગીય છે. અર્થાત એકમાર્ગીય રસ્તાઓનું પ્રભુત્વ છે. આ સંદર્ભે શક્ય બને ત્યાં રસ્તાઓ દ્વિ-માર્ગીય કે તેથી વધુ માર્ગના બનાવવાની જરૂર જણાય છે.

કોઠા નં. 2

ગુજરાતમાં રસ્તાઓના પ્રકાર અને લંબાઇ(કિ.મી.મા)

| વર્ષ | રાષ્ટ્રીય ધોરીમાર્ગ | રાજ્ય ધોરીમાર્ગ | મુખ્ય જિલ્લા માર્ગ | અન્ય જિલ્લા માર્ગ | ગ્રામ્ય રસ્તાઓ | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1980-81 | 1424 | 9158 | 100633 | 10870 | 15341 | 47426 |
| 1990-91 | 1572 | 19048 | 20060 | 9986 | 16399 | 67063 |
| 2001-01 | 2382 | 19129 | 20964 | 10577 | 20567 | 73619 |
| 2010-11 | 3262 | 18480 | 20522 | 10230 | 25083 | 77577 |
| 2016-17 | 5146 | 248 | 112 | 259 | 28481 | 81246 |

પ્રાપ્તિસ્થાન : સામાજિક-આર્થિક સમીક્ષા, 2019-20 ગુજરાત રાજ્ય

નોંધ : આમા નોન પ્લાન, પ્રોજેક્ટ, કમ્યુનિટી અને શહેરી રોડનો સમાવેશ થયેલો છે.

II. રસ્તાઓની સપાટી (કાચા-પાકા રસ્તા) સંદર્ભિત સ્થિતિ :

રસ્તાઓની સપાટીનું સ્વરૂપ એ પણ રસ્તાની ગુણવત્તાનો એક નિદર્શક છે. આ સંદર્ભે જોઇએ તો વર્ષ 1960-61 માં સિમેન્ટકોક્રિટ, ડામર-અર્ધપાકા પાણી, છાંટેલી કપચી-અર્ધપાકા અને સપાટી વગરના રસ્તાઓનું પ્રમાણ અનુક્રમે 1080, 4434, 6416 અને 10699 હતું તે 2016-17માં અનુક્રમે 0 , 78742, 729અને 1775 થયું હતું. અર્થાત1960-61માં કુલ રસ્તાઓ પૈકી 20% રસ્તા ડામરના હતા. જે પ્રમાણ 2016-17માં 97% થયું છે.

કોઠા નં. 3

સપાટીના સ્વરૂપ આધાર રસ્તાઓની લંબાઇ(કિ.મી.મા)

| વર્ષ | સિમેન્ટ કોક્રિટ | કાળી સપાટી (ડામર) | પાણી છાંટેલી કપચી | કુલ (અર્ધપાકા) સપાટીવાળા રસ્તાઓ | સપાટી વગરના રસ્તાઓ | એકંદરે કુલ |
|---|---|---|---|---|---|---|
| 1960-61 | 1080 | 4434 | 6416 | 11930 | 10699 | 22629 |
| 1970-71 | 929 | 10746 | 5445 | 17120 | 17226 | 34346 |
| 1980-81 | 254 | 22995 | 10306 | 33554 | 13867 | 47426 |
| 1990-91 | 2 | 40863 | 18005 | 58870 | 8195 | 67065 |
| 2000-01 | 2 | 61400 | 8614 | 70016 | 3603 | 73319 |
| 2010-11 | 0 | 73469 | 1888 | 75357 | 2220 | 77577 |
| 2016-17 | 0 | 78742 | 729 | 79471 | 1775 | 81246 |

સ્ત્રોત : સામાજિક-આર્થિક સમીક્ષા, 2019-20, ગુજરાત રાજ્ય

નોંધ :પ્રોજેક્ટ કમ્યુનીટી અને શહેરી રોડનો સમાવેશ થયેલો નથી.

III નોન-પ્લાન, કમ્યુનિટી, શહેરી અને પ્રોજેક્ટ રોડનું પ્રમાણ

રસ્તાઓના માળખામાં નોન-પ્લાન, કમ્યુનિટી રોડ, શહેરી રોડ, (નગરપાલિકા વિસ્તાર, રેલવેઝોન, બંદરો વગેરે પરના રોડ) પ્રોજેક્ટ રોડ વગેરેની ભૂમિકા પણ આર્થિક વિકાસ અને નાગરિક સુવિધાઓ સંદર્ભે મોટી છે. આ સંદર્ભે કોઠા નં. 4 ને જોતા જણાય છે કે

કોઠા નં. 4

નોન-પ્લાન, કમ્યુનિટી, શહેરી અને પ્રોજેક્ટ રોડનું પ્રમાણ(કિ.મી.મા)

| વર્ષ | નોન-પ્લાન રોડ | કમ્યૂનીટી-રોડ | શહેરી રોડ | પ્રોજેક્ટ રોડ |
|---|---|---|---|---|
| 2003-04 | 28463 | 44434 | 15942 | 8738 |
| 2010-11 | 31424 | 51590 | 21687 | 8688 |
| 2016-17 | 36088 | 53288 | 28816 | 13095 |

સ્ત્રોત :સામાજિક-આર્થિક સમીક્ષા : 2019-20, ગુજરાત રાજ્ય

વર્ષ 2003-04 માં નોન-પ્લાન, કમ્યુનિટી, શહેરી અને પ્રોજેક્ટ રોડનું પ્રમાણ અનુક્રમે 28463, 44434, 15942 અને 873 કિ.મી. હતું. અર્થાત આ પ્રકારના રોડનું કુલ પ્રમાણ 97577 કિ.મી. હતું. જે વર્ષ 2016-17માં અનુક્રમે 36088,53288, 28816 અને 1309 કિ.મી. થયું હતુ. અર્થાત આ પ્રકારના કુલ

રોડનું પ્રમાણ 131287 થયું. એટલે કે 2003-04ની સરખામણીએ આ પ્રકારના રોડનું પ્રમાણ અંદાજે 34% વધ્યું હતું.

12.3.3 પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના :

આ યોજના વર્ષ 2000 માં તત્કાલિન વડાપ્રધાન અટલબિહારી વાજપેઇ થકી શરૂ થયેલી વર્ષ 2015 સુધી સંપૂર્ણપણે કેન્દ્ર સરકાર દ્વારા પુરસ્કૃત હતી. પછીથી 60% કેન્દ્ર અને 40% રાજ્યના ફાળાથી ચાલે છે. જે ભારતીય ગ્રામ વિકાસ મંત્રાલય (MORD) (રાષ્ટ્રીય ગ્રામીણ માર્ગ વિકાસ એજન્સી) અને સંબંધિત રાજ્યો દ્વારા અમલમાં છે. આ યોજના અંતર્ગત વસ્તી ગણતરી 2001 મુજબના 250 થી વધુ વસ્તીના આદિજાતિ વિસ્તારના અને 500થી વધુ વસ્તીવાળા બિનઆદિજાતિ વિસ્તારને બારેમાસ સંપર્ક કરી શકાય એ રીતે જોડવા તથા જે રાજ્યોમાં ઉપર મુજબ જોડાણની 100% સિદ્ધિ મેળવી લેવામાં આવ્યા હોય તેવા રાજ્યોમાં હયાત રોડ નેટવર્ક પૈકી માર્ગદર્શિકા મુજબના માર્કિંગની પાત્રતામાં આવતા પસંદગીના ગ્રામ્ય અને અન્ય જિલ્લા માર્ગોને જોડીને બનતા રૂટને 5.5 મીટર પહોળા કરવાની જોગવાઇ કરાઇ છે.

ગુજરાતમાં આ યોજનાનું અમલીકરણ માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ હેઠળની વિભાગીય કચેરી મારફત કરવામાં આવે છે. તથા રાજ્ય કક્ષાએ સમીક્ષા ગુજરાત રાજ્ય, ગ્રામીણ રસ્તા વિસ્તાર સંસ્થા/માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવે છે.

આ યોજના અંતર્ગત ગુજરાતમાં 2000-01 થી 2017-18 સુધીમાં વિવિધ તબક્કા અનુસાર 12736કિ.મીના રસ્તા મંજૂર થયા હતા. તે પૈકી 4520 કિ.મી.ના રસ્તા પૂર્ણ થયા છે. જેનો લાભ 3378 વસાહતોને થયો છે.

12.3.4 મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના :

વર્ષ 2016-17માં અમલમાં આવેલ મુખ્યમંત્રી ગ્રામીણ સડક યોજના અંત્રગત ગ્રામીણ વસાહતો સાથે રોડ સંપર્ક સ્થાપિત કરવો નો-પ્લાન અંતર્ગત બનેલા રોડનું નવીનીકરણ (રિસરફેસ) કરવા, હયાત રસ્તાઓનું સમારકામ કરવું, રસ્તાઓને પહોળા કરવા, પુલ વગેરે બનાવવા, કોઝ-વે/ડીપનું બ્રિજમાં રૂપાંતર કરવું વગેરે હેતુ રહેલા છે. આ માટે સરકારે દસ હજાર કરોડના મૂડી રોકાણનો લક્ષ્યાંક રાખ્યો જે અંતર્ગત 2016-17માં મંજૂર થયેલ 14466 કિ.મી.ના રસ્તા પૈકી 12956 કિ.મી.ના રસ્તા પૂર્ણ કરાયા હતા. એજ પ્રમાણે 2017-18માં મંજૂર થયેલ 8997 કિ.મી. ના રસ્તાઓ પૈકી 5827 કિ.મી. ના રસ્તાનું કાર્ય પૂર્ણ કરાયું હતું.

જે અંતર્ગત 2016-17 અને 2017-18માં અનુક્રમે 14466 કિ.મી. અને 8997 કિ.મીના મંજૂર થયેલ રસ્તાઓ પૈકી અનુક્રમે 12956 કિ.મી. અને 5827 કિ.મી.નું કામ પૂર્ણ થયું હતું. જ્યારે બાકીના રસ્તાઓની કામગીરી ચાલું હતી. જે દર્શાવે છે કે ગુજરાતમાં રસ્તાઓની ગુણવત્તામાં ખૂબ મોટો હકારાત્મક ફેરફાર થયો છે.

## 12.4 ગુજરાતમાં હવાઇ ઉડ્ડયન :

ગુજરાત સરકારના નિયંત્રણ હેઠળ આવતા હવાઇમથકો અથવા હવાઇપટ્ટી અમરેલી, ધાંગધ્રા, રાધનપુર, વઢવાણ, લીંબડી, માંડવી, મહેસાણા, વાંકાનેર અને ખંભાળિયાનો સમાવેશ થાય છે. જેમાં છાડબેટ, ધાંગધ્રા, રાંધનપુર, ખંભાળિયા,

વઢવાણ, લીંબડી અને વાંકાનેર ઉપયોગમાં ન લેવાતા હવાઈ મથકો છે. આ ઉપરાંત ગુજરાતના જુદા જુદા જિલ્લા અને તાલુકા મથકોએ કુલ 126 કાયમી અને 82 કામચલાઉ હેલીપેડ પણ છે.

વિશેષમાં GUJSAIL દ્વારા આવનાર દિવસોમાં પાલીતાણા, મોરબી, માંડવી, પરસોલી, રાજપીપળા, દહેજ, દ્વારકા, રાજકોટ, અંબાજી, ધોળાવીરા અને અંકલેશ્વરમાં હવાઈપટ્ટી ઉભી કરવાનું આયોજન છે, કે જેથી પ્રવાસન ઉદ્યોગને વિકસાવી શકાય આ ઉપરાંત એરોનોટિકલ અથવા ફલાઈંગ કલબ ગ્લાઈડીંગ કલબ, તાલીમી કૉલેજો, શાળાઓ, પાયલોટ માટે કલબ તથા વાયરલેસ ઓપરેશન તથા વિવિધ રમત-ગમત પ્રવૃત્તિઓ જેવી કે પેરા ગ્લાઈડીંગ, પેરા ફલાઈંગ અને હેડ ગ્લાઈડર ચલાવવા માટે વિવિધ સંસ્થાઓની સ્થાપના કરવાનું આયોજના પણ છે. આ ઉપરાંત ગુજરાત સરકારે ઉડ્ડયનક્ષેત્રને મજબૂત બનાવવા રાજકોટ નજીક ભારતનો પ્રથમ ઉડ્ડયન ઉદ્યાન સ્થાપવાનો નિર્ણય કર્યો છે. આ માટે GUJSAILને કામગીરી સોંપવામાં આવી છે. તે એક સંકલિત ઉડ્ડયન ઉદ્યાન હશે. જેનો હેતુ ઉડ્ડયનક્ષેત્રે સંબંધિત ઉત્પાદન પ્રવૃત્તિઓ અને માનવ સંસાધનો માટે એક મંચ પૂરુ પાડવાનો છે.

હવાઈ ઉડ્ડયન સંદર્ભે આંતરમાળખું એ જે તે પ્રદેશમાં આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપારના વિકાસ, પ્રવાસન વિકાસ, ટ્રાફિક નિયમન અને રોજગાર વૃદ્ધિ સંદર્ભે મહત્ત્વની ભૂમિકા ભજવી સમગ્રલક્ષી આર્થિકવિકાસમાં પોતાનો ફાળો આપે છે. આ સંદર્ભે ગુજરાતની ચર્ચા કરીએ તો ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર બંને ગુજરાતમાં હવાઈ ઉડ્ડયન સંદર્ભિત આંતરમાળખું વિકાસવવા પ્રયત્નશીલ છે. અહીં વર્ષ 2002માં ગુજરાત નાગરિક ઉડ્ડયન વિભાગની સ્થાપના થઈ અને એ પછી ગુજરાત સરકાર દ્વારા હવાઈ ઉડ્ડયન સંદર્ભે આંતરમાળખું વિકસાવવા અને મેન પાવર પૂરો પાડવા સ્થાપવામાં આવેલ જાહેરક્ષેત્રની કંપની “ગુજરાત રાજ્ય ઉડ્ડયન આંતરમાળખાકીય કંપની લિમીટેડ (GUJSAIL) એ રાજ્યમાં ઉડ્ડયન અને તે સંબંધિત આંતરમાળખાના વિકાસ માટેની નોડલ એજન્સી છે. અહીં ગુજરાતના હવાઈ માર્ગે કે હવાઈ ઉડ્ડયન સંબંધિત આંતરમાળખાને નીચે પ્રમાણે સમજી શકાય.

- એરપોર્ટ ઓથોરીટી ઑફ ઇન્ડિયા (AAI) - કેન્દ્ર સરકારના નિયંત્રણ નીચેના હવાઈ મથકો : આ અંતર્ગત અમદાવાદ, ભાવનગર, રાજકોટ, સુરત, ડીસા, પોરબંદર, કંડલા, કેશોદ અને વડોદરા હવાઈ મથકોનો સમાવેશ થાય છે. જેનું સંચાલન અને જાળવણી AAI થકી થાય છે.
- ઈન્ડિયન એરફોર્સ (IAF)ના નિયંત્રણવાળા હવાઈ મથકો નલિયા, ભુજ અને જામનગર એમ ત્રણ હવાઈ મથકોનું સંચાલન અને જાળવણી IAF થકી થાય છે.
- ખાનગી હવાઈમથક : ટાટા કેમિકલ્સનું મીઠાપુર અને અદાણી કંપનીનું મુ એ ગુજરાતમાં આવેલા ખાનગી હવાઈમથકો છે.

## 12.5 ગુજરાતમાં જળમાર્ગ :

વેપાર-વાણિજ્યના વિકાસ, રોજગાર વૃદ્ધિ, ટ્રાફિક સંચાલન, હૂંડિયામણ કમાણી વગેરે થકી આર્થિકવિકાસને વેગ આપવામાં આંતરમાળખામાં એક ભાગ તરીકે જળમાર્ગનું મહત્ત્વ રહેલું છે. આ સંદર્ભમાં ગુજરાતના જળમાર્ગની ચર્ચા કરીએ તો રાજ્યમાં આંતરિક જળમાર્ગના વિકાસની તકો મર્યાદિત છે પણ રાજ્ય વિશાળ દરિયા કાંઠો ધરાવતું હોવાથી દરિયાઇ જળમાર્ગનો વિકાસ થયો છે. આ સંદર્ભમાં ગુજરાતમાં જળમાર્ગ સંદર્ભિત આંતરમાળખું અને તેને લગતા મુદ્દાઓની ચર્ચા નીચે પ્રમાણે થઈ શકે.

12.5.1 બંદરોનું પ્રમાણ અને સુવિધાઓ સંદર્ભિત સ્થિતિ :

ગુજરાત દેશમાં સૌથી લાંબો 1600 કિ.મી. નો દરિયા કિનારો ધરાવવા સાથે સૌથી વધુ બંદરો પણ ધરાવે છે. રાજ્યમાં 1 મોટું, 11 મધ્યમ કક્ષાના અને 36 નાના બંદરો છે. જેની વિશેષ માહિતી નીચે મુજબ છે.

(A) ગુજરાત મેરીટાઈમ બોર્ડ :

દેશના પ્રથમ મેરીટાઈમ બોર્ડ તરીકે ગુજરાત મેરીટાઈમ બોર્ડની સ્થાપના 1982માં થઇ હતી. આ બોર્ડ રાજ્યના 44 મધ્યમ અને નાના બંદરોનાં સંચાલન અને નિયંત્રણનું કાર્ય કરે છે. તે મોટા બંદરો પર ટ્રાફિકનો બોજ હળવો થાય તે માટે મધ્યમ અને નાના બંદરો પર માલપરિવહન સંદર્ભે અદ્યતન સુવિધાઓ વિકાસાવવાનું કાર્ય કરે છે. આ સંદર્ભમાં જોઇએ તો વર્તમાનમાં (2018-19) દેશના નાના બંદરોએ ગુજરાત મેરીટાઇમ બોર્ડ વિવિધ યોજનાઓ અંતર્ગત બંદરોને અદ્યતન બનાવવાનું તથા સુવિધાઓ વિકસાવવાનું કાર્ય કરે જાય છે જે અંતર્ગત

- ગ્રીન બંદર : ગુજરાત મેરીટાઇમ બોર્ડ ગુજરાત સરકાર અને ખાનગીક્ષેત્રના ઉપક્રમે BOOT ( Build, Own, Operate and Trasfer) આધારિત દસ ગ્રીનફિલ્ડ બંદરો વિકસાવવાનું આયોજન કરેલું છે. જે અંતર્ગત બધી જ ઋતુમાં કામ આપી શકે એ રીતના ઊંડા બંદરો બનાવવામાં આવી રહ્યા છે. આ સંદર્ભમાં પીપાવાવ, મુન્દ્રા, દહેજ અને હજીરા ગ્રીનફિલ્ડ બંદરો તરીકે વિકસી ચૂક્યા છે. આ ઉપરાંત છારા, નાગરોલ અને વાંસી, બોરસી એ વિકાસના તબક્કામાં છે.

- કેપટીવ જેટ્ટી : જે-તે કંપનીએ બંદર ઉપર પોતાની જરૂરિયાત મુજબ કાચો માલ લાવવા અને તૈયાર માલ મોકલવા સુવિધા વિકસાવી હોય એમ કેપટીવ જેટ્ટી કહે છે. વર્તમાનમાં 30 જેટલી જેટ્ટી વિવિધ બંદરો પર ખાનગી કંપની દ્વારા BOT (Build, Operate, Trasfer) ધોરણે ખાનગી કંપનીઓને બંદરો પર ખાનગી જેટ્ટી બાંધવાની છૂટ અપાઇ છે. જેનો તેઓ શરત મુજબ ૫થી ૨૫વર્ષ સુધી ઉપયોગ કરી શકે છે.

(B) કંડલા ( દિનદયાળ પોર્ટ ટ્રસ્ટ) :

આઝાદી પછી પશ્ચિમ કાંઠાનું મહત્ત્વનું બંદર કરાંચીએ પાકિસ્તાનમાં જતાં તેના વિકલ્પરૂપે ભારતને પશ્ચિમ કાંઠે એક મોટા બંદરની જરૂર જણાઇ. આ સંદર્ભમાં કેન્દ્ર સરકારે કંડલાને મહાબંદર તરીકે વિકસાવ્યું છે. જે દેશના મોટા બંદરોએ થતા ટ્રાફિકનો 10% હિસ્સો ધરાવે છે. આ બંદરેથી વર્ષ 2018-19માં કુલ 1154 લાખ ટન માલ પરિવહન થયું હતું.

(C) ખાનગી બંદરો :

ગુજરાતે બંદર વિકાસના ભાગરૂપે ખાનગી બંદરો વિકસાવવાની નીતિને પણ પ્રોત્સાહન આપ્યું છે. આ સંદર્ભે મુન્દ્રા અને પીપાવાવ એ અનુક્રમે ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડ અને ગુજરાત અદાણી પોર્ટ અને સેઝ લિમિટેડ દ્વારા સંચાલિત ખાનગી બંદરો છે. અહીં મુન્દ્રા એ વિશ્વકક્ષાનું વાણિજ્ય બંદર અદાણીગૃપ અને ગુજરાત સરકાર દ્વારા તૈયાર થયું છે. આ ઉપરાંત પીપાવાવ અને મુદ્રાને બંદરીયનગર તરીકે વિકસવવાનું આયોજન પણ છે.

12.5. 2 રો-રો ફેરી (Roll on – Roll off) સર્વિસ :

22, ઑક 2017 ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે શરૂ થયેલ રો-રો ફેરી યોજના એ ગુજરાતના પરિવહન સંદર્ભે એક મહાત્વાકાંક્ષી યોજના છે. આ યોજના સંપૂર્ણપણે પૂર્ણ થયે એક સાથે 100 વાહનો (ટ્રક, કાર વગેરે) અને 250 મુસાફરોનું

જહાજ દ્વારા સૌરાષ્ટ્રના ઘોઘાથી દક્ષિણ ગુજરાતના દહેજ બંદરે જઇ શકાશે, જેથી જમીન માર્ગે થતું 360 કિ.મી.નું અંતર દરિયાઇ માર્ગે 32 કિ.મી. થઇ જતાં મુસાફરીનો સમય 6-8 કલાકને બદલે 1-1.5 કલાકનો થશે. વળી, રસ્તાઓ પર ટ્રાફિક બોજ ઘડવા સાથે મુસાફરી ખર્ચ પણ ઘટશે. આ યોજનાનો ખર્ચ કેન્દ્ર સરકાર (સાગરમાલ યોજના અંતર્ગત) અને રાજ્ય સરકાર સંયુક્ત રીતે ભોગવશે.

12.5.3 ગુજરાતમાં જળમાર્ગની સમસ્યાઓ :

- વિશ્વના વિકસિત દેશોના બંદરો પાસે જે પ્રકારના આધુનિક બાંધકામ અને સાધનો છે એ પ્રકારનું બાંધકામ અને સાધનો ન હોવાથી માલસામાનની હેરફેરમાં સમય અને શ્રમનો વ્યય વધુ થાય છે.
- બંદરો પર કાંપ ઉલેચવાના પ્રશ્ન વારંવાર સર્જાય છે.
- ગુજરાતના બધા બંદરો બારમાસી ન હોવાથી ચોક્કસ સમયગાળામાં તે બિનઉપયોગી સાબિત થાય છે.
- બંદરોના વિકાસ માટે જરૂરી માનવસંસાધન (નૌકા વૈજ્ઞાનિકો, ઇજનેરો વગેરે) ની અછત વર્તાય છે.

## 12.6 સારાંશ :

ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યા પછી રાજ્ય અને કેન્દ્ર સરકારના પ્રયત્નોથી રાજ્યમાં પરિવહન સુવિધાના પ્રમાણ તથા સ્તરમાં એકંદરે સુધારો આવ્યો છે. આ સંદર્ભે જોઇએ તો રાજ્યની રચના સમયે રેલવેક્ષેત્રે ગુજરાતમાં મુખ્યત્વે નેનોગેજ અને મીટરગેજનું વધુ પ્રમાણ હતું. જેનું આજે મોટા પ્રમાણમાં બ્રોડગેજમાં રૂપાંતર કરવામાં આવ્યુ છે. ટ્રેનની વધતી જતી સંખ્યા, પેસેન્જરનું વધતુ પ્રમાણ અને ઔદ્યોગિક વિકાસમાં ટ્રેનની વધતી જતી માંગના પરિણામ સ્વરૂપ ગુજરાતમાં ડબલ રેલવે લાઇનની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે. વળી, ગુજરાતની જનતા વધુ સારી, ઝડપી અને આરામદાયક મુસાફરી કરી શકે તે હેતુથી મેટ્રો ટ્રેન અને બુલેટ ટ્રેનની સેવા પણ શરૂ કરવામાં આવી રહી છે. આજ રીતે રસ્તાઓ સંદર્ભે જોઇએ તો આજે ગુજરાતમાં તમામ ગામડાઓને શહેરના મુખ્ય ધોરીમાર્ગથી જોડી દેવામાં આવ્યા છે. જેથી ગ્રામ્ય કૃષિક્ષેત્રનો ઝડપી વિકાસ શક્ય બન્યો છે. વળી, રાજ્યમાં વધતી જતી વાહનોની સંખ્યાને ધ્યાને લેતા ટ્રાફિકની અગવડતાઓ દૂર કરવા વધુ સારા અને પહોળા રસ્તાઓ પણ બનાવવામાં આવી રહ્યા છે. આજ પ્રમાણે હવાઇ ઉડ્ડયનક્ષેત્રે ગુજરાત સરકાર અને GUJSAIL જેવી એજન્સી ઉડ્ડયન ક્ષેત્રે સંબંધિત આંતર માળખાના વિકાસક્ષેત્રે સતત પ્રયત્નશીલ છે. વિશેષમાં રાજ્યમાં AAI દ્વારા 9, IAF દ્વારા 3 અને ખાનગીક્ષેત્ર અંતર્ગત હવાઇમથક કાર્યરત છે. આજરીતે જળમાર્ગની ચર્ચા કરીએ તો રાજ્યમાં 1 મોટું અને 46 મધ્યમ તથા નાના બંદરો કાર્યરત છે. અહીં ગુજરાતમાં બંદરવિકાસ ક્ષેત્રે ગુજરાત મેરીટાઇમ બોર્ડ મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

## 12.7 ચાવીરૂપ શબ્દો :

- કૃષિ ઉપજ : કૃષિક્ષેત્ર ઉત્પાદિત થતા રોકડિયા પાકો, અનાજ, શાકભાજી વગેરેને કૃષિ ઉપજ કહેવામાં આવે છે.
- રો-રો ફેરી સર્વિસ : ભાવનગરના ઘોઘા અને ભરૂચના દહેજ બંદર વચ્ચે ખંભાતના અખાતના વાહનવ્યવહારનાં અંતરમાં ઘટાડો કરવા માટે જળ પરિવહન મારફતે

વ્યાપારી, વાહનો, કાર અને મુસાફરોની હેરફેર માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.

- મુક્ત વ્યાપાર ઝોન : મુક્ત વ્યાપાર ઝોન એ ખાસ આર્થિક ક્ષેત્રનો એક ભાગ છે. આ એક એવો ભૌગોલિક વિસ્તાર છે કે જ્યાં માલનું ઉત્પાદન કરવું, માલના ઉતરાણના સ્ટોક કે હેન્ડલનો સમાવેશ થાય છે. આવા વિસ્તારમાં કામ કરતી કંપનીઓને સરકાર તરફથી વિશેષ લાભો અને છૂટકારો આપવામાં આવે છે. આ પ્રકારના વેપાર ઝોનમાં ખાસ કરીને મોટા બંદરો, હવાઈમથકો, રાષ્ટ્રીય સરહદો અને તેની આસપાસના ઘણાં ભૌગોલિક ક્ષેત્રોનો સમાવેશ થાય છે.
- ગ્રીન ફિલ્ડ પોર્ટ : BOOT ( Build, Own, Operate and Trasfer) આધારિત બંદરોને ગ્રીન ફિલ્ડ બંદરો કહે છે. જયાં બારમાસી સીધું/બર્થીંગ અને મોટા જહાજો લાગરી શકે તેવા ઊંડા પાણીના બંદરો વિકાસ પામ્યાં હોય છે.

## 12.8 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ લખો.

1. ગુજરાત રાજ્યમાં પરિવહન વિકાસ પર નોંધ લખો.
2. ગુજરાત રાજ્યમાં પરિવહન વિકાસ માટે નડતી સમસ્યાઓ લખો.
3. ગુજરાતના જળમાર્ગ અને હવાઈમાર્ગની વિસ્તૃત માહિતી અને તે ક્ષેત્રોની સમસ્યાઓ વિશે લખો.
4. ગુજરાતના સડક અને રેલમાર્ગના વિકાસને તપાસો.

(ખ) ટૂંકનોંધ લખો.

1. GUJSAIL
2. ગ્રીનફિલ્ડ બંદરો
3. રો-રો ફેરી સર્વિસ
4. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન વિશે 50 શબ્દોમાં જણાવો.
5. બુલેટ ટ્રેન વિશે નોંધ લખો.
6. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના વિશે નોંધ લખો.
7. રસ્તાઓનું મહત્ત્વ જણાવો.

(ગ) ખાલી જગ્યા પૂરો :

1. ગુજરાતમાં હવાઈ ઉડ્ડયન ક્ષેત્રે રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત -------------કંપની કાર્યરત છે.

   (અ) GUJSAIL (બ) AAI (ક) IAF
2. ગુજરાતનું -----------હવાઈ મથક એ IAF દ્વારા સંચાલિત છે.

   (અ) વડોદરા (બ) અમદવાદ (ક) જામનગર (ડ) સુરત
3. નીચેનામાંથી કયું હવાઈમથક રાજ્ય સરકાર દ્વારા સંચાલિત છે ?

   (અ) અમદવાદ (બ) ભુજ (ક) મહેસાણા (ડ) ડીસા
4. ઘોઘા-દહેજ વચ્ચે રો-રો ફેરી સર્વિસની મુસાફર પરિવહન ક્ષમતા ----------ની છે.(100, 250, 350)

5. ગુજરાત સરકારે જિલ્લાની -------------નજીક ભારતનો પ્રથમ ઉડ્ડયન ઉધાન સ્થાપવાનો નિર્ણય કર્યો છે. (રાજકોટ, સુરત, અમદાવાદ)
6. રેલવે લાઇનના સંદર્ભમાં ગુજરાત -----------કિ.મી. રેલવે લાઈન સાથે ભારતમાં ---------ક્રમે છે. ( 5224, 7000, 3600, પ્રથમ, પાંચમા, ચોથા)
7. આઝાદી પછીના સમયમાં ગુજરાતમાં રેલવે લાઇનોની લંબાઇમાં --------- થયો છે. (વધારો, ઘટાડો)
8. મુંબઇ અમદાવાદ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેન ------------કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડાવાશે. (320, 330,350)
9. ગુજરાત સરકારના --------વિભાગ દ્વારા રાજ્યના ધોરીમાર્ગના બાંધકામની કામગીરી બજાવવામાં આવે છે. માર્ગ અને મકાન વિભાગ, રાષ્ટ્રીય ગ્રામ વિકાસ એજન્સી)
10. ગુજરાતના કુલ ------------ગામડાઓ પાકા રસ્તાથી જોડાયેલા છે. (95% થી વધુ, 90% થી વધુ, 75% થી વધુ)

(ઘ) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.

1. GUJSAIL એ ખાનગીક્ષેત્રની કંપની છે.
2. ગુજરાત મેરીટાઇમ બોર્ડની સ્થાપના 1982માં થઇ હતી.
3. ભૂતકાળમાં ગુજરાતમાં દેશી રજવાડાઓમાં સ્વતંત્ર રેલવે લાઇનો હતી.

## 12.9 કેટલાક ઉપયોગી પુસ્તકો/વેબસાઇટ :

- સામાજિક-આર્થિક સમીક્ષા 2019-20 અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત સરકાર, ગાંધીનગર.
- કે.એમ.પરમાર, 2007 ગુજરાતનું આર્થિક ચિત્ર, વિકાસ પ્રકાશન
- ડી.કે. દવે –2015, ગુજરાતનું અર્થતંત્ર, રવિ પ્રકાશન
- http://wr.indianrailways.gov.in
- http://gmbparts.org
- www.deendayalport.gov.in
- www.gmbports.org
- http://pnt.gujarat.gov.in/pnt/defoult.aspx
- Gujsail.Gujarat.gov.in

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો.**

★ખાલી જગ્યાના જવાબો.

1. GUJSAIL, 2. જામનગર, 3. મહેસાણા, 4. 250, 5. રાજકોટ
6. 5224 અને ચોથા, 7. ઘટાડો, 8. 350, 9. માર્ગ અને મકાન વિભાગ
10. 95% થી વધુ

★ખરાં છે કે ખોટાંના જવાબો.

1. ખોટું 2. ખરું 3. ખરું

એકમ 13

# સંદેશાવ્યવહાર અને બેંકિંગ

## રૂપરેખા


13.0 ઉદ્દેશો

13.1 પ્રસ્તાવના

13.2 ગુજરાતમાં સંદેશાવ્યવહાર

13.3 ગુજરાતમાં બેંકિંગ

13.4 સારાંશ

13.5 ચાવીરૂપ શબ્દો

13.6 તમારી પ્રગતિ ચકાસો

13.7 કેટલાક ઉપયોગી પુસ્તકો/વેબસાઈટ

- તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 13.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે જાણી શકશો કે......

1. ગુજરાતમાં સંદેશાવ્યવહાર અને બેંકિંગની સુવિધાઓ કેટલી ઝડપથી વિકાસ પામી છે.
2. સંદેશાવ્યવહાર અને બેંકિંગનો આર્થિક વિકાસમાં ફાળો જાણી શકશો.
3. બેંકિંગ માળખાનું વર્ણન કરી શકશો.
4. સંદેશાવ્યવહાર અને બેંકિંગક્ષેત્રે આવેલ આધુનિક સુવિધાઓની ઓળખ મેળવી શકશો.

## 13.1 પ્રસ્તાવના :

કોઈ પણ દેશના આર્થિક વિકાસમાં બેંકિંગ અને સંદેશાવ્યવહાર મહત્ત્વની ભૂમિકા ભજવે છે. 21મી સદીના શરૂઆતના વર્ષોમાં બેંકિંગ અને સંદેશાવ્યવહાર ક્ષેત્રે જે નોંધપાત્ર પરિવર્તન થયા છે. તેનાથી ચોક્કસ પણે અર્થતંત્રને વેગ મળ્યો છે. આ સંદર્ભે વર્તમાન સુવિધાઓને ભૂતકાળ સાથે સરખાવીએ તો ખ્યાલ આવે છે કે ભૂતકાળમાં સમય, શ્રમ (માનવ કલાકો) નો કેટલો બગાડ થતો હતો. અહીં આ સેવાઓ સંદર્ભે સામાન્ય જનતાની સાથે બેંકિંગ અને સંદેશાવ્યવહારની સેવા પૂરી પાડનાર સંસ્થાઓ પણ ઘણી સગવડ ભોગવતી હતી. પરંતુ આ બંને ક્ષેત્રોમાં જે ટેકનોલોજિકલ ક્રાંતિ આવી છે તેને કારણે વિકાસ ઝડપી બન્યો છે. સાથો સાથ સમય અને શ્રમની બચત પણ થાય છે. તો બીજી બાજુ વ્યક્તિ અને સંસ્થા પર કામનું ભારણ ઘટયુ છે.

સંદેશાવ્યવહાર અને બેંકિંગ એકબીજા સાથે સંકળાયેલા છે કે બંનેને જુદા પાડવા મુશ્કેલ છે. એમાં પણ નેટ બેંકિંગ દ્વારા નાણાંકીય લેવડ દેવડ જેવી સુવિધાઓમાં તાત્કાલિક OTP મેળવો, રૂપિયા જમા થયાનો કે કપાત થયાનો મેસેજ મેળવો, અથવા ઇ-મેલ મળવો વગેરે દર્શાવે છે કે બેંકિંગ ક્ષેત્રે ગ્રાહકની સુરક્ષા માટે સંદેશાવ્યવહાર કેટલું ઉપયોગી સાધન છે. આ દૃષ્ટિએ ગુજરાતમાં સંદેશા વ્યવહાર અને બેંકિંગની સ્થિતિ કેવી છે તે જાણવું પણ જરૂરી છે.

## 13.2 ગુજરાતમાં સંદેશાવ્યવહાર :

સારી સંદેશાવ્યવહાર ટેકનોલોજી શિક્ષણ, આરોગ્ય સેવા વગેરેને ઓછાં સમયમાં વિશાળ વર્ગને પ્રાપ્ત કરાવવામાં મદદરૂપ બને છે. એ જ રીતે અસરકારક વહીવટ, વેપાર વાણિજ્યના ઝડપી વિસ્તાર, બેંકિંગ સેવાના વિસ્તાર, પર્યાવરણ જાળવણી, રોજગાર વૃદ્ધિ વગેરેમાં પણ તે મદદરૂપ થાય છે. અર્થાત, સામાજિક- આર્થિક વિકાસમાં સંદેશા વ્યવહારની ભૂમિકા મોટી છે. વળી, વર્તમાન સમયમાં ગણી આર્થિકનીતિના ભાગરૂપ થયેલા આર્થિક સુધારોઓને લીધે સંદેશા વ્યવહારના માળખાનો વિસ્તાર થવા સાથે ગુણવત્તા પણ વિસ્તરી છે. આ સંદર્ભમાં ગુજરાતમાં સંદેશાવ્યવહાર સંદર્ભિત સ્થિતિને આપણે ટેલિકોમ નેટવર્ક,ઈન્ટરનેટ સુવિધા, પોસ્ટલ સુવિધા, કુરિયર સેવા તથા ઈલેકટ્રોનિક મિડિયાની સેવાને ધ્યામાં રાખી જાણી શકીએ.

### 13.2.1 ટેલિકોમ નેટવર્ક :

ગુજરાતમાં ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક, છેલ્લા કેટલાક વર્ષોથી વિસ્તરતું રહ્યું છે. રાજ્યમાં ટેલિકોમ જોડાણ વર્ષ 1980-81માં 198889 હતો જે ઓકટોમ્બર 2019 સુધી (મોબાઈલ અને લેન્ડ લાઇન) મળીને 7.05 કરોડ થયા હતા. જેમાં 0.12 લેન્ડ લાઈન જોડાણ હતા તથા 6.93 કરોડ મોબાઈલ ય્જીસ્ જોડાણ હતા. અર્થાત છેલ્લા 40 વર્ષોમાં ટેલિકોમ ક્ષેત્રે સીમા ચિહ્નરૂપ પ્રગતિ થઈ છે. આ સંદર્ભે જોઈએ તો ગુજરાતમાં દર 100 ની વસ્તીએ 107 ફોન (માર્ચ 2019) માં હતાં. જેમાં શહેર કક્ષાએ દર 100 ની વસ્તીએ 155 અને ગ્રામ્ય કક્ષાએ 71 ફોન હતા. બીજા અર્થમાં કુલ ફોન જોડાણો પૈકી 38.81% ગ્રામીણ અને 61.19 શહેરી જોડાણો હતા.

સંદેશાવ્યવહાર ક્ષેત્રે ખાનગી કંપનીઓના પ્રવેશને મંજૂરી બાદ દેશની જેમ ગુજરાતમાં પણ ટેલિકોમ ક્ષેત્રનો ઝડપથી વિસ્તાર થયો છે. અહીં ગુજરાતમાં ટેલિકોમ ક્ષેત્રે અગ્રગણ્ય કંપનીઓમાં વોડોફોન-આઇડિયા, રિલાયન્સ જીયો, ભારતી એરટેલ અને BSNL મુખ્ય છુે

ગુજરાતમાં ફોન જોડાણોના વિસ્તાર સાથે ગુણવત્તા યુક્ત સેવા સંદર્ભિ જરૂરી મોબાઈલ ટાવર (BTS) નું માળખું પણ આ ક્ષેત્રે સેવા આપતી વિવિધ કંપનીઓ (TSPSF) દ્વારા ઊભું કરાયું છે. જે અંતર્ગત નવેમ્બર – 2019 સુધી રાજ્યમાં 34627 મોબાઈલ ટાવર હતા. જેના ભાગરૂપે 2GLkk 29199 3GLkk 17920 અને 4Gના 87733 બેઝ ટ્રાન્સફર રિસિવર સ્ટેશન હતા.

કોઠા નં-1

ટેલિકોમ જોડાણ સંદર્ભિત સ્થિતિ

| લેન્ડ લાઇન | કરોડમાં |
|---|---|
| મોબાઈલ જોડાણ | |
| વોડાફોન આઇડિયા | 2.96 |
| ભારતીય એરટેલ | 1.1 |
| BSNL | 0.61 |
| રિલાયન્સ જિયો | 2.26 |
| અન્ય | 0.00006 |
| કુલ | 6.93006 |
| કુલ | 7.05006 |

સ્રોત :Process from TRAI Data

વળી, ગામડામાં સેવાનું સ્તર સુધરે એ માટે હજુ ૭૦ નવા ટાવર દાહોદ, નર્મદા, બનાસકાંઠા અને કચ્છમાં સ્થાપવાનું આયોજન છે.

વિશેષમાં રાજ્યમાં નવેમ્બર 2019 સુધીમાં PCO(પબ્લિક કોલ ઓફિસ) ની સંખ્યા 9543 અને VPTS (વિલેજ પબ્લિક ટેલિફોન) ની સંખ્યા 5278 હતી. જોકે અહીં નોંધવું જોઈએ કે મોબાઈલ આધારિત સંચાર વ્યવસ્થાના વિસ્તાર સાથે રાજ્યમાં PCO, VPTS અને લેન્ડલાઈન જોડાણોનું પ્રમાણ ઘટતું જાય છે.

13.2.2 ઈન્ટરનેટ સુવિધા :

ઈન્ટરનેટ એ વર્તમાનમાં સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક એમ અનેકવિધ બાબતો સંદર્ભે માહિતી આદાન પ્રદાનની સાથે સાથ તેનું પણ આર્થિક સામાજિક વિકાસમાં યોગદાન રહેલું છે. આ અનુસંધાનમાં ગુજરાતમાં ઈન્ટરનેટ સુવિધાઓ સંદર્ભિત સ્થિતિ જોઈએ તો વર્તમાનમાં રાજ્યમાંમ્જીદ્ગન્ અને અન્ય ખાનગી કંપનીઓ આ સેવાઓ ચોક્કસ શરતોને આધારે પ્રદાન કરી રહી છે. જે અંતર્ગત ઓકટોમ્બર 2019માં રાજ્યમાં 42.61 મિલિયન ઈન્ટરનેટ જોડાણ હતા. જે પૈકી 12.05 મિલિયન ગ્રામ્ય વિસ્તારમાં અને 30.56 મિલિયન શહેરી વિસ્તારમાં હતા. વળી, કુલ જોડાણો પૈકી 39.99 મિલિયન જોડાણો એ બ્રોડબેન્ડ આધારિત હતા. વિશેષમાં દર 100ની વસ્તીએ ઈન્ટરનેટ જોડાણનું પ્રમાણ 64.43 હતુ. આ પ્રમાણ ગ્રામ્ય અને શહેરી કક્ષાએ અનુક્રમે 31.97 અને 107.44 હતું. જે ભારતની સરેરાશ કરતા ઊંચું છે.

વિશેષમાં GPS ( અંતર્ગત ગુજરાતના 33જિલ્લાના 10પબ્લોક પ્રથમ તબક્કામાં અને 205 બ્લોક બીજા તબક્કામાં મે 2019 સુધી આવરી લેવાયા છે. એજ પ્રમાણે નજીકના ભવિષ્યમાં પપ્નેટવર્ક થકી ઈન્ટરનેટ સુવિધા આપવાનું આયોજન છે.

13.2.3 ઈલેકટ્રોનિક મિડિયા અને રેડિયો સ્ટેશનઃ

સંદેશા વ્યવહાર સુવિધા સંદર્ભે ઈલેકટ્રોનિક મિડિયા અને રેડિયો સ્ટેશનોનું પણ આગવું સ્થાન છે. આ સંદર્ભે ગુજરાતની ચર્ચા કરીએ તો રાજ્યમાં 61 જુદા જુદા પ્રકારના સરકારી અને ખાનગી રેડિયો સ્ટેશનો છે જે પૈકી 16FM રેડિયો સ્ટેશન છે,

જ્યારે ઈલેક્ટ્રોનિક મિડિયાના સંદર્ભે દૂરદર્શન ઉપરાંત દેશ લેવલે ઉપલબ્ધ 910 ચેનલો ખાનગી ચેનલો પૈકી મોટાભાગની ચોક્કસ શરતો સાથે ગ્રાહકોને ઉપલબ્ધ છે.

### 13.2.4 પોસ્ટલસેવા :

પોસ્ટર સેવા એ સંદેશા વ્યવહારની પ્રાચીન પદ્ધિઓ પૈકીની એક છે. અહીં ભારત એ પોસ્ટલ સેવાના વ્યાપ સંદર્ભે વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે ત્યારે ગુજરાતમાં પોસ્ટલ સેવાની માળખાકીય સ્થિતિ જાણવી એ પણ જરૂરી બને છે. આ સંદર્ભે કોઠા નં 2 જોતાં જણાય છે કે ગુજરાતમાં પોસ્ટ ઓફિસની સંખ્યા વર્ષ : 1980-81માં 8415 હતી.

કોઠા નં. ૨

ગુજરાતમાં પોસ્ટ ઓફિસની સંખ્યા સંદર્ભિત સ્થિતિ (નવેમ્બર- 2019)

| વર્ષ | પોસ્ટ ઓફિસની સંખ્યા |
|---|---|
| 1980-81 | 8415 |
| 1990-91 | 8707 |
| 2000-01 | 9046 |
| 2018-19 | 8903 |
| 30 November, 2019 | 8880 |

સ્રોત :1 સામાજિક આર્થિક સમીક્ષા : 2019-20 અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ

2 Annual Report : 2018-19, Department of post, India

તે પ્રમાણે 2000-01 માં 9046, 2018-19માં 8903 અને 30, નવેમ્બર 2019ના રોજ 8880 જેટલું હતું. તદઉપરાંત રાજ્યમાં શહેરી કક્ષાએ 4381 અને ગ્રામ્યકક્ષાએ 19764 એમ કુલ 24145 લેટરબોક્સ છે. તેમજ 4592 જેટલા પોસ્ટ બોક્સની સર્વિસ ભાડા ઉપર લોકોને અપાયેલી છે.

ગુજરાતના પોસ્ટલ આંતરમાળખાની વિશેષ ચર્ચા કરીએ તો તેમાં 26 પોસ્ટર ડિવિઝન અને 3 રેલ્વે સર્વિસ ડિવિઝન છે. આ ઉપરાંત 3 પોસ્ટલ ડેપો તથા રેલ્વે પોસ્ટલ સેવા સંદર્ભે 19 સોર્ટીંગ અને 19 રેકોડિંગ ઓફિસ પણ છે. આ ઉપરાંત 9 રાત્રી પોસ્ટ ઓફિસ પણ છે.

ઉપરોક્ત ચર્ચાના સંદર્ભમાં એ પણ નોંધવું જોઈએ કે રાજ્યમાં છેલ્લા 40 વર્ષમાં પોસ્ટ ઓફિસોના પ્રમાણમાં નજીવો વધારો થયો છે અને એમાંય છેલ્લા કેટલાક વર્ષોમાં તો પોસ્ટઓફિસોનું પ્રમાણ ઘટયું છે, જેનું એક કારણ ઈન્ટરનેટ સેવાઓના વધેલા વ્યાપથી પોસ્ટલ સેવાઓનું ઘટતું મહત્ત્વ પણ છે. આમ છતાં ગુજરાતમાં અને એમાંય વિશેષ કરીને ગામડાઓમાં સંદેશાવ્યવહાર, બચત, વીમો વગેરે સુવિધાઓના સંદર્ભમાં પોસ્ટલ સેવાઓનું મહત્ત્વ આજે પણ છે.

### 13.2.5 કુરિયર સેવા :

ખાનગી કુરિયર સેવા એ પણ ગુજરાતના શહેરી વિસ્તારોમાં સંદેશાવ્યવહારનું એક માધ્યમ છે. જે અંતર્ગત અનેક ખાનગી કુરિયર કંપનીઓ (દા.ત DTDC, શ્રી તિરૂપતિ કુરિયર, સ્પીડમેન એક્સપ્રેસ વગેરે) પત્રો, ડોક્યુમેન્ટ વગેરેને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડવાનું કાર્ય કરે છે.

### 13.2.6 સંદેશાવ્યવહારની સમસ્યા :

સંદેશાવ્યવહાર સંદર્ભે દેશને સ્પર્શતી સમસ્યાઓ ગુજરાતને પણ સ્પર્શે છે. જે નીચે પ્રમાણે દર્શાવી શકાય.

- ટેલિકોમ સેવા આપતી કંપનીઓ વચ્ચે હરીફાઈને લીધે ગ્રાહક દીઠ વળતર ઘટયું છે. તથા કેટલીક કંપનીઓ ખોટમાં જાય તેવી સંભાવના ઊભી થઈ છે.
- રાજ્ય હસ્તક્ષેપની કંપનીઓને ખાનગીક્ષેત્રની કંપનીઓ સામે હરીફાઈમાં ટકાવવી મુશ્કેલ બનતું જાય છે.
- કુશળ માનવ સંસાધનની અછત વર્તાય છે.
- કેટલાક ગ્રામીણ વિસ્તારોમાં ટેલિફોન સેવાના કવરેજની સમસ્યા છે.
- સંદેશા વ્યવહારના સાધનોનો દૂરપયોગ (જેમ કે પબજી જેવી રમતો, સમાજ વિરોધી સદેશાઓ વગેરે) ને નિયંત્રિત કરવામાં મુશ્કેલી પડી રહી છે. વળી, વિવિધ પ્રકારના સાયબર ગુનાઓનું પ્રમાણ વધતું જાય છે.
- મોબાઈલ ટાવરોની પર્યાવરણ પરની અસરો એ મુદ્દો પણ ચર્ચાસ્પદ છે.

### 13.2.7 ભાવિ વિકાસની તકો :

ભારતમાં કુત્રિમ ઉપગ્રહોએ સંદેશાવ્યવહાર ક્ષેત્રે ઘણી ક્રાંતિ કરી છે. ટેલિફોન પછી હવે સૌથી વધુ નવીન સેવાઓ ઈન્ટરનેટ માહિતી સંચાર છે, જેણે દુનિયાને એક નવી જ દિશા આપી છે. ઈ-કોમર્સ ઈ-બેંકિંગ વગેરે સંદેશાવ્યવહારની સેવાનું જ વિસ્તૃત રૂપ છે. ભારતમાં ઈસરો ધ્વારા 1982 થી લઈને આજ દિન સુધી સંદેશાવ્યવહાર ક્ષેત્રે ક્રાંતિ લાવવા ઘણા ઉપગ્રહો અવકાશમાં તરતા મુકાયા છે. જેમાં 2017 માં 3, 2008 માં 6, 2019માં એક (GSAT-31) અને 2020 17, જાન્યુઆરી, 2020 GSAT-30 છે જેનાથી આગામી દિવસોમાં સંદેશાવ્યવહાર ખાસ કરીને ઈન્ટરનેટ ક્ષેત્રે વધુ ઝડપી આવશે. આજે વિશ્વાના અમુક વિકસિત 5G અને 6G લેવલે પહોંચ્યા છે. ત્યારે હજુ આપણે 4G સુવિધાઓ જ મેળવીએ છીએ. ભારતમાં ઇસરો (ISRO) ધ્વારા સંદેશાવ્યવહાર માટે જે કામગીરી કરાઇ રહી છે. તેનાથી આપણે પણ વિકસિત દેશોના જેવી ઈન્ટરનેટ સ્પીડ ભવિષ્યમાં પ્રાપ્ત કરી શકીશું.

## 13.3 ગુજરાતમાં બેંકિંગ :

બેંકિંગ પ્રવૃત્તિએ અર્થતંત્રને ગતિશીલ રાખવામાં ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવે છે. બેંકિંગ પ્રવૃત્તિના ભાગરૂપ કૃષિ ઉદ્યોગ અને વેપારને ધિરાણ મળી રહે તો ધંધા-ઉદ્યોગના વિકાસને વેગ મળે છે. એજ રીતે અર્થતંત્રમાં મૂડીરોકાણ માટે જરૂરી બચતોને એકત્રિત કરવાનું અને પ્રોત્સાહન આપવાનું કાર્ય પણ બેંકિંગના માધ્યમથી થાય છે. વિશેષ બેંકિંગ સિસ્ટમ થકી અર્થતંત્રમાં થતા આર્થિક સોદાઓની ચૂકવણી સરળ અને ઝડપી બનતાં આર્થિક પ્રવૃત્તિને વેગ મળે છે. આજ પ્રમાણે ગ્રાહકોને નિર્ધારિત સમયે નાણાં પુરાં પાડી તે તેમની સુવિધા પણ વધારે છે.

બેંકિંગક્ષેત્રના આંતરમાળખાની ચર્ચા કરીએ તો દેશમાં RBI ના વડપણ નીચે 1 એપ્રિલ 2020 ના રોજ જાહેરક્ષેત્રની 12, ખાનગીક્ષેત્રની 22, વિદેશી બેંકો 36, પ્રાદેશિક ગ્રામીણ બેંકો 45, શહેરી નાગરિક બેંકો 1544 તથા 363 જેટલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો કાર્યરત છે. વિશેષમાં પ્રાથમિક ધિરાણ મંડળીઓ અને પોસ્ટ ઓફિસો પણ બેંકિંગ સંદર્ભિત કેટલીક કામગીરી કરે છે. આ સંદર્ભમાં વિકાસની દૃષ્ટિએ

દેશના અગ્રગણ્ય રાજ્ય એવા ગુજરાતમાં બેંકિંગ અંગેની સ્થિતિ કેવી છે તેની જાણકારી પણ જરૂરી છે.

ગુજરાતમાં પણ દેશની જેમ આઝાદી પહેલાં શેઠ, શરાફો, શાહુકારો વગેરે થકી બેંકિંગ સંદર્ભિત પ્રવૃત્તિ થતી. જેમાં ગ્રાહકોનું ઊંચા વ્યાજ અને વટાવ સ્વરૂપે શોષણ થતું. જો કે આઝાદી બાદ સરકારે સંગઠિત ક્ષેત્રે બેંકિંગ પ્રવૃત્તિને વિકાસાવવા કરેલા પ્રયાસોને લીધે વેપારી બેંકો (વાણિજ્ય બેંકો) તથા સહકારી બેંકિંગ માળખાનું વિસ્તરણ થતાં ગ્રાહકોનું શોષણ ઘટયું છે. અહીં આ પરિપ્રેક્ષમાં ગુજરાતમાં બેંકિંગ સંદર્ભિત સ્થિતિની જાણકારી વેપારી બેંકોની શાખાઓ અને ધિરાણ બચત વિષયક સ્થિતિ, સહકારી બેંકિંગ ખેતીબેંક, ઇ-બેંકિંગ સંદર્ભિત સ્થિતિ અને બેંકિંગને લગતી સમસ્યાઓના આધારે મેળવી શકીએ.

### 13.3.1 ગુજરાતમાં વેપારી બેંકોની શાખાઓની સ્થિતિ અને ધિરાણ તથા વ્યાપાર વિષયકસ્થિતિ :

ગુજરાતમાં વેપારી બેંકોના આંતરમાળખા અને કામગીરીને કોઠા નં. 3 ના અનુંસંધાને જોઈએ તો જણાય છે કે 1970માં બધીજ વેપારી બેંકોની શાખાઓનું પ્રમાણ, થાપણ, ધિરાણ અને ધિરાણ-બચત અનુપાત અનુક્રમે 1008, 510 કરોડ, 302 કરોડ અને 59.62% હતો. જે પ્રમાણ 1990માં 3361, 11063 કરોડ

કોઠા નં. 3

ગુજરાતમાં વેપારી બેંકોની શાખા તથા તેમની થાપણો અને ધિરાણ સંદર્ભિત સ્થિતિ

| વર્ષ | શાખાઓની સ્થિતિ | થાપણો (કરોડોમાં) | ધિરાણ (કરોડોમાં) | ધિરાણ-થાપણ રેશિયો (%) |
|---|---|---|---|---|
| 1970 | 1008 | 510 | 302 | 59.62 |
| 1980 | 2318 | 2563 | 1490 | 58.13 |
| 1990 | 3361 | 11063 | 6257 | 56.56 |
| 2000 | 3667 | 49056 | 25090 | 51.15 |
| 2010-11 | 6433 | 272076 | 187803 | 69.03 |
| 2018-19 | 9797 | 697250 | 590664 | 84.71 |

સ્રોત : સામાજિક- આર્થિક સર્વે : 2018-19, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

6257 કરોડ અને 56.56% થયું હતું. આ પ્રમાણ વર્ષ : 2018-19માં અનુક્રમે 9797, 697250કરોડ 590664 કરોડ અને 84.71% થયું હતું. અર્થાત, છેલ્લા 50વર્ષમાં બેંક શાખાઓના પ્રમાણ, થાપણો, ધિરાણના પ્રમાણ અને ધિરાણ- બચત રેશિયાના પ્રમાણમાં વધારો થયો છે. આમાં પણ વર્ષ 1990 પછી એટલે કે નવી આર્થિકનીતિ બાદ નોંધપાત્ર પ્રમાણમાં વધારો થયો છે. જે દર્શાવે છે કે બેંકોની શાખાઓનું માળખું વિસ્તરવા સાથે બેંકોની કામગીરી પણ સુધરી છે. વિશેષમાં બેંકોની વર્તમાનમાં જે શાખાઓ છે તે પૈકી 37% શાખાઓ ગ્રામ્ય વિસ્તારમાં, 24% અર્ધ શહેરી વિસ્તારોમાં, 16% શહેરી વિસ્તારોમાં અને 23% મહાનગરોમાં આવે છે. આજ પ્રમાણે વર્ષ 2018-19માં કુલ ધિરાણના 14% કુષિક્ષેત્રને, 21.5% ગૃહ નાના અને મધ્યમકક્ષાના ઉદ્યોગોન. તથા 7.6% સમાજના નબળા વર્ગોને અપાયું હતું. અર્થાત, અંદાજે 45% જેટલું ધિરાણ અગ્રિમક્ષેત્રોને અપાયું હતું. આ સાથે એ પણ નોંધવું જોઈએ કે રાજ્યમાં કિસાન ક્રેડિટકાર્ડની સંખ્યા 27.09 લાખ છે જેમાં વેપારી બેંકોનો હિસ્સો મોટો છે. આ ઉપરાંત રાજ્યમાં નાણાકીય જાગૃત્તિ અને ધિરાણ માર્ગદર્શન

સંદર્ભે મહાનગર કક્ષાએ 1, અર્ધ શહેરી વિસ્તારોમાં ૩૩ અને શહેરી વિસ્તારોમાં 15એમ કુલ 49કેન્દ્રો ઊભા કરાયા છે. વિશેષમાં વસ્તી આધારિત બેંક પ્રમાણની ચર્ચા કરીએ તો ગુજરાતમાં સરેરાશ 6170ની વસ્તીએ એક બેંક શાખા છે. જે દેશની સાપેક્ષ સારો રેશિયો છે અને બેંકિંગ આંતરમાળખાની દૃષ્ટિએ વિધાયક બાબત છે.

### 13.3.2 સહકારી બેંકિંગ :

સહકારી બેંકિંગ એ બેંકિંગ પ્રવૃત્તિનો જ એક ભાગ છે પણ સહકારી બેંકોએ સમાજના નાના વર્ગ સુધી અને અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચી બચત અને ધિરાણ સંદર્ભે ખૂબ અગત્યની ભૂમિકા ભજવે છે. વળી, તેનું સંચાલન એક લેવલ સુધી સ્થાનિક કક્ષાએથી કે બ્લોક કક્ષાએથી થતું હોવાથી સ્થાનિક આર્થિક જરૂરિયાતોને આધારે ધિરાણ થતાં તે વધુ અસરકારક બને છે. અહીં ગુજરાતની આ સંદર્ભે ચર્ચા કરીએ તો સહકારી બેંકિંગના ક્ષેત્રો દેશના અગ્રગણ્ય ગણાતા રાજ્યોમાં ગુજરાતનો પણ સમાવેશ થાય છે. આ અનુસંધાને ગુજરાતની સહકારી બેંકિંગ અંગેની સ્થિતિને શહેરી નાગરિક બેંકો, રાજ્ય અને જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો તેમજ પ્રાથમિક સહકારી ધિરાણ મંડળીઓના આધારે સમજાવી શકાય.

- શહેરી નાગરિક બેંકો : શહેરી વિસ્તારોમાં સમાજના આર્થિક દૃષ્ટિએ નીચલા અને મધ્યમવર્ગને વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ સંદર્ભે સરળતાથી ભંડોળ પૂરું પાડવામાં તથા તેમનામાં બચતવૃત્તિને કેળવવાનું કાર્ય નાગરિક બેંકો કરે છે. આ સંદર્ભે કોઠા નં. 4 ને જોતા જણાય છે કે વર્ષ 2018-19માં રાજ્યમાં 219નાગરીક બેંકોની કુલ 1182 શાખાઓ હતી. જે દેશની સાપેક્ષ અનુક્રમે 14% અને 10% હિસ્સો ધરાવે છે. આ બેંકો થકી કુલ 38710 કરોડ ધિરાણ કરાયેલું હતું. જે તેમની થાપણોના 66% જેટલું છે. આ બેંકો બેંકિંગ સુવિધા સંદર્ભે 369 જેટલા ATM પણ ધરાવે છે.

કોઠા નં 4

ગુજરાતમાં નાગરિક બેંકો સંદર્ભિત સ્થિતિ : 2018-19

| | |
|---|---|
| બેંક શાખા | 219 |
| શાખા સંખ્યા | 1182 |
| ડિપોઝિટ | 58010 |
| લોન | 38710 |
| લોન ડિપોઝિટ રેશિયો | 66% |

સ્રોત :Report on Trend and Progress of Banking in India : 2018-19, RBI, Mumbai

- રાજ્ય અને જિલ્લા સહકારી બેંકો :

રાજ્ય અને જિલ્લા સહકારી બેંકો એ ગ્રામીણ કક્ષાએ લોકોને ભંડોળ પૂરું પાડવામાં તેમજ બચતન. પ્રાત્સાહન આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ અનુસંધાને કોઠા નં 5 ને જોતા જણાય છે કે વર્ષ 2018-19 રાજ્યમાં સહકારી બેંકોની કુલ 1408 શાખાઓ આવેલી છે. જે પૈકી 63% શાખાઓ ગ્રામીણ વિસ્તારોમાં,19% અર્ધ શહેરી

કોઠા નં 5

ગુજરાતમાં રાજ્ય સહકારી બેંક અને જિલ્લા સહકારી બેંક સંદર્ભિત સ્થિતિ : 2018-19

| | |
|---|---|
| બેંક સંખ્યા | 1 + 18<br>(રાજ્ય સહકારી બેંક)<br>(જિલ્લા સહકારી બેંક) |
| કુલ શાખા સંખ્યા | 25 + 1383 = 1408 |
| ગ્રામીણ શાખા | 892 |
| અર્ધ શહેરી | 261 |
| ચહેરી | 255 |
| રા.સ.બેંક N.P.A. | 2.2 (2018) |
| જિ.સ. બેંક N.P.A. | 5.6 (2018) |
| કિસાન ક્રેડિટ કાર્ડની સંખ્યા | 1005000 |

સ્ત્રોત :Report on Trend and Progress of Banking in India : 2018-19, RBI, Mumbai

વિસ્તારોમાં અને 18 શહેરી વિસ્તારોમાં હતી. તેમની N.P.A. માર્ચ- 2018 માં અનુક્રમે 2.2 અને 5.6 હતી. વિશેષમાં તે 100500 કિસાન કાર્ડ ધરાવતી હતી.

- પ્રાથમિક ધિરાણની મંડળીઓ :

પ્રાથમિક ધિરાણ મંડળીઓ એ કૃષિ, ગ્રામ્ય અને નાના વર્ગની આર્થિક ઉન્નતિમાં વિવિધ પ્રકારે ધિરાણ આપી અગત્યની ભૂમિકા ભજવે છે. વળી, તે બચતો એકત્ર કરવાનું કાર્ય પણ કરે છે. આ સંદર્ભે કોઠા નં. 6 ને જોતા જણાય છે કે રાજ્યમાં વર્ષ 2018-19માં કુલ 9796 પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ અને 6173 બિન કૃષિ ધિરાણ મંડળીઓ હતી. જેમાં કૃષિ ધિરાણ મંડળીઓ થકી થયેલ ધિરાણ માર્ચ- 2018 સુધીમાં 10.01631 લાખ હતું. જયારે તેમની વર્કિંગ કેપીટલ 13.67886 લાખ અને ડિપોઝીટ 78723 લાખ હતી. અહીં પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ થકી અપાયેલ ધિરાણ પૈકી 95% થી વધુ ધિરાણ કૃષિક્ષેત્રને અપાયું હતું. જો કે અહીં એ પણ નોંધવું જોઈએ કે પ્રા.કૃ.ધિરાણ મંડળીઓ પૈકી 1900 મંડળી ખોટ પણ કરતી હતી.

કોઠા નં. : 6

ગુજરાતમાં પ્રાથમિક ધિરાણ મંડળીઓ સંદર્ભિત સ્તિથિ : 2018-19

| | |
|---|---|
| કુલ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ | 9796 |
| કુલ પ્રાથમિક બિન કૃષિ ધિરાણ મંડળીઓ | 6173 |
| કૃષિ પ્રાથમિક ધિરાણ મંડળીઓ દ્વારા થયેલ ધિરાણ | 1001631 લાખ (માર્ચ 2018) |
| કૃષિ પ્રાથમિક ધિરાણ મંડળીઓની ડિપોઝીટ | 1367886 લાખ (માર્ચ- 2018) |
| કૃષિ પ્રાથમિક ધિરાણ મંડળીઓની ડિપોઝીટ | 78723 લાખ (માર્ચ- 2018) |

Source : Report on Trend and progress of Banking in India : 2018-19, RBI

### 13.3.3 ખેતી બેંક :

ગુજરાત રાજ્ય સરકારની કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક કે જે ખેતી બેંકના નામથી જાણીતી છે. આ બેંક રાજ્યના ખેડૂતોને મધ્યમ અને લાંબાગાળાનું ખેતી વિષયક

ધિરાણ કરતી સહકારી સંસ્થા છે. બેંકની સ્થાપના 1951 માં ''સૌરાષ્ટ્ર સ્ટેટ લેન્ડ મોર્ગેજ બેંક તરીકે થઈ હતી. ગુજરાતના અલગ રાજય તરીકે વિભાજન થયા બાદ 1962 માં ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ એન્ડ મોર્ગેજ બેંક લી. તરીકે બેંકે તેની કામગીરી શરૂ કરેલી હતી. આ બેંક 1965થી ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ એગ્રીકલચર એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ બેંક લી.'' ના નામથી કાર્યરત છે. આ બેંક તેની 176શાખા થકી રાજયમાં સિંચાઈ, પશુપાલન, ખેતીવિકાસ, ગ્રીન હાઉસ, ગ્રામ્ય મકાન બાંધકામ વગેરે હેતુ માટે ધિરાણ કરે છે. જોકે બેંકની મુખ્ય કામગીરી રાજ્યના ખેડૂતોને ખેત વિષયક ધિરાણ કરવાની છે. 2018-19ના અંત સુધીમાં બેંકના આશરે 6 લાખથી વધુ સભાસદો હતા અને 45.63 કરોડ શેરભંડોળ હતું. માર્ચ 2019ના અંત સુધીમાં બેંક દ્વારા રૂા. 4137 કરોડથી પણ વધુનું ધિરાણ કરવામાં આવ્યું છે. બેંક દ્વારા રાજયના ખેડૂતોને કરેલ ધિરાણ સમયસર વસૂલ કરી શકાય તે માટે વિવિધ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત કુદરતી કારણો સર ખેડૂતો બેંકના હપ્તા ભરવામાં નિષ્ફળ જાય તો બેંક ધ્વારા ખેડૂતોના હિતમાં વન ટાઈમ સેટલમેન્ટ યોજના જેવી યોજનાઓ અમલમાં મૂકી ખેડૂતોને વ્યાજમાં રાહત આપી ખાતુ ચૂકતે કરવાની તક અપાય છે. અહીં ખેતીબેંક ધિરાણ અને વસુલાતની કામગીરી સાથે જાહેર જનતા પાસેથી ફિકસ ડીપોઝીટ પણ સ્વીકારે છે. બેંકમાં થાપણ મુકનારની થાપણ પાકે ત્યારે ટી.ડી.એસ કાપ્યા વગર અન્ય બેંકોની તુલનામાં વધુ વ્યાજ ચુકવવામાં આવે છે. આર. બી. આઈની ગાઈડ લાઈન મુજબ આ બેંક થાપણો સ્વીકારતી હોવાથી થાપણદારો થાપણો આ બેંકમાં સંપૂર્ણપણે સુરક્ષિત છે. વર્તમાંનમાં બેંકનો લોન રિકવરી રેશિયો 32.65% છે. જે તેની નબળી કામગીરી દર્શાવે છે. જો કે તેને સશક્ત કરવાના પ્રયાસો ચાલુ છે.

### 13.3.4 ઇ-બેંકિંગઃ

વર્તમાનમાં ગુજરાતની તમામ વાણિજય બેંકો નાગરિક બેંકો, જિલ્લા મધ્યસ્થ બેંકો, સહકારી અને ખાનગી બેંકોએ ઇ-બેંકિંગ અપનાવયું છે. પરિણામે બેંકના કાર્યોમાં આમૂલ પરિવર્તનો આવ્યા છે. જેને લીધે બેંકો દ્વારા આપવામાં આવતી સેવાઓ ઓછા ખર્ચે અને સમયે પ્રાપ્ત થઈ શકી છે. વર્તમાનમાં ઇ-બેંકિંગનો દિવસે ને દિવસે ઝડપી વિકાસ થઈ રહ્યો છે. બેંકો ઇ-બેંકિંગ ધ્વારા ગ્રાહકો કોઈ પણ પ્રકારના આર્થિક વયવહાર ઘરે બેઠા કરી શકાય તેવી વ્યવસ્થા કરી છે. બેંકોએ ડેબિટકાર્ડ, ક્રેડિટકાર્ડ, મોબાઇલ બેંકિંગ, ઈન્ટરનેટ બેંકિંગ, ઈલેકટ્રોનિક ફંડ ટ્રાન્સફર જેવી સેવાઓ પૂરી પાડી છે. આજે ગ્રાહકો વિવિધ મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને બેંક વ્યવહારો કરી રહ્યા છે. વળી, ખરીદી કરવી, બિલ ભરવા, ટિકિટ બુક કરાવવી વગેરે જેવા કાર્યો ઇ-બેંકિંગ થકી શક્ય બન્યા છે.

ગુજરાતમાં આ સુવિધાનો ઉપયોગ શહેરી અને ગામડાના લોકો પણ કરે છે. આમ છતાં હજુ પણ મોટા પ્રમાણમાં લોકો આ વિશે ઓછા માહિતગાર છે. વળી, ઓન-લાઈન ફ્રોડ (છેતરપીંડી) થવાની શક્યાતાઓ હોવાના કારણે કેટલાક લોકો આ સેવાનો લાભ લેતા ડરે છે. અહીં નોંધવું જોઈએ કે બેંક દ્વારૉં જેવી ઉચ્ચકક્ષાની સુરક્ષા આપતી હોવા છતાં ગ્રાહકોની અજ્ઞાનતાના કારણે ઘણા ગ્રાહકો આ પ્રકારની છેતરપીંડીનો ભોગ બને છે.

### 13.3. 5 ગુજરાતમાં બેંકિંગક્ષેત્રની સમસ્યાઓ :

બેંકોની અસાધારણ પ્રગતિ અને વિકાસની સાથે સાથે વિવિધ સમસ્યાઓ પણ ઉદ્‌ભવ પામી છે. જે અંતર્ગત જોઈએ તો....

i. બિન કાર્યક્ષમ અસ્કયામતો :

રાજ્યમાં જાહેર ક્ષેત્રની તેમજ સહકારીક્ષેત્રની બેંકોમાં N.P.A. નું ઊંચું પ્રમાણ એ તેમની કાર્યક્ષમતા અને ટકાઉપણા સામે પ્રશ્ન ઊભો કરી રહ્યું છે. આ સંદર્ભે જોઈએ તો ગુજરાતમાં 2017-18માં શહેરી સહકારી બેંકોનું N.P.A. 7.1%, રાજ્ય સરકારની બેંકોનું 2.2% જિ.સ.બેંકોનુ 5.6, ખેતી બેંકનું 55% અને વાણિજય બેંકોનું 9% જેટલું હતું.

ii. બિન બેંકિંગ નાણાંકીય સંસ્થાઓ સાથે હરિફાઈ :

રાજ્યની જાહેર ક્ષેત્રની બેંકો બિન નાણાંકીય મધ્યસ્થીઓ જેવા કે મ્યુચ્યુઅલ ફંડો, હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશનો, લીઝીંગ અને ઈન્વેસ્ટમેન્ટ કંપનીઓ તરફથી ભારે પડકારોનો સામનો કરી રહી છે. આ બધી બિન નાણાંકીય સંસ્થાઓ થાપણો આકર્ષવા માટે જાહેરક્ષેત્રની બેંકો સાથે તીવ્ર સ્પર્ધા કરે છે. અહીં જાહેરક્ષેત્રની બેંકોની તુલનામાં આ સંસ્થાઓ ઊંચું વ્યાજ ચૂકવે છે તથા પ્રજાને પોતાની તરફ આકર્ષવા માટે લોભામણી કે આકર્ષક જાહેરાતો કરે છે. વળી,જાહેરક્ષેત્રની બેંકો ધ્વારા મર્યાદિત ક્ષેત્રોમાં અપાતી લોનની તુલનામાં વિવિધ ક્ષેત્રે ધિરાણ કરે છે. જેથી જાહેરક્ષેત્રની બેંકોના કામ પર વિપરીત અસર પડે છે.

iii. સરકારો દ્વારા રાજકીય હેતુસર બેંકિંગ કામગીરીમાં કરાતો હસ્તક્ષેપ :

રાષ્ટ્રીયકૃત બેંકોની કામગીરીમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો રાજકિય હેતુસર અવરોધ ઉત્પન્ન કરે છે. તેથી બેંકોને લોન પરત કરવાની ક્ષમતાને ધ્યાનમાં લીધા વગર ધિરાણ કરવું પડતું હોય છે. જે બેંકોની બિનકાર્યક્ષમતા વધવા માટેનું કારણ બને છે. આજ રીતે સહકારી ક્ષેત્રે સહકારી આગેવાનોના વ્યક્તિગત સ્વાર્થ તથા સ્થાનિક ધોરણે પક્ષાપક્ષીથી કેટલીક સહકારી બેંકોની વહીવટી કથળી છે. ગુજરાતમાં આ સંદર્ભે કેટલીક કેટલીક સહકારી બેંકો બંધ પણ કરવી પડી છે. વળી કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા કરાતી દેવા માફીની યોજનાઓ પણ લાંબાગાળે ખોટા સંકેત આપી બેંકોની કાર્યક્ષમતા બગાડે છે.

iv. નેટબેંકિંગ અને ટેકનોલોજીના ઉપયોગ સંબંધિત સમસ્યાઓ :

ગ્રાહકોની કે પછી બેંક કર્મચારીઓની નેટબેંકિંગ સંબંધી અણ આવડત કે અજ્ઞાનતાને લીધે એક ખાતામાંથી બીજા ખાતામાં પૈસા જતાં રહેવા, ખતામાંથી પૈસા ઉપડી જવા જેવી સમસ્યાઓ સર્જાય છે. વળી, ઈન્ટરનેટનો દુરપયોગ કરી છેતરપીંડી દ્વારા જે તે ખાતા માંથી પૈસા ઉપાડી લેવા, છૂસ જેવી ઈનટરનેટ આધારિત સેવાઓ વારંવાર બંધ પડવી તથા સર્વર ડાઉન જેવી સમસ્યાઓ પણ સર્જાતી રહે છે.

v. ગ્રામીણ બેંક શાખાઓની ઘટતી નફાકારકતા :

ભારતની મોટા ભાગની બેંકોની જેમ ગુજરાતની ગ્રામીણ બેંક શાખાઓની નફાકારકતા પણ ઘટી રહી છે. અહીં ગ્રામીણ શાખાઓ દ્વારા અપાતુ મોટા ભાગનું ધિરાણ કૃષિક્ષેત્રે રહ્યું છે કે જયાં ખેડૂતો ઘણીવાર નબળા વર્ષને કારણે લોનની રકમ પરત કરી શકતા નથી. જે બેંકો માટે ખોટનું કારણ બને છે. વળી, સરકારની જનધન યોજનાના કારણે ઘણાં લોકોએ બેંકમાં ખાતા ખોલાવ્યા છે. પરંતુ ખાતામાં કોઈ વ્યવહાર ન થવાથી પણ બેંકોએ આવા ખાતાનું વ્યવસ્થાપન ખર્ચ ,પણ ભોગવવું પડે છે.

ઉપરોક્ત સમસ્યાઓને જોતાં કહી શકાય કે રાજ્ય અને દેશની કક્ષાએ બેંકો દ્વારા આ અંગે યોગ્ય પગલાં ભરવામાં નહી આવે તો બેંકિંગક્ષેત્રે અતિ ગંભીર સ્થિતિ સર્જાઇ શકે છે.બેંક એ કોઇપણ રાષ્ટ્રના અર્થતંત્ર માટે કરોડરજ્જુ સમાન છે. આથી બેંકોની સમસ્યાઓ એ અર્થતંત્રના ઝડપી વિકાસને બાધક બને છે. આ સંદર્ભે નીચે મુજબના પગલાં હાથ ધરવામાં આવે તે ઈચ્છનીય છે.

1. ધિરાણ મૂલ્યાંકનની રૂપરેખા તૈયાર કરી તારણ કે કામગીરી સાથે ધિરાણ કરવું.
2. પૂરતાં દસ્તાવેજો રજૂ કરનારને જ ધિરાણ કરવા તથા ધિરાણ આપનારની જવાબદારી સુનિશ્ચિત કરવી.
3. ધિરાણ વસુલાત માટે યોગ્ય નીતિ ઘડી તેનો અસરકારક અમલ કરવો.
4. બિન બેંકિંગ નાણાંકીય સંસ્થાઓ તથા ખાનગી અને વિદેશી બેંકો સામે હરીફાઈમાં ટકી શકાય.
5. બેંકિંગ કામગીરીમાં રાજકીય હસ્તક્ષેપ અટકાવવા
6. ખોટ કરતાં ક્ષેત્રોની તુલનાઓ નફો કરતાં નાના એકમોને ધિરાણમાં પ્રાધાન્ય આપવું.
7. ગ્રામીણ બેંક શાખાઓની નફાકારકતા વધે તેવા પ્રયત્નો કરવા.
8. દેવા માફી યોજનાઓનું પુનઃ મૂલ્યાંકન કરવું.
9. ઈન્ટરનેટ બેંકિંગ સંદર્ભે વિશેષ જાગૃત્તિ કાર્યક્રમોનું આયોજન કરવું.

13.3.6 બેંકિંગક્ષેત્રે ભાવિ વિકાસની તકો :

આગામી દિવસોમાં બેંકો ગ્રાહકોની સુરક્ષા માટે વધુ સજાગ પ્રયત્નો કરી રહી છે. ખાસ કરીને ગ્રાહકો ધ્વારા જે ડેબીટ કાર્ડનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તેમાં હવે બેંક હાઈ સિકયુરિટી ચિપવાળા છ્સ્ અથવા ડેબિટ કાર્ડ ગ્રાહકોને આપી રહી છે. જેથી કરીને ગ્રાહકો સાથે થતી છેતરપીંડી ઘટશે. વળી, બેંક અને સરકાર બંને દ્વારા કેશ લેસ ટ્રાન્ઝેકશન પર વધુ ભાર મુકવામાં આવી શકે છે. કારણ કે તેનાથી બેંકો પરનું ભારણ ઘટશે તથા કરચોરી અને કાળાનાણાં જેવા દૂષણો ડામી શકાય તેમ છે.

વર્તમાનમાં પણ બેંકો દ્વારા કિયોસ્ક મશીન, ગ્રીન ચેનલ, પાસબુક, પ્રિન્ટર મશીન, ઈન્ટરનેટ બેંકિંગ, મોબાઈલ બેંકિંગ વગેરે જેવી સુવિધાઓ તો આપવામાં આવે જ છે, પરંતુ આગામી દિવસોમાં બેંકો હજુ પણ વધારે સારી અને સુરક્ષિત કહી શકાય તેવી સુવિધાઓ ગ્રાહકોને આપવા વિચારી રહી છે.

## 13.4 સારાંશ :

ઝડપી અને આધુનિક વિકાસની દોડમાં ગુજરાતને પણ પાછળ રહેવું પરવડે તેમ નથી. આથી જ ગુજરાત માત્ર ભારતના અન્ય રાજ્ય જ નહી પરંતુ સમગ્ર વિશ્વની સાથે કદમથી કદમ મેળવવા પ્રયત્ન કરી રહ્યુ છે. આજે સમગ્ર ભારતમાં ગુજરાત વિવિધ ક્ષેત્રે અગ્ર સ્થાન ધરાવે છે. તેનું એક કારણ આંતરમાળખાનો વિકાસ છે. વર્તમાનમાં પણ રાજ્યમાં આંતર માળખાકીય ક્ષેત્રે ખાસ કરીને સંદેશાવ્યવહાર અને બેંકિંગમાં ટેકનોલોજીકલ સુધારાઓ કરી રહ્યું છે. રાજ્ય સરકાર ઉપરાંત ખાનગીક્ષેત્ર ધ્વારા કરવામાં આવેલ જંગી મૂડીરોકાણના પરિણામે આ ક્ષેત્રે પ્રગતિ શક્ય બની રહી છે. દૂરસંચારના એકમાત્ર જાહેર સાહસ મ્જીદ્ગ ની સાથે વોડાફોન, આઇડીયા, એરટેલ

અને રિલાયન્સ જીઓ જેવી ખાનગી કંપનીઓ મોબાઇલ ધારકોને સસ્તી અને ઝડપી સેવાઓ પ્રદાન કરી રહી છે. જેના પરિણામ સ્વરૂપ રાજ્યના મોટાભાગના યુવાધન ઈન્ટરનેટનો વપરાશ કરતું થયું છે. તાર-ટપાલ ક્ષેત્રે પણ પોસ્ટલ વિભાગની સાથો સાથ વિવિધ ખાનગી કુરિયર કંપનીઓ દ્વારા ઝડપી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

વિશેષમાં ગુજરાતમાં વધતાં જતાં બેંક ખાતાઓનું પ્રમાણ લોકોની બેંકિંગ ટેવોના વિકાસને દર્શાવે છે. અહીં વધતી જતી વસ્તીની સામે બેંકોની શાખાઓ પ્રમાણમાં વધારો ન થવા છતાં પણ બેંકો પરનુ કામનું ભારણ કંઇક અંશે ઘટયું છે, જેનું કારણ બેંકો દ્વારા ગ્રાહકોને આપવામાં આવતી તકનીકી સેવાઓ છે. ગ્રાહકોને અપાતી સુરક્ષિત સેવાઓના પરિણામે આજે મોબાઇલ બેંકિંગ, ઈન્ટરનેટ બેંકિંગ, ગ્રીન ચેનલ વગેરેનો વપરાશ કરનારો વર્ગ વધ્યો છે. અહીં રાષ્ટ્રીયકૃત બેંકો સહકારી બેંકો, ખાનગરી બેંકો અને અન્ય નાણાંકીય સંસ્થાઓ વચ્ચેની તંદુરસ્ત હરીફાઈના પરિણામે ગ્રાહકોને ઝડપી અને આધુનિક બેંક સેવાઓ પ્રાપ્ત થઇ રહી છે.

ટૂંકમાં, ગુજરાતમાં સંદેશાવ્યવહાર અને બેંકિંગક્ષેત્રે જે પ્રગતિ થઇ છે તે જોતા જણાય છે, કે રાજ્ય વિકાસની હોડમાં હરણફાળ ભરી રહ્યું છે.

## 13.5 ચાવીરૂપ શબ્દો :

- OTP :OTP નું પુરૂ નામ One Time Password છે. બેંક તરફથી આપવામાં આવતો કોડ કે જેનો એક જ વાર ઉપયોગ કરી શકાય છે. કોઈપણ બેંક પોતાના ગ્રાહકોને ઓનલાઇન બેંકિંગ વ્યવહાર સમયે SMS ધ્વારા OTP મોકલાવે છે. જેથી કરીને ગ્રાહકનું ખાતુ સુરક્ષિત રહી શકે.

- GSM : GSM એટલે Global System for Mobile કે જે યુરોપિયન ટેલીકોમ્યુનિકેશન સ્ટાન્ડર્સ ઇન્સ્ટિટયુટ ધ્વારા વિકાસિત કરાયેલ ધોરણ છે. જે મોબાઇલ ફોન ઉપકરણો ધ્વારા ઉપયોગમાં લેવાતાં સેકન્ડ જનરેશનના ડિઝિટલ સેલ્યુલર નેટવર્ક માટેના પ્રોટોકોલને દર્શાવે છે.

- કિસાન ક્રેડિટ કાર્ડ : બેંકો ધ્વારા ખેડૂતો માટે કિસાન ક્રેડિટ કાર્ડની યોજના 1998 માં રજૂ કરવામાં આવી હતી. આ કાર્ડ દ્વારા ખેડૂતો પોતાના માટે જરૂરી બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ, વગેરેની સહેલાઈથી ખરીદી કરી શકે છે.

- ઇ-બેંકિંગ : ઇલેકટ્રોનિંગ બેંકિંગને ઇલેકટ્રોનિક ફંડ ટ્રાન્સફર (EFT) તરીકે પણ ઓળખવામાં આવે છે. જયાં ચેક અથવા રોકડને બદલે એક એકાઉન્ટ (ખાતા) માંથી સીધા જ બીજા એકાઉન્ટમાં ભંડોળ સ્થાનાંતરિત કરવા ઇલેકટ્રોનિક માધ્યમનો ઉપરયોગ કરવામાં આવે છે.

- વન ટાઇમ સેટલમેન્ટ યોજનાઃ એક સમયે સમાધાન તરીકે ઓળખાતી આ યોજના બેંક ધ્વારા બિનકાર્યક્રમ અસ્કયામતો પુનઃ પ્રાપ્ત કરવા માટે ચલાવવામાં આવે છે.આ યોજના અંતર્ગત જયારે કોઇ ડિફોલ્ટ (ધિરાણ પરત ન કરી શકનાર) સામે બેંક એક સમયે તમામ લેણાની પતાવટ કરવાની દરખાસ્ત કરે છે.ત્યારે જેમાં વ્યાજ વગેરેમાં રાહત આપી ચોક્કસ રકમ પરત લઇ ખાંતુ બંધ કરાવી શકાય છે.

- ગ્રીન ચેનલ સિસ્ટમ : બેંકમાં આવેલ ગ્રાહક પેઇનસ્લીપ, ઉપાડ ફોર્મ, ચેકબુક વગેરેનો ઉપયોગ કર્યા વિના લેવડ-દેવડ કરી શકે એવી વ્યવસ્થા એટલે બેંકિંગક્ષેત્રની ગ્રીન ચેનલ વ્યવસ્થા

- કિયોસ્ક મશીનઃ સ્વયંસંચાલિત મશીન છે કે જેના દ્વારા ગ્રાહક રોકડ નાણા મેળવવા, એક ખાતામાંથી બીજા ખાતામાં નાણાંની ટ્રાન્સફર એકાઉન્ટ સ્ટેટમેન્ટની પ્રિન્ટ મેળવવી, ચેકબુક રિકવેસ્ટ મુકવી, બિલ ભરવા વગેરે જેવા કાર્યો કરી શકે છે.તે ગ્રામીણ વિસ્તારોમાં વિશેષ ઉપયોગી બને છે.

## 13.6 તમારી પ્રગતિ ચકાસો

(ક) નીચેના પ્રશ્નનો સવિસ્તાર જવાબ આપો.

1. ગુજરાતમાંઆંતરમાળખાના વિકાસને વિગતે સમજાવો.
2. વેપારી બેંકનો અર્થ જણાવી ગુજરાતના સંદર્ભમાં ધિરાણ વિશે સમજૂતી આપો.
3. ગુજરાતમાં બેંકિંગક્ષેત્રની વિવિધ સમસ્યાઓ જણાવો.

(ખ) ટૂંકનોંધ લખો.

1. ગુજરાતમાં સંદેશા વ્યવહાર ક્ષેત્રે કેવી સમસ્યા સર્જાઇ શકે છે ? 50 શબ્દોમાં જણાવો.
2. ગુજરાતમાં ટેલિફોન નંટવર્ક વિશે નોંધ લખો.
3. ગુજરાતમાં ઈન્ટરનેટ સુવિધાઓ વિશે નોંધ લખો.
4. ઇ-બેંકિંગ શું છે ? 30 શબ્દોમાં સમજાવો.
5. ગુજરાતમાં સહકારી બેંકોના આંતરમાળખાનો પરિચય આપો.
6. ગુજરાતમાં વેપારી બેંકોના આંતરમાળખા અને કામગીરીનો પરિચય આપો.
7. નોંધ લખો ખેતી બેંક

(ગ) યોગ્ય શબ્દ સમૂહ વડે ખાલી જગ્યા પૂરો :

1. ગુજરાત સંચાર વ્યવસ્થાના ભાગરૂપ ----------નેટવર્ક સુધીની સેવા પ્રાપ્ત છે.
   ( 4G, 5G, 6G, 3G)
2. ટેલિકોમ ક્ષેત્રે ગુજરાતમાં -------કંપનીઓનું પ્રભત્વ છે.
   (જાહરેક્ષેત્ર, ખાનગીક્ષેત્ર)
3. ગુજરાતમાં દર 100 વ્યક્તિએ ટેલિફોનનું પ્રમાણ માર્ચ ૨૦૧૯માં ---- હતું.
   (155, 107, 72)
4. ગુજરાતમાં વાયરલેસ ટેલિફોન જોડાણનું પ્રમાણ ------ગયું છે.
   (વધતું, ઘટતું)
5. ભારતીય બેંકિંગક્ષેત્રમાં --------જાહેરક્ષેત્રની બેંકો છે.
   (21,12)
6. નીચેના માંથી ઇન્ટરનેટ બેંકિંગ સાથે સંકળાયેલ ખ્યાલ કયા છે ?
   (અ) OTP (બ) મોબાઇલ બેંકિંગ (ક) RTGS (ડ) ઉપરના બધા જ

જવાબ : 1 4G 2. ખાનગીક્ષેત્ર 3.107
4.વધતું 5. 21 6. ઉપરના બધા જ

(ઘ) નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.

1. ગુજરાતમાં ટપાલ કચેરીઓનું પ્રમાણ વધી રહ્યું છે.

2. ગુજરાતમં ટેલિફોન જોડાણનું પ્રમાણ વધતુ ગયું છે.

જવાબ :1. ખરુ 2. ખરુ

## 13.7 કેટલાક ઉપયોગી પુસ્તકો/વેબસાઈટ :

1. સામાજિક આર્થિક સમીક્ષા 2018-19 અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર .
2. કે.એમ.પરમાર 2007 ગુજરાતનું આર્થિક ચિત્ર, વિકાસ પ્રકાશન,
3. ડી.કે. દવે : 2015 ગુજરાતનું અર્થતત્ર
4. Annual Report : 2018-19 Department of Telecommunication Ministry of Communication, G.O.I. New Delhi.
5. Annual Report : 2018-19 Department of Post India.
6. Report on Trend and progress of Banking in India, 2018-19, RBI
7. Handbook of Statistics on Indian States : 2018-19, R.B.I
8. www. Asiawaves.net
9. www. data.gov.in

BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય વર્ષ BA અર્થશાસ્ત્ર
પેપર ૪ (મુખ્ય તથા ગૌણ)
ECOM 204/ ECOS 204
ગુજરાતનું અર્થતંત્ર



# ગુજરાતમાં વેપાર, વસ્તી અને શહેરીકરણ 4

સંપાદકઃ

પ્રો. ડો. અમી ઉપાધ્યાય, નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ, કુલપતિ, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ

જીવરાજ ઝાંપડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

---

વિષય સમિતિઃ

ડૉ. કૃતિ છાયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. ગીતા પંડ્યા, પ્રિન્સિપાલ (નિવૃત્ત), સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલ, મણિનગર, અમદાવાદ.

ડો. ગૌરાંગ રામી, પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ, સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત

---

વિષય પરામર્શનઃ

પ્રો. ડૉ. પી. જી.મારવણીયા પ્રોફેસર અને હેડ અર્થશાસ્ત્ર, વિભાગ,(નિવૃત) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ

ડો. જી.ડી.ત્રિપાઠી, પ્રિન્સિપાલ, સી. એન. આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડી, મહેસાણા

ડો. રોહિત દેસાઇ, ડી.ડી.ઠાકર આર્ટસ એન્ડ કે.જે.પટેલ કોમર્સ કોલેજ,ખેડબ્રહ્મા

---

લેખનઃ

ડો. કૃતિ છાયા આસિસ્ટન્ટ પ્રોફેસર, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ જીજ્ઞેશ પુરબિયાઃ શ્રીએસ.ડી.આર્ટસ એન્ડ ડી.આર કોમર્સ કોલેજ,માણસા.

આત્મન શાહ, અધ્યાપક, સેન્ટ ઝેવિયર્સ કોલેજ,અમદાવાદ

---

ભાષા પરામર્શનઃ

ડો.ધ્વનિલ પારેખ, સહપ્રાધ્યાપક, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા

ડો.પૂર્વી ઓઝા, એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સરકારી વિનયન કોલેજ, જાદર

ધીરજ પી ગોહિલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ

---

પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કુલસચિવ (કાર્યકારી), ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

---

**ISBN: 978-93-91468-51-4**

**: સર્વાધિકાર સુરક્ષિત :**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વ-અધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસક્રમ-સામગ્રીનો કોઇ પણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

This publication is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0) https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

# વિભાગ

# 4

# ગુજરાતમાં વેપાર, વસ્તી અને શહેરીકરણ

| | |
|---|---|
| એકમ-14 ગુજરાતનો વેપાર | 7 |
| એકમ-15 ગુજરાતની વસ્તી વિષયક રૂપરેખા | 21 |
| એકમ-16 શહેરીકરણ અને આર્થિક વિકાસ | 43 |
| એકમ-17 ગુજરાતનાં મહત્ત્વના શહેરો અને તેની આર્થિક વિશેષતાઓ | 55 |

## દ્વિતીય વર્ષ બીએ(મુખ્ય અને ગૌણ)

## પેપર 4 - ગુજરાતનું અર્થતંત્ર

| એકમ સંખ્યા | એકમનું નામ | સમાવિષ્ટ મુદ્દાઓ |
|---|---|---|
| 1 | પ્રાદેશિક અર્થશાસ્ત્ર-I | પ્રદેશ એટલે શું?, પ્રાદેશિક અર્થતંત્રના અભ્યાસનું મહત્વ |
| 2 | પ્રાદેશિક અર્થશાસ્ત્ર-II | પ્રદેશોના જુદાજુદા પ્રકારો, પ્રાદેશિક આવક, પ્રાદેશિક વિકાસના નિર્દેશકો,રાજ્યનું ઘરગથ્થુ ઉત્પાદન |
| 3 | ગુજરાત પ્રદેશનો પરિચય- I | ગુજરાતનું ભૌગોલિક સ્થાન, ગુજરાતનાં કુદરતી પર્યાવરણીય પાસાંઓ, પ્રદૂષણની સ્થિતિ |
| 4 | ગુજરાત પ્રદેશનો પરિચય-II | ગુજરાત રાજકીય અને વહીવટી (રાજકીય ઈતિહાસ, જીલ્લાઓ, વહીવટી વિભાગોનો પરિચય ટૂંકમાં, સમવાયતંત્ર – પરિચય) |
| 5 | ગુજરાતનું કૃષિ ક્ષેત્ર – જમીન | ગુજરાતની જમીનના પ્રકાર, ખેડવાલાયક જમીનનું પ્રમાણ, લેવાતા પાકો, કૃષિ પદ્ધતિ, |
| 6 | પાક | ગુજરાતના મુખ્ય પાક, ઉત્પાદનનું પ્રમાણ અને તેમાં ફેરફારો (વલણ/trend), |
| 7 | ખેતી વિકાસ અને યોજનાઓ | ગુજરાતની ખેતીની સમસ્યાઓ, વિકાસ અને સહાય યોજનાઓ ( રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર) |
| 8 | ગુજરાતનું ઉદ્યોગ ક્ષેત્ર | ગુજરાતના ઉદ્યોગો, સ્થાનીયકરણ, ઔદ્યોગિક ઉત્પાદન, |
| 9 | ઔદ્યોગિક વિકાસ અને યોજનાઓ | ઔદ્યોગિક વિકાસની તકો, ઔદ્યોગિક વિકાસના અવરોધો, વિકાસ અને સહાય નીતિ |
| 10 | ગુજરાતમાં શિક્ષણ | સ્થિતિ, સમસ્યાઓ, ખાનગીકરણ, જાહેર નીતિ |
| 11 | ગુજરાતમાં સ્વાસ્થ્ય સુવિધાઓ | સ્થિતિ, સમસ્યાઓ, ખાનગીકરણ, જાહેર નીતિ |
| 12 | પરિવહન સુવિધાઓ | રેલમાર્ગ, રસ્તા, હવાઈ ઉડ્ડયન, જળમાર્ગ- વગેરેની સ્થિતિ, સમસ્યાઓ, ભાવિ વિકાસની તકો |
| 13 | સંદેશા વ્યવહાર અને બેક્કિંગ | સંદેશાવ્યવહાર, બેક્કિંગ વગેરેની સ્થિતિ, સમસ્યાઓ, ભાવિ વિકાસની તકો |
| 14 | ગુજરાતનો વેપાર | અન્ય રાજ્યો સાથે (આંતરરાજ્ય) અને અન્ય દેશો સાથેના (આંતરરાષ્ટ્રીય) વેપારમાં ગુજરાતનો ફાળો |
| 15 | ગુજરાતની વસ્તી વિષયક રૂપરેખા | ગુજરાતની વસ્તી, વસ્તીનાં લક્ષણો, જન્મદર, મૃત્યુદર, વસ્તીવૃદ્ધિ દર |
| 16 | શહેરીકરણ અને ગુજરાતનાં શહેરો | શહેરની વ્યાખ્યા, શહેરીકરણની વ્યાખ્યા, શહેરીકરણના કારણો, અસરો, ગુજરાતનાં શહેરો |
| 17 | ગુજરાતનાં મહત્વનાં શહેરો | ગુજરાતનાં મહત્વનાં શહેરો, શહેરીકરણની તરાહ અને તેની આર્થિક વિશેષતાઓ |

## Second Year BA (Main and Subsidiary)

## Paper 4- Economy of Gujarat

| Srl No. | Title of Unit | Included Points |
|---|---|---|
| 1 | Regional Economy - I | What is Region? Importance of Study of Regional Economy |
| 2 | Regional Economy - II | Types of Region, Regional Income, Indicators of Regional Development, State Domestic Production |
| 3 | Introduction of Gujarat State as Region- I | Geographical Position of Gujarat, Natural Environmental Aspects of Gujarat, Status of Pollution |
| 4 | Introduction of Gujarat State as Region- II | Gujarat – Political and Administrative (Political History, Districts, Introduction to Administrative departments, federal System) |
| 5 | Agriculture Sector of Gujarat- Land | Types of Land, Arable Land, Agriculture crops and cropping pattern |
| 6 | Agriculture Crops | Main Crops, Production, trends in Production |
| 7 | Agriculture development and Schemes | Problems in agriculture development, Government schemes and planning (State and Central) |
| 8 | Industry sector of Gujarat | Industries in Gujart, Location, Industrial Production |
| 9 | Industrial Development and Schemes | Scope for Industrial development, Problems in industrial development, Government aid and policies. |
| 10 | Education in Gujarat | Status, Problems, Privatisation and Public Sector policy |
| 11 | Health facilities in Gujarat | Status, Problems, Privatisation and Public Sector policy |
| 12 | Transportation Facilities | Railway, Roads, Aviation and Waterways- Status, Problems, Scope for Future Development, Public Sector policy |
| 13 | Communication and Banking | Communication and Banking – (Status, Problems, Scope for Future Development) |
| 14 | Trade of Gujarat | Trade with Other States of India and International Trade. Contribution of the State. |
| 15 | Demographic Profile of Gujarat | Population of Gujarat, Characteristics of Population, Birt rate, Death rate, Population growth rate. |
| 16 | Urbanisation and Cities of Gujarat | Definition of an Urban area, Definition of Urbanisation, Causes and effects of Urbanisation, Cities of Gujarat |
| 17 | Important Cities of Gujarat | Important Cities of Gujarat, Pattern of Urbanisation and their Economic Characterisitcs |

એકમ 14

# ગુજરાતનો વેપાર

## રૂપરેખા

14.0 ઉદ્દેશો
14.1 પ્રસ્તાવના
14.2 ગુજરાતના વેપારનું કદ, બંધારણ અને દિશા
14.3 ગુજરાત સરકારની વેપારનીતિ
14.4 સારાંશ
14.5 ચાવીરૂપ શબ્દો
14.6 તમારી પ્રગતિ ચકાસો
14.7 સંદર્ભ વાચન
★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 14.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

- ગુજરાતના વેપારના વિવિધ પાસાઓનો પરિચય મેળવી શકશો.
- ગુજરાતના પ્રદેશ (રાજ્યની) મુખ્ય આયાતો અને નિકાસો વિશે માર્ગદર્શન મેળવી શકશો.
- ગુજરાતમાં વેપારને અસર કરતાં પરિબળો નોંધી શકશો.
- ગુજરાત સરકારની વેપારનીતિની માહિતી મેળવી શકશો.

## 14.1 પ્રસ્તાવના :

કોઈપણ અર્થતંત્ર માટે કોઈપણ આર્થિક પ્રવૃત્તિ માટે વેપાર અનિવાર્ય છે. વેપાર એટલે સામાન્ય ભાષામાં કહીએ તો વિનિમય કારણ કે કુદરત દ્વારા બધા જ પ્રદેશોને એક સમાન પ્રમાણમાં અર્માદિત અને જરૂરિયાત પ્રમાણે સંસાધનો આપેલાં નથી. કોઈ પ્રદેશમાં ખનિજસંપતિ વિપુલ પ્રમાણમાં હોય પરંતુ ખેતીને અનુકુળ જમીન કે વાતાવરણ ન હોય તો ખનિજના બદલામાં અનાજનો વેપાર થાય છે. આ બાબત પરિવારો અને વ્યક્તિને પણ લાગુ પડે છે. પરિવાર કુટુંબ કે વ્યક્તિ કોઈ એક આર્થિક ક્રિયા કરે છે અને અન્ય જરૂરિયાત પૂરી કરવા માટે બીજા પાસેથી વસ્તુઓ અને સેવાઓ ખરીદે છે.

ગુજરાત પ્રદેશની વાત કરીએ તો, તમે જાણો છો કે ગુજરાતની ભૂગોળ વિવિધતાથી ભરેલી છે. દરિયો છે, ક્યાંક જંગલો છે અને કોઈ જગ્યાએ રણ પણ છે.

સદીઓ પહેલાં ગુજરાતના જે ભાગમાં ચોખાની ખેતી થતી હતી ત્યાં આજે રણપ્રદેશ છે. છેલ્લી સદીની વાત કરીએ તો સમયાંતરે આવતા ભૂકંપો, વાવાઝોડાં, રણપ્રદેશનો વિસ્તાર થવો વગેરે જેવાં કારણોથી ગુજરાતના કેટલાક પ્રદેશોમાં આર્થિક વિકાસ થયો ન હતો. ત્યાંની પ્રજા આ કારણોસર વેપાર અર્થે દરિયાઈ માર્ગે વિદેશો સાથે સંબંધ રાખતી થઈ. ગુજરાતના અન્ય કેટલાક પ્રદેશોમાં કૃષિ અને ઔદ્યોગિક વિકાસ થયેલો છે. ગુજરાતના કયા પ્રદેશોમાં ખેતી અને ઉદ્યોગોનો વિકાસ થયેલો છે તે તમે અગાઉનાં એકમોમાંથી જાણ્યું તમે એ વાતથી પરિચિત હશો જ કે ગુજરાતની પ્રજા મૂળભૂત રીતે વેપારી પ્રજા કહેવાય છે. આજે ભારતનાં લગભગ બધાં જ રાજ્યોમાં અને વિશ્વના બધાંજ દેશોમાં ગુજરાતની પ્રજા વેપાર અર્થે ગયેલી છે અને ત્યાં વસવાટ કર્યો છે. હળવાશમાં એવું પણ કહેવાય છે કે ચંદ્ર કે મંગળ ગ્રહ ઉપર જો મનુષ્ય વસવાટ કરશે તો ત્યાં સૌ પહેલી દુકાન ગુજરાતીની હશે. આમ, જયારે ગુજરાતનાં અર્થતંત્રની વાત કરીએ ત્યારે ગુજરાતના વેપાર ક્ષેત્રને અવગણી શકાય નહીં. મહાભારત, હરિવંશ પુરાણ કૌટિલ્યનું અર્થશાસ્ત્ર વગેરેમાં ગુજરાતનો સુમેર, ઈજિપ્ત, રોમ, ઈરાન, લંકા, ઈસ્ટ આફ્રિકા, ચીન, જાવા, સુમાત્રા વગેરે જેવા દેશો સાથેના વેપાર સંબંધોના સંદર્ભો મળે છે. જેમાં ગુજરાતના વિકસિત બંદરોનો પણ ઉલ્લેખ છે. ગુજરાતમાં બનેલાં વહાણો વિશ્વભરમાં પ્રસિદ્ધ હતાં, જે બાબત ગુજરાતનો સમૃદ્ધ અને સુવિકસિત વ્યાપારિક પાસાંનો પરિચય આપે છે. આધુનિક સમયમાં પણ ગુજરાતનો વેપાર અર્થતંત્રના અન્ય ક્ષેત્રોનાં વિકાસમાં મુખ્ય આધારરૂપ બન્યો છે. આ પ્રકરણમાં આપણે ગુજરાતના વેપારનો એટલે કે ગુજરાતની મુખ્ય આયાતો અને નિકાસો, વેપાર વિકાસની સંભાવનાઓ તથા ગુજરાત સરકારની વેપાર સંબંધિત નીતિનો પરિચય મેળવીશું.

## 14.2 ગુજરાતના વેપારનું કદ, બંધારણ અને દિશા :

ગુજરાત રાજ્યનું કુલ ઘરેલું ઉત્પાદન( સ્ટેટ ડૉમેસ્ટીક પ્રોડક્ટ) 2011-12 થી 2019-20ના ગાળા દરમ્યાન 17.1 બિલિયન ડૉલર વધ્યું છે. જે ડોલર ટર્નમાં US $ 243.45 બિલિયન ડોલરનો વધારો દર્શાવે છે.

કોષ્ટક-1 ગુજરાત રાજ્યનું ઘરેલુ ઉત્પાદન

| વર્ષ | GSDP<br>રુપિયામાં કરોડમાં |
|---|---|
| 2014-15 | 718510 |
| 2015-16 | 792635 |
| 2016-17 | 866298 |
| 2017-18 | 957910 |
| 2018-19 | 1025837 |

સ્રોત :સામાજિક આર્થિક સમીક્ષા ગુજરાત રાજ્ય 2019-20.

કોષ્ટક જોતાં જણાય છે કે રાજ્યનાં કુલ ઘરેલુ ઉત્પાદનમાં ઉતાર-ચઢાવ આવતા રહ્યા છે, પરંતુ મોટા ભાગે વૃધ્ધિ દર 10% થી વધી રહ્યો છે. આ બધું રાજ્યની કૃષિ, ઉદ્યોગો તેમજ સેવાક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓને આભારી છે. પણ આપણે જાણીએ છીએ

તેમ કુદરતે બધા જ પ્રદેશોને બધાં જ સાધનો આપ્યાં નથી હોતા. વેપાર વિનિમયથી જરૂરી ઉત્પાદન સાધનો મેળવીને જ આર્થિક પ્રવૃત્તિઓ કોઈ પણ અર્થતંત્ર દ્વારા હાથ ધરી શકાય.

વ્યાપાર સાથે જોડાયેલા પ્રદેશો માંથી કેટલીક વસ્તુઓની નિકાસ થાય છે, જેમાંથી તે પ્રદેશને નિકાસ આવક મળે છે; તો અન્ય કેટલીક વસ્તુઓની આયાત પણ કરવામાં આવે છે. જે તે પ્રદેશની આર્થિક પ્રવૃત્તિઓનાં પ્રમાણ, ગતિ અને વૃદ્ધિ માટે કારણરૂપ બને છે. આ આયાતો માટે ચૂકવણું પણ કરવાનું હોય છે. આથી જો કોઈ પ્રદેશ તેની આયાતો નિયમિત રીતે જાળવી શકે તો સ્વસ્થ અને વિકાસશીલ અર્થતંત્રનો સંકેત આપે છે. ગુજરાત રાજ્ય માટે પણ તેની આયાતો અને નિકાસો મહત્વની ભૂમિકા ભજવે છે. આ વિભાગમાં આપણે ગુજરાતની આયાતો અને નિકાસો વિશે તેનાં પ્રમાણ (કઈ આયાત અને નિકાસ થતી વસ્તુઓની વિવિધતા (બંધારણ) અને કયા દેશો સાથે વેપાર સંબંધો છે (દિશા) તે વિગતો જોઈએ, તે પહેલાં વેપારનું કદ, બંધારણ અને દિશા એટલે શું ?તે સમજીએ.

- વેપારનું કદ :

વેપારનું કદ (Volume) એટલે વેપારનું કુલ પ્રમાણ. કેટલી આયાતો અને નિકાસો થાય છે તેનું કુલ પ્રમાણ, જે દેશ કે પ્રદેશ બહોળી આર્થિક પ્રવૃત્તિઓ ધરાવતો હોય તેની આયાતો અને નિકાસોનું પ્રમાણ વધારે હોય છે. સ્થાનિક જરૂરિયાત કરતાં સ્થાનિક ઉત્પાદન વધારે હોય ત્યારે નિકાસોનું કુલ પ્રમાણ વધુ છે, તે ઉપરાંત ચાવીરૂપ સ્થાને આવેલ પ્રદેશમાંથી પણ નિકાસો વધે છે. જેમ કે ગુજરાતનાં પોતાનાં ઉત્પાદનની નિકાસો તેમ જ બંદરીય વિસ્તાર હોવાને કારણે અન્ય રાજ્યોની નિકાસોનાં માધ્યમ તરીકે પણ ગુજરાત રહે છે. આમ, ગુજરાતનું નિકાસોનું કદ મોટું છે તેમ કહી શકાય.

તેવી જ રીતે જે પ્રદેશમાં બહોળા પ્રમાણમાં આર્થિક પ્રવૃત્તિઓ થતી હોય ત્યાં કાચો માલ, મશીનરી વગેરેની આયાતોનું પ્રમાણ પણ વધુ હોય છે. ગુજરાતમાં આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો થયો હોવાથી આયાતોનું કદ પણ વધારે રહેતું હોય છે. વેપારનું કદ એટલે કે આયાતો અને નિકાસોનું પ્રમાણ નાણાંના માધ્યમથી દર્શાવવામાં આવે છે. જેમ કે રૂપિયા, ડોલર વગેરે.

- વેપારનું બંધારણ :

વેપારનું બંધારણ (Composition) એટલે આયાત અને નિકાસમાં સમાવિષ્ટ થતી વસ્તુઓ. કોઇ પ્રદેશના વેપારનાં બંધારણનો અભયાસ કરવો એટલે કે તે પ્રદેશમાં કઇ કઇ વસ્તુઓની આયાત થાય છે અને કઇ કઇ વસ્તુઓની તે પ્રદેશમાંથી નિકાસ થાય છે તેનો અભ્યાસ કરવો. ગુજરાતમાં વૈવિધ્યસભર ઉત્પાદનો થતાં હોવાથી વેપારની વસ્તુઓમાં પણ વૈવિધ્ય રહેલું છે. એટલે કે માત્ર અમુક જ વસ્તુઓની આયાત કે નિકાસ નથી થતી પરંતુ અનેક જુદી જુદી વસ્તુઓની આયાત અને નિકાસ થાય છે.

- વેપારની દિશા :

વેપારની દિશા એટલે કોઇ પણ પ્રદેશ કયા કયા અન્ય દેશો કે પ્રદેશ સાથે વેપાર સાથે જોડાયેલો છે તેનો અભ્યાસ કરવો.

14.2.1 નિકાસોના સંદર્ભમાં કદ, બંધારણ અને દિશા :

વેપારનું કદ એટલે આયાતો અને નિકાસોનું પ્રમાણ આ પ્રમાણ હિસાબી સરળતા માટે નાણાંના માપદંડથી માપવામાં આવે છે. તેમજ જો આંતરરાષ્ટ્રીય સ્તરે તુલનાત્મક અભ્યાસ કરવાનો થાય તો વેપારનું કદ આંતરરાષ્ટ્રીય ચલણ ડોલરમાં પણ પ્રસ્તુત કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય વેપારમાં વસ્તુઓ અને સેવાઓનો વેપાર કરવામાં આવે છે. ભૌતિક વસ્તુઓ ઉપરાંત શિક્ષણ, પ્રવાસન કન્સલટન્સી વગેરે જેવી સેવાઓનો પણ વેપાર થતો હોય છે. જો કે આ બધી બાબતોની સેવાક્ષેત્રે અંતર્ગત ચર્ચા કરવામાં આવતી હોવાથી અહીં આ એકમમાં આપણું ક્ષેત્ર ભૌતિક વસ્તુઓના વેપાર સુધી મર્યાદિત રાખીએ છીએ.

- નિકાસની વસ્તુઓનું બંધારણ:

ગુજરાત વેપાર વ્યવસાયનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે. એવી કેટલીયે વસ્તુઓ છે કે જેમાં ગુજરાત માત્ર ભારતમાં જ નહિં પરંતુ સમગ્ર વિશ્વમાં અગ્રેસર છે. જેમ કે વિશ્વના કુલ હીરા ઉત્પાદન માંથી 72% જેટલા પ્રોસેસ કરેલા હીરા ગુજરાતમાં ઉત્પન્ન થાય છે. જયારે ભારતના 80% જેટલા હીરાની નિકાસ ગુજરાત માંથી થાય છે. તેવી જ રીતે ડેનિમનાં ઉત્પાદનમાં ભારતમાં ગુજરાત સૌથી વધુ હિસ્સો ધરાવે છે. જે વિશ્વનાં કુલ ડેનિમ ઉત્પાદનનાં 65 થી 70% જેટલો થાય છે. દેશની કુલ નિકાસના 20% ના હિસ્સા સાથે ગુજરાત નિકાસની બાબતમાં મોખરે રહ્યું છે.

NITI આયોગના અહેવાલ પ્રમાણે વર્ષ 2018-19નાં વર્ષ દરમ્યાન રાજયની કુલ નિકાસો 67,401 યુ.એસ. મિલિયન ડોલરની રહેવા પામી હતી, જે એપ્રિલથી સપ્ટેમ્બરના માત્ર છ માસના ગાળા દરમ્યાન જ 33,176 મિલિયન યુ.એસ. ડોલરની થઈ હતી. ગુજરાતમાં પશ્ચિમ ભારતનું મુખ્ય બંદર કંડલા આવેલું છે. તે ઉપરાંત 11 જેટલાં મધ્યવર્તી બંદરો પણ દરિયા કિનારે આવેલાં છે. આ કારણોસર ગુજરાત માંથી ભારતના અન્ય પ્રદેશોની વસ્તુઓ પણ નિકાસ થાય છે, તો કયારેક ભારત સિવાયના અન્ય દેશો વચ્ચેના વેપારમાં પણ ગુજરાતનાં દરિયાઈ બંદરો માધ્યમ બનતાં હોય છે.

ગુજરાતની કુલ નિકાસોમાં વર્ષ 2017-18 દરમ્યાન કુલ 22% જેટલો વધારો અગાઉનાં વર્ષોની તુલનામાં નોંધાયો હતો. વર્ષ પ્રમાણે ગુજરાતની કુલ નિકાસો જોઈએ તો :

કોષ્ટક-2 ગુજરાતની નિકાસો

| વર્ષ | નિકાસોનું મૂલ્ય (billion US $) | વધારો કે ઘટાડો |
|---|---|---|
| 2016-17 | 54 | - |
| 2017-18 | 66 | +22% |
| 2018-19 | 67.40% | +2% |

સ્રોત :સામાજિક આર્થિક સમીક્ષા ગુજરાત રાજ્ય 2019-20.

2018-19 માં મુખ્ય કૃષિ પેદાશોની નિકાસો 3.59billion US $ થવા પામી હતી.

નવેમ્બર 2018ની માહિતી પ્રમાણે ગુજરાતમાં 3.77મિલિયન ટન પેટ્રોલિયમ ઉત્પાદન કરવામાં આવ્યું હતું, જેમાંથી 25,184.83 મિલિયન US $નાં પેટ્રોલિયમની નિકાસ કરવામાં આવી હતી. જે કુલ નિકાસોના 37.69% જેટલી થાય છે. ભારતમાંથી નિકાસ થતી કુલ દવાઓના 28% ગુજરાત માંથી નિકાસ થાય છે. ગુજરાત ભારતનું

પ્રથમ નંબરનું દવા ઉત્પાદન છે. ગુજરાતમાં ઉત્પન્ન થતી અને નિકાસ થતી અન્ય મુખ્ય વસ્તુઓ જોઈએ તો હીરા અને ઝવેરાતો, એન્જિનીયરીંગ ગુડઝ, રસાયણો, ખાદ્યપદાર્થો, કૃષિ પેદાશો, આયુર્વેદિક તેમજ અન્ય દવાઓ, જંતુનાશકો, દરિયાઈ પેદાશો, ચોખા, ઘઉં, સિમેન્ટ, સિરામિક ટાઈલ્સ, ઔદ્યોગિક ક્ષાર, બેન્ટોનાઈટ ક્વાર્ટ્ઝ, કાપડ અને તૈયાર વસ્ત્રો, જંગલ પેદાશો જેવી વિશાળ વૈવિધ્ય ધરાવતી વસ્તુઓ ગુજરાત માંથી નિકાસ કરવામાં આવે છે.

- નિકાસની દિશા :

અમદાવાદ ડ્રાય પોર્ટથી હવાઈમાર્ગે થતી નિકાસોમાં ફ્રોઝનફૂડ બોલપેનની ટીપ્સ, હર્બલ ટી, દવાઓ, સિન્થેટીક, રબર, રેફ્રિજરેટર ઈક્વિપમેન્ટસની મુખ્યત્વે નિકાસ થાય છે.

ગુજરાતમાંથી થતી નિકાસોની દિશા જોઈએ તો શ્રીલંકા, બાંગલાદેશ,પાકિસ્તાન, નેપાળ જેવા દક્ષિણ એશિયાના દેશો ઉપરાંત UAE, બ્રાઝિલ, સિંગાપોર, ઈરાન, કેન્યા ફિલિપાઈન્સ,ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા, US, UK, રશિયા, ચીન જેવા દેશોમાં થાય છે. ગુજરાતની સૌથી વધુ નિકાસ યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાને વધારે થાય છે.

ભારતમાં ઉત્પન્ન થતા સોડા એશના કુલ 91% જેટલું ઉત્પાદન ગુજરાત કરે છે. જે ભારતની કુલ જરૂરિયાત 66% જેટલી પૂર્તિ કરે છે.

14.2.2 આયાતોના સંદર્ભમાં કદ, બંધારણ અને દિશાઃ

ગુજરાતમાં મુખ્યત્વે ન્યૂઝ, પ્રિન્ટ, મોબાઈલ અને તેના વિભાગો પોલિયમર્સ, એલોય સ્ટીલ પ્લેટસ, કાર્બન સ્ટીલ, એલોય સ્ટીલ પ્લેટ્સ, સેલ્ફ એડહેસિવ લેબલ્સ, ડોકયુમેન્ટેશન અને ડ્રોઈંગ ગુડ્સ પેપર બોર્ડ જેવી વસ્તુઓની આયાત કરવામાં આવે છે.


ગુજરાતનાં બંદરો પર UAE, UK, US, ઈટાલી, મલેશિયા, રિપબ્લિક ઑફ કોરિયા, જાપાન, ચીન, જર્મની, સ્વીટ્ઝલેન્ડ વગેરે દેશોમાંથી આયાત થાય છે.

ગુજરાતનાં દરિયાઈ તેમજ ડ્રાય પોર્ટ પર આયાતો થાય છે. ગુજરાતનાં બંદરો મધ્યવર્તી બંદરો પણ છે. આથી ગુજરાતમાં પોર્ટ આયાતો થતો માલ માત્ર ગુજરાત જ નહિ પરંતુ સમગ્ર દેશ માટે આયાત થાય છે. ગુજરાતમાં જુદા જુદા સમયે કેટલુંક કાર્ગો હેન્ડલિંગ ગુજરાતનાં પોર્ટ પરથી થાય છે, જ્યારે ભારતના કુલ પોર્ટ ટ્રાફિકનો 40% હિસ્સો ગુજરાતનો છે. ગુજરાતના મધ્યવર્તી અને માઈનોર પોર્ટ પરનું કુલ કાર્ગો હેન્ડલિંગ 2016-17નાં વર્ષમાં 345.7 મિલિયન ટન જેટલું હતું. કંડલા મેજર પોર્ટ (દીનદયાલ પોર્ટ) પરનો કુલ આયાત ટ્રાફિક વર્ષ 2015-16માં 238.8 મિલિયન ટન રહેવા પામ્યો હતો.


કોષ્ટક-3 કુલ કાર્ગો હેન્ડલિંગ એટ કંડલા પોર્ટ (લાખ ટન)

| વર્ષ | આયાત | નિકાસ |
|---|---|---|
| 2014-15 | 695.56 | 227.59 |
| 2015-16 | 788.73 | 209.02 |
| 2016-17 | 812.22 | 238.51 |
| 2017-18 | 811.41 | 284.06 |
| 2018-19 | 847.69 | 301.25 |

Source : Socio- Economic Review 2019-2020, Gujarat State




Source : Socio- Economic Review 2019-2020, Gujarat State




Source : Socio- Economic Review 2019-2020, Gujarat State

- સમીક્ષા : ગુજરાતની આયાતો અને નિકાસોનાં કદ, બંધારણ અને દિશાનો અભ્યાસ કરતાં જણાય છે કે ગુજરાતનો વેપાર બહુવિધ છે. ભારત સ્વતંત્ર થયું તે સમયે ભારતના વિશ્વ સાથેના કુલ વેપારમાં ઈંગ્લેન્ડ મુખ્ય સહભાગી હતું. પરંતુ હવે અમુક જ દેશો પૂરતો વેપાર સીમિત ન રહેતાં વિશ્વનાં લગભગ બધા ખંડના દેશો સાથે વેપાર થઈ રહ્યો છે. વળી, આ વેપારમાં સામેલ થતી વસ્તુઓમાં પણ વૈવિધ્ય રહેલું છે. જે વેપારનું મજબૂત પાસું બને છે. ગુજરાતની દરિયાઈ બંદરો જેવી પ્રાકૃતિક સુવિધાઓ તથા ડ્રાય પોર્ટના કરવામાં આવેલા વિકાસથી ગુજરાત ભારતના કુલ વેપારમાં મુખ્ય ભૂમિકાએ રહ્યું છે. વળી ગુજરાતમાં થતાં કાર્ગો હેન્ડલિંગના આંકડા જોતાં કહી શકાય કે ગુજરાતમાં ભારતની પશ્ચિમ બાજુનું મુખ્ય બંદર વિકસાવવાનો જે નિર્ણય લેવાયો હતો તે યોગ્ય જ હતો અને ગુજરાતનાં કંડલા તેમજ અન્ય બંદરો તે પ્રકારની સેવા પ્રદાન કરવામાં સક્ષમ સાબિત થયાં છે.

## 14.3 ગુજરાતમાં વેપારને અસર કરતાં પરિબળો અને સંભાવનાઓ :

ગુજરાતનો વેપાર સફળ થયો છે અને તે આસપાસનાં રાજ્યો માટે પણ વેપારનું કેન્દ્ર બન્યું છે, તે કેટલાંક પરિબળોને આભારી છે. આ પરિબળો ભૌગોલિક, ઐતિહાસિક, રાજનૈતિક તેમજ જનસાંખ્યિક એમ દરેક પ્રકારનાં છે. આ વિભાગમાં આપણે ગુજરાતના વેપારને અસર કરતાં પરિબળોનો અભ્યાસ કરીએ, જેથી આ પરિબળોને ઓળખીને તેના લાભો મહત્તમ કરી શકાય તેમજ મર્યાદાઓ ઓછી કરી શકાય.

1. ભૌગોલિક પરિબળો :

ગુજરાત પ્રદેશને ભારતનો સૌથી લાંબો દરિયાકિનારો મળેલ છે. ભારતના કુલ દરિયાકિનારાના 24% જેટલો એટલે કે 1600km લાંબો દરિયાકિનારો મળેલો છે. આ કિનારા પર કુલ 41 જેટલાં દરિયાઈ બંદરોનો વિકાસ થઈ શક્યો છે. 41 માંથી 1 મેજર પોર્ટ કંડલા, 11 મધ્યવર્તી (Intermediate) બંદરો તથા 29 માઈનોર પોર્ટસનો વિકાસ કરવામાં આવેલો છે. આ બંદરોને કારણે ગુજરાત આંતરરાષ્ટ્રીય વેપારનું કેન્દ્ર બની શક્યું છે. આ દરિયા કિનારે બંદરીય વિકાસ કહી શકાય તેવા અખાતી વિસ્તારોએ પણ વેપાર વિકાસમાં તેમનો ફાળો આપ્યો છે.

ગુજરાતની જમીન પણ વિવિધતાભરી છે. ફળદ્રુપતા અને કુદરતી તત્ત્વોમાં વૈવિધ્યને કારણે તેલીબિયાં, ઔષધિઓ, શાકભાજી, ફળો, પશુચારો, રોકડિયા પાકો વગેરેનું ઉત્પાદન અને વેચાણ શક્ય બન્યું છે.

2. ઐતિહાસિક પરિબળો :

કંડલા પોર્ટને મેજર પોર્ટ તરીકે વિકસાવવાનો નિર્ણય કરવામાં આવ્યો અને કચ્છના મહારાજાઓશ્રી ખેંગારજીની -દૂરદર્શિતાએ રાષ્ટ્રહિતમાં સહાય બનીને 1950માં કંડલાને પશ્ચિમ ખાતાનું મુખ્ય મથક બંદર તરીકે સ્થાપિત કર્યું. આ પહેલાં કરાચી પશ્ચિમ ભારતનું મુખ્ય દરિયાઈ બંદર હતું, પરંતુ ભારત પાકિસ્તાન વિભાજનથી કરાચી પાકિસ્તાનમાં જવાથી ભારતમાં વેપારનો આધાર બનીને દરિયાઈ વેપાર કરી શકાય તેવાં બંદરોની જરૂર પડી આમ, ઐતિહાસિક પરિબળોને કારણે ગુજરાતમાં દરિયાઈ બંદરીય વિકાસની તકો સાંપડી જેણે આંતરિક તેમજ આંતરરાષ્ટ્રીય વેપારનાં કેન્દ્ર તરીકે વિકસીને વેપારને પ્રાત્સાહન આપ્યું.

3. ઉત્પાદન વૈવિધ્ય :

ગુજરાતમાં પરંપરાગત કૃષિ ઉત્પાદનો તેમજ કૃષિ આધારિત ઉદ્યોગો જેવા કે કોર્ટન તથા કોર્ટન કાપડનો ઉદ્યોગ, તેલમિલો, લાંબા સમય સુધી સાચવી શકાય તેવા નાસ્તાઓ તેમજ ફ્રુડ પ્રોસેસિંગ ઉદ્યોગ, દૂધ અને ડેરી ઉત્પાદનનો ઉપયોગ, પશુપાલન જેવી આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ થયો છે. ગુજરાતમાં હસ્તકલા ઉદ્યોગ, જેમ એન્ડ જવેલરી ઉદ્યોગ વગેરેનો પણ વિકાસ થયો છે. વિશ્વના કુલ 10માંથી 8 હીરાઓનું પ્રોસેસિંગ સુરત અને ગુજરાતમાં થાય છે. વર્ષ 2018ની આંકડાકીય માહિતી અનુસાર વિશ્વના કુલ દૂધ ઉત્પાદનના ૫૫ ટકા જેટલું દૂધ ગુજરાતમાં ઉત્પન્ન થાય છે. આમ, ગુજરાતમાં ઉત્પાદન વૈવિધ્ય હોવાથી નિકાસ વેપારને ઘણું જ બળ મળે છે.

4. ગુજરાતની જનસાંખ્યિકી અને પ્રજાની સાહસિકતા :

ગુજરાતની જનસાંખ્યિકી પણ ગુજરાતને વેપાર વિકાસ માટે સફળ બનવવામાં પોતાનો મહત્ત્વનો ફાળો આપે છે. 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની કુલ વસ્તી 6.038 કરોડની છે. જેનો સાક્ષરતા દર 78.03 ટકા છે. આમ, શિક્ષિત વસ્તીનું વધુ પ્રમાણ ગુજરાતને વેપાર તેમજ વહીવટી બાબતોમાં કુશળ માનવબળ પૂરું પાડે છે. ગુજરાતમાં શિક્ષણની જુદી જુદી વિદ્યાશાખાઓનો ઘણો જ સારો વિકાસ થયો છે.ગુજરાત સરકારના પ્રયત્નો પ્રમાણે ગુજરાતના દરેક જિલ્લાઓમાં શાળા, કોલેજો તથા યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. જેમાં પરંપરાગત શિક્ષણ ઉપરાંત મુક્ત વિશ્વવિદ્યાલય, કૃષિ યુનિવર્સિટી, સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ફોરેન્સીસ સાયન્સ, રક્ષાશક્તિ યુનિવર્સિટી વગેરે જેવી વિશિષ્ટ શિક્ષણ સંસ્થાઓનો પણ વિકાસ કરવામાં આવ્યો છે. વળી, પ્રજા પાસે માત્ર શૈક્ષણિક લાયકાત નહિ પરંતુ વેપાર અંગેનું પરંપરાગત જ્ઞાન, સાહસિક વૃત્તિ તથા જોખમ ખેડવાની ક્ષમતા જેવા ગુણો પણ છે. કચ્છમાં માંડવી બંદરનો વિકાસ વહાણો અને કાચ બનાવવાના ઉદ્યોગો વગેરે ઐતિહાસિક દસ્તાવેજ સાચવી કુદરતી આપત્તિઓ સામે લડીને ઉપલબ્ધ સાધનોનો યોગ્ય ઉપયોગ કરવાની કુનેહ પણ છે.

5. રાજ્ય સરકારની પ્રોત્સાહક નીતિ :

વેપારનો વિકાસ રાજ્યની આવક માટે મહત્ત્વનો સ્તોત બને છે તે ઉપરાંત પ્રદેશની આવક તથા પ્રજા કલ્યાણમાં પણ ફાળો આપે છે. ગુજરાત કૌશલ્ય જેવા ગુણોને સહાયક બળ પુરું પાડે છે. આ પ્રકારનું પ્રાત્સાહન વાતાવરણ કેન્દ્ર સરકાર તેમજ રાજ્યસરકાર બંને દ્વારા પૂરું પાડવામાં આવે છે. Special Economic Zone (SEZ) ની સ્થાપના વ્યાપાર મેળાઓનું આયોજન હસ્તકલા ઉત્પાદનનાં વેચાણ માટે પ્રદર્શનોનું આયોજન, તાલીમ ખેત ઉત્પાદન માટે જમીનનું સર્વેક્ષણ, ધિરાણ, સહાય, ટેકનિકલ સહાય, આંતર માળખાકીય સગવડો જેવી કે વીજળી, રસ્તાઓ, પાણી, દરિયાઈ, જમીન પરનાં અને હવાઈ પોર્ટનો વિકાસ વગેરે જેવાં પગલાંઓથી વેપારનો વિકાસ થાય છે.

6. આંતરમાળખાકીય સગવડો :

ગુજરાત રાજ્યમાં કેટલીક પ્રાકૃતિક તેમજ કેટલીક માનવનિર્મિત આંતરમાળખાકીય સુવિધાઓને કારણે વેપારના વિકાસને વેગ મળ્યો છે. જેમ કે કચ્છમાં ખંભાત, કુંડલા, મુન્દ્રા વગેરે સ્થળોએ તે ઉપરાંત અન્ય બંદરોના વિકાસને લાયક એવો દરિયાઇ વિસ્તાર એ કુદરતી આંતરમાળખાકીય સુવિધા કહી શકાય. કારણ કે વહાણોને લાંગરી શકાય તે પ્રકારનું ઊંડાણ, કિનારા સાથે જોડાયેલો દરિયાઈ પ્રદેશ, જમીન અને દરિયાને જોડતો સાંકડો પ્રદેશ વગેરેનો કારણે બંદરીય વિકાસ થઈ શકે તેવાં લક્ષણો છે. વળી, કુદરતની આ દેનનાં ઉપયોગ સારી રીતે અને મહત્તમ થઈ શકે તે માટે આંતરિક રસ્તાઓ રેલ્વે, ડ્રાય પોર્ટનો વિકાસ તથા તેને આનુષંગિક સેવાઓનો વિકાસ વગેરેને કારણે ગુજરાત દરિયાઈ રસ્તે થતા વેપારને પણ ઉત્તેજન મળ્યું છે.

7. શૈક્ષણિક સુવિધાઓ :

ગુજરાતમાં રાજ્ય સરકારની ઉચ્ચ વ્યાવસાયિક શિક્ષણ આપતી યુનિવર્સિટીઓ ઉપરાંત કેન્દ્રીય યુનિવર્સિટી, તથા ખાનગી યુનિવર્સિટીઓને કારણે વેપાર અંગેનાં

સૈદ્ધાંતિક શિક્ષણનું સારું માળખું તૈયાર થયેલું છે. ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણમાં વાણિજ્ય વિદ્યાશાખા પસંદ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા અન્ય વિદ્યાશાખાઓની તુલનાએ નોંધપાત્ર રીતે વધારે હોય છે, તેથી તે માટેનું શિક્ષણ આપતી કોમર્સ કોલેજ, બિજનેસ, એન્ડ મિનિસ્ટ્રેશનનું શિક્ષણ આપતી સંસ્થાઓ વગેરેનો પણ સારો વિકાસ થયો છે. વેપાર- વિનિમય, પ્રત્યાયન, માનવસંસાધન, બજરનાં પાસાંઓ, બેકિંગ, વિદેશવેપાર જેવાં વેપારનાં જુદાં જુદાં પાસાંઓનું શિક્ષણ આપતી સંખ્યા માત્ર ગુજરાત જ નહિ પણ દેશ અને વિદેશ માટે પણ તાલીમ પામેલો યુવાવર્ગ તૈયાર કરે છે.

8. નાનાં અસંગઠિત એકમોની મોટી સંખ્યા :

ગુજરાત ઘણી બધી વસ્તુઓનાં ઉત્પાદનમાં માત્ર ભારત કે એશિયા જ નહિ પરંતુ વિશ્વભરમાં મોખરે છે. જેમકે ડેનિમ, રેડીમેડ ગારમેન્ટ, જવેલરી, હસ્તકલાની અન્ય વસ્તુઓ, ફૂડ પ્રોસેસિંગ વગેરે આ વસ્તુઓના ઉત્પાદન એકમો નાનાં અને અસંગઠિત હોવાથી તેમની નાણાંકીય ક્ષમતા , જોખમ ઉઠાવવાની ક્ષમતા, માર્કેટિંગ માટેનો વ્યાપ અને સાધનો, આંતરરાષ્ટ્રીય બજાર સાથેના સંપર્કો વગેરે ઓછા હોય છે. આ કારણોસર વેપારની અને ખાસ કરીને નિકાસ આવક કમાવાની ઘણી બધી તકો જતી કરવી પડતી હોય છે.

9. શહેરીકરણને કારણે વેપાર માટે સહાયક પ્રસાર અસર :

આની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની 42.6 ટકા વસ્તી શહેરી વસ્તી છે. 1,00,000થી વધુ વસ્તી ધરાવતાં કુલ 28 શહેરો છે. શહેરી વિકાસને કારણે વેપાર માટે જરૂરી સુવિધાઓ જેવી કે ઉત્પાદન માટે સસ્તો અને તાલીમી શ્રામ, સંદેશો વ્યવહાર, પરિવહન, ઈન્ટરનેટ કનેકટીવીટી ટેકનોલોજીકલ જ્ઞાન કૌશલ્ય વગેરે આસાનીથી મળી રહે છે. જે ગુજરાતના આંતરિક એટલે કે ભારતનાં અન્ય રાજ્યો સાથેના તેમજ આંતરરાષ્ટ્રીય વેપારને માટે સહાયક બન્યું છે.

★ ગુજરાતના વેપાર વિકાસની સંભાવનાઓ :

ગુજરાતના વેપારને અસર કરતાં પરિબળોનો અભ્યાસ કરતાં જણાય છે કે ગુજરાતમાં વેપારનું પાસું ઘણું મજબૂત છે. આ વેપારથી માત્ર ભારત જ નહિ એશિયા તેમજ વિશ્વમાં ઔદ્યોગિક પ્રવૃત્તિઓને જરૂરી એવી વસ્તુઓ,કાચો માલ, મંત્રો, દૂધ તેમજ ખોરાકની અન્ય વસ્તુઓને સહાયક પર્યાવરણ ઉભું કરવામાં આવે તો કુલ આર્થિક વિકાસ ઘણો જ પ્રવેગી બને.  આ માટે કેટલીક સભાવનાઓ જોઈએ તો,

1. દૂધ ઉત્પાદન માટે પશુપાલન વ્યવસાયનો વિકાસ કરવો.
2. દૂધ, અનાજ, શાકભાજી, ફળો વગેરે નાશવંત કૃષિ ઉત્પાદનો માટે કોલ્ડ સ્ટોરેજની તથા વધુને વધુ ફુડ પ્રોસેસિંગ એકમોની સ્થાપના કરવી.
3. નાનાં અસંગઠિત ઉત્પાદન એકમોને સંગઠિત કરવાં.
4. પ્રાથમિક સાક્ષરતા દર ઊંચો લાવવા સાથે કૌશલ્ય આધારિત નિકાસલક્ષી વસ્તુઓનાં ઉત્પાદન માટે તાલીમ આપવી વગેરે જેવાં સૂચનો કહી શકાય.
5. પ્રવાસન, તબીબી સારવાર જેવી સેવાઓની નિકાસ માટે પણ ઘણી સંભાવનાઓ રહેલી છે.

## 14.3 ગુજરાત સરકારની વેપારનીતિ :

વિદ્યાર્થી મિત્રો આપણે જાણીએ છીએ કે વેપારની સફળતા એ કોઈપણ અર્થતંત્રની સફળતા માટેની પહેલી સીડી છે. સ્થાનિક સ્તરે ઉત્પન્ન થતી વસ્તુઓની નિકાસ દ્વારા નિકાસ આવક કમાવી તથા ધંધો રોજગાર ચાલુ રાખવા માટે અત્રે જરૂરિયાતો પૂરી કરવા માટે આયાતો નિયમિત થતી રહે તે જરૂરી છે. આયાતોનું ચૂકવણું પણ નિકાસ આવક માંથી જ થાય છે. અર્થતંત્રની સ્વસ્થતાની નિશાની છે.

આધુનિક સરકાર આર્થિક બાબતોમાં પણ એ રીતે સક્રિય રહે છે કે તે માત્ર રાજયની આવક માટે જ નહિ પરંતુ પ્રજા કલ્યાણ, રોજગાર સર્જન તથા સર્વગ્રાહી આર્થિક વિકાસને મહત્ત્વ આપે છે. ગુજરાત સરકાર પણ લોકતાંત્રિક પધ્ધતિને કારણે આર્થિક વિકાસના હેતુથી પ્રજાની વ્યાપારિક સાહસિક વૃત્તિને સહાયક બને છે. આવો, અહીં આપણે ગુજરાત સરકારની વેપારનીતિનો પરિચય મેળવીએ.

હાલમાં ગુજરાત ભારતની કુલ નિકાસના 25% જેટલો ફાળો આપે છે.(TOI, 6 Jan, 2019) જે વધારીને 2020માં 33% સુધી વધે તેવું લક્ષ્ય છે. આ માટે ઘણાં બિનરાજકોષીય પ્રોત્સાહકો પગલાં સામેની વ્યૂહરચના તૈયાર કરવામાં આવી છે. ગુજરાત સરકાર વેપાર પ્રાત્સાહનની નીતિ તરીકે માત્ર આયાતો નિયમિત જળવાય અને નિકાસ થતી રહે તેટલું જ નથી જોતી. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતનો વેપાર ભારતનાં અન્ય રાજયો સાથે તેમજ વિદેશો સાથે સુદઢ બને તે માટે આંતર માળખાંકીય સુવિધાઓ પૂરી પાડવા ઉપરાંત નિકાસી વસ્તુનાં ઉત્પાદન માટે તાલીમ, કૃષિ નિકાસો સંદર્ભ જમીનનું સર્વેક્ષણ કોલ્ડસ્ટોરેજની સુવિધા, વ્યાપાર મેળાઓ અને પ્રદર્શનો વેપારી એકમો વચ્ચે સંકલન (B2B મીટિંગ ) વગેરે જેવી સુવિધાઓમાં ઘણી જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ગુજરાત સરકાર દ્વારા ચાર સ્તંભ ઉપર આધારિત વ્યૂહરચના ઘડવામાં આવી છે તે પ્રમાણે :

1. નવાં નિકાસ બજારો શોધવાં
2. પરંપરાગત રીતે થતી નિકાસોમાં નવી વસ્તુઓનું ઉમેરણ કરવું.
3. નિકાસ માટેનાં નીતિવિષયક નિયંત્રણો હળવાં કરવાં

નવી વ્યૂહરચના અનુસાર આફ્રિકા, રશિયા, ઈરાન અને લેટિન અમેરિકામાં નિકાસો વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે તથા ડિફેન્સ પ્રોડકટસ, ટેકનિકલ ટેક્સટાઈલ ઈલેકટ્રોનિકલ અને IT સર્વિસની નિકાસનો વધારવાનું લક્ષ્ય રાખવામાં આવેલું છે. મૂલ્યવર્ધનની બાબતે જોઈએ તો ગુજરાત માંથી મગફળીની નિકાસ થાય છે. તે ઉપરાંત માત્ર મગફળી મૂલ્યવર્ધન કરવું એટલે કે મગફળી માંથી બનતા નાસ્તાઓનું ઉત્પાદન કરીને નિકાસ કરવી, આમ કરવાથી રોજગાર સર્જન પણ થાય છે. આમ, ઉપરોકત નવી વ્યૂહરચના ઉપરાંત જે પરંપરાગત પગલાંઓ ગુજરાત સરકારની વેપારનીતિનાં છે તેનો પણ આપણે હવે પરિચય મેળવીએ :

(ક) આંતરમાળખાંકીય સુવિધાઓનો વિકાસ :

આંતરમાળખાંકીય સુવિધા એટલે એવી સુવિધાઓ, કે જે વિકાસને કે કોઈપણ આર્થિક પ્રવૃત્તિને આધાર આપે છે. આ સુવિધાઓના અભાવમાં આર્થિક પ્રવૃત્તિઓ કરી શકાતી નથી. જેમ કે રસ્તાઓ અને પરિવહનમાં અન્ય સાધનોનો વિકાસ, નિયમિત, વીજ પુરવઠો, પાણી, કોલ્ડસ્ટોરેજની સુવિધા વગેરે ગુજરાત સરકાર દ્વારા ઉપરોકત સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. તેમજ તેની જાળવણી પણ કરવામાં આવે છે. ગુજરાતનાં 98% ગામડાંઓ પાકા રસ્તા ધરાવે છે. કુલ રોડ નેટવર્ક 74038 km નું

છે.ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ જેવાં મોટા રેલ્વે જંકશનો ઉપરાંત કુલ 454 રેલ્વે સ્ટેશનો છે. કુલ રેલ નેટવર્ક 5259km નું છે. 2017-18માં રાજ્યની રેલ્વે દ્વારા કુલ 75 MTT જેટલું માલ પરિવહન કરવામાં આવેલું હતું. આગામી યોજના પ્રમાણે રેલ્વે બંદરો સાથે જોડાણ, ઔદ્યોગિક વિસ્તારો સાથે જોડાણ, પ્રવાસન સ્થળો સાથે જોડાણ વગેરેને ધ્યાનમાં રાખવામાં આવેલ છે. ગુજરાત પાસે રીન્યુએબલ એન્ડ નોન રીન્યૂએબલ એમ બંને મળીને કુલ 23973MW ની વીજ ઉત્પાદન ક્ષમતા છે. ગુજરાત ભારતનું સૌથી વધુ એરપોર્ટ ધરાવતું રાજ્ય છે. ગુજરાતમાં બે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, નવ ડોમેસ્ટીક એરપોર્ટ અને ત્રણ મિલિટરી ઉપયોગમાં લેવાતાં એરપોર્ટ છે. તે ઉપરાંત અંકલેશ્વર તેમજ રાજકોટ ખાતે બે એરપોર્ટ અંડર કન્સ્ટ્રકશનની સ્થિતિમાં છે. આ એરપોર્ટનું સંચાલન એરપોર્ટ ઑથોરિટી ઑફ ઈન્ડિયા, ઈન્ડિયન એરફોર્સ અને ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવે છે. ગુજરાતમાં મુન્દ્રા અને મીઠાપુરા ખાતે ખાનગી એરપોર્ટ પણ છે, જે વ્યાપારીક હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

ગુજરાતમાં કુલ 41 દરિયાઈ બંદરો છે, જેમાં 1 મેજર પોર્ટ કંડલા, 29નાનાં બંદરો તથા 11મધ્યવર્તી બંદરો છે. દરિયાઈ બંદરો ઉપરાંત ગુજરાતમાં સુરત, મુન્દ્રા, વીરમગામ તથા રાજકોટ ખાતે ડ્રાય પોર્ટ પણ આવેલાં છે.

(ખ) Special Economics Zones (SEZ) ની સ્થાપના :

સ્પેશિયલ ઈકોનોમિક ઝોન કે વિશેષ આર્થિક વિસ્તારની બાબતમાં ગુજરાત સમગ્ર ભારતમાં અગ્રેસર છે. ગુજરાતમાં કુલ 180SEZ છે, જે ભારતમા કુલ કાર્યરત SEZના 10 ટકા છે, આ SEZ ભારતની કુલ નિકાસમાં 30 ટકા જેટલો ફાળો આપે છે. વર્ષ 2016-17માં ગુજરાતનાં SEZપરથી ભારતનો 5 લાખ કરોડ રૂપિયાનાં મૂલ્યનો માલ નિકાસ થયો હતો. ભારતનું સર્વપ્રથમ Export Processing Zone 1965 માં કંડલા ગુજરાતમાં સ્થાપવામાં આવ્યું હતુ. EPZ હવે Special Economic Zone એટલે કે વિશેષ આર્થિક વિસ્તાર તરીકે ઓળખાય છે.

(ગ) વેપાર મેળાઓ અને પ્રદર્શનો :

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં, દેશમાં તેમજ વિદેશોમાં પણ ગુજરાતનાં ઉત્પાદનોનાં વેચાણ તેમજ નિકાસ માટે વેપાર મેળાઓ અને પ્રદર્શનોનું આયોજન કરવામાં આવે છે. જેમાં ગુજરાતની વસ્તુના ઉત્પાદકો, નિકાસકારો, આયાતકારો, નીતિ નિર્માતાઓ તથા વિચારકો એક છત હેઠળ મળે છે તેમજ નિકાસ પ્રાત્સાહનની દિશામાં આગળ વધે છે. આ પ્રકારના મેળાઓ તેમજ પ્રદર્શનોમાં સૌથી વિશેષ વાઈબ્રન્ટ ગુજરાત સમિત (Vibrunt Gujarat Summit) નો ઉલ્લેખ કરી શકાય, જે વર્ષ 2003 થી દર બે વર્ષ આયોજિત કરવામાં આવે છે.

તાલીમ સંસ્થાઓની સ્થાપના તથા ટૂંકાગાળાની કાર્યશાળાઓ : ગુજરાત સરકાર દ્વારા નિકાસી વસ્તુઓનાં ઉત્પાદન તેમજ નિકાસ માટે તાલીમ મળે તે માટે વિવિધ તાલીમ સંસ્થાઓનું નિર્માણ કરે છે તથા ટૂંકાગાળાની તાલીમોનું આયોજન પણ કરે છે. જેમ કે ઈન્ડિયન ડાયમન્ડ ઈન્સ્ટીટયુટ (IDI) હીરા ઉત્પાદન તેમજ નિકાસ માટે તાલીમ આપતી સંસ્થા છે; તો ખેડૂતોને સુધારેલી ખેત પધ્ધતિ અપનાવવાની તાલીમ પણ આપવામાં આવે છે, જેમ કે તલનાં ઉત્પાદન બાબતની તાલીમ તા. 23/06/2018 ના રોજ કચ્છમાં આપવામાં આવી છે.

(ચ) નિકાસક્ષમતા ધરાવતાં ખેતઉત્પાદનને વધારવા માટે જમીનનો સર્વે કરીને ખૂટતી જરૂરિયાતો પૂરી કરવામાં આવે છે.

આમ, ગુજરાત સરકારની નિકાસ પ્રાત્સાહનની નીતિ જોતાં રાજ્ય સમગ્ર દેશનું વેપાર કેન્દ્ર બનવાની પૂરી ક્ષમતા ધરાવે છે તેમ કહી શકાય, કારણ કે તેના માટે જરૂરી એવું આધારમાળખું પ્રજાની સામસિકતા તથા સરકારની વિકાસાભિમુખ નીતિઓથી ગુજરાતનો માત્ર અન્ય રાજ્યો સાથેનો જ નહિ પરંતુ વિદેશ વ્યાપાર પણ ઘણો વધી શકે તેવી સંભાવનાઓ છે.

## 14.5 સારાંશ :

આ પ્રકરણમાં આપણે જોયું કે,

ગુજરાત ભારત દેશ અને વિશ્વમાં ઘણી બધી વસ્તુઓનાં ઉત્પાદન અને નિકાસમાં મોખરે છે.

- જેમ એન્ડ જવેલરી, કોટન ટેકસટાઇલ, રેડીમેડ ગોરમેન્ટ, એન્જીનીયરીંગ વસ્તુઓ, દવાઓ, રસાયણો વગેરે મુખ્ય નિકાસો છે.
- મગફળી, ડેરી ઉત્પાદનો, મસાલા, તલ, પ્રોસેસ્ડ ફૂડ, શાકભાજી અને ફળો વગેરે નિકાસ થતી મુખ્ય કૃષિ પેદાશો છે.
- ગુજરાતનું મુખ્ય વ્યાપાર સહભાગીં જીછછ છે. તે ઉપરાંત એશિયા અને યુરોપના દેશો સાથે પણ વેપાર થાય છે.
- ન્યૂઝ પ્રિન્ટ, સ્ટીલ, મોબાઈલ ફોન અને તેના પાર્ટસ વગેરે ગુજરાતની મુખ્ય આયાતો છે.
- ગુજરાતી પ્રજાની સાહસિકતા, કુદરતી બંદરીય સુવિધા, આંતરમાળખાકીય સુવિધા તથા સરકારની વેપાર વિકાસને પ્રાત્સાહન આપતી નીતિઓને કારણે ગુજરાતનો વેપાર વિકસિત થયો છે.
- વ્યાપાર ઉદ્યોગ ક્ષેત્રે અસંગઠિત નાનાં એકમોનું ઘણું પ્રમાણ વેપાર વિકાસ માટે અવરોધરૂપ બને છે.
- ગુજરાત સરકાર દ્વારા વ્યાપાર મેળાઓનું આયોજન, નાણાકીય ધિરાણની સગવડો, આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ વગેરે દ્વારા સહાયક એવી નીતિઓ ઘડવામાં આવે છે, તે ઉપરાંત નિકાસ થતી વસ્તુઓનાં ઉત્પાદન માટે તાલીમ, ફિલ્ડ સર્વે વગેરે દ્વારા નિકાસ વધારવાના પ્રયત્નો કરવામાં આવે છે.

## 14.6 ચાવીરૂપ શબ્દો :

1. ડ્રાય પોર્ટ : ડ્રાય પોર્ટને ઈન્ગલેન્ડ પોર્ટ પણ કહેવાય છે. સામાન્ય રીતે દરિયાઈ બંદરો સાથે સીધું જોડાણ હોય તેવું રેલ અથવા સડક પરથી થતાં પરિવહનનું કેન્દ્ર એટલે ડ્રાય પોર્ટ. દરિયાઈ બંદરો સાથે જોડાઈને જમીન પરના માલ પરિવહન માટેનું મુખ્ય કેન્દ્ર છે. જે માલ પરિવહન ઉપરાંત ઘણી વખત સંગ્રહ સુવિધા પણ પૂરી પાડે છે. ગુજરાતમાં વિરમગામ, સાણંદ, અમરેલી વગેરે ખાતે ડ્રાય પોર્ટ આવેલાં છે.

2. SEZ (Special Economics zones) : એટલે કે વિશેષ આર્થિક વિસ્તાર કે જયાં નિકાસલક્ષી વસ્તુઓનાં ઉત્પાદન માટે તમામ પ્રકારની માળખાંકીય સુવિધાઓ તથા રાજકોષીય છૂટછાટો જેવી કે કરવેરામાં છૂટછાટ પૂરી પાડવામાં આવે છે. નિકાસ પ્રાત્સાહન ઉપરાંત લેણદેણની તુલામાં સમતુલા, રાજગારી સર્જન વગેરે જેવા હેતુઓ

પણ SEZની સ્થાપના પાછળ હોય છે. અહીં વહીવટી સરળતા, ધિરાણ તથા મજૂર કામદારોમાં પણ સરળતા રખાતી હોય છે.

3. મેજર પોર્ટ (Major Port) અને માઇનોર પોર્ટ ( Minor Port) : એક અર્થ પ્રમાણે જે પોર્ટનો વહીવટ/સંચાલન કેન્દ્રીય શિપિંગ મંત્રાલય હસ્તક હોય તેને મેજર પોર્ટ કહેવામાં આવે છે. કાર્યક્ષમતાની દૃષ્ટિએ બે કે તેથી વધુ બર્થ ફેસિલિટી ધરાવતાં અને દર મહિને 1,00,000 ટન કાર્ગો હેન્ડલિંગની ક્ષમતા ધરાવતાં દરિયાઈ બંદરોને મેજર પોર્ટ કહી શકાય. તેનાથી ઓછી ક્ષમતા ધરાવતાં પોર્ટને Minor Port કહી શકાય.

4. Intermediate Port ( મધ્યવર્તી બંદરો) : આ એવાં બંદરો છે કે જ્યાં વહાણો માલનો જથ્થો લેવા અથવા ઉતારવા ઈંધણ ભરાવવા કે રિપેરિંગ કાર્ય માટે થોભતાં હોય છે.

**5.** આંતરમાળખાકીય સુવિધાઓ : આંતરમાળખાકીય સુવિધાઓ એટલે એવી સુવિધાઓ કે જેના વિના આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ સંભવી શકે નહીં. જેટલું મહત્વ માનવ શરીરમાં હાડકાંઓનાં માળખાંનું હોય છે તેટલું જ મહત્વ અર્થતંત્રમાં આંતરમાળખાકીય સુવિધાઓનું હોય છે. આ સુવિધાઓ અર્થતંત્રને આધાર આપે છે. વીજળી, પુરવઠો, પાણી, પરિવહન, અને સંદેશા વ્યવહાર શિક્ષણ અને સ્વાસ્થ્ય સુવિધાઓ વગેરે આંતર માળખાકીય સુવિધાઓ છે.

## 14.7 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.

1. ગુજરાતના વેપારનું કદ, બંધારણ અને દિશા વર્ણવો.
2. ગુજરાતમાં વેપારના વિકાસને અસર કરતાં પરિબળો લખો તથા વેપારના વિકાસ માટે ગુજરાત સરકારની નીતિ કેવી છે તે લખો.
3. ગુજરાતની આયાતો અને નિકાસો વિશે જણાવો. વેપારના વિકાસની સંભાવનાઓ લખો.

(ખ) આપેલા વિષય પર ટૂંકનોંધ લખો.

1. ગુજરાતના વેપારને અસર કરતાં પરિબળો.
2. ગુજરાત સરકારની વેપાર નીતિ.

(ગ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

1. ગુજરાતની કુલ નિકાસો માંથી મોટાભાગની નિકાસો -------- દેશમાં થાય છે.
   (યુ.એસ., બાંગ્લાદેશ, ઓસ્ટ્રેલિયા)
2. ---------- ગુજરાતનું મુખ્ય બંદર છે.
   (મુન્દ્રા, કંડલા, અમદાવાદ)
3. ગુજરાતમાં કુલ --------જેટલાં SEZછે.
   (22, 5, 47)
4. ગુજરાતમાં સૌ પ્રથમ જીઈઢ -----------માં સ્થાપવામાં આવ્યું.
   (કંડલા, મુન્દ્રા, સુરત)

5. વર્ષ 2018ની માહિતી પ્રમાણે ગુજરાતમાં વિશ્વનું કુલ ----------દૂધ ઉત્પાદન થાય છે. (30%, 80%, 55%)

6. વર્ષ ------માં સૌ પ્રથમ વખત વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરવામાં આવેલ હતું. (2001, 2003,2011)

7. -----------ગુજરાતમાં આયાત થતી મુખ્ય વસ્તુ છે.
( દૂધ, દવાઓ, ન્યૂઝ પેપર)

8. ગુજરાતમાં કુલ -----------જેટલાં બંદરો આવેલાં છે.
(42, 47, 1)

9. ગુજરાતમાં કુલ -------------% ગામડાંઓ પાકા રસ્તા ધરાવે છે.
( 50%, 98%, 20%)

10. જાન્યુઆરી 2019ની માહિતી પ્રમાણે ગુજરાત ભારતની કુલ નિકાસોના --------------% જેટલો હિસ્સો ધરાવે છે. (50, 10, 25)

11. ગુજરાત સરકારની નવી આર્થિક નીતિ પ્રમાણે ---------વસ્તુઓની નિકાસને મહત્વ આપવાનું નક્કી થયું છે. ( પ્રાથમિક, મૂલ્યવર્ધિત તૈયાર, આયાતી)

12. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ સૌ પ્રથમ વખત વર્ષ ----------માં આયાજિત થઈ હતી. (2001, 1991, 2003)

★ ખાલી જગ્યા પૂરોના જવાબો

1. યુ.એસ., 2. કંડલા, 3. 47, 4. કંડલા, 5. 55%, 6. 2003, 7. ન્યૂઝ પેપર
8. 42, 9. 98%, 10. 25, 11. મૂલ્યવર્ધિત તૈયાર, 12. 2003

## 14.8 સંદર્ભ વાચન :

1) https://timesofindia.indiatimes.com/city/ahmedabad/state-to-revise-its-export-promotion-strategy/articleshow/59150418.cms
2) https://www.ibef.org/states/gujarat.aspx
3) https://www.seair.co.in/gujarat-export-data.aspx
4) https://www.deendayalport.gov.in/Pdf/ 10Oct2019032103PM.pdf
5) http://www.gidb.org/port-statistical-data-of-the-sector
6) https://ic.gujarat.gov.in/sez-government-of-gujarat.aspx
7) https://unemploymentinindia.cmie.com/
8) http://www.rnbgujarat.org/about-us/achievements.aspx 16-4-2020
9) http://www.sezindia.nic.in/
10) સામાજિક આર્થિક સમીક્ષા 2019-2020, ગુજરાત રાજ્ય, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયમકની કચેરી( ફેબ્રુઆરી 2020), ગાંધીનગર, ગુજરાત.

એકમ 15

# ગુજરાતની વસ્તી વિષયક રૂપરેખા

## રૂપરેખા

15.0 ઉદ્દેશો
15.1 પ્રસ્તાવના
15.2 વસ્તી ગણતરીનો ઈતિહાસ
15.3 ગુજરાતનો ઈતિહાસ
15.4 ગુજરાત રાજ્યની વસ્તી વિષયક માહિતી
15.5 સારાંશ
15.6 ચાવીરૂપ શબ્દો
15.7 તમારી પ્રગતિ ચકાસો
15.8 સંદર્ભ સૂચિ
★ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

## 15.0 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી નીચેની બાબતોમાં તમારી ક્ષમતા કેળવાશે.

- વસ્તીગણતરીનો ઈતિહાસ જાણી શકાશે.
- ગુજરાતનો ઈતિહાસ જાણી શકાશે.
- ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિની માહિતી પ્રાપ્ત થશે.
- વસ્તી અને વસ્તી સાથે સંકળાયેલ વિવિધ ખ્યોલોની માહિતી પ્રાપ્ત થશે.
- વસ્તી અને વસ્તી સાથે સંકળાયેલ વિવિધ ખ્યાલોની માહિતી પ્રાપ્ત થશે.
- વસ્તી અને વસ્તી સાથે સંકળાયેલ વિવિધ ખ્યાલોની આંકડાકીય માહિતી પ્રાપ્ત થશે.

## 15.1 પ્રસ્તાવના :

ભારતની વસ્તી ગણતરી એ એક સમૃધ્ધ પરંપરા છે તથા તે વસ્તી ગણતરીઓમાંની એક હોવાનું માનવામાં આવે છે. ભારતમાં વસ્તીગણતરીની પ્રક્રિયાએ દુનિયાની સૌથી મોટી વહીવટી કસરત છે. તેના દ્વારા દેશની આર્થિક, સામાજિક અને કંઈક અંશે સાંસ્કૃતિક માહિતી પ્રાપ્ત થાય છે. વસ્તી ગણતરીની આંકડાકીય માહિતીએ દેશને ભવિષ્યના આર્થિક અને વહીવટી આયોજન સંદર્ભે એક મહત્ત્વનો આધાર બને છે. અહીં વસ્તી ગણતરીની પ્રક્રિયાના ભાગરૂપ માહિતીનું એકત્રીકરણ, સંકલન, મૂલ્યાંકન અને વિશ્લેષણ કરી અને અંતમાં તેનું પ્રકાશન કરવું વગેરે જેવા કાર્યો કરવામાં આવે છે.

## 15.2 વસ્તી ગણતરીનો ઈતિહાસ :

વસ્તી ગણતરીના ઈતિહાસને વિશ્વના સંદર્ભમાં જોઈએ તો પ્રાચિન રોમમાં રોમન સમ્રાટો દર પાંચ વર્ષે વસ્તી ગણતરી કરાવતા અને તેનો ઉપયોગ કરવેરા નિર્ધારણમાં કરતા તેવા ઉલ્લેખો મળે છે. આ સંદર્ભે ભારતની ચર્ચા કરીએ તો વસ્તી ગણતરીની પ્રક્રિયાનો સૌ પ્રથમ ઉલ્લેખ મૌર્ય વંશના સમયમાં કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં થયેલો છે. મુઘલ સમયમાં પણ વસ્તી ગણતરીનો સંદર્ભ " આઈને અકબરી" માં જોવા મળ્યો છે. આજ પ્રમાણે બ્રિટીશકાળમાં 1830માં ભારતના શહેરોનો વસ્તી ગણતરી અહેવાલ બ્રિટીશ અધિકારી હેનરી વોલ્ટરે તૈયાર કરાવ્યો હતો. જેમાં જાતિ અને વયજૂથને પણ ધ્યાનમાં લેવાયા હતા. જો કે ભારતમાં સૌ પ્રથમ વસ્તી ગણતરીનો વિધિવત પ્રારંભ 1872 માં થયો હતો. તે સમયે દેશની વસ્તી ગણતરી જુદા જુદા ભાગમાં જુદા જુદા સમયે હાથ ધરાવામાં આવી હતી. જયારે 1881થી પૂરા ભારતમાં એક સાથે એકજ સમયે વૈજ્ઞાનિક પધ્ધતિથી દર દસ વર્ષે સતત વસ્તી ગણતરી કરવામાં આવે છે. અહીં નોંધ લેવી જોઈએ કે બે વિશ્વ યુધ્ધો, રોગચાળો, કુદરતી આપત્તિ, રાજકિય અશાંતિ વગેરે મુશ્કેલીઓ અને સમસ્યાઓમાં પણ આ પ્રક્રિયા થયેલી છે. ભારતમાં વર્ષ 2011ની વસ્તી ગણતરી એ 1872થી 15 (પંદર) મી આઝાદી પછીની 7 (સાત) મી અને 21મી સદીની 2 (બીજી) વસ્તી ગણતરી છે. ગુજરાતની વસ્તી ગણતરી પહેલા મુંબઈ પ્રાંત રાજ્યના ભાગરૂપ થતી, એ પછી ગુજરાતે અલગ રાજ્ય બનતાં વસ્તી સ્વતંત્ર માહિતી મળવા લાગી છે.

## 15.3 ગુજરાતનો ઈતિહાસ :

ગુજરાત એ પ્રાચિનકાળમાં આર્નત પ્રદેશ કે ગુર્જર દેશ તરીકે ઓળખાતું હતું. ઇ.સ.પૂર્વ ત્રીજી સદી દરમિયાન મૌર્ય વંશ આ પ્રદેશ પર રાજ્ય કરતો હતો તેવા ઉલ્લેખો અને પુરાવા મળે છે. ત્યારબાદ ઇ.સ. પૂર્વે બીજી સદીથી 13મી સદી દરમિયાન ગુપ્ત અને મૈત્રક વંશ, ગુર્જર અને પ્રતિહાર વંશ તથા ચાલુક્ય વંશના રાજવીઓની સત્તા નીચે હતું. એ પછી 14મી થી 16મી સદીના પૂર્વાધ સુધી દિલ્હી સલ્તનત અને ગુજરાત સલ્તનતના મુસ્લિમ શાસકોએ રાજ્યશાસન સંભાળ્યું એના પછી 18મી સદીના પૂર્વાધ સંધી મોઘલ શાસન અને ત્યારબાદ 19મી સદીના થોડાક વર્ષો સુધી મરાઠા શાસન રહ્યું. 19મી સદીના શરૂઆતમાં અંગ્રેજોએ બીજા મરાઠા યુધ્ધમાં મરાઠાઓને હરાવતાં ગુજરાતમાં બ્રિટીશ સત્તા સ્થપાઈ. આ રીતે ગુજરાત બ્રિટીશ શાસનનો ભાગ બન્યું. આ સમયે ગુજરાતના ઘણા ભાગોનો વહીવટ તત્કાલિન બ્રિટીશ મુંબઈ રાજ્ય દ્વારા કરાતો હતો. જોકે તેમાં વડોદરા રાજ્ય અપવાદરૂપ હતું. તે બ્રિટીશ ઈન્ડિયાના ગવર્નર જનરલના તાબા નીચે હતું. ઇ.સ. 1818 થી 1947દરિમયાન આજનું ગુજરાત અનેક નાના-નાના વિસ્તારો જેવા કે કાઠિયાવાડ, કચ્છ અને ઉત્તર, પશ્ચિમ ગુજરાતમાં વહેચાયેલું હતું, પણ મધ્યના જિલ્લા જેવા કે અમદાવાદ, ભરૂચ, ખેડા, પંચમહાલ અને સુરત પ્રાંતો સીધા જ બ્રિટિશ સરકારના તાબા હેઠળ હતા. 15મી ઓગષ્ટ, 1947ના દિને ભારતને આઝાદી મળી એ પછી ભારત સરકારે 1948માં ભાષા, વિસ્તાર અને દેશી રાજયોને ધ્યાનમાં લઇ ગુજરાતનું ત્રણ ભાગમાં વિભાજન કર્યું હતું. જેમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને બૃહદ મુંબઇ રાજ્યનો સમાવેશ થતો હતો.ત્યારબાદ 1956માં અલગ ગુજરાત રાજ્ય માટે શરૂ થયેલ મહાગુજરાત ચળવળના પરિણામ સ્વરૂપ1, મે, 1960ના રોજ ગુજરાતને સ્વતંત્ર રાજ્યનો દરજ્જો મળ્યો જેની સ્થાપના લોક સેવક રવિશંકર મહારાજનો હસ્તે હિરજન આશ્રમ (સાબરમતી આશ્રમ) ખાતે કરાઇ હતી. નવા બનેલ ગુજરાત રાજ્યમાં ગુજરાતી ભાષા બોલનાર તળ ગુજરાત, સૌરાષ્ટ્ર અને

કચ્છનો સમાવેશ કરાયો હતો. નવા બનેલા આ રાજ્યની પહેલી રાજધાની અમદાવાદ હતી અને પછી 1970માં નવા બનેલા શહેર ગાંધીનગરમાં તેને ખસેડવામા આવી હતી.

રાજ્યના ભૌગોલિક પરિચયની માહિતી મેળવીએ તો જણાય છે કે ભારતના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગુજરાત રાજ્યની ઉત્તર-દક્ષિણ લંબાઇ આશરે 390 કિ.મી. અને પૂર્વ-પશ્ચિમ પહોળાઇ આશરે 500કિ.મી. જેટલી છે. રાજ્યનો ભૌગોલિક વિસ્તાર આશરે 196024 ચોરસ કિ.મી. છે. જે ભારતના ભૌગોલિક વિસ્તારના 5.97% જેટલો છે. ગુજરાત રાજ્ય એ 20.1 થી 24.7 ઉત્તર આક્ષાંશ અને 68.4 થી 74.4 પૂર્વ રેખાંશની વચ્ચે આવેલું છે. રાજ્યનો ભૂમિપ્રદેશ (1) ઉત્તર ગુજરાત (2) મધ્ય ગુજરાત (3) દક્ષિણ ગુજરાત અને (4) સૌરાષ્ટ્ર અને કચ્છ – એજ ચાર વિભાગમાં વહેંચાયેલો છે. આજ પ્રમાણે ગુજરાતનું ભૂપૃષ્ઠ પાંચ વિભાગમાં વહેંચાય છે. જેમાં (1) મધ્ય પ્રદેશ (2) ડુંગરાળ પ્રદેશ (3) ઉચ્ચ પ્રદેશ (4) રણ પ્રદેશ અને (5) દરિયા કિનારાના પ્રદેશોનો સમાવેશ થાય છે.

ગુજરાતની ઉત્તરે રાજસ્થાન, પૂર્વે મધ્યપ્રદેશ અને દક્ષિણે મહારાષ્ટ્ર રાજ્ય આવેલા છે તેમજ વાયવ્ય સીમાએ પાકિસ્તાન દેશ આવેલો છે. આ જ રીતે દક્ષિણ –પશ્ચિમ સરહદે અરબી સમુદ્ર આવેલો છે. રાજ્યની આબાહવા એકંદરે ગરમ છે.

ગુજરાતની વસ્તી 2011ના વસ્તી ગણતરી અહેવાલ મુજબ 6.04 કરોડ છે. રાજ્યમાં વાર્ષિક વસ્તી વૃદ્ધિદર 1.77 છે તથા પ્રતિ ચોરસ કિ.મી. એ વસ્તી ગીચતા 308ની છે. આજ પ્રમાણે શિક્ષણનું પ્રમાણ 78% છે તથા વ્યાવસાયગત માળખું જોઇએ તો 49.6 લોકો ખેતીક્ષેત્ર સાથે તથા 51.4% એ ઉદ્યોગ અને સેવાક્ષેત્ર સાથે સંકળાયેલા છે.

વર્તમાનમાં રાજ્યમાં 33 જિલ્લા, 252 તાલુકા, 348 નગરો અને 18225 ગામડાઓનો સમાવેશ થાય છે.

## 15.4 ગુજરાત રાજ્યની વસ્તી વિષયક માહિતી :

### 15.4.1 વસ્તીનો અર્થ :

વસ્તી એટલે કોઇ એક ચોક્કસ વિસ્તારમાં ચોક્કસ સમયે રહેતા લોકોનું પ્રમાણ. (દા.ત. 2021માં ગુજરાતના ભૌગોલિક વિસ્તારમાં રહેતા માણસોની સંખ્યા એ ગુજરાતની વસ્તી કહેવાય.)

કોઇ એક ચોક્કસ વિસ્તારમાં રહેતા પુરુષો, સ્ત્રીઓ અને બાળકોની કુલ સંખ્યા એટલે વસ્તી.

કોઈ એક ભૌગોલિક સ્થળે ચોક્કસ સમયે વસતા માણસોની સંખ્યા એટલે વસ્તી.

### 15.4.2 ગુજરાત રાજ્યમાં વસ્તી વિષયક વલણો :

#### 15.4.2.1 વસ્તી અને વસ્તીવૃદ્ધિનો દર :

ભારતની વર્ષ 2011ની વસ્તી ગણતરી મુજબ કુલ વસ્તી 121.0 કરોડ હતી. જે પૈકી 62.33 કરોડ પુરુષો તથા 58.76 કરોડ સ્ત્રીઓ હતી. જ્યારે ગુજરાત રાજ્યની વસ્તી 6.04 કરોડ હતી. જે પૈકી 3.15કરોડ પુરુષો અને 2.89 કરોડ સ્ત્રીઓ હતી. જેમાં 3.47 કરોડ ગ્રામીણ વસ્તી અને 2.57 કરોડ શહેરી વસ્તી હતી. આ સંદર્ભે કોષ્ટક-1 માં ગુજરાતના વસ્તી વિષયક વલણો જોતાં જણાય છે કે ……

કોષ્ટક -1

ગુજરાતની વસ્તી અને વસ્તી વૃધ્ધિનો દર

| વર્ષ | ગુજરાતની કુલ વસ્તી (લાખમાં) | ગુજરાતની વસ્તી વૃધ્ધિનો દર (ટકા) |
|---|---|---|
| 1901 | 91 | - |
| 1911 | 98 | 7.79 |
| 1921 | 102 | 3.79 |
| 1931 | 115 | 12.92 |
| 1941 | 137 | 19.25 |
| 1951 | 163 | 18.69 |
| 1961 | 206 | 26.88 |
| 1971 | 267 | 29.39 |
| 1981 | 341 | 27.67 |
| 1991 | 413 | 21.19 |
| 2001 | 507 | 22.66 |
| 2011 | 604 | 19.30 |

સ્રોત : સામાજિક આર્થિક સમીક્ષા – ગુજરાત રાજ્ય.

વર્ષ 1901 થી વર્ષ 2011 સુધી રાજ્યની વસ્તીમાં સતત વધારો થતો ગયો છે. જો કે દશકીય વસ્તીવૃદ્ધિદરમાં અનિયમીત રીતે ફેરફાર થતા રહ્યા છે. અહીં 1921નું વર્ષ કે જેને ભારતની વસ્તીના સંદર્ભમાં મહાવિભાજક વર્ષ કહે છે. (કારણ કે આ વર્ષે દેશની કુલ વસ્તીમાં દુષ્કાળ, રોગચાળો) વગેરેથી ઘટાડો થયો હતો તથા દશકાનો વૃદ્ધિદર પણ નકારાત્મક હતો. તે વર્ષે ગુજરાતનો દાયકાનો વસ્તી વૃદ્ધિ દર પણ 3.79 જેટલો નજીવો રહ્યો હતો. એ પછી દશકીય વસ્તી વૃદ્ધિદર ક્રમશઃ ઘટાડાની શરૂઆત થઇ છે છેલ્લે 2011માં અગાઉના દશકાની સરખામણીએ તે 3.4% ઘટીને તે 19.3% થયો છે. જે રાજ્યની વસ્તી નિયંત્રણ સંદર્ભે હકારાત્મક સંકેત છે.

સામાન્ય રીતે કોઇ દેશ, પ્રદેશ કે રાજ્યમાં વસ્તીના કદને તથા વસ્તી વૃધ્ધિના દરને અસર કરતાં મુખ્ય બે પરિબળો જન્મદર અને મૃત્યુદર છે. આ ઉપરાંત સ્થળાંતર પણ વસ્તીને અસર કરે છે માટે હવે આપણે જન્મદર અને મૃપ્યુદર અને સ્થળાંતરનો ખ્યાલ મેળવીશું.

અહીં ગુજરાતમાં વસ્તીવૃદ્ધિ અને તે સંદર્ભિત ફેરફારો માટે નીચેના પરિબળો જવાબદાર છે.

1. ઊંચો જન્મદર
2. નીચો મૃતયુદર (જન્મદરની સરખામણીમાં નીચો મરણદર) અને
3. વસ્તીનું સ્થળાંતર

15.4.2.2 જન્મદર અને મૃત્યુદરના વલણો :

જન્મદર એ વસ્તી સાથે સંકળાયેલા અત્યંત મહત્ત્વનું પરિબળ છે. જન્મદર દ્વારા આપણને વસ્તીમાં કેટલો વધારો થયો છે તે જાણી શકીયે છીએ. જન્મદર એટલે દર 1000ની વસ્તીએ વર્ષ દરમિયાન જન્મતા જીવીત બાળકોનું પ્રમાણ બીજા અર્થમાં એક દેશ કે રાજ્યમાં કોઇ એક ચોક્કસ સમય દરમિયાન દર 1000 બાળકોએ જન્મતાં

જીવિત બાળકોની સંખ્યાને જન્મદર Birthrate કહેવામાં આવે છે.જેને નીચેના સૂત્ર દ્વારા ગણી શકાય.

$$\text{જન્મદર} = \frac{\text{એક વર્ષ દરમિયાન જીવિત બાળકોની સંખ્યા}}{\text{કુલ વસ્તી}} \times 1000$$

મૃત્યુદર :

વસ્તીશાસ્ત્રમાં જેટલું જન્મદરનું મહત્ત્વ છે. તેટલું જ મહત્ત્વ મૃત્યુદરનું પણ રહેલુ છે. જેવી રીતે જન્મદર દ્વારા વસ્તીમાં થતો વધારો જાણી શકાય છે. તેવી રીતે મૃત્યુદર દ્વારા દેશમાં કે રાજ્યની વસ્તીમાં કેટલો ઘટાડો થાય છે તે જાણી શકાય છે. મૃત્યુદર એટલે દર 1000 વ્યક્તિએ મૃત્યુ પામતા લોકોનું પ્રમાણ બીજા અર્થમાં કોઇ પણ દેશ કે રાજ્ય કે પ્રદેશની કુલ વસ્તીમાં વર્ષ દરમિયાન દર 1000 વસ્તી દીઠ મરણ પામતાં વ્યક્તિઓની સંખ્યા જેને નીચેના સૂત્રથી ગણી શકાય.

$$\text{મૃત્યુદર} = \frac{\text{એક વર્ષ દરમિયાન મૃત્યુ પામતા લોકોની સંખ્યા}}{\text{કુલ વસ્તી}} \times 1000$$

જે- તે પ્રદેશના જન્મદર અને મૃત્યુદર તથા તેના વલણોને આધારે તે પ્રદેશની વસ્તી વિષયક સ્થિતિ શું છે તથા ભવિષ્યમાં વસ્તી વધશે, ઘટશે કે સ્થિર રહેશે તે અંગે એક હદ સુધી અનુમાન કરી શકાય છે. આ સંદર્ભે ગુજરાતની સ્થિતિ કોષ્ટક -૨ ને આધારે જોતાં જણાય છે

કોષ્ટક -2

ગુજરાતમાં જન્મદર અને મૃત્યુદરના વલણો

| વર્ષ | ગુજરાત રાજ્ય | |
|---|---|---|
| | જન્મદર | મૃત્યુદર |
| 1971 | 40.0 | 16.4 |
| 1981 | 34.5 | 12.0 |
| 1991 | 27.5 | 8.5 |
| 2001 | 24.9 | 7.8 |
| 2011 | 21.8 | 6.7 |
| 2017 | 19.9 | 6.2 |

સ્રોત : સામાજિક આર્થિક સમીક્ષા ગુજરાત અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ, ગુજરાત રાજ્ય

1960-61 થી 2019 સુધી ગુજરાતમાં જન્મદર અને મૃત્યુદરમાં સતત ઘટાડો થતો જોવા મળે છે. જો કે સમગ્ર સમયગાળા દરમિયાન જન્મદર સાપેક્ષરીતે ઊંચો રહ્યો છે. જેથી રાજ્યની વસ્તી સતત વધતી ગઇ છે. સામાન્યરીતે જન્મદર અને મૃત્યુદર વચ્ચેનો તફાવત વસ્તીવૃધ્ધિ નક્કી કરતું મહત્ત્વનુ પરિબળ છે. ગુજરાતમાં જન્મદર વધારે જોવા મળે છે. જયારે મૃત્યુદર નીચો જોવા મળે છે. આ સંદર્ભે જાણવું જરૂરી બને કે કેમ ઊંચો જન્મદર અને નીચો મૃત્યુદર જોવા મળે છે.

★ ઉંચા જન્મદર માટેના કારણો :

1. ગરીબી/નબળી આર્થિક સ્થિતિ
2. નાની વયે થતાં લગ્ન
3. લગ્નની સાર્વત્રિક પ્રથા
4. ધાર્મિક અને સામાજિક માન્યતાઓમાં દૃઢ શ્રદ્ધા
5. સંયુક્ત કુટુંબ પ્રથા
6. શિક્ષણનું નીચું પ્રમાણ તથા સ્ત્રી શિક્ષણનું પણ નીચું પ્રમાણ
7. ગરમ આબોહવાના કારણે ઝડપથી આવેથી જાતીય પુખ્તતા
8. ગ્રામિણ અને અશિક્ષિત વર્ગમાં કુટુંબ નિયોજનનો ઓછો સ્વીકાર

★ નીચા મૃત્યુદર માટેના કારણો :

1. દુષ્કાળ અને રોગચાળાની નાબૂદી
2. જીવન ધોરણમાં સુધારો
3. સ્ત્રીના શિક્ષણમાં અને રોજગારીમાં વધારો
4. દવાઓ અને શસ્ત્રક્રિયાઓ સંદર્ભિત નવા સંશોધનો
5. તબીબી સેવાઓનું વિસ્તરણ

★ વસ્તી વધારાની આર્થિક વિકાસ પર પડતી અસરો

1. માથાદીઠ આવકનું નીચું પ્રમાણ
2. ભૂમિ(જમીન) પર વસ્તીનું વધતું જતું દબાણ
3. બેરોજગારીની સંખ્યામાં વધારો/રોજગારક્ષેત્રે વધતું ભારણ
4. ગરીબીમાં વધારો
5. અનઉત્પાદક વયજુથમાં વધારો
6. વસ્તીની ગુણવત્તામાં ઘટાડો
7. જરૂરી વસ્તુઓની ઓછી પ્રાપ્યતા
8. બિન ઉત્પાદકીય મૂડીરોકાણમાં વધારો
9. જીવનજરૂરી પાયાની વસ્તુઓની કિંમતા વધારો (ભાવ વધારો)
10. આયાતમાં વધારો અને નિકાસમાં ઘટાડો
11. નીચું જીવન ધોરણ
12. ગંદા વસવાટો/ઝૂપડપટ્ટીમાં વધારો
13. પર્યાવરણીય સંસ્થાઓ

15.4.2.3 શહેરીકરણ/ગ્રામ્ય-શહેરી સ્થળાંતર સંદર્ભિત સ્થિતિ :

કોષ્ટક -3

શહેરીકરણ સંદર્ભિત સ્થિતિ

| ગુજરાતમાં શહેરી અને ગ્રામીણ વસ્તી | | |
|---|---|---|
| વર્ષ | ગ્રામિણ | શહેરી |
| 1961 | 74.2 | 25.8 |
| 1971 | 71.9 | 28.1 |
| 1981 | 68.9 | 31.1 |
| 1991 | 65.5 | 34.5 |
| 2001 | 62.6 | 37.4 |
| 2011 | 57.4 | 42.6 |

સ્રોત : સામાજિક અને આર્થિક સમીક્ષા ૨૦૧૫થી ૧૯ અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માનવવસ્તીનું એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં થતું સ્થળાંતર એ પણ જે તે પ્રદેશની વસ્તીના કદ, બંધારણ તથા અર્થતંત્રને અસર કરે છે. આ સંદર્ભે જોઇએ તો કોષ્ટક 3 પરથી જાણવા મળે છે કે ગુજરાત રાજ્યનો જેમ જેમ વિકાસ થતો ગયો છે. તેમ તેમ ગ્રામિણ વસ્તીનું પ્રમાણ સાપેક્ષ રીતે ઘટતું જાય છે અને શહેરી વસ્તીનું પ્રમાણ સાપેક્ષ રીતે વધતુ જાય છે. અહીં 2001ની સરખામણીએ 2011માં ગ્રામીણ વસ્તી વૃદ્ધિદર એ 9.3% છે. જયારે શહેરી વસ્તીવૃધ્ધિદર 36% છે. આમ, ગુજરાતમાં શહેરીકરણનો દર ખૂબ વધુ છે. ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં થતું વસ્તીનું સ્થળાંતર એટલે કે શહેરીકરણ એ ગુજરાતમાં ઝડપથી થઇ રહ્યું છે. તે શહેરી પ્રભુત્વવાળું રાજ્ય બનવા જઇ રહ્યું છે.

★ શહેરીકરણ થવાના કારણો :

1. શહેરી વિસ્તારમાં રોજગારીની વધારે તક
2. શહેરી વિસ્તારમાં તબીબી અને વાહનવ્યવહારની વધારે સગવડ
3. શહેરી વિસ્તારમાં શિક્ષણની સેવાઓની વધુ પ્રમાણમાં ઉપલબ્ધ
4. શહેરી વિસ્તારમાં મનોરંજનની વધારે સુવિધાઓ
5. ગ્રામિણ પરંપરાગત રૂઢીચુસ્ત વાતાવરણમાંથી મુક્તિ
6. અન્ય રાજયો માંથી રાજ્યમાં આર્થિક સામાજિક કારણોસર આવતા લોકોનું
7. વધેલું પ્રમાણ ( દા.ત. ગુજરાતના શહેરોમાં ઉત્તર ભારત, બંગાળ, મહારાષ્ટ્રના
8. ઘણાં લોકો રોજગારી કે અન્ય કારણોસર વસી રહ્યા છે.

## 15.4.2.4 જિલ્લાવાર વસ્તીનું પ્રમાણ અને વસ્તી વૃધ્ધિદર :

કોષ્ટક -4

ગુજરાત રાજ્યમાં જિલ્લાવાર વસ્તીનું કદ (2001 અને 2011)

| ક્રમ 2011 મુજબ | જીલ્લા | વસ્તી 2011 | રાજ્યની કુલ વસ્તીમાં % હિસ્સો 2011 | વસ્તી 2001 | રાજ્યની કુલ વસ્તીમાં % હિસ્સો 2001 |
|---|---|---|---|---|---|
| 1 | અમદાવાદ | 7,208,200 | 11.94 | 5,893,164 | 11.63 |
| 2 | સુરત | 6,079,231 | 10.07 | 4,275,540 | 8.44 |
| 3 | વડોદરા | 4,157,568 | 6.89 | 3,641,802 | 7.19 |
| 4 | રાજકોટ | 3,799,770 | 6.29 | 3,169,881 | 6.26 |
| 5 | બનાસકાંઠા | 3,116,045 | 5.16 | 2,504,244 | 4.94 |
| 6 | ભાવનગર | 2,877,961 | 4.77 | 2,469,630 | 4.87 |
| 7 | જૂનાગઢ | 2,742,291 | 4.54 | 2,448,173 | 4.83 |
| 8 | સાબરકાંઠા | 2,427,346 | 4.02 | 2,082,531 | 4.11 |
| 9 | પંચમહાલ | 2,388,267 | 3.96 | 2,025,277 | 4.00 |
| 10 | ખેડા | 2,298,934 | 3.81 | 2,037,894 | 4.02 |
| 11 | જામનગર | 2,159,130 | 3.58 | 1,904,278 | 3.76 |
| 12 | દાહોદ | 2,126,558 | 3.52 | 1,636,433 | 3.23 |
| 13 | કચ્છ | 2,090,313 | 3.46 | 1,583,225 | 3.12 |
| 14 | આણંદ | 2,090,276 | 3.46 | 1,856,872 | 3.66 |
| 15 | મહેસાણા | 2,027,727 | 3.46 | 1,844,856 | 3.64 |
| 16 | સુરેન્દ્રનગર | 1,755,873 | 2.91 | 1,515,148 | 2.99 |
| 17 | વલસાડ | 1,703,068 | 2.82 | 1,410,553 | 2.78 |
| 18 | ભરૂચ | 1,550,822 | 2.57 | 1,370,656 | 2.71 |
| 19 | અમરેલી | 1,513,614 | 2.51 | 1,393,918 | 2.75 |
| 20 | ગાંધીનગર | 1,387,478 | 2.30 | 1,237,168 | 2.44 |
| 21 | પાટણ | 1,342,746 | 2.22 | 1,182,709 | 2.33 |
| 22 | નવસારી | 1,330,711 | 2.20 | 1,182,709 | 2.43 |
| 23 | તાપી | 806,489 | 1.34 | 719,634 | 1.42 |
| 24 | નર્મદા | 590,379 | 0.98 | 514,404 | 1.02 |
| 25 | પોરબંદર | 586,062 | 0.97 | 536,835 | 1.06 |
| 26 | ડાંગ | 226,769 | 0.38 | 186,729 | 0.37 |

સ્રોત : સામાજિક આર્થિક સમીક્ષા-ગુજરાત રાજ્ય ગુ.અર્થ અને આંકડાશાસ્ત્ર વિભાગ

www. censusindia.gov.in

જિલ્લાવાર વસ્તીના આધારે રાજ્ય કે પ્રદેશના કયા વિસ્તારમાં વસ્તીનું પ્રમાણ કેવું છે તથા તેમાં કેવા પરિવર્તનો થઇ રહ્યા છે તે જાણી શકાય છે. જેનાં આધારે એકમલક્ષી આયોજનમાં મદદ મળે છે. આ સંદર્ભે કોઠા નં 4 જોતાં જણાય છે કે વર્ષ :2011માં રાજ્યની કુલ વસ્તીમાં 11.4% હિસ્સો ધરાવવા સાથે અમદાવાદ પ્રથમ ક્રમે છે. જયારે 0.38% સાથે ડાંગ છેલ્લા ક્રમે છે.

આજ પ્રમાણે ઉપરોક્ત કોષ્ટક પરથી જાણવા મળે છે કે, વર્ષ 2001 અને 2011

માં રાજ્યની કુલ વસ્તીમાં અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જિલ્લાની વસ્તી અનુક્રમે 33% અને 35% હિસ્સો ધરાવતી હતી. બીજી બાજુ આજગાળામાં કુલ વસ્તીમાં તાપી નર્મદા, પોરબંદર અને ડાંગ જિલ્લાની વસ્તીનો હિસ્સો અનુક્રમે 3.67% અને 3.87% છે. અર્થાત વિસ્તાર અનુસાર વસ્તીમાં મોટી અસમતુલા છે.

કોષ્ટક 5

જિલ્લાવાર વસ્તી વૃદ્ધિદરમાં આવેલ પરિવર્તન

| ક્રમ | જિલ્લા | વર્ષ | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 1901-11 | 1911-21 | 1921-31 | 1931-41 | 1941-51 | 1951-61 | 1961-71 | 1971-81 | 1981-91 | 1991-01 | 2001-11 |
| 1 | ગુજરાત | 7.79 | 3.79 | 12.92 | 19.25 | 18.69 | 26.88 | 29.39 | 27.67 | 21.19 | 22.66 | 19.3 |
| 2 | કચ્છ | 5.21 | 5.63 | 7.42 | -2.42 | 11.76 | 22.70 | 22.02 | 23.58 | 20.22 | 25.40 | 32.03 |
| 3 | બ.કાંઠા | -4.26 | 5.36 | 8.27 | 14.96 | 26.90 | 29.24 | 27.35 | 32.10 | 30.87 | 26.38 | 24.43 |
| 4 | પાટણ | -1.02 | 7.70 | 10.33 | 13.56 | 20.35 | 25.51 | 25.66 | 23.41 | 12.17 | 14.16 | 13.53 |
| 5 | મહેસાણા | -0.37 | 8.25 | 10.61 | 13.45 | 19.05 | 20.04 | 28.05 | 20.90 | 17.41 | 12.08 | 9.91 |
| 6 | સા.કાઠા | 13.32 | 10.23 | 18.69 | 17.15 | 19.39 | 34.29 | 29.29 | 26.49 | 17.23 | 18.25 | 16.56 |
| 7 | ગાંધીનગર | 1.38 | 7.63 | 10.70 | 21.84 | 22.69 | 19.11 | 35.53 | 28.78 | 21.67 | 21.73 | 12.15 |
| 8 | અમદાવાદ | 5.19 | 6.80 | 10.99 | 38.65 | 28.64 | 33.01 | 37.15 | 34.01 | 24.95 | 27.25 | 22.31 |
| 9 | સુરેન્દ્રનગર | 12.39 | 2.12 | 9.92 | 12.32 | 17.99 | 30.97 | 27.51 | 22.32 | 16.89 | 25.34 | 15.89 |
| 10 | રાજકોટ | 17.92 | -0.65 | 15.73 | 17.83 | 16.27 | 29.94 | 34.39 | 28.88 | 20.12 | 26.08 | 19.87 |
| 11 | જામનગર | 2.12 | 0.01 | 18.31 | 21.71 | 19.13 | 34.29 | 34.15 | 25.35 | 12.24 | 21.79 | 13.38 |
| 12 | પોરબંદર | 10.68 | 7.90 | 18.13 | 26.24 | 13.66 | 25.03 | 30.84 | 20.28 | 10.23 | 14.35 | 9.17 |
| 13 | જુનાગઢ | 10.42 | 7.22 | 17.85 | 25.82 | 13.74 | 26.67 | 33.99 | 28.79 | 15.29 | 17.07 | 12.01 |
| 14 | અમરેલી | 7.62 | -0.70 | 14.35 | 20.76 | 14.96 | 24.37 | 25.69 | 26.37 | 14.97 | 6.50 | 8.59 |
| 15 | ભાવનગર | 7.83 | -1.85 | 14.13 | 21.68 | 15.88 | 26.01 | 25.44 | 34.76 | 23.13 | 19.31 | 16.53 |
| 16 | આણંદ | -2.00 | 1.57 | 8.79 | 18.97 | 20.66 | 20.37 | 22.44 | 23.42 | 13.39 | 13.04 | 12.57 |
| 17 | ખેડા | -1.98 | 1.61 | 8.80 | 18.99 | 20.68 | 24.86 | 25.39 | 22.60 | 14.81 | 13.32 | 12.81 |
| 18 | પંચમહાલ | 29.29 | 16.35 | 19.01 | 15.06 | 19.55 | 28.02 | 24.52 | 24.28 | 22.34 | 20.39 | 17.92 |
| 19 | દાહોદ | 29.29 | 16.35 | 19.01 | 15.06 | 19.55 | 32.96 | 27.91 | 27.51 | 34.60 | 28.44 | 29.95 |
| 20 | વડોદરા | 18.05 | 8.32 | 16.38 | 19.02 | 15.92 | 26.09 | 29.96 | 29.58 | 21.07 | 19.87 | 14.16 |
| 21 | નર્મદા | 15.05 | 2.49 | 13.79 | 19.35 | 11.25 | 29.78 | 27.39 | 20.14 | 19.85 | 14.47 | 14.77 |
| 22 | ભરૂચ | 14.60 | 1.53 | 13.33 | 19.41 | 10.40 | 22.41 | 22.93 | 15.35 | 18.36 | 19.37 | 13.14 |
| 23 | ડાંગ | 57.78 | -16.54 | 38.74 | 20.13 | 17.51 | 51.36 | 31.60 | 20.68 | 26.77 | 26.59 | 21.44 |
| 24 | નવસારી | 6.94 | 0.38 | 9.94 | 20.64 | 18.66 | 18.53 | 24.52 | 24.18 | 19.34 | 13.24 | 8.24 |
| 25 | વલસાડ | 6.94 | 0.38 | 9.94 | 20.64 | 18.66 | 24.59 | 26.70 | 24.17 | 25.87 | 29.65 | 20.74 |
| 26 | સુરત | 6.94 | 0.38 | 9.94 | 20.64 | 18.66 | 25.80 | 35.01 | 47.83 | 41.00 | 54.30 | 42.19 |
| 27 | તાપી | 6.94 | 0.38 | 9.94 | 20.64 | 18.66 | 25.49 | 39.00 | 15.40 | 18.75 | 14.78 | 12.07 |

સ્રોત : સામાજિક- આર્થિક સમીક્ષા અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નોંધ : 2001 ની વસ્તીગણતરી સમયના જિલ્લા છે. જેમાં નવા બનેલા જિલ્લાઓનો પ્રદેશ આવી જાય છે.

આજ પ્રમાણે જિલ્લાવાર વસ્તીવૃધ્ધિદર જોઇએ તો ઉપરોક્ત કોષ્ટક પરથી જાણવા મળે છે કે વર્ષ 2011માં સુરત, કચ્છ, દાહોદ, બનાસકાંઠા અને અમદાવાદનો વસ્તી વૃદ્ધિદર અનુક્રમે 42.19, 32.03, 29.95, 24.43 અને 22.31 ટકા છે. જે સાપેક્ષ રીતે ખૂબ ઊંચો છે, તો આજ સમયગાળામાં એટલે કે 2011માં નવસારી, અમરેલી,

પોરબંદર અને મહેસાણાનો વસ્તી વૃદ્ધિદર અનુક્રમે 8.24, 8.59, 9.17 અને 9.91 ટકા હતો. અર્થાત રાજ્યમાં જિલ્લાવાર વસ્તી વૃદ્ધિદરમાં મોટા તફાવત છે. જેનું કારણ કુદરતી વસ્તીવૃદ્ધિદર સાથે સ્થળાંતર જેવાં પરિબળો છે.

15.4.2.5 બાળમૃત્યુદર :

જેવી રીતે જન્મદર અને મૃત્યુદર વસ્તી શાસ્ત્ર માટે અગત્યના ખ્યાલ છે. તેવી જ રીતે બાળ મૃત્યુદર પણ અગત્યનો ખ્યાલ છે. મૃત્યુદર એટલે દર એક હજાર લોકોએ મૃત્યુ પામતાં લોકોનું પ્રમાણ. જયારે બાળ મૃત્યુદર એટલે કોઇ એક દેશ કે પ્રદેશ કે રાજ્યમાં દર એક હજાર બાળકોએ એક વર્ષની ઉંમર પૂરી કરતાં પહેલા મૃત્યુ પામતા બાળકોની સંખ્યા બીજી રીતે કહીએ તો બાળ મૃત્યુદર એટલે દર એક હજાર જન્મ લેતા જીવિત બાળકો પૈકી એક વર્ષની ઉંમર પૂરી કરે તે પહેલા મૃત્યુ પામતા બાળકોની સંખ્યા. આ બાળમૃત્યુદર એ જન્મદરને પણ અસર કરે છે. કુદરતી પ્રેરણા તથા સામાજિક- ધાર્મિક માન્યતાઓને લીધે દંપતિ પોતાનો વંશ વધારવા ઈચ્છતા હોય છે. આ સંજોગોમાં બાળમૃત્યુનો ઉંચોદર અને વધુ બાળકો પેદા કરવાની પ્રેરણા આપે છે. આ સંદર્ભે

કોષ્ટક -6

ગુજરાતમાં બાળમૃત્યુદર

| વર્ષ | બાળમૃત્યુદર |
|---:|---:|
| 1971 | 144 |
| 1981 | 116 |
| 1991 | 69 |
| 2001 | 60 |
| 2011 | 44 |
| 2017 | 30 |

સ્રોત :સામાજિક આર્થિક સમીક્ષા ગુજરાત રાજ્ય

ગુજરાતની સ્થિતિ જોઈએ તો કોષ્ટક-6માં આપણને જોવા મળે છે કે વર્ષ 1971માં રાજ્યમાં બાળમૃત્યુદર 144 હતો તે સતત ઘટતો જઇ વર્તમાનમાં 30 થયો છે. અર્થાત ગુજરાતની સ્થાપના થઇ ત્યારથી ગુજરાતમાં બાળમૃત્યુદર સતત ઘટતો જોવા મળે છે. જેણે રાજ્યનો જન્મદર ઘટાડવામાં પણ હકારાત્મક ભૂમિકા ભજવી છે. અહીં બાળમૃત્યુદર ઘટવા પાછળ દુષ્કાળ અને રોગચાળાની નાબૂદી જીવનધોરણમાં સુધારો, સ્ત્રી શિક્ષણમાં વધારો તથા તબીબી સેવાઓનું વિસ્તરણ તેમજ આરોગ્યક્ષેત્રે થયેલ સંશોધનો જવાબદાર છે.

15.4.2.6 કુલ વસ્તીમાં 0.6 વર્ષના બાળકોનું પ્રમાણ :

કોષ્ટક -7

| ક્રમ | જિલ્લા | કુલ વસ્તીમાં 0-6 વર્ષના બાળકોનું પ્રમાણ % માં | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | 2001 | | | 2011 | | |
| | | P | M | F | P | M | F |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | ગુજરાત | 15 | 16 | 13 | 13 | 14 | 12 |
| 2 | કચ્છ | 16 | 17 | 14 | 15 | 16 | 13 |
| 3 | બ.કાઠા | 19 | 19 | 15 | 16 | 17 | 13 |
| 4 | પાટણ | 16 | 17 | 13 | 14 | 14 | 11 |
| 5 | મહેસાણા | 14 | 15 | 12 | 12 | 12 | 11 |
| 6 | સા.કાઠા | 16 | 16 | 13 | 14 | 15 | 12 |
| 7 | ગાંધીનગર | 14 | 15 | 12 | 12 | 13 | 11 |
| 8 | અમદાવાદ | 13 | 16 | 12 | 12 | 14 | 11 |
| 9 | સુરેન્દ્રનગર | 16 | 17 | 13 | 14 | 15 | 11 |
| 10 | રાજકોટ | 13 | 14 | 12 | 11 | 12 | 11 |
| 11 | જામનગર | 14 | 15 | 13 | 12 | 13 | 12 |
| 12 | પોરબંદર | 14 | 15 | 13 | 11 | 12 | 11 |
| 13 | જુનાગઢ | 15 | 16 | 14 | 13 | 14 | 12 |
| 14 | અમરેલી | 14 | 15 | 13 | 11 | 12 | 11 |
| 15 | ભાવનગર | 16 | 18 | 14 | 13 | 14 | 12 |
| 16 | આણંદ | 14 | 14 | 12 | 12 | 13 | 11 |
| 17 | ખેડા | 15 | 15 | 12 | 13 | 13 | 11 |
| 18 | પંચમહાલ | 17 | 17 | 14 | 15 | 15 | 13 |
| 19 | દાહોદ | 20 | 21 | 15 | 19 | 20 | 14 |
| 20 | વડોદરા | 13 | 15 | 12 | 12 | 14 | 10 |
| 21 | નર્મદા | 16 | 16 | 10 | 13 | 14 | 10 |
| 22 | ભરૂચ | 14 | 15 | 13 | 11 | 12 | 11 |
| 23 | ડાંગ | 20 | 20 | - | 18 | 19 | 11 |
| 24 | નવસારી | 12 | 12 | 11 | 10 | 10 | 10 |
| 25 | વલસાડ | 15 | 15 | 13 | 13 | 13 | 12 |
| 26 | સુરત | 14 | 14 | 14 | 12 | 11 | 12 |
| 27 | તાપી | 14 | 14 | 12 | 11 | 11 | 11 |

સ્રોત : સામાજિક આર્થિક સમીક્ષા ગુજરાત રાજ્ય 2017-18

કુલ વસ્તીમાં બાળકોના પ્રમાણને આધારે ભવિષ્યમાં ઉત્પાદકીય વસ્તી અને બિન ઉત્પાદકીય વસ્તીમાં કેવા ફેરફાર થશે તથા ભવિષ્યમાં વસ્તીનું પ્રમાણ કેવું હશે. તેનો અંદાજ બાંધી શિક્ષણ, આરોગ્ય, આર્થિકપ્રવૃત્તિ વગેરેનું આયોજન થઇ શકે છે. આ સંદર્ભમાં કોષ્ટક નં. 7 ને જોતાં જણાય છે કે વર્ષ 2001માં કુલ વસ્તીમાં 0-6 વર્ષના બાળકોનું પ્રમાણ 15% હતું. જે 2011માં 13% થયું છે જે દર્શાવે છે કે ભવિષ્યમાં રાજ્યનો વસ્તીવૃદ્ધિદર ઘટવાની સંભાવના છે. આજ પ્રમાણે જિલ્લાવાર જોઇએ તો

વર્ષ 2011માં દાહોદ જિલ્લામાં કુલ વસ્તીમાં 0-6 વર્ષના બાળકોનું પ્રમાણ 19% હતું. જયારે સૌથી ઓછું નવસારી જિલ્લામાં 10% હતું.

15.4.2.7 વસતી ગીચતા સંદર્ભિત સ્થિતિ :

આપણે જોઇએ છીએ કે કોઇ એક પ્રદેશ કે વિસ્તારમાં ખુબ વધારે વસ્તી જોવા મળે છે, જયારે બીજી બાજુ એવા પ્રદેશ પણ જોવા મળે છે કે જયાં વસ્તીનું પ્રમાણ ખુબ ઓછું હોય છે. આ અંતર્ગત જોઇએ તો કોઇ એક દેશમાં વસ્તી કેવી રીતે વહેંચાયેલી જોવા મળે છે તેનો ખ્યાલ વસ્તી ગીચતા પરથી પ્રાપ્ત થાય છે. આમ, કોઇ એક ચોક્કસ પ્રદેશ અને તે પ્રદેશમાં કુલ કેટલી વસ્તી રહે છે તેને વસ્તી ગીચતા કહેવામાં આવે છે. બીજા અર્થમાં પ્રતિચોરસ કિલોમીટરે વસ્તીના કુલ પ્રમાણને વસ્તીગીચતા કહેવામાં આવે છે.

$$\text{વસ્તી ગીચતા} = \frac{\text{કુલ વસ્તી}}{\text{કુલ જમીન}}$$

કોષ્ટક -8

ગુજરાતમાં વસ્તીગીચતાના વલણો

| વર્ષ | વસ્તી ગીચતા (દર ચોરસ કિલોમીટર) |
|---|---|
| 1961 | 110 |
| 1971 | 136 |
| 1981 | 174 |
| 1991 | 211 |
| 2001 | 258 |
| 2011 | 308 |

સ્રોત : સામાજિક આર્થિક સમીક્ષા 2018-19 ગુજરાત અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ ગુજરાત રાજય

ઉપરોકત કોષ્ટક નં. 8 પરથી જાણવા મળે છે કે, ગુજરાત રાજયમાં પ્રતિ વર્ષે જેમ જેમ વસ્તી વધતી જાય છે તેમ તેમ વસ્તીગીચતા પણ વધતી જાય છે. કારણ કે કુલ જમીનના પ્રમાણમાં કોઇ વધારો કરી શકાતો નથી. અહીં અગાઉ જોઇ ગયા તેમ ગુજરાતમાં જન્મદર ઊંચો અને મૃત્યુદર નીચો છે. જેથી વસ્તીવૃધ્ધિનો દર ફળદ્રુપતા, આબોહવા તથા વરસાદ ઉદ્યોગોનો વિકાસ, પાણી, ઉર્જા, પરિવહન, સંદેશાવ્યવહાર, શિક્ષણ, આરોગ્ય, ઔધ્યોગીકરણ, રોજગારીની તકો, શહેરીકરણ તેમજ અદ્યતન ટેકનોલોજીથી આર્થિક વિકાસ કેવો થયો છે. તેના પર રહેલો છે. સામાન્ય રીતે નદી કાંઠો, ફળદ્રુપ જમીનો, વગેરે વિસ્તારોમાં વસ્તીનું પ્રમાણ વધુ તથા એની સાપેક્ષ જીવન જયાં હાડમારી ભર્યું છે એવા વિસ્તારો જેવા કે ડુંગરોવાળા વિસ્તારો વગેરેમાં વસ્તીનું પ્રમાણ ઓછું છે.

કોષ્ટક -9

ગુજરાતમાં જિલ્લાવાર વસ્તી ગીચતા

| ક્રમ 2011 | જિલ્લા | વસ્તી ગીચતા | |
|---|---|---|---|
| | | 2011 | 2001 |
| 1 | 2 | 3 | 4 |
| 1 | સુરત | 1376 | 968 |
| 2 | અમદાવાદ | 890 | 727 |
| 3 | આણંદ | 711 | 631 |
| 4 | ગાંધીનગર | 660 | 589 |
| 5 | નવસારી | 602 | 557 |
| 6 | દાહોદ | 582 | 448 |
| 7 | વલસાડ | 561 | 465 |
| 8 | વડોદરા | 551 | 482 |
| 9 | ખેડા | 541 | 479 |
| 10 | મહેસાણા | 462 | 421 |
| 11 | પંચમહાલ | 458 | 389 |
| 12 | રાજકોટ | 339 | 283 |
| 13 | સાબરકાંઠા | 328 | 282 |
| 14 | જૂનાગઢ | 310 | 277 |
| 15 | બનાસકાંઠા | 290 | 233 |
| 16 | ભાવનગર | 288 | 247 |
| 17 | પોરબંદર | 255 | 234 |
| 18 | તાપી | 249 | 222 |
| 19 | ભરૂચ | 238 | 210 |
| 20 | પાટણ | 234 | 206 |
| 21 | નર્મદા | 214 | 187 |
| 22 | અમરેલી | 205 | 188 |
| 23 | સુરેન્દ્રનગર | 167 | 144 |
| 24 | જામનગર | 153 | 135 |
| 25 | ડાંગ | 129 | 106 |
| 26 | કચ્છ | 46 | 35 |

સ્ત્રોત :સામાજિક આર્થિક સમીક્ષા- ગુજરાત રાજ્ય, www.censusindia.gov.in

ગુજરાતમાં પ્રાદેશિક વસ્તીગીચતા જોઈએ તો ઉપરોક્ત કોઠા નં. 9 પરથી જોવા મળે છે કે સૌથી વધુ વસ્તી ગીચતા સુરત, અમદાવાદ, આણંદ અને ગાંધીનગર જેવા મોટા અને વિકાસતા જિલ્લાઓમાં જોવા મળે છે. જયારે સૌથી ઓછી વસ્તી ગીચતા ડાંગ અને કચ્છ જેવાં ઓછા વિકસતા જિલ્લાઓમાં જોવા મળે છે વળી, એ પણ જોઈ શકાય છે કે દાયકા દરમિયાન દરેક જિલ્લામાં વત્તા-ઓછા અંશે વસ્તી ગીચતા વધી છે.

ગુજરાતના સંદર્ભમાં જોઈએ તો કોષ્ટક નં. 9 ને જોતા જણાય છે કે પ્રમાણમાં મેદાની અને પાણી તથા આંતરમાળખાની વધુ સુવિધા ધરાવતા મધ્ય અને દક્ષિણ ગુજરાતના સુરત, અમદાવાદ, આણંદ, ગાંધીનગર, નવસારી, વલસાડ, વડોદરા અને ખેડામાં વસ્તી ગીચતા સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓ કરતા વધુ છે.

15.4.2.8 જાતિ પ્રમાણ/સ્ત્રી પુરુષ અનુપાત :

સામાન્ય રીતે કોઇ એક દેશમાં સ્ત્રીઓ અને પુરુષોનું પ્રમાણ એક સરખું જોવા મળતું નથી. પરંતુ તેમાં મોટા તફાવતો હોય તે જે તે જાતિ પ્રત્યે પૂર્વગ્રહ અને સામાજિક દુર્લક્ષ બતાવે છે. આવુ દુર્લક્ષ મહદંશે સ્ત્રીઓ તરફ રખાય છે. જે તંદુરસ્ત સમાજના હિતમાં નથી. આ સંદર્ભમાં જોઇએ તો ભારતમાં જાતિ પ્રમાણને વસ્તી ગણતરીના નિયમો મુજબ દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા દ્વારા માપવામાં આવે છે. આમ, દેશની વસ્તીમાં પ્રતિ હજાર પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યાને જાતિ પ્રમાણ તરીકે ઓળખવામાં આવે છે. આ સંદર્ભે ગુજરાતની સ્થિતિ જોઇએ તો

કોષ્ટક -10

| વર્ષ | જાતિ પ્રમાણ |
|---|---|
| 1961 | 940 |
| 1971 | 934 |
| 1981 | 942 |
| 1991 | 934 |
| 2001 | 920 |
| 2011 | 918 |

સ્રોત : સામાજિક-આર્થિક સમીક્ષા ગુજરાત રાજ્ય

કોષ્ટક -10 માં જોઇ શકાય છે કે ગુજરાત રાજ્યની સ્થાપના થઇ ત્યારે 1961માં જાતિ પ્રમાણ 940 હતું જે ધીમે ધીમે ઘટતું ગયું છે અને વર્ષ 2011ની વસ્તી ગણતરી મુજબ માત્ર 918 જોવા મળે છે. આ સંદર્ભે જિલ્લાવાર આંકડા તપાસીએ તો તે રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં જાતિ પ્રમાણ કેવું છે તેનો ખ્યાલ આપે છે. અહીં

જિલ્લા વાર સ્ત્રી- પુરુષનું પ્રમાણ

| ક્રમ | જિલ્લા | જાતિ પ્રમાણ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 1901 | 1911 | 1921 | 1931 | 1941 | 1951 | 1961 | 1971 | 1981 | 1991 | 2001 | 2011 |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |
| 1 | ગુજરાત | 954 | 946 | 944 | 945 | 941 | 952 | 940 | 934 | 942 | 934 | 920 | 918 |
| 2 | કચ્છ | 995 | 1034 | 1059 | 1066 | 1095 | 1079 | 1041 | 1012 | 999 | 964 | 942 | 908 |
| 3 | બ.કાઠા | 925 | 921 | 919 | 934 | 948 | 951 | 947 | 941 | 947 | 934 | 930 | 938 |
| 4 | પાટણ | 951 | 944 | 949 | 967 | 968 | 971 | 956 | 957 | 963 | 944 | 932 | 935 |
| 5 | મહેસાણા | 956 | 948 | 955 | 973 | 971 | 1003 | 974 | 961 | 974 | 951 | 927 | 926 |
| 6 | સા.કાઠા | 996 | 982 | 994 | 964 | 967 | 973 | 954 | 965 | 976 | 965 | 947 | 952 |
| 7 | ગાંધીનગર | 952 | 935 | 923 | 943 | 913 | 992 | 961 | 936 | 943 | 935 | 913 | 9203 |
| 8 | અમદાવાદ | 947 | 913 | 864 | 889 | 825 | 836 | 852 | 863 | 888 | 897 | 892 | 904 |
| 9 | સુરેન્દ્રનગર | 968 | 934 | 957 | 964 | 956 | 958 | 943 | 941 | 934 | 921 | 924 | 930 |
| 10 | રાજકોટ | 970 | 978 | 984 | 974 | 977 | 988 | 963 | 947 | 947 | 946 | 930 | |
| 11 | જામનગર | 968 | 981 | 982 | 991 | 988 | 986 | 952 | 942 | 949 | 949 | 941 | 939 |
| 12 | પોરબંદર | 956 | 964 | 962 | 960 | 962 | 1001 | 962 | 952 | 967 | 960 | 946 | |
| 13 | જુનાગઢ | 955 | 963 | 962 | 960 | 962 | 976 | 949 | 933 | 954 | 960 | 955 | 953 |
| 14 | અમરેલી | 952 | 952 | 950 | 956 | 955 | 974 | 959 | 957 | 980 | 985 | 987 | 964 |
| 15 | ભાવનગર | 947 | 947 | 943 | 949 | 947 | 955 | 936 | 944 | 954 | 944 | 937 | 933 |
| 16 | આણંદ | 897 | 865 | 872 | 875 | 896 | 906 | 890 | 880 | 905 | 912 | 910 | 925 |
| 17 | ખેડા | 897 | 866 | 872 | 875 | 896 | 918 | 914 | 907 | 924 | 924 | 923 | |
| 18 | પંચમહાલ | 975 | 958 | 951 | 931 | 938 | 922 | 925 | 930 | 942 | 934 | 938 | 949 |
| 19 | દાહોદ | 975 | 958 | 951 | 931 | 938 | 954 | 954 | 964 | 984 | 976 | 985 | |
| 20 | વડોદરા | 914 | 905 | 904 | 902 | 899 | 914 | 906 | 900 | 915 | 913 | 919 | 934 |
| 21 | નર્મદા | 953 | 935 | 937 | 918 | 927 | 938 | 952 | 961 | 954 | 947 | 949 | 961 |
| 22 | ભરૂચ | 960 | 940 | 943 | 921 | 932 | 946 | 945 | 944 | 938 | 925 | 921 | 925 |
| 23 | ડાંગ | 938 | 887 | 888 | 848 | 848 | 877 | 913 | 946 | 970 | 983 | 987 | 1006 |
| 24 | નવસારી | 992 | 990 | 988 | 982 | 977 | 1041 | 1030 | 1002 | 975 | 958 | 955 | 961 |
| 25 | વલસાડ | 992 | 990 | 988 | 982 | 977 | 1001 | 1005 | 992 | 989 | 957 | 920 | 922 |
| 26 | સુરત | 992 | 990 | 988 | 982 | 977 | 973 | 967 | 943 | 908 | 882 | 810 | 787 |
| 27 | તાપી | 992 | 990 | 988 | 982 | 977 | 959 | 972 | 957 | 989 | 987 | 996 | 1009 |

સ્ત્રોત : સામાજિક આર્થિક સમીક્ષા 2017-18 અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ, ગુજરાત રાજ્ય- ગાંધીનગર.

કોષ્ટક નં. 11પરથી જાણવા મળે છે કે વર્ષ 1901થી 2011 દરમિયાન ગુજરાત રાજયના વિવિધ જિલ્લાઓમાં સ્ત્રી પુરુષ પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે. જેમાં ડાંગ અને તાપી જિલ્લાઓમાં પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યા વધારે જોવા મળે છે. જયારે બાકીના જિલ્લાઓમાં પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છે. જેમાં સૌથી ઓછી સુરતમાં 787 છે અને ગાંધીનગરમાં 923 છે. આજ રીતે 0-6 વર્ષના બાળકોમાં જાતિ પ્રમાણ કેવું છે એના આધારે ભવિષ્યની સામાજિક સંરચના કેવી હશે તે સંદર્ભે એક સંકેત મળે છે. આ અનુસંધાને કોષ્ટક નંબર ૧૨ પરથી જાણવા મળે છે કે 1961 થી 2011 દરમિયાન ગ્રામિણ વિસ્તારની સરખામણીમાં શહેરી વિસ્તારોમાં પુરુષોની સાપેક્ષ સ્ત્રીઓની સંખ્યા ઓછી છે. જેનું એક કારણ કહેવાતા વિકસિત અને શિક્ષિત સમાજમાં સ્ત્રીઓ પ્રત્યેના હિન ભાવ સોનોગ્રાફિનો દુરઉપયોગ કરી થતી સ્ત્રીભૃણ હત્યા પણ છે.

કોષ્ટક નં. 13

વિસ્તારવાર જાતિ પ્રમાણ : 2011

| ક્રમ | જિલ્લાનું નામ | % વસ્તી | | | જાતિપ્રમાણ | | | બાળ જાતિપ્રમાણ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગ્રામિણ | શહેરી | કુલ | ગ્રામિણ | શહેરી | કુલ | ગ્રામિણ | શહેરી |
| | ભારત | 68.84 | 31.16 | 940 | 947 | 926 | 914 | 919 | 902 |
| | ગુજરાત | 57.42 | 42.58 | 918 | 947 | 880 | 886 | 906 | 852 |
| 1 | કચ્છ | 65.28 | 34.72 | 907 | 910 | 900 | 913 | 917 | 904 |
| 2 | બ.કાંઠા | 86.73 | 13.27 | 936 | 940 | 915 | 890 | 895 | 844 |
| 3 | પાટણ | 79.07 | 20.93 | 935 | 938 | 923 | 884 | 889 | 961 |
| 4 | મહેસાણા | 74.65 | 25.35 | 925 | 932 | 906 | 845 | 860 | 794 |
| 5 | સા.કાંઠા | 85.04 | 14.96 | 950 | 954 | 933 | 899 | 905 | 853 |
| 6 | ગાંધીનગર | 56.79 | 43.21 | 920 | 936 | 901 | 847 | 859 | 830 |
| 7 | અમદાવાદ | 15.95 | 84.05 | 903 | 932 | 898 | 859 | 888 | 852 |
| 8 | સુરેન્દ્રનગર | 71.7 | 28.3 | 929 | 938 | 907 | 889 | 899 | 856 |
| 9 | રાજકોટ | 41.88 | 58.12 | 924 | 946 | 908 | 854 | 870 | 842 |
| 10 | જામનગર | 55.04 | 44.96 | 938 | 949 | 924 | 898 | 911 | 880 |
| 11 | પોરબંદર | 51.23 | 48.77 | 947 | 954 | 940 | 894 | 902 | 886 |
| 12 | જુનાગઢ | 66.95 | 33.05 | 952 | 953 | 951 | 904 | 909 | 886 |
| 13 | અમરેલી | 74.51 | 25.49 | 964 | 970 | 947 | 879 | 885 | 860 |
| 14 | ભાવનગર | 58.99 | 41.01 | 931 | 952 | 901 | 885 | 899 | 861 |
| 15 | આણંદ | 69.68 | 30.32 | 921 | 918 | 927 | 877 | 875 | 883 |
| 16 | ખંડા | 77.24 | 22.76 | 937 | 937 | 934 | 887 | 894 | 859 |
| 17 | પંચમહાલ | 86 | 14 | 945 | 948 | 928 | 923 | 828 | 892 |
| 18 | દાહોદ | 91.01 | 8.99 | 986 | 989 | 959 | 937 | 940 | 900 |
| 19 | વડોદરા | 50.46 | 49.54 | 934 | 945 | 922 | 894 | 920 | 860 |
| 20 | નર્મદા | 89.56 | 10.44 | 960 | 961 | 652 | 637 | 940 | 893 |
| 21 | ભરૂચ | 65.93 | 34.07 | 924 | 936 | 901 | 914 | 926 | 889 |
| 22 | ડાંગ | 89.11 | 10.89 | 1007 | 1003 | 1040 | 963 | 965 | 932 |
| 23 | નવસારી | 39.26 | 30.74 | 961 | 982 | 917 | 921 | 945 | 872 |
| 24 | વલસાડ | 62.77 | 37.23 | 926 | 975 | 850 | 926 | 941 | 898 |
| 25 | સુરત | 20.32 | 79.68 | 788 | 922 | 757 | 836 | 922 | 817 |
| 26 | તાપી | 90.21 | 9.79 | 1004 | 1009 | 957 | 944 | 948 | 904 |

સ્ત્રોત : સામાજિક આર્થિક સમીક્ષા – ગુજરાત રાજ્ય

www.censusindia.gov.in

વિશેષમાં જિલ્લાવાર 0-6 વર્ષના બાળકોનું જાતિ પ્રમાણએ વિસ્તાર અનુસાર જાતિ અનુપાત એકમલક્ષી કક્ષાએ સ્પષ્ટ કરે છે. અહીં કોષ્ટક નં. 13 પરથી જાણવા મળે છે કે વર્ષ : 2011 માં ગ્રામિણ વિસ્તારની સરખામણીમાં શહેરી વિસ્તારોમાં પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છે. જેમાં ખાસ કરીને કહેવાતા વિકસતા જિલ્લાઓની સરખામણીમાં ઓછા વિકસતા જિલ્લાઓમાં સ્ત્રીઓની સમાનતા સંદર્ભે પૂર્વગ્રહ ધરાવતા જિલ્લાઓને વિકસિત ઘણી શકાય ખરા?

15.4.2.9 સાક્ષરતા દર :

કોઇ પણ એક દેશના ઝડપી વિકાસનો આધાર તથા ભાવી વિકાસનો આધાર તે દેશની પ્રજાએ કેટલું શિક્ષણ મેળવ્યું છે તેના પર રહેલો છે. સાક્ષરતા એટલે વ્યક્તિ

વ્યક્તિ એક ભાષામાં લખી શકે અને વાંચી શકવાની ક્ષમતા. ભારતના બંધારણ મુજબ 15 વર્ષ કે તેથી વધુ વય ધરાવનાર વ્યક્તિ કોઇ એક ભાષા લખી શકે, બોલી શકે કે સમજી શકે તેને સાક્ષર વ્યક્તિ તરીકે ઓળખવામાં આવે છે. સાક્ષરતા દર નીચેના સૂત્ર દ્વારા ગણી શકાય.

સાક્ષરતાનું પ્રમાણ = L/P x 100 જયાં

L = સાક્ષર વ્યક્તિઓની સંખ્યા

P = કુલ વસ્તીનું પ્રમાણ

ઉપરોકત ચર્ચાના સંદર્ભમાં ગુજરાતમાં સાક્ષરતાની સ્થિતિ જોઇએ તો

કોષ્ટક -14

ગુજરાતમાં સાક્ષરતાના તારણો

| વર્ષ | કુલ વસ્તી | પુરુષ | સ્ત્રી |
|---|---|---|---|
| 1951 | 21.82 | 30.32 | 12.87 |
| 1961 | 31.47 | 42.49 | 19.74 |
| 1971 | 36.95 | 47.60 | 25.56 |
| 1981 | 44.92 | 55.95 | 33.20 |
| 1991 | 61.29 | 73.13 | 48.64 |
| 2001 | 69.14 | 79.66 | 57.80 |
| 2011 | 78.31 | 85.23 | 70.73 |

સ્રોત :www.censusindia.gov.in

નોંધ :1971થી 0-5વર્ષ જયારે 1981 થી 0-7 વર્ષને ધ્યાનમાં લીધેલ છે.

ઉપરોકત કોષ્ટક પરથી જાણવા મળે છે કે ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ 1961માં 31.47% હતું જે વર્તમાન સમયમાં 78.31% જોવા મળે છે. જયારે સ્ત્રીઓ 19.74 પ્રમાણ ક્રમશઃ 70.73 અર્થાત ગુજરાતમાં સમયની સાથે કુલ સાક્ષરતાદર, પુરુષ સાક્ષરતા અને કુલ સાક્ષરતાદર વધ્યો છે. જો કે સ્ત્રી કરતાં પુરુષ સાક્ષરતા દર સાપેક્ષ રીતે ઊંચો છે.

કોષ્ટક -15

જિલ્લા અનુસાર કુલ અને જાતિવાર શિક્ષણનું પ્રમાણ (વર્ષ : 2001 થી 2011)

| ક્રમ | જિલ્લા | સાક્ષરતા દર | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ વસ્તી | | પુરુષ | | સ્ત્રી | |
| | | 2001 | 2011 | 2001 | 2011 | 2001 | 2011 |
| ★ | ગુજરાત | 69.14 | 79.31 | 79.66 | 87.23 | 57.80 | 70.73 |
| 1 | કચ્છ | 59.79 | 71.58 | 70.39 | 80.60 | 48.59 | 61.62 |
| 2 | બ.કાંઠા | 50.97 | 66.39 | 66.47 | 79.45 | 34.40 | 52.58 |
| 3 | પાટણ | 60.36 | 73.47 | 73.63 | 84.28 | 46.33 | 62.01 |
| 4 | મહેસાણા | 75.24 | 84.26 | 86.21 | 91.88 | 63.69 | 76.12 |
| 5 | સા.કાંઠા | 66.65 | 76.60 | 80.42 | 87.45 | 52.30 | 65.29 |
| 6 | ગાંધીનગર | 75.93 | 85.78 | 87.35 | 93.59 | 63.65 | 77.37 |
| 7 | અમદાવાદ | 79.62 | 86.65 | 87.40 | 92.44 | 70.98 | 80.29 |
| 8 | સુરેન્દ્રનગર | 61.61 | 73.19 | 74.19 | 83.47 | 48.10 | 62.20 |
| 9 | રાજકોટ | 76.16 | 82.20 | 82.61 | 88.67 | 65.20 | 75.26 |
| 10 | જામનગર | 66.48 | 74.40 | 76.25 | 82.35 | 56.18 | 65.97 |
| 11 | પોરબંદર | 68.62 | 76.63 | 78.36 | 84.56 | 58.42 | 68.32 |
| 12 | જુનાગઢ | 67.78 | 76.88 | 78.74 | 85.80 | 56.43 | 67.59 |
| 13 | અમરેલી | 66.09 | 74.49 | 76.44 | 81.82 | 55.78 | 66.97 |
| 14 | ભાવનગર | 66.20 | 76.84 | 78.02 | 86.15 | 53.73 | 66.92 |
| 15 | આણંદ | 74.51 | 85.79 | 86.09 | 92.23 | 61.94 | 77.76 |
| 16 | ખેડા | 71.90 | 84.31 | 85.97 | 93.40 | 56.80 | 74.67 |
| 17 | પંચમહાલ | 60.92 | 72.32 | 75.91 | 84.07 | 44.94 | 59.95 |
| 18 | દાહોદ | 45.15 | 60.60 | 58.88 | 72.14 | 31.28 | 49.02 |
| 19 | વડોદરા | 70.76 | 81.21 | 80.04 | 87.59 | 60.73 | 74.40 |
| 20 | નર્મદા | 59.86 | 73.29 | 72.44 | 82.60 | 46.61 | 63.62 |
| 21 | ભરૂચ | 74.41 | 83.03 | 82.98 | 88.80 | 65.11 | 76.79 |
| 22 | ડાંગ | 59.65 | 76.80 | 70.68 | 84.98 | 48.51 | 68.75 |
| 23 | નવસારી | 75.83 | 87.78 | 82.77 | 90.06 | 68.61 | 79.30 |
| 24 | વલસાડ | 69.15 | 80.94 | 77.90 | 86.48 | 59.62 | 74.96 |
| 25 | સુરત | 77.62 | 86.65 | 83.83 | 91.05 | 69.87 | 81.02 |
| 26 | તાપી | 57.05 | 69.23 | 66.23 | 76.86 | 47.91 | 61.69 |

સ્ત્રોત : સામાજિક-આર્થિક સમીક્ષા – ગુજરાત રાજ્ય

www.censusindia.gov.in

ઉપરોક્ત કોષ્ટક- 15 પરથી જાણવા મળે છે કે ગુજરાતમાં સ્ત્રીઓના શિક્ષણની જિલ્લાવાર કુલ સાક્ષરતા દર પુરુષ સાક્ષરતા દર અને સ્ત્રી સાક્ષરતા દરમાં મોટા તફાવત રહેલા છે. જો કે સમાન બાબત એ છે કે સ્ત્રીઓના શિક્ષણની સરખામણીમાં પુરુષોના શિક્ષણનું પ્રમાણ વધારે જોવા મળે છે.

15.4.2.10 વયજૂથ બંધારણ :

કોઇ એક દેશમાં કેટલા બાળકો, વડીલો, (વૃધ્ધો) અને યુવાનો આવેલા છે તેનું પ્રમાણ વસ્તીના વયજૂથ દ્વારા જાણી શકાય છે. વયજુથ બંધારણનો અભ્યાસ દેશના વિકાસ માટે મહત્ત્વનો છે. કારણ કે વયજુથ બંધારણનો અભ્યાસ કરવાથી દેશમાં

ઉત્પાદકીય વસ્તી એટલે કે ૧૫ થી ૫૯ વર્ષની અને બિન ઉત્પાદકીય વસ્તી કેટલી છે તે જાણી શકાય છે. જેના આધારે જે તે પ્રદેશ કે દેશનો આર્થિક વિકાસ કેવો હશે તથા ડેમોગ્રાફિક્સ ડિવિડન્ડ મળવાની સંભાવના કેવી છે તેની જાણકારી મળે છે.

કોષ્ટક નં. 17

રાજ્યમાં વયજૂથ સંદર્ભિત સ્થિતિ

| બિન ઉત્પાદકીય વસ્તીનું પ્રમાણ (0-14વર્ષ અને ૫૯થી ઉપરની ઉંમરવાળી વસ્તી) | ઉત્પાદકીય વસ્તીનું પ્રમાણ (15 થી 59 વર્ષની વસ્તી) |
|---|---|
| 36.8% | 63. 2% |

સ્ત્રોત : સામાજિક- આર્થિક સમીક્ષા : 2018-19,

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

આ સંદર્ભમાં જોઈએ તો ગુજરાતમાં ઉત્પાદકીય વસ્તીનું પ્રમાણ 36.8% અને બિન ઉત્પાદકીય કે કામ કરી શકે તેવી વસ્તીનું પ્રમાણ 63.2 છે.અહીં કહી શકાય કે રાજ્યમાં કામ કરી શકે તેવી ઉત્પાદકીય વસ્તીનું પ્રમાણ વધુ હોવાથી રાજ્યો યોગય આયોજન કરી ડેમોગ્રાફિક ડિવિડન્ડ મેળવી શકે તેમ છે.

15.4.2.11 પ્રજનન દર :

સામાન્ય રીતે દેશમાં વૃધ્ધિને અસર કરતુ અગત્યનું અને મહત્ત્વનું પરિબળ પ્રજનન દર છે. પ્રજનન દર એટલે 14 થી 45 વર્ષના વયજુથમાં આવેલી સ્ત્રીઓ ધ્વારા જન્મતા જીવિત બાળકોની સરેરાશ સંખ્યા અન્ય રીતે કહીએ તો કોઇ એક વર્ષ દરમિયાન ગર્ભાધાનને યોગ્ય ઉંમર ધરાવતી એક હજાર પરણિત સ્ત્રીઓ દીઠ જેટલાં બાળકો જન્મ ધારણ કરે છે તે સંખ્યાને પ્રજનન દર કહે છે. અહીં પ્રજનન દર અને જન્મદર બંને એક જેવું જ લાગે છે પરંતુ બંને અલગ અલગ છે.

કોષ્ટક -18

| વર્ષ | ગુજરાતમાં પ્રજનન દર |
|---|---|
| 1961 | - |
| 1971 | 5.6 |
| 1981 | 4.3 |
| 1991 | 3.1 |
| 2001 | 2.9 |
| 2011 | 2.5 |

સ્ત્રોત :સામાજિક- આર્થિક સમીક્ષા : 2018-19,

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ઉપરોક્ત કોષ્ટ નં. 18 પરથી જાણવા મળે છે કે ગુજરાત રાજ્યમાં સમયની સાથે પ્રજનનદર ઘટતો જોવા મળે છે. જેનું કારણ સુધરતું જીવન ધોરણ અને શિક્ષણમાં વધારો, કુટુંબ નિયોજન સંદર્ભે જાગૃત્તિ, સ્ત્રીઓની આર્થિક પ્રવૃત્તિઓમાં વધતી ભાગીદારી વગેરે છે.

પ્રજનનદરને લોકોની આર્થિક સ્થિતિ, શિક્ષણનું પ્રમાણ કુટુંબ વ્યવસ્થા સંદર્ભિત સ્થિતિ,શહેરીકરણનું પ્રમાણ, સ્ત્રીઓની આર્થિક પ્રવૃત્તિઓમાં ભાગીદારી, આરોગ્ય સગવડો સંદર્ભિત સ્થિતિ તથા સામાજિક ધાર્મિક માન્યતાઓ અસર કરે છે. સામાન્ય રીતે ગ્રામીણ વિસ્તારો, નિરક્ષરતાનું ઊંચુ પ્રમાણ, સંયુક્ત કુટુંબ વ્યવસ્થા, સ્ત્રી શિક્ષણનું નીચું પ્રમાણ, આરોગ્યની અલ્પ સગવડો, સામાજિક-ધાર્મિક માન્યતાઓમાં દઢ શ્રધ્ધા વગેરે ઊંચા પ્રજનન દર માટે જવાબદાર છે. જયારે આથી વિપરીત સ્થિતિમાં પ્રજનન દર નીચો જાય છે.

15.4.2.12 આયુષ્ય દર :

નાના બાળકોના જન્મ સમયે તે બાળક કેટલા વર્ષનું આયુષ્ય ભોગવી શકશે તેની જે અપેક્ષા કરવામાં આવે છે તેને અપેક્ષિત સરેરાશ આયુષ્ય દર કહેવામાં આવે છે. ભારત અને ગુજરાતમાં ઉત્તરોત્તર અપેક્ષિત આયુષ્યનો દર વધતો ગયો છે. આયુષ્યના દરનો આધાર મરણ દર પર રહેલો છે. જેમ મૃત્યુદરનું પ્રમાણ ઓછું તેમ અપેક્ષિત આયુષ્યનું પ્રમાણ વધારે. આ સંદર્ભમાં ગુજરાતની સ્થિતિ તપાસીએ તો જણાય છે કે વર્તમાનમાં (2012-16) રાજ્ય સરેરાશ આયુષ્ય કે ઉંમર 69.5 છે. જેમાં પુરુષનું 67.4 વર્ષ અને સ્ત્રીનું 71.8 વર્ષ છે. અર્થાત ગુજરાત સરેરાશ આયુષ્યના સંદર્ભમાં ભારત કરતા ઊંચુ સ્થાન ધરાવે છે.

અહીં ગુજરાતમાં સરેરાશ અપેક્ષિત આયુષ્યનું પ્રમાણ ધીમે-ધીમે વધતું જાય છે. તેનું મુખ્ય કારણ દેશ અને રાજયમાં જીવન ધોરણમાં સુધારો, તબીબી સેવાઓનું વિસ્તરણ આરોગ્ય સંબંધિત જાગૃત્તિ, તબીબી ક્ષેત્રે થયેલા સંશોધનો વગેરે ને લીધે મૃત્યુદરમાં થયેલો ઘટાડો છે.

15.4.2.13 ગુજરાત સરકારના નીતિ વિષયક આદર્શ સૂત્રો

| દશક | સુત્રો |
|---|---|
| 1961-70 | બે પછી હમણાં નહિ, ત્રણ પછી કદી નહિ |
| 1971-80 | અમે બે, અમારા બે |
| 1981-90 | અમે બે, અમારા એક અથવા બે |
| 1991-2000 | અમે બે, અમારું એક |
| 2001-2010 | ખુબ ભણો, ખુબ કમાઓ, મોડા લગ્ન કરો, સ્વસ્થ રહો, નાનું કુટુંબ રાખો અને સુખી થાઓ. |

## 15.5 સારાંશ :

ટૂંકમાં ગુજરાતની વસ્તી વિષયક સ્થિતિ જોઇએ તો રાજયની વસ્તી વર્ષ 2011ના વસ્તી ગણતરી અહેવાલ મુજબ 6.04કરોડ છે. તથા વસ્તી ગીચતા પ્રતિ ચો.કિમી. 308 છે. આ જ પ્રમાણે દાયકાનો વસ્તીવૃધ્ધિદર દર 19.3% છે. તથા શહેરીકરણનું પ્રમાણ 42.6% છે. વિશેષમાં વર્ષ 2001ની સરખામણીમાં કુલ સાક્ષરતા દર વધીને 78.31%, પુરુષ સાક્ષરતા દર 85.23 અને સ્ત્રી સાક્ષરતાદર 70.73 થયો છે. જયારે દર એક હજાર પુરુષે સ્ત્રીનું પ્રમાણ 918 છે. રાજયમાં જન્મદર 19.9 મૃત્યુદર 6.2 અને બાળ મૃત્યુદર 30 છે. જયારે પ્રજનન દર 2.2 તથા સરેરાશ આયુષ્ય 69.5 વર્ષ છે. આજ પ્રમાણે ઉત્પાદકીય વસ્તી 63.2% અને બિનઉત્પાદકીય વસ્તી 36.8% છે.

## 15.6 ચાવીરૂપશબ્દો :

- વસ્તી : વસ્તી એટલે કોઇ એક ચોક્કસ વિસ્તારમાં ચોક્કસ સમયે રહેતા લોકોનું પ્રમાણ
- જન્મદર : હર એક હજારની વસ્તીએ વર્ષ દરમિયાન જન્મતા જીવીત બાળકોનું પ્રમાણ એટલે જન્મદર
- મૃત્યુદર : દર એક હજારની વસ્તીએ વર્ષ દરમિયાન મૃત્યું પામતા લોકોની સંખ્યા એટલે મૃત્યુદર
- બાળમૃત્યુદર : દર એક હજાર જન્મલેતા જીવિત બાળકો પૈકી એક વર્ષની ઉંમર પૂરી કરે તે પહેલા મૃત્યુ પામતા બાળકોની સંખ્યા
- વસ્તીગીચતા : કોઇ દેશ કે પ્રદેશના પ્રતિ ચોરસ કિલોમીટરે રહેતી વસ્તીના સરેરાશ પ્રમાણને વસ્તી ગીચતા કહે છે.
- જાતિ પ્રમાણ (પ્રતિ હજાર પુરુષે સ્ત્રીનું પ્રમાણ/લિંગ અનુપાત : પ્રતિ હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા એટલે જાતિ પ્રમાણ
- સાક્ષરતા દર : વસ્તીના ચોક્કસ વયજૂથમાં કોઇ એક ભાષા લખી શકે અને વાંચી શકે તેવા લોકોનું પ્રમાણ એટલે સાક્ષરતા દર
- વય જૂથ બંધારણ : કોઇ દેશ કે પ્રદેશની વસ્તીનું વય અનુસાર જુદા જુદા ભાગોમાં વિભાગીકરણ (વહેંચણી) એટલે વય જૂથ બંધારણ (દા.ત : 0-14નું વસ્તીજૂથ, 15 થી 59નું વસ્તીજૂથ અને 60 થી ઉપરનું વસ્તીજૂથ)
- ઉત્પાદકીય વસ્તી : દેશ કે પ્રદેશની કામ કરી શકે તેવી વસ્તીને ઉત્પાદકીય વસ્તી કહે છે. આમ સામાન્ય રીતે ૧૫ થી ૫૯ વર્ષની વસ્તીનો સમાવેશ થાય છે.
- બિનઉત્પાદકીય વસ્તી : દેશની વસ્તીનો જે ભાગ ચીજવસ્તુ કે સેવાનો વપરાશ તો કરે છે પણ કોઇ ઉત્પાદન કાર્યમાં જોડાયેલો નથી તેને બિન ઉત્પાદકીય વસ્તી કહે છે. દા.ત. 0 થી 14 અને 60 થી વધુ ઉંમરની વ્યક્તિઓ આમાં બાળકો, વૃદ્ધો અશક્તો વગેરેનો સમાવેશ થાય છે.
- પ્રજનન દર : જે તે પ્રદેશની સ્ત્રીઓ દ્વારા તેના પ્રજોત્પતિકાળ દરમિયાન સરેરાશ જન્મતા બાળકોનું પ્રમાણ એટલે પ્રજનન દર
- સરેરાશ આયુષ્ય/અપેક્ષિત આયુષ્ય : કોઇ દેશ કે પ્રદેશના લોકો સરેરાશ કેટલું જીવી શકશે તેનુ અનુમાન એટલે સરેરાશ આયુષ્ય
- વસ્તી વૃદ્ધિદર : 1. દસ વર્ષના સમયગાળામાં વસ્તીમાં થયેલ ટકાવારી ફેરફારનો દર એટલે દશકીય વસ્તીવૃદ્ધિદર 2. વર્ષના સમયગાળામાં વસ્તીમાં થયેલ/થનાર ટકાવારી ફેરફારનો દર એટલે વાર્ષિક વસ્તી વૃદ્ધિદર

## 15.7 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

1. ઊંચા જન્મદર માટેના કારણો જણાવો.
2. નીચા મૃત્યુદર માટેના કારણો આપો.
3. ચહેરીકરણ થવાના કારણો લખો.
4. વસ્તીવધારાની અસરો જણાવો.
5. ગુજરાતની વસ્તીની રૂપરેખા ટૂંકમાં સમજાવો.

6. વસ્તી, જન્મદર, મૃત્યુદર, બાળમૃત્યુદર, શહેરીકરણની વ્યાખ્યા જણાવો.

(ખ) નીચેની ખાલી જગ્યાઓના જવાબ આપો.

1. ગુજરાત રાજ્યમાં વસ્તીની ગીચતા દર ચો.કિ.મી. એ --------------- છે.
   (320, 308, 290)
2. ગુજરાત રાજ્યમાં શહેરીકરણનું પ્રમાણ ------------% છે.
   (42,29,27)
3. ગુજરાતમાં સાક્ષરતા દર ---------------ટકા છે.
   (70,78,85)
4. ગુજરાતમાં વર્ષ 2011ની વસ્તીગણતરી મુજબ વસ્તીનો દશકીય વૃદ્ધિદર ---------------% છે.
   (19.3, 29.4, 7.8)
5. ગુજરાતમાં કુલ વસ્તી --------------રહી છે અને વસ્તીવૃદ્ધિદર ------------- રહ્યો છે.
   (વધી, ઘટી, વધી, ઘટી, સ્થિર)
6. ગુજરાતમાં જન્મદર -------------રહ્યો છે.
   (વધી, ઘટી, સ્થિર)

## 15.8 સંદર્ભ સૂચિ :


1. ભટ્ટ બી.કે. (2014) ''વસ્તી શાસ્ત્ર'' પોપ્યુલર પ્રકાશન
2. જોશી આર.સી. (2018) ભારતીય અર્થતંત્રની સમસ્યાઓ પોપ્યુલર પ્રકાશન
3. સામાજિક-આર્થિક સમીક્ષા (2016) ગુજરાત સરકાર
4. સામાજિક-આર્થિક સમીક્ષા (2017) ગુજરાત સરકાર
5. સામાજિક-આર્થિક સમીક્ષા (2018) ગુજરાત સરકાર
6. સામાજિક-આર્થિક સમીક્ષા (2019) ગુજરાત સરકાર
7. www. censuindia.gov.in
8. Census of India : Provisional Population Totals Paper-1 (India/States/UTs)
9. http: www.censuindia.gov.in/-2011 prov-results/paper-2 prov results paper2_guj.html
10. http://www.censuindia.gov.in/-2011prov-results/prov-results/prov-data-products-gujarat.html
11. https://gujaratindia.gov.in/state-profile-dempgraphy.htm
12. http://censuindia.gov.in


★ **ખાલી જગ્યાના જવાબ**

(1) 308 (2) 42 (3)78 (4) 19.3 (5)વધી, ઘટી (6)ઘટી

એકમ 16

# શહેરીકરણ અને આર્થિક વિકાસ

## રૂપરેખા


16.0 ઉદ્દેશો

16.1 પ્રસ્તાવના

16.2 શહેરની વ્યાખ્યા

16.3 શહેરીકરણ

- 16.3.1 શહેરીકરણનો અર્થ
- 16.3.2 શહેરીકરણનાં કારણો
- 16.3.3 શહેરીકરણની અસરો

16.4 શહેરો, શહેરીકરણ અને આર્થિક વિકાસ

16.5 સારાંશ

16.6 ચાવીરૂપ શબ્દો

16.7 તમારી પ્રગતિ ચકાસો

16.8 સંદર્ભ વાચન

16.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 16.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી, તમે

- શહેરની વ્યાખ્યા કરી શકશો.
- શહેરીકરણનો અર્થ સમજાવી શકશો તથા શહેરીકરણનાં કારણો નોંધી શકશો.
- શહેરીકરણની અસરોનું વિશ્લેષણ કરી શકશો.
- ગુજરાતનાં શહેરોનો પ્રાથમિક પરિચય મેળવી શકશો.
- આર્થિક વિકાસ અને શહેરો, શહેરીકરણ અને આર્થિક વિકાસ વચ્ચેનો સંબંધ જાણી શકશો.

## 16.1 પ્રસ્તાવના :

વિદ્યાર્થીમિત્રો, એવું કહેવાય છે કે ભારત ગામડાંઓનો બનેલો દેશ છે. એટલે કે ભારતમાં શહેરો કરતાં ગામડાંઓની સંખ્યા અને તેમાં રહેતી વસ્તીનું પ્રમાણ વધારે છે. જોકે શહેર કોને કહેવાય અને ગામડું કોને કહેવાય ? વળી શહેરીકરણ અને ગ્રામયજીવનમાં શું તફાવત છે ? હવે આધુનિક સમયમાં આપણે એવું પણ સાંભળીએ છીએ કે શહેરીકરણ વધતું જાય છે. તો આ શહેરીકરણ એટલે શું ?

શહેરીકરણ અને આર્થિક વિકાસ વચ્ચે સંબંધ છે. આર્થિક વિકાસની પ્રક્રિયામાં શહેરો ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેવી જ રીતે આર્થિક વિકાસ પણ શહેરોનાં નિર્માણનું કારણ બને છે. શહેરો અને શહેરીકરણના આર્થિક વિકાસને પ્રોત્સાહન પણ મળે છે. તો બીજી બાજુ શહેરીકણની કેટલીક સમસ્યાઓ નુકસાન પણ કરે છે. જો આપણે આ અસરો જાણી શકીએ તો શહેરીકરણથી થતા લાભોનું પ્રમાણ વધારી શકીએ અને નુકસાન ઘટાડી શકીએ. આ એકમમાં આપણે શહેરીકરણ અને શહેરના ખ્યાલનો પરિચય મેળવીશું.

## 16.2 શહેર એટલે શું ? શહેરની વ્યાખ્યા :

વિદ્યાર્થીમિત્રો, તમે શહેરો અને ગામડાંઓ જોયાં હશે. બંનેમાં શું તફાવત નજરે ચડે છે ? કોને ગ્રામવિસ્તાર કહેવાય અને કોને શહેરી વિસ્તાર કહેવાય ? જયાં વસ્તી વધારે હોય, પરિવહનની સુવિધા હોય, શાળા, કૉલેજો અને હૉસ્પિટલો વગેરે હોય. એ વિસ્તારને સામાન્ય રીતે શહેર કહેવામાં આવે છે. પણ તમે જોયું હશે કે આધુનિક સમયમાં ઘણાં નાના ગામડાંઓ પણ આ બધી સુવિધાઓ ધરાવતા હોય છે. તો પછી શહેરી વિસ્તાર કોને કહેવાય ? આમ જોઈઓ તો શહેરની જુદી-જુદી વ્યાખ્યાઓ જુદા-જુદા દેશે અપનાવી છે. જેમ કે ઑસ્ટ્રેલિયામાં 1000 કે તેથી વધારે વસ્તી હોય અને દર ચો.કિ.મી 200 લોકો રહેતાં હોય તે વિસ્તારને શહેરી વિસ્તાર કહેવાય છે. કેનેડામાં 1000ની વસ્તી અને દર ચો. કિ.મી પર 400ની વસ્તીઘનતા ધરાવતા વિસ્તારને શહેર તરીકે ઓળખાય છે.

તો ભારતમાં વર્ષ 2011ની વસ્તી ગણતરી સમયે અપનાવામાં આવેલ વ્યાખ્યા પ્રમાણે 5000 કે તેથી વધુ વસ્તી ધરાવતા વિસ્તારને શહેરી વિસ્તાર તરીકે ઓળખવામાં આવે છે. સંયુકત રાષ્ટ્રો ( United Nations )નો આર્થિક અને સામાજિક વિભાગ ( Department of Environment અને Social Attars ) પણ ખૂલે છે કે વૈશ્વિક સ્તરે સર્વમાન્ય એવી વ્યાખ્યા શહેરોની કરવી શકય નથી. જોકે આર્થિક વિકાસનો તબકકો જાણવા તથા વિવિધ રાષ્ટ્રોના તુલનાત્મક અભ્યાસ માટે શહેરોનો ખ્યાલ સ્પષ્ટ હોવો જરૂરી છે. તેથી કોઈપણ વિસ્તારને શહેર તરીકે ઓળખવા માટે નીચે દર્શાવ્યા અનુસારના મુદાઓ ધ્યાનમાં લેવાય છે.

(1) કુલ વસ્તીનું પ્રમાણ

(2) પ્રતિ ચોરસ કિલોમીટરે વસ્તી ઘનતા

(3) પુરુષ વસ્તીના મુખ્ય વ્યવસાયનો પ્રકાર

ઉપર્યુક્ત વિગતે ભારતમાં 2011ની જનગણના સમયે અપનાવવામાં આવેલી વ્યાખ્યા પ્રમાણે -

(1) જે વિસ્તારમાં 5000 કે તેથી વધુ લોકો વસવાટ કરતા હોય,

(2) પ્રતિચોરસ કિલોમીટરે 400ની વસ્તીઘનતા હોય

(3) પુરુષ વસ્તીના 75 % કરતાં વધારેનો મુખ્ય વ્યવસાયનો હોય.

**બિનખેતી ક્ષેત્ર :**

આમ, ઉપર્યુક્ત ત્રણ માપદંડો જોતાં જે વિસ્તારનાં લોકો મોટા ભાગે પ્રાથમિક કે કૃષિ વ્યવસાય સાથે જોડાયેલા હોય તે વિસ્તારને શહેર તરીકેનો દરજજો મળતો નથી. વિશ્વમાં અને ખાસ કરીને ભારતમાં વસ્તીવધારો જોતાં ભારતનાં શહેરોમાં વસ્તી અમુક હજારની નહિ પણ લાખોની હોય છે. ભારતનાં મુખ્ય શહેરોમાં મુંબઈ, દિલ્હી, કલકત્તા

વગેરે છે. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ વગેરે સૌથી વધારે વસ્તી ધરાવતાં શહેરો છે. આ શહેરો આર્થિક અને સામાજિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનતાં હોય છે. શહેરોમાંથી જ આર્થિક અને સામાજિક પરિવર્તનોની શરૂઆત થાય છે. આમ, શહેરો અને શહેરીકરણનો અભ્યાસ અર્થતંત્ર અને સમાજ માટે ઘણો જ ઉપયોગી છે.

## 16.3 શહેરીકરણ ( Urbanisation) :

શહેરોનો ખ્યાલ સમજયા પછી હવે આપણે શહેરીકરણ વિશે સમજીએ

### 16.3.1 શહેરીકરણનો ખ્યાલ અને વ્યાખ્યા : (Concept and Defination of Urbanisation) :

શહેરીકરણ એક પ્રક્રિયા છે. જેમાં શહેરી સુવિધાઓ લાભ લેવા માટે લોકો ગ્રામવિસ્તારમાંથી શહેરો તરફ કાયમી વસવાટ માટે સ્થળાંતર કરે છે. અન્ય એક અર્થ પ્રમાણે કોઈ વિસ્તારને શહેરી સુવિધામાંથી સજજ કરવો તેને પણ શહેરીકરણ કહેવામાં આવે છે. આમ, શહેર અને શહેરીકરણ સાથે વસ્તીનું ઘણું હોવું એ પૂરતું નથી, પરંતુ શહેરી સુવિધાઓનું હોવું મહત્ત્વનું છે. લોકો શહેરી સુવિધાઓનો લાભ લેવા માટે આવતાં હોવાથી વસ્તી ગીચ બને છે. ટૂંકા ગાળા માટે કોઈ એક જગ્યાએ એકઠા થતાં લોકોથી શહેરીકરણ થતું નથી. જેમ કે રહેણાંકની વસ્તીથી દૂર આવેલ કોઈ શાળા તેના શાળાના સમય દરમિયાન ઘણી વસ્તી ધરાવતી હોય છે. પરંતુ શાળા સમય પૂરો થયા પછી કે રજાઓમાં તે વિસ્તાર ખાલી હોય છે. તેવી જ રીતે કોઈ ઔદ્યોગિક એકમમાં કામ કરવા માટે આવતા શ્રમિકો કે કોઈ સામાજિક,ધાર્મિક પ્રસંગે એકઠાં થતાં લોકો ટૂંકા ગાળા માટે એકઠાં થતાં હોય છે. તેથી તે વિસ્તાર શહેરી ન પણ હોય તેવું બને. આમ, શહેરીકરણ માટે નીચેના મુદાઓ જરૂરી બને છે.

A. મોટી સંખ્યામાં લોકોનું શહેરો તરફ કાયમી વસવાટ માટે સ્થળાંતરિત થવું.

B. જે તે ભૌગોલિક વિસ્તારનું વીજળી, પાણી, પરિવહન, શિક્ષણ, આરોગ્ય જેવી માળખાકીય સુવિધાઓથી સજજ હોવું. આધુનિક સમયમાં Smart Village ના ખ્યાલને અપનાવાતો હોવાથી વસ્તીગીચતા અને માળખાકીય સુવિધાઓનો શહેરીકરણનો ખ્યાલ બદલાઈ શકે છે.

એક સાથે વસ્તી એકઠી થતી હોવાથી વિચારો અને પ્રવૃત્તિઓની આંતરક્રિયા આસાન રહે છે. નાના વિસ્તારમાં ઘણાં લોકોને આ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાતી હોવાથી નાગરિક સુવિધાઓ ઊભી કરવા પાછળનો સરેરાશ ખર્ચ ઓછો આવે છે. કેટલીક વખત આ પ્રકારની પ્રસાર અસરો ધરાવતી સુવિધાઓ પ્રથમથી જ ઉપલબ્ધ હોવાથી તેની આસપાસ વસવાટ કરવાનું વલણ વધે છે અને વસ્તી ગીચ થતાં શહેરો અસ્તિત્વમાં આવે છે.

### 16.3.2 શહેરીકરણનાં કારણો/પરિબળો ( Causes/Factors responsible for Urbanisation ) :

a) માળખાકીય સુવિધાઓની પ્રાપ્તિ : શહેરોમાં નાગરિકોને જીવવા માટે જરૂરી એવી સુવિધાઓ જેવી કે વીજળી, પીવાનું ચોખ્ખું પાણી, પરિવહનના સાધનો, શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ વગેરેનો વિકાસ થયેલો હોય છે. પરિણામે આવા વિસ્તારોમાં વસવાટ કરવાનું લોકો વધારે પસંદ કરે છે. ગ્રામવિસ્તારોમાંથી લોકો આ પ્રકારની સુવિધાઓ મેળવવા માટે કાયમી ધારણે વસવાટ કરવાનું પસંદ કરે છે.

b) સરકાર દ્વારા અપાતી સાર્વજનિક સુવિધાઓમાં વધારો : લોકશાહી એટલે કે લોકોનાં જ પ્રતિનિત્વની સરકાર હોવાથી પ્રજાની સુખાકારી અને સગવડયુકત જીવન આપવા માટે સરકાર તત્પર હોય છે. ઓછી કિંમતે સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓમાં પીવાનું પાણી, પરિવહન, પાકી સડકો, મફત શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ, બાગબગીચા વગેરેનો લાભ લેવા માટે લોકો ગામડાંમાંથી શહેરો તરફ કાયમી સ્થળાંતર કરે છે અને શહેરીકરણ થાય છે.

c) ટૅક્નૉલૉજીકલ પ્રગતિ અને કૃષિક્ષેત્રે ઓછા શ્રમિકોની જરૂર : યંત્રોના ઉપયોગથી કૃષિશ્રમિકો ફાજલ થયા. ફાજલ શ્રમિકો રોજગારની શોધમાં શહેરો તરફ જવા લાગ્યા. આમ, શહેરીકરણની પ્રક્રિયામાં ટૅક્નૉલૉજીક પ્રગતિએ મહત્ત્વનો ફાળો આપ્યો.

d) ઔદ્યોગિક ક્રાંતિ : ઔદ્યોગિક ક્રાંતિને કારણે મોટા પાયા પર ઉત્પાદન થવા લાગ્યું, ઉદ્યોગોનું પ્રમાણ વધવાથી શ્રમિકોની માંગ વધી, જે ખેતીક્ષેત્રમાંથી ફાજલ થયેલા શ્રમિકોએ પૂરી કરી. ઔદ્યોગિક એકમો સ્થાપવા શ્રમિકોના ગામડાંનાં નિવાસથી દૂર થવા લાગી. પરિણામે દરરોજનું આવાગમન મુશ્કેલ બનતાં ઔદ્યોગિક વસાહતોની સ્થાપના થઈ, જે શહેરીકરણ તરફ લઈ જાય છે.

e) વસ્તીવધારો : વસ્તીવધારાને કારણે પણ શહેરીકરણનું પ્રમાણ વધ્યું છે. વસ્તીવધારાને કારણે શહેરોની હદ વિસ્તારવાની જરૂર પડે છે. તેથી આગળ જતાં નજીકનાં ગામડાંઓ શહેરમાં ભળી ગયા તથા નવા શહેરી વિસ્તાર તરીકે વિકસવા લાગ્યા.

f) ઐતિહાસિક અને વહીવટી કારણો : ઔતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો રાજાશાહી સમયે તથા બ્રિટિશ શાસન દરમિયાન વ્યાપારના કેન્દ્ર તરીકે પરિવહન સુવિધા ધરાવતા દરિયાઈ વિસ્તારોની આસપાસ આર્થિક પ્રવૃત્તિઓ વધી અને શહેરોનું નિર્માણ થયું. આધુનિક સમયમાં પણ આ જ કારણો ઉપરાંત વહીવટી સંચાલનનાં કેન્દ્ર તરીકે નગરોનો વિકાસ થયો. તાલુકા/જિલ્લા મથકોએ વહીવટી કર્મચારીઓ તથા અધિકારીઓના કાયમી વસવાટથી શહેરી વિસ્તારમાં વધારો થયો. બીજા શબ્દોમાં કહીએ તો શહેરીકરણ થયું.

g) લોકોની સારું જીવન જીવવાની ઈચ્છાઓમાં વધારો : શિક્ષણમાં વધારો, અન્ય પ્રદેશનાં લોકો સાથેનો સંપર્ક, આવકમાં વધારો, સુવિધાયુકત જીવનની ઈચ્છાને કારણે શહેરી માળખાકીય સુવિધાઓ વિશે લોકોમાં જાગૃતિ આવી. આ માંગ પ્રમાણે કલ્યાણલક્ષી લોકશાહી સરકારે સુવિધાઓ ઉપલબ્ધ કરાવતાં શહેરીકરણ થયું.

### 16.3.3 શહેરીકરણની અસરો :

2011ની વસ્તીગણતરી પ્રમાણે ગુજરાતની 42.6 % વસ્તી શહેરી વસ્તી છે. જે ભારતમાં તમિલનાડુ, કેરલ, તથા મહારાષ્ટ્ર પછી ચોથા નંબરનું સૌથી વધુ શહેરી વસ્તી ધરાવતું રાજય બને છે. શહેરો અને શહેરી વિકાસ આર્થિક વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપી શકે છે. અહી આપણે શહેરીકરણની અસરો કે તેનાથી થતા લાભો ગેરલાભો પર એક નજર કરીએ.

★ **શહેરીકરણના લાભો :**

a) રોજગારીની તકો વધે છે. : શહેરો આર્થિક પ્રવૃત્તિનું કેન્દ્ર બને છે. ઉદ્યોગો તથા સેવા ક્ષેત્રનો વિકાસ શહેરી વિકાસને આભારી છે. ઉદ્યોગોને પણ જરૂર પ્રમાણે શ્રમિકો મળી રહે છે, તો શ્રમિકને માટે પણ રોજગારીની વિપુલ તકો શહેરોમાં હોય છે. આમ, શહેરો અને શહેરીકરણ રોજગારીની તકો આપતું મહત્ત્વનું સ્થાન બને છે.

b) આર્થિક અસમાનતા ઘટે છે. : સામાન્ય રીતે ઉચ્ચ શિક્ષણ, સારી આરોગ્ય સેવાઓ, પરિવહન અને સંચારસેવા, મનોરંજન વગેરે સુવિધાઓ, ઓછી આવકવાળા લોકો માટે મેળવવી મુશ્કેલ બને છે. શહેરોમાં જાહેર પરિવહનના સાધનો, બાગ-બગીચા, થિયેટરો, સરકારી શાળા-કૉલેજો, હૉસ્પિટલો વગેરે હોવાથી લોકો આ બધી સુવિધાઓનો લાભ લઈ શકે છે. આ બધી સુવિધાઓ ઓછા ખર્ચે મળી શકતી હોવાથી લોકોની વાસ્તવિક આવક વધે છે. આમ જુદા જુદા વર્ગોની આવક વચ્ચેનો તફાવત ઓછો થાય છે.

c) સાંસ્કૃતિક વિકાસ : શહેરોમાં જુદા-જુદા પ્રાંતના અનેક લોકોનો વસવાટ હોય છે. પરિણામે લોકો એકબીજાની સંસ્કૃતિથી પરિચિત થાય છે. સાંસ્કૃતિક આદાન-પ્રદાન, અભિવ્યકિત, તહેવારોની ઉજવણી વગેરે સાંસ્કૃતિક વિકાસ માટે આધારરૂપ બને છે, તેનાથી સામાજિક હાર્દનું વાતાવરણ પણ ઊભું થાય છે. સામાજિક કુરિવાજો દૂર થાય છે. સ્ત્રી-પુરુષ, સામાજિક વર્ગભેદ વગેરે બાબતો શહેરીકરણથી પ્રભાવિત થાય છે.

d) સામાજિક દૂષણો દૂર થાય છેઃ આગળના મુદ્દામાં જોયા પ્રમાણે શિક્ષણનો પ્રસાર, સ્ત્રીઓનું વ્યવસાય/કામકાજ અર્થે ઘરથી બહાર આવવું. અન્ય પ્રદેશોની સંસ્કૃતિનો પરિચય વગેરેથી ઘણાં બધાં પરિવર્તનો આવતા હોય છે, જે સામાજિક-આર્થિક વિકાસને પોષક હોય છે. સ્ત્રીશિક્ષણમાં વધારો, વિધવાવિવાહ, સતીપ્રથા અને દહેજપ્રથાને તિલાંજલિ, આંતરજ્ઞાતીય લગ્નો વગેરેથી લોકોની સંકુચિત વિચારધારા દૂર થાય છે.

e) જીવનની ગુણવત્તામાં સુધારો : શહેરીજીવનથી રોજગારપ્રાપ્તિ, ઊર્જા, પાણી જેવી પાયાની સગવડો, શિક્ષણ વગેરે જેવી સુવિધાઓને કારણે લોકોનું સરેરાશ જીવનધોરણ ઊંચુ આવે છે. ખોરાકની ઉપલબ્ધિથી કુપોષણ દૂર કરી શકાય છે. લોકોનું સરેરાશ આયુષ્ય પણ ઊંચુ આવે છે. લોકો રોજગાર મેળવતા હોવાથી ગૌરવપૂર્ણ જીવન જીવી શકે છે. આમ, શહેરીનિર્માણથી વસ્તીના મોટા સમૂહનું જીવનધોરણ એક સાથે સુધારવાની દિશામાં ગતિ કરે છે.

શહેરીકરણની નકારાત્મક અસરો/ગેરલાભો : આગળ ઉપર જોયા અનુસાર શહેરો અને શહેરીકરણ આર્થિક વિકાસનું ઍન્જિન બની શકે છે, પરંતુ સુઆયોજિત નગરવ્યવસ્થાના અભાવે શહેરો લાભને બદલે ગેરલાભો વધારે પ્રસરાવે છે. તેથી ઘણાં લોકો આધુનિક સમયમાં નિવૃત્ત જીવન ગાળવા માટે કે સારાં સ્વાસ્થ્યના હેતુથી ફરીથી ગામડાઓમાં વસવાટ કરવાનું પસંદ કરતાં હોય છે એવું જોવા મળ્યું છે.

શહેરોની નકારાત્મક અસર

f) પ્રદૂષણ : કારખાનાઓ, વાહનવ્યવહાર વગેરે વાયુ પ્રદૂષણ અને આયોજન વગરનાં શહેરોની રચનાથી ગંદા અને ગીચ વસવાટો, ઝૂંપડપટ્ટી વગેરે અસ્તિત્વમાં આવે છે. કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોય તો શહેર ગંદકીનો પર્યાય બને છે. ઊભરાતી ગટરોથી લોકોનું આરોગ્ય જોખમાય છે. ઘણી વખત રહેણાંક અને અન્ય વ્યવસાયિક હેતુથી જંગલો કાપીને કે ખેતી અને ગૌચરની જમીન લઈ લેવામાં આવે છે તેનાથી આબોહવામાં પરિવર્તનો આવતા વાવેતર હેઠળના કૃષિ વિસ્તારમાં ઘટાડો જેવાં પરિણામો આવે છે.

g) વસ્તીગીચતા : શહેરોમાં નાના ભૌગોલિક વિસ્તારમાં ઘણાં લોકો વસવાટ કરવા માટે એકઠાં થાય છે. પરિણામે ચેપી, રોગો, સતત ઘોંઘાટને કારણે માનસિક રોગો, સાંભળવાની અને દૃશ્ય શકિતમાં ઘટાડો થાય છે. લોકોના અંગતજીવન પર તેની વિપરીત અસર જોવા મળે છે.

h) અસામાજિક પ્રવૃત્તિઓમાં વધારો : કોઈ વખત પાત્રતાના અભાવે કે રોજગારીની તકોના અભવે, બેરોજગાર વ્યકિત અસમાજિક પ્રવૃત્તિઓ તરફ વળે છે. ચોરી, લૂંટ,

હત્યા, માર્ગ અકસ્માતો વગેરેનું પ્રમાણ વધે છે. છેલ્લી કેટલીક ઘટનાઓનો અભ્યાસ કરીએ તો આતંકવાદી પ્રવૃત્તિ કરનારાં તત્ત્વો શહેરોની ગીચ વસ્તી પસંદ કરે છે. આમ, શહેરો અસામાજિક પ્રવૃત્તિઓનું પણ કેન્દ્ર બને છે. તેના માટે કાયદો અને વ્યવસ્થા સઘન બનાવવા પડે, જો કે સાચો ઉપાય લોકજાગૃતિ કેળવવાનો છે.

i) અપૂરતી માળખાકીય સુવિધાઓ : ભારત અતિ વિશાળ વસ્તી ધરાવતો દેશ છે. શિક્ષણ અને સાંસ્કૃતિક ભિન્નતા પણ છે. આવી સ્થિતિમાં સરકાર જયારે પાયાની સગવડો પૂરી પાડવામાં કે લોકોના સહકાર મેળવવામાં પાછી પડે તેવા સમયે વ્યવસ્થા ખોરવાય છે. વધતી વસ્તી માટે શિક્ષણ, આરોગ્ય, સુઘડ આવાસો, પરિવહન, જાહેર સફાઇ, કાયદો અને વ્યવસ્થા વગેરે સાધનોના અભાવથી ઝડપથી પૂરાં પાડી શકાતા નથી કે તેનો અભાવ જોવા મળે તો આ માટે નાણાંકીય ભંડોળ, વાસ્તવિક સાધનો, સરકારની ઇચ્છાશકિત વગેરે મુખ્ય ભાગ ભજવે છે.

j) ખેતીલાયક જમીનમાં ઘટાડો : શહેરીકરણને કારણે રહેણાંક, આર્થિક પ્રવૃત્તિઓ, પરિવહન માટે વધુને વધુ જમીનની જરૂર પડે છે. આપણે જાણીએ છીએ કે જમીન સાધનનો પુરવઠો સ્થિર છે, પરિણામે શહેરીકરણથી વધતી જમીનની માંગ પૂરી પાડવા માટે ખેતીલાયક જમીન, ગૌચર, જંગલો વગેરેને શહેરોમાં સમાવી લેવમાં આવે છે. આ પગલાંથી કુદરતી પર્યાવરણનાં ઘટકોને હાનિ પહોંચે છે. ખેતીલાયક જમીન ઓછી થવાથી પણ મુશ્કેલી ઊભી થઇ શકે છે.

k) ટ્રાફિકજામ અને સમયનો બગાડ : શહેરોમાં વાહનોનું પ્રમાણ વધારે હોય છે. ઘરનું અને કમકાજનું સ્થળ દૂર હોવું, સામાજિક મોભાના પ્રતીક તરીકે ખાનગી વાહનોની માલિકીનું પ્રમાણ વધવું તથા સારી જાહેર પરિવહન સેવા આપવામાં સરકારની નિષ્ફળતા જેવાં કારણોથી વાહનોના પ્રમાણમાં અતિશય વધારો થયો છે. સારી સડકોના અભાવે પણ ટ્રાફિકજામ થઇ જાય છે, જેમાં અસંખ્ય માનવકલાકોનો બગાડ થાય છે.

## 16.4 શહેરો, શહેરીકરણ અને આર્થિક વિકાસ :

શહેરો, શહેરીકરણ અને આર્થિક વિકાસ વચ્ચેનો સંબંધ જૂનો છે. આર્થિક વિકાસ થયો છે તેવા વિસ્તારના આધાર માળખાનો લાભ લેવા માટે લોકો કાયમી વસવાટ માટે સ્થળાંતર કરે છે. તે પ્રક્રિયાને શહેરીકરણ કહી શકાય.

ઐતિહાસિક દૃષ્ટિએ જોઇએ તો દરિયાઇ વિસ્તારોની નજીક બંદરોની સુવિધાઓ ધરાવતા વિસ્તારો વ્યાપારનાં કેન્દ્રો તરીકે વિકસ્યા, જેમ કે, ભારતમાં કલકત્તા, મુંબઇ; ગુજરાતમાં કંડલા, મુન્દ્રા, માંડવી વગેરે તેવી જ રીતે નદીકિનારે ખેતી અને પીવાલાયક પાણીની ઉપલબ્ધિને કારણે સાંસ્કૃતિક વિકાસ થયો, જેમાં અમદાવાદ, સુરત વગેરે ઉદાહરણો લઇ શકાય. આગળ જતાં ટૅક્નૉલૉજીકલ વિકાસને કારણે તથા ઔદ્યોગિક ક્રાંતિને કારણે ઔદ્યોગિક એકમની સ્થાપનાની નજીક શહેરી સુવિધાઓ ધરાવતી વસાહતોનો વિકાસ થયો. આમ આર્થિક પ્રવૃત્તિઓ શહેરીકરણનું કારણ બની. આગળ જતાં સામાજિક પરિવર્તનો તેમજ જીવનની ભૌતિક ગુણવત્તા સુધારવાની ક્ષમતા જોતાં શહેરોનો વિકાસ કરવામાં આવ્યો. જોકે શહેરોમાં વસ્તીની ગીચતા વધતાં ગામડાઓમાં જ શહેરો જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું પણ આધુનિક વલણ રહ્યું છે. જેથી શહેરીજીવનનાં આકર્ષણ પાછળ ગામડાઓનું અર્થતંત્ર તથા કૃષિક્ષેત્ર ભાંગી ન પડે.

આમ, આર્થિક વિકાસના લાભો લેવા, મોટા પાયા પર ઉત્પાદન તથા આર્થિક વિકાસની કદમાપની અસરોનો લાભ લેવા અને આ રીતે વિકાસની તકો મેળવવા માટે આર્થિક રીતે વિકસિત વિસ્તારોની આજુબાજુ શહેરી વિકાસ થાય છે. પરંતુ શું

શહેરીકરણ આર્થિક વિકાસ પર હકારાત્મક અસરો કરી શકે ? શું શહેરીકરણ વિકાસ માટે પ્રોત્સાહક બની શકે ? આધુનિક સમયમાં એટલે વિકાસ એમ માત્ર આવકમાં વધારો નહિ પણ સતત અને ટકી શકે તેવા વિકાસના ખ્યાલને અપનાવવામાં આવ્યો છે, તે જોતાં શહેરો ટકાઉ વિકાસ માટે તેમની શું ભૂમિકા ભજવી શકે તે જાણવું રસપ્રદ બને.

શહેરીકરણ એક ગર્ભિત સંકેત આપે છે, તે છે લોકોની સારું જીવન જીવવાની ઇચ્છાનો, શહેરીકરણને માંગ અને પુરવઠા - બંને બાજુથી જોઇએ તો શહેરીકરણની માંગ એટલે માળખાગત સુવિધાઓ યુક્ત સભ્ય જીવન માટેની માંગ. તે જ રીતે પુરવઠા બાજુએ વિચારતાં આ પ્રકારની સુવિધાઓ ઊભી કરવી એ જાહેર વહીવટ અંતર્ગતનો મુદ્દો બને છે. મોટા પાયા પર થતાં માનવસ્થળાંતરને સુઆયોજિત નગરવ્યવસ્થા આપી ન શકાય ઝડપી અને વિવિધ તો પ્રદૂષણ, ટ્રાફિકજામ વગેરે સમસ્યાઓ ઊભી થાય છે. પણ જો આયોજન યોગ્ય રીતે થયું હોય અને તેનો અમલ પણ સુચારુ રીતે થયો હોય તો વિકાસની સંભાવનાઓ જરૂર વધે છે. વળી આ કારણોથી આર્થિક અને સામાજિક વર્ગભેદ પણ ઓછો થાય છે તથા સમાવેશી વિકાસમાં શહેરીકરણની મહત્ત્વની ભૂમિકા રહે છે.

જોકે ઐતિહાસિક દૃષ્ટિએ જોઇએ તો ટૅક્નૉલૉજીનો વિકાસ વર્તમાનમાં ઘણો થયો છે. એટલે માત્ર શહેરોમાં સ્થળાંતર કરવાથી જ ગુણવત્તાયુક્ત જીવન જીવી શકાય તેવા ખ્યાલમાં પરિવર્તન આવ્યું છે. હવે ટૅક્નૉલૉજી અને માળખાકીય સુવિધાઓ લોકો સુધી ગામડાંમાં પણ પહોંચાડી શકાય છે. આધુનિક 'સ્માર્ટ વિલેજ' એનું ઉત્તમ ઉદાહરણ છે. લોકો પણ ઔદ્યોગિક એકમોની નજીક રહેવાને બદલે શાંત, નાના વિસ્તારોમાં રહેવાનું પસંદ કરે છે. ઝડપી વાહનવ્યવહારના અનેક ઉપલબ્ધ વિકલ્પો તથા સારી સડકો વગેરે આ માટે જવાબદાર છે. આધુનિક સમયમાં વસ્તીના મોટા પાયા પરનાં કાયમી સ્થળાંતરને નહિ પણ ગામડાઓમાં પણ આધુનિક માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની અને ગુણવત્તાયુક્ત જીવનની તકો મળવાની પ્રક્રિયાને શહેરીકરણ કહી શકાય.

## 16.5 સારાંશ :

- શહેરોની વૈશ્વિક સ્તરે સર્વસામાન્ય એવી કોઇ એક જ વ્યાખ્યા નથી, જુદા-જુદા દેશો જુદી-જુદી વ્યાખ્યા અપનાવે છે.
- ભારતમાં 2011ની વસ્તીગણતરી પ્રમાણે (1) જ્યાં 5000 કે તેથી વધુ લોકો વસવાટ કરતાં હોય (2) કુલ વસ્તીના 75 % પુરુષોનો મુખ્ય વ્યવસાય બિનખેતી ક્ષેત્રનો હોય તથા (3) વસ્તીગીચતા પ્રતિ ચો. કિ.મી 400 કે તેથી વધારેની હોય તેને શહેર કહેવામાં આવે છે.
- જયારે ઘણાં લોકો ગામડાંમાંથી શહેરો તરફ કાયમી વસવાટ માટે સ્થળાંતર કરે છે ત્યારે તેને શહેરીકરણ કહેવાય છે.
- સાંસ્કૃતિક આદાનપ્રદાન, આધુનિક માળખાગત સુવિધાઓ, મનોરંજનની સુવિધાઓ તથા મુકત જીવનનાં આકર્ષણથી શહેરીકરણ થાય છે.
- ઔદ્યોગિક ક્રાંતિ, ટૅક્નૉલૉજીકલ પ્રગતિ અને ફાજલ કૃષિશ્રમ દ્વારા શહેરીકરણને ઉત્તેજન મળ્યું છે.
- શહેરોમાં ટકાઉ આર્થિક વિકાસની ક્ષમતા જણાતી હોવાથી સરકાર પણ શહેરીકરણને પ્રોત્સાહન આપે છે.

- દરિયાકિનારે, નદીકિનારે કે ઔદ્યોગિક એકમની નજીક શહેરોનો વિસ્તાર થયો છે.
- ગુજરાતમાં અમદાવાદ, સુરત, વડોદરા જેવા મોટા શહેરો તથા ગાંધીધામ, રાજકોટ, ભૂજ વગેરે જેવા શહેરો છે.
- ગુજરાતના શહેરીકરણની સ્થિતિ ( ગ્રાફ દ્વારા )

## 16.6 ચાવીરૂપ શબ્દો

1) વસ્તીઘનતાઃ ભૌગોલિક વિસ્તારના નક્કી કરેલા એકમમાં વસવાટ કરતાં લોકોના સરેરાશને જે તે વિસ્તારની વસ્તીઘનતા કે વસ્તીગીચતા કહે છે. સામાન્ય રીતે એક ચોરસ કિલોમીટરમાં વસતાં લોકોની સંખ્યાને ધ્યાનમાં લેવામાં આવે છે. કોઇ એક શહેર કે એક દેશમાં દર ચોરસ કિલોમીટરે એકસમાન સંખ્યામાં લોકો વસવાટ કરતાં હોતાં નથી, પરંતુ તેના કુલ વિસ્તારમાં વસતાં બધાં જ લોકોનો સરેરાશ લેવામાં આવે છે.

2) મૅરિટ વસ્તુઓ ( Merit goods) / ગુણવત્તા વસ્તુઓ :

મૅરિટ વસ્તુઓ એવી વસ્તુઓ / સેવાઓ છે, કે જેનો વપરાશ ખરીદક્ષમતા કે ઇચ્છા પ્રમાણે થવાને બદલે જરૂરિયાત પ્રમાણે થવો જોઇએ. કારણકે તેવી વસ્તુ/સેવાઓના ઉપભોગથી સામાજિક સુખાકારી અને કલ્યાણ વધે છે. દા.ત, શિક્ષણ, સ્વાસ્થ્ય સેવાઓ વગેરે, આ પ્રકારની મૅરિટ વસ્તુઓ/ સેવાઓનો ઉપભોગ માત્ર તેના વપરાશકર્તાને જ નહિ પણ અન્યોને પણ લાભ આપે છે. પરિણામે આવી વસ્તુ/ સેવાઓનું ઉત્પાદન માત્ર બજાર પર છોડી દેવામાં આવે તો કદાચ જરૂરિયાત કરતાં એટલે કે થવો જોઇએ તેના કરતાં ઓછો વપરાશ અને ઉત્પાદન થાય તેવું બને. તેથી સરકાર દ્વારા પણ આવી વસ્તુ/ સેવાઓનું ઉત્પાદન કરવામાં આવે છે.

3) સ્માર્ટ વિલેજઃ

સ્માર્ટ વિલેજ એટલે કે સ્માર્ટ ગામડું. આ એવો વિસ્તાર છે કે જ્યાં પોષણક્ષમ ઊર્જાસ્ત્રોત વિકાસ માટેનું મુખ્ય પરિબળ બને છે. તે ઉપરાંત સારું શિક્ષણ, અને સ્વાસ્થ્ય સુવિધાઓ, પીવાનું સ્વચ્છ પાણી, સફાઇ અને પોષણયુક્ત આહારની પ્રાપ્તિ, ઔદ્યોગિક ઉત્પાદન એકમો, વધતી આવક, ખાધ સુરક્ષા અને લોકોની ભાગીદારીમુક્ત વિકાસ પ્રક્રિયા જેવી બાબતોનો સમાવેશ થાય છે. ભારતનું સૌપ્રથમ સ્માર્ટ વિલેજ બનવાનું શ્રેય પન્સાજરી (pansari) ગામને જાય છે. આ ગામ ગુજરાતના સાબરકાંઠા જિલ્લાનું છે.

4) પ્રસાર અસરો :

પ્રસાર અસરો કે બાહ્ય અસરો એ અસરો છે કે કોઇ વસ્તુ / સેવાનો ઉપભોગ કરનારને જ નહિ પણ તેની આસપાસનાં લોકો સુધી પણ ફેલાય છે. પ્રસાર અસરો નકારત્મક અને હકારાત્મક એમ બંને પ્રકારની હોઇ શકે છે. જેમા કે કચરો ગમે ત્યાં ફેંકવો, ધૂમ્રપાન કરવું, ઘોંઘાટ કરવો વગેરેની નકારાત્મક અસરો માત્ર તેના કરનાર સુધી જ સીમિત ન રહેતાં આજુબાજુનાં લોકો સુધી પણ ફેલાય છે. તેવી જ રીતે ઘર, ફળિયાની સફાઇ રાખવી, શિક્ષણ મેળવવું વગેરેની લાભદાયી અસરો પણ માત્ર તે કરનાર પૂરતી જ મર્યાદિત ન રહેતાં તેના લાભો સમાજનાં અન્ય લોકો સુધી પ્રસરે છે.

5) માનવકલાકો :

માનવકલાક એ એક કલાકના ગાળા દરમ્યાન એક સામાન્ય શ્રમિક દ્વારા થઇ

શકતાં કાર્યનું એકમ છે. જેમ કે આઠ વ્યક્તિ એક કલાક કામ કરે તો આઠ માનવકલાકોનું કામ થયું કહેવાય. ૨૪ વ્યક્તિ એક જ કલાક કામ કરે તો ૨૪ માનવકલાકોનું કામ થયું ગણાય.

## 16.7 તમારી પ્રગતિ ચકાસો.

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.

(1) શહેરીકરણનો ખ્યાલ સમજાવો અને શહેરીકરણની અસરોનું વર્ણન કરો.

.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................

(2) શહેરની વ્યાખ્યા લખો. શહેરીકરણ માટે જવાબદાર પરિબળોનો પરિચય આપો.

.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................

(3) શહેરીકરણ એટલે શું ? આર્થિક વિકાસ અને શહેરીકરણ વચ્ચેનો સંબધ સમજાવો તથા આર્થિક વિકાસ માટે શહેરોનું શું મહત્ત્વ છે તેનું વર્ણન કરો.

.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................
.............................................................

(ખ) નીચેના મુદ્દાઓ પર ટૂંકનોંધ લખો.

(1) શહેરીકરણની અસરો

.............................................................
.............................................................
.............................................................

..........................................................................
..........................................................................
..........................................................................

(2) શહેરીકરણ અને આર્થિક વિકાસ

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(3) શહેરીકરણનાં કારણો

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(ગ) યોગ્ય વિકલ્પ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો.

(1) ભારતમાં અપનાવવામાં આવેલી શહેરની વ્યાખ્યા પ્રમાણે પ્રતિ ચો. કિ.મી.____________ની વસ્તીગીચતાનો માપદંડ અપનાવવામાં આવેલો છે. (100,400,5000)

(2) ભારતમાં અપનાવવામાં આવેલી શહેરની વ્યાખ્યા પ્રમાણે ____________ કે તેથી વધુ વસ્તી ધરાવતા વિસ્તારનો શહેરમાં સમાવેશ કરવામાં આવે છે. (1000,5000,400)

(3) શહેરની વસ્તીની દૃષ્ટિએ ગુજરાતનું ભારતમાં ____________ સ્થાન છે. ( પ્રથમ, બીજું, ચોથું)

(4) શહેરોના વિકાસમાં____________ક્રાંતિએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. (ઔદ્યોગિક, હરિયાળી, શ્વેત)

(5) ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ____________ % છે.
( 42.6, 100,25 )

(6) ગુજરાતનું સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર____________છે.
(ગાંધીધામ, અમદાવાદ, ગાંધીનગર)

(ઘ) નીચેના વિધાનો સાચાં છે કે ખોટા તે જણાવો.

(1) શહેરમાં મોટાભાગનાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હોય છે.

(2) 'સંયુક્ત રાષ્ટ્રો' દ્વારા 'શહેર'ની વૈશ્વિક સ્તરે એવી સર્વમાન્ય વ્યાખ્યા આપવામાં આવી છે.

(3) શહેરીકરણ એ લોકોનું ગામડાંથી શહેરો તરફ થતું કાયમી સ્થળાંતર છે.

## 16.8 સંદર્ભ વાંચન


1) વસ્તી ગણતરી 2011 માહિતી

2) World urbanisation Prospects 2018. United Nations Department of Economic and Social affairs વલ્ડ અર્બનાઈઝેશન પ્રોસ્પેકટસ, 2018 યુનાઈટેડ નેશન્સ ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક ઍન્ડ સોશિયલ અફેર્સ

3) સ્પેન્સ માઈકલ કલર્ક ઍન્ડ પેટ્રીસિયા બકલે રૉબર્ટ એમ, અર્બનાઈજેશન ઍન્ડ ગ્રંથ (2001), કમિશન ઑન ગ્રંથ ઍન્ડ ડેવલોપમેન્ટ, ઈન્ટરનેશનલ ઍન્ડ ફોર કન્સ્ટ્રશકશન ઍન્ડ ડેવલોપમેન્ટ

4) http://censusgujarat.gov.in/Downloads/PPT/Paper-2/Paper-2%20Volume-1%20of%202011%20Gujarat.pdf


## 16.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

(ક) જવાબો

(1) જુઓ મુદ્દા નં 16.3.1 તથા 16.3.3

(2) જુઓ મુદ્દા નં 16.2 તથા 16.3.2

(3) જુઓ મુદ્દા નં 16.3.1 તથા 16.3.3

(4) જુઓ મુદ્દા નં 16.3.1 તથા 16.4

(ખ) જવાબો

(1) જુઓ મુદ્દા નં 16.3.3

(2) જુઓ મુદ્દા નં 16.4

(3) જુઓ મુદ્દા નં 16.3.2

(ગ) જવાબો

(1) 400

(2) 5000

(3) ચોથું

(4) ઔદ્યોગિક

(5) 42.6

(6) અમદાવાદ


(ઘ) જવાબો

(1)ખોટું

(2)ખોટું

(3)સાચું

Total Population (in millions) by Residence, Gujarat (1901-2011)




Decadal Growth Rate, Gujarat and Districts (2001-2011)
Total (Persons)

એકમ 17

# ગુજરાતનાં મહત્ત્વના શહેરો અને તેની આર્થિક વિશેષતાઓ

## રૂપરેખા

17.1 ઉદ્દેશો

17.2 પ્રસ્તાવના

17.3 શહેરીકરણનો ખ્યાલ

17.4 ગુજરાતમાં શહેરીકરણ

17.5 ગુજરાતના મહત્ત્વના શહેરો અને તેની આર્થિક વિશેષતાઓ

17.6 સારાંશ

17.7 ચાવીરૂપ શબ્દો

17.8 તમારી પ્રગતિ ચકાસો

## 17.1 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ બાદ નીચેની બાબતો સમજી શકશો

1. શહેરનો અર્થ અને શહેરીકરણનો ખ્યાલ
2. ગુજરાતમાં શહેરીકરણ
3. ગુજરાતના મુખ્ય શહેરો અને તેની વસ્તી
4. ગુજરાતના શહેરોની આર્થિક વિશેષતાઓ

## 17.2 પ્રસ્તાવના

સામાન્ય રીતે એવુ માનવામા આવે છે. કે વૃદ્ધિ અને વિકાસ માટે શહેરીકરણ ખૂબ જરૂરી છે પરંતુ શહેરીકરણ વૃદ્ધિ અને વિકાસ માટે આવકારદાયક છે કે નહિ, શહેરીકરણ થવું જોઇએ કે નહિ તેવા પ્રશ્નો ઉભા થાય છે. શહેરીકરણ એટલે ગામડાઓમાંથી લોકો શહેર તરફ સ્થળાંતર કરે છે. તે સ્થળાંતરના કારણે શહેરોની વસ્તી સતત વધતી જાય છે. શહેરીકરણ થવાન ઘણાં કારણો છે. લોકો સારા જીવનધોરણની આશા સાથે ગામડાઓમાંથી શહેરોમાં આવે છે. અહીં એ બાબત ત પણ મહત્ત્વની છે. કે વૃદ્ધિ અને વિકાસના કારણે શહેરીકરણ થાય છે કે પછી શહેરીકરણના કારણે વૃદ્ધિઅને વિકાસ આ કોયડો વર્તમાન સમય સુધી વણ ઉકેલાયેલો રહયો છે. માથાદીઠ આવક અન.શહેરીકરણ વચ્ચે પણ ગાઢ સંબંધ છે. મોટા ભાગના દેશો મધ્યમ આવક વર્ગ (Middle-income-status)માં પહોંચ્યા પહેલા જ 50 ટકા સુધી શહેરીકરણ કરી ચૂકયા હતા, અને બધાજ ઉંચી-આવકવર્ગ (High income status) ના દેશોમાં શહેરીકરણ 70 થી 80 ટકા જેટલું છે. મોટા ભાગના દેશોમાં ઉંચી અને

સતત વૃદ્ધિનું કારણ શહેરી ઉત્પાદન અને સેવાઓ છે. ખેતી ક્ષેત્રની ઉત્પાદકતા વધવાને કરાણે શ્રમ છૂટો પડે છે કે જે શહેરના ઉત્પાદન ક્ષેત્રમાં જોડાય છે. Urbanization andGrowth commission on growth Development ના એક અહેવાલ મુજબ શહેરી વિસ્તારના એક ઉત્પાદકની પરંપરાગત ક્ષેત્રના શ્રમિકની ઉત્પાદકતા કરતાં ત્રણથી પાંચ ગણી વધારે છે.શહેરીકરણના લીધે વૃદ્ધિ વધવાનાં મુખ્ય બે કારણા છે.

(1) શહેરી અને ગ્રામીણ વિસ્તારોની ઉત્પાદકતામાં તફાવત

(2) શહેરોની ઉત્પાદકતામાં થતો ઝડપી બદલાવ

વિકાસની શરૂઆતના દશકોમાં પ્રથમ કારણ જવાબદાર હોય છે. જયારે વધુ વસ્તી ગામડાઓમાં હતી અને શહેરી વિસ્તારમાં સ્થળાંતર શરૂ થયું ત્યારે શહેરી વિસ્તારોની ઉત્પાદકતા વધારે હોવાને કારણે તેમનો વૃદ્ધિમાં ફાળો વધ્યો. જેમ-જેમ શહેરો વધુ ને વધુ મોટા બનતાં ગયા તેમ તેમબીજા કારણને લીધે વૃદ્ધિ થઇ. શહેરોમાં આર્થિક પ્રવૃતિઓનું વધુ ને વધુ વિસ્તરણ અને સંચય (accumulation) કરીને વૃદ્ધિ કરી શકાય છે. પરંતુ તેની સાથે સાથે શહેરીકરણ સાથે સંકળાયેલી સમસ્યાઓ જેવી કે પ્રાદેશિક અસમાનતા, જમીન અને મકાનના વધતા ભાવો વગેરેને પણ ધ્યાનમાં લેવાજોઇએ. જો શહેરીકરણ સાથે સંકળાયેલી સમસ્યાઓનો ઉકેલ ન લાવી શકાય તો તેના લાભ સમાજના બધા વર્ગ સુધી પહોંચી શકતા નથી.

UNના એક સર્વે મુજબ મોટા ભાગના નિર્ણયકર્તાઓ શહેરીકારણને આવકારવાને બદલે તેને અટકાવવાની વાતો કરે છે. તેમના મતે ઝડપથી થતું શહેરીકરણ સમાજમાં વાસ્તવિક અને રાજકિય સમસ્યાઓ જેવી કે ભીડ, અપરાધો, હિંસા તેમ જ રોગચાળો ફેલાવે છે. શહેરીકરણને રોકી શકાય તેમ નથી અને અર્થશાસ્ત્રની દષ્ટિએ તે અનિવાર્ય પણ છે. અહી પ્રશ્ન તેને અટકાવવાનો નહિ પણ તેમાંથીઓછામાં ઓછા ખર્ચે વધુમાં વધુ લાભ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે છે. આંતરમાળખાકીય એ જાહેર સેવાઓ દ્વારા શહેરીકરણનો વધમાં વધુ લાભ પ્રાપ્ત થઇ શકે છે. Commission on Growth and Development ના અહેવાલ મુજબ વિકાસશીલ દેશોમાં આંતરમાળખાકીય સુવિધાઓ પાછળ 40,000 અબજ ડોલર જેટલા ખર્ચની આવશ્યકતા છે. અહીં સૌથી મોટી સમસ્યા આ નાણાંભંડોળ ઉભું કરવાની છે.

## 17.3 શહેરીકરણનો ખ્યાલ અને તેનાં કારણો

સામાન્ય રીતે શહેરીકરણ એટલે ગ્રામીણ વિસ્તારોની સરખામણીમાં શહેરમાં વસ્તીનું પ્રમાણ વધવું. શહેરીકરણ સમજતાં પહેલા શહેર એટલે શું તે સમજવું જરૂરી છે.ભારતમા શહેરી વિસ્તાર ( Urban Area)માં ત્રણ પ્રકારના વિસ્તારોનો સમાવેશ થાય છે. જે નીચે મુજબ છે.

1. કાયદા મુજબ બનેલાં શહેરો (Statutory Towns) એવા વિસ્તારો કે જયાં મહાનગરપાલિકા, નગરપાલિકા, છાવણી બોર્ડ, અથવા સૂચિત શહેરી વિસ્તાર કમિટિ હોય તે વિસ્તારોને કાયદા મુજબ બનેલા શહેરો કહે છે.
2. વસ્તીના આધારે બનેલાં શહેરો : (Census Towns) જે વિસ્તારો નીચેની શરતો પૂરી કરે છે તેને સેન્સસ ટાઉન કહે છે. (1) ઓછામાં ઓછી 5000ની વસ્તી (2) વસ્તીની ગીચતાએક ચો.કિ.મી દીઠ 400 હોય.(3) ઓછામાં ઓછા 75 ટકા પુરુષ કામદારો બિન-ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા હોય.
3. Out Growth (OG) કોઇ કાર્યક્રમ એકમ જેમ કે ગામડું અથવા ગામનો કોઇ એક

ભાગ કે જે કાયદા મુજબ બનેલાં શહેરી વિસ્તારને સંલગ્ન હોય તેમ જ ત્યાં શહેરી વિસ્તારો જેવી આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે વીજળી, પાકા રસ્તા, ગટર વ્યવસ્થા, શૈક્ષણિક સંસ્થાઓ વગેરે હોય.

## 17.4 ગુજરાતમાં શહેરીકરણ

ગુજરાતનો કુલ ભૌગોલિક વિસ્તાર 1.96 લાખ સ્કવેર કિલોમીટર છે. જ્યારે તેની કુલ વસ્તી 6.04 કરોડ છે. ગુજરાતમાં શહેરી વસ્તી સતત વધતી જાય છે. પરંતુ ગ્રામીણ વસ્તીનું પ્રમાણ હજુ પણ શહેરી વસ્તી કરતાં વધારે છે. દેશમાં ગુજરાત વસ્તીની દૃષ્ટિએ 10 માં ક્રમે અને વસ્તીગીચતાની દૃષ્ટિએ 14માં ક્રમે છે. ગુજરાત કુલ વસ્તીના 4.99 % વસ્તી ધરાવે છે. ગુજરાતમાં ગ્રામીણ અને શહેરી વસ્તીનું પ્રમાણ કોષ્ટક 1 માં દર્શાવ્યું છે.

કોષ્ટક -1 ગુજરાતમાં ગ્રામીણ અને શહેરી વસ્તી

| વર્ષ | ગ્રામીણ (લાખમાં) | શહેરી (લાખમાં) | કુલ (લાખમાં) | ગ્રામીણ વસ્તીનું % પ્રમાણ | શહેરી વસ્તીનું% પ્રમાણ |
|---|---|---|---|---|---|
| 1961 | 153 | 53 | 206 | 74.3 | 25.7 |
| 1971 | 192 | 75 | 267 | 71.9 | 28.1 |
| 1981 | 235 | 106 | 341 | 68.9 | 31.1 |
| 1991 | 271 | 142 | 413 | 65.6 | 34.4 |
| 2001 | 317 | 189 | 506 | 62.6 | 37.4 |
| 2011 | 347 | 257 | 604 | 57.5 | 42.5 |

સ્રોત : સામાજિક –આર્થિક, 2018-19 ગુજરાત રાજય,

1. કોષ્ટક 1 પરથી જાણી શકાય છે કે ગુજરાતમાં 2011ની વસ્તી ગણતરી પ્રમાણે શહેરી વસ્તીનું પ્રમાણ 42.5% છે. આ બાબત દર્શાવે છે કે ગુજરાતમાં હજુ પણ ગ્રામીણ વસ્તીનું પ્રમાણ શહેરી વસ્તી કરતાં વધારે છે.
2. રાજયની કુલ વસ્તીના 50 % જેટલી વસ્તી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, બનાસકાંઠા, ભાવનગર અને જૂનાગઢ એમ 7 જિલ્લઓમાં છે.
3. ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં વસ્તીનું પ્રમાણ વધ્યુ છે. પરંતુ ગ્રામીણ વસ્તી કરતાં શહેરી વસ્તીનો વૃદ્ધિ દર વધુ રહયો છે. પ્રથમ દાયકા દરમિયાન ગ્રામીણ વસ્તીનો વૃદ્ધિ દર 20.3% હતો જે 2001-11 દરમિયાન ઘટીને માત્ર 8.6% અને જે વૃદ્ધિ દર 41.51% હતો તે 2001-11 માં ઘટીને 35.98% નો રહયો હતો. આમ બંનેના વસ્તી વૃદ્ધિ દર ઘટયા છે. પરંતુ શહેરી વસ્તીનો વૃદ્ધિ દર ગ્રામીણ વસ્તીના વૃદ્ધિ દર કરતાં વધુ રહયો.
4. 1961 માં ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ 25.7% હતું જયારે ભારતમાં શહેરી વસ્તીનું પ્રમાણ 18% હતું. જયારે 2011માં ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ 42.5% છે અને ભારતમાં તેનું પ્રમાણ 31.6% છે. આ બાબત સૂચવે છે કે ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ દેશની સરેરાશ કરતાં વધુ રહ્યું છે.
5. ગુજરાતમાં સૌથી વધુ શહેરી વસ્તી ધરાવતો જિલ્લો અમદાવાદ છે. જયારે સૌથી વધુ ગ્રામીણ વસ્તી જિલ્લો બનાસકાંઠા છે. 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે અમદાવાદમાં

શહેરી વસ્તી 60.63 લાખ હતી. ત્યાર બાદ સુરતનો ક્રમ આવે છે. ગુજરાતમાં સૌથી ઓછી શહેરી વસ્તી ધરાવતો જિલ્લો ડાંગ છે. જયાં શહેરી વસ્તીની સંખ્યા લગભગ 24 હજાર જેટલી છે.

6. ગુજરાતમાં 2001-11 દરમિયાન ગુજરાત રાજયમાં શહેરી વસ્તીનો સૌથી વધુ વસ્તી વૃદ્ધિ દર વલસાડમાં 66.7% હતો અને ત્યાર બાદ સુરતનો ક્રમ આવે છે કે જ્યાં શહેરી વસ્તીનો વૃદ્ધિ દર 65.7% હતો. આ સમયગાળા દરમિયાન સૌથી ઓછો વૃદ્ધિ દર પોરબંદરમાં 9.3% હતો.

## 17.5 ગુજરાતનાં મહત્ત્વનાં શહેરો અને તેની આર્થિક વિશેષતાઓ

આર્થિક દષ્ટિએ ગુજરાત રાજય, એ ભારતનું એક વિકસિત રાજય છે. સમગ્ર વિશ્વમાં ગુજરાત ઉત્પાદકતાની બાબતમાં જીરું અને વરિયાળીમાં પ્રથમ ક્રમે, ઈસબગુલ અને ડુંગળીમાં બીજા ક્રમે અને કેળામાં તેરમાં ક્રમે છે. ઉત્પાદનમાં ગુજરાત ડુંગળી અને બટાકામાં પ્રથમક્રમે, ટામેટામાં દસમાં ક્રમે અને રીંગણામાં તેરમાં ક્રમે છે. ભારતમાં મસાલાના પાકોમાં જીરું, વરિયાળી અને લસણના ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. દેશના પેટ્રો કેપિટલ રાજય તરીકે ગુજરાત પેટ્રોકેમિકલમાં 30 ટકા, અને કેમિકલ અને ફાર્માસ્યુટીકલ બિઝનેસમાં 50 ટકા જેટલો ફાળો આપે છે. હીરા ઉદ્યોગ પણ ગુજરાતનું એક વિકાસ પામતું ક્ષેત્ર છે. હીરા ઉદ્યોગ ક્ષેત્રે આધાર આપતી નીતિમાં સરકારે હીરા કાપવાની, હીરાના પોલીશીંગની, જ્વેલરી ડિઝાઈનીંગની પ્રક્રિયાઓને વધુ સુસજ્જ બનાવવા માટે પહેલ કરી છે. કપાસના ઉત્પાદનમાં ૩૫ ટકા સાથે ગુજરાત અગ્રેસર છે. એવી જ રીતે કપાસની નિકાસમાં 60 ટકાના દરે ગુજરાત આગળ છે. ડિનિમના ઉત્પાદનમાં પણ ગુજરાત વિશ્વમાં ત્રીજા ક્રમે છે. ભારતની 12 ટકા ટેકસટાઈલની નિકાસ ગુજરાતમાંથી થાય છે. આ કારણે જ ગુજરાતને પૂર્વનું માંચેસ્ટર અને ડેનિમ સીટીની નામના મેળવી છે. ગુજરાત રાજયનાં શહેરો અને તેની વસ્તી કોષ્ટક 2 માં દર્શાવી છે.

કોષ્ટક -૨ ગુજરાતનાં મહત્ત્વના શહેરોની વસ્તી ( 2011)

| શહેર | વસ્તી લાખમાં |
|---|---|
| અમદાવાદ | 55.77 |
| સુરત | 47.67 |
| વડોદરા | 16.70 |
| રાજકોટ | 12.86 |
| ભાવનગર | 5.93 |
| જામનગર | 4.79 |
| જૂનાગઢ | 3.19 |
| ગાંધીનગર | 2.06 |

સ્રોત : Census 2011

https:// census2011.co.in/census/state/Gujarat.html

અમદાવાદ એ ગુજરાતનું સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર છે. ગુજરાત રાજયની માથાદિઠ આવક એ દેશની સરેરાશ માથાદીઠ આવક કરતાં વધારે છે. ગુજરાત રાજયમાં ઉત્પાદન થતાં મુખ્ય પાકોમાં બાજરી, ઘઉં, જુવાર, મકાઈ, અને કપાસનો સમાવેશ થાય છે. ભારતમાં લગભગ 1,44,500 જેટલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ છે કે

જેમાં રોજના 15 મિલિયનથી પણ વધુ દૂધ ઉત્પાદકો દૂધ આપે છે. આ દૂધનું પ્રોસેસિંગ 184 જેટલી શહેરી મંડળીઓ કરે છે. અને ત્યારબાદ તેનું વેચાણ રાજય માર્કેટીંગ ફેડરેશન (State Marketing Federation) કરે છે. ગુજરાતમાં આવેલી મુખ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની માહિતી કોષ્ટક 3 માં દર્શાવી છે.

### 17.5.1 ગુજરાતનાં મહત્ત્વનાં શહેરો

અમદાવાદને ગુજરાતના હાર્દ તરીકે ગણવામાં આવે છે. સાંસ્કૃતિક, ઓદ્યોગિક દષ્ટિએ અમદાવાદ ગુજરાતનું સૌથી મોટું શહેર છે. અમદાવાદ એ સાંસ્કૃતિક દષ્ટિએ ખૂબ સમૃધ્ધ છે. ઇ.સ 1411 થી અહમદશાહના નગર તરીકે અહમદાબાદની સ્થાપના થઇ જે ગુજરાતની ભાષામાં અમદાવાદ તરીકે પ્રચલિત બન્યું છે. વાસ્તવમાં અમદાવાદ ની સ્થાપના 11મી સદીમાં થઇ હતી. તેમ જણાય છે. તે પહેલા આશાપલ્લવી અથવા આશાપલ્લ્વના નામથી ઓળખાતું હતુ. તે સમયમાં અણહિલવાડના રાજા કર્ણદેવ સોલંકીએ આશાપલ્લ્વના રાજા ભીલ સામે યુધ્ધ જાહેર કર્યુ. અને કર્ણાવતી નામ શહેરની સ્થાપના કરી જે અત્યારે સાબરમતી નદી પાસેનો મણિનગર વિસ્તાર તરીકે ઓળખાય છે. સોલંકીનું રાજ 13 મી સદીમાં પૂર્ણ થયં અને તેનું સંચાલન ધોળકાના વાઘેલા કુળના હાથમાં આવ્યું સન 1411 માં મુસલમાનાના ભારત પરના આક્રમણ દરમિયાન કર્ણાવતી પર દિલ્હીના સુલતાને વિજય મેળવ્યો અને ગુજરાતમાં મુઝાફ્ફરીદ વંશની સ્થાપના કરી. ગુજરાત સલ્તનત બન્યું અને સુલતાન અહમદશાહે પાટનગર તરીકે કર્ણાવતી પાસેની જગ્યા પસંદ કરી તેનું નામ પોતાના નામ પરથી અહમદાબાદ રાખયું. સમય જતાં તે અપભ્રશ થઇએ અમદાવાદ તરીકે ઓળખાવા લાગ્યું. અમદાવાદમાં મહમદ બેગડો, બહાદુરશાહ, હુમાયુ, ત્યાર પછી મુગલરાજ અકબરે અમદાવાદને પાછું પોતાનું રાજય બનાવ્યુ. મુગલકાળ દરમિયાન અમદાવાદ ધમધમતું ઓદ્યોગિકકેન્દ્ર બન્યું, જયાંથી કાપડ યુરોપ મોકલાતું 1758 સુધી મુગલોનું મુખ્યાલય રહયું. ત્યારબાદ તેમણે મરાઠા સામે સમર્પણ કર્યુ અને અંતે અંગ્રેજોના શાસનકાળ દરમિયાન બોમ્બે પ્રેસિડેન્સીનો ભાગ બન્યું અને અંતે 1960 'મહાગુજરાત ચળવળ' પછી સ્વતંત્ર બન્યું.

ઉપરોકત શાસનો બાદ તેણે અમદાવાદને કાપડ યુરોપ ઐતિહાસિક, ઔદ્યોગીક, સાંસ્કૃતિક, સમૃધ્ધિ આપી છે. એમાં જો સાંસ્કૃતિક અને વારસાની વાત કરીએ તો તેણે અમદાવાદને યુનેસ્કો દ્વારા વલ્ડ હેરીટેજ સિટીનું બિરુદ અપાવ્યું છે. જેમાં ઘણાં જોવાલાયક સ્થળો છે, જેવાં કે પરિમિતીનો કોટ, 12 દરવાજા, 189 પંચકોણી બુરજો, જામાં મસ્જિદ, સરખેજ રોજા, હઠીસિંહ ના દેરાં, ભદ્રનો કિલ્લો, સ્વામીનારાયણ મંદિર, દાદરી વાવ, સીદી સૈયદની જાળી, ઝુલતા મિનારા, ત્રણ દરવાજા, તેમ જ અંગ્રેજોના સમયના બનેલ કોર્ટ, નગરપાલિકા વગેરે જોવાં મળે છે. અને આધુનિક અમદાવાદનું રીવરફ્રન્ટ, કાંકરીયા લેક અથવા તો કાંકરીયા કાર્નિવલ, માણેક ચોક, ખાણીપીણી માટે ઉત્તમ, લો-ગાર્ડન, એલ.ડી મ્યુઝીયમ અને તેમ જ ઘણુંબધું ઓદ્યોગિક દષ્ટિએ વાત કરીને તો અમદાવાદની અરવિંદ મીલ, બાંધણીનું બજાર, ચણિયાચોળી, માટે ભરાતું ઉત્તમ બજાર લોગાર્ડન જે અમદાવાદ ની ટેકસટાઇલ પ્રગતિ સૂચવે છે. તે પોતાના ટેકસટાઇલ બજાના લીધે ''માન્ચેસ્ટર ઓફ ઇસ્ટ'' તરીકે વખણાય છે. તે ઉપરાંત રંગ રાસાયણ આભૂષણો ને લગતું બજાર ખૂબ પ્રચલિત છે. આમ અમદાવાદ એ ઓદ્યોગિક દષ્ટિએ સમૃધ્ધ છે જ જે તેના બજારો દર્શાવે છે. અમદાવાદમાં સ્થિત થયેલા બજારોની નામના પણ કઇક ઠેકાણે રહેલી છે. રતનપોળ, રિલીફ, ગાર્ડન, લાલદરવાજા, કુબેરનગરનું સિંધી માર્કેટ અને તે ઉપરાંત 72 લાખની વસ્તી ધરાવતું અમદાવાદ બી.આર.ટી.એસ. એ.એમ.ટી.એસ, બુલેટ ટ્રેન, મેટ્રો જેવી સુવિધા

ધરાવનાર શહેર બનશે તે દેશ અને રાજય માટે ગોરવપૂર્ણ વાત બનશે.

20 લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતું વડોદરા ભારત દેશના પશ્ચિમ ભાગમાં વિશ્વામિત્રી નદીના કિનારે વસેલું છે. જેનું મૂળ નામ વટપદ્ર છે. વડોદરાનું નામ સંસ્કૃત ''વટસ્ય ઉંદરે'' પરથી ઉતરી આવ્યું હોવાનું માનવામાં આવે છે જે કાળક્રમે અપભ્રંશ થતા વડોદરા થઇ ગયું છે. અંગ્રેજીમાં તેને બરોડા કહેવામાં આવે છે. ખાસ કરીને તો ગાયકવાડ વંશના સમયમાં થયેલ ઓદ્યોગિક શૈક્ષણિક, સામાજિક વિકાસ ખૂબ પ્રખ્યાત છે. પણ તેની પહેલાનો ઇતિહાસ વર્ણવીએ તો તે કંઇક આ રીતે છે. ઇસ 812માં વટપદ્રના નામે વડોદરા ઓળખાતું હતું જે આંકોટકા (જે હાલનું અકોટા) નામના શહેરની સમીપઆવેલું હતુ. ત્યારબાદ વટપદ્રનું દસમી સદીમાં મહત્ત્વ વધ્યું ઇ.સ 1721માં પિલાજી ગાયકાવાડ મુઘલ સામ્રાજય સામેથી કબજો મેળવી વડોદરાને મરાઠી શાસન હેઠળ લાવ્યા. મરાઠી પેશ્વાએ ગાયકવાડ ને વડોદરા પર હકક કરવાનો વહીવટ આપ્યો. ઇ.સ 1761માં મરાઠા સામ્રાજયના પેશ્વાનો અફઘાનો સામે પાણીપતના યુદ્ધમાં પરાજય પછી વડોદરાનું શાસન ગાયકવાડોના હસ્તક આવ્યું. ઇ.સ 1802માં બ્રિટિશરો સાથે સંધિ પછી વડોદરા બ્રિટિશ સામ્રાજય હેઠળ સ્વતંત્ર ગાયકવાડી શાસન હસ્તક આવ્યું.

વડોદરા ઓદ્યોગિક વિકાસની બાબતમાં પણ ગુજરાતમાં ખૂબ મહત્ત્વનો ફાળો આપે છે. જે વડોદરામાં સ્થિત થયેલી આધુનિક ફેકટરી (એલેમ્બીક ફાર્માશ્યુટિકલ્સ) ની સ્થાપના 1907માં કરવામાં આવી હતી. અને ત્યાર બાદ સારાભાઇ કેમિકલ્સ અને જયોતિ જેવી કંપનીઓ 1940માં આવી હતી. 1962 સુધીમાં અહિયાં 288 ફેકટરીઓ ધમધમતી જેમાં, 27,517 કામદારો કામ કરતા હતા. આ સમયગાળા દરમિયાન મુખ્ય ઓદ્યોગિકજૂથોમાં રસાયણો અને ફાર્માશ્યુટિકલ્સ, સુતરાઉ કાપર અને મશીન ટુલ્સ હતા. 1908માં સયાજીરાવ ત્રીજા દ્વારા સ્થાપિત બેંક ઓફ ઘ બરોડાનો પણ ઓદ્યોગિકવૃદ્ધિમાં મહત્ત્વનો ફાળો હતો. 1962માં ગુજરાત રિફાઇનરી અને ભારતીય ઓઇલ કોર્પોરેશન લિમિટેડના વડોદરા નજીકના કોયલી ગામ ખાતે સ્થાપના સાથે વડોદરામાં ઓદ્યોગિકઅને મશીન ટુલ્સ હતા. 1908માં સયાજીરાવ ત્રીજા દ્વારા સ્થાપિત બેંક ઓફ ઘ બરોડાનો પણ ઓદ્યોગિકવૃદ્ધિમાં મહત્ત્વનો ફાળો હતો. 1962માં ગુજરાત રિફાઇનરી અને ભારતીય ઓઇલ કોર્પોરેશન લિમિટેડના વડોદરા નજીકના કોયલી ગામ ખાતે સ્થાપના સાથે વડોદરામાં ઓદ્યોગિકકેન્દ્રોમાં એક બનાવવામાં ફાળો આપ્યો છે. અંકલેશ્વરમાં તેલ ગેસની શોધએ ગુજરાતના ઓદ્યોગિકવિકાસ માટે મોટોભાગ ભજવ્યો હતો. વડોદરા ઔઘોગિકરણ પ્રક્રિયામાં સૌથી મોટું લાભાર્થી રહયું હતુ. ગુજરાત રિફાઇનરીનું પ્રથમ તબકકા ઉત્પાદન 1965માં શરૂ થયુ હતુ. રિફાઇનરના મૂળભૂત ઉદ્યોગ હોવાથી, રિફાઇનરીનું પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે ઘણા મોરચા પર મહત્ત્વપૂર્ણ યોગદાન રહયું હતુ.

વડોદરામાં ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર એન્ડ કેમિકલ્સ (જી.એસ.એફ.સી) ઇન્ડિયન પેટ્રોકેમિકલ્સ લિમિટેડ (આઇ.પી.સી.એલ) હવે રિલાયન્સઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ માલિકીની) ગુજરાત આલ્કલીસ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (જી.એ.સી.એલ) જેવા વિવિધ મોટા પાયે ઉદ્યોગો ગુજરાત રિફાઇનરીના સાનિધ્યમાં આવેલ છે. જે તેમનાં તમામ બળતણ અને કાચા માલ માટે રિફાઇનરી પર આધાર રાખે છે. અન્ય મોટા પાયાના જાહેર ક્ષેત્રના એકમોમાં હેવી વોટર પ્રોજેકટ, ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ (જી.આઇ.પી.સી.એલ) ઓઇલ એન્ડ નેચરલ ગેસ કમિશન (ઓ. એન.જી.સી) અને ગેસ ઓથોરીટી ઓફ ઇન્ડીયા લિમિટેડ (જી.એ.આઇ.એલ) નો સમાવેશ થાય છે. આ જાહેર ક્ષેત્રનાં સાહસો ઉપરાંત અન્ય મોટા પાયાના સાહસો ખાનગી ક્ષેત્રમાં આવેલ છે. જેમ કે, બોમ્બાર્ડીયર ટ્રાન્સપોર્ટેશન એક કેનેડીયન કંપની

જેની સાવલી સાઇટમાં દિલ્હી મેટ્રોનું ઉત્પાદન થાય છે. જનરલ મોટર્સ ALSTOM એબીબી, સિમેન્સ , ફિલિપ્સ, પેનાસોનિક, ફેગ (FAG) સ્ટર્લિંગ બાયોટેક, સન ફાર્માશયુટીકલ્સ અને Areva ટી એન્ડ ડી, બોમ્બાર્ડીયર અને GAGL (ગુજરાત ઓટોમોટિવ ગીયર્સ લિમિટેડ) જેવા ઘણાં ઉત્પાદન એકમો વડોદરામાં સ્થાપિત છે. જેમ કે Haldyn ગ્લાસ, HNG ફલોટ ગ્લાસ લિમિટેડ પિરામલ ગ્લાસ અને ગુજરાત ગ્લાસ વગેરે કોઇ પ્રદેશમાં વિશાળ ઓદ્યોગિકએકમોની સ્થાપના આપમેળે ઘણાં નાનાં સાહસો અસ્તિત્વમાં લઇ આવે છે. વડોદરા શહેર છે. અને આસપાસના વિસ્તારોમાં પણ આ પ્રમાણે ઓદ્યોગિકપ્રવૃતિઓ આજે ધમધમે છે. વડોદરાના ઔદ્યોગિકરણથી માત્ર વડોદરા નહીં પણ આખા ગુજરાત અને ભારતના અન્ય ઉદ્યોગો આકર્ષાયા છે. 'નોલેજ સિટી' કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રીના નજરાણા સાથે, વડોદરા ધીમે ધીમે આઇ.ટી અને અન્ય વિકાસ પ્રોજેકટ માટે ગુજરાતમાં હબ બની રહયું છે. આ સંસ્કારી નગર તરીકે ઓળખાતું વડોદરા તેના ઔદ્યોગિક, સાંસ્કૃતિક સામાજિક ઐતિહાસિક રીતે રહેવા માટે શહેર છે. તેમાં શંકા ને કોઇ સ્થાન નથી.

રાજકોટ શહેર આજી નદીના કાંઠે વસેલું છે. રાજકોટ સૌરાષ્ટ્રનું મહત્ત્વનું શહેર તેમજ પાટનગર માનવામાં આવે છે. રાજકોટ એ 18 લાખથી વધુ વસ્તી ધરાવતું શહેર છે. અમદાવાદ, સુરત, વડોદરા પછી ગુજરાતનું સૌથી મોટું શહેર છે. રાજકોટ ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિક દૃષ્ટિએ સૌરાષ્ટ્રનું સૌથી સમૃધ્ધ શહેરોમાંનું એક છે. અને જે રંગીલા રાજકોટના રાજકોટના બિરુદથી ઓળખાય છે. આ શહેરના ઇતિહાસની શરૂઆત ઇ.સ 1612માં ઠાકોર સાહેબશ્રી વિભાજી અજોજી જાડેજાથી થઇ હતી. ઠાકોર સાહેબ વિભાજી એ પોતાના મિત્ર રાજુ સંધિની મૈત્રી જીવંત રાખવા માટે રાજકોટની સ્થાપના નામકરણ કરેલા.

ઇ.સ 1720 માં રાજકોટ ઉપર જૂનાગઢ નવાબના માસુમ ખાને ચડાઇ કરીને ઠાકોર સાહેબશ્રી મહેરામણજી બીજાને હરાવીને રાજકોટને જીતી લીધુ તેથી તેમણે રાજકોટનું નામબદલીને માસુમબાદ કરી નાખ્યું હતુ. ત્યારબાદ 12 વરસ પછી એટલે કે ઇ.સ 1732માં મહેરામણના પુત્ર રણમાલજી એ પોતાના સૈન્ય એકઠું કરીને માસુમખાન પર ચડાઇ કરીને ઠાર માર્યો ફરીવાર પોતાના પિતાની ગાદી મેળવી હતી જેથી ફરીથી તે સમયે ઠાકોર સાહેબ શ્રી રણમાલજી જાડેજાએ આ શહેરનું નામ બદલીને મૂળ નામ રાજકોટ રાખ્યું હતું. આ રીતે રાજકોટનો ઇતિહાસ સમૃધ્ધ છે.

રાજકોટ ઐતિહાસિક સ્થળો અને વારસામાં સમૃધ્ધ છે તે આ યાદી પરથી ખબર પડે છે. મહાત્મા ગાંધીના બાળપણનું મકાને જયારે ગાંધીજીના પિતા તે સમયે સૌરાષ્ટ્રના નવાબ દીવાન હતા. તે સમયે ઇ.સ 1980-81માં બનાવ્યું હતું. રાજકોટ એ સાંસકૃતિક રીતે સમૃધ્ધ છે. તેમ પ્રાકૃતિક સ્થળો પણ ઘણા રમણ્ય અને સંદર જોવાં મળે છે. જેવાં કે લાલપરી તળાવ, ઇશ્વરીયા પાર્ક, ચોટીલા માતાજીનું મંદિર, ભૂતનાથ મહાદેવ જે તાજગીનો અને સંદરતાનો અહેસાસ આપે છે.

સુરત બાદ GDP ની દૃષ્ટિએ તાજેતરમાં રાજકોટનો ક્રમાંક આવેલો હતો. અને રાજકોટ-મોરબી સીરામિકસ, બાલાજી વેફર્સ, ગોલાનું મશીન, સ્ટીલ, નમકીનના ઉદ્યોગ માટે પ્રખ્યાત છે. તેમ જ GIDC ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશનની જગ્યા ઘણા બધા ઉદ્યોગો સ્થિત થયેલા છે. શહેરના ઇન્ફાસ્ટ્રકચર વિકાસ માટે વિશ્વબેંકની 280 મિલિયન સહાયથી રાજકોટના અર્થતંત્રને ટેકો મળ્યો હતો. રાજકોટમાં ઝવેરાત, રેશમ, ભરતકામ, બેરિંગસ, સી.એન.સી મશીન ઉત્પાદકોનું ઘર પણ છે. શાપર ભાવનગરરોડ વિસ્તાર સુધી 500 જેટલા ફાઉન્ડ્રી યુનીટ છે. સબમર્શિબલ પમ્પ ક્ષેત્રે રાજકોટ અગાઉ ભારતમાં કેન્દ્ર હતું. છઠી આર્થિક વસ્તી

ગણતરી પ્રમાણે રાજકોટમાં કુલ 2.09 લાખ ઉત્પાદક પેઢીઓ હતી જેમાંથી 34.11% ગ્રામીણ વિસ્તારોમાં અને 65.89% શહેરી વિસ્તારોમાં હતી. કુલ વેપારી પેઢીઓમાંથી 83.40% બિન-ખેતી ક્ષેત્રની અને 16.60 % ખેતી ક્ષેત્રની હતી. લગભગ 7000 વેપારી પેઢીઓ હેન્ડલૂમ અને હસ્તકળાઓ સાથે સંકળાયેલી હતી.

કોષ્ટક : 3 ગુજરાતનાં શહેરો અને તેની મુખ્ય ઉત્પાદક સહકારી મંડળી

| દૂધ ઉત્પાદક સહકારી મંડળી | સ્થળ |
|---|---|
| અમૂલ ડેરી | આણંદ |
| દૂધસાગર ડેરી | મહેસાણા |
| સાબર ડેરી | સાબરકાંઠા |
| સુમુલ ડેરી | બનાસકાંઠા |
| પંચામૃત ડેરી | પંચમહાલ |
| દુધધાર ડેરી | ભરુચ |
| વસુંધરા ડેરી | વલસાડ |

ગુજરાતમાં દૂધ ઉત્પાદકતામાં સહકારી મંડળીઓનો ફાળો ખૂબ મોટો છે. 2009-10માં ગુજરાતમાં 13761 દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ હતી જેની સંખ્યા વધીને 2015-16માં 18149 થઈ છે. 2009-10માં ગુજરાતમાં 113 લાખ લીટરની ક્ષમતા ધરાવતા 15 સહકારી ડેરી પ્લાન્ટોમાં રોજના 94.11 લાખ લિટર દૂધ પ્રાપ્ત થતું હતું. જયારે 2015-16માં ગુજરાતમાં 182.97 લાખ લીટરની ક્ષમતા ધરાવતા 18 સહકારી ડેરી પ્લાન્ટોમાં રોજના 165.85 લાખ લીટર દૂધ પ્રાપ્ત થતું હતું. આમ, ગુજરાતમાં સહકારી ડેરી પ્લાન્ટોની સંખ્યામાં પણ વધારો થયો છે. દૂધ ઉત્પાદનમાં પણ સતત વધારો થયો છે. અહીં એ બાબત પણ મહત્ત્વની છે કે ડેરી ઉદ્યોગ એ માત્ર આર્થિક રીતે જ રાજયને મદદરૂપ થયો છે. તેવુ નથી, ડેરી ઉદ્યોગને કારણે ગામડાઓમાં સામાજિક પ્રશ્નોના પણ ઉકેલ આવ્યા છે. દૂધ ઉત્પાદકોને તેમના દૂધનો યોગ્ય ભાવ મળી રહે દૂધ માટે યોગ્ય બજાર મળી રહે, અને દૂધ સાચવવા માટે યોગ્ય સ્થળ મળી રહે વગેરે જેવી સમસ્યાઓનું નિવારણ પણ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ દ્વારા કરવામાં આવ્યું છે. આમ, સહકારી મંડળીઓનો ફાળો નોંધપાત્ર રહયો છે. 1946 થી ગુજરાતમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો પાયો નંખાયો ત્રિભુવનદાસ પટેલ અને શ્વેત ક્રાંતિના પ્રણેતા ડૉ. વર્ગીસ કુરિયને કારિયા દૂધ ઉત્પાદક સહકારી મંડળીનું નામ અમુલ ( Anand District Milk Producers Union Ltd AMUL) ડેરી રાખ્યુ.

ખંભાતના અખાત પાસે આવેલ શહેર સુરત એ વિશ્વભરના હીરાના વ્યાપાર તથા કારીગરીનું એક મુખ્ય કેન્દ્ર છે. ખંભાતના અખાત પર ભાવનગરની દક્ષિણ—પૂર્વ દિશામાં 50 કિમીના અંતરે અલંગમાં દુનિયાનું સૌથી મોટું વહાણ ભાંગવાનું કારખાનું આવેલું છે. 1859 માં સૌ પ્રથમ ‘ધી અમદાવાદ સ્પીનિંગ અને વિવિંગ મિલ્સની કંપની લિમિટેડની સ્થાપના શ્રી રણછોડલાલ દ્વારા કરવામાં આવી હતી. અમદાવાદને ભારતનું માંચેસ્ટર તરીકે પણ ઓળખવામાં આવે છે. અમદાવાદ બાદ સુરત, ભરુચ અને વડોદરાનમાં પણ કાપડની મિલો બની હતી. વડોદરામાં 1885 માં મહારાજા સયાજીરાવ ગાયકવાડે કાપડની પ્રથમ મીલ શરૂ કરાવડાવી હતી. અમદાવાદના મુખ્ય ઉદ્યોગોમાં કાપડ ઉપરાંત કેમિકલ, ફાર્માશ્યુટીકલ અને રાસાયણ ઉદ્યોગોનો પણ સમાવેશ થાય છે. ભારતની સૌથી મોટી બે કંપનીઓ ઝાયડસ અને ટોરેન્ટ ફાર્માશ્યુટીકલ અમદાવામાં આવેલી છે. કોષ્ટક-4 માં ગુજરાતનાં મુખ્ય શહેરો

અને તેના મુખ્ય પાકો અને ઉદ્યોગો દર્શાવ્યા છે.

કોષ્ટક-4 ગુજરાતનાં મુખ્ય શહેરો અને ઉદ્યોગો

| શહેરો | ઉદ્યોગો |
|---|---|
| અમદાવાદ | કાપડઃ કેમિકલ અને ફાર્માશ્યુટીકલ |
| સુરત | કાપડ અને હીરા |
| વડોદરા | કેમિકલ, ફાર્માશ્યુટીકલ અને ડેરી |
| રાજકોટ | સિરામિક અને ઝવેરાત |
| ભાવનગર | કેમિકલ, સ્ટીલ અને રબર |
| જામનગર | બ્રાસ, બાંધણી અને મીઠું |
| જૂનાગઢ | સિમેન્ટ અને મીઠું |
| ગાંધીનગર | ફૂડ પ્રોસેસીંગ અને કાપડ |

ગુજરાત સમગ્ર ભારતમાં થતાં મીઠાંના લગભગ 78 % મીઠાનું ઉત્પાદન કરે છે. જામનગર, જૂનાગઢ અને કચ્છ મીઠાંના ઉદ્યોગો માટે જાણીતા છે. રાજયમાં મીઠાંનું સૌથી વધુ ઉત્પાદન કચ્છમાં થાય છે. રાજયમાં થતાં મીઠાંના કુલ ઉત્પાદનમાંથી લગભગ 33 % મીઠું કચ્છમાં 17 % જામનગરમાં અને 14 % જૂનાગઢમાં થાય છે. ગુજરાત હીરા ઉદ્યોગ માટે પણ જાણીતું છે. ગુજરાત રાજયમાં સુરત હીરા ઉદ્યોગ હીરા ઉદ્યોગ માટે જાણીતું શહેર છે. ભારતના કુલ હીરાના વેપારમાં સુરતનો ફાળો 65 % જેટલો છે. સુરત ઉપરાંત અમદાવાદ, રાજકોટ, ભાવનગર અને વલસાડમાં પણ હીરા ઉદ્યોગને લગતી આર્થિક પ્રવૃતિઓ થાય છે. ઈંટ બનાવવા માટે વપરાતી માટી સૌથી વધુ રાજકોટમાંથી મળી આવે છે અને આથી રાજકોટ સિરામિક ઉદ્યોગ માટે જાણીતું છે. જામનગર બ્રાસના ઉત્પાદન માટે જાણીતુ છે.

## 17.6 સારાંશ

આર્થિક વિકાસની દૃષ્ટિએ ગુજરાત એ ભારતનું મહત્ત્વનું રાજય છે. ગુજરાત શરૂઆતથી જ આર્થિક ક્ષેત્રે અગ્રેસર રહયું છે. શહેરીકરણની બાબતમાં પણ અન્ય રાજયો કરતાં ગુજરાત આગળ રહયું છે. ગુજરાતમાં કાપડ,હીરા અને રસાયણ ઉદ્યોગ ખૂબ મોટા પાયે જોવા મળે છે. અમદાવાદને ભારતના માંચેસ્ટર તરીકે જયારે સુરતને ડાયમંડ સીટી તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતનાં ઓદ્યોગિક વિકાસમાં શહેરીકરણનો ખૂબ મહત્ત્વનો ફાળો રહયો છે. આ ઉપરાંત ગુજરાત રાજયમાં બિહાર, ઉત્તરપ્રદેશ, તેમજ ઝારખંડમાંથી પણ મજુરો કામ કરવા માટે આવે છે.

## 17.7 ચાવીરૂપ શબ્દો

શહેરીકરણ : ગ્રામીણ વિસ્તારોની સરખામણીમાં શહેરમાં વસ્તીનું પ્રમાણ વધવુ.

## 17.8 તમારી પ્રગતિ ચકાસો

★ નીચેના પ્રશ્નો ટૂંકમાં સમજાવો

1. શહેરી કરણ એટલે શું ?

2. શહેરીકરણ અને ઓદ્યોગિક વિકાસ વચ્ચેનો સંબંધ સમજાવો.

3. ગુજરાતનાં મુખ્ય શહેરો જણાવો.
4. રાજકોટ શહેરના મહત્ત્વના ઉદ્યોગો જણાવો.
5. સુરત શહેર વિષે માહિતી આપો.

★ નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારે આપો.

1. ગુજરાતનાં મુખ્ય શહેરો અને તેના ઉદ્યોગો વિષે માહિતી આપો.
2. ગુજરાત રાજયની મહત્ત્વની દૂધ ઉત્પાદક ડેરીઓ વિષે જણાવો.
3. વડોદરા શહેરની આર્થિક વિશેષતાઓ સમજાવો.
4. શહેરીકરણનો અર્થ સમજાવી ગુજરાતના કોઇ પણ બે મુખ્ય શહેરો વિષે જણાવો.

★ નીચેના વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો.

1. અમદાવાદને ભારતના માંચેસ્ટર તરીકે ઓળખવામાં આવે છે.
2. સુરત શહેર ડાયમંડ સીટી તરીકે ઓળખવામાં આવે છે.
3. જૂનાગઢ શહેર સિમેન્ટ અને મીઠાંના ઉદ્યોગ માટે જાણીતુ છે.
4. રાજકોટ હીરા ઉદ્યોગ માટે જાણીતુ છે.
5. જી.એસ.એફ.સી અમદાવાદમાં આવેલી છે.

★ ઉપયોગી લેખો, અહેવાલો, પુસ્તકો અને વેબસાઈટ :


1. દેરાસરી જિગીષા (2013) ગુજરાતમાં ઓદ્યોગિકવિકાસ, ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ પ્રકાશન
2. અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક કચેરી (2018-19) સામાજિક-આર્થિક સમીક્ષા 2018-19 ગુજરાત રાજય,
3. http://ic.gujarat.gov.in/documents/pagecontent/Sait/_in_guj_new.pdf
4. http://gujaratindia.gov.in/about-gujrat/cities-guj.htm
5. http://gujaratindia.gov.in/business/major-indus-guj.htm
6. http://vibrantgujarat.com/writereddata/images/pdf/gems.jewellery-sector.pdf
7. http://www.dcmsme.gov.in/dips/DIPS, RAJKOT-guj.pdf
8. http://dcmsme.gov.in/dips/dip ahmedabad_gu.pdf
9. http://www.dcmsme.gov.in/dips/DIP of jamnagar.pdf
10. http://www.dcmsme.gov.in/dips/dip jinagadh_guj.pdf
11. http://www.dcmsme.gov.in/BIP SURAT_guj.pdf
12. http://www.dcmsme.gov.in/dips/BIP VADODARA 100812.doc FRESH.pdf
13. http://www.gadhinagaronline.in/city-guide/business-

and-economy-of-gandhinagar

★ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

1. ગુજરાતમાં વસ્તીની દૃષ્ટિએ પ્રથમ સ્થાન ..............શહેર ધરાવે છે.
   (એ) અમદાવાદ (બી) ગાંધીનગર
   (સી) સુરત (ડી) જૂનાગઢ
2. સમગ્ર વિશ્વમાં જીરાંના ઉત્પાદકતામાં ગુજરાતનો ક્રમ .........છે.
   (એ) પ્રથમ (બી) બીજો
   (સી) ત્રીજો (ડી) ચોથો
3. ગુજરાતમાં 2001 થી 2011 દરમિયાન શહેરી વસ્તીનો વૃદ્ધિદર સૌથી વધારે ............શહેરનો છે.
   (એ) વલસાડ (બી) સુરત
   (સી) અમદાવાદ (ડી) ગાંધીનગર
4. એલેમ્બીક ફાર્મશ્યુટિકલ્સની સ્થાપના.........વર્ષમાં થઇ
   (એ) 1907 (બી) 1928
   (સી) 1910 (ડી) 2015
5. દૂધસાગર ડેરી............શહેરમાં આવેલી છે.
   (એ) આણંદ (બી) મહેસાણા
   (સી) રાજકોટ (ડી) ભાવનગર
6. દૂધધારા ડેરી...........શહેરમાં આવેલી છે.
   (એ) ભરૂચ (બી) રાજકોટ
   (સી) વડોદરા (ડી) અમદાવાદ
7. ગુજરાતમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો પાયો.........વર્ષમાં નંખાયો
   (એ) 1925 (બી) 1946
   (સી) 1856 (ડી) 1955
8. શ્વેત ક્રાંતિના જનક.............ને ગણવામાં આવે છે.
   (એ) વર્ગીસ કુરિયન (બી) ત્રિભુવનદાસ પટેલ
   (સી) સ્વામીનાથન (ડી) હરિભાઇ પટેલ
9. મીઠાનું ઉત્પાદન.......જિલ્લામાં સૌથી વધુ થાય છે.
   (એ) કચ્છ (બી) સુરેન્દ્રનગર
   (સી) વલસાડ (ડી) ભાવનગર
10. બ્રાસના ઉત્પાદન માટે.......શહેર જાણીતું છે.
   (એ) જામનગર (બી) રાજકોટ
   (સી) વડોદરા (ડી) ભાવનગર

★ જવાબો :

■ સાચાં ખોટાં.

1. સાચું
2. સાચું
3. સાચું
4. ખોટું
5. ખોટું

■ ખાલી જગ્યા.

| | | | |
|---|---|---|---|
| (1)અમદાવાદ | (2)પ્રથમ | (3)વલસાડ | (4)1907 |
| (5)મહેસાણા | (6)ભરૂચ | (7)1946 | (8)વર્ગીસ કુરિયન |
| (9)કચ્છ | (10)જામનગર | | |

★★★★★★★

BAOU
Education for all

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

○

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Opp. ShriBalaji Temple
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
Website : www.baou.edu.in
978-93-91468-51-4